जैन साईट JAINSITE .com

જૈનમ્ જયતિ શાસનમ્

# JAINSITE E-BOOKS LITERATURE

**JAIN HISTORY • JAIN GRANTH • JAIN SUTRA**

**JAIN VIDHI • JAIN STORY • JAIN ASTROLOGY**

**And Many More Books in Gujarati, Hindi & English**

**જૈનસાઇટ ઈ-બુક્સ લિટરેચર ના સંપુર્ણ લાભાર્થી**

**શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)**

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ,
(જુના નાગરદાસ રોડ), અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.





www.jainsite.com

Blessings : **P. P. PANYAS SHREE NIPUNCHANDRA VIJAYJI M. S.**

Inspired by : **MUNI BHAGYACHANDRA VIJAYJI M. S.**

Created by : nikhil sambhav™ NEVER STOP

E-mail: info@jainsite.com • Tel.: 09867711171

॥ ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

જૈન ઈ-બુક્સ ના સંપુર્ણ લાભાર્થી

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)



।। ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

ટ્રસ્ટની નોંધણી નં. F-4210 (BOM)
સોસાયટીની નોંધણી નં. Bombay 381/1976 G.B.B.S.D.

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ, (જુના નાગરદાસ રોડ),
અંધેરી (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૬૯.

## પ્રસ્તાવના

અનેક પરમોપકારક આચાર્ય દેવ જ્ઞાની, તપસ્વી મુનિરાજ, સેવાભાવી સાધ્વીજી ભગવંતોના અદ્વિતિય–અદ્‌ભૂત–અવર્ણનીય આશિર્વાદથી તથા મહાપવિત્ર મંત્રોચ્ચાર અને વિધિ વિધાન દ્વારા સ્થાપિત આકર્ષક અલૌકિક અનેરૂ અને મનમોહક ૨૩મા ભગવાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી મનોરમ્ય, નેત્ર દિપક લાવણ્યમય પ્રતિમાજીને મૂળનાયક તરીકે બિરાજમાન કરેલ દેવવિમાન તુલ્ય તીર્થસમ જિનાલય એટલે મારું–તમારું અને આપણા સહુનુ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીનું શિખરબંધી જિનાલય તથા ધીર–વીર–ગંભીર–સરળ–ભક્તિ–ધાર્મિક પાપભીરૂ દાનવીર અને ઉત્તમોત્તમ શ્રાવક–શ્રાવિકાઓથી બનેલો ૨૫મા તીર્થંકર તરીકે ઓળખાતો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ, અંધેરી (પૂર્વ) એટલે અમારો શ્રી અને સરસ્વતીથી સભર બનેલો વિનયી–વિવેકી અને ગુરૂભગવંતોનો કૃપાપાત્ર બનેલ ચારે તરફ એ દશે દિશાઓમાં જૈનમ્ જયતિ શાસનમ્ ની યશોગાથા નો વિજયઘોષ ૧૪ રાજલોકમાં ગુંજતો કરનાર એટલે અમારો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ અંધેરી (પૂર્વ) અનેક નાના મોટા ધાર્મિક અનુષ્ઠાનો કરનાર શ્રી સંઘોને મદદરૂપ બનનાર, અનેક પાંજરાપોળોને સહાયભૂત થનારો અનેક સાધુ–સાધ્વીજી ભગવંતોના વૈયાવચ્ચમાં સદાય અગ્રેસર, ગૃહ જિનાલયમાંથી શરૂ થયેલ આજે ઉત્તુંગ ગગનચુંબી આકર્ષક શિખરબદ્ધ જિનાલય જેમાં દેવ–દેવીઓની દેવકુલિકાઓ શોભી રહી છે. શ્રી સંઘમાં કાયમી આયંબિલ ખાતુ–બે બે પાઠશાળાઓ, જ્ઞાનભંડાર એટલે શ્રી સંઘ શક્તિનું નમૂનેદાર નજરાણું કહેવાય.

યુગદિવાકર પ. પૂ. ઉપકારી ગચ્છના નાયક આ. ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ. સા. ની શુભ પ્રેરણા માર્ગદર્શક તથા તેમની શુભ નિશ્રામાં નિર્મિત અને સ્થાપિત શ્રી જિનાલય તથા પ. પૂ. શતાવધાની આ. ભ. શ્રી જયાનંદસૂરીજીની પ્રેરણાથી તા. ૪–૪–૧૯૭૬ માં શ્રી સંઘની સ્થાપનાના સુંદર વિચારોનું બીજ આજે ઘેઘુરો ઘટાદાર વૃક્ષ સમાન બન્યો છે. ચમત્કારી અને અલૌકિક મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરીને જૈન–જૈનતરોની ઇચ્છાઓ ફળીભૂત થઈ છે.

નિસહાય–અબોલ બનેલા ઢોરોની અને પાંજરાપોળોને અમારા શ્રી સંઘે ઉદાર હાથે મદદ કરી છે તથા હાલમાં કેળવણી ક્ષેત્રે, મેડીકલ ક્ષેત્રે, સાધર્મિક ક્ષેત્રે, અનુકંપા ક્ષેત્રે પણ શ્રી સંઘની જ એક શાખા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ફાઉન્ડેશન દ્વારા આર્થિક સહાય ચાલુ છે.

**શ્રી શ્વે. મૂ. જૈન સંઘ વતી**

પ્રમુખ

# શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર

[પર્વ : ૧૦]

ભાગ-૪



શ્રી જૈન પ્રકાશન મંદિર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ. શ્રી હેમચન્દ્રાચાર્ય વિરચિત સંસ્કૃત પદ્યાત્મક કૃતિનું

શ્રી

# ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર

• ગુજરાતી •

૨૪ ભગવાનના બહુરંગી ચિત્રો સહિત

JAINSITE .com જૈન સાહિત્ય જયતિ શાસનમ્

## પર્વ ૧૦

૧૦ મા પર્વમાં શ્રી મહાવીર સ્વામિ ચરિત્ર

પ્રકાશક

શ્રી જૈન પ્રકાશન મંદિર

૩૦૯/૪ ખત્રીની ખડકી

દોશીવાડાની પોળ અમદાવાદ-૩૮૦૦૦૧

પુનઃ મુદ્રણ : ૧૯૯૦ ફોન : ૩૫૬૮૦૬

મુલ્ય : સંપૂર્ણ ૧ થી ૧૦ પર્વ ચાર પુસ્તકોના પ્લાસ્ટીક કવર સાથે

સેટના રૂા. ૨૫૦/- (બસો પચાસ).

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રકાશક તથા મુખ્ય પ્રાપ્તિસ્થાન :**

**જૈન પ્રકાશન મંદિર**
૩૦૯/૪ ખત્રીની ખડકી, દોશીવાડાની પોળ,
અમદાવાદ-૩૮૦ ૦૧, ફોન : ૩૫૬૮૦૬.

**મુદ્રણ વ્યવસ્થા :**
નંદન ગ્રાફિક્સ ફોન : ૩૫૬૧૯૭
૧૪૭, ડોશીવાડાની પોળ, અમદાવાદ.

શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્રના દશ પર્વમાં સમાવેલાં ચરિત્રો

| પર્વ. | તિર્થંકર. | ચક્રવર્તી. | વાસુદેવ. | બલદેવ. | પ્રતિવાસુદેવ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૨ |
| ૨ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૨ |
| ૩ | ૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૮ |
| ૪ | ૫ | ૨ | ૫ | ૫ | ૫ | ૨૨ |
| ૫ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૨ |
| ૬ | ૪ | ૪ | ૨ | ૨ | ૨ | ૧૪ |
| ૭ | ૧ | ૨ | ૧ | ૧ | ૧ | ૬ |
| ૮ | ૧ | ૦ | ૧ | ૧ | ૧ | ૪ |
| ૯ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૨ |
| ૧૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| | ૨૪ | ૧૨ | ૯ | ૯ | ૯ | ૬૩ |

**અન્ય પ્રાપ્તિસ્થાન :**

**શ્રી સોમચંદ ડી. શાહ**
જીવન નિવાસ સામે,
પાલિતાણા-૩૬૪૨૭૦.

**શ્રી સેવંતીલાલ વી. જૈન**
૨૦, મહાજન ગલી, ઝવેરી બજાર,
મુંબઈ-૪૦૦૦૦૨.

**શ્રી વર્ધમાન એસ. શાહ**
૨૦, લોયર ચીના થામ્બીસ્ટ્રીટ
મદ્રાસ-૬૦૦૦૭૯

**પાર્શ્વનાથ પુસ્તક ભંડાર**
ફુવારા સામે, પાલિતાણા
તથા શંખેશ્વર.

**સરસ્વતી પુસ્તક ભંડાર**
હાથીખાના, રતનપોળ,
અમદાવાદ-૩૮૦૦ ૦૧.

**શ્રી પાર્શ્વ પ્રકાશન**
નિશાપોળ, રીલીફરોડ,
અમદાવાદ-૩૮૦૦ ૦૧.

जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકાશકીય નિવેદન

જૈન શાસનના મહાન જ્યોતિર્ધર, કલિકાલસર્વજ્ઞ ભગવાન શ્રી હેમચન્દ્રાચાર્યે રચેલ શ્રીત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર–મહાકાવ્યનો ગુજરાતી અનુવાદ, વધુ એક વખત પ્રકાશિત કરી શ્રીસંઘના ચરણે ધરતાં અમે અપાર આનંદ અનુભવીએ છીએ.

છત્રીશ હજાર શ્લોકોમાં પથરાયેલા આ મહાગ્રંથમાં દસ પર્વોમાં ૨૪ તીર્થંકરદેવો, ૧૨ ચક્રવર્તીઓ, ૯ વાસુદેવો, ૯ બળદેવો, ૯ પ્રતિવાસુદેવો–એમ કુલ ૬૩ શલાકા પુરુષોના પૂર્વભવો તથા વિવિધ જીવનપ્રસંગોયુક્ત જીવનચરિત્રો આલેખવામાં આવ્યાં છે. એક રીતે જોઈએ તો આ ગ્રંથ તે જૈન ધર્મના સર્વસંગ્રહની ગરજ સારે તેવો ગ્રંથ છે. આ ગ્રંથમાં ઇતિહાસ છે, ઉપદેશ છે, કથાઓ છે, દ્રવ્યાનુયોગ છે, કર્મશાસ્ત્ર છે, અને આવું તો ઘણું ઘણું છે. સુભાષિતોનો તો આ ગ્રંથ ખજાનો છે.

આવા આ અદ્ભુત ગ્રંથનું ભાષાંતર દાયકાઓ અગાઉ, ભાવનગરની શ્રી જૈન ધર્મ પ્રસારક સભા દ્વારા થયું હતું અને તેના પ્રકાશન દ્વારા આ અણમોલ ગ્રંથને લોકભોગ્ય બનાવવાનું શ્રેય તે સભાને ફાળે જાય છે. તે પ્રકાશન પછી તો આ ગ્રંથની ખૂબ માંગણી થતી રહી, અને તેની નવી નવી અનેક આવૃત્તિઓ પ્રગટ થતી જ રહી છે. અમોએ પણ અગાઉ આ ગ્રંથનું એક વખત પ્રકાશન કર્યું હતું, અને હવે લોકલાગણીને માન આપીને તથા શ્રીમદ્ હેમચન્દ્રાચાર્યની નવમી જન્મશતાબ્દીના પાવન પ્રસંગની સ્મૃતિમાં આ, ગ્રંથનું અમે પુનઃ પ્રકાશન કરી રહ્યા છીએ. આશા છે કે અમારા પ્રકાશનને પણ, સુરી સાધર્મિક તેમ જ સાહિત્યરસિક બંધુઓ હર્ષપૂર્વક વધાવી લેશે.

ગ્રંથ પ્રકાશનમાં દૃષ્ટિદોષ કે મતિદોષથી કે પ્રેસદોષથી કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો તે સુધારવા તથા તે તરફ અમારું ધ્યાન દોરવાની અમારી વિનંતિ છે.

લિ.

જૈન પ્રકાશન મંદિર વતી

જશવંતલાલ ગી. શાહ

પ્રકાશક

જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## • શ્રી વસ્તુપાલ ચરિત્ર •

જૈન તવારીખમાં વસ્તુપાલ-તેજપાલનાં નામ આદર અને ગૌરવથી લેવાય છે. એમનું જીવન, એમની ઉદારતા, એમની વિરલ કોઠાસૂઝ અને નમ્રતા માટે સમગ્ર માનવસમાજ અહોભાગ્યની લાગણી અનુભવે છે.

શ્રી વસ્તુપાલ ચરિત્ર પ્રેરક જ માત્ર નહી, આસ્વાદ્ય પણ છે.

નવી પેઢીમાં સંસ્કાર સીચન કરે તેમજ આપણાં સૌનાં જીવનને કૃતાર્થતાનો પંથ બતાવે તેવું આ પુસ્તક નૂતન આવૃત્તિ પામ્યું છે.

ગુણીજનોના ગુણ ગાવાથી સમાજ ગૌરવાન્વિત બને છે. અને એવા ગુણોની અનુમોદના કરનાર પણ માંગલ્ય પામે છે.

ચારસો સિત્તેર જેટલાં પૃષ્ઠોમાં વહેતી આ રસપ્રદ કથા આપણી સંસ્કૃતિની ઊજળી પરંપરાનો સુદૃઢ સાક્ષાત્કાર કરાવે છે. **કિંમત માત્ર વીસ રૂપિયા.**

જૈનો તેમજ જૈનેતરોએ પણ આ કથા ખાસ માણવા જેવી છે.

**આ ઉપરાંત પણ જૈન ધર્મને લગતાં અન્ય કોઈ પણ પુસ્તકો મેળવવા માટે આ સરનામે સંપર્ક કરવા વિનમ્ર ભલામણ છે.**

JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

# • જૈન પ્રકાશન મંદિર •

**૩૦૯/૪, ખત્રીની ખડકી, દોશીવાડાની પોળ,**
**કાલુપુર, અમદાવાદ -૩૮૦ ૦૦૧.**
**ફોન □ ૩૫૬૮૦૬ □**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રસ્તાવના

શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્રનું આ છેલ્લું અથવા દશમું પર્વ છે. બધાં પર્વો કરતાં આ પર્વ પ્રમાણમાં મોટું છે. આ પર્વમાં મુખ્ય શ્રી મહાવીરસ્વામીનું ચરિત્ર ઘણા વિસ્તારે છે. છદ્મસ્થપણાના બાર વર્ષના વિહારનું વર્ણન ઘણું વિસ્તૃત છે. ગણધરવાદ પણ બહુ સારી રીતે ટૂંકામાં સમજાવેલ છે. આ પર્વમાં પ્રાસંગિક અનેક ઉત્તમ પુરૂષોના ચરિત્રો ને પ્રબંધો છે.

શ્રેણિક, કોણિક, સુલસા, અભયકુમાર, ચેટકરાજા, હલ્લવિહલ્લ, મેઘકુમાર, નંદીષેણ, ચેલણા, દુર્ગંધા, આર્દ્રકુમાર, ઋષભદત્ત, દેવાનંદા, જમાળી, શતાનિક, ચંડપ્રદ્યોત, મૃગાવતી, યાસા સાસા, આનંદાદિ દશ શ્રાવકો, ગોશાળો, હાળીક, પ્રસન્નચંદ્ર, દર્દુરાંકદેવ, ગૌતમસ્વામી, પુંડરીક કંડરીક, અંબડ, દશાર્ણભદ્ર, ધન્ના શાળીભદ્ર, રોહિણેય, ઉદાયન (શતાનિક પુત્ર), છેલ્લા રાજર્ષિ ઉદાયન, પ્રભાવતી, કપિલ કેવળી, કુમારનંદી સોની, ઉદાયિ (કોણીક પુત્ર), કુળવાલુક, અને કુમારપાળરાજા વિગેરેના ચરિત્રો ને પ્રબંધો ઘણા અસરકારક વર્ણવેલાં છે. તેમાં પણ શ્રેણિક, કોણિક, અભયકુમાર, આર્દ્રકુમાર, દર્દુરાંકદેવ, છેલ્લા રાજર્ષિ ઉદાયન અને ગોશાળા વિગેરેના વૃત્તાંતો તો ઘણા જ વિસ્તારવાળાં છે. જેમાંથી કેટલોક વિભાગ તો અન્ય ગ્રંથાદિકમાં અલભ્ય છે. પાંચમા અને છઠ્ઠા આરાનું તથા ઉત્સર્પિણી કાળનું ભાવિ વૃત્તાંત પણ ઘણું વિસ્તારથી છે, ઇત્યાદિક અનેક હકીકતોથી પરિપૂર્ણ આ ચરિત્ર છે. તેનું વિશેષ વર્ણન અહીં લખવા કરતાં વાંચક વર્ગને સાદ્યંત વાંચવાનીજ ખાસ ભલામણ કરવી યોગ્ય ધારીએ છીએ.

આ પર્વમાં પ્રાસંગિક ઉપદેશ–દેશના–અને પ્રભુની ન્યાયવગર્ભિત સ્તવના અનેક સ્થાને એવી અપૂર્વ છે કે વાંચનારના હૃદય આનંદ, વૈરાગ્ય તેમજ ધર્મશ્રદ્ધાથી પરિપૂર્ણ કરે છે.

આ ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર કળિકાળ સર્વજ્ઞ શ્રીમાન્ હેમચંદ્રાચાર્યનું બનાવેલું સંસ્કૃત પદ્યાત્મક છે. શ્લોક તમામ અનુષ્ટુપ્ છે. કુલશ્લોક સંખ્યા ૩૬૦૦૦ પ્રમાણ છે. આ આખા ચરિત્રનું ભાષાંતર કરાવી, તપાસી, શુદ્ધ કરીને છપાવવાનું કાર્ય પરમોપકારી મુનિરાજ શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજની કૃપા તેમજ પ્રેરણાવડે અમે સુમારે દશ વર્ષ અગાઉ શરૂ કરેલું તે પરમાત્માની કૃપાથી આજે પૂર્ણ થઈ શક્યું છે. આ ચરિત્રના દશ પર્વ અથવા વિભાગ છે. તેને અમે સાત વિભાગમાં છપાવીને બહાર પાડેલ છે. ૩જું ને ૪થું, ૫મું ને ૬ઠું અને ૮મું ને ૯મું પર્વ ભેળું બહાર પાડેલ છે. સાત વિભાગના મળીને કુલ ૧૮૨૬ પૃષ્ટ થયાં છે; એટલે રોયલ આઠ પેજી ૨૨૮ ફારમો થયેલા છે. આવું મહાન્ કાર્ય પરમાત્માની કૃપા વિના પાર પડી શકતું નથી. ભાષાંતર યથાર્થ પ્રસિદ્ધ કરવા માટે અમે બનતો પ્રયાસ કરેલો છે, તો પણ તેની અંદર દૃષ્ટિદોષથી યા મતિદોષથી જે કાંઈ ભૂલ થયેલી હોય તે સુજ્ઞજનોએ ક્ષમા કરવી, અને અમારી તરફ ભૂલો મોકલવી કે જેથી પ્રથમના પાંચ વિભાગ (૭ પર્વ)ની ટૂંકા વખતમાં બીજી આવૃત્તિ બહાર પાડવાની છે તેમાં સુધારી શકાય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ગ્રંથના કર્તા શ્રીમાન્ હેમચંદ્રાચાર્યનું વિસ્તાર યુક્ત ચરિત્ર તથા આખા ગ્રંથની પ્રસ્તાવના આ ચરિત્રના પ્રથમ પર્વની બીજી આવૃત્તિ થોડા વખતમાં બહાર પાડવાની છે તેમાં દાખલ કરશું, કે જે વાંચક વર્ગને ઘણી ઉપયોગી થઈ પડશે.

આ ચરિત્ર જૈનવર્ગમાં એટલું બધું પ્રખ્યાતિ પામેલું છે કે જેને માટે કાંઈ પણ પ્રશંસા લખવી પડે એમ નથી. આ ચરિત્ર અને તેના કર્તા જૈનવર્ગમાં પ્રથમ પંક્તિ ધરાવતા હોવાથી અત્ર કાંઈ પણ વિશેષ ન લખતાં સારગ્રાહી બુદ્ધિપૂર્વક સાદ્યંત વાંચવાની ભલામણ કરી લેખિનીને વિરામ આપીએ છીએ.

જૈન-ધર્મ-પ્રસારક સભા
ભાવનગર

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# વિષયાનુક્રમણિકા.

પૃષ્ઠ.

૧. સર્ગ ૧ લો. ( મહાવીર સ્વામીના પૂર્વ ભવનું વર્ણન ). ૧
નયસારના ભવમાં કરેલી સમકિતની પ્રાપ્તિ. ૨
મરિચિનો ભવ. ઉપાર્જન કરેલું નીચ ગોત્ર. ૨
વિશ્વભૂતિનો ભવ—વાસુદેવપણાનું કરેલું નિયાણું. ૫
ત્રિપૃષ્ટ વાસુદેવનો ભવ—ત્રણ ખંડના અધિપતિ. ૭
પ્રિયમિત્ર ચક્રવર્તીનો ભવ—૭ ખંડનું સાધવું. ૧૦
નંદન મુનિનો ભવ—ઉપાર્જન કરેલ તીર્થંકર નામકર્મ. ૧૨
નંદન મુનિએ કરેલી આરાધના. ૧૩
પ્રાણત દેવલોકે પુષ્પોત્તર વિમાનમાં દેવ થવું. ૧૪

૨. સર્ગ ૨ જો.—( મહાવીર જન્મ અને દીક્ષામહોત્સવ ). ૧૫
ગર્ભહરણનું વૃત્તાંત. ૧૬
જન્મોત્સવ—ઇંદ્રની શંકા—તેનું નિવારણ—ઇંદ્રે કરેલી સ્તુતિ. ૧૮
આમલકી ક્રીડા—મહાવીર નામ સ્થાપન. ૨૦
મહાવીરપ્રભુનો વિવાહ. ૨૩
દીક્ષા મહોત્સવ. ૨૩

૩. સર્ગ ૩ જો. ( પ્રથમના ૭ વર્ષનો વિહાર ) ૨૫
ઉપસર્ગોની શરૂઆત. ૨૬
શૂળપાણી યક્ષે કરેલ ઉપસર્ગ. ૩૦
પ્રભુને આવેલા દશ સ્વપ્નો—તેનું ફળ. ૩૩
અચ્છંદક નિમિત્તિયાનું વૃત્તાંત. ૩૪
ચંડકૌશિક સર્પનો ઉપસર્ગ—તેને પ્રતિબોધ. ૩૭
સુદંષ્ટ્ર દેવે કરેલ ઉપસર્ગ. ૩૯
કંબળ સંબળ દેવે કરેલ નિવારણ—તેનું વૃત્તાંત. ૪૦
પુષ્પ નિમિત્તિયાનું વૃત્તાંત. ૪૨
ગોશાળાનું મળવું ને શિષ્ય થવું. ૪૪
ગોશાળાની ચેષ્ટાઓ. ૪૫
વ્યંતરીનો કરેલો શીત ઉપસર્ગ. ૪૬

જૈન સાઈટ JAINSITE .com શૌતમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| ૪. સર્ગ ૪ થો.–(બીજા ૭ વર્ષનો વિહાર). | ૫૬ |
| ગોશાળાની ચેષ્ટાઓ. | ૫૮ |
| વૈશિકાયન તાપસનું વૃત્તાંત. | ૬૨ |
| પ્રભુએ ગોશાળાને બતાવેલો તેજોલેશ્યાનો વિધિ. | ૬૨ |
| ગોશાળાએ સાધેલી તેજોલેશ્યા. | ૬૩ |
| ઈંદ્રે કરેલી પ્રભુની પ્રશંસા. | ૬૫ |
| સંગમ દેવે કરેલા અસહ્ય ઉપસર્ગો. | ૬૬ |
| સંગમનું થાકીને પાછા જવું. | ૭૦ |
| સૌધર્મેંદ્રે સંગમને કાઢી મૂકવો. | ૭૦ |
| પ્રભુને સાતા પૂછવા ઈંદ્રોનું આવવું. | ૭૨ |
| જીર્ણ શ્રેષ્ટીનું વૃત્તાંત. | ૭૪ |
| પૂરણ તાપસનું વૃત્તાંત–તેનું ચમરેંદ્ર થવું. | ૭૪ |
| ચમરેંદ્રનો ઉત્પાત. | ૭૫ |
| પ્રભુએ કરેલો અપૂર્વ અભિગ્રહ. | ૭૯ |
| ચંદનબાળાનું વૃત્તાંત–તેણે કરાવેલું પારણું. | ૮૪ |
| ગોવાળે કરેલો છેલ્લો ઉપસર્ગ–પ્રભુના કાનમાં ખીલા નાખવા–ખરક વૈદ્યે કાઢવા–પ્રભુને થયેલ અસહ્ય પીડા. | ૮૬ |
| ૫. સર્ગ ૫ મો. (ભગવંતને કેવળજ્ઞાન, સંઘસ્થાપના). | ૮૯ |
| ભગવંતને થયેલ કેવળજ્ઞાન. | ૮૯ |
| ઈંદ્રે કરેલી સ્તુતિ. | ૮૯ |
| ભગવંતે આપેલી દેશના. | ૮૯ |
| ઈંદ્રભૂતિ વિગેરેનું વૃત્તાંત. | ૯૧ |
| ઈંદ્રભૂતિ વિગેરેનું પ્રભુ પાસે આવવું–ગણધરવાદ–સંશયનું નિવારણ–તેમણે લીધેલી દીક્ષા | ૯૩ |
| ચતુર્વિધ સંઘની સ્થાપના, ગણધરોએ કરેલી દ્વાદશાંગી–ચૌદપુર્વની રચના. | ૯૭ |
| ૬. સર્ગ ૬ ઠ્ઠો. (શ્રેણિક, મેઘકુમાર, નંદીષેણનું વૃત્તાંત). | ૯૮ |
| શ્રેણિક ને કુણિકના પૂર્વ ભવ. | ૯૮ |
| નાગસારથી ને સુલસાનું વૃત્તાંત. | ૧૦૦ |
| શ્રેણિક રાજાનું ચરિત્ર. | ૧૦૦ |
| અભયકુમારનો જન્મ. | ૧૦૫ |
| અભયકુમારનું શ્રેણિકના મંત્રી થવું. | ૧૦૬ |
| ચેડા રાજાની સાત પુત્રીઓ. | ૧૦૭ |
| સુજ્યેષ્ટા ને ચિલ્લણાનું વૃત્તાંત. | ૧૦૯ |
| કુણિકનું ચિલ્લણાની કુક્ષિમાં ઉત્પન્ન થવું–જન્મ. | ૧૧૨ |
| મેઘકુમાર ને નંદીષેણનો જન્મ–સેચનક હાથીનું વૃત્તાંત. | ૧૧૩ |
| પ્રભુનું રાજગૃહી પધારવું–શ્રેણિકે કરેલી સ્તુતિ. | ૧૧૬ |
| મેઘકુમારને થયેલ પ્રતિબોધ–તેણે લીધેલી દીક્ષા. | ૧૧૭ |


જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | |
|---|---|---|
| | મેઘકુમારને થયેલ ઉદ્વિગ્નતા–પ્રભુએ કરાવેલી સ્થિરતા. | ૧૧૭ |
| | નંદીષેણુને થયેલ પ્રતિબોધ–તેણે લીધેલી દીક્ષા. | ૧૧૯ |
| | નંદીષેણુનું ગૃહસ્થ થવું ને પાછા દીક્ષિત થવું. | ૧૧૯ |
| ૭ | સર્ગ ૭ મો. (ચિલ્લણા, શ્રેણિક, આર્દ્રકુમારનું વૃત્તાંત). | ૧૨૦ |
| | શ્રેણિકરાજાને ચિલ્લણા ઉપર આવેલ શક, પ્રભુએ કરેલું તેનું નિવારણ. | ૧૨૧ |
| | ચિલ્લણા માટે કરાવેલ એકસ્થંભ મહેલ–ચંડાળે વિદ્યાવડે લીધેલ તેનો લાભ–તેની પાસેથી લીધેલ વિદ્યા. | ૧૨૩ |
| | દુર્ગંધાની હકીકત–તેનું શ્રેણિકની રાણી થવું. | ૧૨૮ |
| | આર્દ્રકુમારનું વૃત્તાંત–તેને થયેલ પ્રતિબોધ. | ૧૨૯ |
| | આર્દ્રકુમારે લીધેલી દીક્ષા–પાછું સંસારી થવું. | ૧૩૩ |
| | ફરીને લીધેલી દીક્ષા–તેનો વિહાર–પ્રાંતે મોક્ષે જવું. | ૧૩૫ |
| ૮ | સર્ગ ૮ મો. (ઋષભદત્ત. દેવાનંદા, જમાળી, ગોશાળા વિગેરેનું વૃત્તાંત). | ૧૩૮ |
| | પ્રભુનું બ્રાહ્મણકુંડગામે પધારવું–પ્રભુની દેશના. | ૧૩૮ |
| | ઋષભદત્ત ને દેવાનંદાએ લીધેલી દીક્ષા–મોક્ષ. | ૧૩૯ |
| | જમાળિએ લીધેલ દીક્ષા–તેનું નિન્હવપણું. | ૧૩૯ |
| | પ્રિયદર્શનાનું પાછું વળવું–જમાળિનું મરીને કીલ્વીષ દેવ થવું. | ૧૪૧ |
| | ચિત્રકારનું વૃત્તાંત–ચંડપ્રદ્યોત ને શતાનિક રાજા વચ્ચે વિગ્રહ–મૃગાવતીએ લીધેલ દીક્ષા | ૧૪૩ |
| | માસા સાસાનું વૃત્તાંત. | ૧૪૭ |
| | આનંદ શ્રાવકનો અધિકાર–તેણે ગ્રહણ કરેલા શ્રાવકના વ્રત. | ૧૫૦ |
| | કામદેવ વિગેરે ૯ શ્રાવકોના અધિકાર. | ૧૫૧ |
| | મૃગાવતી ને ચંદનબાળા–બંનેને પરસ્પર ખમાવતાં થયેલ કેવળજ્ઞાન. | ૧૫૪ |
| | દશ અચ્છેરાનાં નામ. | ૧૫૪ |
| | ગોશાળાનું વૃત્તાંત–તેનું પ્રભુ પાસે આવવું. | ૧૫૫ |
| | ગોશાળાએ પ્રભુ ઉપર મૂકેલ તેજોલેશ્યા. | ૧૫૭ |
| | ગોશાળાને થયેલ પશ્ચાત્તાપ ને તેનું મરણ. | ૧૫૯ |
| | ગોશાળાના આગામી ભવ | ૧૬૧ |
| | પ્રભુએ વાપરેલ બીજોરાપાક–વ્યાધિનું શમન. | ૧૬૪ |
| ૯ | સર્ગ ૯ મો. (હાલિક, પ્રસન્નચંદ્ર, દર્દુરાંકદેવ વિગેરેનાં વૃત્તાંત) | ૧૬૪ |
| | એક હાળિકે (ખેડુતે) ગૌતમસ્વામી પાસે લીધેલ દીક્ષા–પ્રભુને જોઈને પાછા ભાગી જવું. | ૧૬૫ |
| | પ્રસન્નચંદ્ર રાજર્ષિને અશુભ અધ્યવસાયથી થયેલ અશુભ બંધ ને શુભ અધ્યવસાયથી થયેલ કેવળજ્ઞાન. | ૧૬૬ |
| | દર્દુરાંક દેવનું કુષ્ટિપણે પ્રભુ પાસે આવવું–તેણે કરેલી ભક્તિ–પ્રભુએ કહેલું તેનું પૂર્વ વૃત્તાંત. | ૧૬૭ |
| | શ્રેણિક રાજાએ કપિલા દાસી ને કાળ સૌકરિક માટે કરી જોયેલો પ્રયાસ. | ૧૭૨ |
| | સાલ મહાસાલને દીક્ષા ને તેમને થયેલ કેવળજ્ઞાન. | ૧૭૩ |
| | 'અષ્ટાપદની યાત્રા સ્વલબ્ધિથી કરનારને તદ્ભવ મોક્ષ' આવી પ્રરૂપણાથી ગૌતમસ્વામીનું ત્યાં જવું. | ૧૭૩ |


D - II

વૈશ્રમણની પાસે ગૌતમસ્વામીએ કહેલ પુંડરીક કંડરીકની કથા. ૧૭૪
પંદરશે તાપસોને આપેલી દીક્ષા–તેમને થયેલ કેવળજ્ઞાન. ૧૭૬
અંબડ પરિવ્રાજકનું પ્રભુ પાસે આવવું–તેણે કરેલી સ્તુતિ. ૧૭૭
અંબડની સાથે પ્રભુએ સુલસાને કહેવરાવેલ ધર્મલાભ. ૧૭૮
અંબડે સુલસાની કરેલી પરીક્ષા–સુલસાનું પાસ થવું. ૧૭૮

૧૦. સર્ગ ૧૦ મો. (દશાર્ણભદ્ર ને ધન્નાશાળિભદ્રનું ચરિત્ર). ૧૮૦
પ્રભુનું વિહાર કરતાં દશાર્ણપુર પધારવું. ૧૮૦
દશાર્ણભદ્રનું બહુ ભક્તિવડે ધામધુમથી પ્રભુને વાંદવા આવવું. ૧૮૧
દશાર્ણભદ્રનો ગર્વ ઉતરી જવો–તેણે લીધેલ ચારિત્ર ૧૮૨
શાળિભદ્રનો પૂર્વ ભવ–તેનું ગોભદ્ર શેઠને ત્યાં જન્મવું. ૧૮૩
શાળિભદ્રનો અપૂર્વ સુખભોગ–શ્રેણિકરાજાનું તેને ત્યાં આવવું. ૧૮૪
'માથે સ્વામી છે' તે જાણવાથી શાળિભદ્રને થયેલ વૈરાગ્ય. ૧૮૫
ધર્મઘોષ મુનિનું ત્યાં પધારવું–શાળિભદ્રનું વાંદવા જવું–તેમની દેશનાથી ભોગ તજવાની શાળિભદ્રે કરેલી શરૂઆત. ૧૮૫
ધન્નાકુમારને પડેલી ખબર–પ્રભુનું ત્યાં પધારવું. ૧૮૬
ધન્ય ને શાળિભદ્ર બંનેએ લીધેલી દીક્ષા. ૧૮૭
બંનેએ કરેલ અનશન–સર્વાર્થસિદ્ધ દેવ થવું. ૧૮૮

૧૧. સર્ગ ૧૧ મો. (રૌહિણેય, અભયકુમાર, ઉદાયન, ચંડપ્રદ્યોત વિગેરે) ૧૮૯
રોહણીઓ ચોર–તેણે સાંભળેલ પ્રભુનું એક વાક્ય. ૧૮૯
રોહણીઆનું પકડાઈ જવું–તેને મનાવવા માટે અભયકુમારે કરેલ પ્રપંચ. ૧૯૧
પ્રભુ પાસેથી સાંભળેલા એક વચનથી તેનું છુટી જવું. ૧૯૨
રોહણીઆને થયેલ પ્રતિબોધ–તેણે લીધેલ દીક્ષા–સ્વર્ગગમન. ૧૯૪
ચંડપ્રદ્યોતનું રાજગૃહીપર ચડી આવવું ને પાછા જવું. ૧૯૪
અભયકુમારને પકડી લાવવા ચંડપ્રદ્યોતે રચેલો પ્રપંચ–બે વેશ્યાનું શ્રાવિકા થઈને આવવું–અભયકુમારને લઈ જવા. ૧૯૫
અભયકુમારને ચંડપ્રદ્યોતે આપેલ પ્રથમ વરદાન. ૧૯૭
વાસવદત્તાને ભણાવવા પ્રપંચથી ઉદાયનને લઈ આવવા ૧૯૮
વાસવદત્તાને લઈને ઉદાયનનું નાશી જવું. ૨૦૧
અનલગિરિ હાથીના ને અગ્નિશમનના પ્રસંગે આપેલ બે વરદાન. ૨૦૧
મરકી નિવારણને પ્રસંગે આપેલ ચોથું વરદાન–તે વરદાન માગતાં અભયકુમારનું છુટી જવું. ૨૦૨
અભયકુમારે ચંડપ્રદ્યોતને જાહેરમાં પકડી લાવવાની કરેલી પ્રતિજ્ઞા–તેને માટે કરેલ પ્રપંચ. ૨૦૩
ચંડપ્રદ્યોતને પકડી લાવવા ને છોડી મૂકાવવા. ૨૦૩
એક કઠીઆરાએ લીધેલ દીક્ષા–અભયકુમારે બતાવેલું ચારિત્રનું અમૂલ્યપણું. ૨૦૩
અભયકુમારનું પ્રભુને વાંદવા આવવું–તેણે કરેલી સ્તુતિ. ૨૦૪
છેલ્લા રાજર્ષિ ઉદાયન રાજાનું પ્રભુએ કહેલ વૃત્તાંત. ૨૦૪


જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અંતર્ગત કુમારનંદી સોનીનું ચરિત્ર. ૨૦૫
,, પ્રભાવતી રાણીનું ચરિત્ર. ૨૦૭
,, કુબ્જા (સુવર્ણગુળિકા)નું ચરિત્ર. ૨૦૯
,, કપિલ કેવળીનું ચરિત્ર. ૨૧૧
ઉદાયનને ચંડપ્રદ્યોત સાથે થયેલ યુદ્ધ—ચંડપ્રદ્યોતનું હારવું. ૨૧૬
ઉદાયન રાજાએ પ્રભુ પાસે લીધેલ દીક્ષા. ૨૧૮

૧૨. સર્ગ ૧૨ મો. (વીતભયપત્તન, અભયકુમાર, કૂણિક, ચેડારાજા ઉદાયી રાજા વિગેરેના ચરિત્ર). ૨૧૯
ઉદાયન રાજર્ષિને તેના ભાણેજે કરેલો વિષપ્રયોગ—દેવે કરેલું નિવારણ. ૨૧૯
તેણે કરેલ અનશન—મોક્ષગમન. ૨૨૦
દેવે વીતભયપત્તનને દાટી દેવું—અભિચિનું સ્વર્ગગમન. ૨૨૦
ભગવંતે કહેલી આગામી હકીકત—કુમારપાળ રાજા થશે. ૨૨૧
કુમારપાળ ને હેમચંદ્રસૂરિનો સંયોગ થશે—તેનું ફળ. ૨૨૧
વીતભયમાં દટાયેલ પ્રતિમાને કાઢશે—મંદિરમાં પધરાવશે. ૨૨૨
અભયકુમારનું ચારિત્ર ગ્રહણ. ૨૨૩
કૂણિકે શ્રેણિકને બંદીખાને નાખવા ઉપરાંત આપેલું દુઃખ. ૨૨૪
કૂણિકને પ્રાપ્ત થયેલ સદ્ભાવ—શ્રેણિકને છોડવા માટે દોડવું—શ્રેણિકનું અપમૃત્યુ—નર્કગમન. ૨૨૬
કૂણિકે વસાવેલ ચંપાપુરી—ત્યાં જઈને વસવું. ૨૨૭
હલ્લવિહલ્લ પાસે હાર વિગેરેની માગણી. તેનું ચેડારાજા પાસે જવું. ૨૨૮
કૂણિકે તેમની પાસે કરેલી હલ્લ વિહલ્લની માગણી. ૨૨૮
કૂણિકની ચેડા રાજા પર ચડાઈ—પરસ્પર યુદ્ધ. ૨૨૯
હલ્લવિહલ્લે લીધેલ ચારિત્ર. ૨૩૩
કૂણિકનો વેશ્યાદ્વારા પ્રપંચ—કુળવાળુકનું ચરિત્ર. ૨૩૩
કુળવાળુકનું પડી જવું (ભ્રષ્ટ થવું)—વિશાળાનો વિનાશ. ૨૩૫
વિશાળાની પ્રજાને નીલવંત પર્વત ઉપર લઈ જવી—ચેટક રાજાનું સ્વર્ગગમન ચંપાપતિનું ચંપાએ પાછા આવવું. ૨૩૭
કૂણિકનો ચક્રવર્તી થવાનો પ્રયત્ન—તેનું અપમૃત્યુ—નર્કગમન. ૨૩૮
પ્રભુનો પરિવાર (તેની સંખ્યા). ૨૩૯

૧૩. સર્ગ ૧૩ મો. (ભગવંતની છેલ્લી દેશના, નિર્વાણ વિગેરે). ૨૩૯
ભગવંતનું અપાપાપૂરી પધારવું—ઇંદ્રે કરેલી સ્તુતિ. ૨૩૯
હસ્તિપાલ રાજાએ કરેલી સ્તુતિ—પ્રભુની છેલ્લી દેશના. ૨૪૦
હસ્તિપાળ રાજાએ દીઠેલા સ્વપ્ન—પ્રભુએ કહેલું તેનું ફળ. ૨૪૧
પ્રભુએ કહેલા પાંચમા આરાના ભાવ. ૨૪૩
પ્રભુએ કહેલા છઠ્ઠા આરાના ભાવ. ૨૪૪
ઉત્સર્પિણીના પહેલા બીજા આરાના ભાવ. ૨૪૭


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનાગત ચોવીશીમાં થનારા ૨૪ પ્રભુના ને તેના પૂર્વભવના જીવોના નામ-બારચક્રી, નવ
વાસુદેવ, બળદેવ અને પ્રતિવાસુદેવના નામ. ૨૪૬
સુધર્માસ્વામીએ કરેલ પ્રશ્ન ને ઉત્તર. ૨૪૯
ગૌતમસ્વામીને દેવશર્માને પ્રતિબોધ કરવા મોકલવા. ૨૪૯
ભગવંતનું નિર્વાણ. ૨૫૦
ભગવંતનો નિર્વાણ મહોત્સવ. ૨૫૧
ગૌતમસ્વામીને કેવળજ્ઞાન ને તેમનું નિર્વાણ. ૨૫૨

૧૪. ગ્રંથકર્તાની પ્રશસ્તિ. ૨૫૩

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## ।। श्री वर्द्धमानस्वामी ।।



श्रीमते वीरनाथाय, सनाथायाद्भुतश्रिया ।
महानन्दसरोराज,-मरालायार्हते नमः ।।२४।।

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# श्री त्रिषष्टि शलाका पुरुष चरित्र

## पर्व दसमुं

## સર્ગ ૧ લો

### શ્રી મહાવીર સ્વામીના પૂર્વ ભવનું વર્ણન

દુઃએ વારી શકાય તેવા રાગાદિ શત્રુઓને નિવારવામાં વીર જેવા, પૂજનિક અને યોગીનાથ **શ્રી મહાવીર સ્વામીને** મારો નમસ્કાર છે. સુર અસુરોએ પૂજેલું અને પુણ્ય-જલના સરોવરરૂપ એ દેવાધિદેવ પ્રભુના ચરિત્રનું હવે અમે વર્ણન કરીશું.

આ જંબૂદ્વીપને વિષે પશ્ચિમ વિદેહ ક્ષેત્રના આભૂષણરૂપ **મહાવપ્ર** નામના વિજયમાં **જયંતી** નામે નગરી છે. તે નગરીમાં ભુજાના વીર્યથી જાણે નવીન **વાસુદેવ** ઉત્પન્ન થયેલ હોય તેવો મહા સમૃદ્ધિમાન **શત્રુમર્દન** નામે રાજા હતો. તેના **પૃથ્વીપ્રતિષ્ઠાન** નામના ગામમાં **નયસાર** નામે એક સ્વામીભક્ત ગ્રામચિંતક (ગામેતી) હતો. તે સાધુજનના સંબંધ વિનાનો હતો, તથાપિ અપકૃત્યથી પરાઙમુખ, બીજાના દોષને જોવામાં વિમુખ અને ગુણગ્રહણમાં તત્પર હતો. એક વખતે રાજાની આજ્ઞાથી તે મોટા કાષ્ટો લેવા માટે પાથેય (ભાતું) લઈ કેટલાક ગાડાં સાથે એક મહાટવીમાં ગયો. **ત્યાં વૃક્ષો છેદતાં તેને મધ્યાહ્ન સમય થયો,** એટલે ઉદરમાં જઠરાગ્નિની જેમ સૂર્ય આકાશમાં અધિક પ્રકાશવા લાગ્યો. તે વખતે તે **નયસારના** સમય જાણનારા સેવકો મંડપાકાર વૃક્ષની નીચે તેને માટે ઉત્તમ રસવતી લાવ્યા. પોતે ક્ષુધા તૃષાથી આતુર હતો છતાં પણ 'કોઈ **અતિથિ** આવે તો હું તેને ભોજન કરાવીને પછી જમું' એમ ધારી **નયસાર** આમતેમ જોવા લાગ્યો. તેવામાં ક્ષુધાતુર, તૃષાતુર, શ્રાંત, પોતાના સાર્થને શોધવામાં તત્પર અને પસીનાથી જેમના સર્વ અંગ વ્યાપ્ત થઈ ગયાં છે એવા કેટલાક મુનિઓ તે તરફ આવી ચડયા. 'આ સાધુઓ મારા **અતિથિ** થયા તે બહુ સારું થયું' એમ ચિંતવતા **નયસારે** તેમને નમસ્કાર કરીને પૂછ્યું કે, 'હે ભગવંત ! આવી મોટી અટવીમાં તમે ક્યાંથી આવી ચડયા ? કેમકે શસ્ત્રધારી પણ એકાકીપણે આ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અટવીમાં ફરી શકે તેમ નથી.' તેઓ બોલ્યા—'અમે પૂર્વે અમારા સ્થાનથી સાર્થની સાથે ચાલ્યા હતા પણ માર્ગમાં કોઈ ગામમાં ભિક્ષા લેવાને પેઠા, તેવામાં સાર્થ ચાલ્યો ગયો; અમને ભિક્ષા કંઈ મળી નહીં, તેથી અમે તે સાર્થની પછવાડે પછવાડે ચાલ્યા પણ તે સાર્થ તો મળ્યો નહીં અને આ અટવીમાં આવી ચડ્યા.' **નયસાર** બોલ્યો—'અહો! એ સાર્થ કેવો નિર્દય! કેવો પાપથી પણ અભીરૂ! કેવો વિશ્વાસઘાતી! કે તેની આશાએ સાધુઓ સાથે ચાલેલા તેમને લીધા વગર તે પોતાના સ્વાર્થમાંજ નિષ્ઠુર બનીને ચાલ્યો ગયો; પરંતુ આ વનમાં મારા પુણ્યથી તમે **અતિથિરૂપે** પધાર્યા તે બહુ ઠીક થયું.' આ પ્રમાણે કહીને **નયસાર** તે મહામુનિઓને જ્યાં પોતાનું ભોજનસ્થાન હતું ત્યાં લઈ ગયો. પછી પોતાને માટે તૈયાર કરી લાવેલા અન્નપાનથી તેણે તે મુનિઓને પ્રતિલાભિત કર્યા. એટલે મુનિઓએ ત્યાંથી બીજે જઈને વિધિવડે તેનો આહાર કર્યો. ભોજન કરીને **નયસાર** મુનિઓની પાસે આવ્યો. પ્રણામ કરી કહ્યું કે, 'હે ભગવંત! ચાલો હું તમને નગરનો માર્ગ બતાવું.' પછી તેઓ તેની સાથે ચાલ્યા અને નગરીને માર્ગે આવ્યા; એટલે એક વૃક્ષની નીચે બેસીને તેઓએ **નયસારને** ધર્મ સંભળાવ્યો. તે સાંભળીને આત્માને ધન્ય માનતા **નયસારે** તેજ વખતે સમકિત પ્રાપ્ત કર્યું, પછી તેમને વાંદીને તે પાછો વળ્યો અને બધા કાષ્ટો રાજાને મોકલાવીને પોતે પોતાના ગામમાં આવ્યો.

પછી મોટા મનવાળો **નયસાર** સદા ધર્મનો અભ્યાસ કરતો, સાત તત્ત્વને ચિંતવતો અને સમકિતને પાળતો કાળ નિર્ગમન કરવા લાગ્યો. એ પ્રમાણે આરાધના કરતો **નયસાર** અંત સમયે પંચ નમસ્કાર મંત્રનું સ્મરણ કરી મૃત્યુ પામી સૌધર્મ દેવલોકમાં પલ્યોપમના આયુષ્યવાળો દેવતા થયો.

આ **ભરતક્ષેત્રમાં વિનીતા** નામે શ્રેષ્ઠ નગરી છે. જે નગરીને યુગાદિ પ્રભુને માટે દેવતાઓએ પૂર્વે વસાવેલી હતી. તેમાં **શ્રી ઋષભસ્વામીના પુત્ર ભરત,** નવ નિધિ અને ચૌદ રત્નના સ્વામી **ચક્રવર્તી** થયા હતા. તેને ઘેર આ ગ્રામચિંતક **નયસારનો** જીવ પુત્રપણે અવતર્યો. તે આસપાસ **મરિચિ** (કિરણો)ને ફેલાવતો હતો તેથી તેનું મરિચિ એવું નામ પાડ્યું હતું. એક વખતે **શ્રી ઋષભસ્વામીના** પ્રથમ સમવસરણમાં પિતા અને ભ્રાતાની સાથે તે મરિચિ પણ ગયો. ત્યાં દેવતાઓએ કરેલો પ્રભુનો મહિમા જોઈને અને ધર્મ સાંભળીને સમકિત પ્રાપ્ત થતાં તેણે તત્કાળ ચારિત્ર ગ્રહણ કર્યું. સારી રીતે યતિધર્મને જાણીને પોતાના શરીરમાં પણ નિઃસ્પૃહ થયેલા ત્રિગુપ્તિ તથા પંચ સમિતિને ધરતા અને કષાયને વર્જતા એ મહાવ્રતી મરિચિ **મુનિ** સ્થવિર સાધુઓની પાસે એકાદશ અંગને ભણતા **શ્રી ઋષભપ્રભુની** સાથે વિહાર કરવા લાગ્યા.

એ પ્રમાણે ઘણા કાળ પર્યંત વિહાર કરતાં અન્યદા ગ્રીષ્મઋતુ આવી. તે સમયે અતિ દારૂણ સૂર્યના કિરણો પડવાથી તપેલી પૃથ્વીની રજ વટેમાર્ગુના ચરણના નખને

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાંધી નાંખવા લાગી. તે વખતે જેના સર્વ અંગ સ્વેદથી આર્દ્ર થઈ ગયા છે અને પહેરેલાં એ વસ્ત્રો મળવડે લિપ્ત બની ગયા છે. એવા તે મરિચિ મુનિ તૃષાથી પીડિત થયા છતા તત્કાળ ચારિત્રાવરણીય કર્મના ઉદયથી આ પ્રમાણે ચિંતવવા લાગ્યા. 'મેરૂ પર્વતની જેમ વહન થઈ શકે નહીં તેવા આ સાધુપણાના ગુણોને વહન કરવાને હવે હું સમર્થ નથી; કારણ કે હું તો નિર્ગુણી અને ભવની આકાંક્ષાવાળો છું. પણ હવે વ્રતનો ત્યાગ પણ શી રીતે થાય? કેમકે ત્યાગ કરવાથી તો લોકમાં લજ્જા પ્રાપ્ત થાય તેમ છે. પણ એવો એક ઉપાય છે કે જેથી વ્રત પણ કાંઈક રહે અને આવો શ્રમ પડે નહીં. આ શ્રમણ ભગવંતો ત્રિદંડથી[1] વિરક્ત છે અને હું તો દંડથી જીતાયેલો છું. તેથી મારે ત્રિદંડનું લાંછન થાઓ. આ સાધુઓ કેશના લોચથી મુંડ છે અને હું તો શસ્ત્રવડે કેશને મુંડાવવાવાળો તેમ જ શિખાધારી થાઉં. વળી આ સાધુઓ મહાવ્રતધારી છે અને હું અણુવ્રતધારી થાઉં. આ મુનિઓ નિષ્કિંચન છે અને હું મુદ્રિકાદિક પરિગ્રહધારી થાઉં. મુનિઓ મોહ રહિત છે. અને હું મોહવડે આચ્છાદિત હોવાથી છત્રવાળો થાઉં. આ મહર્ષિઓ ઉપાનહ રહિત થઈ વિચરે છે પણ હું તો ચરણની રક્ષાને માટે ઉપાનહ રાખીશ. આ સાધુઓ શીળવડે સુગંધી છે અને હું શીળવડે સુગંધી નથી તેથી મારે સુગંધને માટે શ્રીખંડ ચંદનના તિલકો થાઓ. આ મહર્ષિઓ કષાય રહિત હોવાથી શુક્લ અને જીર્ણ વસ્ત્રધારી છે તો કષાયવાળા એવા મારે કષાય (રંગેલા) વસ્ત્રો હો. આ મુનિઓએ તો ઘણા જીવોની વિરાધનાવાળા સચિત્ત જળનો આરંભ તજ્યો છે. પણ મારે મિત જળથી સ્નાનપાન થાઓ.' આ પ્રમાણે પોતાની બુદ્ધિથી વિચાર કરીને કષ્ટથી કાયર એવા મરિચિએ લિંગનો નિર્વાહ કરવાને ત્રિદંડી સંન્યાસ ગ્રહણ કર્યો.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

મરિચિનો આવો નવીન વેષ જોઈને બધા લોકો તેને ધર્મ પૂછતા હતા, ત્યારે તે શ્રી જિનોએ કહેલા સાધુધર્મને કહેતો હતો. પછી લોકો તેને પુનઃ પૂછતા કે 'તમે તેવા સાધુધર્મને કેમ આચરતા નથી?' ત્યારે તે કહેતો કે 'તે મેરૂના ભાર જેવા સાધુધર્મને વહન કરવાને હું સમર્થ નથી.' પોતાના કરેલા ધર્મના વ્યાખ્યાનથી પ્રતિબોધ પામી જે ભવ્યજનો સાધુ થવા ઇચ્છતા તેને મરિચિ શ્રી ઋષભદેવ પ્રભુને સોંપી દેતો હતો. આવા આચારવાળો મરિચિ પ્રભુની સાથે વિહાર કરતો હતો.

એક વખતે પ્રભુ ફરીવાર વિનીતા નગરી સમીપે આવીને સમોસર્યા. ત્યાં ભરતચક્રીએ પ્રભુ પાસે આવી ભાવી અરિહંતાદિ સંબંધી પૂછ્યું, એટલે પ્રભુએ ભવિષ્યમાં થનારા અર્હંત, ચક્રવર્ત્તી, વાસુદેવ અને બલદેવ કહી બતાવ્યા. પછી ભરતે ફરીવાર પૂછ્યું કે-'હે નાથ! આ સભામાં તમારી જેમ આ ભરતક્ષેત્રમાં આ ચોવીશમાં તીર્થંકર થનાર કોઈ ભવ્ય જન છે?' તે વખતે પ્રભુ મરિચિને બતાવીને બોલ્યા કે-'આ તારો પુત્ર મરિચિ આ ભરત-

---

૧ મનદંડ, વચનદંડ, કાયદંડ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ક્ષેત્રમાં વીર** નામે છેલ્લા તીર્થંકર થશે. વળી **પોતનપુરમાં ત્રિપૃષ્ટ** નામે પહેલો **વાસુદેવ** અને **વિદેહ ક્ષેત્રને** વિષે મૂકાપુરીમાં **પ્રિયમિત્ર** નામે ચક્રવર્ત્તી થશે.' તે સાંભળી પ્રભુની આજ્ઞા લઈને **ભરત મરિચિ** પાસે આવ્યા અને ત્રણ પ્રદક્ષિણા દઈને તેને વંદના કરી. પછી કહ્યું કે–'શ્રી **ઋષભપ્રભુના** કહેવા પ્રમાણે તમે આ **ભરતક્ષેત્રમાં** ચરમ તીર્થંકર થશો, **પોતનપુરમાં ત્રિપૃષ્ટ** નામે પહેલા **વાસુદેવ** થશો અને વિદેહક્ષેત્રની **મૂકાપુરીમાં પ્રિયમિત્ર** નામે ચક્રવર્ત્તી થશો. તમે સંન્યાસી છો તેથી હું તમને વાંદતો નથી, પણ ભાવી તીર્થંકર છો તેથી તમને વંદના કરું છું' આ પ્રમાણે કહી વિનયવાન્ **ભરતચક્રી પ્રભુને** ફરીવાર વંદના કરીને હર્ષ પામતા **વિનીતાનગરીમાં** આવ્યા.

**મરિચિ ભરતચક્રીએ** કહેલી હકીકત સાંભળી હર્ષથી ત્રણવાર ત્રિપદી વગાડીને નાચવા લાગ્યો, અને ઉંચે સ્વરે કહેવા લાગ્યો કે, '**પોતનપુરમાં** હું પહેલો વાસુદેવ થઈશ, **મૂકાનગરીમાં** ચક્રવર્ત્તી થઈશ અને પછી ચરમ તીર્થંકર થઈશ. હવે મારે બીજાની શી જરૂર છે? હું વાસુદેવોમાં પહેલો, મારા **પિતા** ચક્રવર્ત્તીઓમાં પહેલા અને મારા **પિતામહ** તીર્થંકરોમાં પ્રથમ. અહો! મારું કુળ કેવું ઉત્તમ છે?' એવી રીતે વારંવાર ભુજાસ્ફોટ કરી જાતિમદ કરતાં **મરિચિએ** નીચ ગોત્ર ઉપાર્જન કર્યું.

શ્રી **ઋષભસ્વામીના** નિર્વાણ પછી પણ સાધુઓની સાથે વિહાર કરતો **મરિચિ** ભવ્ય જનોને બોધ કરી કરીને સાધુઓની પાસે મોકલતો હતો. એક વખતે **મરિચિ** વ્યાધિ-ગ્રસ્ત થયો. તે વખતે આ સંયમી નથી, એવું ધારીને બીજા સાધુઓએ તેની આશ્વાસના કરી નહીં, તેથી ગ્લાનિ પામીને **મરિચિએ** મનમાં વિચાર્યું કે, 'અહો! આ સાધુઓ કે જેઓ દાક્ષિણ્ય વગરના, નિર્દય, સ્વાર્થમાંજ ઉદ્યમવંત અને લોકવ્યવહારથી વિમુખ છે તેમને ધિક્કાર છે. હું કે જે તેમનો પરિચિત, સ્નેહવાળો અને એકજ ગુરૂનો દીક્ષિત તેમજ વિનીત છું, તેનું પાલન કરવું તો દૂર રહ્યું પણ તેઓ સામું પણ જોતા નથી; પરંતુ મારે આવું ખરાબ ચિંતન ન કરવું જોઈએ. કારણ કે આ સાધુઓ પોતાના શરીરની પણ પરિચર્યા કરતા નથી તો મારી જેવા ભ્રષ્ટની પરિચર્યા તો કેમ કરે? માટે હવે જો હું આ વ્યાધિમાંથી મુક્ત થાઉં તો પછી કોઈ મારી સેવા કરે તેવો એક શિષ્ય કરૂં કે જે આવુંજ લિંગ ધારણ કરે.' આ પ્રમાણે ચિંતવતો **મરિચિ** દૈવયોગે સાજો થયો. એક વખતે તેને **કપિલ** નામે કુલપુત્ર મળ્યો. તે ધર્મનો અર્થી હતો, તેથી તેણે **કપિલને** આર્હત ધર્મ કહી સંભળાવ્યો. એ વખતે **કપિલે** તેને પૂછયું કે 'તમે પોતે એ ધર્મ કેમ આચરતા નથી?' **મરિચિ** બોલ્યો કે 'હું તે ધર્મ પાળવાને સમર્થ નથી.' **કપિલે** કહ્યું કે 'ત્યારે શું તમારા માર્ગમાં ધર્મ નથી?' આવા પ્રશ્નથી તેને જિનધર્મમાં આળસુ જાણી શિષ્યને ઇચ્છતો **મરિચિ** બોલ્યો કે 'જૈન માર્ગમાં પણ ધર્મ છે અને મારા માર્ગમાં પણ ધર્મ છે.' પછી **કપિલ** તેનો શિષ્ય થયો. તે વખતે મિથ્યા ધર્મના ઉપદેશથી **મરિચિએ** કોટાકોટી સાગરોપમ પ્રમાણ સંસાર ઉપાર્જન કર્યો. તે પાપની કાંઈ પણ આલોચના કર્યા વગર પ્રાંતે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનશનવડે મૃત્યુ પામીને **મરિચિ બ્રહ્મ દેવલોકમાં** દશ સાગરોપમના આયુષ્યવાળો દેવતા થયો. **કપિલ** પણ આસૂર્ય વિગેરેને પોતાના શિષ્યો કરી તેમને પોતાના આચારનો ઉપદેશ આપી મૃત્યુ પામીને **બ્રહ્મદેવલોકમાં** દેવ થયો. ત્યાં અવધિજ્ઞાનથી પોતાના પૂર્વ જન્મને જાણીને તે પૃથ્વીપર આવ્યો, અને તેણે આસૂર્ય વિગેરેને પોતાનો સાંખ્ય મત જણાવ્યો. તેના આમ્નાયથી આ પૃથ્વીપર સાંખ્ય દર્શન પ્રવર્ત્યું. કેમકે લોકો પ્રાય: સુખસાધ્ય અનુષ્ઠાનમાંજ પ્રવર્ત્તે છે.

**મરિચિનો** જીવ **બ્રહ્મ** દેવલોકમાંથી ચ્યવીને **કોલ્લાક** નામના ગામમાં એંશી લાખ પૂર્વના આયુષ્યવાળો **કૌશિક** નામે બ્રાહ્મણ થયો. વિષયમાં આસક્ત, દ્રવ્ય ઉપાર્જન કરવામાં તત્પર અને હિંસાદિકમાં સૂગ વગરના તે બ્રાહ્મણે ઘણો કાળ નિર્ગમન કર્યો. અંતે **ત્રિદંડી** થઈ મૃત્યુ પામી ઘણા ભવમાં ભમીને તે **સ્થુણા** નામના સ્થાનમાં **પુષ્પમિત્ર** નામે બ્રાહ્મણ થયો. ત્યાં પણ ત્રિદંડી થઈ બહોંતેર લાખ પૂર્વનું આયુષ્ય નિર્ગમી **સૌધર્મ** દેવલોકે મધ્યમ સ્થિતિવાળો દેવતા થયો. ત્યાંથી ચ્યવી **ચૈત્ય** નામના સ્થાનમાં તે ચોસઠ લાખ પૂર્વના આયુષ્યવાળો **અગ્ન્યુદ્યોત** નામે બ્રાહ્મણ થયો. ત્યાં પૂર્વની જેમ ત્રિદંડી થયો. પછી મૃત્યુ પામી **ઈશાન દેવલોકમાં** મધ્યમ આયુષ્યવાળો દેવતા થયો. ત્યાંથી ચ્યવી **મંદિર** નામના સંનિવેશમાં **અગ્નિભૂતિ** નામે બ્રાહ્મણ થયો. તે ભવમાં પણ ત્રિદંડી થઇ છપ્પન લાખ પૂર્વનું આયુષ્ય ભોગવી મૃત્યુ પામી **સનત્કુમાર** દેવલોકમાં મધ્યમાયુ દેવતા થયો. ત્યાંથી ચ્યવીને **શ્વેતાંબી** નગરીમાં **ભારદ્વાજ** નામે વિપ્ર થયો. તે ભવમાં પણ ત્રિદંડી થઈ ચુંવાલીશ લાખ પૂર્વનું આયુષ્ય ભોગવી મૃત્યુ પામીને **માહેંદ્ર** કલ્પમાં મધ્યમ સ્થિતિએ દેવતા થયો. ત્યાંથી ચ્યવીને ભવભ્રમણ કરી **રાજગૃહ** નગરમાં **સ્થાવર** નામે બ્રાહ્મણ થયો. તે ભવમાં ત્રિદંડી થઈ ચોત્રીશ લાખ પૂર્વનું આયુષ્ય ભોગવી મૃત્યુ પામીને **બ્રહ્મ** દેવલોકમાં મધ્યમાયુષ્યવાળો દેવતા થયો. ત્યાંથી ચ્યવીને તેણે ઘણા ભવમાં પરિભ્રમણ કર્યું. કારણ કે 'પોતાના કર્મના પરિણામથી પ્રાણી અનંત ભવમાં ભ્રમણ કરનારો થાય છે.'

**રાજગૃહ** નગરમાં **વિશ્વનંદી** નામે રાજા હતો. તેને **પ્રિયંગુ** નામની પત્નીથી **વિશાખનંદી** નામે એક પુત્ર થયો. તે રાજાને **વિશાખભૂતિ** નામે એક નાનો ભાઈ યુવરાજ હતો. તે યુવરાજને **ધારિણી** નામે સ્ત્રી હતી. **મરિચિનો** જીવ પૂર્વ જન્મમાં ઉપાર્જન કરેલા શુભ કર્મથી તે વિશાખાભૂતિ યુવરાજની **ધારિણી** નામની સ્ત્રીથી **વિશ્વભૂતિ** નામે પુત્રપણે અવતર્યો. તે વિશ્વભૂતિ અનુક્રમે યૌવન વયને પ્રાપ્ત થયો. એક વખતે **નંદન** વનમાં દેવકુમારની જેમ તે **વિશ્વભૂતિ** અંતઃપુર સહિત પુષ્પકરંડક નામના ઉદ્યાનમાં ક્રીડા કરવા ગયો. તે ક્રીડા કરતો હતો તેવામાં રાજાનો પુત્ર **વિશાખનંદી** ક્રીડા કરવાની ઇચ્છાએ ત્યાં આવ્યો. પણ **વિશ્વભૂતિ** અંદર હોવાથી તે બહાર રહ્યો. તે સમયે પુષ્પ લેવાને તેની માતાની દાસીઓ આવી, તેમણે તે **વિશ્વભૂતિ** અને **વિશાખનંદીને** અંદર ને બહાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રહેલા જોયા. દાસીઓ પાસેથી એ ખબર સાંભળી **પ્રિયંગુ** રાણી કોપ પામી રીસાઈને બેસવાના ઘરમાં જઈને બેઠી. રાજાએ રાણીની ઈચ્છા પૂર્ણ કરવા માટે યાત્રાની ભેરી વગડાવી; અને કપટવડે સભામાં કહ્યું કે 'આપણો **પુરૂષસિંહ** નામનો સામંત ઉદ્ધત થઈ ગયો છે, માટે તેનો વિજય કરવાને હું જઈશ.' તે ખબર સાંભળી સરલ સ્વભાવી વિશ્વભૂતિ વનમાંથી રાજસભામાં આવ્યો અને ભક્તિવડે રાજાને નિવારી પોતે લશ્કર સાથે પ્રયાણ કર્યું. તે **પુરૂષસિંહ** સામંતની પાસે ગયો, ત્યાં તેને આજ્ઞાવંત જોઈ પોતે પાછો વળ્યો. માર્ગમાં **પુષ્પકરંડક** વન પાસે આવ્યો; ત્યાં દ્વારપાળે જણાવ્યું કે, અંદર **વિશાખનંદી** કુમાર છે, તે સાંભળી તે ચિંતવવા લાગ્યો કે 'મને કપટવડે **પુષ્પકરંડક** વનમાંથી કાઢ્યો.' પછી તેણે ક્રોધ પામી મુષ્ટિવડે એક કોઠાના વૃક્ષપર પ્રહાર કર્યો. જેથી તેના સર્વ ફળો તૂટી પડવાથી પૃથ્વી બધી આચ્છાદિત થઈ ગઈ. તે બતાવીને વિશ્વભૂતિ દ્વારપાળ પ્રત્યે બોલ્યો કે–'જો વડિલ પિતાશ્રી ઉપર મારી ભક્તિ ન હોત તો હું આ કોઠાનાં ફળની જેમ તમારા સર્વના મસ્તકો ભૂમિપર પાડી નાંખત, પણ તેમના પરની ભક્તિથી હું એમ કરી શકતો નથી. પરંતુ આ વંચનાયુક્ત ભોગની મારે જરૂરજ નથી.' એમ બોલતો તે **સંભૂતિ** મુનિની પાસે ગયો. અને ચારિત્ર ગ્રહણ કર્યું. તેને દીક્ષિત થયેલો સાંભળી **વિશ્વનંદીરાજા અનુજ**-બંધુ સહિત ત્યાં આવ્યા, અને તેને નમી ખમાવીને રાજ્ય લેવાને માટે પ્રાર્થના કરી, પરંતુ **વિશ્વભૂતિને** રાજ્યની ઈચ્છા વગરનો જાણી રાજા પોતાને ઘેર ગયા. અને **વિશ્વભૂતિ** મુનિએ ગુરૂની સાથે બીજે વિહાર કર્યો.

તપસ્યાથી અતિ કૃશ થયેલા અને ગુરૂની આજ્ઞાવડે એકાકી વિહાર કરતા **વિશ્વભૂતિ** મુનિ અન્યદા **મથુરાપુરીએ** આવ્યા. તે વખતે ત્યાંના રાજાની પુત્રીને પરણવાને માટે **વિશાખનંદી** રાજપુત્ર પણ **મથુરામાં** આવ્યો હતો. વિશ્વભૂતિ મુનિ માસખમણને અંતે પારણું કરવા માટે નગરીમાં વહોરવા પેઠા. જ્યાં **વિશાખનંદીની** છાવણી હતી તેની નજીક આવ્યા એટલે તેના માણસોએ 'આ વિશ્વભૂતિ કુમાર જાય' એમ કહી **વિશાખનંદીને** ઓળખાવ્યા. શત્રુની જેમ તેને જોતાંજ **વિશાખનંદીને** કોપ ચડ્યો. તેવામાં **વિશ્વભૂતિ** મુનિ કોઈક ગાયની સાથે અથડાવાથી પૃથ્વીપર પડી ગયા. તે જોઈને 'કોઠાંના ફળોને પાડવાનું તારૂં બળ ક્યાં ગયું ?' એમ કહી **વિશાખનંદી** હસ્યો. તે સાંભળી **વિશ્વભૂતિએ** ક્રોધવડે તે ગાયને શીંગડાવતી પકડીને આકાશમાં ભમાવી. પછી એવું નિયાણું કર્યું કે, "આ ઉગ્ર તપસ્યાના પ્રભાવથી હું ભવાંતરે ઘણો પરાક્રમવાળો થઈ આ **વિશાખનંદીના** મૃત્યુને માટે થાઉં." પછી કોટી વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી પૂર્વ પાપની આલોચના કર્યા વગર મૃત્યુ પામીને તે **વિશ્વભૂતિ મહાશુક્ર** દેવલોકમાં ઉત્કૃષ્ટ આયુષ્યવાળો દેવતા થયો.

આ **ભરતક્ષેત્રમાં પોતનપુર** નામના નગરમાં **રિપુપ્રતિશત્રુ** નામે એક પરાક્રમી રાજા હતો. તેને **ભદ્રા** નામે સ્ત્રી હતી. તેને ચાર સ્વપ્નોથી સૂચિત થયેલો **અચલ** નામે એક **બલભદ્ર** પુત્ર થયો, અને **મૃગાવતી** નામે મૃગલોચના પુત્રી થઈ. એક વખતે યૌવનવતી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને રૂપવતી એવી તે બાળા જ્યારે પિતાને પ્રણામ કરવાને ગઈ ત્યારે તેણીને પોતાના ઉત્સંગમાં બેસાડી. પછી તેણીની સાથે પોતે પાણિગ્રહણ કરવાનો ઉપાય વિચારીને તેને વિદાય કરી.

**રિપુપ્રતિશત્રુ** રાજાએ નગરના વૃદ્ધ જનોને બોલાવીને પૂછ્યું કે, 'આપણા સ્થાનમાં જે રત્ન ઉત્પન્ન થાય તે કોનું કહેવાય? તેનો નિર્ણય બતાવો.' તેઓએ કહ્યું કે, 'તે રત્ન તમારૂં કહેવાય.' એવી રીતે ત્રણવાર કહેવરાવી, રાજાએ **મૃગાવતીને** પરણવાને માટે રાજસભામાં તેડાવી. તે જોઈ નગરના લોકો લજ્જા પામ્યા. રાજા ગાંધર્વ વિધિથી **મૃગાવતી** પુત્રીને સ્વયમેવ પરણ્યો. તે જોઈ લજ્જા અને ક્રોધથી આકુલ થયેલી **ભદ્રાદેવી** રાજાને તજી દઈ **અચલ કુમારને** સાથે લઈને નગર બહાર નીકળી દક્ષિણ તરફ ચાલી. **અચલ** કુમારે ત્યાં **માહેશ્વરી** નામે નવી નગરી વસાવી. તેમાં પોતાની માતાને રાખી, અને પોતે પિતાની પાસે ગયો, તેનો પિતા (રિપુપ્રતિશત્રુ) પોતાનીજ પુત્રીરૂપ પ્રજાનો પતિ થયો તેથી બધા લોકો તેને **પ્રજાપતિ** એવે નામે બોલાવવા લાગ્યા. "કર્મની ગતિ બલવાન્ છે."

હવે **વિશ્વભૂતિનો** જીવ **મહાશુક્ર** દેવલોકમાંથી ચ્યવી સાત સ્વપ્નોએ જેનું વાસુદેવપણું સૂચવ્યું છે એવો તે **મૃગાવતીના** ઉદરમાં પુત્રપણે ઉત્પન્ન થયો. સમય આવતાં **મૃગાવતીએ** પ્રથમ [1] વાસુદેવને જન્મ આપ્યો. તેના પૃષ્ઠ ભાગમાં ત્રણ પાંસળીઓ હતી, તેથી તેનું **ત્રિપૃષ્ટ** એવું નામ પાડ્યું. તે એંશી ધનુષ્યની કાયાવાળો થઈ **અચલની** સાથે રમવા લાગ્યો. પછી સર્વ કળાઓનું અધ્યયન કરી અનુક્રમે યૌવન વયને પ્રાપ્ત થયો.

**વિશાખનંદીનો** જીવ અનેક ભવોમાં પરિભ્રમણ કરી **તુંગગિરિમાં કેશરીસિંહ થયો.** તે **શંખપુરના** પ્રદેશમાં ઉપદ્રવ કરવા લાગ્યો. તે સમયે **અશ્વગ્રીવ** નામના પ્રતિવાસુદેવે એક નિમિત્તિઆને પૂછ્યું કે, 'મારૂં મૃત્યુ કોનાથી થશે?' એટલે નિમિત્તિએ કહ્યું કે, 'જે તારા **ચંડવેગ** નામના દૂત ઉપર ધસારો કરશે અને તુંગગિરિ પર રહેલા **કેશરીસિંહને** જે એક લીલા માત્રમાં હણી નાખશે, તે તને મારનાર થશે.' પછી **અશ્વગ્રીવ** રાજાએ **શંખપુરમાં** શાળીના ક્ષેત્ર વવરાવ્યા અને તેની રક્ષાને માટે પોતાના તાબાના રાજાઓને વારા પ્રમાણે રહેવાની આજ્ઞા કરી. એકદા તેના સાંભળવામાં આવ્યું કે, 'પ્રજાપતિ રાજાને બે પરાક્રમી પુત્રો છે.' તેથી કોઈ પ્રકારના સ્વાર્થને માટે તેની પાસે તેણે પોતાના **ચંડવેગ** દૂતને મોકલ્યો. રાજા **પ્રજાપતિ** પોતાની સભામાં બેસીને સંગીત કરાવતો હતો, ત્યાં પોતાના સ્વામીના બળથી ઉન્મત્ત થયેલો **ચંડવેગ** દૂત અકસ્માત્ આવી પહોંચ્યો. જેમ આગમોનું અધ્યયન કરતાં અકાળે વિજળી થાય અને વિઘ્ન આવી પડે તેમ તે સંગીતમાં વિઘ્ન રૂપ થયો અને તત્કાળ રાજા ઊભો થયો. બે કુમારોએ મંત્રીને પૂછ્યું કે, 'આ કોણ છે?' એટલે મંત્રી બોલ્યો, 'આ દૂત મહા પરાક્રમી **અશ્વગ્રીવ** રાજાના પ્રધાનરૂપ છે.'

---

૧ આ ચોવીશીમાં આ ભરતક્ષેત્રમાં થયેલા નવ વાસુદેવોમાં પહેલો.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પછી **અચલ** અને **ત્રિપૃષ્ટે** પોતાના પુરુષોને આજ્ઞા કરી કે, 'જ્યારે આ દૂત અહીંથી જાય ત્યારે અમોને જણાવજો.' **પ્રજાપતિ** રાજાએ તે દૂતને કેટલાક દિવસ રોકી સત્કાર કરીને વિદાય કર્યો, એટલે તે ત્યાંથી ચાલ્યો. તેના ખબર કુમારના માણુસોએ આવીને કુમારને આપ્યા. કુમારો તેને અર્ધે માર્ગે આડા ફર્યા અને પોતાના સુભટો પાસે તેને સારી પેઠે માર મરાવ્યો. તે વખતે તેના સહાયકારી સુભટો સાથે હતા તે કાકપક્ષીની જેમ ત્યાંથી તત્કાળ પલાયન કરી ગયા. તે ખબર **પ્રજાપતિ** રાજાને પડયા એટલે તેણે **ચંડવેગને** પાછો પોતાની પાસે બોલાવ્યો અને અધિક સત્કાર કરીને કહ્યું કે, 'હે **ચંડવેગ!** આ મારા કુમારનો અવિનય આપણા સ્વામી **અશ્વગ્રીવને** કહેશો નહીં. કારણ કે અજ્ઞાનથી થયેલા દુર્વિનયવડે મહાશય પુરુષો કોપ કરતા નથી.' દૂત 'બહુ સારું' એમ કહી ત્યાંથી ચાલ્યો. પણ જે તેની સાથે સુભટો હતા, તેઓએ આગળથી જઈને **અશ્વગ્રીવ** રાજાને આ સર્વ વૃત્તાંત જણાવી દીધો. '**અશ્વગ્રીવે** તે વાર્તા જાણી છે' એમ સમજવામાં આવવાથી અસત્ય બોલવાથી ભય પામેલા **ચંડવેગે** પણ પોતાની ઉપર જે ઉપદ્રવ થયો હતો, તેની વાર્તા યથાર્થ રીતે કહી બતાવી.

પછી **અશ્વગ્રીવે** બીજા માણુસને સમજાવી **પ્રજાપતિ** રાજા પાસે મોકલીને કહેવરાવ્યું કે, 'તમે **તુંગગિરિ** જઈને સિંહથી શાળીના ક્ષેત્રની રક્ષા કરો. આવી **અશ્વગ્રીવ** રાજાની આજ્ઞા છે.' તે સાંભળી **પ્રજાપતિ** રાજાએ પોતાના કુમારોને કહ્યું કે, 'તમે આપણા સ્વામી **અશ્વગ્રીવને** કોપાવ્યો તેથી તેણે વારા વગર પણ સિંહથી શાળીક્ષેત્રની રક્ષા કરવાની આજ્ઞા કરી.' આ પ્રમાણે કહીને **પ્રજાપતિરાજાએ** ત્યાં જવા તૈયારી કરી, એટલે બંને કુમારો તેને નિવારી સિંહના યુદ્ધમાં કૌતુકી થઈ પોતે જ **શંખપુર** તરફ ચાલ્યા. **ત્રિપૃષ્ટે** ત્યાં પહોંચ્યા પછી તે શાળીક્ષેત્રના રક્ષક ગોપલોકોને પૂછયું કે, 'બીજા રાજાઓ અહીં આવે છે તે આ સિંહથી કેવી રીતે રક્ષા કરે છે? અને તેટલીવાર સુધી કયાં રહે છે?' **ગોપલોકો** બોલ્યા—'બીજા રાજાઓ પ્રત્યેક વર્ષે વારેવારે આવે છે તે જ્યાં સુધી આ શાળી લણી લેવાય ત્યાં સુધી ચતુરંગ સેનાનો શાળીક્ષેત્ર ફરતો કિલ્લો કરીને તેની રક્ષા કરે છે.' ત્રિપૃષ્ટે કહ્યું કે, 'એટલીવાર સુધી અહીં કોણ ખોટી થાય, માટે મને તે સિંહ બતાવો કે જેથી હું એકલો જ તેને મારી નાખું.' પછી તેઓએ **તુંગગિરિની** ગુહામાં રહેલા સિંહને બતાવ્યો, **રામ** અને **વાસુદેવ** અશ્વરથમાં બેસીને તે ગુહા પાસે આવ્યા. એટલે તે ગુહાની પાસે લોકોએ કોલાહલ કર્યો. તે સાંભળી બગાસાંથી મુખને ફાડતો **કેશરીસિંહ** બહાર નીકળ્યો. તેને જોઈ 'આ સિંહ **પેદલ** છે અને હું **રથી** છું, માટે અમારા બંનેનું **યુદ્ધ** સમાન કહેવાય નહીં.' એમ ધારી **ત્રિપૃષ્ટ** હાથમાં ઢાલ તરવાર લઈને રથમાંથી નીચે ઉતરી પડયો. વળી ફરીવાર વિચાર્યું કે, 'આ સિંહને દાઢ અને નખ માત્રજ શસ્ત્ર રૂપ છે અને મારી પાસે તો ઢાલ તરવાર છે, તેથી એ પણ ઉચિત નથી.' એવું ધારી ત્રિપૃષ્ટે ઢાલ તરવાર પણ છોડી દીધા. તે જોઈને તે કેશરીને જાતિસ્મરણ થયું. તેથી તેણે ચિંતવ્યું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કે, 'પ્રથમ તો આ પુરૂષ એકલો મારી ગુહા પાસે આવ્યો તે ધીઠપણું, બીજું રથમાંથી નીચે ઉતર્યો તે ધીઠપણું અને ત્રીજું શસ્ત્ર છોડી દીધાં તે ધીઠપણું, માટે મદાંધ હાથીની જેમ અતિ દુર્મદ એવા આ **ત્રિપૃષ્ટને** હું મારી નાંખું.' આમ વિચારી મુખ ફાડીને એ સિંહ ફાળ ભરી **ત્રિપૃષ્ટ** ઉપર કુદી પડયો. એટલે **ત્રિપૃષ્ટે** એક હાથે ઉપરનો અને બીજે હાથે નીચેનો હોઠ પકડીને જીર્ણ વસ્ત્રની જેમ તેને ફાડી નાખ્યો. તત્કાળ દેવતાઓએ વાસુદેવ ઉપર પુષ્પ, આભરણ અને વસ્ત્રોની વૃષ્ટિ કરી. લોકો વિસ્મય પામી 'સાધુ, સાધુ' એવા શબ્દો કહેતા સ્તુતિ કરવા લાગ્યા. તે વખતે 'અહો! આ નાના બાળક જેવા કુમારે મને આજે કેમ-માર્યો?' એવા અમર્ષથી તે સિંહ બે ભાગે થયો છતો પણ ધ્રુજવા લાગ્યો. એટલે ચરમ તીર્થંકરના જીવ તે વાસુદેવનો **સારથિ ગૌતમ ગણધરનો** જીવ હતો તેણે સ્ફુરણાયમાન થતા સિંહ પ્રત્યે કહ્યું-'અરે સિંહ! જેમ તું પશુઓમાં સિંહ છું, તેમ આ **ત્રિપૃષ્ટ** મનુષ્યોમાં સિંહ છે, તેણે તને માર્યો છે તેથી તું વૃથા અપમાન શા માટે માને છે? કેમકે કોઈ હીન પુરૂષે તને માર્યો નથી.' આ પ્રમાણે અમૃત જેવી તે **સારથિની** વાણી સાંભળી પ્રસન્ન થઈને તે સિંહ મૃત્યુ પામ્યો. અને ચોથી નરકમાં નારકીપણે ઉત્પન્ન થયો. તેનું ચર્મ લઈ બંને કુમાર પોતાના નગર તરફ ચાલ્યા અને પેલા ગામડીઆ લોકોને કહ્યું કે 'તમે આ ખબર **અશ્વગ્રીવને** આપો અને કહો કે, હવે તું ઇચ્છા પ્રમાણે શાળી ખા અને વિશ્વાસં ધરીને રહે. કારણ કે, તારા હૃદયમાં શલ્યરૂપ જે **કેશરી** હતો તેને મારી નાંખ્યો છે.' આ પ્રમાણે કહી તે બંને કુમારો **પોતનપુર** ગયા અને પેલા ગ્રામ્ય લોકોએ તે વૃત્તાંત **અશ્વગ્રીવને** જણાવ્યો.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**અશ્વગ્રીવ** રાજા હવે ત્રિપૃષ્ટથી શંકા પામવા લાગ્યો. એટલે કપટ વડે તેઓને મારી નાંખવાની ઇચ્છાથી તેણે એક દૂતને સમજાવીને **પ્રજાપતિ** રાજા પાસે મોકલ્યો. તે દૂત ત્યાં જઈને બોલ્યો કે, 'રાજન્! તમારા બે પુત્રોને **અશ્વગ્રીવ** પાસે મોકલો. અમારા સ્વામી તે બંનેને જુદું જુદું રાજ આપશે.' **પ્રજાપતિ** બોલ્યો-'હે સુંદર દૂત! મારા કુમારોની શી જરૂર છે? હું પોતે જ સ્વામી પાસે આવીશ.' દૂતે પુનઃ કહ્યું કે, 'જો તમે કુમારોને ન મોકલો, તો યુદ્ધ કરવાને સજ્જ થજો, પછી કહ્યું નહોતું એમ કહેશો નહિ.' આ પ્રમાણે કહેતા તે દૂત ઉપર કુમારોએ ક્રોધવડે ધસારો કરીને તેને ક્ષણવારમાં નગરની બહાર કાઢી મૂકયો. દૂતે આવીને તે વાર્ત્તા **અશ્વગ્રીવને** કહી સંભળાવી. એટલે **અશ્વગ્રીવ** કોપથી અગ્નિની જેમ પ્રજ્વલિત થયો.

**હયગ્રીવ** રાજા અને **ત્રિપૃષ્ટ** તથા **અચલ** યુદ્ધની ઇચ્છાથી પોતપોતાના સૈન્યને લઈને રથાવર્ત્તગિરિ પાસે આવ્યા. સંવર્ત્તમેઘની જેમ પરસ્પર અથડાતા બંને પક્ષના સૈનિકો માંહોમાંહી યુદ્ધ કરવા લાગ્યા.. જ્યારે સૈનિકોનો ક્ષય થવા આવ્યો ત્યારે **અશ્વગ્રીવ** અને



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્રિપૃષ્ટ બંને સૈન્યના યુદ્ધને અટકાવીને પોતેજ રથી થઈ યુદ્ધ કરવા લાગ્યા. **અશ્વગ્રીવના** સર્વ અસ્રો નિષ્ફલ થતાં તેણે શત્રુની ગ્રીવાને છેદવામાં લંપટ એવું ચક્ર ત્રિપૃષ્ટની ઉપર મૂકયું. તે વખતે લોકોએ હાહાકાર કર્યો. તે ચક્ર જેમ **અષ્ટાપદ** જનાવર પર્વતના શિખર ઉપર પડે તેમ તુંબ ભાગથી **ત્રિપૃષ્ટના** ઉરસ્થળપર પડયું. પછી વીરશ્રેષ્ટ ત્રિપૃષ્ટે તે ચક્ર હાથમાં લઈ તેના વડે કમળનાળની જેમ લીલામાત્રમાં **અશ્વગ્રીવના** કંઠને છેદી નાખ્યો.

તે વખતે 'આ **અચલ** અને **ત્રિપૃષ્ટ** પહેલા **બલભદ્ર** અને **વાસુદેવ** છે' એવી દેવતાઓએ પુષ્પવૃષ્ટિ પૂર્વક આઘોષણા કરી. તત્કાળ સર્વ રાજાઓએ આવીને તેમને પ્રણામ કર્યો. પછી તે બંને વીરોએ પોતાના પરાક્રમથી દક્ષિણ **ભરતાર્દ્ધને** સાધી લીધું. તે પ્રથમ વાસુદેવે પોતાની ભુજાવડે કોટિશિલાને ઉપાડીને છત્રની જેમ લીલામાત્રમાં મસ્તક સુધી ઉંચી કરી. પછી સર્વ ભૂચક્રને પરાક્રમથી દબાવીને તે **પોતનપુર** ગયા. ત્યાં દેવતાઓએ અને રાજાઓએ તેમને અર્ધચક્રીપણાનો અભિષેક કર્યો. જે જે રત્નવસ્તુ તેનાથી દૂર હતી, તે સર્વ ત્રિપૃષ્ટ પાસે આવીને તેને આશ્રિત થઈ. તેમાં ગાયકોમાં રત્નરૂપ કેટલાક મધુર સ્વરવાળા ગાયકો પણ ત્રિપૃષ્ટની પાસે આવ્યા. એક વખતે તે ગાયકો ગાતા હતા અને વાસુદેવ શયન કરતા હતા, તે વખતે તેમણે પોતાના શય્યાપાળને આજ્ઞા કરી કે, 'આ ગાયકો ગાય છે તેઓને મારા ઉંઘી ગયા પછી રજા આપવી.' શય્યાપાળે 'બહુ સારું' એમ કહ્યું. પછી ત્રિપૃષ્ટને તો નિદ્રા આવી ગઈ, પણ તે ગાયકોના મધુર ગાયનમાં લુબ્ધ થયેલા શય્યાપાળે તે ગાયકોને વિદાય કર્યા નહિ. એમ કરતાં પ્રાતઃકાળ થવા આવ્યો એટલે **વાસુદેવ** ઊઠયા. તેમણે ગાયકોને ગાતાં જોઈ શય્યાપાળને કહ્યું કે, 'તેં આ ગાયકોને કેમ વિદાય કર્યા નહીં?' તે બોલ્યો—'સ્વામી! ગાયનના લોભથી.' આવો ઉત્તર સાંભળી વાસુદેવને કોપ ચડયો. તેથી પ્રાતઃકાળે તેના કાનમાં તપાવેલું સીસું રેડાવ્યું. તેથી તે શય્યાપાળ મરણ પામ્યો. તે કૃત્યથી ત્રિપૃષ્ટે અશાતા વેદનીય કર્મ નિકાચિત બાંધ્યું. તે શિવાય તે ભવમાં પ્રભુપણાને લીધે તેણે બીજું પણ ઘણું મહા માઠા પરિણામવાળું ઉગ્ર કર્મ બાંધ્યું. એ **પ્રજાપતિ** રાજાના પુત્ર ત્રિપૃષ્ટે હિંસાદિકમાં અવિરતપણે અને મહા આરંભ તથા પરિગ્રહમાં તત્પરપણે ચોરાશી લાખ વર્ષ નિર્ગમન કર્યા. ત્યાંથી મૃત્યુ પામીને તે સાતમી નરકમાં નારકી થયો અને તેના વિયોગથી **અચલ બળદેવ** દીક્ષા લઈ મૃત્યુ પામીને મોક્ષે ગયા.

ત્રિપૃષ્ટનો જીવ નરકમાંથી નીકળીને **કેશરીસિંહ** થયો. તે મૃત્યુ પામી ચોથી નરકે ગયો. તેવી રીતે તે તિર્યંચ અને મનુષ્યાદિગતિમાં ઘણા ભવ ભમ્યો. પછી મનુષ્ય જન્મ પામીને તેણે શુભ કર્મ ઉપાર્જન કર્યું, તેથી તે અપરવિદેહમાં **મૂકાનગરીને** વિષે **ધનંજય** રાજાની **ધારિણી** નામની રાણીની કુક્ષીમાં પુત્રપણે ઉત્પન્ન થયો. ચૌદ સ્વપ્નોએ જેની ચક્રવર્તીપણાની સમૃદ્ધિ જણાવી છે એવા સંપૂર્ણ લક્ષણવાળા તે પુત્રને ધારિણીએ યોગ્ય સમયે જન્મ આપ્યો. માતાપિતાએ તેનું **પ્રિયમિત્ર** એવું નામ પાડયું. માતાપિતાના

જૈન સાઈટ JAINSITE

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

મનોરથની સાથે તે અનુક્રમે મોટો થયો. સંસારથી નિર્વેદ પામેલા ધનંજય રાજાએ પ્રિયમિત્રને રાજ્યપર બેસારીને દીક્ષા લીધી. પ્રિયાની જેમ ભૂમિને પાળતા પ્રિયમિત્ર રાજાને અનુક્રમે ચૌદ મહારત્નો ઉત્પન્ન થયા. પછી ચક્રના માર્ગને અનુસરીને ષટ્ખંડ વિજય કરવા ચાલ્યા.

પ્રથમ પૂર્વાભિમુખ ચાલી **માગધ**તીર્થે આવ્યા. ત્યાં અષ્ટમ તપ કરી ચતુરંગ સેના સહિત પડાવ કર્યો. અષ્ટમને અંતે રથારૂઢ થઈ, થોડે દૂર જઈને તેણે ધનુષ્ય હાથમાં લીધું. પછી એ મહાભુજે માગધતીર્થકુમાર દેવને ઉદ્દેશીને પોતાના નામથી અંકિત ગરૂડના જેવું એક બાણ તેના તરફ ફેંક્યું. તે બાણ આકાશમાં બાર યોજન પર્યંત જઈને માગધદેવની આગળ ઉત્પાત વજ્રની જેમ પડ્યું. તે વખતે ‘મરવાને ઇચ્છતા એવા કોણે આ બાણ નાંખ્યું ?’ એમ ચિંતવતા માગધદેવે કોપથી ઊઠીને તે બાણ હાથમાં લીધું. એટલે તેની ઉપર ચક્રવર્ત્તીના નામના અક્ષરની શ્રેણી જોઈને તે ક્ષણવારમાં શાંત થઈ ગયો. પછી કેટલીક ભેટો લઈને તે પ્રિયમિત્ર ચક્રીની પાસે આવ્યો. અને ‘હું તમારો આજ્ઞાધારી છું’ એમ બોલતો આકાશમાં ઉભો રહ્યો. ઉપાય જાણનારા તેણે વિવિધ ભેટોથી ચક્રવર્ત્તીની પૂજા કરી. ચક્રવર્ત્તીએ તેનો સત્કાર કરીને વિદાય કર્યો અને પોતે પાછા વળીને પારણું કર્યું. તેમજ તે **માગધ**દેવને નિમિત્તે ત્યાં અઠ્ઠાઈ ઉત્સવ કર્યો. પછી કર્ક રાશિના સૂર્યની જેમ ચક્રવર્ત્તી દક્ષિણ દિશા તરફ ગયા. ત્યાં **વરદામ** નામના દેવને પૂર્વની જેમ સાધી લીધો. ત્યાંથી પશ્ચિમ તરફ જઈ **પ્રભાસ**પતિને સાધ્યો. પછી સિંધુ નદી સમિપે ગયા. ત્યાં જેમણે અષ્ટમતપ કર્યું છે એવા ચક્રવર્ત્તી પાસે સિંધુદેવીએ પ્રત્યક્ષ થઈને બે દિવ્ય રત્નમય ભદ્રાસનો અને દિવ્ય આભૂષણો આપ્યા. તે દેવીને વિદાય કરીને ચક્રના માર્ગને અનુસરતા ચક્રી **વૈતાઢ્ય**ગિરિ પાસે આવ્યા. ત્યાં અષ્ટમ કરીને **વૈતાઢ્યાદ્રી**કુમાર નામના દેવને સાધી લીધો. પછી **તમિસ્રા** ગુહા સમીપે જઈ અષ્ટમ તપ કર્યું. એટલે ત્યાં રહેલા **કૃતમાળ** દેવે સ્ત્રીરત્નને યોગ્ય એવાં બીજાં આભૂષણો આપ્યા. સેનાપતિએ ચક્રીની આજ્ઞાથી ચર્મરત્નવડે સિંધુ નદી ઉતરીને લીલામાત્રમાં તેનું પ્રથમ નિષ્કૂટ સાધી લીધું. ત્યાંથી પાછા આવી ચક્રીની આજ્ઞાથી અષ્ટમતપ કરીને દંડરત્નના ઘાતવડે તેણે તમિસ્રાનું દ્વાર ઉઘાડ્યું. પછી ચક્રવર્ત્તી ગજરત્નપર આરૂઢ થઈ, તેના દક્ષિણ કુંભસ્થળ ઉપર પ્રકાશને અર્થે મણિરત્ન મૂકીને તમિસ્રા ગુહામાં પેઠા. ત્યાં કાકણી રત્નથી ગુહાની બંને બાજુએ પ્રકાશને માટે સૂર્યમંડલ જેવા માંડલા કરતા ચક્રવર્ત્તી ચક્રને અનુસરતા ચાલ્યા. પછી ઉન્મગ્ના અને નિમગ્ના નદીપર પાજ બંધાવી. તેનાવડે તે નદી ઉતરીને પોતાની મેળે ઉઘડી ગયેલા તે ગુફાના ઉત્તરદ્વારથી ચક્રી બહાર નીકળ્યા. ત્યાં ચક્રવર્ત્તીએ આપાત જાતિના કિરાત લોકોને જીતી લીધા. અને સેનાપતિ પાસે ગંગા નદીનું પ્રથમ નિષ્કૂટ સધાવ્યું. પોતે અષ્ટમભક્ત કરીને ગંગાદેવીને સાધી. પછી ગુફાના અધિષ્ઠાયક દેવને સાધીને સેનાપતિ પાસે સિંધુનું બીજું નિષ્કૂટ સધાવી ચક્રને અનુસરી ત્યાંથી પાછા ફરી વૈતાઢ્યગિરિ પાસે આવ્યા. ત્યાં વૈતાઢ્ય ઉપરની બંને શ્રેણીના વિદ્યાધરોને વશ કરી લીધા. પછી ખંડપ્રપાતા ગુફાના અધિ-

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ષ્ટાયક દેવને સાધી સેનાપતિ પાસે ગુહાના કમાડ ઉઘડાવીને ચક્રી સૈન્ય સહિત વૈતાઢ્યગિરિની બહાર નીકળ્યા. પછી **પ્રિયમિત્ર** ચક્રવત્તીએ અષ્ટમ તપ કર્યો, જેથી નૈસર્પ વિગેરે નવનિધિ તેને વશ થયા. પછી સેનાપતિ પાસે ગંગાનું બીજું નિષ્કૂટ સધાવી છ ખંડનો વિજય કરી પ્રિયમિત્ર ચક્રવત્તી **મૂકા** નગરીએ આવ્યા. ત્યાં દેવતાઓએ અને રાજાઓએ મળીને બાર વર્ષના મહોત્સવપૂર્વક તેમના ચક્રવત્તીપણાનો અભિષેક કર્યો. પછી એ રાજા નીતિથી પૃથ્વીનું પાલન કરવા લાગ્યો.

એક વખત મૂકાનગરીના ઉદ્યાનમાં **પોટ્ટિલ** નામના આચાર્ય સમોસર્યા. તેમની પાસેથી ધર્મ સાંભળી પુત્રને રાજ્યપર બેસારીને તેમણે દીક્ષા લીધી, અને કોટી વર્ષ સુધી ઉત્કૃષ્ટ તપ કર્યું. પછી એકંદર ચોરાશી લાખ પૂર્વનું આયુષ્ય પૂર્ણ કરી મૃત્યુ પામીને **મહાશુક્ર દેવલોકે સર્વાર્થ** નામના વિમાનને વિષે દેવતા થયા.

મહાશુક્ર દેવલોકથી ચ્યવી ભરતખંડને વિષે **છત્રા** નામની નગરીમાં **જિતશત્રુ** રાજાની **ભદ્રા** નામની રાણીથી **નંદન** નામે પુત્ર થયો. તે યૌવનવાન્ થતાં રાજ્યપર બેસારીને જિતશત્રુ રાજાએ સંસારથી નિર્વેદ પામી દીક્ષા લીધી. લોકોને આનંદ ઉત્પન્ન કરનાર તે નંદનરાજા સમૃદ્ધિથી ઈંદ્રના જેવો થઈ યથાવિધિ પૃથ્વીપર રાજ્ય કરવા લાગ્યો. અનુક્રમે જન્મથી ચોવીશ લાખ વર્ષ વ્યતિક્રમાવી વિરક્ત થઈને તે નંદન રાજાએ **પોટ્ટિલાચાર્ય** પાસે દીક્ષા લીધી. નિરંતર માસોપવાસ કરવા વડે પોતાના શ્રામણ્યને ઉત્કૃષ્ટ સ્થિતિએ પહોંચાડતા નંદન-મુનિ ગુરૂની સાથે ગ્રામ, આકર અને પુર વિગેરેમાં વિહાર કરવા લાગ્યા. તે બંને પ્રકારના અપધ્યાન ( આર્ત્ત, રૌદ્ર )થી અને દ્વિવિધ બંધન ( રાગ દ્વેષ )થી વર્જિત હતા; પ્રકારના દંડ ( મન, વચન, કાય ), ત્રણ પ્રકારના ગૌરવ ( ઋદ્ધિ, રસ, શાતા ) અને ત્રણ જાતિના શલ્ય ( માયા, નિદાન, મિથ્યા દર્શન )થી રહિત હતા, ચાર કષાયને તેમણે ક્ષીણ કર્યા હતા, ચાર સંજ્ઞાથી વર્જિત હતા, ચાર પ્રકારની વિકથાથી રહિત હતા, ચતુર્વિધ ધર્મમાં પરાયણ હતા અને ચાર પ્રકારના ઉપસર્ગોથી પણ તેનો ઉદ્યમ અસ્ખલિત હતો; પંચવિધ મહાવ્રતમાં સદા ઉદ્યોગી હતા અને પંચવિધ કામ ( પાંચ ઇંદ્રિઓના વિષય )ના સદા દ્વેષી હતા, પ્રતિદિન પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં આસક્ત હતા, પાંચ પ્રકારની સમિતિને ધારણ કરતા હતા અને પાંચ ઈંદ્રિયોને જીતનારા હતા; ષડ્ જીવનિકાયના રક્ષક હતા, સાત ભયના સ્થાનથી વર્જિત હતા, આઠ મદના સ્થાનથી વિમુક્ત હતા, નવવિધ બ્રહ્મચર્યની ગુપ્તિને પાળતા હતા અને દશ પ્રકારના યતિધર્મને ધારણ કરતા હતા, સમ્યક્ પ્રકારે એકાદશ અંગનું અધ્યયન કરતા હતા, બાર પ્રકારની યતિપ્રતિમાને વહન કરવાની રૂચિવાળા હતા; દુઃસહ એવી પરીષહની પરંપરાને તે સહન કરતા હતા અને તેઓને કોઇ પ્રકારની સ્પૃહા નહોતી. આવા તે નંદન મુનિએ એક લાખ વર્ષ સુધી તપ કર્યું. એ મહા તપસ્વી મુનિએ અર્હંત ભક્તિ વિગેરે વીશ સ્થાનકોના આરાધનથી દુઃખે મેળવી શકાય તેવું તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એવી રીતે મૂળથીજ નિષ્કલંક એવા સાધુપણાને આચરીને આયુષ્યને અંતે તેમણે આ પ્રમાણે આરાધના કરી.

"કાળ અને વિનય વિગેરે જે આઠ પ્રકારનો જ્ઞાનાચાર કહેલો છે, તેમાં મને જો કોઈ પણ અતિચાર લાગ્યો હોય તો તેને મન, વચન, કાયાથી હું નિંદુ છું. નિઃશંકિત વિગેરે જે આઠ પ્રકારનો દર્શનાચાર કહ્યો છે, તેમાં જો કોઈ પણ અતિચાર થયો હોય તો તેને હું મન, વચન, કાયાએ કરી વોસરાવું છું. લોભથી કે મોહથી મેં પ્રાણીઓની સૂક્ષ્મ કે બાદર જે હિંસા કરી હોય તેને મન, વચન, કાયાથી વોસરાવું છું. હાસ્ય, ભય, ક્રોધ અને લોભ વિગેરેથી મેં જે મૃષા ભાષણ કર્યું હોય તે સર્વ નિંદુ છું અને તેનું પ્રાયશ્ચિત્ત આચરૂં છું. રાગ દ્વેષથી થોડું કે ઘણું જે કાંઈ અદત્ત પરદ્રવ્ય લીધું હોય તે સર્વને વોસરાવું છું. પૂર્વે મેં તિર્યંચ સંબંધી, મનુષ્ય સંબંધી કે દેવ સંબંધી મૈથુન મનથી, વચનથી કે કાયાથી સેવ્યું હોય તે ત્રિવિધે ત્રિવિધે વોસરાવું છું. લોભના દોષથી ધન ધાન્ય અને પશુ વિગેરે બહુ પ્રકારનો પરિગ્રહ મેં પૂર્વે ધારણ કર્યો હોય તેને મન, વચન, કાયાથી વોસરાવું છું. પુત્ર, સ્ત્રી, મિત્ર, ધન, ધાન્ય, ગૃહ અને બીજા જે કોઈ પદાર્થમાં મને મમતા રહેલી હોય તે સર્વને હું વોસરાવું છું. ઈંદ્રિયોથી પરભવ પામીને મેં રાત્રે ચતુર્વિધ આહાર કર્યો હોય તેને પણ હું મન, વચન અને કાયાથી નિંદુ છું. ક્રોધ, લોભ, રાગ, દ્વેષ, કલહ, પિશુનતા[1], પરનિંદા. અભ્યાખ્યાન[2] અને બીજું જે કાંઈ ચારિત્રાચાર વિષે દુષ્ટ આચરણ કર્યું હોય તેને હું મન, વચન, કાયાથી વોસરાવું છું. બાહ્ય કે અભ્યંતર તપસ્યા કરતાં મને મન, વચન, કાયાથી જે અતિચાર લાગ્યો હોય તેને હું મન, વચન, કાયાએ નિંદુ છું. ધર્મના અનુષ્ઠાનમાં મેં જે કાંઈ વીર્ય ગોપવ્યું હોય તે વીર્યાચારના અતિચારને પણ હું મન, વચન; કાયાએ કરી નિંદુ છું. મેં કોઈને માર્યો હોય, દુષ્ટ વચન કહ્યાં હોય, કોઇનું કાંઇ હરી લીધું હોય અથવા કાંઇ અપકાર કર્યો હોય તો તે સર્વે મારાપર ક્ષમા કરજો. જે કોઈ મારા મિત્ર કે શત્રુ, સ્વજન કે પરજન હોય તે સર્વ મને ક્ષમા કરજો, હું હવે સર્વમાં સમાન બુદ્ધિવાળો છું. તિર્યંચપણામાં જે તિર્યંચો, નારકીપણામાં જે નારકીઓ, દેવપણામાં જે દેવતાઓ અને મનુષ્યપણામાં જે મનુષ્યોને મેં દુઃખી કર્યા હોય તેઓ સર્વ મને ક્ષમા કરજો, હું તેમને ખમાવું છું, અને હવે મારે તે સર્વની સાથે મૈત્રી છે. જીવિત, યૌવન, લક્ષ્મી, રૂપ અને પ્રિય સમાગમ–એ સર્વે વાયુએ નચાવેલા સમુદ્રના તરંગની જેવા ચપલ છે. વ્યાધિ, જન્મ, જરા, અને મૃત્યુથી ગ્રસ્ત થયેલા પ્રાણીઓને શ્રી જિનોદિત ધર્મ વિના આ સંસારમાં બીજું કોઈ શરણ નથી. સર્વે જીવો સ્વજન પણ થયેલા છે અને પરજન પણ થયેલા છે તો તેમાં કોણ કિંચિત્ પણ પ્રતિબંધ કરે? પ્રાણી એકલોજ જન્મે છે, એકલોજ મૃત્યુ પામે છે, એકલોજ સુખને અનુભવે છે અને એકલોજ દુઃખને અનુભવે છે. પ્રથમ તો આત્માથી આ શરીર અન્ય છે, ધન ધાન્યાદિક પણ અન્ય છે, બંધુઓ પણ

૧ ચાડી ખાવી. ૨ અછતું આળ દેવું

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

અન્ય છે, અને તે દેહ, ધન, ધાન્ય તથા બંધુઓથી આ જીવ અન્ય (જુદો) છે, છતાં તેમાં મૂર્ખ જન વૃથા મોહ રાખે છે. ચરબી, રૂધિર, માંસ. અસ્થિ, ગ્રંથી, વિષ્ઠા અને મૂત્રથી પૂરાયેલા આ અશુચિના સ્થાનરૂપ શરીરમાં કયો બુદ્ધિમાન્ પુરૂષ મોહ રાખે? આ શરીર ભાડે રાખેલા ઘરની જેમ છેવટે અવશ્ય છોડી દેવાનું છે. અર્થાત્ તેનું ગમે તેટલું લાલન પાલન કર્યું હોય તો પણ તે નાશવંત છે. ધીર કે કાયર સર્વ પ્રાણીએ અવશ્ય મરવાનું તો છેજ, પરંતુ બુદ્ધિમાન્ પુરૂષે એવી રીતે મરવું કે જેથી પુનઃ મરવું પડે નહીં. મારે અર્હંત પ્રભુનું શરણુ હજો, સિદ્ધ ભગવંતનું શરણુ હજો, સાધુઓનું શરણુ હજો અને કેવળી ભગવંતે કહેલા ધર્મનું શરણુ હજો. મારે માતા શ્રી જિનધર્મ, પિતા ગુરૂ, સહોદર સાધુઓ અને સાધર્મી મારા બંધુઓ છે, તે શિવાય આ જગતમાં સર્વ જાળવત્ છે. શ્રી ઋષભદેવ વિગેરે આ ચોવીશીમાં થઈ ગયેલા તીર્થંકરોને અને બીજા ભરત, ઐરવત તથા મહાવિદેહ ક્ષેત્રના અર્હંતોને હું નમું છું. તીર્થંકરોને કરેલો નમસ્કાર પ્રાણીઓને સંસારના છેદને અર્થે અને બોધિના લાભને માટે થાય છે. હું સિદ્ધભગવંતોને નમસ્કાર કરૂં છું, કે જેઓએ ધ્યાનરૂપ અગ્નિથી હજારો ભવના કર્મરૂપ કાષ્ટોને બાળી નાખ્યા છે. પંચવિધ આચારને પાળનારા આચાર્યોને હું નમસ્કાર કરૂં છું. જેઓ સદા ભવચ્છેદમાં ઉદ્યત થઈ પ્રવચનને[1] ધારણ કરે છે. જેઓ સર્વ શ્રુતને ધારણ કરે છે અને શિષ્યોને ભણાવે છે, તે મહાત્મા ઉપાધ્યાયોને હું નમસ્કાર કરૂં છું. જે લાખો ભવમાં બાંધેલા પાપનો ક્ષણવારમાં નાશ કરે છે, એવા શીલવ્રતધારી સાધુઓને હું નમસ્કાર કરૂં છું, સાવદ્ય યોગ તથા બાહ્ય અને અભ્યંતર ઉપધિને[2] હું યાવજ્જીવ મન, વચન, કાયાથી વોસરાવું છું. હું યાવજ્જીવ ચતુર્વિધ આહારનો ત્યાગ કરૂં છું. અને ચરમ ઉચ્છ્વાસ સમયે દેહને પણ વોસરાવું છું.”

દુષ્કર્મની ગર્હણા, પ્રાણીઓની ક્ષામણા, શુભ ભાવના, ચતુઃશરણ, નમસ્કાર સ્મરણ, અને અનશન આ પ્રમાણે છ પ્રકારની આરાધના કરીને તે નંદન મુનિ પોતાના ધર્માચાર્યને, સાધુઓને અને સાધ્વીઓને ખમાવવા લાગ્યા. અનુક્રમે એ મહામુનિ સાઠ દિવસ સુધી અનશનવ્રત પાળી પચવીશ લાખ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી, મૃત્યુ પામીને **પ્રાણત** નામના દશમા દેવલોકમાં પુષ્પોત્તર નામના વિસ્તારવાળા વિમાનમાં ઉપપાદ શય્યામાં ઉત્પન્ન થયા. એક અંતર્મુહૂર્ત્તમાં તે મહર્દ્ધિક દેવ થઈ ગયા. પછી પોતાની ઉપર રહેલા દેવદૂષ્ય વસ્ત્રને દૂર કરી શય્યામાં બેસીને જોયું તો અકસ્માત્ પ્રાપ્ત થયેલ વિમાન, દેવસમૂહ અને મોટી સમૃદ્ધિ જોઈ તે વિસ્મય પામી ગયા. અને વિચારમાં પડ્યા કે, ‘આ બધુ કયા તપથી મને પ્રાપ્ત થયું છે?’ પછી અવધિજ્ઞાનથી જોતાં તેમને પોતાનો પૂર્વ ભવ અને વ્રત યાદ આવ્યા. તેથી તેમણે ચિત્તમાં ચિંતવ્યું કે, ‘અહો! અર્હદ્ધર્મનો કેવો પ્રભાવ છે!’ એ વખતે તેના સેવકભૂત સર્વ દેવતાઓ એકઠા થઈને ત્યાં આવ્યા. અને અંજલિ જોડી હર્ષથી તેમને આ પ્રમાણે કહેવા લાગ્યા—‘હે સ્વામી! હે જગતને આનંદકારી! હે જગતનું ભદ્ર

૧ જૈનશાસન. ૨ બાહ્ય ઉપધિ વસ્ત્ર પાત્રાદિ ઉપકરણો અને અભ્યંતર ઉપધિ વિષય કષાયાદિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરનાર ! તમે જય પામો, ચિરકાલ સુખે રહો, તમે અમારા સ્વામી છો, રક્ષક છો અને યશસ્વી છો. તમે વિજય પામો. આ તમારૂં વિમાન છે, અમે તમારા આજ્ઞાકારી દેવતાઓ છીએ, આ સુંદર ઉપવનો છે, આ સ્નાન કરવાની વાપિકાઓ છે, આ સિદ્ધાયતન છે, આ **સુધર્મા** નામે મહાસભા છે અને આ સ્નાનગૃહ છે. હવે તમે તે સ્નાનગૃહને અલંકૃત કરો કે જેથી અમે તમને અભિષેક કરીએ.' આ પ્રમાણે તે દેવતાઓના કહેવાથી તે દેવ સ્નાન-ગૃહમાં ગયા અને ત્યાં રહેલા ચરણપીઠવાળા સિંહાસનપર બીરાજ્યા. દેવતાઓએ હાથમાં કુંભ લઈ દિવ્ય જલવડે તેમને અભિષેક કર્યો. પછી કિંકર દેવતાઓ તેમને અલંકાર ગૃહમાં લઈ ગયા. ત્યાં તેમણે બે દેવદૂષ્ય વસ્ત્રો, અંગરાગ અને મુગટ વિગેરે દિવ્ય આભૂષણો ધારણ કર્યાં. પછી ત્યાંથી વ્યવસાયસભામાં ગયા, ત્યાં પોતાના કલ્પનું પુસ્તક વાંચ્યું. પછી પુષ્પાદિક પૂજાની સામગ્રી લઈ સિદ્ધાલયમાં ગયા. ત્યાં એકસો ને આઠ અર્હંતની પ્રતિમાઓને સ્નાત્ર કર્યું, અર્ચન, વંદન અને સ્તવના કરી, પછી પોતાની સુધર્મા સભામાં આવી સંગીત કરાવ્યું અને પોતાના તે વિમાનમાં રહીને યથારૂચિ ભોગ ભોગવવા લાગ્યા.

સમકિત ગુણરૂપ આભૂષણવાળા તે દેવ અર્હંતોના કલ્યાણકને સમયે મહાવિદેહાદિ ક્ષેત્રોમાં ગયા અને ત્યાં જિનેશ્વર ભગવંતને વંદના કરી. એવી રીતે અંત સમયે તો ઉલટા દરેક બાબતમાં વિશેષ શોભિત થયેલા એવા તે દેવે વીશ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કર્યું. બીજા દેવતાઓ છ માસનું આયુષ્ય અવશેષ રહે ત્યારે મોહ પામે છે, પરંતુ તીર્થંકર થનાર દેવતાઓ તો પુણ્યોદય અત્યંત નજિક આવેલ હોવાથી બીલકુલ મોહ પામતા નથી.

JAINSITE
जैनम् जयति शासनम्

इत्याचार्य श्री हेमचंद्र विरचिते त्रिषष्टि शलाका पुरुष चरिते महाकाव्ये
दशमपर्वणि श्री महावीर चरित पूर्वभव वर्णनो नाम
प्रथमः सर्गः ॥

# સર્ગ ૨ જો

## શ્રી મહાવીર જન્મ અને દીક્ષા મહોત્સવ

આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં બ્રાહ્મણકુંડ નામે એક બ્રાહ્મણ લોકોનું ગામ હતું. ત્યાં કોડાલસ નામના કુળમાં ઉત્પન્ન થયેલ ઋષભદત્ત નામે એક બ્રાહ્મણ રહેતો હતો, તેને દેવાનંદા નામે એક જાલંધર કુળની ભાર્યા હતી. આષાઢ માસની શુકલ ષષ્ઠીએ ચંદ્ર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હસ્તોત્તર ( ઉત્તરાષાઢ ) નક્ષત્રમાં આવતા **નંદન**મુનિનો જીવ દશમા દેવલોકમાંથી ચ્યવીને દેવાનંદાની કુક્ષિમાં અવતર્યો. તે વખતે સુખે સુતેલા દેવાનંદાએ ચૌદ મહાસ્વપ્ન અવલોકયા. પ્રાતઃકાળે તેણીએ તે પોતાના સ્વામીને જણાવ્યા. ઋષભદત્તે તે સંબંધી વિચાર કરીને કહ્યું કે, 'આ સ્વપ્નો જોવાથી તમારે ચાર વેદનો પારગામી અને પરમ નિષ્ઠાવાળો પુત્ર થશે, તેમાં જરા પણ સંશય નથી.' જાણે કલ્પવૃક્ષ આવ્યું હોય તેમ પ્રભુ જ્યારે દેવાનંદની કુક્ષિમાં આવ્યા ત્યારથી તે બ્રાહ્મણને મોટી સમૃદ્ધિ પ્રાપ્ત થઈ.

દેવાનંદાના ગર્ભમાં પ્રભુના આવ્યા પછી બ્યાશી દિવસ વ્યતિત થયા એટલે **સૌધર્મ** દેવલોકના ઈંદ્રનું સિંહાસન કંપાયમાન થયું. અવધિજ્ઞાનથી પ્રભુને દેવાનંદાના ગર્ભમાં આવેલા જાણી શક્રઇંદ્ર સિંહાસનથી ઊભા થઈ નમસ્કાર કરીને આ પ્રમાણે ચિંતવવા લાગ્યા કે–"ત્રણ જગતના ગુરૂ અર્હંત કદિ પણ તુચ્છ કુળમાં, દરિદ્ર કુળમાં કે ભિક્ષુક કુળમાં ઉત્પન્ન થતા નથી. પણ પુરુષમાં સિંહ સમાન તેઓ તો છીપમાં મોતીની જેમ ઈક્ષ્વાકુ વિગેરે ક્ષત્રીય વંશમાંજ ઉત્પન્ન થાય છે, આ પ્રભુ નીચ કુળમાં ઉત્પન્ન થયા તે તો અસંગત થયું છે; પરંતુ પ્રાચીન કર્મને અન્યથા કરવા અર્હંત પ્રભુ પણ સમર્થ નથી. એ પ્રભુએ મરિચિના જન્મમાં કુળમદ કર્યો હતો તેથી જે નીચ ગોત્ર કર્મ ઉપાર્જન કર્યું હતું તે હજુ પણ ઉપસ્થિત છે. પણ કર્મને વશ થઈ નીચ કુળમાં ઉત્પન્ન થયેલા અર્હંતોને કોઈ મહાકુળમાં લઈ જવા એ સર્વદા અમારો અધિકાર છે. ત્યારે હાલ **ભરતક્ષેત્રમાં** મોટા વંશમાં ઉત્પન્ન થયેલ રાજા અને રાણી કોણ છે? કે જેને ત્યાં–ડોલરના પુષ્પમાંથી કમલ-પુષ્પમાં ભ્રમરને લઈ જાય તેમ હું તેમને સંચાર કરાવું. અહો! મારા જાણવામાં આવ્યું, આ ભરતક્ષેત્રમાં મહીમંડલના મંડનરૂપ **ક્ષત્રીયકુંડ** નામે નગર છે, જે મારા નગરના જેવું સુંદર છે. તે વિવિધ ચૈત્યોનું સ્થળ છે, ધર્મનું તે એક કારણ છે, અન્યાયથી રહિત છે અને સાધુઓથી પવિત્ર છે. ત્યાંના રહેવાસી લોકો મૃગયા અને મદ્યપાન વિગેરે વ્યસનોથી અસ્પૃષ્ટ છે. તેથી તે શહેર તીર્થની જેમ ભરતક્ષેત્રમાં જીવોને પવિત્ર કરનારૂં છે. તે નગરમાં ઈક્ષ્વાકુ વંશમાં ઉત્પન્ન થયેલ **સિદ્ધાર્થ** નામે પ્રખ્યાત રાજા છે. જે ધર્મથી જ પોતાના આત્માને સદા સિદ્ધાર્થ માને છે. તે જીવાજીવાદિ તત્ત્વોને જાણનારો છે, ન્યાયમાર્ગનો મોટો વટેમાર્ગુ છે, પ્રજાને સન્માર્ગે સ્થાપન કરનાર છે, પિતાની જેમ પ્રજાનો હિતકામી છે, દિન, અનાથ વિગેરે લોકોનો ઉદ્ધાર કરવામાં બંધુરૂપ છે, શરણની ઇચ્છાવાળાને શરણ કરવા લાયક છે અને ક્ષત્રીયોમાં શિરોમણિ છે. તેને સતીજનમાં શ્રેષ્ઠ, અને જેના ગુણ અને આકૃતિ સ્તુતિ કરવા યોગ્ય છે એવી પુણ્યની ભૂમિરૂપ **ત્રિશલા** નામે મુખ્ય પટરાણી છે. સ્વભાવથી જ નિર્મળ અને ગુણરૂપ તરંગોવાળી તે દેવી સાંપ્રતકાળે ગંગા નદીની જેમ પૃથ્વીને પવિત્ર કરે છે. સ્રીજન્મની સાથે જ રહેનારી માયાથી પણ અકલંકિત અને સ્વભાવે સરલા એવી તે રામા પૃથ્વીપર કૃતાર્થ નામવાળી છે. તે દેવી હાલ દૈવયોગે ગર્ભિણી પણ છે, તેથી મારે તેના અને દેવાનંદાના ગર્ભને અદલબદલ કરવો યોગ્ય છે."

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રમાણે વિચાર કરી ઇંદ્રે પોતાના પાયદળ સેનાપતિ **નૈગમેષી** દેવને બોલાવી તેમ કરવાને સત્વર આજ્ઞા આપી. નૈગમેષી દેવે પણ તરતજ સ્વામીની આજ્ઞા પ્રમાણે દેવાનંદા અને ત્રિશલાના ગર્ભને અદલબદલ કર્યા. તે વખતે શય્યામાં સુતેલી દેવાનંદા બ્રાહ્મણીએ પૂર્વે જોયેલા ચૌદ મહા સ્વપ્નને પોતાના મુખમાંથી પાછા નીકળતા દીઠા, તેથી તે તરત બેઠી થઈ, પણ શરીરે નિર્બળ અને જ્વરથી જર્જરિત થઈ ગઈ અને છાતી કુટતી 'કોઈએ મારો ગર્ભ હરી લીધો' એમ વારંવાર પોકાર કરવા લાગી. આશ્વિન માસની કૃષ્ણ ત્રયોદશીએ ચંદ્ર હસ્તોત્તરા નક્ષત્રમાં આવતાં તે દેવે પ્રભુને **ત્રિશલાના** ગર્ભમાં સ્થાપિત કર્યા. તે વખતે ત્રિશલા દેવીએ હાથી, વૃષભ, સિંહ, અભિષેક થતી લક્ષ્મી; માલા, ચંદ્ર, સૂર્ય, મહાધ્વજ, પૂર્ણકુંભ, પદ્મ સરોવર, સમુદ્ર, વિમાન, રત્નરાશિ અને નિર્ધૂમ અગ્નિ–એ ચૌદ સ્વપ્નોને મુખમાં પ્રવેશ કરતા જોયા. પછી ઇંદ્રે, તેમના પતિ **સિદ્ધાર્થ** રાજાએ તેમજ સ્વપ્ન ફળના કહેનારા નિમિત્તિઆઓએ તે સ્વપ્નોનું ફળ તીર્થંકરના જન્મરૂપ કહ્યું. તે સાંભળી દેવી ઘણો હર્ષ પામ્યા. હર્ષ પામેલા દેવીએ અદ્ભૂત ગર્ભ ધારણ કર્યો. પછી ક્રીડાગૃહની ભૂમિઓમાં પણ તે પ્રમાદ રહિત વિહાર કરવા લાગી.

પ્રભુ ગર્ભમાં આવતાં **શક્ર** ઇંદ્રની આજ્ઞાથી **જૃંભક** દેવતાઓએ સિદ્ધાર્થ રાજાના ગૃહમાં વારંવાર ધનના સમૂહ લાવીને સ્થાપન કર્યાં. ગર્ભમાં અવતરેલા ભગવંતના પ્રભાવથી તેનું આખું કુળ ધન, ધાન્યની સમૃદ્ધિથી વૃદ્ધિ પામ્યું. જે રાજાઓ ગર્વથી પૂર્વે સિદ્ધાર્થ રાજાને નમતા નહોતા, તેઓ હાથમાં ભેટો લઈ પોતાની મેળે ત્યાં આવી આવીને નમવા લાગ્યા.

એકદા 'મારા ફરકવાથી (હાલવા ચાલવાથી) મારી માતાને વેદના ન થાઓ' એવું ધારીને પ્રભુ ગર્ભવાસમાં પણ યોગીની જેમ નિશ્ચળ રહ્યા. તે વખતે પ્રભુ માતાના ઉદરમાં સર્વ અંગના વ્યાપારને સંકોચીને એવી રીતે રહ્યા કે જેથી માતા ઉદરમાં ગર્ભ છે કે નહીં તે સમજી શકયા નહીં. તેથી ત્રિશલાને ચિંતા થઈ કે, 'શું મારો ગર્ભ ગળી ગયો, વા શું કોઈએ હરી લીધો, કે શું નાશ પામ્યો, કે સ્થંભિત થયો? જો એમાંથી કાંઈ પણ થયું હોય તો મારે હવે જીવવાનું કાંઈ કામ નથી. કારણ કે મૃત્યુનું દુઃખ સહન કરી શકાય તેમ છે, પણ આવા ગર્ભના વિયોગનું દુઃખ સહન કરી શકાય તેમ નથી.' આ પ્રમાણે આર્ત્તધ્યાન કરતા દેવી કેશ છુટા મૂકી, અંગરાગ છોડી દઈ અને કર ઉપર મુખકમલ રાખી રૂદન કરવા લાગ્યા. તેમ જ બધા આભૂષણો છોડી દીધા, નિઃશ્વાસથી અધરને વિધુર કરી દીધા, સખીઓ સાથે પણ મૌન ધરી રહ્યા અને સુવું કે જમવું તજી દીધું. આ ખબર જાણી સિદ્ધાર્થ રાજા ખેદ પામ્યા. તેમજ તેમના મોટા પુત્ર **નંદિવર્દ્ધન** અને પુત્રી **સુદર્શના** પણ ખેદ પામ્યા. તે અવસરે ત્રણ જ્ઞાનના ધારક પ્રભુએ જ્ઞાનવડે આ પ્રમાણે પોતાના માતાપિતાને દુઃખ ઉત્પન્ન થયેલ જાણીને ગર્ભજ્ઞાપન કરાવવાને માટે એક અંગુલિ ચલાયમાન



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરી. જેથી તરત 'મારો ગર્ભ હજુ અક્ષત છે' એમ જાણી દેવી હર્ષ પામ્યા અને ગર્ભસ્ફુરણની વાર્તા કહેવાથી રાજા સિદ્ધાર્થ પણ ઘણા ખુશી થયા. તે વખતે પ્રભુએ ચિંતવ્યું કે, 'અહો! હું હજી અદૃષ્ટ છું, તે છતાં મારા માતાપિતાનો મારા પર કેટલો સ્નેહ છે? તેથી જો તેઓના જીવતાં હું દીક્ષા લઈશ તો જરૂર સ્નેહના મોહથી આર્ત્તધ્યાનવડે ઘણું અશુભ કર્મ ઉપાર્જન કરશે, માટે માતાપિતાના જીવતાં હું દીક્ષા લઈશ નહીં.' આ પ્રમાણે પ્રભુએ સાતમે માસે અભિગ્રહ લીધો.

અનુક્રમે ગર્ભસ્થિતિ પૂર્ણ થયે જે વખતે સર્વ દિશાઓ પ્રસન્ન થઈ હતી, સર્વ ગ્રહો ઊચ્ચ સ્થાને આવ્યા હતા, પવન પૃથ્વીપર પ્રસરીને પ્રદક્ષિણ અને અનુકૂલ વાતો હતો, જગત બધું હર્ષથી પૂર્ણ થયું હતું અને જયકારી શુભ શકુનો થતા હતા; તે સમયે નવ માસ અને સાડા સાત દિવસ વ્યતિત થતાં ચૈત્ર માસની શુકલ ત્રયોદશીએ ચંદ્ર હસ્તોત્તરા નક્ષત્રમાં આવતાં **ત્રિશલા** દેવીએ સિંહના લાંછનવાળા, સુવર્ણ સમાન કાંતિવાળા અને અત્યંત સુંદર પુત્રને જન્મ આપ્યો. તે અવસરે **ભોગંકરા** વિગેરે છપ્પન દિક્કુમારીઓએ આવીને પ્રભુનું અને માતાનું સૂતિકા કર્મ કર્યું.[1]

**સૌધર્મ** ઇંદ્ર પણ આસન કંપથી પ્રભુનો જન્મ જાણી તત્કાળ પરિવાર સહિત સૂતિકાગૃહમાં આવ્યા. અર્હંતને અને તેમની માતાને દૂરથી પ્રણામ કરી નજીક આવીને તેણે દેવીપર અવસ્વાપનિકા નિદ્રા મૂકી. પછી દેવીની પડખે ભગવંતનું પ્રતિબિંબ મૂકી ભક્તિકર્મમાં અતૃપ્ત એવા ઈંદ્રે પોતાના શરીરના પાંચ રૂપ કર્યાં. એક રૂપે તેણે પ્રભુને પોતાના હાથમાં ઉપાડ્યા, બીજે રૂપે પ્રભુને માથે છત્ર ધર્યું, બે રૂપે પ્રભુની બંને બાજુ સુંદર ચામર ધારણ કર્યાં અને એક રૂપે વજ્ર ઉછાળતા અને નૃત્ય કરતા પ્રભુની આગળ ચાલ્યા. એ પ્રમાણે મેરૂગિરિપર જઈ અતિપાંડુકંબલા નામની શિલા ઉપર પ્રભુને ઉત્સંગમાં લઈને સિંહાસનપર બેઠા. તે વખતે બીજા ત્રેસઠ ઈંદ્રો પણ પ્રભુને સ્નાત્ર કરવા માટે ત્યાં આવ્યા. આભિયોગિક દેવતાઓ સ્નાત્રને માટે તીર્થનું જલ લઈ આવ્યા. તે અવસરે ભક્તિથી કોમળ ચિત્તવાળા શક્રને 'આટલો બધો જલનો સંભાર પ્રભુ શી રીતે સહન કરી શકશે' એમ શંકા ઉત્પન્ન થઈ. એટલે ઇંદ્રની આશંકા દૂર કરવા સારૂ પ્રભુએ લીલામાત્રે વામ ચરણના અંગુઠાથી મેરૂગિરિને દબાવ્યો. તેથી તત્કાળ જાણે પ્રભુને નમવાને માટે જ હોય તેમ મેરૂ પર્વતના શિખરો નમી ગયા, કુલગિરિઓ જાણે તેની નજીક આવતા હોય તેમ ચળાયમાન થયા, સમુદ્રો જાણે પ્રભુને સ્નાત્ર કરવાને ઇચ્છતા હોય તેમ ઘણું ઉછળવા લાગ્યા અને પૃથ્વી જાણે પ્રભુ પાસે નૃત્ય કરવાને ઉન્મુખ થઈ હોય તેમ સત્વર કંપવા લાગી. આ પ્રમાણે ઉત્પાત જોઈને 'આ શું થયું?' એમ ચિંતા કરતા ઈંદ્રે અવધિજ્ઞાને જોયું એટલે

---

૧ દિક્કુમારિકાઓએ કરેલ મહોત્સવનું વર્ણન પ્રથમ પર્વમાં ઋષભદેવના અધિકારમાં સવિસ્તર આપેલું હોવાથી અહીં આપ્યું નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે બધી પ્રભુના પરાક્રમની લીલા તેના જાણવામાં આવી. પછી ઈંદ્રે કહ્યું, 'હે નાથ! અસામાન્ય એવું તમારૂં માહાત્મ્ય મારા જેવો સામાન્ય પ્રાણી શી રીતે જાણી શકે? માટે મેં જે આવું વિપરીત ચિંતવ્યું, તે મારૂં દુષ્કૃત્ય મિથ્યા હજો.' આ પ્રમાણે કહી ઈંદ્રે પ્રભુને પ્રણામ કર્યો. પછી આનંદ સહિત અનેક પ્રકારના વાજિંત્રો વાગતે છતે ઇંદ્રોએ તીર્થના સુગંધી અને પવિત્ર જલવડે અભિષેક મહોત્સવ કર્યો. તે અભિષેકના જલને સુર, અસુર, મનુષ્યો અને નાગકુમારો વંદન કરવા લાગ્યા અને વારંવાર સર્વ પ્રાણીઓના અંગોપર છાંટવા લાગ્યા. પ્રભુના સ્નાત્રજળ સાથે મળેલી મૃત્તિકા પણ વંદન કરવા યોગ્ય થઈ પડી. કેમકે "ગુરૂના સંસર્ગથી લઘુની પણ ગૌરવતા થાય છે." પછી **સૌધર્મેંદ્ર** પ્રભુને **ઈશાન** ઈંદ્રના ઉત્સંગમાં આપી સ્નાન, અર્ચન અને આરાત્રિક કરી આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા—

"અર્હંત, ભગવંત, સ્વયંબુદ્ધ, વિધાતા અને પુરૂષોમાં ઉત્તમ એવા આદિકાર તીર્થંકર રૂપ તમને હું નમસ્કાર કરૂં છું. લોકમાં પ્રદીપરૂપ, લોકને પ્રદ્યોતના કરનારા, લોકમાં ઉત્તમ, લોકના અધીશ અને લોકના હિતકારી એવા તમને હું નમું છું. પુરૂષોમાં શ્રેષ્ઠ પુંડરીક કમળ રૂપ, સુખના આપવાવાળા, પુરૂષોમાં સિંહ સમાન અને પુરૂષોમાં મદગંધી ગજેંદ્ર રૂપ એવા તમને નમસ્કાર છે. ચક્ષુને અને અભયને આપનારા, બોધિદાયક, માર્ગદેશક, ધર્મદાયક, ધર્મદેશક અને શરણદાયક એવા તમને હું નમું છું. ધર્મના ચક્રવર્તી, છદ્મસ્થપણાને નિવૃત્ત કરનાર અને સમ્યગ્ દર્શન ધારી એવા તમને નમસ્કાર છે. જિન અને જાપક[૨], તરેલા અને તારનાર, કર્મથી મુક્ત અને મુકાવનાર, તથા બુદ્ધ અને બોધ કરનાર એવા તમને હું નમું છું. સર્વજ્ઞ, સર્વદર્શી, સર્વ અતિશયના પાત્ર અને આઠ કર્મનો નાશ કરનાર એવા હે સ્વામી! તમને નમસ્કાર છે. ક્ષેત્ર, પાત્ર, તીર્થ, પરમાત્મા, સ્યાદ્વાદવાદી, વીતરાગ અને મુનિ એવા તમને નમસ્કાર છે. પૂજ્યોના પણ પૂજ્ય, મહોટાથી પણ મોટા, આચાર્યોના પણ આચાર્ય અને જ્યેષ્ટના પણ જ્યેષ્ટ એવા તમને નમસ્કાર છે. વિશ્વને ઉત્પન્ન કરનાર, યોગીઓના નાથ અને યોગી, પવિત્ર કરનાર અને પવિત્ર, અનુત્તર અને ઉત્તર એવા તમને નમસ્કાર છે. પાપનું પ્રક્ષાલન કરનાર, યોગાચાર્ય, જેનાથી કોઈ બીજું વિશેષ ઉત્તમ નથી એવા, અગ્ર, વાચસ્પતિ અને મંગળ રૂપ તમને નમસ્કાર છે. સર્વ તરફથી ઉદિત થયેલા, એક વીર, સૂર્યરૂપ, અને, 'ॐ भूर्भुवः स्वः' એ વાણીથી સ્તુતિ કરવા યોગ્ય એવા તમને નમસ્કાર છે. સર્વ જનના હિતકારી, સર્વ અર્થના સાધનાર, અમૃતરૂપ, બ્રહ્મચર્યને ઉદિત કરનાર, આપ્ત અને પારંગત એવા તમને નમસ્કાર છે, દક્ષિણીય, નિર્વિકાર, દયાળુ અને વજ્રઋષભનારાચ શરીરના ધારણ કરનાર એવા તમને નમસ્કાર છે. ત્રિકાળના જાણનાર, જિનેંદ્ર, સ્વયંભૂ, જ્ઞાન, બળ, વીર્ય, તેજ, શક્તિ અને ઐશ્વર્યમય એવા તમને નમસ્કાર છે.

---

૨ રાગ દ્વેષ જીતેલા અને બીજાને જીતાવનારા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આદિ પુરૂષ, પરમેષ્ટી, મહેશ અને જ્યોતિષ્તત્ત્વરૂપ એવા તમને નમસ્કાર છે. સિદ્ધાર્થ રાજાના કુળ રૂપી ક્ષીરસાગરમાં ચંદ્ર જેવા, મહાવીર, ધીર અને ત્રણુ જગતના સ્વામી એવા તમને નમસ્કાર છે."

આ પ્રમાણે સ્તુતિ કરી પ્રભુને લઇ માતાની પાસે મૂકયા અને તેમનું પ્રતિબિંબ અને અવસ્વાપનિકા નિદ્રા હરી લીધી. પછી ઉશીષે ક્ષૌમવસ્ત્ર તથા બે કુંડળ અને પ્રભુની શય્યા ઉપર શ્રીદામગંડક મૂકી ઇંદ્ર પોતાના સ્થાનકે ગયા. તે સમયે ઇંદ્રની આજ્ઞાથી કુબેરે પ્રેરેલ જૃંભક દેવતાઓએ **સિદ્ધાર્થ** રાજાના ગૃહમાં સુવર્ણ, માણિકય અને વસુધારાની વૃષ્ટિ કરી.

પ્રભાતકાળે રાજા સિદ્ધાર્થે પ્રભુના જન્મોત્સવમાં પ્રથમ તો કારાગૃહમાંથી સર્વ કેદીઓને છોડી મૂકયા. "અર્હંતનો જન્મ ભવિ પ્રાણીઓને ભવમાંથી પણ છોડાવે છે." ત્રીજે દિવસે માતાપિતાએ પ્રસન્ન થઈ પુત્રને સૂર્ય ચંદ્રના બિંબના દર્શન કરાવ્યા. છઠ્ઠે દિવસે મધુર સ્વરે મંગળ ગીત ગાનારી, કુંકુમના અંગરાગને ધરનારી, ઘણા આભૂષણોથી શૃંગારેલી અને કંઠમાં લટકતી માળાઓ પહેરનારી અનેક કુલીન સૌભાગ્યવતી સ્ત્રીઓની સાથે રાજા રાણીએ રાત્રિજાગરણોત્સવ કર્યો. જ્યારે અગ્યારમો દિવસ પ્રાપ્ત થયો એટલે સિદ્ધાર્થ રાજાએ અને **ત્રિશલા** દેવીએ પુત્રનો જાતકર્મમહોત્સવ પૂર્ણ કર્યો. જેની ઇચ્છા માત્ર સિદ્ધ થઈ છે એવા સિદ્ધાર્થ રાજાએ બારમે દિવસે પોતાના સર્વ જ્ઞાતિ, સંબંધી અને બાંધવોને બોલાવ્યા. તેઓ હાથમાં અનેક પ્રકારની માંગલ્ય ભેટ લઈને આવ્યા. યોગ્ય પ્રતિહાનના વ્યવહારમાં તત્પર એવા રાજાએ તેમનો સત્કાર કર્યો. પછી સિદ્ધાર્થ રાજાએ તેઓને કહ્યું કે, 'આ પુત્ર ગર્ભમાં આવતાં અમારા ઘરમાં, નગરમાં અને માંગલ્યમાં ધનાદિકની વૃદ્ધિ થયેલી છે તેથી તેનું **વર્દ્ધમાન** એવું નામ હો.' આ પ્રમાણે સાંભળી તે બંધુઓએ પણ હર્ષ પામીને કહ્યું કે, 'એમજ થાઓ' પછી 'પ્રભુ મોટા ઉપસર્ગોથી પણ કંપાયમાન થશે નહીં' એવું ધારી ઈંદ્રે તે જગત્પતિનું **મહાવીર** એવું નામ પાડયું. ભક્તિવંત એવા સુર અને અસુરોથી આગળ પડી પડીને સેવાતા, અમૃત વર્ષિણી દૃષ્ટિથી પૃથ્વીનું સિંચન કરતા અને એક હજાર ને આઠ લક્ષણોથી ઉપલક્ષિત એવા પ્રભુ જો કે સ્વભાવથી ગુણવૃદ્ધ તો હતાજ, પરંતુ અનુક્રમે વયે કરીને પણ વધવા લાગ્યા.

એક વખતે આઠ વર્ષમાં કંઈક ઓછી વયના પ્રભુ સમાન વયના રાજપુત્રોની સાથે વયને યોગ્ય એવી ક્રીડા કરવા ગયા. તે સમયે અવધિજ્ઞાનવડે તે જાણીને ઇંદ્રે દેવતાઓની સભામાં ધીરપણામાં મહાવીર એવા **વીર** ભગવંતની પ્રશંસા કરી. તે સાંભળી કોઈ મત્સરી દેવ 'હું તે મહાવીરને ક્ષોભ પમાડું' એવું ધારીને જ્યાં પ્રભુ ક્રીડા કરતા હતા ત્યાં આવ્યો, તે વખતે પ્રભુ રાજપુત્રોની સાથે આમલકી ક્રીડા કરતા હતા. ત્યાં તે દેવ કોઈ વૃક્ષના મૂળ પાસે માયાથી મોટો સર્પ થઈને રહ્યો. તેને જોઈ તત્કાળ સર્વ રાજપુત્રો ત્રાસ પામી દશ દિશામાં નાસવા લાગ્યા; એટલે પ્રભુએ હસતા હસતા દોરીની જેમ તેને ઉંચો

કરીને દૂર પૃથ્વીપર ફેંકી દીધો. રાજકુમારો તે જોઈ લજ્જા પામીને પાછા ક્રીડા કરવા માટે એકઠા થયા. એટલે તે દેવ પણ રાજકુમાર થઈને ત્યાં આવ્યો. સર્વ કુમારો એક વૃક્ષ ઉપર ચડ્યા. પ્રભુ સર્વ કુમારોથી પહેલાં વૃક્ષના અગ્ર ભાગ ઉપર ચડી ગયા. અથવા 'જે લોકાગ્રે જવાના છે તેને આ વૃક્ષના અગ્રપર જવું કોણ માત્ર છે.' ત્યાં રહેલાં પ્રભુ મેરૂના શિખરપર સૂર્યની જેમ શોભવા લાગ્યા અને શાખાઓમાં લટકતા બીજા કુમારો વાનરોની જેવા દેખાવા લાગ્યા. તે રમતમાં ભગવાન્ જીત્યા. એ રમતમાં એવું પણ હતું કે, 'જે હારી જાય તે બીજાઓને પોતાના પૃષ્ટ ઉપર ચડાવીને વહન કરે.' એટલે રાજપુત્રો અશ્વની જેમ વીર પ્રભુને પોતાના પૃષ્ટપર બેસાડીને વહન કરવા લાગ્યા. અનુક્રમે મહા પરાક્રમીઓમાં શ્રેષ્ઠ એવા પ્રભુ પેલા દેવના પૃષ્ટ ઉપર પણ આરૂઢ થયા. તત્કાળ એ દુષ્ટ બુદ્ધિવાળો દેવ વિકરાળરૂપ કરી પર્વતોને પણ નીચા કરે તેમ વધવા લાગ્યો, તેના પાતાળ જેવા મુખમાં રહેલી જિહ્વા તક્ષક નાગ જેવી દેખાવા લાગી, ઉંચા પર્વત જેવા મસ્તકપર આવેલા પીલા કેશ દાવાનળ જેવા દેખાવા લાગ્યા, તેની ભયંકર દાઢો કરવતના જેવી થઈ ગઈ, તેના લોચન અંગારાની સગડીની જેવા જાજ્વલ્યમાન જણાવા લાગ્યા, તેના નસકોરા પર્વતની ગુહાની જેમ અતિ ઘોર દેખાવા લાગ્યા અને ભ્રકુટીવડે ભંગુર એવી ભ્રમર જાણે એ મોટી સર્પિણી હોય તેવી જણાવા લાગી. આ પ્રમાણે તે દેવ વધવાથી વિરામ પામ્યો નહીં, તેટલામાં તો તેનું સ્વરૂપ જાણીને મહા પરાક્રમી પ્રભુએ તેના પૃષ્ટ ભાગ ઉપર એક મુષ્ટિ મારીને તેને વામન કરી નાંખ્યો. પછી તે દેવ ઇંદ્રે વર્ણન કરેલા ભગવંતના ધૈર્યને પ્રત્યક્ષ જોઈને પોતાનું સ્વરૂપ પ્રગટ કરી પ્રભુને નમીને પોતાને સ્થાનકે ગયો.

જૈનમ્ જયતિ શાસનમ્

પ્રભુ આઠ વરસ ઉપરાંતના થયા એટલે પિતાએ તેમને અભ્યાસ કરાવવા માટે નિશાળે મૂકવાનો આરંભ કર્યો. તે વખતે ઇંદ્રનું સિંહાસન કંપાયમાન થયું. એટલે ઇંદ્રે અવધિજ્ઞાનથી પ્રભુના માતાપિતાની અદ્ભુત સરલતા જાણી, અને 'અરે શું સર્વજ્ઞ પ્રભુને શિષ્યપણું હોય?' એમ વિચારી તત્કાળ ત્યાં આવ્યો. પ્રભુને નિશાળે લઈ જવામાં આવ્યા, ત્યાં ઇંદ્રે પ્રભુને ઉપાધ્યાયના આસનપર બેસાર્યા. પછી પ્રણામ કરીને પ્રાર્થના કરી, એટલે પ્રભુએ શબ્દપારાયણ (વ્યાકરણ) કહી બતાવ્યું. એ શબ્દાનુશાસન ભગવંતે ઇંદ્રને કહ્યું, તે સાંભળી ઉપાધ્યાયે લોકમાં ઐંદ્ર વ્યાકરણ એવા નામથી પ્રખ્યાત કર્યું.

સાત હાથ ઊંચી કાયાવાળા પ્રભુ અનુક્રમે યૌવન પ્રાપ્ત થયા. એટલે વનના હાથીની જેમ લીલાથી ગમન કરવા લાગ્યા. ત્રૈલોક્યમાં ઉત્કૃષ્ટ એવું રૂપ, ત્રણ જગતનું પ્રભુત્વ અને નવીન યૌવન પ્રાપ્ત થયા છતાં પણ પ્રભુને જરા પણ વિકાર ઉત્પન્ન થયો નહીં. રાજા **સમરવીરે યશોદા** નામની પોતાની કન્યાને **વર્દ્ધમાન** સ્વામીને આપવા માટે મંત્રીઓની સાથે ત્યાં મોકલી. મંત્રીઓએ **ક્ષત્રીયકુંડ** નગરે આવી **સિદ્ધાર્થ** રાજાને નમીને કહ્યું કે, 'અમારા સ્વામીએ પોતાની પુત્રી **યશોદા** આપના પુત્રને આપવા માટે અમારી સાથે

મોકલેલ છે. અમારા સ્વામી પ્રથમથીજ તમારા દાસ છે, તે આ સંબંધવડે વિશેષે થાઓ અને અમારા ઉપર પ્રસન્ન થઈને તેનો અનુગ્રહ કરો.' **સિદ્ધાર્થ**રાજા બોલ્યા કે—" મને અને **ત્રિશલાને** કુમારનો વિવાહોત્સવ જોવાનો ઘણો મનોરથ છે, પણ એ કુમાર જન્મથીજ સંસારથી વિરક્ત છે, તેથી તેની પાસે વિવાહાદિક પ્રયોજનની વાત પણ અમે કહી શકતા નથી; તથાપિ તમારા આગ્રહથી અનેક વચનની યુક્તિઓથી તેના મિત્રદ્વારા વિવાહની વાર્ત્તા અમે આજે તેને કહેવરાવીશું." આ પ્રમાણે કહીને રાજા **સિદ્ધાર્થે ત્રિશલાદેવીને** પૂછી પ્રભુના બુદ્ધિમાન્ મિત્રોને વિવાહ કબુલ કરાવવા માટે પ્રભુની પાસે મોકલ્યા. તેઓએ પ્રભુ પાસે જઈ સવિનય નમસ્કાર કરીને તેમને સિદ્ધાર્થરાજાની આજ્ઞા કહી સંભળાવી. પ્રભુ બોલ્યા—' તમે નિરંતર મારી પાસે રહેનારા છો, તેથી ગૃહવાસથી પરાઙ્મુખ એવા મારા ભાવને જાણો છો.' તેઓ બોલ્યા—" હે કુમાર ! તમને અમે સંસારથી ઉદ્વિગ્ન માનીએ છીએ, પણ 'તમારે માતાપિતાની આજ્ઞા અલંઘ્ય છે' એમ પણ અમારૂં માનવું છે. વળી તમે અમારી પ્રણય યાચનાની પણ કદી અવમાનના કરતા નથી, તો આજે એક સાથે સૌની અવમાનના કેમ કરો છો ?" ભગવંત બોલ્યા—" અરે મોહગ્રસ્ત મિત્રો ! તમારો આવો શો આગ્રહ છે ? કારણ કે સ્ત્રી વિગેરેનું પરિગ્રહ તો ભવભ્રમણનુંજ કારણ છે. વળી ' મારા માતાપિતા જીવતાં તેમને મારા વિયોગનું દુઃખ ન થાઓ.' એવા હેતુથીજ હું દીક્ષા લેવાને ઉત્સુક છતાં પણ હમણા દીક્ષા લેતો નથી." આ પ્રમાણે પ્રભુ કહેતા હતા, તેવામાં વિવાહને માટે રાજાની આજ્ઞાથી **ત્રિશલાદેવી** પોતે ત્યાં આવ્યા. પ્રભુ તરત ઊભા થયા અને ગોરવથી માતાને ઉંચા રત્નસિંહાસનપર બેસારી આ પ્રમાણે બોલ્યા કે, ' હે માતા ! તમે આવ્યા તે સારૂં થયું, પણ તમારે અહીં આવવાનું શું કારણ હતું ? મને બોલાવ્યો હતો તો તમારી આજ્ઞાથી હું તરતજ આપની પાસે આવત.' **ત્રિશલાદેવી** બોલ્યા—" હે વત્સ ! અનેક પ્રકારના ઉદયનાં કારણભૂત તમે જે અમારા ઘરમાં આવ્યા છો, તે કાંઈ અમારા અલ્પ પુણ્ય નથી, તમને અવલોકન કરતાં ત્રણ જગતને પણ તૃપ્તિ થતી નથી, તો તમારા દર્શનરૂપ મહા દ્રવ્યવડેજ ધનિક એવા અમોને કેમ તૃપ્તિ થાય ? હે પુત્ર ! અમે જાણીએ છીએ કે, તમે સંસારવાસથી વિરક્ત છો, તે છતાં અમારાપર અનુકંપાથી ગૃહવાસમાં રહ્યા છો. હે વિનયના સ્થાનરૂપ ! તમે જો કે પોતાની મનોવૃત્તિને બાધા પમાડીને એ દુષ્કર કાર્ય કરેલું છે, તથાપિ એટલાથી અમે તૃપ્તિ પામતા નથી, માટે તમને અમે વધૂ સહિત જોઈ તૃપ્તિ પામીએ—એમ કરવા માટે આ સામે આવેલી **યશોદા** નામની રાજપુત્રીની સાથે ઉદ્વાહ કરો. તમારા પિતા પણ તમારો વિવાહોત્સવ જોવાને ઉત્કંઠિત છે. માટે અમારા બંનેના આગ્રહથી આ દુષ્કર કાર્ય કરો." આ પ્રમાણે માતાનાં વચન સાંભળી પ્રભુ વિચારમાં પડ્યા કે, ' આજે આ મારે શું આવી પડ્યું, એક તરફ માતાનો આગ્રહ છે અને બીજી તરફ સંસારપરિભ્રમણનો ભય છે. માતાનો દુઃખ થાય છે એવી શંકાથી હું ગર્ભમાં પણ અંગ સંકોચીને રહ્યો હતો, તો હવે તેમની મનોવૃત્તિ દુભાય નહીં તેવી રીતે ગૃહવાસમાં પણ મારે રહેવું જોઈએ. વળી મારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભોગફલકર્મ પણ બાકી છે અને માતાપિતા પણ માન્ય છે.' આ પ્રમાણે ચિંતવીને પ્રભુએ માતાના તે શાસનને માન્ય કર્યું.

પછી ત્રિશલાદેવી **સિદ્ધાર્થ** રાજાની પાસે આવ્યા અને વિવાહના સંબંધમાં પુત્રે આપેલી સંમતિ હર્ષપૂર્વક જણાવી. પવિત્ર દિવસે સિદ્ધાર્થ રાજાએ **મહાવીર** કુમાર અને યશોદાનો વિવાહોત્સવ જન્મોત્સવના જેવો કર્યો. **ત્રિશલા** રાણી અને સિદ્ધાર્થ રાજા વધૂવરને જોઈને પોતાના આત્માને ધન્ય માનતા જાણે અમૃતરસનું પાન કર્યું હોય તેમ હર્ષ પામવા લાગ્યા. માતાપિતાના નેત્રને ચંદ્રરૂપ પ્રભુ **યશોદા**દેવીની સાથે વિષયસુખને આસક્તિ વગર ભોગવવા લાગ્યા. કેટલોક કાળ જતાં પ્રભુ થકી યશોદાદેવીને નામ અને રૂપથી **પ્રિયદર્શના** નામે એક દુહિતા થઈ. મહા કુળવાન્ અને સમૃદ્ધિવાન્ **જમાલિ** નામે યુવાન રાજપુત્ર એ યૌવનવતી પ્રિયદર્શનાને પરણ્યો.

પ્રભુને જન્મથી અઠ્યાવીશ વર્ષ થયા એટલે તેમના માતાપિતા અનશન કરી મૃત્યુ પામીને **અચ્યુત** દેવલોકમાં દેવ થયા. સિદ્ધાર્થ રાજા અને ત્રિશલા રાણીનાં જીવ અચ્યુત દેવલોકમાંથી ચ્યવી, અપરવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય ભવ પામી અવ્યય પદને પ્રાપ્ત થશે. માતાપિતાને અંગસંસ્કાર કર્યા બાદ કેટલાક દિવસ વીતી ગયા પછી શોકમય થયેલા અંતઃપુર સહિત **નંદિવર્દ્ધન** પ્રત્યે પ્રભુ બોલ્યા-'હે બંધુ! જીવને મૃત્યુ હંમેશા પાસે જ રહેલું છે, અને આ જીવિત નાશવંત છે, તેથી મૃત્યુ પ્રાપ્ત થયે પ્રાણીએ તેનો શોક કરવો એ કાંઈ તેનો પ્રતિકાર નથી. તેથી હે ભાઈ! આ વખતે તો ધૈર્યનું અવલંબન કરી ધર્મનું આચરણ કરવું તેજ ઘટે છે. શોક કરવો એ તો કાયર પુરુષને યોગ્ય છે.' આ પ્રમાણે પ્રભુએ બોધ કર્યો, એટલે નંદિવર્દ્ધન સ્વસ્થ થયા. પછી પિતાનું રાજ્ય અલંકૃત કરવાને તેણે પ્રાર્થના કરી, પરંતુ સંસારથી ઉદ્વેગ પામેલા **વીરે** જ્યારે પિતાનું રાજ્ય સ્વીકાર્યું નહીં ત્યારે મંત્રીઓએ મળીને આગ્રહથી નંદિવર્દ્ધનને રાજ્યાભિષેક કર્યો.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

અન્યદા ચિરકાળ થયા ઇચ્છેલી દીક્ષા લેવાને માટે તેમાં આદરવાળા **મહાવીરે** પોતાના પોતાના ભાઈ **નંદિવર્દ્ધનની** રજા માગી, એટલે **નંદિવર્દ્ધન** શોકથી ગદ્‌ગદિત વાણીએ બોલ્યા કે 'હે ભ્રાતા! અદ્યાપિ મને માતાપિતાના વિયોગનું વિસ્મરણ થયું નથી, હજુ સર્વ સ્વજન પણ શોકથી વિમુક્ત થયેલ નથી, તેવામાં તમે મને વિયોગ આપી ક્ષત ઉપર ક્ષાર નાંખવાનું કેમ કરો છો?' આવા જ્યેષ્ટ બંધુના આગ્રહથી પ્રભુએ **ભાવયતિ**ના અલંકારોએ અલંકૃત થઈ, નિત્ય કાયોત્સર્ગ ધરતાં, બ્રહ્મચર્યમાં તત્પર રહેતાં, સ્નાન તથા અંગરાગે રહિત, વિશુદ્ધ ધ્યાનમાં તત્પરપણે, એષણીય અને પ્રાસુક અન્નથી પ્રાણવૃત્તિ કરતાં માંડમાંડ ગૃહવાસમાં એક વર્ષ નિર્ગમન કર્યું. પછી **લોકાંતિક** દેવતાઓએ આવીને કહ્યું કે, 'તીર્થ પ્રવર્ત્તાવો.' એટલે પ્રભુએ યાચકોને ઇચ્છા પ્રમાણે વાર્ષિક દાન આપ્યું. પછી ઇંદ્રાદિક દેવોએ અને **નંદિવર્દ્ધન** વિગેરે રાજાઓએ શ્રી **વીરપ્રભુને** યથાવિધિ દીક્ષાભિષેક કર્યો.

રાહુવડે ચંદ્રની જેમ ભ્રાતાના વિરહદુઃખથી આકુલ થયેલા **નંદિવર્દ્ધને** માંડમાંડ પોતાના સેવકપુરૂષોને આજ્ઞા કરી કે, 'દેવસભાની જેમ સુવર્ણની વેદિકા અને સુવર્ણના સ્તંભોવાળી, સૂર્યસહિત મેરૂગિરિના તટની જેમ સુવર્ણમય સિંહાસનથી મંડિત, પાલક વિમાનની જાણે નાની બહેન હોય તેમ ઘુઘરીઓની માળાના નાદવાળી, મોટા ઉર્મવાળી ગંગાનદીની જેમ ઉડતી ધ્વજાઓવાળી, પચાસ ધનુષ લાંબી, છત્રીશ ધનુષ ઉંચી અને પચવીશ ધનુષ પહોળી, **વીરકુમારને** બેસવાને લાયક **ચંદ્રપ્રભા** નામે એક શિબિકા તૈયાર કરો.' તત્કાળ તેઓએ તેવી શિબિકા તૈયાર કરી. 'જેમ દેવતાઓને મનથી કાર્ય સધાય છે તેમ રાજાઓને વચનથી સધાય છે.' પછી **શક્ર** ઇંદ્રે પણ તેવી જ શિબિકા કરાવી. બંને તુલ્ય શોભાવાળી હોવાથી જાણે જોડલે ઉત્પન્ન થઈ હોય તેવી શોભવા લાગી. પછી દેવશક્તિથી નદીમાં નદીની જેમ બીજી શિબિકા પહેલી શિબિકામાં અંતર્હિત થઈ ગઈ. પછી જગત્પ્રભુએ પ્રદક્ષિણા દઈ શિબિકાપર ચડીને તેમાં રહેલા ચરણપીઠ યુક્ત સિંહાસનને અલંકૃત કર્યું. મંગલિક શ્વેત વસ્ત્રોથી ચંદ્રિકા સહિત ચંદ્રની જેમ અને સર્વ અંગે ધારણ કરેલા આભૂષણોથી બીજા કલ્પવૃક્ષની જેમ પ્રભુ શોભવા લાગ્યા. પ્રભુ પૂર્વાભિમુખે બેઠા એટલે કુળમહત્તરા સ્ત્રી પવિત્ર થઈ, શુદ્ધ વસ્ત્ર પહેરી,. વિચિત્ર રત્નાલંકારો ધારણ કરી, શાખાવડે વૃક્ષની જેમ હાથમાં રાખેલા વસ્ત્રવડે શોભતી, પ્રભુની દક્ષિણ તરફ મન સ્થિર કરીને બેઠી. મોતીના અલંકારો અને નિર્મળ વસ્ત્રો પહેરી એક સ્ત્રી પ્રભુના મસ્તકપર ચાંદની જેમ ચંદ્રને ધરે તેમ છત્ર ધરીને ઊભી રહી. બે સ્ત્રીઓ સર્વ અંગમાં સુવર્ણાભરણ પહેરી મેરૂપર્વતના તટમાં બે ચંદ્રની જેમ પ્રભુને બંને પડખે સુંદર ચામર ધરીને ઊભી રહી. એક બાળા રૂપાની ઝારી હાથમાં લઈને વાયવ્ય દિશામાં ઊભી રહી. એક સ્ત્રી તાળવૃંત હાથમાં રાખીને અગ્નિ દિશામાં ઊભી રહી. શિબિકાના પૃષ્ટ ભાગે વૈડૂર્ય રત્નના દંડવાળા અને એક હજાર ને આઠ સુવર્ણની શલાકાવાળા પાંડુ છત્રને લઈને રાજા ઊભા રહ્યા. શિબિકાને બંને પડખે **સૌધર્મ** અને **ઈશાન** ઇંદ્ર તોરણના સ્થંભની જેમ ચામર લઈને ઊભા રહ્યા. પછી સહસ્ર પુરૂષોથી ઉપાડી શકાય એવી તે શિબિકા પ્રથમ સેવકપુરૂષોએ ઉપાડી, પછી **શક્ર**, **ઈશાન**, **બલિ** અને **ચમર** પ્રમુખ ઈંદ્રોએ તથા દેવતાઓએ ઉપાડી. તેમાં દક્ષિણના ઉપરના ભાગથી **શક્ર** ઈંદ્રે ઉપાડી. ઉત્તરના ભાગથી **ઈશાનપતિએ** ઉપાડી, અને દક્ષિણ તથા ઉત્તર બાજુના અધોભાગે **ચમરેંદ્રે** તથા **બળીઈંદ્રે** ધારણ કરી. તેમજ બીજા ભુવનપતિ વિગેરે દેવતાઓએ પોતપોતાની યોગ્યતા પ્રમાણે વહન કરી. તે સમયે અત્યંત ઉતાવળા જતા ને આવતા અનેક દેવતાઓથી તે સ્થાન સાયંકાળે પક્ષીઓથી આકાશની જેમ સાંકડું થઈ ગયું. દેવતાઓએ વહન કરેલી તે શિબિકાવડે અનુક્રમે પ્રભુ જ્ઞાતખંડ નામના ઉત્તમ ઉપવન સમિપે પધાર્યા.

તે ઉપવન, પ્રિયની જેમ હિમઋતુના આવવાથી જાણે રોમાંચિત થઈ હોય તેવી ચારોળીની લતાઓથી મનોહર જણાતું હતું અને જાણે વનલક્ષ્મીએ આપેલા કસુંબાના રાતા વસ્ત્ર પહેર્યા હોય તેવા પાકેલા નારંગીના વનવડે અંકિત હતું. કૃષ્ણ ઈક્ષુદંડમાં પરસ્પર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાત્રપણે આશ્લેષ કરતા ભ્રમરાઓના અવાજથી જાણે મુસાફરોને બોલાવતું હોય એવું જણાતું હતું. તે ઉદ્યાનમાં પ્રવેશ કર્યા પછી પ્રભુએ શિબિકામાંથી ઉતરીને સર્વ આભૂષણો તજી દીધાં. તે વખતે ઇંદ્રે પ્રભુના સ્કંધઉપર એક દેવદૃષ્ય વસ્ત્ર નાંખ્યું. પછી ત્રિજગત્પ્રભુએ પંચમુષ્ટિવડે સર્વ કેશનો લોચ કર્યો. શક્ર ઈંદ્રે તે કેશ દૃષ્ય વસ્ત્રમાં લઇને ક્ષીરસાગરમાં ક્ષેપન કર્યા. પછી તેણે પાછા આવીને સર્વ કોલાહલ અટકાવ્યો એટલે પ્રભુએ **સિદ્ધને** નમસ્કાર કરીને ચારિત્ર ગ્રહણ કર્યું. જન્મથી ત્રીશ વર્ષ નિર્ગમન થતાં માર્ગશીર્ષ માસની કૃષ્ણ દશમીએ ચંદ્ર હસ્તોત્તરા નક્ષત્રમાં આવતાં દિવસના છેલ્લા પહોરે છઠ્ઠ તપ કર્યો છે જેણે એવા પ્રભુને ચારિત્રની સાથેજ **મનઃપર્યાય** જ્ઞાન ઉત્પન્ન થયું.

इत्याचार्य श्री हेमचंद्र विरचिते त्रिषष्टि शलाका पुरुष चरिते महाकाव्ये
दशमपर्वणि श्री महावीर जन्म प्रव्रज्या वर्णनो नाम
द्वितीय सर्गः ॥ २

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

# સર્ગ ૩ જો

## શ્રી મહાવીર પ્રભુનો પ્રથમના છ વર્ષનો વિહાર.

દીક્ષા લીધા પછી ત્રણ જગતના પતિ મહાવીર પ્રભુએ ત્યાંથી અન્યત્ર વિહાર કરવા માટે પોતાના સહોદર બંધુ **નંદિવર્દ્ધનની** અને બીજા પણ જ્ઞાતવંશના પુરૂષોની રજા લીધી. પ્રભુ જ્યારે ચારિત્ર રૂપી રથમાં આરૂઢ થઈ વિહાર કરવાને ચાલ્યા, તે વખતે તેમના પિતાનો મિત્ર **સોમ** નામે એક વૃદ્ધ બ્રાહ્મણ ત્યાં આવી પ્રભુને નમીને બોલ્યો કે–'હે સ્વામી! આપે પોતાની અને પારકાની અપેક્ષા વગર સાંવત્સરિક દાન આપ્યું, તેથી બધું જગત્ દારિદ્રય વગરનું થઈ ગયું, પણ હું એક મંદભાગ્ય દરિદ્રી રહી ગયો છું. હે નાથ! હું જન્મથીજ મહા દરિદ્રી છું અને બીજાઓની પ્રાર્થના કરવાને માટે અહર્નિશ ગામે ગામ ભટકયા કરૂં છું. કોઈ ઠેકાણે નિર્ભર્ત્સના થાય છે, કોઈ ઠેકાણે ઉત્તર પણ મળતો નથી અને કોઈ ઠેકાણે મુખ મરડે છે; પણ એ બધું હું સહન કરૂં છું. તમે દાન આપ્યું તે સમયે હું ધનની આશાથી બહાર ભમતો હતો, તેથી મને તમારા વાર્ષિક દાનની ખબર પડી નહીં અને તમારૂં દાન મારે નિષ્ફળ થયું. માટે હે પ્રભુ! હવે પણ મારાપર કૃપા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરીને મને દાન આપો. કેમકે મારી પત્નીએ તિરસ્કાર કરીને મને તમારી પાસે મોકલ્યો છે.' પ્રભુ કરૂણા લાવીને બોલ્યા–'હે વિપ્ર! હવે તો હું નિઃસંગ થયો છું, તથાપિ મારા ખભા ઉપર જે આ વસ્ત્ર છે તેનો અર્ધ ભાગ તું લઈ લે.' તે વિપ્ર અર્ધ વસ્ત્ર લઈ હર્ષ પામતો પોતાને ઘેર આવ્યો. પછી છેડા બંધાવવાને તુણનાર વણકરને બતાવ્યું. તે વસ્ત્રને જોઈ તુણનારે પૂછયું કે 'આ વસ્ત્ર તને કયાંથી મળ્યું?' બ્રાહ્મણે કહ્યું કે, 'શ્રી મહાવીર પ્રભુની પાસેથી.' તુણનાર બોલ્યો કે, "હે વિપ્ર! તું પાછો જા, અને આનો બીજો અર્ધ ભાગ તે મુનિની પાસેથી લઇ આવવા માટે તેમની પછવાડે ફર. તે મુનિને અટન કરતાં કરતાં કોઈ ઠેકાણે કાંટા વિગેરેમાં ભરાઈને તે અર્ધ વસ્ત્ર પડી જશે, પછી તે નિઃસ્પૃહ મુનિ તેને ગ્રહણ કરશે નહીં. એટલે તું તે લઈને અહીં આવતો રહેજે. પછી તેના બે ભાગને યોજીને હું તે વસ્ત્ર શુકલ પક્ષના ચંદ્રની જેમ એક સંપૂર્ણ કરી આપીશ. તેનું મૂલ્ય એક લાખ દીનાર ઉપજશે. તે આપણે સહોદર બંધુની જેમ અધો અર્ધ વહેંચી લેશું." 'બહુ સારૂં.' એમ કહીને તે બ્રાહ્મણ પાછો પ્રભુની પાસે આવ્યો.

ઈર્યાસમિતિ શોધવા પૂર્વક ચાલતા પ્રભુ કૂર્માર ગ્રામે આવી પહોંચ્યા. ત્યાં નાસિકાના અગ્ર ભાગ ઉપર નેત્ર આરોપી બે ભુજા લાંબી કરીને પ્રભુ સ્થાણુની જેમ પ્રતિમા ધરીને રહ્યા. તે સમયે કોઇ ગોવાળ આખો દિવસ વૃષભને હાંકી ગ્રામની સીમ પાસે જ્યાં પ્રભુ કાયોત્સર્ગે ઊભા હતા ત્યાં આવ્યો. તેણે વિચાર્યું કે, 'આ મારા વૃષભ અહિં ગામના સીમાડાપર ભલે ચરે, હું ગામમાં જઈ ગાયોને દોહીને પાછો આવીશ.' આવું ચિંતવી તે ગામમાં ગયો. પછી વૃષભો ચરતા ચરતા કોઈ અટવીમાં પેસી ગયા. કારણ કે ગોપ વિના તેઓ એક સ્થાનકે રહી શકતા નથી. પછી તે ગોપાલ ગામમાંથી ત્યાં આવ્યો, અને પ્રભુને પૂછયું કે, 'મારા વૃષભ કયાં છે?' પ્રતિમાધારી પ્રભુ કાંઈ પણ બોલ્યા નહીં. પ્રભુ જ્યારે બોલ્યા નહીં ત્યારે ગોપે વિચાર્યું કે, 'આ કાંઈ જાણતા નથી.' પછી તે પોતાના વૃષભોને શોધવા ગયો. શોધતાં શોધતાં આખી રાત્રિ નિર્ગમન થઈ ગઈ. તે બેલો ફરતા ફરતા પાછા પ્રભુ હતા ત્યાં આવ્યા અને સ્વસ્થ ચિત્તે વાગોળતા વાગોળતા પ્રભુ પાસે બેઠા. પેલો ગોપ ભમી ભમીને પાછો ત્યાં આવ્યો, એટલે ત્યાં વૃષભોને બેઠેલા જોઈ તેણે વિચાર્યું કે, 'આ મુનિએ પ્રભાતમાં મારા વૃષભને લઈ જવાની ઈચ્છાથી તે વખત સંતાડી રાખ્યા હશે,' આવો વિચાર કરી તે અધમ ગોપ વેગથી બળદની રાશ ઉપાડીને પ્રભુને મારવા દોડયો. તે સમયે શક્ર ઇંદ્રને વિચાર થયો કે, 'પ્રભુ પ્રથમ દિવસે શું કરે છે તે જોઉં'. એમ વિચારી જ્ઞાનવડે જોવા લાગ્યો. ત્યાં તો તે ગોપને પ્રભુને માર મારવા ઉદ્યત થયેલો જોયો. એટલે સ્થંભિત કરી, પ્રભુ પાસે આવી તિરસ્કાર પૂર્વક તે ગોપને કહ્યું કે, 'અરે પાપી! આ સિદ્ધાર્થ રાજાના પુત્રને તું શું નથી જાણતો?' પછી ઈંદ્રે ત્રણ પ્રદક્ષિણા પૂર્વક મસ્તકવડે પ્રણામ કરી પ્રભુને વિજ્ઞપ્તિ કરી કે, 'હે સ્વામી! આપને બાર વર્ષ સુધી ઉપસર્ગની પરંપરા થશે,

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

માટે તેનો નિષેધ કરવા સારૂ હું તમારો પારિપાર્શ્વક[1] થવા ઇચ્છું છું.' પ્રભુ સમાધિ પારીને ઇંદ્રપ્રત્યે બોલ્યા કે–"અર્હંતો કદિ પણ પરસહાયની અપેક્ષા રાખતા નથી, વળી અર્હંત પ્રભુ બીજાની સહાયથી કેવળજ્ઞાન ઉપાર્જન કરે એવું થયું નથી, થતું નથી અને થશે પણ નહીં. જિનેંદ્રો કેવળ પોતાના વીર્યથીજ કેવળજ્ઞાન પામે છે અને પોતાના વીર્યથીજ મોક્ષે જાય છે." પ્રભુનાં આવાં વચન સાંભળી ઇંદ્રે બાલતપસ્યાથી વ્યંતર દેવમાં ઉત્પન્ન થયેલા પ્રભુની માસીના પુત્ર સિદ્ધાર્થને આજ્ઞા કરી કે, 'તારે પ્રભુની પાસે રહેવું અને જે પ્રભુને મારવાનો ઉપસર્ગ કરે, તેને તારે અટકાવવો.' આ પ્રમાણે કહી ઇંદ્ર સ્વસ્થાનકે ગયા, અને સિદ્ધાર્થ તેમની આજ્ઞા સ્વીકારીને પ્રભુ પાસે રહ્યો.

વીર પ્રભુ છટ્ઠનું પારણું કરવાને માટે કોલાક ગામમાં ગયા. ત્યાં બહુલ નામના બ્રાહ્મણને ઘેર પ્રભુએ સાકર વિગેરેથી મિશ્રિત પરમાન્નથી પારણું કર્યું. તે બ્રાહ્મણને ઘેર દેવતાઓએ વસુધારા[2] વિગેરે પાંચ દિવ્યો પ્રગટ કર્યા.

પછી ચંદ્રની જેવા શીતળ લેશ્યાવાળા, સૂર્યની જેમ તપના તેજથી દુઃખે જોઈ શકાય તેવા, ગજેંદ્રની જેવા બલવાન્, મેરૂની જેવા નિશ્ચલ, પૃથ્વીની જેમ સર્વ સ્પર્શને સહન કરનારા, સમુદ્રની જેવા ગંભીર, સિંહની જેવા નિર્ભય, ઘૃતાદિ હોમેલા અગ્નિની જેમ મિથ્યાદષ્ટિઓને અદૃશ્ય, ગેંડાના શૃંગની જેમ એકાકી, મોટા સાંઢની જેમ મહા બલવાન્, કૂર્મની જેમ ઇંદ્રિયોને ગુપ્ત રાખનાર, સર્પની જેમ એકાંત દૃષ્ટિ સ્થાપનાર, શંખની પેઠે નિરંજન, સુવર્ણની જેમ જાતરૂપ (નિર્લેપ), પક્ષીની જેમ મુક્ત, જીવની જેમ અસ્ખલિત ગતિવાળા, ભારંડ પક્ષીની જેમ પ્રમાદ રહિત, આકાશની જેમ નિરાશ્રય, કમલદલની જેમ લેપ રહિત તથા શત્રુ અને મિત્ર, તૃણ અને સ્ત્રી, સુવર્ણ અને પાષાણ, મણિ અને મૃતિકા, આલોક અને પરલોક, સુખ અને દુઃખ તથા સંસાર અને મોક્ષમાં સમાન હૃદયવાળા, નિષ્કારણ કરૂણાળુ મનને લીધે ભવસાગરમાં ડુબી જતા મુગ્ધ જગતનો ઉદ્ધાર કરવાની ઇચ્છાવાળા એવા પ્રભુ સાગર મેખલાવાળી અને વિવિધ ગ્રામ, પુર તથા અરણ્યવાળી આ પૃથ્વી ઉપર પવનની જેમ અપ્રતિબંધપણે વિહાર કરવા લાગ્યા.

દીક્ષાને સમયે દેવતાઓએ પ્રભુના શરીર પર જે સુગંધી દ્રવ્યોનું વિલેપન કર્યું હતું. તેની સુગંધથી ખેંચાઈ આવીને ભ્રમરાઓ પ્રભુને ઉપદ્રવ કરવા લાગ્યા, ગામના તરૂણ પુરૂષો પ્રભુની પાસે તે સુગંધની યુક્તિ માગવા લાગ્યા અને તરૂણ સ્ત્રીઓ કામજ્વરના ઔષધરૂપ તેમના અંગના સંગને યાચવા લાગી. એ પ્રમાણે દીક્ષાના દિવસથી માંડીને ચાર માસ સુધી પ્રભુએ પર્વતની જેમ સ્થિર રહીને તે સંબંધી ઉપસર્ગો સહન કર્યા.

અન્યદા પ્રભુ વિહાર કરતા કરતા મોરાક નામના ગામ પાસે આવ્યા. ત્યાં દુઇજ્જંતક જાતિના તાપસો રહેતા હતા. તે તાપસોનો કુલપતિ પ્રભુના પિતાનો મિત્ર હતો. તે પ્રભુની

૧ સાથે રહેનાર–સેવક. ૨ સાડાબાર કોટી દ્રવ્યનો વરસાદ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાસે આવ્યો. પૂર્વના અભ્યાસથી પ્રભુએ તેને મળવાને માટે તેની સામે હાથ પસાર્યો. કુલપતિએ ત્યાં રહેવાની પ્રાર્થના કરી, એટલે **સિદ્ધાર્થ** રાજાના પુત્ર **મહાવીર** એકરાત્રિકી પ્રતિમાએ ત્યાં તે રાત્રિ રહ્યા. પ્રાતઃકાળે વિહાર કરવાની ઇચ્છા કરતા પ્રભુને કુલપતિએ વિજ્ઞપ્તિ કરી કે, 'આ એકાંત સ્થાનમાં તમે વર્ષાકાળ નિર્ગમન કરજો.' જો કે પ્રભુ વીતરાગ હતા પણ તેના આગ્રહથી તેનું વચન સ્વીકારી શંખની જેમ નિરંજનપણે ત્યાંથી બીજે વિહાર કરવાને ચાલ્યા. વાયુની જેમ પ્રતિબંધ રહિત અને કમલપત્રની જેવા નિર્લેપ પ્રભુએ સર્વત્ર વિહાર કરતાં ગ્રીષ્મકાળ નિર્ગમન કર્યો. પછી પોતાના પિતાના મિત્ર પેલા કુળપતિને આપેલું વચન સંભારી ચાતુર્માસ્ય કરવાને માટે **મોરાક** ગામે પાછા પધાર્યા. વર્ષાઋતુમાં મેઘ ગર્જના કરી ધારાગૃહની જેમ અખંડ ધારાએ વર્ષવા લાગ્યો, અને હંસની જેમ મુસાફરો પોતપોતાને સ્થાને જવા લાગ્યા. એ સમયે પૂર્વોક્ત કુલપતિએ પ્રભુની સાથે ભત્રીજાપણાનો સ્નેહ સંબંધ હૃદયમાં ચિંતવીને તૃણથી આચ્છાદિત કરેલું એક ઘર પ્રભુને રહેવા માટે અર્પણ કર્યું. તેમાં વડવાઈવાળા વટવૃક્ષની જેમ જાનુપર્યંત લાંબી ભુજાવાળા પ્રભુ મનને નિયંત્રિત કરીને પ્રતિમાધારીપણે રહ્યા. તે વખતે ભયંકર ગ્રીષ્મઋતુના માહાત્મ્યથી જેમાં બધા તૃણ સુકાઈ ગયા છે એવા વનમાં નવીન વર્ષાઋતુથી હજુ નવા તૃણ ઉગી નીકળ્યા નહોતા તેથી ગામની ગાયો તાપસોના ઝુંપડાના તૃણને ખાવા માટે દોડવા લાગી, એટલે નિર્દય તાપસો યષ્ટિઓવડે ગાયોને મારવા લાગ્યા. તેઓએ જ્યારે ગાયોને મારીને હાંકી કાઢી ત્યારે તે ગાયો જેમાં પ્રભુ રહેતા હતા, તે ઝુંપડીને ખાવા લાગી. "પ્રભુ સ્તંભની જેમ સ્થિર રહેતા હતા તેથી ત્યાં તેમને કોનો ભય લાગે?" તે જોઈ તાપસો પ્રભુની ઉપર ક્રોધે ભરાયા છતા અંદર અંદર બોલવા લાગ્યા કે—'જેમ અમે અમારી ઝુંપડીઓનું રક્ષણ કરીએ છીએ તેમ આ મુનિ તો તેની ઝુંપડીનું રક્ષણ કરતો નથી. અહો! આવો તે આ કુલપતિનો અતિથિ કોણ છે કે જેના જોતા છતાં આ ગાયો તેની ઝુંપડીને ખાઈ જાય છે. અહો! કેવું અસ્વાર્થનિષ્ટપણું છે? શું કરીએ! આ અતિથિ કુલપતિને આત્માની જેવો પ્રિય છે, તેના ભયથી અમે કાંઈ પણ કઠોર વચન બોલી શકતા નથી.' આવું ધારી એક વખતે તે તાપસો પ્રભુની ઉપર મનમાં ઘણો મત્સર લાવી કુલપતિની પાસે ગયા. અને ઉપાલંભ આપીને આ પ્રમાણે બોલ્યા કે, "હે કુલપતિ! તમે આપણા આશ્રમમાં આવા તે કોણ મમતા રહિત મુનિને અતિથિ તરીકે લાવ્યા છો કે જેના અંદર રહેવા છતાં આપણા તે ઝુંપડાનો નાશ થઈ ગયો. તે અતિથિ એવો તો અકૃતજ્ઞ, ઉદાસી, દાક્ષિણ્યતા રહિત અને આલસુ છે કે, જે ગાયોથી ખવાઈ જતાં પોતાના આશ્રમનું રક્ષણ કરતો નથી. હે મુનિ! કદિ પોતાના આત્માને મુનિ માનનાર એ અતિથિ સમતા ધારણ કરીને ગાયોને હાંકતો નહીં હોય તો શું ગુરૂદેવનું અર્ચન કરનારા અમે મુનિઓ નથી?" તાપસોના આવાં વચનો સાંભળી કુલપતિ પ્રભુની પાસે આવ્યો, અને જોયું તો પાંખો આવેલા પક્ષીની જેમ તે આશ્રમ આચ્છાદન રહિત જોવામાં આવ્યો. એટલે આ તાપસો ઇર્ષ્યા વગરના અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સત્ય બોલનારા છે, એમ ચિંતવી તેણે પ્રભુને કહ્યું 'હે તાત! તમે આ ઝૂંપડાની રક્ષા કેમ ન કરી? તમારા પિતાએ યાવજ્જીવ સર્વ આશ્રમોની રક્ષા કરી છે. દુષ્ટોને શિક્ષા કરવી, એ તમારું યોગ્ય વ્રત છે. વળી પક્ષીઓ પણ પોતાના માળાનું આત્માની જેમ રક્ષણ કરે છે તો તમે વિવેકી થઈને આશ્રમની કેમ ઉપેક્ષા કરી?' આ પ્રમાણે પોતાના વિવેકને યોગ્ય એવી શિક્ષા આપી એ વૃદ્ધ તાપસ **સિદ્ધાર્થની** મિત્રતા સંભારતો પુનઃ પોતાના આશ્રમમાં ગયો. પ્રભુએ વિચાર્યું કે, 'મારે નિમિત્તે આ સર્વને અપ્રીતિ થશે, તેથી સર્વનું હિતનું ઇચ્છનારા એવા મારે અહિં રહેવું યોગ્ય નથી.' આ પ્રમાણે ચિંતવતા અને અધિક વૈરાગ્યને ધારણ કરતા દયાનિધિ પ્રભુએ તે વખતે આ પ્રમાણે પાંચ અભિગ્રહ ધારણ કર્યા. **૧ કદિ પણ જ્યાં અપ્રીતિ થાય તેને ઘરે વસવું નહીં. ૨ જ્યાં રહેવું ત્યાં સદા કાયોત્સર્ગ કરીનેજ રહેવું. ૩ પ્રાયઃ મૌનજ ધારણ કરવું. ૪ કરપાત્રવડે ભોજન કરવું અને ૫ ગૃહસ્થનો વિનય કરવો નહીં.** આ પ્રમાણે પાંચ અભિગ્રહ લઈને વર્ષાઋતુનો અર્ધમાસ વ્યતિત થયા છતાં પણ ત્યાંથી વિહાર કરીને પ્રભુ **અસ્થિક** નામના ગામમાં આવ્યા.

પ્રભુએ ત્યાં વસવાને માટે ગામના લોકોને વિજ્ઞપ્તિ કરી, એટલે ગામના લોકો બોલ્યા કે, "અહીં એક **યક્ષ** છે, તે કોઈને વસવા દેતો નથી, તે યક્ષની મોટી કથા છે, તે સાંભળો– અહીંઆં પૂર્વે **વર્દ્ધમાન** નામે શહેર હતું. અહીં બંને તટમાં કાદવવાળી **વેગવતી** નામે નદી છે. એક વખતે **ધનદેવ** નામે કોઈ વણિક કરીયાણાના પાંચસો ગાડાં ભરીને અહીં આવ્યો હતો. તેની પાસે એક મોટો **વૃષભ** હતો. તે મોટા વૃષભને આગળ કરીને તેણે બધા ગાડાંઓ એ વિષમ નદી ઉતારી દીધા. અતિ ભાર ખેંચવાથી એ વૃષભ મુખમાંથી રૂધિર વમતો જીર્ણ થયેલા સાત્વિક અશ્વની જેમ પૃથ્વીપર પડી ગયો. પછી તે વણિકે તે ગામના બધા લોકોને એકઠા કરીને તે વૃષભની સાક્ષીએ કહ્યું કે–'હું મારા જીવિત જેવા આ વૃષભને અહિં થાપણની જેમ મૂકી જાઉં છું, તેનું તમારે સારી રીતે પાલન પોષણ કરવું.' આ પ્રમાણે કહીને તે વૃષભના ઘાસચારાને માટે તે ગ્રામ્યલોકોને ઘણું ધન આપ્યું. "સ્વામીનો એ ધર્મજ છે." આ પ્રમાણે એ વણિક ઘાસચારા માટે દ્રવ્ય આપવાવડે તથા તેની પાસે પુષ્કળ ઘાસ પાણી મૂકવાવડે એ વૃષભનું પ્રિય કરી નેત્રમાં અશ્રુ લાવીને અન્યત્ર ચાલ્યો ગયો. તે પાપી ગ્રામ્યલોકોએ ઘાસચારાને માટે ધન લીધું પણ કુવૈદ્ય જેમ દ્રવ્ય લીધાં છતાં રોગીની સંભાળ ન લે તેમ તેઓએ તે વૃષભની ઘાસચારા વિગેરેની સંભાળજ લીધી નહીં. જેનું હૃદય તુટી ગયેલ છે એવા અને ક્ષુધા તૃષાથી પીડિત થયેલા તે વૃષભનાં અંગમાં માત્ર અસ્થિ અને ચર્મ રહ્યા. તેણે વિચાર્યું કે, 'અહો! આ ગ્રામજ બધું નિર્દય, પાપીષ્ટ, નિષ્ઠુર આશયવાળું, બરાબર ચાંડાલ જેવું અને ઘણું ઠગારું છે. તેઓએ કરુણા લાવીને મારી જેવા દીનનું પાલન કરવું તો દૂર રહ્યું પણ મારા સ્વામીએ જે મારા ઘાસચારા માટે ધન આપ્યું હતું, તે પણ આ ગામના લોકો ખાઈ ગયા.' આ પ્રમાણે આ ગામના રહેનારા ઉપર ક્રોધવાળો **વૃષભ** અકામ નિર્જરા કરી મૃત્યુ પામીને **શૂલપાણિ** નામે **વ્યંતર** થયેલો છે. તેણે વિભંગ જ્ઞાનથી પોતાના પૂર્વ જન્મની કથા જાણી અને પોતાનું વૃષભરૂપ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શરીર પણ દીઠું, તેથી તેને આ ગામના લોકો ઉપર ઘણો ક્રોધ ચઢ્યો. એટલે જાણે મહામારીનો અધિકારી દેવ હોય તેમ તેણે આ ગામમાં મહામારીનો રોગ વિકુર્વ્યો. તેથી મૃત્યુ પામતા ગ્રામ્યલોકોવડે અહિંઆ અસ્થિના ઢગલા થઈ ગયા. ગામના આતુર લોકો વારંવાર જ્યોતિષી વિગેરેને મરકીની શાંતિના ઉપાયો પૂછવા લાગ્યા અને વૈદ્યની આજ્ઞા જેમ રોગી ઉઠાવે તેમ તેમની આજ્ઞા ઉઠાવીને મહામારીની શાંતિ માટે અનેક ઉપાયો કરવા લાગ્યા. તેઓએ વારંવાર ગૃહદેવીઓની પણ સ્નાત્ર પૂજા કરી; તથાપિ જરા પણ મહામારીની શાંતિ થઈ નહીં. એટલે આ ગામના લોકો આ ગામ તજીને બીજા ગામોમાં ચાલ્યા ગયા, પણ યમરાજના **યુવરાજ** જેવો તે ક્રોધી વ્યંતર તેમને ત્યાં પણ મારવા લાગ્યો. પછી સર્વ ગ્રામલોકોએ વિચાર્યું કે, 'આપણે કોઈ દેવ, દૈત્ય, યક્ષ કે ક્ષેત્રપાળને કોપાવ્યો છે, માટે પાછા તે જ ગામમાં જઈએ અને તેને પ્રસન્ન કરવાના ઉપાય લઈએ.' આ પ્રમાણે વિચારી તેઓ એકઠા થઈને અહીં પાછા આવ્યા. પછી તેઓ સ્નાન કરી, શ્વેત વસ્ત્ર પહેરી, ઉત્તરાસંગ ધરી છુટા કેશ મૂકી, ચત્વર ત્રિક વિગેરેમાં, ઉદ્યાનની ભૂમિમાં તથા ભૂતગૃહોમાં તેમ જ બીજે સર્વ સ્થાનકે બળિ ઉડાડતા દીન વદને મુખ ઉંચા રાખી અંજલિ જોડીને આ પ્રમાણે કહેવા લાગ્યા કે–"હે દેવતાઓ, અસુરો, યક્ષો, રાક્ષસો અને કિન્નરો! અમોએ પ્રમાદથી જે કાંઈ તમારો અપરાધ કર્યો હોય તે સર્વથા ક્ષમા કરજો. મહાન પુરૂષોનો કોપ કદિ મોટો હોય તો પણ તે પ્રણામ સુધીજ રહે છે, માટે જે કોઈ અમારાથી વિરાધિત થયેલ હોય તે પ્રસન્ન થાઓ." આવી ગ્રામના લોકોની દીનવાણી સાંભળી તે વ્યંતર આકાશમાં રહીને બોલ્યો કે–'અરે! લુબ્ધકની જેવા દુરાશયવાળા લોકો! તમે હવે મને ખમાવવા આવો છો, પણ તે વખતે પેલા ક્ષુધા તૃષાથી પીડિત એવા વૃષભને માટે વણિકે જે ઘાસચારાનું ધન આપ્યું હતું તે વડે પણ તમે તેને ઘાસ કે પાણી કાંઈ આપ્યું નહોતું તે વૃષભ મૃત્યુ પામીને હું આ શૂલપાણિ નામે યક્ષ થયો છું. તે વૈરથી હું તમને મારી નાખવાનો છું. માટે તે વાત સંભારો!' આવાં વચન સાંભળી તેઓ પુનઃ ધૂપાદિક કરી પૃથ્વીપર આલોટી દીન થઈને આ પ્રમાણે કહેવા લાગ્યા–'હે દેવ! અમે તમારો અપરાધ કર્યો છે, તથાપિ હવે ક્ષમા કરો. બીજા કોઈના પણ શરણ વગરના અમે તમારે શરણે આવ્યા છીએ.' તેમના આવાં વચન સાંભળી તે વ્યંતર જરા શાંત થઈને બોલ્યો કે–'આ જે મનુષ્યના અસ્થિઓ પડ્યા છે તેનો સંચય કરો અને તેની ઉપર એક ઉંચું મારૂં દેવાલય કરાવો, તેમાં વૃષભરૂપે મારી મૂર્તિ કરીને સ્થાપો. આ પ્રમાણે કરવાથી હું તમને જીવિત આપીશ, અન્યથા નહીં આપું.' પછી સર્વ ગ્રામલોકોએ એકઠા થઈને તે યક્ષના વચન પ્રમાણે સર્વ કર્યું. **ઈંદ્રશર્મા** નામના એક બ્રાહ્મણને મોટો પગાર કરાવીને તે શૂલપાણિનો પૂજારી નીમ્યો. અહીં અસ્થિનો સંચય છે તેથી આ ગામનું નામ જો કે વર્દ્ધમાન[1] છે

૧ આ વર્દ્ધમાન ગામ હાલ કાઠીઆવાડમાં આવેલા વઢવાણને કહે છે, ત્યાં શૂલપાણિ યક્ષનું દેરૂં અને તેની પ્રતિમા પણ છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ જયતિ શાસનમ

તો પણ ત્યારથી લોકમાં અસ્થિક એવે નામે પ્રખ્યાત થયું. જે કોઈ કાર્પટીક વિશ્રાંત થઈને આ સ્થાનમાં રાત્રિવાસો કરે છે, તેને તે શૂલપાણિ યમરાજની જેમ મારી નાખે છે. અહિંના લોકો અને તેનો પૂજારી ઇંદ્રશર્મા પણ દિવસે અહીં રહી, સાયંકાલે પોતપોતાને ઘેર ચાલ્યા જાય છે, તેથી તમારે પણ અહીં રહેવું યોગ્ય નથી."

આ પ્રમાણે કહીને તે ગામના લોકોએ વીર પ્રભુને બીજું સ્થાત રહેવા માટે બતાવ્યું. પણ પ્રભુએ તે ન સ્વીકારતાં તે યક્ષના સ્થાનનીજ માગણી કરી. એટલે ગામના લોકોએ આજ્ઞા આપી. બોધ કરવાને યોગ્ય એવા તે વ્યંતરને જાણતા પ્રભુ તે યક્ષના સ્થાનમાં એક ખૂણે પ્રતિમા ધરીને ઉભા રહ્યા. ઇંદ્રશર્મા પૂજારીએ સાયંકાળે ધૂપ કરી બીજા મુસાફરોને ત્યાંથી કાઢી મૂકી ભગવંતને પણ કહ્યું કે–'હે દેવ! તમે પણ આ સ્થાનમાંથી બહાર નીકળો, કેમકે આ વ્યંતર ક્રૂર હોવાથી રાત્રે તમને મૃત્યુ પમાડશે.' તથાપિ પ્રભુ મૌન ધરીને ત્યાંજ સ્થિત રહ્યા. તે વ્યંતરે વિચાર્યું કે, 'અહો! આ કોઈ મરવાની ઈચ્છાએજ મારા સ્થાનમાં આવ્યો જણાય છે; કેમકે ગ્રામલોકોએ અને મારા પૂજારીએ વારંવાર વાર્યો તો પણ આ ગર્વિષ્ઠ મુનિ અહિંજ રાત્રિવાસો રહ્યો છે, તો હવે હું તેના ગર્વને હરી લઉં.' પછી વખત થવાથી પૂજારી ચાલ્યો ગયો અને સૂર્ય અસ્ત પામ્યો; એટલે જ્યાં પ્રભુ કાયોત્સર્ગ કરીને રહ્યા હતા ત્યાં તે વ્યંતરે અટ્ટહાસ્ય કર્યું. ચોતરફ પ્રસરતા અતિ રૌદ્ર અટ્ટહાસ્યના શબ્દથી જાણે આકાશ ફુટી ગયું હોય અને નક્ષત્રમંડલ તુટી પડયું હોય તેમ દેખાયું. તે સાંભળી ગામના લોકો પરસ્પર કહેવા લાગ્યા કે, 'જરૂર પેલા મુનિને અત્યારે તે વ્યંતર મારી નાખશે.' તે વખતે પાર્શ્વનાથના સાધુઓમાં ફરનાર ઉત્પલ નામે અષ્ટાંગ નિમિત્તના જ્ઞાનમાં પંડિત એવો એક પરિવ્રાજક ત્યાં આવ્યો હતો. તેણે લોકો પાસેથી તે દેવાર્ય મહાવીરનું વૃત્તાંત સાંભળ્યું. તેથી 'રખે તે છેલ્લા તીર્થંકર હોય!' એમ વિચારતાં તેના હૃદયમાં ધીરજ રહી નહીં અર્થાત્ તેને બહુ ચિંતા થવા લાગી. અહીં પેલા યક્ષે મહા ભયંકર અટ્ટહાસ કર્યું તેથી પ્રભુને કિંચિત્ પણ ક્ષોભ થયો નહીં, એટલે તે વ્યંતરે મહાઘોર હાથીનું રૂપ વિકુર્વ્યું. પ્રભુએ તે હાથીના રૂપને પણ ગણ્યું નહીં, એટલે ભૂમિ અને આકાશના માનદંડ જેવું પિશાચનું રૂપ વિકુર્વ્યું. તેથી પણ પ્રભુ ક્ષોભ પામ્યા નહીં. પછી તે દુષ્ટે યમરાજના પાશ જેવું ભયંકર સર્પનું રૂપ વિકુર્વ્યું, અમોઘ વિષના ઝરા જેવા તે સર્પે પ્રભુના શરીરને દૃઢ રીતે ભરડો લીધો અને ઉગ્ર દાઢાથી ડસવા લાગ્યો. જ્યારે સર્પ પણ નિષ્ફળ થયો ત્યારે તે યક્ષે પ્રભુને શિર, નેત્ર, મૂત્રાશય, નાસિકા, દાંત, પૃષ્ટ અને નખ એમ સાત સ્થાનકે અસહ્ય વેદના પ્રગટ કરી. એમાંની એક વેદના પણ સામાન્ય માણસને મૃત્યુ પમાડે, તેવી સાતે વેદના એક સાથે ઉત્પન્ન કરી તો પણ પ્રભુએ તે સહન કરી. આ પ્રમાણે ઉપસર્ગ કરી કરીને તે વ્યંતર જ્યારે થાકી ગયો ત્યારે વિસ્મય પામી પ્રભુને નમી અંજલી જોડીને કહેવા લાગ્યો–'હે દયાનિધિ! તમારી શક્તિને નહીં જાણતા એવા મેં દુરાત્માએ તમારા અત્યંત અપરાધો કર્યા છે તે ક્ષમા કરો.' તે વખતે પેલો

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

**સિદ્ધાર્થ** દેવ કે જેનું મન આટલીવાર પોતાના કાર્યમાં વ્યગ્ર હતું. તેને હવે પ્રભુ પાસે રહેવાની ઈંદ્રની આજ્ઞા સાંભરી. તત્કાળ ત્યાં આવી મોટા આટોપથી બોલ્યો કે, 'અરે દેવાધમ શૂલપાણિ! નહીં પ્રાર્થના કરવા યોગ્ય જે મૃત્યુ તેની પ્રાર્થના કરનારની જેમ તેં આ શું કર્યું! હે દુર્મતિ! આ સિદ્ધાર્થ રાજાના પુત્ર તીર્થંકર ભગવંત **વીરપ્રભુ** છે કે જે ત્રણ લોકને પણ પૂજવા યોગ્ય છે, તેને શું તું નથી જાણતો? જો આ તારૂં ચરિત્ર પ્રભુનો ભક્ત શક્રઈંદ્ર જાણશે તો તું તેના વજ્રની ધારાનો ભોગ થઇ પડીશ.' સિદ્ધાર્થના આવાં વચન સાંભળીને શૂલપાણિ ભય અને પશ્ચાત્તાપથી આકુળવ્યાકુળ થઈ ગયો. તેથી તેણે પ્રભુને ફરીવાર ખમાવ્યા. કેમકે તે વખતે બીજો કાંઇ ઉપાય નહતો. તેને પ્રશાંત થયેલો જાણીને દયાળુ સિદ્ધાર્થે કહ્યું કે "અરે! તું હજુ તત્ત્વને જાણતો નથી, માટે જે યથાર્થ તત્ત્વ છે તે સાંભળ–વીતરાગમાં દેવબુદ્ધિ, સાધુઓમાં ગુરૂબુદ્ધિ અને જિનેશ્વર ભગવંતે કહેલા ધર્મમાં ધર્મબુદ્ધિ–એ પ્રમાણે આત્મા સાખે નિર્ણય કર. હવેથી પોતાના આત્માની જેમ કોઈ પણ પ્રાણીને પીડા કરીશ નહીં. પૂર્વ કરેલાં સર્વ દુષ્કૃત્યની નિંદા કર. પ્રાણી એકવાર પણ આચરેલા તીવ્ર કર્મનું ફળ કોટાનકોટી ગણું પામે છે." આ પ્રમાણે તત્ત્વ સાંભળી **શૂલપાણિ** યક્ષ પ્રથમ કરેલા અનેક પ્રાણીઓના ઘાતને સાંભળીને વારંવાર પોતાના આત્માને નિંદવા લાગ્યો અને ઘણો પશ્ચાત્તાપ કરવા લાગ્યો. પછી સમકિતને ધારણ કરી સંસારથી ઉદ્વેગ પામેલા તે યક્ષે પ્રભુના ચરણની પૂજા કરી અને પોતાના અપરાધરૂપ મળને ધોવામાં જલ જેવું સંગીત પ્રભુની આગળ કરવા લાગ્યો. તે સંગીતના શબ્દને સાંભળીને ગામના લોકો ચિંતવવા લાગ્યા કે, 'તે મુનિને મારીને હવે યક્ષ ક્રીડા કરતો હશે.'

પ્રભુને કાંઈક ઉણા ચાર પહોર સુધી શૂળપાણિએ કદર્થિત કર્યા હતા, તેથી શ્રમ લાગતાં પ્રભુને જરા નિદ્રા આવી. તેમા તેમણે આ પ્રમાણે દશ સ્વપ્ન જોયા–પ્રથમ સ્વપ્ને વૃદ્ધિ પામતા તાળપિશાચને પોતે હણ્યો એમ દીઠું. બીજે સ્વપ્ને શ્વેત કોકિલ અને ત્રીજે સ્વપ્ને વિચિત્ર કોકિલ પોતાની સેવા કરતા જોવામાં આવ્યા. ચોથે સ્વપ્ને બે સુગંધી માળા દીઠી. પાંચમે સ્વપ્ને પોતાની સેવા કરવામાં ઉદ્યત થયેલો ગોવર્ગ જોયો. છઠ્ઠે સ્વપ્ને પદ્મોથી ભરપૂર પદ્મ સરોવર દીઠું. સાતમે સ્વપ્ને પોતે બે ભુજાથી સાગર તરી ગયા. આઠમે સ્વપ્ને કીરણોને પ્રસારતું સૂર્યબિંબ જોયું. નવમે સ્વપ્ને પોતાના આંતરડાથી વીંટાએલો માનુષોત્તર ગિરિ જોયો અને દશમે સ્વપ્ને પોતાને મેરૂગિરિના શિખર ઉપર આરૂઢ થયેલા જોયા, આ પ્રમાણે દશ સ્વપ્ન જોઈ પ્રભુ જાગ્રત થયા. તેવામાં જાણે તેમને વંદન કરવાને ઈચ્છતો હોય તેમ સૂર્ય ઉદય પામ્યો. તે વખતે ગામના સર્વ લોકો, **ઇંદ્રશર્મા** પૂજારી અને **ઉત્પલ** નિમિત્તિઓ ત્યાં આવ્યા. પ્રભુને અક્ષત અંગવાળા અને પૂજેલા જોઈ સર્વ હર્ષ પામ્યા. પછી આશ્ચર્યથી પુષ્પાદિકવડે પ્રભુને પૂજી રણમાં જીત પામેલા વીરોની જેમ તેઓએ મોટો સિંહનાદ કર્યો. પછી તેઓ પરસ્પર કહેવા લાગ્યા કે, 'આપણે ભાગ્યયોગેજ આ દેવાર્ય પ્રભુને દુષ્ટ વ્યંતરના ઉપદ્રવમાંથી કુશળ રહેલા દીઠા છે.'

www.jainsite.com                    For Private & Personal Use Only                    info@jainsite.com

ઉત્પલ નિમિત્તિએ પ્રભુને ઓળખીને વંદના કરી અને લઘુશિષ્યની જેમ તે પ્રભુના ચરણકમળ પાસે બેઠો. ભગવંતે કાયોત્સર્ગ પાર્યા પછી ઉત્પલ પ્રભુને ફરીને નમ્યો અને પોતાના જ્ઞાનના સામર્થ્યથી પ્રભુને આવેલા દશ સ્વપ્નને જાણીને તે બોલ્યો કે, 'હે સ્વામી! તમોએ રાત્રિને અંતે જે દશ સ્વપ્નો જોયા છે તેનું ફળ તમે પોતે તો જાણો છો, તથાપિ હું ભક્તિવશ થઈને કહું છું-હે નાથ! પ્રથમ સ્વપ્ને તમે જે તાલપિશાચને હણ્યો, તેથી તમે મોહને હણી નાખશો, બીજે સ્વપ્ને જે શુકલ કોકિલ જોયો. તેથી તમે શુકલ ધ્યાનપર આરૂઢ થશો, ત્રીજે સ્વપ્ને જે વિચિત્ર કોકિલ જોયો, તેથી તમે દ્વાદશાંગીને વિસ્તારશો, પાંચમે સ્વપ્ને જે ગોવર્ગ જોયો તેથી તમારે ચતુર્વિધ સંઘ થશે, છઠ્ઠે સ્વપ્ને જે પદ્મસરોવર જોયું તેથી દેવોનો સમૂહ તમારા સેવકભૂત થશે, સાતમે સ્વપ્ને જે સમુદ્ર તરી ગયા તેથી આ ભવસમુદ્રને તરી જશો, આઠમે સ્વપ્ને જે સૂર્ય જોયો તેથી તમને કેવલજ્ઞાન ઉત્પન્ન થશે, નવમે સ્વપ્ને જે આંતરડાથી વીંટાએલો માનુષોત્તર પર્વત જોયો તેથી તમારો પ્રતાપ યુક્ત યશ વિસ્તૃત થશે અને દશમે સ્વપ્ને જે તમે મેરૂગિરિના શિખર ઉપર ચડયા તેથી તમે સિંહાસનપર બેસીને ધર્મનો ઉપદેશ કરશો. આ પ્રમાણે નવ સ્વપ્નોનું ફળ હું જાણું છું, પણ ચોથા સ્વપ્નમાં તમે જે બે માળાઓ જોઈ તેનું ફળ હું જાણતો નથી.' તે સમયે ભગવંત બોલ્યા-'એ બે માળાનું ફળ એવું છે કે, હું ગૃહસ્થનો અને યતિનો-એમ બે પ્રકારે ધર્મ કહીશ.' પછી ઉત્પલ પ્રભુને નમીને પોતાને સ્થાનકે ગયો અને બીજાઓ પણ મનમાં વિસ્મય પામી પોતપોતાને સ્થાનકે ગયા.

ત્યાં આઠ અર્ધ માસક્ષપણ કરવાવડે ચાતુર્માસ્ય નિર્ગમન કરીને પ્રભુએ તે અસ્થિક ગામથી અન્યત્ર વિહાર કર્યો. તે વખતે શૂલપાણિ યક્ષ પ્રભુની પછવાડે આવી નમસ્કાર કરીને કહેવા લાગ્યો કે-'હે નાથ! તમે પોતાના સુખની અપેક્ષા કર્યા વિના માત્ર મારી ઉપર અનુકંપા કરવાને માટે જ અહિં આવ્યા હતા, પરંતુ મારા જેવો કોઈ પાપી નહીં કે, જેણે તમારે વિષે આવો અપકાર કર્યો અને તમારા જેવો કોઈ સ્વામી નહીં, કે જે તેમ છતાં પણ મારે વિષે ઉપકારી થયા. હે વિશ્વના ઉપકારી! જો તમે અહીં આવીને મને બોધ ન કર્યો હોત તો આજે મેં જરૂર નરકભૂમિ મેળવી હોત.' આ પ્રમાણે કહીને તે યક્ષ ભક્તિપૂર્વક ભગવંતને પ્રણામ કરી મદ રહિત હસ્તિની જેમ શાંત થઈ પાછો વળ્યો.

દીક્ષાના દિવસથી એક વર્ષ વીત્યા પછી પાછા પેલા મોરાક ગ્રામમાં આવીને પ્રભુ બહારના ઉદ્યાનમાં પ્રતિમા ધરીને રહ્યા. તે સમયે તે ગ્રામમાં અચ્છંદક નામે એક પાખંડી રહેતો હતો. તે મંત્ર તંત્ર વિગેરેથી પોતાની આજીવિકા ચલાવતો હતો. તેના માહાત્મ્યને સિદ્ધાર્થ વ્યંતર સહન કરી શકયો નહીં, તેથી અને વીર પ્રભુની પૂજાની અભિલાષાથી તે સિદ્ધાર્થે પ્રભુના શરીરમાં પ્રવેશ કર્યો. પછી કોઈ ગોપાલ જતો હતો તેને બોલાવીને કહ્યું



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કે, 'તેં સૌવીર૧ સહિત કંગૂર૨નું ભોજન કર્યું છે અને તું બલદોનું રક્ષણ કરવાને જાય છે. અહીં આવતાં આવતાં તેં એક સર્પને જોયો હતો, અને આજે તું સ્વપ્નામાં ભરપૂર રોયો હતો. અરે ગોપ ! અરે ખરું કહે, આ બધું મારૂં કહેવું બરાબર છે ?' ગોપાલે કહ્યું 'બધું સત્ય છે.' પછી **સિદ્ધાર્થે** તેને વિશેષ પ્રતીતિ ઉપજાવવાને માટે બીજું ઘણું કહ્યું. તે સાંભળી ગોવાળ વિસ્મય પામી ગયો. તેણે ગામમાં જઈને કહ્યું કે 'અહો ! આપણા ગામની બહાર વનમાં એક ત્રિકાલવેત્તા દેવાર્ય આવેલા છે, તેઓએ મને પ્રતીતિ થાય તેમ બધું બરાબર કહ્યું છે.' તે સાંભળી બધા ગામના લોકો કૌતુકથી પુષ્પ અક્ષત વિગેરે પૂજાનો સામાન લઈ પ્રભુની પાસે આવ્યા. **સિદ્ધાર્થ** પ્રભુના શરીરમાં સંક્રમીને બોલ્યો કે, 'તમે સર્વે શું મારો અતિશય જોવાને આવ્યા છો ?' ગામના લોકોએ 'હા' કહી, એટલે **સિદ્ધાર્થે** પૂર્વે તેઓએ જે જે જોયેલું, કરેલું, સાંભળેલું અને કહેલું હતું તે બધું બરાબર કહી આપ્યું. **સિદ્ધાર્થે** કેટલુંક ભવિષ્ય કહ્યું, તે સાંભળી લોકોએ મોટા મહિમાથી પ્રભુની પૂજા અને વંદના કરી. એવી રીતે લોકો પ્રતિદિન ઉપરાઉપર આવી આવીને પડવા લાગ્યા, તેથી સિદ્ધાર્થના મનમાં ઘણી પ્રીતિ ઉત્પન્ન થઈ.

એક વખતે ગામના લોકોએ ત્યાં આવીને કહ્યું, 'સ્વામી ! અમારા ગામમાં એક **અચ્છંદક** નામે જ્યોતિષી વસે છે, તે પણ તમારી જેમ બધું જાણે છે.' સિદ્ધાર્થ બોલ્યો કે, 'તે પાખંડી કાંઈ પણ જાણતો નથી. તે તો તમારા જેવા ભોળા માણસોને છેતરીને પોતાની ઉદરપૂરણા કરે છે.' તે લોકોએ આવીને અચ્છંદકને કહ્યું કે, 'અરે ! તું તો કાંઈ પણ જાણતો નથી, સર્વ ભૂત, ભવિષ્ય ને વર્તમાન તો નગર બહાર રહેલા દેવાર્ય જાણે છે.' તે સાંભળી પોતાની પ્રતિષ્ટાનો નાશ થવાના ભયથી અચ્છંદક બોલ્યો–'અરે લોકો ! ખરેખર પરમાર્થને નહીં જાણનારા એવા તમારી આગળ તે જાણનારમાં ખપે છે, પણ જો તે મારી આગળ આવે તો હું જાણું કે, તે ખરેખરો જ્ઞાતા છે. ચાલો, આજે તમારા દેખતાં હું તેની અજ્ઞતા ખુલ્લી કરી આપીશ.' આ પ્રમાણે કહીને તે અચ્છંદક ક્રોધ કરતો ગામના કૌતુકી લોકોની સાથે જ્યાં પ્રભુ કાયોત્સર્ગ કરીને રહ્યા હતા, ત્યાં સત્વર આવ્યો. પછી એ હાથની આંગળીમાં એક ઘાસનું તરણું બંને બાજુથી પકડીને પ્રભુ પ્રત્યે બોલ્યો કે, 'કહો, આ તરણું મારાથી છેદાશે કે નહીં ?' તેના મનમાં એવું હતું કે, 'આ દેવાર્ય જે કહેશે તેથી હું વિપરીત કરીશ, એટલે તેની વાણી અનૃત થઈ જશે.' **સિદ્ધાર્થે** પ્રભુના શરીરમાં સંક્રમીને કહ્યું કે, 'એ તૃણ છેદાશે નહીં.' એટલે **અચ્છંદક** આંગળી સજ્જ કરીને તે તરણું છેદવા તત્પર થયો. તે વખતે ઇંદ્રે પોતાની સભામાં બેઠા બેઠા વિચાર્યું કે, 'હમણા **વીરપ્રભુ** ક્યાં વિચરતા હશે ?' ઉપયોગ આપી જોયું, તો પ્રભુની સાથે તે અચ્છંદકની ચેષ્ટા તેમના જોવામાં આવી. તત્કાળ તેણે ધાર્યું કે, 'પ્રભુના મુખથી નીકળેલી વાણી અસત્ય ન થાઓ.' એવું ધારી તેણે અચ્છંદકની દશે આંગળી વજ્રથી છેદી

---

૧. એક જાતની કાંજી. ૨ કાંગ જાતિનું ધાન્ય.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નાખી. તૃણને છેદતાં તેને આવી રીતે દુઃખી થયેલો જોઈને બધા લોકો તેને હસવા લાગ્યા. તેથી મૂઢ બુદ્ધિવાળો અચ્છંદક ઉન્મત્તની જેમ ત્યાંથી બીજે ચાલ્યો ગયો. પછી સિદ્ધાર્થે આમ્યજનને કહ્યું કે, 'આ અચ્છંદક ચોર છે.' ત્યારે લોકોએ પૂછ્યું 'સ્વામી! તેણે શું અને કોનું ચોર્યું છે?' સિદ્ધાર્થે કહ્યું 'આ ગામમાં એક વીરઘોષ નામે સેવક છે.' તે સાંભળતાંજ વીરઘોષે ઊભા થઈને પ્રણામ કર્યો. કહ્યું કે, 'શું આજ્ઞા છે?' એટલે ફરીવાર સિદ્ધાર્થ બોલ્યો–'પૂર્વે દશપળ પ્રમાણનું એક પાત્ર તારા ઘરમાંથી ખોવાયું છે?' વીરઘોષે કહ્યું, હા. પછી સિદ્ધાર્થ બોલ્યો કે, 'તે પાત્ર આ પાખંડી અચ્છંદકે હરી લીધું છે, તેની ખાત્રી કરી જો. તારા ઘરની પાછળ પૂર્વ દિશામાં સરગવાનું વૃક્ષ છે, તેની નીચે એક હાથ ખોદીને દાટેલું છે, માટે જા, તે લઈ લે.' વીરઘોષ ઉત્કંઠિત થઈ તે લેવાને માટે પોતાને ઘેર ગયો અને જે ઠેકાણે કહ્યું હતું તે ઠેકાણેથી તે લઈને પાછો આવ્યો. તે જોઈ કોલાહલ કરી રહેલા ગામના લોકોને સિદ્ધાર્થે પુનઃ કહ્યું, 'સાંભળો, અહિં કોઈ ઈંદ્રશર્મા નામે ગૃહસ્થ છે?' લોકોએ હા પાડી, ત્યાં તો ઇંદ્રશર્મા આવીને હાજર થયો અને અંજલિ જોડીને બોલ્યો કે, 'ઈંદ્રશર્મા હું. શી આજ્ઞા છે?' સિદ્ધાર્થે કહ્યું, 'ભદ્ર! પ્રથમ તારો એક મેંઢો ખોવાયો છે?' ઇંદ્રશર્મા વિસ્મય પામીને બોલ્યો–હા. સિદ્ધાર્થ બોલ્યો– 'તે મેંઢાને આ અચ્છંદક ભિક્ષુક મારીને ખાઈ ગયો છે અને તેના અસ્થિ બોરડીના વૃક્ષની દક્ષિણ બાજુએ દાટી દીધા છે.' લોકોએ કૌતુકથી ત્યાં જઈ તેના અસ્થિ જોયા, અને 'ત્યાં છે' એમ આવીને તેઓએ કહ્યું. સિદ્ધાર્થ બોલ્યો–'તે પાખંડીનું એક ત્રીજું પણ દુશ્ચરિત છે, પણ હવે હું તે કહીશ નહી.' ગામના લોકો આગ્રહથી વારંવાર બોલ્યા કે, 'ભગવન્! પ્રસન્ન થાઓ, અને તે અમને થોડું પણ કહો. તમારી કહેલી અર્ધ કથા પણ ઘણી રમણીક લાગશે.' સિદ્ધાર્થ બોલ્યો કે, 'હું તો તે કહીશ જ નહિ, પણ જો તમારે કુતુહલ હોય તો તે અચ્છંદકને ઘેર જઈ તેની સ્ત્રીને પૂછો, તે કહેશે.' એટલે લોકો તેને ઘેર ગયા. હવે તે દિવસે તેણે પોતાની સ્ત્રીને મારેલી હતી, તેથી તે રોષવતી થઈ નેત્રમાં અશ્રુ લાવી આ પ્રમાણે ચિંતવતી હતી કે, 'આ દુરાશય પતિ અચ્છંદકની આંગળીઓ છેદાણી અને બધા લોકોએ તેનો તિરસ્કાર કર્યો તે બહુ સારૂં થયું, હવે જો લોકો હમણા મારી પાસે આવે તો હું તેનું સર્વ દુશ્ચરિત ખુલ્લું કરી દઉં, કે જેથી એ પાપી મને મારવાનું ફળ પૂરેપૂરું મેળવે.' તેવામાં તો ગામના લોકો ત્યાં આવ્યા, અને તેઓએ તે સ્ત્રીને અચ્છંદકના દુશ્ચરિત વિષે પૂછ્યું, એટલે તે બોલી કે, 'એ પાપીનું નામ પણ કોણ લે, એ દુષ્ટ કર્મચાંડાળ પોતાની બેનની સાથે વિષયસુખ ભોગવે છે અને કદિ પણ મારી ઈચ્છા કરતો નથી.' આ વાત સાંભળી કળકળાટ કરતા ગામના લોકો અચ્છંદકની નિંદા કરતા કરતા પોતપોતાને ઘેર ચાલ્યા ગયા. પછી એ ભિક્ષુક સર્વ ઠેકાણે 'પાપી, પાપી' એમ કહેવાતો તિરસ્કાર પામ્યો અને કોઈ ઠેકાણેથી તેને ભિક્ષા પણ મળી નહીં. "પ્રતિષ્ઠા રહિત પુરુષને ધિક્કાર છે."

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

પછી અચ્છંદક એકાંતે શ્રી **વીર**પ્રભુ પાસે જઈ દીનપણે નમીને બોલ્યો કે "હે ભગવન્! આપ અહિંથી બીજે પધારો. કેમ કે જે પૂજ્ય હોય છે તે તો બધે પૂજાય છે. હું તો માત્ર અહિંજ જાણીતો છું, બીજે તો મારૂં નામ પણ કોઈ જાણતું નથી! 'શૃગાળનું શૌર્ય તેની ગુફામાંજ હોય છે, બહાર હોતું નથી.' હે નાથ! મેં તમારો અજાણે પણ જે અવિનય કર્યો તેનું ફળ મને હમણાંજ પ્રાપ્ત થયેલું છે, માટે હવે તમે મારા ઉપર કૃપા કરો." આવાં તેનાં વચન સાંભળીને અપ્રીતિવાળા સ્થાનનો પરિહાર કરવાના અભિગ્રહવાળા પ્રભુ ત્યાંથી ઉત્તરે **ચાવાળ** નામના **સન્નિવેશ** તરફ ચાલ્યા.

દક્ષિણે અને ઉત્તરે એમ ચાવાલ નામના બે ગામ હતા અને તેની વચમાં **સુવર્ણવાળુકા** તથા **રૂપ્યવાળુકા** નામે બે નદીઓ હતી. પ્રભુ દક્ષિણ બાજુના ચાવાલ ગામથી ઉત્તર બાજુના ચાવાલ ગામ તરફ જતા હતા, ત્યાં સુવર્ણવાળુકાના તટ ઉપર તેમનું અર્ધ દેવદૂષ્ય વસ્ત્ર કાંટા સાથે ભરાઈ રહ્યું. થોડે ચાલ્યા પછી પ્રભુએ વિચાર્યું કે, 'આ વસ્ત્ર અયોગ્ય સ્થંડિલ ભૂમિએ ભ્રષ્ટ ન થાઓ.' એમ વિચારી જરા પાછું જોઈ પ્રભુ આગળ ચાલતા થયા.

હવે પેલો બ્રાહ્મણ જે પ્રભુની પાછળ ફરતો હતો, તે તેર માસે આ અર્ધ વસ્ત્ર લઈ પ્રભુને વાંદીને પોતાના ગામ તરફ ચાલ્યો. હર્ષિત ચિત્તે પોતાને ગામે પહોંચી તે અર્ધ વસ્ત્ર લઈને પેલા વણકરની પાસે ગયો અને તેને તે વસ્ત્ર આપ્યું. તૂણનારે તેના બે ખંડને ન જણાય તેવાં સાંધી લીધા. પછી તે વેચતાં તેના એક લાખ દીનાર ઉપજ્યા. તે બંને જણાએ બંધુની જેમ અર્ધ અર્ધ વેંચી લીધા.

અહિં ભગવાન્ **વીર**પ્રભુ પવનની જેમ અસ્ખલિતપણે વિહાર કરતા **શ્વેતાંબી** નગરી તરફ ચાલ્યા. માર્ગમાં ગોવાળોના પુત્રોએ કહ્યું કે, 'હે દેવાર્ય! આ માર્ગ **શ્વેતાંબીએ** પાંશરો જાય છે, તેની વચમાં **કનકખળ** નામે તાપસોનો આશ્રમ આવે છે, ત્યાં હમણા એક દૃષ્ટિવિષ સર્પ રહે છે, જેથી ત્યાં પક્ષીઓનો પણ સંચાર નથી, માત્ર વાયુનોજ સંચાર છે. માટે એ સરળ માર્ગ છોડી દઈ બીજા આ વક્ર માર્ગે ચાલો, કેમકે જેનાથી કાન ત્રુટી જાય તેવું સુવર્ણનું કર્ણાભૂષણ પણ શા કામનું?' પ્રભુએ જ્ઞાનવડે તે સર્પને ઓળખ્યો.

એ સર્પ પૂર્વ જન્મમાં તપસ્વી સાધુ હતો, એક વખતે તે પારણાને માટે ઉપાશ્રયથી બહાર ગયો. માર્ગમાં તેના પગ નીચે એક દેડકી કચરાઈ ગઈ. તે જોઈને તેની આલોચના કરવા માટે એક ક્ષુલ્લકે તેને દેડકી બતાવી, તે જોઈ ઉલટો તે લોકોએ મારી નાખેલી બીજી દેડકીઓ બતાવવા લાગ્યો અને બોલ્યો કે–'અરે ક્ષુલ્લક! શું આ દેડકીઓ પણ મેં મારી નાંખી?' તે સાંભળી ક્ષુલ્લક મૌન ધરી રહ્યા. શુદ્ધિબુદ્ધિએ તેણે વિચાર્યું કે, 'આ મહાનુભાવ છે, તેથી સાયંકાળે તેની આલોચના કરશે.' પછી આવશ્યક (પ્રતિક્રમણ) કરતાં પણ જ્યારે તેની આલોચના કર્યા વગર તે સાધુ બેસી ગયા, ત્યારે ક્ષુલ્લકે ચિંતવ્યું કે, 'એ દેડકીની વિરાધના ભુલી ગયા હશે,' તેથી તેણે સંભારી આપ્યું કે, 'આર્ય! કેમ તમે પેલી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેડકીની આલોચના કરતા નથી?' તે સાંભળીને ક્ષપક ક્રોધ કરી ઊભા થઈ તે **ક્ષુલ્લકને** મારવા દોડ્યા. ક્રોધાંધ થઈને ચાલતાં વચમાં એક સ્તંભ સાથે મસ્તક અફળાઈ જવાથી તે સાધુ મૃત્યુ પામી ગયા. સાધુપણાની વિરાધના કરવાથી તે જ્યોતિષ્ક દેવતામાં ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવી **કનકખલ** નામના સ્થાનમાં પાંચસો તપસ્વીઓના કુલપતિની પત્નીથી **કૌશિક** નામે પુત્ર થયો. ત્યાં કૌશિકગોત્રપણાને લીધે બીજા પણ કૌશિક તાપસોજ હતા. તેઓમાં આ તાપસ વિશેષ ક્રોધી હોવાથી તે **ચંડકૌશિક** નામે પ્રખ્યાત થયો. પૂર્વ કુલપતિ યમરાજનો અતિથિ થતાં એ ચંડકૌશિક તાપસોનો કુલપતિ થયો. તેને પોતાના વનખંડ ઉપર ઘણી મૂર્છા હતી, જેથી તે રાત દિવસ ભમ્યા કરતો અને કોઈને તે વનમાંથી પુષ્પ, ફલ, મૂલ, કે પત્ર લેવા દેતો નહોતો. કદિ જો કોઈ તે વનમાંથી સડેલું પણ ફળ કે પત્રાદિક ગ્રહણ કરતું તો તે કુહાડો, યષ્ટિ કે ઢેખાળું લઈ તેને મારવા દોડતો હતો. ત્યાંના રહેનાર તાપસોને પણ ફળાદિક લેવા દેતો ન હોવાથી સીદાતા એવા બધા તાપસો, લાકડી પડતાં કાક પક્ષી ભાગી જાય તેમ દશે દિશામાં જતા રહ્યા. એક દિવસે **ચંડકૌશિક** તે વાટિકાસંબંધી કામને માટે બહાર ગયો, તેવામાં કેટલાએક રાજકુમારો **શ્વેતાંબી** નગરીથી સત્વર ત્યાં આવીને તે વનને ભાંગવા લાગ્યા. જ્યારે **કૌશિક** પાછો આવ્યો ત્યારે ગોપાલોએ તેને જણાવ્યું કે, 'જુઓ, આ કોઈક તમારા વનને ભાંગી નાખે છે.' તે સાંભળી હુતદ્રવ્યથી અગ્નિની જેમ કૌશિક ક્રોધથી પ્રજ્વલિત થયો. તત્કાળ અકુંઠ ધારાવાળો કુહાડો લઈને દોડ્યો. તેને આવતો જોઈને બાજ પક્ષીથી બીજા પક્ષીઓની જેમ સઘળા રાજપુત્રો નાશી ગયા. અને તે કૌશિક પગવડે સ્ખલના પામતાં યમરાજનાં મુખ જેવા કોઈ ખાડામાં પડી ગયો. પડતાંજ તેણે ફેંકેલો તીક્ષ્ણ કુહાડો તેની ઉપર પડ્યો, જેથી તેના મસ્તકના બે ભાગ થઈ ગયા. "કુકર્મનો વિપાક આવોજ હોય છે." તેનાથી મૃત્યુ પામી તે **ચંડકૌશિક** આ વનમાં દૃષ્ટિવિષ સર્પ થયેલો છે. "તીવ્રાનુબંધી ક્રોધ ભવાંતરમાં પણ સાથે જ જાય છે."

આ પ્રમાણે તેનો પૂર્વભવ વિચારી 'એ દૃષ્ટિવિષ સર્પ અવશ્ય પ્રતિબોધ કરવાને યોગ્ય છે' એમ ધારીને જગત્પ્રભુ **વીર** પોતાની પીડાને અવગણી સરલ માર્ગે ચાલ્યા. પ્રભુએ જ્યારે એ જીર્ણ અરણ્યમાં પ્રવેશ કર્યો, ત્યારે તેમાં ચરણસંચાર નહીં હોવાથી વાલુકા જેમની તેમ રહેલી હતી, જલાશયમાંથી વહેતી નીકો પાણી વિનાની હતી, જીર્ણ થયેલા વૃક્ષો સુકાઈ ગયા હતા, જીર્ણ પત્રોના સમૂહથી બધો ભાગ પથરાઈ ગયો હતો, રાફડાઓથી ઘણો ભાગ વ્યાપ્ત થઈ ગયો હતો અને ઝુંપડીઓ બધી પૃથ્વી ભેગી થઈ ગઈ હતી. એવામાં અરણ્યમાં આવીને પ્રભુ યક્ષમંડપમાં નાસિકાપર નેત્રને સ્થિર કરીને કાયોત્સર્ગે રહ્યા. થોડી વારે પેલો દૃષ્ટિવિષ સર્પ મુખમાંથી કાળરાત્રિ જેવી જિહ્વાને બહાર કાઢતો અભિમાન યુક્ત થઈને ફરવા નીકળ્યો. વનમાં આજ્ઞારેખાની જેમ પોતાના શરીરની રેખા પડતો ચાલ્યો જાય છે, તેવામાં તેણે વીર પ્રભુને જોયાં. એટલે 'અરે! મારી અવજ્ઞા કરવા માટે આ કોણ મને જાણ્યા વગર અહિં નિઃશંક થઈને પેસી ગયો છે? અને શંકુની જેમ સ્થિર થઈને ઊભો રહ્યો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે, માટે હું તેને ભસ્મ કરી નાખું.' આ પ્રમાણે વિચારીને કોપે ધમધમતો તે સર્પ પોતાના ફણાટોપને વિસ્તારવા લાગ્યો. જવાળામાળાને વમન કરતી, લતા વૃક્ષોને દહન કરતી, તેમજ સ્ફાર ફુત્કારોથી ભયંકર એવી દૃષ્ટિથી તે પ્રભુને જોવા લાગ્યો. તેથી પ્રજ્વલિત એવી તેની દૃષ્ટિજ્વાળાઓ આકાશમાંથી ઉલ્કા જેમ પર્વતપર પડે તેમ પ્રભુના શરીર ઉપર પડી. પણ મહા પ્રભાવિક પ્રભુની ઉપર તે કાંઈ પણ અસર કરી શકી નહીં. કેમકે "મહાન્ પવન પણ મેરૂને કંપાવવાને સમર્થ થાય?" પોતાની તીવ્ર દૃષ્ટિવડે પણ જ્યારે પ્રભુને કાંઈ થયું નહીં ત્યારે 'હજુ કેમ આ કાષ્ટની જેમ દગ્ધ થયો નહીં.' એવું વિચારી વિશેષ ક્રોધ કરીને તેણે સૂર્યની સામું જોઈ જોઇને વિશેષ દૃષ્ટિજ્વાળા છોડવા માંડી. તથાપિ એ જ્વાળાઓ પણ પ્રભુની ઉપર તો જળધારા જેવી થઈ ગઈ, એટલે તે સર્પ શૂગ વગરનો થઈને પ્રભુના ચરણકમળપર ડસ્યો. પોતાના વિષની ઉગ્રતાથી દુર્મદ એવો તે 'મારા તીવ્ર વિષવડે આક્રાંત થઇને આ હમણા પડશે તો રખે મને દાબી ન નાખે.' એવા ઈરાદાથી ડશી ડશીને દૂર ખસતો હતો. પ્રભુના અંગપર જે સ્થાનકે તે ડસતો ત્યાંથી તેનું ઝેર પ્રસરી શકતું નહીં, માત્ર ગાયના **દુધ જેવી રૂધિરની ધારા ત્યાંથી** ખરતી હતી. ઘણીવાર તેમ થવાથી 'આ શું! એમ વિસ્મય પામીને તે પ્રભુની આગળ ઉભો રહ્યો. અને વિલખો થઈને પ્રભુની સામે જોવા લાગ્યો. પછી પ્રભુના અતુલ રૂપને નીરખતાં પ્રભુના કાંત અને સૌમ્ય રૂપને લીધે તેના નેત્રો સ્તબ્ધ થઈ ગયા. જ્યારે તે કાંઈક ઉપશાંત થયો ત્યારે પ્રભુ બોલ્યા કે-'અરે **ચંડકૌશિક**! બુઝ! બુઝ! મોહ પામ નહીં.' ભગવંતનું આ વચન સાંભળી ઉહાપોહ કરતાં તે સર્પને જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું. પછી પ્રભુને ત્રણ પ્રદક્ષિણા કરીને તેણે પોતાના મનમાં અનશન અંગીકાર કરવાનો નિશ્ચય કર્યો. અનશન કરવાવડે સર્વ ક્રિયાથી રહિત થયેલા અને ઉપશાંતપણાને પામેલા તે સર્પને જાણીને પ્રભુએ પોતાની દૃષ્ટિવડે તેનું સિંચન કર્યું. પછી 'વિષવડે ભયંકર એવી મારી દૃષ્ટિ કોઈના ઉપર પણ ન પડો' એમ ધારીને પોતાના રાફડામાં મોઢું રાખી તે સર્પ સમતા રૂપ અમૃતને પીવા લાગ્યો. પ્રભુ પણ તેની અનુકંપાવડે ત્યાં જ સ્થિતિ કરીને રહ્યા. "મહાન્ પુરુષોની પ્રવૃત્તિ બીજાના ઉપકારને માટે જ હોય છે." ભગવંતને ઉપદ્રવ રહિત રહેલા જોઈ સર્વ ગોવાળો અને વત્સપાળો વિસ્મય પામીને સત્વર ત્યાં આવ્યા. અને પોતાની ખાત્રી કરવા માટે વૃક્ષને અંતરે સંતાઈ રહીને તે મહાત્મા સર્પને નિશ્ચલ રહેલ જોઇ તેઓને વિશ્વાસ આવ્યો, એટલે તેની નજીક આવી તે સર્પના શરીરને લાકડીઓથી અડવા લાગ્યા. તો પણ તેને સ્થિર રહેલ જોઈ ગોવાળોએ એ વાર્ત્તા લોકોને કહી એટલે લોકો ત્યાં આવ્યા, અને વીરપ્રભુને તથા મરણોન્મુખ એવા તે સર્પને વંદના કરવા લાગ્યા. ગોવાળોની કેટલીક સ્ત્રીઓ તે માર્ગે થઈને ઘી વેચવા જતી હતી, તેઓએ તે સર્પના શરીરપર ઘી ચોપડ્યું. તે ગંધથી ત્યાં તીક્ષ્ણ મુખવાળી કીડીઓ આવી, તે સર્પના કલેવરને ચારણી જેવું કરી દીધું. 'મારા પાપકર્મ પાસે આ પીડા શી ગણત્રીની છે.' એમ વિચાર કરતો તે સર્પરાજ તે દુઃસહ વેદનાને પણ સહન કરવા લાગ્યો.

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

અને 'આ બિચારી અલ્પબલવાળી કીડીઓ મારા શરીરના દબાણથી પીલાઓ નહીં.' એવું ધારી એ મહાશય સર્પે પોતાનું અંગ જરા પણ હલાવ્યું નહીં. આ પ્રમાણેના કરૂણા પરિણામવાળો અને ભગવંતની દયામૃત દૃષ્ટિથી સિંચન થતો તે સર્પ એક પખવાડીએ મૃત્યુ પામીને **સહસ્રાર** દેવલોકમાં દેવતા થયો.

**કૌશિક** સર્પની ઉપર આવો મહા ઉપકાર કરી ત્યાંથી વિહાર કરીને પ્રભુ **ઉત્તરવાચાળ** નામના ગામ સમિપે આવ્યા. **પક્ષોપવાસ**ને અંતે પારણાને માટે ગોચરીએ ફરતા પ્રભુ **નાગસેન** નામના ગૃહસ્થને ઘેર ગયા. તે દિવસે તે ગૃહસ્થનો એકનો એક પુત્ર જે બાર વર્ષ થયાં પરદેશ ગયો હતો તે વાદળા વગરની વૃષ્ટિની જેમ અકસ્માત્ ઘેર આવ્યો હતો, તેથી **નાગસેને** પોતાને ઘેર ઉત્સવ કર્યો હતો અને પોતાના સર્વ સ્વજન વર્ગને ભોજન આપ્યું હતું. તેવે સમયે પ્રભુ ત્યાં વહોરવા પધાર્યા. **વીરપ્રભુ**ને દૂરથી આવતા જોઈ **નાગસેનને** ઘણો હર્ષ થયો. તેથી તેણે ભક્તિપૂર્વક પયવડે પ્રભુને પ્રતિલાભિત કર્યા. તે વખતે 'અહોદાનં, અહોધાનં' એમ બોલતા દેવતાઓએ ત્યાં વસુધારા વિગેરે પાંચ દિવ્ય પ્રગટ કર્યા. પછી પ્રભુ પારણું કરીને **શ્વેતાંબી** નગરી તરફ ચાલ્યા. તે નગરી જિનભક્ત એવા **પ્રદેશી** રાજાથી વિભૂષિત હતી, પ્રભુના ખબર સાંભળી **પ્રદેશી** રાજા જાણે બીજો ઇંદ્ર હોય તેમ નગરજનો, અમાત્યો અને અનેક રાજાઓનો પરિવાર લઈ પ્રભુની સામે આવ્યો અને ભક્તિથી **વીરપ્રભુ**ને વંદના કરી. પછી રાજા રાજા પોતાના નગરમાં ગયો અને તપથી શ્રેષ્ઠ એવા પ્રભુ અનુક્રમે વિહાર કરતા કરતા **સુરભિપુર** સમિપે આવ્યા. ત્યાંથી જાણે પૃથ્વીની ઓઢણી હોય, અને સમુદ્રનું જાણે પ્રતિમાન હોય તેવી ઊંચા તરંગવાળી **ગંગાનદી** પાસે આવ્યા. પ્રભુ **ગંગા** ઉતરવાને ઇચ્છતા હતા, તેથી **સિદ્ધદંત** નામના કોઈ **નાવિકે** તૈયાર કરેલ નાવમાં પ્રભુ અને બીજા મુસાફરો બેઠા. પછી નાવિકે બે બાજુથી હલેસાં ચલાવ્યાં, એટલે બે પાંખોવડે પક્ષિણીની જેમ તે નાવિકા ત્વરાથી ચાલવા લાગી. તે સમયે કાંઠા ઉપર રહેલું ઘુવડપક્ષી બોલ્યું, તે સાંભળી નાવમાં બેઠેલા શકુનશાસ્ત્રના જાણ **ક્ષેમિલ** નામના નિમિત્તિએ કહ્યું કે, 'આ વખતે આપણે કુશળક્ષેમે પાર ઉતારવાના નથી. થોડા સમયમાં આપણ સર્વને મરણાંત કષ્ટ પ્રાપ્ત થશે, પણ આ મહર્ષિના મહિમાથી આપણે બચી જશું.' તે આમ બોલતો હતો તેવામાં નાવ અગાધ જળમાં આવ્યું. ત્યાં **સુદંષ્ટ્ર** નામે એક નાગકુમાર દેવ રહેતો હતો, તેણે પ્રભુને જોયા. પૂર્વ જન્મનું વૈર સંભારી તેણે ક્રોધથી ચિંતવ્યું કે, 'જ્યારે આ **ત્રિપૃષ્ટ** હતો, ત્યારે હું સિંહ હતો તેણે મને માર્યો હતો, તે વખતે હું તેના દેશથી ઘણો દૂર રહેતો હતો, મેં કાંઈ તેનો અપરાધ કર્યો નહતો અને હું એક ગુહામાં સંતાઈ રહ્યો હતો, ત્યાં પોતાની ભુજાના વીર્યના ગર્વથી અને માત્ર કૌતુક કરવાની ઇચ્છાથી એણે આવીને મને મારી નાખ્યો હતો. તે આજે મારી નજરે પડચો તે બહુ સારૂં થયું, હવે હું મારૂં વૈર લઉં. "ઋણની જેમ વૈર પ્રાણીને સેંકડો જન્મ સુધી અનુસરે છે." પૂર્વનું વૈર લેવાથી જેનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જન્મ કૃતાર્થ થયેલો છે એવા મારૂં પછી કદી તરતમાંજ મૃત્યુ થાય તો પણ તેથી મને ખેદ નહીં થાય.' આ પ્રમાણે વિચારીને એ **સુદંષ્ટ્રદેવ** ક્રોધથી ભયંકર નેત્ર કરતો **વીર**-પ્રભુની પાસે આવ્યો અને આકાશમાં રહીને તેણે મોટો કિલકિલારવ કર્યો. પછી બોલ્યો કે - અરે! તું ક્યાં જાય છે?' એમ કહી પ્રલયકાળના દાવાનળ જેવો ભયંકર **સંવર્તક** જાતિનો મહાવાયુ તેણે વિકુર્વ્યો. તેનાથી વૃક્ષો પડી ગયા, પર્વતો કંપાયમાન થયા અને જેના ઉર્મિ આકાશ પર્યંત ઉડી રહ્યા છે એવું ગંગાનું જળ ઉછળવા લાગ્યું. ઉંચે ઉછળતા અને પાછા બેસી જતા ગંગાના તરંગોથી **ગજેંદ્રે** ઉપાડેલા કોઈ વૃક્ષની જેમ તે નાવ ઉંચે નીચે હાલકલોલક થવા લાગ્યું. તેનો કુવાસ્તંભ ભાંગી ગયો, સઢ ફાટી ગયો અને નાવનો આત્મા હોય તેવો કર્ણધાર[1] ભયભીત થઈ ગયો. નાવમાં બેઠેલા સર્વજનો જાણે યમરાજની જિહ્વા આગળ આવ્યા હોય તેમ મરણોન્મુખ થઈને વ્યાકુળપણે પોતપોતાના ઈષ્ટદેવને સંભારવા લાગ્યા. તે વખતે **કંબળ** ને **સંબળ** નામના બે દેવે આવીને તે ઉપસર્ગનું નિવારણ કર્યું. તેના પૂર્વ ભવનો વૃત્તાંત આ પ્રમાણે—

**મથુરાપુરીમાં જિનદાસ** નામે એક વણિક રહેતો હતો, તે શ્રાવક ધર્મ પાળતો હતો. તેને **સાધુદાસી** નામે સ્ત્રી હતી. તે બંને દંપતીએ પરિગ્રહનું પ્રમાણ કરતાં ઢોર રાખવાના પચ્ચખ્ખાણ લીધા હતા, તેથી હમેશાં તેઓ આહીર લોકોની સ્ત્રીઓ પાસેથી દહીં દુધ વિગેરે લેતા હતા. એક વખતે કોઈ આહીરની સ્ત્રી ઉત્તમ દહીં લાવી, તે ખરીદ કરી પ્રસન્ન થઈને **સાધુદાસીએ** તેને કહ્યું કે, 'તારે જે દુધ દહીં વિગેરે થાય તે તું વેચવા જઈશ નહીં, અહિંજ લાવજે, અમે તે લેશું અને તેનું તારી ઈચ્છા પ્રમાણે મૂલ્ય આપશું.' ત્યારથી તે આહિરી પણ ખુશી થઈને હમેશાં તેમજ કરતી અને **સાધુદાસી** પણ તેને વસ્ત્ર વિગેરે વસ્તુ આપીને ખુશી કરતી. તેમ કરતાં તો તે બંનેને સગી બેનોની જેવો સ્નેહ થયો. એક વખતે તે આહીરની સ્ત્રીને ઘેર વિવાહનો પ્રસંગ આવ્યો. એટલે તેણીએ તે પ્રસંગે આ શેઠ શેઠાણીને નિમંત્રણ કર્યું. ત્યારે તેમણે કહ્યું કે, 'ભદ્રે! અમે વણિક છીએ તેથી તારે ઘેર આવી શકીશું નહીં, પણ તારે વિવાહને યોગ્ય જે વસ્તુ જોઈએ તે સર્વ અમારે ઘેરથી લઈ જજે.' એમ કહીને તેમણે વસ્ત્ર, ધાન્ય, અલંકાર વિગેરે તેણીને આપ્યા. તેમની આપેલી વસ્તુઓથી તેનો વિવાહોત્સવ ઘણો સુંદર થયો. જે તેના સગા ગોવાળ લોકોમાં તેની શોભાનું કારણ થઈ પડયો. તેથી તે ગોવાળ અને ગોવાળણી પ્રસન્ન થઇને ત્રણ વર્ષની વયના તેમજ શોભીતા **કંબલ** અને **સંબલ** નામના બે બળદો શેઠને દેવા માટે લાવ્યા. શેઠે તે ગ્રહણ કર્યા નહીં, તો પણ તેઓ બળાત્કારે તેને દ્વારે બાંધીને ચાલ્યા ગયા. 'ગોવાળોનો સ્નેહ એવોજ હોય છે.' **જિનદાસે** વિચાર્યું કે 'હવે જો હું આ બે વૃષભોને છોડી મૂકીશ તો બીજા સાધારણ પુરૂષો તેને હળ વિગેરેમાં જોડશે ને દુઃખી કરશે અને મારે

---

૧ નાવનો ચલાવનાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘેર તેના ઉપયોગ વગર તેને પાળવા તે પણ મુશ્કેલ છે. હવે મારે શું કરવું? મૂર્ખ સાથેના સ્નેહથી હું સંકટમાં પડી ગયો છું.' આવો વિચાર કરીને તે દયાળુ **જિનદાસ** શેઠ તે બંને વૃષભોનું પ્રાસુક ઘાસ અને પાણીથી પોષણ કરવા લાગ્યા. અષ્ટમી કે ચતુર્દશી આવે ત્યારે તે શેઠ ઉપવાસ કરી પૌષધ વ્રત લઇને તે બળદો સાંભળે તેમ ધર્મ સંબંધી પુસ્તકો વાંચતા હતા. એ પ્રમાણે હમેશાં ધર્મ સાંભળવાથી તેઓ ભદ્રિકભાવી થયા. પછી જે દિવસે શેઠ ભોજન કરે નહીં તે દિવસે તેઓ પણ ઘાસ પાણી વાપરે નહીં. તે દિવસે તેમને ઘાસ વિગેરે નીરે પણ જ્યારે તેઓ ખાય નહી ત્યારે શેઠે વિચાર્યું કે, 'મેં આટલા વખત સુધી તો માત્ર દયાને લીધે આ બળદોને પોષ્યા પણ હવે તો આ મારા સાધર્મી બંધુ છે, એવી બુદ્ધિથી મારે તેમનું પોષણ કરવું જોઇએ.' આ પ્રમાણે વિચારીને શેઠ પ્રતિદિન તેમનું વિશેષ વિશેષ બહુમાન કરવા લાગ્યા. કારણ કે પછી શેઠની બુદ્ધિમાં તે પશુતરીકે નહોતા.

અન્યદા **ભંડીરવણ** નામના યક્ષનો યાત્રોત્સવ આવ્યો. એટલે તે દિવસે ગામના યુવાન બાળકોએ વાહનોની વહનક્રીડા કરવા માંડી. તે ગામમાં **જિનદાસનો** એક કૌતુકી મિત્ર હતો, તે શ્રેષ્ઠિને પૂછયા વગર તે દિવસે તે બંને વૃષભને પોતાને વાહને જોડવા લઈ ગયો. "જ્યાં સ્નેહ હોય છે ત્યાં જુદાઈ ન હોવાથી પૂછવાની જરૂર હોતી નથી, જે તેનું હોય તે પોતાનું મનાય છે." કુકડાનાં ઈંડાં જેવા શ્વેત, જાણે જોડલેજ જન્મ્યા હોય તેમ એક સરખા, દડાની જેવા વર્તુલ અંગવાળા, ચામર જેવાં પુચ્છવાળા, જાણે ઉંચે ચડતા હોય તેમ ઉછળતા, અને વાયુના પુત્ર હોય તેવા વેગવાળા, તે બંને બળદોને તે શેઠના મિત્રે પોતાની ગાડીમાં જોડયા. તેમની સુકુમારતા જાણ્યા વગર એ નિર્દય મિત્ર લોકોને આશ્ચર્ય પમાડવાને માટે ચાબુક અને પરોણાની આરથી મારી મારીને તેમને હાંકવા લાગ્યો. અનુપમ વેગવાળા તે વૃષભવડે તેણે વાહનક્રીડા પણ કરનારા બધા નગરજનોને એક ક્ષણમાં જીતી લીધા. આરથી પડેલા છીદ્રોમાંથી નીકળતા રૂધિરવડે જેમના અંગ આર્દ્ર થઈ ગયા છે અને જેઓના સાંધાઓ તુટી ગયા છે એવા વૃષભોને કામ પતી જવાથી તે મિત્ર શેઠને ઘેર પાછા બાંધી આવ્યો. ભોજનનો અવસર થતાં શેઠ હાથમાં જવનો પુળો લઈ પુત્રની જેમ તે વૃષભોની પાસે આવ્યા. ત્યાં તો તે વૃષભોના મુખ પહોળાં રહી ગયા હતા, નેત્રમાંથી અશ્રુ પડતા હતા, શ્વાસ ચડયો હતો, અસહ્ય દુઃખી જણાતા હતા, કંપારો છુટતો હતો અને આરોવડે પડેલા છીદ્રોમાંથી રૂધિરની ધારાઓ નીકળતી હતી. તેમની આવી સ્થિતિ જોઈને શેઠ બોલ્યા કે, 'આ બળદ કે જે મને પ્રાણથી પણ વહાલા છે, તેઓને પૂછયા વગર લઈ જઇને કયા પાપીએ આવી દશાને પમાડયા?' પછી પરિજને આવીને શેઠને તેમના મિત્રની વાર્ત્તા કહી, એટલે પોતાના સહોદરને વિપત્તિ આવવાથી થાય તેમ તેમને ઘણો ખેદ થયો.

એ વૃષભોને પણ અનશન કરવાની ઇચ્છા થયેલી હોવાથી તેઓએ શેઠે આપેલા ઘાસ કે પાણી જરા સુંઘ્યા પણ નહીં. પણ શેઠે પૌષ્ટિક અન્નથી ભરપૂર એક થાળ લાવીને તેની



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાસે મૂક્યો, તેને તેઓએ દૃષ્ટિથી પણ સંભવિત કર્યો નહીં. પછી તેમનો ભાવ જાણીને શેઠે તેમને ચારે આહારના પચ્ચખ્ખાણ કરાવ્યા, તે તેઓએ અભિલાષાપૂર્વક સમાધિપણે ગ્રહણ કર્યાં. તેમની પર દયા લાવી બીજા સર્વ કામ છોડી દઈને શેઠ પોતે તેમને નવકાર મંત્ર સંભળાવતા અને ભવસ્થિતિનો બોધ કરતા તેની પાસેજ બેસી રહ્યા. નવકાર મંત્રને સાંભળતા અને ભવસ્થિતિને ભાવતા, તેઓ સમાધિથી મૃત્યુ પામીને **નાગકુમારમાં** દેવપણે ઉત્પન્ન થયા.

તે **કંબલ** અને **સંબલે** અવધિજ્ઞાનથી જોયું તો સુદંષ્ટ્ર નાગકુમારે પ્રભુ ઉપર કરેલો નાવ બુડાડી દેવારૂપ ઉપદ્રવ તેમના જોવામાં આવ્યો. એટલે–'આપણે હમણા બીજું કાંઈ પણ કામ કરવાની જરૂર નથી, હમણા તો ચાલો, અર્હંતની ઉપર થતાં ઉપદ્રવને એકદમ અટકાવીએ.' આ પ્રમાણે વિચારી તેઓ પ્રભુની પાસે આવ્યા. તેમાંથી એક જણ **સુદંષ્ટ્ર** નાગકુમારની સાથે યુદ્ધ કરવા પ્રવર્ત્યો અને બીજાએ હાથે કરીને તે નાવને ગંગાને સામે તીરે મૂકી દીધું. પેલો સુદંષ્ટ્ર દેવ જો કે મોટી ઋદ્ધિવાળો હતો, પણ આયુષ્યનો અંત આવેલ હોવાથી તેનું બળ ઘટી ગયું હતું, અને આ બંનેનો નવો દેવાપણાનો વૈભવ હતો, તેથી તે બંનેએ તેને જીતી લીધો. પછી સદંષ્ટ્ર ત્યાંથી નાશી ગયો, એટલે કંબલ શંબલ નાગકુમારોએ પ્રભુને નમીને હર્ષથી પ્રભુની ઉપર પુષ્પની અને સુગંધી જળની વૃષ્ટિ કરી. 'તમારા પ્રભાવથી આ નદીને આપત્તિની જેમ અમે ઉતરી ગયા.' એમ બોલતા નાવમાં બેઠેલા બીજા લોકો ભક્તિથી **વીરપ્રભુને** વંદના કરવા લાગ્યા. બંને નાગકુમારો પ્રભુને નમીને પોતાના સ્થાનકે ગયા. પ્રભુ નાવમાંથી ઉતરી વિધિપૂર્વક ઈર્યાપથિકી પ્રતિક્રમીને ત્યાંથી બીજી દિશા તરફ ચાલ્યા.

જેમાં સૂક્ષ્મ અને આર્દ્ર રેતી છે એવા ગંગાનદીના તટ ઉપર ચક્રાદિકના લાંછનવાળી પ્રભુના પગલાની પંક્તિ પૃથ્વીને આભૂષણ રૂપે સ્પુટપણે પડતી હતી. તેવામાં સામુદ્રિક લક્ષણને જાણનાર **પુષ્પ** નામનો કોઈ પુરુષ તે પગલાની પંક્તિ જોઈને વિચારવા લાગ્યો કે, "આ રસ્તે થઈને કોઈ ચક્રવર્તી એકલા ગયેલા લાગે છે. અદ્યાપિ તેને રાજ્ય મળ્યું નહીં હોય અથવા કોઈએ છળ કરીને તેનું રાજ્ય લઈ લીધું હશે. હું ધારૂં છું કે તે હમણાજ અહીંથી ચાલ્યા જાય છે, માટે હું જઈને તેની સેવા કરૂં, કેમકે તે સેવકને ઇચ્છતા હશે. આવી અવસ્થામાં સેવેલા તે ચક્રવર્તી જરૂર ફળ આપશે. સેવ્ય પુરૂષની સેવા કરવાનો અવસર પુણ્યથીજ પ્રાપ્ત થાય છે." આ પ્રમાણે વિચારી તે પગલે પગલે ચાલ્યો. આગળ જતાં **સ્થૂણાક** નામના ગામ પાસે અશોક વૃક્ષની નીચે પ્રતિમા ધરીને રહેલા પ્રભુને તેણે જોયા. તેમના હૃદયમાં **શ્રીવત્સનું** લાંછન હતું, મસ્તક પર મુગટનું ચિહ્ન હતું, બંને ભુજા ઉપર ચક્રાદિકના લાંછન હતા. બંને હાથ શેષનાગની જેવા લાંબા હતા અને નાભિમંડળ દક્ષિણાવર્ત્તવાળું, ગંભીર તેમજ વિસ્તીર્ણ હતું. પ્રભુના શરીર ઉપર આવા લોકોત્તર ચિહ્નો તેના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જોવામાં આવ્યા. તે જોઈ પુષ્પે વિચાર્યું કે, "જેમ ચરણના લક્ષણોથી આ લોકોત્તર પુરૂષ છે એમ જણાય છે તેમ બીજા લક્ષણોથી પણ આ ચક્રવર્તી હોય એમ સૂચવાય છે. આવા લક્ષણો છતાં પણ આ તો ભિક્ષુક છે, તેથી મને આશ્ચર્ય થાય છે; માટે આવા ભિક્ષુક ઉપર સારી આશા રાખનારા મને અને મારા શાસ્ત્રના શ્રમને ધિક્કાર છે. વિશ્વને ઠગવાને માટે અને પોતાના કૌતુક પૂરવાને માટે કોઈ અનાપ્ત (અહિતકારી) પુરુષે જ આ શાસ્ત્ર રચ્યાં હોય એમ લાગે છે. મરૂભૂમિમાં ઝાંઝવાના જળ જોઈને મૃગ દોડે તેમ તેમનાં વચન ઉપર આશા રાખીને હું વૃથા દોડી આવ્યો." આ પ્રમાણે વિચારતાં તે પુષ્પના હૃદયમાં ઘણો ખેદ થયો. તે સમયે **શક્રઇંદ્રને** સ્વર્ગમાં બેઠા બેઠા વિચાર થયો કે, '**મહાવીર** પ્રભુ અત્યારે ક્યાં વિચરતા હશે?' અવધિજ્ઞાને જોતાં તેણે **સ્થુણાક** ગામમાં પ્રભુને રહેલા જોયા અને પુષ્પ નૈમિત્તિકને ખેદથી પોતાના શાસ્ત્રોને દૂષણ આપતો જોયો; એટલે ઈંદ્ર સત્વર ત્યાં આવ્યાં. અને તે પુષ્પ નિમિત્તિઆના દેખતાં પ્રતિમા ધરી રહેલા પ્રભુને મોટી સમૃદ્ધિથી તેણે વંદના કરી. પછી પુષ્પને કહ્યું કે, "અરે મુર્ખ! તું શાસ્ત્રની નિંદા કેમ કરે છે? શાસ્ત્રકારોએ કાંઈ પણ મૃષા ભાષણ કરેલું નથી. તું તો હજુ આ પ્રભુના બહારનાજ લક્ષણો જાણે છે, અંતરના જાણતો નથી; પણ આ પ્રભુના માંસ અને રૂધિર દુધની જેવા ઉજ્વળ છે, તેમના મુખકમળનો શ્વાસ કમળની ખુશબો જેવો સુગંધી છે, તેમનું શરીર તદ્દન નિરોગી અને મળ તથા પસીનાથી રહિત છે. આ ત્રણ જગતના સ્વામી, ધર્મચક્રી, જગતહિતકારી અને વિશ્વને અભય આપનાર **સિદ્ધાર્થ** રાજાના પુત્ર **વીર**પ્રભુ છે. ચોસઠ ઈંદ્રો પણ આમના સેવકો છે, તો તેની પાસે ચક્રવર્તી શા હિસાબમાં છે કે જેનાથી તું ફળની ઇચ્છા કરે છે. આ પ્રભુ વાર્ષિક દાન આપીને ભવસાગર તરવાની ઇચ્છાથી રાજ્ય છોડી દીક્ષા લઈને અશ્રાંતપણે વિહાર કરે છે. શાસ્ત્રોમાં કહેલાં લક્ષણો બરાબરજ છે. માટે તું જરા પણ ખેદ ન કર. હું તને ઇચ્છિત ફળ આપીશ, કેમકે આ પ્રભુનું દર્શન નિષ્ફળ હોય જ નહીં." આ પ્રમાણે કહી તે પુષ્પ નિમિત્તિઆને ઇચ્છિત ફળ આપી પ્રભુને નમીને ઇંદ્ર પુનઃ પોતાને સ્થાનકે ગયા.

વીરપ્રભુ કાયોત્સર્ગ પારીને ચરણન્યાસવડે પૃથ્વીને પવિત્ર કરતા અનુક્રમે **રાજગૃહ** નગરે આવ્યા. તે નગરની બહાર નજીકમાં **નાલંદા** નામના ભૂમિભાગમાં કોઈ **વણકરની** વિશાળ શાળામાં પ્રભુ પધાર્યા. ત્યાં વર્ષાકાળ નિર્ગમન કરવા માટે તે વણકરની પ્રભુએ રજા લીધી. પછી **માસક્ષપણ** કરતા તે શાળાના એક ભાગમાં પ્રભુ રહ્યા.

આ સમયમાં **મંખલી** નામે કોઈ મંખ્ય[1] હતો. તેને **ભદ્રા** નામે સ્ત્રી હતી. તે બંને ચિત્રપટ લઈને પૃથ્વી પર ફરતા હતા. તેઓ **શરવણ** ગામમાં આવ્યા. ત્યાં ભદ્રાએ એક ઘણી ગાયોવાળા બ્રાહ્મણની ગોશાળામાં પુત્રને જન્મ આપ્યો. તે ગોશાળામાં પ્રસવ્યો, તેથી

---

૧ ચિત્રકળા જાણનાર ભિક્ષાચર વિશેષ.

जैन साहित्य JAINSITE .com जनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેનું નામ ગોશાળ એવું પાડયું. અનુક્રમે યુવાવસ્થા પામ્યો, એટલે તેણે પોતાના પિતાનો ધંધો શીખી લીધો. આ ગોશાળક સ્વભાવથી જ કલહ કરતો હતો, માતાપિતાને વશ રહેતો નહોતો, જન્મથી જ લક્ષણહીન હતો અને ઉત્કટ વિચક્ષણ હતો. એક વખતે તે માતાપિતાની સાથે કલહ કરી, ચિત્રપટ લઈને ભિક્ષાને માટે નીકળી પડયો. ફરતો ફરતો તે **રાજગૃહ** નગરે આવ્યો. જે પ્રદેશ પ્રભુએ અલંકૃત કર્યો હતો, તે શાળામાં જ તે ગોશાળો સિંહની પાસે શૃગાલની જેમ એક ખુણે આવીને વસ્યો. પ્રભુ માસક્ષપણનું પારણું કરવાની ઇચ્છાએ **વિજય** શ્રેષ્ઠીને ઘેર કરપાત્રવડે વહોરવા આવ્યા. શ્રેષ્ઠ બુદ્ધિવાળા વિજયશ્રેષ્ઠીએ પોતે મોટી ભક્તિથી સમ્યક્ પ્રકારની ભોજનવિધિપૂર્વક પ્રભુને પ્રતિલાભિત કર્યા. તે વખતે આકાશમાં 'અહો દાનં' એમ આઘોષણા કરીને દેવતાઓએ તેના ઘરે રત્નવૃષ્ટિ વગેરે પાંચ દિવ્ય પ્રગટ કર્યા. તે હકીકત સાંભળી **ગોશાળે** ચિંતવ્યું કે, 'આ મુનિ કોઈ સામાન્ય નથી. કારણ તેને અન્ન આપનારના ઘરમાં પણ આવી સમૃદ્ધિ થઈ ગઈ. માટે હું તો આ ચિત્રપટનું પાખંડ છોડી દઈને આ મુનિનો જ શિષ્ય થાઉં, કારણ કે આ ગુરૂ નિષ્ફળ નહીં થાય.' તે ગોશાળો આમ ચિંતવતો હતો, તેવામાં તો પ્રભુ પારણું કરીને પાછા તે શાળામાં આવી કાયોત્સર્ગ કરીને રહ્યા. ગોશાળો પ્રભુને નમીને બોલ્યો–'હે ભગવન્! હું સુજ્ઞ છતાં પણ પ્રમાદથી તમારા જેવા મહામુનિનો પ્રભાવ અદ્યાપિ જાણી શકયો નહીં, પણ હવે હું તમારો શિષ્ય થઈશ. આજથી તમે એકજ મારૂં શરણ છો.' આ પ્રમાણે કહીને તેણે તેમ કર્યું, તોપણ પ્રભુ તો મૌન ધરીને જ રહ્યા. ગોશાળો ભિક્ષા માગીને પ્રાણવૃત્તિ કરતો છતો પોતાની બુદ્ધિથી પ્રભુનો શિષ્ય થઈને પ્રભુનું પડખું રાત દિવસ છોડતો નહોતો. બીજે માસક્ષપણે પ્રભુ વહોરવા નીકળ્યા, ત્યારે **આનંદ** નામના એક ગૃહસ્થે ખાદ્ય વસ્તુવડે પ્રતિલાભિત કર્યા. ત્રીજે માસક્ષપણે **સુનંદ** નામના ગૃહસ્થે સર્વકામગુણ નામના આહારથી પ્રભુને પ્રતિલાભિત કર્યા. ગોશાળો પણ ભિક્ષાના અન્નથી ઉદરપોષણ કરી ભગવંત શ્રી મહાવીર પ્રભુને અહર્નિશ સેવવા લાગ્યો.

એક વખતે કાર્ત્તિક માસની પૂર્ણિમાએ ગોશાળે હૃદયમાં ચિંતવ્યું કે, 'આ મોટા જ્ઞાની છે એમ સાંભળું છું, તો આજે હું તેમના જ્ઞાનની પરીક્ષા કરૂં.' પછી તેણે પૂછયું, 'હે સ્વામી! આજે પ્રત્યેક ગૃહને વિષે વાર્ષિક મહોત્સવ થાય છે, તો મને આજે ભિક્ષામાં શું મળશે તે કહો.' તે વખતે પેલો **સિદ્ધાર્થ** પ્રભુના શરીરમાં પેસીને બોલ્યો કે–'રે ભદ્ર! ખાટું થઈ ગયેલું કોદ્રવ ને કૂરનું ધાન્ય અને દક્ષિણામાં એક ખોટો રૂપીઓ મળશે.' તે સાંભળી ગોશાળો દિવસના પ્રારંભથીજ ઉત્તમ ભોજનને માટે શ્વાનની જેમ ઘેર ઘેર ભમવા લાગ્યો, તથાપિ તેને કોઈ ઠેકાણેથી કાંઈ પણ મળ્યું નહીં. જ્યારે સાયંકાળ થયો ત્યારે કોઈ સેવક તેને પોતાને ઘેર લઈ ગયો અને ખાટાં થઈ ગયેલ કોદરા ને કૂર આપ્યાં. અતિ ક્ષુધાને લીધે તે એવું અન્ન પણ ખાઈ ગયો. પછી તેને દક્ષિણામાં એક રૂપીઓ આપ્યો. તે રૂપીઆની પરીક્ષા કરાવી તો તે પણ ખોટો નીકળ્યો; એટલે તે લજ્જા પામી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગયો. પછી 'જે ભાવી હોય છે તે થાય છે' એવા નિયતિવાદને તેણે ગ્રહણ કર્યો.

દીક્ષા લીધા પછી આ બીજું ચોમાસું **નાલંદાપાડામાં** નિર્ગમન કરી ત્યાંથી નીકળીને પ્રભુ **કોલ્લાક** નામના ગામ પાસે આવ્યા. ત્યાં **બહુલ** નામે એક બ્રાહ્મણ રહેતો હતો. તે મોટા આદરથી બ્રાહ્મણોને પોતાને ઘેર જમાડતો હતો. તેને ઘેર પ્રભુ ભિક્ષાને અર્થે આવ્યા. તેણે ઘી સાકર સહિત ખીર પ્રભુને વહોરાવી; એટલે દેવતાઓએ તેને ઘેર પાંચ દિવ્ય પ્રગટ કર્યા. પ્રભુએ અહીં ચોથા **મારાક્ષપણનું** પારણું કર્યું, જે પારણું શ્રદ્ધાથી વહે.રાવનારા દાતાર પ્રાણીને સંસારથી તારનારૂં છે.

અહિં પેલો **ગોશાળો** સાયંકાળે લજ્જા પામતો પામતો છાનોમાનો આવીને પેલી શાળામાં પેઠો. ત્યાં તેણે પ્રભુને જોયા નહીં, 'એટલે સ્વામી ક્યાં છે' એમ તે લોકોને પૂછવા લાગ્યો; પણ કોઈએ પ્રભુના ખબર આપ્યા નહીં, તેથી તે દીન થઈને શોધવા માટે આખો દિવસ ચારે બાજુ ફર્યો. પછી 'હું તો પાછો એકાકી થઈ રહ્યો' એમ વિચારી મસ્તક મુંડાવી, વસ્ત્ર છોડીને તે ત્યાંથી નીકળી પડચો. તે **કોલ્લાક** ગામે આવ્યો, ત્યાં તેણે લોકોમાં વાત થતી સાંભળી કે 'આ **બહુલ** બ્રાહ્મણને ધન્ય છે, કે મુનિને દાન કરવાથી જેના ઘરમાં દેવતાઓએ રત્નોની વૃષ્ટિ કરી.' આ વાત સાંભળી **ગોશાળે** વિચાર્યું કે, આવો પ્રભાવ મારા ગુરૂનોજ છે; તેથી જરૂર તે અહિંજ હશે.' આમ વિચારીને તે પ્રભુને શોધવા માટે ભમવા લાગ્યો. નિપુણ દૃષ્ટિએ શોધતાં એક સ્થાનકે કાયોત્સર્ગે રહેલા પ્રભુને તેણે દીઠા. તે પ્રભુને પ્રણામ કરીને બોલ્યો કે, "હે પ્રભુ! પૂર્વે હું દીક્ષાને યોગ્ય નહોતો, હવે આ વસ્ત્રાદિકનો સંગ છોડી દેવાથી ખરેખર નિઃસંગ થયો છું, માટે મને શિષ્ય તરીકે કબુલ કરો અને તમે મારા યાવજ્જીવ ગુરૂ થાઓ; તમારા વિના હું ક્ષણવાર પણ રહી શક્તો નથી. હે સ્વામી! તમે રાગ રહિત છો તેથી તમારા સાથે સ્નેહ કેમ થાય? કારણ કે એક હાથે તાળી પડતી નથી; પણ શું કરૂં? મારૂં મન બળાત્કારે તમારી તરફ દોડે છે. તેમજ હું મારા આત્માને તમે સ્વીકારેલો છે એમજ માનું છું: કારણ કે તમે વિકસિત કમળ જેવી દૃષ્ટિથી મારી સામું જુઓ છો." તેનાં આવાં વચન સાંભળી જો કે પ્રભુ વીતરાગ હતા તો પણ તેના ભાવને જાણીને તેની ભવ્યતાને માટે પ્રભુએ તેનું વચન સ્વીકાર્યું. "મહાન્ પુરૂષો ક્યાં વત્સલ નથી થતા?"

પછી પ્રભુ તે ગોશાળાને સાથે લઈ યુગમાત્ર દૃષ્ટિ કરતાં **સ્વર્ણખલ** નામના સ્થાન તરફ ચાલ્યા. માર્ગમાં કેટલાક ગોવાળીઆઓ ક્ષીર રાંધતા હતા, તે જોઈ ગોશાળે કહ્યું, 'સ્વામી! હું ક્ષુધાતર થયો છું, માટે ચાલો આપણે આ પાયસાન્નનું ભોજન કરીએ.' **સિદ્ધાર્થે** કહ્યું કે, 'એ ક્ષીર બનશે જ નહીં,' તે સાંભળી દુષ્ટ બુદ્ધિવાળા ગોશાળે તે ગોવાળો પાસે જઈને કહ્યું કે, 'આ દેવાર્ય ત્રિકાલજ્ઞ છે, તે કહે છે કે આ ક્ષીર અધી ચડતાં જ તેનું પાત્ર કાચા પાત્રની જેમ ફુટી જશે.' તે સાંભળી ભય પામેલા ગોવાળોએ

www.jainsite.com        For Private & Personal Use Only        info@jainsite.com

તે હાંડીને વાંશની ખપાટોથી બાંધી લીધી; પરંતુ તેમાં ચોખા પ્રમાણથી વધારે નાખેલા હોવાથી તે ફુલ્યા એટલે હાંડી ફુટી ગઈ. પછી ગોવાળીઆઓ ઠીબોમાં રહેલ ક્ષીરને ખુશી થતા થતા ખાઈ ગયા. ગોશાળાને તેમાંથી કાંઈ પણ મળી નહીં, તેથી તેણે વિશેષે નિયતિવાદ ગ્રહણ કર્યો.

ત્યાંથી વિહાર કરી પ્રભુ **બ્રાહ્મણગ્રામમાં** ગયા. તે ગામમાં મુખ્ય બે પાડા હતા. તેના **નંદ** અને **ઉપનંદ** નામે બે ભાઈઓ માલિક હતા. છઠ્ઠને પારણે પ્રભુ નંદના પાડામાં ગોચરી કરવા ગયા. **નંદે** પ્રભુને દહીં સહિત ક્રૂર (કરંબો) વહોરાવ્યો. ગોશાળો ઉપનંદના પાડામાં તેનું ઘર મોટું જોઈ આદરથી ભિક્ષા માટે ગયો. ઉપનંદની આજ્ઞાથી એક દાસીએ તેને વાસી ચોખા આપ્યા. તે નહિ ગમવાથી દુષ્ટ બુદ્ધિવાળા તેણે ઉપનંદનો તિરસ્કાર કર્યો. ઉપનંદ દાસી પ્રત્યે બોલ્યો કે 'જો તે અન્ન ન લેતો હોય તો તેના માથાપર નાખી દે.' દાસીએ પણ તેમજ કર્યું; એટલે ગોશાળે કોપ કરીને કહ્યું કે 'જો મારા ગુરૂનું તપતેજ હોય તો આ **ઉપનંદનું** ઘર બળી ભસ્મ થાઓ.' પ્રભુનું નામ લઈને આપેલો શાપ પણ નિષ્ફળ ન થવો જોઈએ' એમ વિચારી નજીકમાં રહેલા વ્યંતરોએ ઉપનંદનું ઘર ઘાસના પુંજની જેમ બાળી નાંખ્યું. ત્યાંથી વિહાર કરીને પ્રભુ **ચંપાનગરીએ** પધાર્યા. ત્યાં બે બે **માસક્ષપણ** કરવાની પ્રતિજ્ઞા લઈને ત્રીજું ચોમાસુ રહ્યા. સમ્યક્ સમાધિને ધારણ કરતા પ્રભુ ઉત્કટિક વિગેરે આસનોવડે કાયોત્સર્ગ કરતા મુક્તાની જેમ ત્યાં રહ્યા. નગરીની બહાર બીજા બે માસક્ષપણનું પારણું કરી **ગોશાળા** સહિત પ્રભુ **કોલ્લાક** નામના ગામે આવ્યા. ત્યાં રાત્રે એક શૂન્યગૃહમાં પ્રતિમા ધારણ કરીને રહ્યા. ગોશાળો વાનરની જેમ ચપળતા કરતો કરતો તેના દ્વાર આગળ બેઠો.

તે ગામના સ્વામીને **સિંહ** નામે એક પુત્ર હતો. તે અભિનવ યૌવનવાળો હોવાથી **વિદ્યુન્મતિ** નામની તેની દાસીની સાથે રતિક્રીડા કરવાની ઇચ્છાએ તે શૂન્યગૃહમાં પેઠો. તેણે ઉંચે સ્વરે કહ્યું કે, 'આ ગૃહમાં જો કોઈ સાધુ, બ્રાહ્મણ કે મુસાફર હોય તો બોલજો કે જેથી અમે અહિંથી બીજે સ્થાને જઈએ.' પ્રભુ તો કાયોત્સર્ગમાં રહેલા હતા, તેથી તે તો મૌન રહ્યા; પરંતુ **ગોશાળો** આ વચન સાંભળ્યા છતાં પણ કપટથી બોલ્યો નહીં. જ્યારે કોઈનો પ્રત્યુત્તર મળ્યો નહીં ત્યારે તે **સિંહે** દાસીની સાથે ઘણીવાર સુધી ત્યાં ક્રીડા કરી. પછી તે ઘરમાંથી નીકળવા ગયો એટલે પ્રકૃતિથી ચપળ અને દુર્મતિ એવો ગોશાળો જે દ્વાર પાસે બેઠો હતો તેણે ત્યાંથી નીકળતી વિદ્યુન્મતિ દાસીને કરવડે સ્પર્શ કર્યો; એટલે તેણીએ રાડ પાડીને કહ્યું કે, 'સ્વામી! કોઈ પુરૂષે મને સ્પર્શ કર્યો.' તત્કાળ સિંહ પાછો વળી **ગોશાળાને** પકડીને બોલ્યો કે–'અરે કપટી! તેં છાના રહીને અમારો અનાચાર જોયો. તે વખતે મેં બોલાવ્યો તો પણ ઉત્તર આપ્યો નહીં.' આ પ્રમાણે કહીને તેને ઘણો કુટીને સિંહ પોતાને સ્થાનકે ગયો. પછી **ગોશાળે** પ્રભુને કહ્યું કે, 'હે સ્વામી! તમારા

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેખતાં આણે મને માર્યો-' સિદ્ધાર્થ બોલ્યો કે, 'તું અમારી જેવા શીલ (આચાર) કેમ રાખતો નથી? દ્વારે રહીને આવી ચપળતા કરે છે તો તને માર કેમ ન મળે?'

પછી ત્યાંથી નીકળીને પ્રભુ **પત્રકાળ** નામના ગામમાં આવ્યા. ત્યાં પણ પૂર્વની જેમ પ્રભુ કોઈ શુન્યગૃહમાં પ્રતિમા ધરીને રહ્યા. **ગોશાળો** ભય પામીને તે ઘરના એક ખુણામાં બેસી રહ્યો. તે ગામના સ્વામીનો પુત્ર **સ્કંદ** પણ **દંતિલા** નામની દાસીની સાથે રતિક્રીડા કરવાને માટે ત્યાં આવ્યો. તેણે પણ સિંહની જેમજ પૂછયું પણ કોઈએ ઉત્તર આપ્યો નહીં. પછી તે ક્રીડા કરીને નીકળ્યો ત્યારે **ગોશાળો** ઉંચે સ્વરે હસી પડયો. એટલે 'અહિં પિશાચની જેમ ગુપ્ત રહીને કોણ હસે છે?' એમ બોલતા તે **સ્કંદે** આવીને તેને ઘણો માર માર્યો. પછી **સ્કંદ** પોતાને ઘેર ચાલ્યો ગયો. **ગોશાળે** પ્રભુને કહ્યું કે, 'હે નાથ! શું સ્વામીનો ધર્મ આવો હોય? નિર્દોષ એવા મને મારતા તમે મારૂં રક્ષણ કેમ કરતા નથી?' **સિદ્ધાર્થ** બોલ્યો-'અરે મૂર્ખ! તેતરપક્ષીની જેમ મુખદોષથી તું આમ અનેકવાર અનર્થ ભોગવે છે'

પછી **વીરપ્રભુ** ત્યાંથી વિહાર કરીને **કુમાર** સંનિવેશે આવ્યા. ત્યાં **ચંપકરમણીય** નામના ઉદ્યાનમાં પ્રતિમા ધરીને રહ્યા. તે ગામમાં ધન ધાન્યની સમૃદ્ધિવાળો **કુપન** નામે એક કુંભાર રહેતો હતો, મદિરાના કીડાની જેમ તેને મદિરા ઉપર ઘણી પ્રીતિ હતી. તે સમયે તેની શાળામાં **મુનિચંદ્રાચાર્ય** નામે એક **પાર્શ્વનાથ** પ્રભુના બહુશ્રુત શિષ્ય ઘણા શિષ્યવર્ગની સાથે રહેલા હતા. તે પોતાના શિષ્ય **વર્દ્ધન** નામના સૂરિને ગચ્છમાં મુખ્યપણે સ્થાપીને જિનકલ્પનું અતિ દુષ્કર પ્રતિકર્મ[1] કરતા હતા. તપ, સત્વ, શ્રુત, એકત્વ અને બળ એમ પાંચ પ્રકારની તૂલના કરવા માટે તે સમાધિપૂર્વક ઉપસ્થિત થયેલા હતા. અહિં ગોશાળે પ્રભુને કહ્યું કે 'હે નાથ! અત્યારે મધ્યાન્હનો સમય છે, માટે ચાલો, ગામમાં ભિક્ષા લેવા જઈએ.' **સિદ્ધાર્થે** કહ્યું કે 'આજે અમારે ઉપવાસ છે.' પછી ક્ષુધાતુર થયેલો ગોશાળો ગામમાં ભિક્ષાને માટે ગયો. ત્યાં ચિત્ર વિચિત્ર વસ્ત્રને ધારણ કરનારા અને પાત્રાદિકને રાખનારા પાર્શ્વનાથના પૂર્વોક્ત શિષ્યોને તેણે જોયા; એટલે પૂછયું કે, તમે કોણ છો?' તેઓ બોલ્યા કે-'અમે શ્રી પાર્શ્વનાથના નિર્ગ્રંથ શિષ્યો છીએ' ગોશાળે હસતાં હસતાં કહ્યું કે, "મિથ્યા ભાષણ કરનારા તમને ધિક્કાર છે. તમે વસ્ત્રાદિક ગ્રંથીને ધારણ કરનારા છો, તે છતાં નિર્ગ્રંથ શેના? કેવળ આજીવિકાને માટેજ આ પાખંડની કલ્પના કરી જણાય છે. વસ્ત્રાદિક સંગથી રહિત અને શરીરમાં પણ અપેક્ષા વગરના જેવા મારા ધર્માચાર્ય છે તેવા નિર્ગ્રંથ તો હોવા જોઇએ." તેઓ જિનેંદ્રને જાણતા નહતા, તેથી ગોશાળાના આવાં વચન સાંભળીને બોલ્યા કે, 'જેવો તું છુ, તેવા તારા ધર્માચાર્ય પણ હશે; કેમકે તેઓ પોતાની મેળે લિંગ ગ્રહણ કરનારા જણાય છે.' ક્ષુધાતુર થયેલા **ગોશાળે** તેમનાં આવાં

---

1 જિનકલ્પીપણું કરવાની તૂલના.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વચનથી શાપ આપ્યો કે, 'જો મારા ગુરૂનું તપતેજ હોય તો આ તમારો ઉપાશ્રય બળી જાઓ.' તેઓ બોલ્યા કે–'તારા વચનથી અમે બળીશું નહીં.' ગોશાળો વિલખો થઈ પ્રભુ પાસે આવીને કહેવા લાગ્યો કે–'આજે મેં તમારા તપસ્વીપણાની નિંદા કરનારા સગ્રંથ સાધુઓને જોયા, તમારી નિંદા સાંભળીને મેં ક્રોધથી તેમને શાપ આપ્યો કે, તમારો ઉપાશ્રય બળી જાઓ; તથાપિ તેમનો ઉપાશ્રય જરા પણ બળ્યો નહીં, માટે હે સ્વામિન્! તેનું શું કારણ હશે તે કહો.' સિદ્ધાર્થ બોલ્યો–'અરે મૂઢ! તેઓ શ્રી પાર્શ્વનાથના શિષ્યો છે, તેમનો ઉપાશ્રય તારા શાપથી કેમ બળે?' એવામાં રાત્રિ પડી, એટલે તે મુનિચંદ્રસૂરિ ઉપાશ્રયની બહાર પ્રતિમા ધરીને રહ્યા. પેલો કુપનય કુંભાર મદિરાપાન કરી ઉન્મત્ત બનીને ઘુમતો ઘુમતો ત્યાં આવ્યો, તેણે આચાર્યને જોયા; એટલે એ દુષ્ટ કુંભારે ચોરબુદ્ધિથી આચાર્યને ગળેથી પકડીને શ્વાસ વગરના કરી દીધા, પણ તેઓ શુભ ધ્યાનથી ચલિત થયા નહીં. તે વેદનાને સહન કરતાં તેમને તત્કાળ અવધિજ્ઞાન ઉત્પન્ન થયું, અને મૃત્યુ પામી દેવલોકે ગયા. તે સ્થાનની નજીકમાં રહેલા વ્યંતરોએ પ્રાતઃકાળના પવનોની જેમ તેમની ઉપર પુષ્પ વર્ષાવીને તેમનો મહિમા કર્યો.

અહિં ગોશાળાએ આકાશમાં વિજળીની પેઠે પ્રકાશતી દેવશ્રેણીને જોઇને પ્રભુને પૂછ્યું કે, 'સ્વામી! શું આ તમારા શત્રુઓનો ઉપાશ્રય સળગી ઉઠ્યો? આ આકાશમાં જણાતા અત્યંત ઉદ્યોતથી મને એવું અનુમાન થાય છે.' સિદ્ધાર્થે કહ્યું કે, "અરે એમ કહે નહીં, આ તો તે સૂરિ શુભ ધ્યાનથી સ્વર્ગે ગયા; કેમકે 'શુભ ધ્યાન કામધેનુની જેમ સર્વ મનોરથ પૂરનારૂં છે.' તેમનો મહિમા કરવાને આ તેજોમય દેવતાઓ આવે છે, જેથી તારા જેવા અલ્પ બુદ્ધિવાળા માણસને અગ્નિની ભ્રાંતિ ઉત્પન્ન થઈ." કૌતુકથી તે જોવાને માટે ગોશાળો સત્વર ત્યાં ગયો; એટલામાં તો દેવતાઓ પોતાને સ્થાને ચાલ્યા ગયા, કેમકે 'એવા દુષ્ટને દેવ દર્શન ક્યાંથી હોય?' પણ ત્યાં પુષ્પ અને સુગંધી જળની વૃષ્ટિ જોઈને તે હર્ષ પામ્યો. પછી તેમના શિષ્યો જે ઉપાશ્રયમાં સુતા હતા, તેઓની પાસે જઈને તેણે આ પ્રમાણે કહ્યું કે, "અરે મુંડાઓ! તમે દુષ્ટ શિષ્યો છો; કારણ કે દિવસે ઈચ્છા પ્રમાણે ભોજન કરીને આખી રાત્રિ અજગરની જેમ સુઈ રહો છો. તમે પણ જાણતા નથી કે, તમારા સૂરિ મૃત્યુ પામી ગયા. અહો! ઉત્તમ કુળમાં જન્મ લેનારા તમારા જેવાને ગુરૂને વિષે પણ આટલો પ્રતિબંધ નથી?" પછી તે શિષ્યો બેઠા થયા અને 'આ પિશાચની જેમ કોણ બોલે છે?' એમ ચિંતવન કરવા લાગ્યા. પછી તેઓ ઉપાશ્રયની બહાર આવ્યા. ત્યાં આચાર્યને મરણ પામેલા જાણી તેઓ કુલીન પુત્રોની જેમ અત્યંત ખેદ પામીને ઘણીવાર સુધી પોતાના આત્માની નિંદા કરવા લાગ્યા. ગોશાળો પણ તેમનો તિરસ્કાર કરી સ્વેચ્છાથી જેમ તેમ બોલતો પ્રભુ પાસે આવ્યો

પ્રભુ ત્યાંથી વિહાર કરીને ચોરાક ગામે આવ્યા. ત્યાં પરચક્રના ભયથી ચોરને શોધનારા આરક્ષક પુરૂષોએ ગોશાળા સહિત પ્રભુને કાયોત્સર્ગે રહેલા જોયા. તેમને પૂછ્યું

www.jainsite.com                    For Private & Personal Use Only                    info@jainsite.com

કે 'તમે કોણ છો?' પરંતુ મૌનપણાના અભિગ્રહવાળા પ્રભુ કાંઈ પણ બોલ્યા નહીં. મુનિઓ બધિર જેવાજ હોય છે.' ઉત્તર ન મળવાથી તેમણે ધાર્યું કે, 'જરૂર આ કોઈ હેરૂ છે, તેથી મૌન ધરીને રહેલ છે.' આમ ધારીને તે ક્રૂર બુદ્ધિવાળા પુરૂષોએ **ગોશાળા** સહિત પ્રભુને પકડયા. અને બંનેને ડાકિણીની જેમ બાંધીને કૂવામાં નાખ્યા અને વારંવાર ઘડાની જેમ ઉંચા નીચા કરવા લાગ્યા. તે અવસરે **સોમા** અને **જયંતિ** નામે **ઉત્પલ** નિમિત્તિઆની બે બ્હેનો કે જેઓ **પાર્શ્વનાથ** પ્રભુની શિષ્યા (ઉત્તમ સાધ્વીઓ) થઈ હતી, તેઓ તે ગામમાં આવેલી હતી. તેમણે લોકોની પાસેથી સાંભળ્યું કે, 'અમુક સ્વરૂપવાળા કોઈ બે પુરૂષોને આરક્ષક લોકો કુવામાં રાખી ઉંચા નીચા કરીને પાણીમાં નાખવા કાઢવા-વડે પીડે છે.' તે સાંભળી તેઓએ વિચાર્યું કે, 'રખે એ ચરમ તીર્થંકર શ્રી **મહાવીર** સ્વામી હોય!' આવું ધારીને તેઓ તત્કાળ ત્યાં આવી, તો ત્યાં પ્રભુને તેવી સ્થિતિમાં જોયા. એટલે તેમણે આરક્ષકોને કહ્યું કે, 'અરે મૂર્ખો! તમે શું મરવાને ઇચ્છો છો? તમે શું આ **સિદ્ધાર્થ** રાજાના પુત્ર મહાવીર પ્રભુ છે એમ નથી જાણતા?' સાધ્વીનાં આવાં વચન સાંભળીને તેઓએ ભય પામીને પ્રભુને મૂકી દીધા અને વારંવાર ખમાવવા લાગ્યા. પરંતુ "મહાન્ પુરૂષો કોપ કરતાજ નથી, તેઓ તો પોતાનો આત્મા રખે મલીન ન થાય એવી શંકાથી ક્ષમાજ કરે છે."

પ્રભુ કેટલાક દિવસ ત્યાં નિર્ગમન કરીને ચોથું ચોમાસું કરવા માટે **પૃષ્ઠચંપા** નગરીએ પધાર્યા. ત્યાં **ચાર માસક્ષપણ** કરી વિવિધ પ્રકારે પ્રતિમા ધરતા પ્રભુ ચાતુર્માસ્ય રહ્યા. ચોમાસાને છેલ્લે દિવસે કાયોત્સર્ગ પારી ત્યાંથી નીકળીને **કૃતમંગળ** નામના નગરે ગયા. તે નગરમાં દરિદ્ર સ્થવિરપણે ઓળખાતા, આરંભી, પરિગ્રહધારી અને સ્ત્રી સંતાનવાળા કેટલાક પાખંડીઓ વસતા હતા. તેમના પાડાની વચમાં એક મોટું દેવાલય હતું, તેમાં તેઓના કુળક્રમથી આવેલી કોઈ દેવતાની પ્રતિમા હતી. તે દેવાલયના એક ખુણામાં જાણે તેનો સ્તંભ હોય તેમ નિષ્કંપ થઈને **વીરપ્રભુ** કાયોત્સર્ગ ધરીને રહ્યા. તે સમયે માઘ માસ હતો અને ટાઢ ઘણી દુઃસહ પડતી હતી. પ્રભુ આવ્યા તે દિવસે તે પાખંડીઓનો તે દેવાલયમાં રાત્રે મહોત્સવ હતો. એટલે પુત્ર પરિવાર લઈ તેઓ હર્ષથી દેવાલયમાં એકઠા થયા, પછી નૃત્ય ગીત કરીને જાગરણ કરવા લાગ્યા. તે જોઈ ગોશાળો હાસ્ય કરીને બોલ્યો– 'અરે! આ પાખંડીઓ કોણ હશે? કે જેઓની સ્ત્રીઓ મદ્યપાન કરીને આમ નૃત્ય ગીત કરે છે.' તે સાંભળી તેઓએ કોપાયમાન થઈને તેને ઘરમાંથી કાઢી મૂક્યો. ગોશાળો ટાઢથી હુકારની જેમ અંગસંકોચ કરતો અને ગાયક જેમ વીણા વગાડે તેમ દંતવીણાને વગાડતો બહાર ઉભો રહ્યો. થોડીવારે અનુકંપા લાવી તેઓએ પાછો ગોશાળાને અંદર દાખલ કર્યો. થોડીવારે તેની ટાઢ દૂર થઈ, એટલો પાછો ફરીવાર તે પ્રથમની જેમ બોલ્યો. પાછો તેને કાઢી મૂક્યો, વળી દયા લાવીને પ્રવેશ કરાવ્યો. એવી રીતે કોપ અને કૃપા કરીને તેઓએ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગોશાળાને ત્રણ વાર કાઢચો અને પેસાડચો. જ્યારે ચોથી વાર ગોશાળો પેઠો ત્યારે તે બોલ્યો કે, 'અરે પાખંડીઓ! અલ્પ બુદ્ધિવાળા એવા તમોને સાચું કહેતાં કેમ કોપ થાય છે? તમારા આવા દુષ્ટ ચારિત્ર ઉપર કેમ કોપ કરતા નથી? અને હું જે સ્પષ્ટ બોલનારો છું, તેની ઉપર આમ વારંવાર કોપ કરો છો?' આ સાંભળી તેનું કુટ્ટન કરવાને યુવાન પાખંડીઓ તૈયાર થયા, એટલે તેમના વૃદ્ધો તેમને વારીને કહેવા લાગ્યા– 'આ મહા તપસ્વી મહાત્મા દેવાર્યનો કોઈ પીઠધારી કે ઉપાસક જણાય છે, માટે એના બોલવાને ગણુકારવું નહીં', તે ભલે સ્વેચ્છાએ બોલ્યા કરે, જો તમે તે સાંભળી ન શકતા હો તો વાદ્ય વગાડયા કરો. તેઓએ 'તેમ કર્યું' અને અનુક્રમે સૂર્યોદય થયો એટલે વીરપ્રભુ ત્યાંથી વિહાર કરી શ્રાવસ્તી નગરીએ આવ્યા, અને નગર બહાર કાયોત્સર્ગ ધરીને રહ્યા.

ભોજનનો અવસર થતાં ગોશાળે પ્રભુને કહ્યું કે,' ભગવન્! ભિક્ષા લેવા ચાલો, મનુષ્ય જન્મમાં સારરૂપ એક ભોજનજ છે.' સિદ્ધાર્થે પૂર્વની જેમ કહ્યું, 'અરે ભદ્ર! અમારે ઉપવાસ છે.' ગોશાળે પૂછયું કે, સ્વામી! ત્યારે મારે આજ કેવો આહાર થશે?' સિદ્ધાર્થ બોલ્યો–'આજે તો તારે નરમાંસની ભિક્ષા થશે.' ગોશાળો બોલ્યો–'જ્યાં માંસનો ગંધ પણ ન હોય તેવે સ્થાનકે હું ભિક્ષા કરીશ.' આવો નિશ્ચય કરીને તે શ્રાવસ્તીપુરીમાં ભિક્ષા લેવા પેઠો.

એ નગરીમાં પિતૃદત્ત નામે એક ગૃહસ્થ હતો, તેને શ્રીભદ્રા નામે પ્રિયા હતી. તેને મૃતક પુત્ર આવતા હતા. એક વખતે તેણીએ શિવદત્ત નામના નિમિત્તિઆને આદરથી પૂછયું કે, 'મારે સંતાન શી રીતે જીવે?' તેણે કહ્યું, "ભદ્રે! જ્યારે તારે મરેલ સંતાન જન્મે, ત્યારે તેના રૂધિરયુક્ત માંસની દુધ, ઘી, અને મધ સાથે મેળવીને ક્ષીર કરવી, પછી પગે ધુળવાળો કોઈ સારો ભિક્ષુક આવે તેને આપી દેવી. તેમ કરવાથી જરૂર તારાં સંતાન જીવશે અને તારી પ્રસૂતિ નાશ નહીં પામે; પણ તે ભિક્ષુક જ્યારે ભોજન કરીને જાય ત્યારે તમારે તત્કાળ ઘરનું દ્વાર ફેરવી નાખવું, કેમકે કદી પાછળથી તે જાણે તો પણ કોપથી તમારા ઘરને બાળી શકે નહીં'." સંતાનના અર્થવાળી તે સ્રીએ ગોશાળો ભિક્ષા કરવા ગયો તે દિવસેજ બાળક આવેલ હોવાથી પૂર્વોક્ત રીતે ક્ષીર બનાવી, અને જ્યારે ગોશાળો તેને ઘેર આવ્યો ત્યારે તેણીએ ભક્તિથી તે પાયસાન્ન તેને આપ્યું. ગોશાળો તે જમીને પ્રભુની પાસે આવ્યો અને તે વાર્ત્તા કહી બતાવી. સિદ્ધાર્થે ક્ષીર સંબંધી જે મૂળ વાર્ત્તા હતી તે કહી બતાવી, એટલે તત્કાળ ગોશાળે મુખમાં આંગળી નાંખીને વમન કર્યું. તેમાં બાળકના નખ વિગેરે ઝીણા અવયવો જોઈને તેને ઘણો ક્રોધ ચઢચો; તેથી તે પેલી સ્રીનું ગૃહ શોધવા નીકળ્યો; પણ તેણીએ ગૃહનું દ્વાર ફેરવી નાખેલું હોવાથી ગોવાળની જેમ ગોશાળો તેના ઘરને ઓળખી શકચો નહીં. પછી ગોશાળો બોલ્યો કે, 'જો મારા ગુરૂનું તપનેજ હોય તો આ બધો પ્રદેશ બળી જાઓ.' સાન્નિધ્ય રહેલા વ્યંતરોએ વિચાર્યું કે, 'પ્રભુનું માહાત્મ્ય અન્યથા ન થાઓ.' એમ વિચારી તેઓએ તે બધો પ્રદેશ બાળી નાખ્યો.

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

ત્યાંથી વિહાર કરી પ્રભુ **હરિદ્રુ** નામના ગામે ગયા, ત્યાં ગામની બહાર રહેલા હરિદ્રુ વૃક્ષની નીચે પ્રતિમા ધરીને રહ્યા. તે વખતે પત્રની છાયારૂપ છત્રવાળા તેજ વૃક્ષની નીચે **શ્રાવસ્તી** નગરીએ જતો કોઈ મોટો સાર્થ ઉતર્યો. વાઘથી ભય પામેલાંની જેમ તે સાર્થે ટાઢથી ભય પામીને ત્યાં રાત્રે અગ્નિને પ્રજ્વલિત કર્યો. પછી પ્રાતઃકાળે ઉઠીને સાર્થ ચાલતો થયો; પણ પ્રમાદથી તે અગ્નિને બુઝાવ્યો નહીં. તેથી તે અગ્નિ વ્યાધિની જેમ પ્રસરતો પ્રસરતો સમુદ્રમાં વડવાનલની જેમ **મહાવીર** પ્રભુની પાસે આવ્યો. તે વખતે 'ભગવન્! આ અગ્નિ નજીક આવ્યો માટે અહીંથી નાશી જાઓ.' એમ બોલતો **ગોશાળો** તરત કાકપક્ષીની જેમ બીજે નાશી ગયો. પ્રભુએ તેનું વચન સાંભળ્યું હતું પણ કર્મરૂપ ઇંધનને બાળવાને માટે ધ્યાનરૂપ અગ્નિની જેમ તે અગ્નિને પણ માનતા ત્યાં સ્થિર થઈને ઊભા રહ્યા.

હેમંતના તુષાર (ઝાકળ)થી કમળના બે કોશની જેમ તે અગ્નિથી પ્રભુના ચરણ શ્યામ થઈ ગયા. અગ્નિ શાંત થયા પછી પ્રભુ ગોશાળા સહિત **લાંગલ** નામના ગામે ગયા. ત્યાં વાસુદેવના મંદિરમાં પ્રતિમા ધરીને રહ્યા. તે ગામના બાળકો ત્યાં ક્રીડા કરતા હતા, તેઓને ગોશાળો પ્રેતની જેમ વિકૃતરૂપ કરીને ચોતરફથી બીવરાવવા લાગ્યો. તેના ભયથી કોઈના વસ્ત્રો પડી ગયા, કોઈની નાસિકાઓ કુટી, કોઈ ચાલતા ચાલતા પડી ગયા. તેવી રીતે સર્વ બાળકો ગામ તરફ નાશી ગયા; એટલે તે બાળકોના પિતાઓ ત્યાં આવ્યા, અને ગોશાળાને વિકૃત રૂપધારી જોઈને 'અરે અમારા બાળકોને કેમ બીવરાવે છે?' એમ કહી તેઓ તેને પુષ્કળ માર મારવા લાગ્યા. તે વખતે ગામના વૃદ્ધો ત્યાં આવ્યા, તેઓ પ્રભુને જોઈને બોલ્યા કે–'અરે! મુર્ખો! એને છોડી દો, એ તો આ દેવાર્યનો સેવક હોય એમ જણાય છે,' તેઓએ વૃદ્ધોના કહેવાથી તેને છોડી મૂક્યો, એટલે ગોશાળે પ્રભુને કહ્યું કે 'સ્વામી! અન્ય જનો મને મારે છે, તો પણ તમે અદ્યાપિ મારી ઉપેક્ષા કેમ કરો છો? તમે તો વજ્રની જેવા નિષ્ઠુર જણાઓ છો!' **સિદ્ધાર્થે** કહ્યું કે, 'તું જે માર ખાય છે, તે વ્યાધિની જેમ અંગમાંથી ઉઠેલા તારા સ્વભાવથી જ ખાય છે.' પછી કાયોત્સર્ગ પારી ત્યાંથી વિહાર કરીને પ્રભુ **આવર્ત્ત** નામના ગામે આવ્યા. ત્યાં **બળદેવ**ના મંદિરમાં પ્રતિમા ધરીને રહ્યા. ગોશાળો ત્યાં પણ પ્રથમની જેમ ગામના બાળકોને બીવરાવવા લાગ્યો. તે બાળકોના પિતાએ ત્યાં આવીને દુર્મદ સાંઢીઆની જેમ તેને કુટી નાખ્યો. તેમના ગયા પછી ફરીવાર પણ તે બાળકોને બીવરાવવા લાગ્યો. 'પ્રાણીઓથી પ્રાણાંત સુધી પણ પ્રકૃતિ છોડાતી નથી.' ક્રોધ પામી તે બાળકોના પિતાઓ ત્યાં આવી પરસ્પર કહેવા લાગ્યા કે, "આ બીચારા બળકુટકને મારવો તે કાંઈ ઠીક નહીં, તેના સ્વામીને જ મારો, કારણ કે તે તેને નિષેધ કેમ કરતો નથી. સેવકો અપરાધ કરે તો તેના સ્વામીનો દંડ કરવો, એવી મર્યાદા છે." પછી અપરાધ છતાં શ્વાનની જેમ ગોશાળાને છોડી દઈને તે દુર્બુદ્ધિઓ દંડ ઉગામતા વીરપ્રભુની પાસે આવ્યા. તેવામાં ત્યાં રહેલો અર્હંતનો ભક્ત કોઈ વ્યંતર ક્રોધથી બળદેવની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રતિમામાં અધિષ્ઠિત થયો; તેથી જાણે પ્રત્યક્ષ બળદેવ હોય તેમ તે બળદેવની પ્રતિમા હળ લઈને તેમની સામે મારવા આવી. તે જોઈને આશંકા અને વિસ્મય પામી સર્વ ગ્રામ્યજનો પ્રભુના ચરણકમળમાં પડી ખમાવવા લાગ્યા અને પોતાને નિંદવા લાગ્યા.

ત્યાંથી વિહાર કરીને પ્રભુ **ચોરાક** ગામે આવ્યા, અને કોઈ એકાંત સ્થળે પ્રતિમા ધરીને રહ્યા. **ગોશાળે** કહ્યું કે, 'સ્વામી! ગોચરી જવું છે કે નહીં?' **સિદ્ધાર્થે** કહ્યું, 'આજે અમારે ઉપવાસ છે.' પછી ક્ષુધાતુર થયેલો ગોશાળો એકલો ઉત્સુકપણે ભિક્ષાને માટે ગામમાં ગયો. ત્યાં કોઈક ઠેકાણે ગોઠને માટે રસોઈ થતી તેણે દીઠી; એટલે 'ભિક્ષાનો સમય થયો છે કે નહિ?' તેનો નિર્ણય કરવા ગોશાળો સંતાઈ સંતાઈને જોવા લાગ્યો. તે વખતે તે ગામમાં ચોર લોકોનો મોટો ભય હતો, તેથી 'આ સંતાઈને જુએ છે, માટે તે ચોર છે અથવા ચોરનો મોકલેલો ચર પુરુષ છે.' એમ તર્ક કરીને ગામના લોકોએ ગોશાળાને કુટી નાંખ્યો. ગોશાળે ક્રોધાયમાન થઈને શાપ આપ્યો કે, 'જો મારા ધર્મગુરૂનું તપતેજ હોય તો આ લોકોનો ગોષ્ટિમંડપ બળી જાઓ.' એટલે ભગવંતના ભક્ત વ્યંતરોએ તે મંડપને બાળી નાખ્યો. ત્યાંથી વિહાર કરીને પ્રભુ **કલંબુક** નામના ગામે ગયા. તે ગામમાં **મેઘ** અને **કાળહસ્તી** નામે બે શૈલપાળક ભાઈઓ રહેતા હતા. તે વખતે કાળહસ્તી સૈન્ય લઈને ચોરોની પછવાડે જતો હતો. તેણે માર્ગમાં ગોશાળા સહિત વીરપ્રભુને આવતા જોયા, એટલે તેઓની ઉપર ચોરની શંકા કરી. "તેવા લોકોની એવીજ બુદ્ધિ હોય છે." કાળહસ્તીએ પૂછ્યું કે, 'તમે કોણ છો?' પરંતુ મૌનધારી પ્રભુ કાંઈ બોલ્યા નહીં. ગોશાળો પણ ગમતની ખાતર વાનરની જેમ મૌન ધરી રહ્યો. પછી તેણે ગોશાળાને અને પ્રભુને બાંધીને પોતાના ભાઈ મેઘને સોંપ્યા. તે મેઘ સિદ્ધાર્થ રાજાનો સેવક હતો અને તેણે પ્રથમ પ્રભુને જોયા હતા, તેથી પ્રભુને ઓળખ્યા, એટલે પ્રભુને તેણે ખમાવીને મૂકી દીધા. પ્રભુએ અવધિજ્ઞાનથી જાણ્યું કે, 'હજુ મારે ઘણા કર્મની નિર્જરા કરવાની છે. તે કર્મ સહાય વિના મારાથી તરત ખપાવાય તેમ નથી.[1] કારણ કે સૈનિકો સિવાય શત્રુઓનો મોટો સમૂહ જીતી શકાતો નથી. આ આર્ય દેશમાં વિહાર કરવાથી મને તેવી સહાય મળવી દુર્લભ છે, માટે હવે હું અનાર્ય દેશમાં વિહાર કરૂં.' આવો વિચાર કરીને મોટા ઘોર સાગરમાં જલજંતુ પ્રવેશ કરે તેમ પ્રભુ **લાટ** દેશમાં ગયા, જે દેશમાં પ્રાયઃ બધા ક્રૂર સ્વભાવી મનુષ્યોજ રહેતા હતા. ત્યાં પ્રભુને જોઈને કોઈ 'મુંડો મુંડો' એમ કહીને મારવા લાગ્યા, કોઈ સ્પર્શ[2] ધારીને પકડવા લાગ્યા, કોઈ ચોર ધારીને એમને બાંધવા લાગ્યા, કોઈ કૌતુકથી પ્રભુની ઉપર ભસતા શ્વાનોને મૂકવા લાગ્યા અને બીજાઓ પોતાની મરજી પ્રમાણે બીજી અનેક પ્રકારની વિડંબનાઓ કરવા લાગ્યા. પરંતુ જેમ રોગી અતિ ઉગ્ર ઓષધોથી રોગનો નિગ્રહ થતો

૧ અહીં સહાયક ઉપદ્રવાદિકના કરનારને ગણ્યા છે. ૨ આર્ય રાજાના ગુપ્ત ચર.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જાણી હર્ષ પામે, તેમ પ્રભુ આવા ઉપસર્ગોથી કર્મ ખપતાં જાણીને અતિ હર્ષ પામતા હતા. વનમાંથી પકડી લાવેલા હાથીની જેમ ગોશાળે પણ ત્યાં બંધન અને તાડન વિગેરેની અનેક વેદનાઓ સહન કરી. પ્રભુ ત્યાં કર્મની ઘણી નિર્જરા કરીને જાણે કૃતાર્થ થયા હોય તેમ આર્ય દેશની સન્મુખ ચાલ્યા. અનુક્રમે **પૂર્ણકળશ** નામના ગામની નજિક જતાં તે **લાટ દેશની** ભૂમિમાં પ્રવેશ કરવાને ઇચ્છતા બે ચોરોએ પ્રભુને સામા આવતા જોયા. એટલે 'આ અપશુકન થયા.' એવું ધારી તેઓ પ્રભુને મારવાની ઇચ્છાથી કર્ત્તિકા ઉપાડીને આવતા પ્રેતની જેમ ખડ્ગ ઉગામીને પ્રભુની સામે દોડયા, આ સમયે દેવલોકમાં બેઠેલા ઇંદ્રને ચિંતવન થયું કે, 'હાલ **વીર**પ્રભુ કયાં હશે ?' અવધિજ્ઞાને જોતાં તેણે પ્રભુને તથા તેમને મારવાને તૈયાર થયેલા તે બંને ચોરોને તત્રસ્થ જોયા. તત્કાળ સિંહ જેમ હાથીને મારી શકે તેવા પંજાથી બે હરિણને મારે તેમ ઈંદ્રે મોટા પર્વતને તોડી શકે તેવા પરાક્રમી વજ્રવડે તે બંને ચોરોને મારી નાંખ્યા.

ત્યાંથી વિહાર કરીને પ્રભુ ભદ્દિલપુરે આવ્યા. ત્યાં ચાર માસના ઉપવાસ ( **ચોમાસી તપ** ) કરીને પાંચમું ચાતુર્માસ્ય રહ્યા. તપનું પારણું કરી ત્યાંથી વિહાર કરતાં અનુક્રમે પ્રભુ **કદલી સમાગમ** નામના ગામ પાસે આવ્યા. ત્યાંના લોકો યાચકોને અન્ન આપતા હતા,[1] તે જોઈ **ગોશાળે** પ્રભુને કહ્યું કે, 'સ્વામી ! અહિં ભોજન કરો.' **સિદ્ધાર્થે** કહ્યું કે, 'અમારે આજે ઉપવાસ છે.' 'ત્યારે હું એકલો જમીશ' એમ કહી તે ત્યાં ગયો. **ગોશાળો** ત્યાં જમવા બેઠો, પણ પિશાચની જેમ તૃપ્ત થયો નહીં, એટલે ગામના લોકોએ સર્વ અન્નથી ભરેલો એક થાળ તેને અર્પણ કરી દીધો. **ગોશાળો** તેમાંનું બધું અન્ન ખાઈ શકયો નહીં, કંઠ સુધી આહાર કર્યો, તેથી પાણી પીવામાં પણ મંદ થઇ ગયો, એટલે તે લોકોએ 'અરે ! તું તારી આહાર કરવાની શક્તિને પણ જાણતો નથી, તેથી તું શું મૂર્ત્તિમાન દુષ્કાળ છું ?' એમ કહી તે થાળ તેના મસ્તકપર ફેંકયો. પછી તૃપ્તિથી પેટને પંપાળતો પંપાળતો ગોશાળો ત્યાંથી ચાલ્યો ગયો.

ત્યાંથી વિહાર કરીને પ્રભુ **જંબૂખંડ** નામના ગામે ગયા. પ્રભુ કાયોત્સર્ગે રહ્યા. **ગોશાળો** સદાવ્રતનું ભોજન મેળવવાની ઇચ્છાથી પૂર્વવત્ તે ગામમાં ગયો. પૂર્વની જેમ ત્યાં પણ તેને ભોજન અને તિરસ્કાર બંને મળ્યા. ત્યાંથી વિહાર કરીને પ્રભુ **તુંબાક** નામના ગામ સમિપે આવ્યા. પ્રભુ બહાર પ્રતિમા ધરીને રહ્યા અને ગોશાળો ગામમાં ગયો. તે ગામમાં બહુશ્રુત અને અનેક શિષ્યોના પરિવારથી પરવરેલા શ્રી **પાર્શ્વનાથ**ના શિષ્ય વૃદ્ધ **નંદીષેણાચાર્ય** આવ્યા હતા, તેઓ ગચ્છની બધી ચિંતા છોડી દઈને જિનકલ્પના પ્રતિકર્મને[2] કરતા હતા, તેમને જોઈ ગોશાળો **મુનિચંદ્રાચાર્યની** જેમ તેમનું પણ હાસ્ય કરીને પ્રભુની

---

૧ સદાવ્રત હતું. ૨ જિનકલ્પની તુલના.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

પાસે આવ્યો. તે મહર્ષિ **નંદીષેણ** રાત્રે તે ગામના કોઈ ચોકમાં ધર્મધ્યાન કરવા માટે કાયોત્સર્ગ ધરીને સ્તંભની જેમ સ્થિર રહ્યા. ચોકી કરવા નીકળેલા ગ્રામરક્ષકોએ તેમને ચોરની ભ્રાંતિથી મારી નાંખ્યા. તેઓ સદ્ય અવધિજ્ઞાન મેળવી મૃત્યુ પામીને દેવલોકે ગયા. દેવતાઓએ તેમનો મહિમા કર્યો, તે જોઈ **ગોશાળે** ત્યાં આવી તેમના શિષ્યોનો પૂર્વવત તિરસ્કાર કર્યો.

ત્યાંથી વિહાર કરીને પ્રભુ **કૂપિકા** નામના ગામ પાસે આવ્યા. ત્યાં આરક્ષક લોકોએ પ્રચ્છન્ન ચરપણાની ભ્રાંતિથી **ગોશાળા** સહિત પ્રભુને હેરાન કર્યા, તે વખત 'નિરપરાધી એવા કોઈ રૂપવાન્, શાંત, અને યુવાન દેવાર્યને ગુપ્ત ચરની ભ્રાંતિથી આરક્ષકો મારે છે.' એવો વાર્ત્તાલાપ લોકોમાં ફેલાયો. તે વાર્ત્તાલાપ શ્રી **પાર્શ્વનાથની પ્રગલ્ભા** અને **વિજયા** નામે બે શિષ્યા ચારિત્ર છોડીને નિર્વાહને માટે **પરિવ્રાજિકા** થઈ તે ગામમાં રહેતી હતી, તેણે સાંભળ્યો. તેથી 'રખે, તે **વીર** પ્રભુ તો ન હોય?' એવી શંકા કરતી ત્યાં આવી. ત્યાં ભગવંતને તેવી સ્થિતિમાં જોયા; એટલે તેઓએ પ્રભુને વંદના કરીને આરક્ષકોને કહ્યું કે, "અરે મૂર્ખો! આ **સિદ્ધાર્થ** રાજાના પુત્ર શ્રી **મહાવીર** છે એમ શું તમે નથી જાણતા? હવે જલદી તેમને છોડી મૂકો; કેમકે આ ખબર જો ઇંદ્ર જાણશે તો તમારી ઉપર પ્રાણહર વજ્ર મૂકશે," આ પ્રમાણે સાંભળીને તેઓએ પ્રભુને છોડયા અને વારંવાર ખમાવ્યા. પછી ભગવંત ત્યાંથી **વિશાળાપુરી** તરફ ચાલ્યા. આગળ જતાં બે માર્ગો આવ્યા. એટલે ગોશાળે કહ્યું કે, "હે નાથ! હું તમારી સાથે નહીં આવું, કારણ કે મને કોઈ મારે છે ત્યારે તમે તટસ્થ થઈ જોયા કરો છો, વળી તમને ઉપસર્ગો થાય છે ત્યારે તેની સાથે મને પણ ઉપસર્ગો થાય છે, કેમકે અગ્નિ સુકાની સાથે લીલાને પણ બાળે છે. વળી લોકો પ્રથમ મને મારે છે અને પછી તમને મારે છે. તેમજ સારા ભોજનની ઇચ્છા થયા છતાં કોઈ દિવસ ભોજન થાય છે અને કોઇ દિવસ ભૂખ્યા રહેવું પડે છે. વળી પાષાણમાં અને રત્નમાં, અરણ્યમાં અને નગરમાં, તડકામાં અને છાયામાં, અગ્નિમાં અને જળમાં, હણવા આવનારમાં અને સેવકમાં નિર્વિશેષ—સમદૃષ્ટિ રાખનાર એવા તમારી સેવા મૂઢ બુદ્ધિવાળા પુત્રની જેમ કોણ કરે? એક તાળવૃક્ષની સેવા કરે તેવી નિષ્ફળ તમારી સેવા મેં ભ્રાંત થઈને આજ સુધી કરી છે તે સંભારજો, હવે હું તેવી સેવા કરીશ નહીં." **સિદ્ધાર્થ** બોલ્યો 'તને જે રૂચે તે કર. અમારી તો એવીજ શૈલી છે, તે કદિ પણ અન્યથા થશે નહીં.'

પછી પ્રભુ ત્યાંથી **વિશાળા** નગરીને માર્ગે ચાલ્યા અને **ગોશાળો** એકલો **રાજગૃહ** નગરને માર્ગે ચાલ્યો. આગળ ચાલતાં સર્પવાળા મોટા રાફડામાં ઉંદર પેસે તેમ જેમાં પાંચસો ચોર રહે છે એવા એક મોટા અરણ્યમાં **ગોશાળે** પ્રવેશ કર્યો. એક ચોરે ગીધની જેમ વૃક્ષ ઉપરથી **ગોશાળાને** દૂરથી આવતો જોયો, એટલે તેણે બીજા ચોરોને કહ્યું કે 'કોઇ દ્રવ્ય વિનાનો નગ્ન પુરૂષ આવે છે.' તેઓ બોલ્યા કે, 'તે નગ્ન છે તો પણ આપણે

JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

તેને છોડવો નહીં, કારણ કે કદાપિ તે કોઈનો મોકલેલો **ચર** પુરૂષ પણ હોય? માટે તે આપણો પરાભવ કરીને જાય તે ઉચિત નથી.' એવી રીતે વિચારી તેઓ નજીક આવેલા **ગોશાળાને** 'મામો, મામો' કહી વારા ફરતી તેના ખભાપર ચડીને તેને ચલાવવા લાગ્યા. વારંવાર એવી રીતે ચલાવવાથી **ગોશાળાના** શરીરમાં શ્વાસ માત્ર બાકી રહ્યો, એટલે ચોર લોકો તેને છોડીને ત્યાંથી બીજે ચાલ્યા ગયા. **ગોશાળે** વિચાર્યું કે, "સ્વામીથી જુદા પડતાં પ્રારંભમાંજ શ્વાનની જેમ મેં આવી દુઃસહ વિપત્તિ ભોગવી, પ્રભુની વિપત્તિને તો ઈંદ્રાદિક દેવતાઓ પણ આવી આવીને દૂર કરે છે, તો તેમના ચરણને શરણે રહેવાથી મારી પણ વિપત્તિઓ નાશ પામે છે. જે પ્રભુ રક્ષણ કરવાને માટે પોતે સમર્થ છતાં પણ કોઇ કારણથી ઉદાસીન રહે છે, તેવા પ્રભુને મંદ ભાગ્યવાળા પુરૂષ ધનના નિધિને પ્રાપ્ત કરે તેમ હું હવે શી રીતે પ્રાપ્ત કરીશ? માટે ચાલ, તેની જ શોધ કરૂં," આવો નિશ્ચય કરી ગોશાળો પ્રભુના દર્શનને માટે તે વનનું ઉલ્લંઘન કરીને અશ્રાંતપણે ભમવા લાગ્યો.

પ્રભુ **વિશાલા** નગરીમાં આવ્યા. ત્યાં કોઈ **લોહકારની** શાળામાં લોકોની આજ્ઞા લઈને પ્રભુ પ્રતિમા ધારણ કરીને રહ્યા. તે શાળાનો સ્વામી લુહાર છ માસ સુધી રોગોથી પીડાઈ તરતમાં જ નિરોગી થયો હતો. તે જ દિવસે પોતાના સ્વજનોથી વીંટાઈ પોતાની કોડમાં આવ્યો. ત્યાં પ્રભુને જોઈને તેણે ચિંતવ્યું કે, 'પહેલે જ દિવસે મારે આ પાખંડીના દર્શન થયા તે મોટું અપશુકન થયું, માટે આની ઉપર જ લોઢાનો ઘણ મારીને એ અમંગળને દૂર કરૂં.' પછી તે દુષ્ટ પ્રભુને મારવા માટે ઘણ ઉપાડીને દોડ્યો. તે વખતે **ઇંદ્રને** વિચાર થયો કે, 'હાલ પ્રભુ ક્યાં હશે?' અવધિજ્ઞાને જોતાં તે લુહારને ઘણ મારવા ઉદ્યત થયેલ જાણી ઈંદ્ર તત્કાળ ત્યાં આવ્યા અને પોતાની શક્તિથી તે ઘણ તેના જ માથા ઉપર પડાવ્યો, તેથી માંડ માંડ રોગમુક્ત થયાં છતાં પણ ઘણના પ્રહારથી તે લુહાર યમદ્વારમાં પહોંચી ગયો. ઈંદ્ર પ્રભુને નમી **સૌધર્મ** કલ્પમાં ગયા.

ત્યાંથી વિહાર કરીને પ્રભુ **ગ્રામક** નામના ગામ પાસે આવ્યા. ત્યાં **બિભેલક** નામના ઉદ્યાનમાં આવેલા બિભેલક નામના યક્ષના મંદિરમાં પ્રભુ કાયોત્સર્ગ કરીને રહ્યા. તે યક્ષને પૂર્વ ભવે સમકિત ફરસેલું હતું, તેથી તેણે અનુરાગ ધરીને દિવ્ય પુષ્પ અને વિલેપનાદિકથી પ્રભુની પૂજા કરી.

ત્યાંથી વિહાર કરીને પ્રભુ **શાલિશીર્ષ** નામના ગામે પધાર્યા. ત્યાં ઉદ્યાનમાં પ્રતિમા ધરીને રહ્યા, તે વખતે માઘ માસ વર્તતો હતો. ત્યાં **કટપૂતના** નામે એક વાણવ્યંતરી દેવી હતી, તે પ્રભુના ત્રિપૃષ્ટના જન્મમાં પ્રભુની **વિજયવતી** નામે પત્ની હતી. તે ભવમાં તેને સારી રીતે માન ન મળવાથી રોષવતી થઈને મૃત્યુ પામી હતી. કેટલાક ભવમાં ભમ્યા પછી તે મનુષ્ય ભવ પામી હતી. તે ભવમાં બાળતપ કરી મૃત્યુ પામીને આ ભવમાં તે વ્યંતરી થઈ હતી. પૂર્વના વૈરથી અને પ્રભુના તેજને સહન ન કરી શકવાથી તેણે પ્રભુની પાસે આવીને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**તાપસીનું** રૂપ વિકુર્વ્યું. પછી માથે જટા ધારણ કરી, વલ્કલના વસ્ત્ર **પહેરી,** હિમ જેવા શીતળ જળમાં શરીરને બોળીને પ્રભુની ઉપર ઉંચે ઉભી રહી. પછી પવન વિસ્તારીને સીસોળીઆની જેમ શરીરપરથી જળના અતિ દુઃસહ શીતળ બિંદુઓ પ્રભુની ઉપર ઉંચે પડવા લાગ્યા. જટાના અગ્ર ભાગથી અને વલ્કલમાંથી પડતા જળબિંદુઓએ પ્રભુને પલાળી દીધા. જો બીજો કોઈ પુરૂષ તે ઠેકાણે હોત તો શીતથી ઠરીને ફાટી જાત, અર્થાત્ પ્રાણ જતા રહેત. આ પ્રમાણે આખી રાત્રિ શીતોપસર્ગને સહન કરતાં પ્રભુનું અત્યંત કર્મોને ખપાવે તેવું ધર્મધ્યાન વિશેષે દીપી નીકળ્યું, અને **અનુત્તર** વિમાનમાં રહેલા દેવો હોય તેવું સર્વ લોકને અવલોકન કરાવનારૂં વિશેષ પ્રકારનું[1] અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. શ્રી **વીર**પ્રભુને દેવભવમાં પણ જયારે જયારે સહજ અવધિજ્ઞાન પ્રાપ્ત થતું ત્યારે તેઓ એકાદશાંગી સૂત્રાર્થના ધારણ કરનારા થતા હતા. અહીં રાત્રિ વ્યતીત થઈ એટલે કટપૂતના શાંત થઈ ગઈ. પછી તે ઘણો પશ્ચાત્તાપ કરીને ભક્તિપૂર્વક પ્રભુની પૂજા કરી પોતાને સ્થાનકે ગઈ.

ત્યાંથી વિહાર કરીને પ્રભુ **ભદ્રિકાપુરીએ** આવ્યા. ત્યાં દીક્ષા લીધા પછીનું છઠ્ઠું ચોમાસું કરવાને માટે પ્રભુ તપને આચરતા સ્થિતિ કરીને રહ્યા. ત્યાં છ માસે **ગોશાળો** આવીને મળ્યો. પૂર્વની જેમ પ્રભુની સેવા કરતો તે સાથે રહ્યો. પ્રભુએ વિવિધ અભિગ્રહપૂર્વક ત્યાં **ચાર માસક્ષપણ** કર્યાં. પછી વર્ષાકાળ નિર્ગમન કરી નગરીની બહાર પારણું કર્યું.

इत्याचार्य श्री हेमचंद्र विरचिते त्रिषष्टि शलाका पुरुष चरिते महाकाव्ये
दशमपर्वणि श्री महावीर प्रथम षड् वर्ष विहार
वर्णनो नाम तृतीय सर्गः ॥

## સર્ગ ૪ થો

### શ્રી મહાવીર સ્વામીનો બીજા છ વર્ષનો છદ્મસ્થ વિહાર.

**ગોશાળે** સેવેલા શ્રી **વીર**ભગવંતે ત્યાર પછી આઠ માસ સુધી ઉપસર્ગ વગર **મગધ-દેશની** ભૂમિમાં વિહાર કર્યો. પછી **આલંભિકા** નામની નગરીએ ગયા. ત્યાં **ચાર માસક્ષપણ** કરીને ચોમાસું ઉલ્લંઘન કર્યું. ચોમાસું પૂર્ણ થયા પછી તે નગરીની બહાર પારણું કરીને પ્રભુ **ગોશાળા** સહિત **કુંડક** નામના ગામે ગયા. ત્યાં વાસુદેવના મંદિરના એક ખુણામાં

૧ લોકાવધિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જાણે રત્નમય પ્રતિમા બેસાડી હોય તેમ પ્રભુ પ્રતિમા ધરીને રહ્યા. પ્રકૃતિથી નિર્લજ્જ અને ઘણા વખતથી કરેલી સંલીનતાથી આતુર થયેલો **ગોશાળો** વાસુદેવની પ્રતિમાના મુખ પાસે પુરૂષ ચિન્હ ધરીને ઉભો રહ્યો. તેવામાં તેનો પૂજારી આવ્યો, તે **ગોશાળાને** એવી રીતે રહેલો જોઇને વિચારવા લાગ્યો કે, 'આ કોઈ પિશાચગ્રસ્ત અથવા ગાંડો માણસ જણાય છે.' એવું વિચારતો તે અંદર પેઠો અને તેને બરોબર જોયો; એટલે તેને નગ્ન જોઈને તેણે ધાર્યું કે, 'આ કોઈ નગ્ન જૈન સાધુ જણાય છે.' વળી વિચાર્યું કે, 'જો હું આને મારીશ તો લોકો કહેશે કે, આ દુષ્ટે નિર્દોષ એવા સાધુને વિનાકારણ માર્યો છે, માટે આનું ગામને જે યોગ્ય લાગે તે કરો; તેથી હું આ વાત ગામના લોકોને જઇને કહું,' એમ વિચારીને તે ગામના લોકોને તેને બતાવવા તેડી લાવ્યો. તત્કાળ ગામના બાળકોએ તેને લપડાકોથી અને મુષ્ટિઓથી કુટવા માંડ્યો. પછી 'એ ગાંડો છે, માટે એને મારવાથી સર્યું' એમ કહીને વૃદ્ધ લોકોએ તેને છોડાવ્યો.

કર્મરૂપી શત્રુને મર્દન કરનારા પ્રભુ ત્યાંથી વિહાર કરીને **મર્દન** નામના ગામ પાસે આવ્યા. ત્યાં બળદેવના મંદિરમાં પ્રભુ પ્રતિમા ધરીને રહ્યા. ત્યાં પણ પૂર્વની જેમ બળદેવના મુખમાં પુરૂષચિન્હ રાખીને **ગોશાળો** ઉભો રહ્યો. તેથી પૂર્વની જેમ ગામના લોકોએ કુટ્યો અને પૂર્વની જેમ વૃદ્ધોએ છોડાવ્યો. ત્યાંથી વિહાર કરીને તપસ્વી પ્રભુ **બહુશાળ** નામના ગામે ગયા. ત્યાં **શાળવન** નામના ઉદ્યાનમાં પ્રતિમા ધરીને રહ્યા. ત્યાં **શાલાર્યા** નામે એક વ્યંતરી હતી, તેણે કાંઈ પણ કારણ વગર ક્રોધ પામીને પ્રભુની ઉપર કર્મનો ઘાત કરનારા કેટલાક ઉપસર્ગો કર્યા. ઉપસર્ગ કરતાં કરતાં જ્યારે તે શ્રાંત થઈ ત્યારે તેણે પ્રભુની પૂજા કરી. પછી ત્યાંથી વિહાર કરીને **વીરપ્રભુ** **લોહાર્ગલ** નામના ગામે આવ્યા. ત્યાં **જીતશત્રુ** નામે રાજા હતો. તે રાજાને કોઈ રાજા સાથે વિરોધ ચાલતો હતો; તેથી રાજપુરૂષોએ માર્ગમાં પ્રભુને **ગોશાળા** સહિત આવતા જોયા. એટલે 'તમે કોણ છો ?' એમ તેઓએ પૂછ્યું, પણ મૌનધારી પ્રભુ કાંઈ બોલ્યા નહીં. તેથી 'આ કોઈ શત્રુના હેરૂ છે.' એવું ધારી તેમને પકડીને જીતશત્રુ રાજાને સોંપ્યા. ત્યાં **અસ્થિક** ગામથી **ઉત્પલ** નિમિત્તીઓ આવેલો હતો. તેણે પ્રભુને ઓળખ્યા, એટલે વંદના કરી અને જીતશત્રુ રાજાને બધી વાતો કહી. પછી રાજાએ પણ ભક્તિથી પ્રભુને વંદના કરી.

ત્યાંથી વિહાર કરીને પ્રભુ **પુરિમતાલ** નગરે પધાર્યા. ત્યાં પૂર્વે એવું બનેલું હતું કે ત્યાં **વાગુર** નામે એક ધનાઢ્ય શેઠ રહેતો હતો. તેને **ભદ્રા** નામે પ્રિયા હતી. તે વંધ્યા હતી, તેથી સંતાનને માટે દેવતાઓની બાધાઓ કરી કરીને થાકી ગઇ હતી. એક વખતે તે બંને **શકટમુખ** નામના ઉદ્યાનમાં ગયા. ત્યાં તેઓએ દેવની જેમ પુષ્પ ચુંટવા વિગેરેથી ચિરકાળ ક્રીડા કરી. ક્રીડા કરતાં કરતાં તેઓ એક મોટા જીર્ણ મંદિર પાસે આવ્યા. કૌતુકથી



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બંનેએ તેમાં પ્રવેશ કર્યો. અંદર દૃષ્ટિને અમૃત જેવી **શ્રીમલ્લિનાથ** પ્રભુની પ્રતિમા દેખીને શ્રદ્ધાપૂર્વક તેમણે વંદના કરી. પછી પ્રાર્થના કરી કે, 'હે દેવ ? તમારા પ્રસાદથી જો અમારે પુત્ર કે પુત્રી થશે, તો અમે આ તમારા ચૈત્યનો ઉદ્ધાર કરશું, અને ત્યારથી સદા તમારા ભક્ત થઈને રહેશું.' આ પ્રમાણે કહીને તેઓ પોતાને ઘેર આવ્યા. ત્યાં નજીકમાં કોઈ અર્હંતભક્ત વ્યંતરીનો નિવાસ હતો, તેના પ્રભાવથી **ભદ્રાના** ઉદરમાં ગર્ભ રહ્યો. તેથી શેઠને દેવ ઉપર પ્રતીતિ આવી. ગર્ભના દિવસથીજ માંડીને તેણે મોટા હર્ષથી દુર્ગતિમાંથી પોતાના આત્માની જેમ તે દેવાલયનો ઉદ્ધાર કરવાનો આરંભ કર્યો. અને બુદ્ધિમાન્ **વાગુર** શેઠ લીધેલા અભિગ્રહ પ્રમાણે દરરોજ ત્યાં જઈને તે **મલ્લિનાથની** પ્રતિમાની ત્રિકાળ પૂજા કરવા લાગ્યો. તેને જિનભક્ત જાણીને વિચરતા એવા સાધુ અને સાધ્વીઓ પણ તેને ઘેર આવવા માંડયા અને તે પણ સદા તેમની પૂજા સત્કાર કરવા લાગ્યો. નિત્યના સાધુઓના સંગથી શ્રેષ્ઠ બુદ્ધિવાળા તે શેઠ શેઠાણી શ્રાવકપણું પામ્યા અને સર્વ વિધિના જાણનારા થઈ ગયા.

આ સમયે શ્રી **વીરભગવંત** તે **પુરિમતાલ** નગરના **શકટમુખ** નામનાજ ઉદ્યાનમાં કાઉસગ્ગ કરીને રહ્યા. ત્યાં **ઈશાનેંદ્ર** જિનેશ્વરને વંદના કરવા આવ્યો. તેણે **મલ્લિનાથ** પ્રભુના બિંબને પૂજવા માટે જતા તે **વાગુર** શેઠને જોયો. એટલે **ઈશાન ઈંદ્રે** કહ્યું કે, 'અરે શેઠ ! આ પ્રત્યક્ષ જિનેશ્વરનું ઉલ્લંઘન કરીને જિનેશ્વરના બિંબને પૂજવા માટે આગળ કયાં જાઓ છો ? આ ભગવાન્ શ્રી વીરસ્વામી ચરમ તીર્થંકર છે, તે છદ્મસ્થપણે વિહાર કરતાં અહિં પ્રતિમાધારી થઈને રહ્યા છે.' તે સાંભળી વાગુર શેઠે મિથ્યાદુષ્કૃત દઈ ત્રણ પ્રદક્ષિણા કરી કૂર્મની જેમ શરીર સંકોચીને ભક્તિથી પ્રભુને વંદના કરી. પછી ઈશાનઈંદ્ર અને વાગુર શેઠ પ્રભુને નમીને પોતાને સ્થાનકે ગયા.

JAINSITE જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્

ત્યાંથી વિહાર કરીને પ્રભુ **ઉષ્ણાક** નામના નગર તરફ ચાલ્યા. માર્ગમાં તરતના પરણેલા અને તદ્દન વિરૂપ આકૃતિવાળા કોઈ વરવધૂ સામા મળ્યા. તેમને જોઈને **ગોશાળો** બોલ્યો કે–'અહો ! જુઓ તો ખરા ! આ બંનેના કેવા મોટા પેટ છે, મોટા દાંત છે, હડપચી તથા ડોક લાંબી છે, વાંસામાં ખુંધ નીકળેલી છે અને નાકે ચીબા છે. અહો ! વિધાતાની જોડી દેવાની ખુબી પણ કેવી છે, કે જેણે વરકન્યા બંને સરખા મેળવી દીધા છે ! હું તો ધારૂં છું કે, તે વિધાતા પણ કૌતુકી છે.' આ પ્રમાણે ગોશાળો તેમની આગળ જઈ જઈને વારંવાર કહેવા લાગ્યો, અને મશ્કરા [ વિદૂષક ]ની જેમ વારંવાર અટ્ટહાસ કરવા લાગ્યો. તે જોઈને તે વધૂવરની સાથેના માણસો ક્રોધાયમાન થયા. તેથી ગોશાળાને તેઓએ ચોરની જેમ મયૂરબંધવડે બાંધીને વાંસની જાળમાં ફેંકી દીધો. ગોશાળે પ્રભુને ઉદ્દેશીને કહ્યું કે, 'હે સ્વામી ! મને બાંધ્યો છે, તે છતાં તમે મારી ઉપેક્ષા કેમ કરો છો ? તમે અન્ય જનોની ઉપર પણ કૃપાળુ છો, તો શું પોતાના સેવક ઉપર કૃપાળુ નથી ?' **સિદ્ધાર્થે** કહ્યું કે, 'વાનરની જેમ ચપળતા કરનારા એવા તારે તારા પોતાના દુશ્ચરિત્રથી

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

હંમેશા વિપત્તિ તો સિદ્ધ થઈ ચુકી છે.' પ્રભુ થોડે દૂર જઈને તેની રાહ જોતા ઉભા રહ્યા. એટલે પેલા વધૂવરના માણસો પ્રભુને જોઈને વિચારવા લાગ્યા કે, 'જુઓ, આ મહા તપસ્વી દેવાર્ય આ પુરૂષની રાહ જુએ છે, માટે કદાચ આ માણસ તેમનો પીઠધારી, છત્ર-ધારી કે કોઈ બીજું કાર્ય કરનાર સેવક હશે.' આ પ્રમાણે વિચારીને તેઓએ પ્રભુને માટે **ગોશાળાને** છોડી મૂક્યો. પછી પ્રભુ તેની સાથે ચાલતા અનુક્રમે **ગોભૂમિમાં** આવ્યા. ગોશાળે ગોવાળોને પૂછ્યું કે, 'અરે બીભત્સ મૂર્ત્તિવાળાઓ! અરે મ્લેચ્છો! અરે પોતાના નેહડામાંજ શૂરવીર ગોવાળો! કહો, આ માર્ગ ક્યાં જાય છે?' ગોવાળીઆ બોલ્યા– 'અરે! મુસાફર! તું વિનાકારણ શા માટે અમોને ગાળો આપે છે? અરે શાળા! તારો નાશ થઈ જશે.' ગોશાળે કહ્યું, 'અરે દાસીના પુત્રો! જો તમે મારો આટલો આક્રોશ સહન નહીં કરો તો હું અધિક આક્રોશ કરીશ, વળી મેં તમને કાંઈ ગાળો આપી નથી. મેં તમને મ્લેચ્છ ને બીભત્સ કહ્યા છે તો શું તમે મ્લેચ્છ અને બીભત્સ નથી? મેં ખોટું શું કહ્યું છે?' તે સાંભળી તેઓએ ક્રોધથી ગોશાળાને બાંધીને વાંસના વનમાં ફેંકી દીધો; પરંતુ બીજા દયાળુ મુસાફરોએ તેને છોડાવ્યો. ત્યાંથી વિહાર કરીને પ્રભુ **રાજગૃહનગરે** પધાર્યા. ત્યાં **ચાર માસક્ષપણવડે** વિવિધ પ્રકારના અભિગ્રહો કરીને પ્રભુએ આઠમું ચોમાસું નિર્ગમન કર્યું. ચાતુર્માસને અંતે નગરની બહાર પ્રભુએ પારણું કર્યું.

પછી પ્રભુએ ચિંતવ્યું કે, 'મારે હજુ પણ ઘણું કર્મ નિર્જરવાનું છે.' આમ વિચારીને કર્મ નિર્જરાને માટે પ્રભુ ગોશાળા સહીત વજ્રભૂમિ, શુદ્ધભૂમિ, અને લાટ વિગેરે મ્લેચ્છ દેશોમાં વિચર્યા. તે દેશોમાં પરમાધાર્મિક જેવા સ્વચ્છંદી મ્લેચ્છો વિવિધ ઉપસર્ગોથી શ્રી **વીર**પ્રભુને ઉપદ્રવો કરવા લાગ્યા. કોઈ પ્રભુની નિંદા કરતા, કોઈ પ્રભુને હસતા, અને કોઈ શ્વાન વિગેરે દુષ્ટ પ્રાણીઓને લઈને પ્રભુને વીંટી વળતા હતા પરંતુ 'આથી કર્મનો ધ્વંસ થાય છે' એવું ધારીને શલ્યના ઉદ્ધારના સાધનોથી છેદાદિક થતાં જેમ હર્ષ પામે તેમ પ્રભુ તે ઉપસર્ગોથી ઉલટા હર્ષ પામતા હતા. કર્મરોગની ચિકીત્સા કરનાર પ્રભુ કર્મનો ક્ષય કરવામાં સહાયકારી તે મ્લેચ્છોને બંધુથી પણ અધિક માનતા હતા. જેમના ચરણના અંગુઠા માત્રવડે દબાવવાથી અચળ એવો **મેરૂ** પણ કંપાયમાન થયો હતો, તેવા શ્રી **વીર**પ્રભુ પણ કર્મથી પીડાયા છતાં આવી રીતે વર્ત્તે છે. શક્રઈંદ્રે તેમની આપત્તિ દૂર કરવાને માટે **સિદ્ધાર્થ** વ્યંતરને નિમેલો છે પણ તે તો માત્ર ગોશાળાને ઉત્તર આપવાનેજ ઉપયોગી થઈ પડ્યો, બીજી વખત તો તે હાજર પણ રહેતો નહીં. પ્રભુના ચરણમાં મોટા મોટા સુરેંદ્રો આવીને વારંવાર આળોટે છે અને કિંકર થઈને વર્ત્તે છે. ઈંદ્રાદિક પણ પ્રભુને પ્રાપ્ત થતી કર્મજન્ય પીડામાં માત્ર ઉદાસી થઈને રહે છે. જેમના નામ માત્રથી દુષ્ટ ઉપદ્રવો દ્રવી જાય છે, તે પ્રભુને ઉલટા અતિ ક્ષુદ્ર લોકો ઉપદ્રવ કરે છે, તેનો પોકાર કોની આગળ જઈને કરીએ? જગતના તે કૃતઘ્ન સુકૃતોને ધિક્કાર છે, કે જેઓ સ્વામીથી ઉત્પન્ન

www.jainsite.com   For Private & Personal Use Only   info@jainsite.com

થયેલા છે, છતાં પણ આવા વિઘ્નમાં આવી પડેલા સ્વામીની રક્ષા કરતા નથી. આખા જગતનું રક્ષણ અને ક્ષય કરવાનું પોતામાં બળ છતાં પ્રભુ તેનો કિંચિત્ પણ ઉપયોગ કરતા નથી. કારણ કે "સંસારસુખના લાલચુ પુરૂષોજ પોતાના બળનું તેવા પ્રકારે ફળ મેળવવા ઈચ્છે છે." આશ્રયસ્થાન પણ નહીં મળી શકવાથી ટાઢ અને તડકાને સહન કરતા પ્રભુ છ માસ સુધી ધર્મ જાગરણ કરતાં તે ભૂમિમાં રહ્યા, અને શૂન્યાગારમાં કે વૃક્ષતળે રહીને ધર્મધ્યાનમાં પરાયણ એવા પ્રભુએ નવમું ચાતુર્માસ્ય નિર્ગમન કર્યું.

ત્યાંથી વિહાર કરીને પ્રભુ ગોશાળા સાથે સિદ્ધાર્થપુરે આવ્યા. ત્યાંથી **કૂર્મગ્રામ** તરફ ચાલ્યા. માર્ગમાં એક તિલનો છોડવો જોઈને ગોશાળે પ્રભુને પૂછ્યું કે–'સ્વામી! આ તિલનો છોડવો ફળશે કે નહીં?' ભવિતવ્યતાને યોગે પ્રભુ પોતે જ મૌન છોડીને બોલ્યા, 'હે ભદ્ર! એ તિલનો છોડ ફળિત થશે. પુષ્પના સાત જીવ જે બીજા છોડમાં રહેલા છે, તે ચ્યવીને આજ છોડમાં તિલની સિંગમાં તેટલા જ તિલપણે ઉત્પન્ન થશે.' પ્રભુના આ પ્રમાણેનાં વચન પર ગોશાળાને શ્રદ્ધા ન આવવાથી તેણે તે તિલના બોથાંને માટી હાથેથી ઉખેડીને બીજે મૂકી દીધું. તે વખતે 'પ્રભુની વાણી અસત્ય ન થાઓ' એવું ધારીને નજીક રહેનારા કોઈ દેવતાએ તરત જ ત્યાં મેઘની વૃષ્ટિ વિકુર્વી, તેથી ત્યાંની જમીન અને તે તલનું બોથું જરા આર્દ્ર થયું. તેવામાં તે પ્રદેશમાં કોઈ ગાય નીકળી, તેની ખરીથી તે બોથું દબાયું, એટલે તે આર્દ્ર ભૂમિમાં પેસી ગયું, પછી પૃથ્વી સાથે મળી જવાથી સજ્જડ થયું. અનુક્રમે તેના મૂળ ઊંડા ગયા અને નવા અંકુરા ઉત્પન્ન થયા. અનુક્રમે તેની સીંગમાં પ્રભુએ કહ્યા પ્રમાણે પુષ્પના સાત જીવો તિલપણે ઉત્પન્ન થયા અને વધવા લાગ્યા. ભગવંત ત્યાંથી દુષ્ટ બુદ્ધિવાળા અને પોતાને પ્રભુનો ખરો ભક્ત માનતા **ગોશાળા** સહિત **કૂર્મ**ગ્રામે ગયા.

હવે **ચંપા** અને **રાજગૃહી** નગરીની વચ્ચે ધનથી પૂર્ણ અને મહીમંડળમાં મંડનરૂપ **ગોબર** નામે એક ગામ છે. તેમાં **ગોશંખી** નામે એક આહીરપતિ કૌટુંબી (કણબી) રહેતો હતો. તેને **બંધુમતી** નામે એક વંધ્યા સ્ત્રી હતી, કે જે તેને અતિ વલ્લભ હતી. તે ગામની નજીક **ખેટક** નામે એક ગામ હતું. તે ગામ ચોરલોકોએ આવીને ભાંગી નાંખ્યું અને ઘણા લોકોને બંદી તરીકે પકડ્યા. તે સમયે **વેશિકા** નામની કોઈ સ્ત્રીએ પુત્રને જન્મ આપ્યો. તેનો પતિ હણાયેલ હોવાથી તેને સ્વરૂપવતી જાણીને ચોરલોકોએ સાથે લીધી. પ્રસવ રોગથી પીડિત એવી તે સ્ત્રી વૃષભ જેવા દુર્દાંત અને વેગે ચાલતા ચોરલોકોની સાથે હાથમાં બાળકને લઈને ચાલી શકી નહીં. ત્યારે ચોરો બોલ્યા કે, 'અરે સ્ત્રી! જો તું જીવવાને ઈચ્છતી હોય તો મૂર્ત્તિમાન્ વ્યાધિ જેવા આ બાળકને છોડી દે.' પછી તે વેશિકા બાળકને એક વૃક્ષ તળે મૂકી દઈને ભય પામી છતી ચોરલોકોની સાથે ચાલી. "સર્વ લોકોને પ્રાણથી વિશેષ બીજું કાંઈ પણ પ્રિય નથી." પ્રાતઃકાળે પેલો ગોશંખી કણબી ત્યાં આવ્યો, તેણે એ બાળકને જોયો. તેને સ્વરૂપવાન્ જોઈને તેણે ગ્રહણ કર્યો, અને ઘેર આવી પોતાની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પત્નીને પુત્ર તરીકે રાખવા અર્પણ કર્યો. “અપુત્રીઆઓને બીજાનો પુત્ર પણ અતિ વહાલો લાગે છે.” પછી તે બુદ્ધિમાન્ કણબીએ એક મેંઢાને મારી તેના રૂધિરથી બાળકને ખરડીને અને પોતાની પત્નીને સૂતિકાનો વેષ પહેરાવીને લોકોમાં એવી વાત ફેલાવી કે, ‘મારી સ્ત્રીને ગૂઢગર્ભ હતો, તે આજે પુત્રનો પ્રસવ થયો છે.’ આમ કહીને તેણે લોકોમાં મહોત્સવ પ્રવર્ત્તાવ્યો. અહીં તે બાળકની માતા વેશિકાને જે ચોરલોકો લઈ ગયા હતા, તેણે ચંપાપુરીના ચૌટામાં વેચવાને માટે ઉભી રાખી. તેને પોતાના ધંધાને યોગ્ય ધારીને કોઈ વેશ્યાએ ખરીદ કરી. પછી તે વેશ્યાએ તેને ગણિકાનો બધો વ્યવહાર શીખવાડ્યો. અનુક્રમે રૂપથી અપ્સરાનો પણ તિરસ્કાર કરે તેવી તે વેશિકા એક પ્રખ્યાત ગણિકા થઈ પડી, તે વેશિકાનો પુત્ર ગોશંખિક કણબીને ઘેર યુવાન્ થયો. એક વખતે તે મિત્રોની સાથે ઘીનું ગાડું વેચવાને માટે ચંપાનગરીમાં આવ્યો. ત્યાં નગરજનોને ચતુર રમણીઓની સાથે વિલાસ કરતા જોઈ તે પણ વિલાસ કરવાની ઇચ્છાથી ગણિકાઓના પાડામાં ગયો. ત્યાં બીજી વેશ્યાઓમાં રહેલી પોતાની માતા **વેશિકાને** તેણે જોઈ, એટલે તેની સાથે રમણ કરવાની તેની ઇચ્છા થઈ. “અજ્ઞાન મનુષ્યો પશુ જેવા જ હોય છે.” પછી તેણે તત્કાળ તેને એક આભૂષણ આપ્યું અને રાત્રે સ્નાન વિલેપનાદિ કરીને તેણીના ઘર તરફ ચાલ્યો. માર્ગે જતાં તેનો એક પગ વિષ્ટામાં પડ્યો, પણ કામમાં મોહ પામી ગયેલા તેણે કાંઈ જાણ્યું નહીં. એ વખતે તેને પ્રતિબોધ કરવાને માટે તેની કુળદેવતાએ માર્ગમાં એક ગાય અને વાછડો વિકુર્વ્યાં. તે વાછડાને જોઈને પોતાનો પગ તેની સાથે તે ઘસવા લાગ્યો, તેવામાં તે વત્સ મનુષ્ય વાણીએ ગાયને કહેવા લાગ્યો–‘માતા! જુઓ આ કોઈ પુરૂષ ધર્મરહિત નિર્દયપણે પોતાના વિષ્ટા ભરેલા પગને મારી સાથે ઘસે છે.’ તે સાંભળી ગાય બોલી–‘વત્સ! ખેદ કર નહીં, તેનું એ અપકૃત્ય કાંઈ વિશેષ નથી; કેમ કે કામદેવનો ગધેડો થઈને એ પોતાની માતા સાથે વિલાસ કરવાને ત્વરાથી જાય છે.’ તે સાંભળી તેણે ચિંતવ્યું કે, ‘આ ગાય મનુષ્યવાણીથી આમ કેમ બોલે છે? માટે હું તે વેશ્યાની તજવીજ તો કરૂં.’ આવો વિચાર કરી તે વેશ્યાને ઘેર આવ્યો. વેશ્યાએ અભ્યુત્થાન વિગેરે કરવા વડે તેનો સત્કાર કર્યો; પરંતુ પેલી ગાયની વાણીથી શંકા આવેલી હોવાથી તે પુરૂષના ચિત્તમાં કામવ્યાપારનો રોધ થઈ ગયો હતો, એટલે તેણે ક્ષણવાર રહીને તે વેશ્યાને કહ્યું કે–‘ભદ્રે! તમારી જે પરંપરા હોય તે કહો.’ તેનું એ વચન જાણે સાંભળ્યું જ ન હોય તેમ કરીને એ વેશ્યા તેને અનેક પ્રકારના હાવભાવ બતાવવા લાગી. “વેશ્યાઓનું પ્રથમ કામશાસન એજ છે.” ફરીથી તે બોલ્યો કે–“જો તમે તમારી હકીકત કહેશો તો હું તમને બમણું દ્રવ્ય આપીશ, માટે ખરેખરી હકીકત કહો, તમને તમારા માતાપિતાના સોગન છે.” આવી રીતે જ્યારે તેણે વારંવાર કહ્યું, ત્યારે તેણીએ જે યથાર્થ હતું, તે કહી સંભળાવ્યું. તે સાંભળી શંકા પામીને તે ત્યાંથી ઉઠી ગયો અને તત્કાળ પોતાને ગામ ગયો. ત્યાં જઈને તેણે પેલા કણબી માતાપિતાને પૂછ્યું કે, ‘હું તમારો અંગજ પુત્ર છું કે ખરીદ કરેલો છું? અથવા કોઈ બીજી રીતે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મળેલો પુત્ર છું ? જે યથાર્થ હોય તે કહો.' તેઓએ કહ્યું કે, 'તું અમારો અંગ જ પુત્ર છે,' આવી રીતે અસત્ય કહેવાથી તે પીડિત થઈ રીસ ચડાવીને બહાર જવા લાગ્યો, એટલે તેઓએ જે રીતે તે પ્રાપ્ત થયો હતો તે વૃત્તાંત યથાસ્થિત કહી બતાવ્યું. તેથી તેના જાણવામાં આવ્યું કે, '**વેશિકા** વેશ્યા ખરેખરી મારી પોતાની માતાજ છે.' પછી તે પાછો **ચંપા-નગરીએ** ગયો, અને વેશિકાની પાસે જઈને તેણે પોતાનું વૃત્તાંત જણાવ્યું. પોતાના પુત્રને ઓળખીને વેશિકા લજ્જાથી નીચું મુખ કરી રૂદન કરવા લાગી. પછી તેની કુટ્ટિનીને ઘણું દ્રવ્ય આપી તેણે પોતાની માતાને ત્યાંથી છોડાવી અને પોતાને ગામ લઈ જઈને તેને ધર્મ માર્ગમાં સ્થાપિત કરી. તે વેશિકાનો પુત્ર 'વૈશિકાયન' એવા નામથી ઓળખાવા લાગ્યો. ત્યાં આવ્યા પછી વિષયથી ઉદ્વેગ પામીને તેણે તરતજ તાપસવ્રત ગ્રહણ કર્યું. પોતાના શાસ્ત્રના અધ્યયનમાં તત્પર અને સ્વધર્મમાં કુશળ એવો તે તાપસ ફરતો ફરતો શ્રી **વીર-**પ્રભુના આગમન પહેલાં **કૂર્મ** ગામમાં આવ્યો હતો. તે ગામની બહાર રહી મધ્યાહ્ન સમયે ઉંચા હાથ કરી, સૂર્યમંડળ સામે દૃષ્ટિ રાખી, વડવૃક્ષની વડવાઈઓની જેમ લંબાયમાન જટા રાખીને સ્થિર રહેતો હતો. સ્વભાવથીજ વિનીત, દયા દાક્ષિણ્યથી યુક્ત અને સમતાવાન્ એવો તે ધર્મધ્યાનમાં તત્પરપણે મધ્યાહ્ન સમયે આતાપના લેતો હતો. એ કૃપાનિધિ તાપસ સૂર્યકિરણોના તાપથી પૃથ્વીપર ખરી પડતી જુઓને વીણી વીણીને પાછી પોતાના મસ્તક પર નાંખતો હતો.

આવા **વૈશિકાયન** તાપસને જોઈને **ગોશાળો** પ્રભુની પાસેથી ત્યાં આવ્યો. અને તેને પૂછ્યું કે, 'અરે તાપસ ! તું શું તત્ત્વ જાણે છે ? અથવા તું શું જુનો શય્યાતર છું ? તું સ્ત્રી છું કે પુરૂષ ? એ પણ કાંઈ બરાબર સમજાતું નથી.' આ પ્રમાણે તેણે કહ્યું, તો પણ એ ક્ષમાવાન્ તપસ્વી કાંઈ પણ બોલ્યો નહીં. ગોશાળો તો વારંવાર તે પ્રમાણે કહેવા લાગ્યો, કેમકે "કુતરાના પુચ્છને બહુ વાર સુધી યંત્રમાં રાખ્યું હોય તો પણ તે સરલ થતું નથી." છેવટે તે તાપસને કોપ ચડ્યો. એટલે તેણે તેની ઉપર તેજોલેશ્યા મૂકી. "અતિશે ઘસવાથી ચંદનના કાષ્ટમાંથી પણ અગ્નિ ઉત્પન્ન થાય છે." જ્વાળાઓથી વિકરાળ એવી તેજોલેશ્યાથી ભય પામેલો તે ગોશાળો દાવાનળથી ત્રાસ પામેલો હસ્તી જેમ નદી પાસે જાય તેમ પ્રભુની પાસે આવ્યો. **ગોશાળાની** રક્ષા કરવાને માટે પ્રભુએ શીતલેશ્યા સામી મૂકી; તેથી જળવડે અગ્નિની જેમ તેજોલેશ્યા શમી ગઈ. પ્રભુની તેવી સમૃદ્ધિ [ શક્તિ ] જોઈને વૈશિકાયન વિસ્મય પામ્યો; તેથી તે શ્રી **મહાવીરની** પાસે આવી નમ્રતાથી આ પ્રમાણે બોલ્યો કે, 'હે ભગવન્ ! મેં તમારો આવો પ્રભાવ જાણ્યો નહોતો, માટે મારૂં આ વિપરીત આચરણ ક્ષમા કરો.' આ પ્રમાણે કહીને તે તાપસ ગયો. ત્યાર પછી ગોશાળે પ્રભુને પૂછ્યું કે, 'હે ભગવંત ! આ તેજોલેશ્યાની લબ્ધિ શી રીતે પ્રાપ્ત થતી હશે ?' પ્રભુ બોલ્યા–'જે મનુષ્ય નિયમધારી થઈ સર્વદા છઠ્ઠ કરે અને એક મુષ્ટિ કુલ્માષ તથા અંજલિ માત્ર જળથી પારણું કરે તેને છ માસને અંતે અસ્ખલિત અને પ્રતિપક્ષીને ભયંકર એવી મહા તેજોલેશ્યા ઉપજે.'

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પછી **કૂર્મગ્રામથી** વિહાર કરીને પ્રભુ **ગોશાળા** સહિત **સિદ્ધાર્થપુર** નામના ઉત્તમ નગર તરફ ચાલ્યા. માર્ગમાં પેલું તિલના વૃક્ષનું છોડું જ્યાં પડેલું હતું તે પ્રદેશ આવ્યો, એટલે **ગોશાળે** કહ્યું કે, 'હે સ્વામી! આપે જે તિલનો છોડ ઉગવાનો કહ્યો હતો તે ઉગ્યો નથી.' પ્રભુ બોલ્યા–'ઉગ્યો છે, અને તે અહીંજ છે.' ગોશાળે તે વાત માની નહીં. પછી તેણે તે તિલનો છોડ લઈને તેની શીંગ ચીરી, તો તેમાં તિલના બરાબર સાત દાણા ઉગેલા દીઠા. એટલે **ગોશાળો** બોલ્યો કે, 'શરીરનું પરાવર્ત્તન કરીને પાછા જંતુઓ ત્યાં ને ત્યાંજ ઉત્પન્ન થાય છે.'

પછી પ્રભુએ તેજોલેશ્યાનો જે વિધિ કહ્યો હતો તે પ્રમાણે તેજોલેશ્યા સાધવાને માટે ગોશાળો પ્રભુને છોડીને **શ્રાવસ્તી** નગરીએ ગયો. ત્યાં એક કુંભારની શાળામાં રહીને પ્રભુએ જેમ કહ્યું હતું તેમ છ માસ પર્યંત તપ કર્યું અને તેજોલેશ્યા સિદ્ધ કરી. પછી તેની પરીક્ષા કરવાને માટે તે એક કુવાને કાંઠે ગયો અને પોતાને કોપ ઉત્પન્ન કરવા માટે કોઈ દાસીનો ઘડો કાંકરો મારીયે ફોડ્યો. દાસીએ તેને ગાળો આપવા માંડી, એટલે તેણે તત્કાળ ક્રોધ કરીને તેનાપર તેજોલેશ્યા મૂકી, જેથી તે દાસી વીજળી પડવાથી બળે તેમ બળી ગઈ અને તેને તેજોલેશ્યાની પ્રતીતિ થઈ. પછી કૌતુક જોવાની પ્રીતિવાળો ગોશાળો લોકોથી પરિવૃત થઈ વિહાર કરવા લાગ્યો.

એક વખત શ્રી **પાર્શ્વનાથ** પ્રભુના છ શિષ્યો કે જેઓએ ચારિત્ર તજી દીધું હતું અને અષ્ટાંગ નિમિત્તના જ્ઞાનમાં પંડિત હતા, તેઓ **ગોશાળાને** મળ્યા. તેઓના શોણ, કલિંદ, કર્ણિકાર, અચ્છિદ્ર, અગ્નિવેશાન અને અર્જુન એવા નામ હતા. તેઓએ સૌહૃદપણાથી ગોશાળાને અષ્ટાંગ નિમિત્તનું જ્ઞાન બતાવ્યું. "સમાન શીળવાળા પુરૂષોને સદા મૈત્રી થાય છે." તેજોલેશ્યા અને અષ્ટાંગ નિમિત્તનું જ્ઞાન મળવાથી ગર્વ ધરતો ગોશાળો 'હું જિનેશ્વર છું' એમ કહેતો પૃથ્વીપર વિહાર કરવા લાગ્યો.

પ્રભુ **સિદ્ધાર્થપુરથી** વિહાર કરીને **વૈશાળી** નગરીએ પધાર્યા. ત્યાં પ્રભુના પિતાનો મિત્ર **શંખ** ગણરાજ મોટો પરિવાર લઈને પ્રભુની સામે આવ્યો અને પૂજા કરી. ત્યાંથી વિહાર કરીને ભગવંત **વાણિજક** ગામ તરફ ચાલ્યા. માર્ગમાં **મંડિકીકા** નામે એક નદી આવી તે નાવવડે ઉતર્યા. પ્રભુ નાવમાંથી ઉતરવા લાગ્યા, એટલે નાવીકે તપેલી રેતીવાળા તટ ઉપર નાવ રાખીને નદી ઉતારવાનું મૂલ્ય માગ્યું. તે વખતે **શંખ** ગણરાજનો ભાણેજ **ચિત્ર** નૌકાસૈન્ય લઈને પાછો ફરતો હતો, તેણે પ્રભુને અટકાવેલા જોયા. તેથી તેણે તત્કાળ તે નાવિકોનો તિરસ્કાર કરી ભગવંતને છોડાવ્યા. પરમ ભક્તિથી પ્રભુ પૂજા કરીને તે ચિત્ર પોતાને નગરે ગયો. પછી ભગવંત **વાણિજક** ગામે આવ્યા. ત્યાં બહાર પ્રતિમા ધરીને રહ્યા. ત્યાં **આનંદ** નામે શ્રાવક રહેતો હતો, તે સદા છઠ્ઠતપ કરતો હતો અને આતાપના લેતો હતો. તેને અવધિજ્ઞાન થવાથી તે પ્રભુને વાંદવા આવ્યો. પ્રભુને વંદના કરી અંજલિ

જૈન સાઈટ JAINSITE.com

જોડીને તે બોલ્યો કે-'હે ભગવંત! આપે દુઃસહ પરીષહો અને દારૂણ ઉપસર્ગો સહન કર્યાં છે; તમારૂં શરીર અને મન બંને વજ્ર જેવા છે કે જે આવા પરીષહો અને ઉપસર્ગોથી ભગ્ન થતાં નથી. હે પ્રભુ! હવે તમારે કેવળજ્ઞાનની પ્રાપ્તિ પણ નજીક છે. આ પ્રમાણે કહી ફરીવાર પ્રભુને વાંદીને તે આનંદ શ્રાવક પોતાને ઘેર ગયો. પછી કાયોત્સર્ગ પારીને પ્રભુ **શ્રાવસ્તી** નગરીએ પધાર્યા. ત્યાં દીક્ષા લીધા પછીનું દશમું ચાતુર્માસ્ય નિર્ગમન કર્યું.

ચાતુર્માસ્ય પૂર્ણ થયે નગર બહાર પારણું કરીને પ્રભુ **સાનુયષ્ટિક** ગામે આવ્યા. ત્યાં પ્રભુએ ભદ્રા પ્રતિમા અંગીકાર કરી. તે પ્રતિમામાં અશન છોડી પૂર્વાભિમુખે રહી એક પુદ્‌ગલ ઉપર દૃષ્ટિ સ્થિર કરીને આખો દિવસ રહ્યા. તે રાત્રિએ દક્ષિણાભિમુખ, બીજે દિવસે પશ્ચિમાભિમુખ અને બીજી રાત્રિએ ઉત્તરાભિમુખ એમ છઠ્ઠ તપવડે તે પ્રતિમા પૂર્ણ કરી. તે પ્રતિમા પાર્યા વગર પ્રભુએ મહાભદ્રા પ્રતિમા અંગીકાર કરી, અને પૂર્વાદિ દિશાઓના ક્રમથી ચાર અહોરાત્ર સુધી રહ્યા. એમ દશમ ( **ચાર ઉપવાસ** ) વડે મહાભદ્રા પૂર્ણ કરીને તરતજ બાવીશમ ( **દશ ઉપવાસ** )ના તપવડે સર્વતોભદ્રા પ્રતિમા અંગીકાર કરી. તે પ્રતિમા આરાધતાં દશે દિશાઓમાં એક એક અહોરાત્ર રહ્યા. તેમાં ઉર્દ્ધ અને અધો દિશાને પ્રસંગે ઉર્દ્ધ અને અધો ભાગે રહેલા દ્રવ્ય ઉપર દૃષ્ટિ સ્થાપિત કરી. એવી રીતે ત્રણે પ્રતિમા કરીને પારણાને માટે પ્રભુ આનંદ નામના એક ગૃહસ્થને ઘેર ગયા. ત્યાં તેની **બહુલા** નામે કોઈ દાસી પાત્ર ધોતી હતી. તે ટાઢું અન્ન કાઢી નાખતી હતી, તેવામાં પ્રભુને આવેલા જોઈને તે બોલી કે, 'હે સાધુ! તમારે આ કલ્પે છે?' પ્રભુએ હાથ પ્રસાર્યો, એટલે તેણીએ ભક્તિથી તે અન્ન આપ્યું. પ્રભુના પારણાથી પ્રસન્ન થયેલા દેવતાઓએ ત્યાં પાંચ દિવ્ય પ્રગટ કર્યાં. તે જોઈ લોકો ઘણો હર્ષ પામ્યા. રાજાએ તે **બહુલાને** દાસીપણામાંથી મુક્ત કરી. "પ્રભુના પ્રસાદથી ભવ્ય પ્રાણીઓ ભવથી પણ મૂકાય છે તો આમાં શું આશ્ચર્ય છે!"

ત્યાંથી વિહાર કરતાં પ્રભુ ઘણા મ્લેચ્છ લોકોથી ભરપૂર એવી દૃઢભૂમિમાં આવ્યા. ત્યાં **પેઢાળ** નામે ગ્રામની નજીક પેઢાળ નામના ઉદ્યાનમાં **પોલાસ** નામના ચૈત્યમાં પ્રભુએ અષ્ટમ તપ કરીને પ્રવેશ કર્યો. ત્યાં જંતુઓનો ઉપરોધ ન થાય તેવા એક શિલાતલ ઉપર જાનુ સુધી ભુજા લંબાવી. શરીરને જરા નમાડી, ચિત્ત સ્થિર કરી, નિમેષ રહિત નેત્રે રૂક્ષ દ્રવ્યપર દૃષ્ટિ રાખીને પ્રભુ એક રાત્રિની મહાપ્રતિમાએ રહ્યા. તે સમયે શક્રઇંદ્ર **સુધર્મા** સભામાં ચોરાસી હજાર સામાનિક દેવતાઓ, તેત્રીશ ત્રાયત્રિંશ[1] દેવતાઓ, ત્રણ પ્રકારની સભાઓ[2], ચાર લોકપાળો, અસંખ્ય પ્રકીર્ણક દેવતાઓ, ચારે દિશાઓમાં દૃઢ પરિકર બાંધીને રહેલા પ્રત્યેક ચોરાશી હજાર અંગરક્ષકો, સેનાથી વીંટાયેલા સાત સેનાપતિઓ, આભિયોગિક[3] દેવદેવીઓના ગણો અને કિલ્બિષ્યાદિક દેવતાઓના પરિવાર સહિત બેઠા હતા. દક્ષિણ

---

૧ ગુરૂસ્થાનકીઆ. ૨ અભ્યંતર સભા, મધ્ય સભા, બાહ્ય સભા. ૩ સેવકવર્ગ.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

લોકાર્દ્ધની રક્ષા કરનાર તે ઈંદ્ર શક્ર નામના સિંહાસન પર બેસી નૃત્ય, ગીત અને ત્રણ પ્રકારના વિદ્યાવિનોદવડે કાળ નિર્ગમન કરતા હતા. તે વખતે અવધિજ્ઞાનથી ભગવંતને તેવી રીતે રહેલા જાણી તે તત્કાળ ઉભો થયો. પગમાંથી પાદુકા છોડી દઈ, ઉત્તરાસંગ કરી, જમણા જાનુને પૃથ્વી પર સ્થાપિત કરી અને ડાબા જાનુને જરા નમાવી, પૃથ્વી પર મસ્તક લગાડીને તેણે શક્રસ્તવવડે પ્રભુને વંદના કરી. પછી બેઠા થઈ જેના સર્વ અંગમાં રોમાંચકંચુક પ્રગટ થયેલો છે એવા ઈંદ્રે સર્વ સભાને ઉદ્દેશીને આ પ્રમાણે કહ્યું–" અરે ! સૌધર્મલોકવાસી સર્વ દેવતાઓ ! શ્રી વીરપ્રભુનો અદ્‌ભૂત મહિમા સાંભળો–પંચ સમિતિને ધારણ કરનાર, ત્રણ ગુપ્તિઓથી પવિત્ર, ક્રોધ, માન, માયા અને લોભથી પરાભવ નહિં પામેલ, આશ્રવ રહિત અને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ કે ભાવ સંબંધી કોઈ પ્રકારે પણ પ્રતિબંધ નહિ કરનાર એ પ્રભુ એક રૂક્ષ પુદ્‌ગલ ઉપર દૃષ્ટિને સ્થિર કરીને અત્યારે મહાધ્યાનમાં સ્થિત થયેલા છે. તેમને એ ધ્યાનમાંથી ચળાયમાન કરવાને દેવતાઓ, અસુરો, યક્ષો, રાક્ષસો, ઉરગો, મનુષ્યો કે ત્રૈલોક્ય પણ શક્તિવાન્ નથી." આવા ઈંદ્રનાં વચન સાંભળીને તે સભામાં બેઠેલો ઇંદ્રનો સામાનિક **સંગમ** નામનો દેવતા કે જે અભવ્ય અને ગાઢ મિથ્યાત્વના સંગવાળો હતો, તે લલાટ ઉપર ચડાવેલી ભ્રૃકુટીથી ભયંકર દેખાતો, અધરને કંપાવતો અને કોપથી નેત્રને રાતા કરતો બોલ્યો કે, "હે દેવેંદ્ર ! એક શ્રમણ રૂપ થયેલા મનુષ્યમાત્રની તમે આટલી બધી પ્રશંસા કરો છો, તેનું કારણ સત્ અસત્ બોલવામાં સ્વચ્છંદતા પ્રગટ કરનાર તમારી પ્રભુતા જ છે. હે સુરેંદ્ર ! 'એ સાધુ દેવતાઓથી પણ ધ્યાનમાંથી ચલિત કરી શકાય તેવો નથી' એવું ઉદ્‌ભટ તમે હૃદયમાં કેમ ધારો છો ? અને કદિ ધારો છો તો શા માટે કહો છો ? જેના શિખરો આકાશને રૂંધી રહ્યા છે અને જેના મૂળ રસાતળને રૂંધી રહેલા છે એવા સુમેરૂગિરિને પણ જેઓ એક ઢેફાની જેમ ભુજાવડે ફેંકી દેવા સમર્થ છે, કુળગિરિ સહિત બધી પૃથ્વીને બોળી દેવામાં જેનો સ્પષ્ટ વૈભવ છે એવા સાગરને પણ જેઓ એક ગંડૂષ (કોગળા) માત્ર કરી જાય તેવા છે, અને અનેક પર્વતોવાળી આ પ્રચંડ પૃથ્વીને જેઓ છત્રની જેમ એક ભુજાએ ઉપાડી લેવાની શક્તિ ધરાવે છે; આવા અતુલ સમૃદ્ધિવાળા, અમિત પરાક્રમી અને ઇચ્છા પ્રમાણે સિદ્ધિને પ્રાપ્ત કરનારા દેવતાઓની આગળ એ મનુષ્ય માત્ર સાધુ કોણ છે ? હું પોતે જ તેને ધ્યાનમાંથી ચલાયમાન કરીશ." આ પ્રમાણે કહી ભૂમિપર હાથ પછાડીને તે સભામંડપમાંથી ઊભો થયો, તે વખતે 'અર્હંત પ્રભુ પારકી સહાયથી અખંડિત તપ કરે છે તેવું રખે આ દુર્બુદ્ધિ જાણે નહીં' એમ ધારી શક્ર ઈંદ્રે તેની ઉપેક્ષા કરી.

પછી વેગવડે ઉઠેલા પ્રલયકાળના અગ્નિ જેવો અને નિબિડ મેઘ જેવા પ્રતાપવાળો, રૌદ્ર આકૃતિથી સામું પણ જોઈ ન શકાય એવો, ભયથી અપ્સરાઓને નસાડતો અને મોટા વિકટ ઉરસ્થળના આઘાતથી ગ્રહમંડળને પણ એકઠા કરતો તે પાપી દેવ જ્યાં પ્રભુ હતા ત્યાં આવ્યો. નિષ્કારણ જગતના બંધુ અને નિરબાધપણે યથાસ્થિત રહેનારા વીરપ્રભુને જોતાં તેને અધિક



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દ્વેષ ઉત્પન્ન થયો. તત્કાળ તે દુષ્ટ દેવે પ્રભુની ઉપર અકાળે અરિષ્ઠને ઉત્પન્ન કરનારી મહા દુઃખદાયક રજની વૃષ્ટિ કરી. તે રજના પૂરથી ચંદ્રને રાહુની જેમ અને સૂર્યને દુર્દિનની જેમ પ્રભુના સર્વ અંગોને ઢાંકી દીધાં. તે રજથી તેણે સર્વ તરફથી પ્રભુના શરીરના દ્વારો એવા પૂર્યા કે જેથી પ્રભુ શ્વાસોચ્છ્વાસ લેવાને પણ અશક્ત થઈ ગયા. તથાપિ જગદ્ગુરૂ એક તિલમાત્ર પણ ધ્યાનથી ચલિત થયા નહીં. "ગમે તેવા શક્તિવાન્ ગજેંદ્રોથી પણ શું કુલગિરિ ચળિત થાય?" પછી રજને દૂર કરીને તે દુષ્ટે પ્રભુના સર્વ અંગને પીડા કરનારી વજ્રમુખી કીડીઓ ઉત્પન્ન કરી. તે કીડીઓ પ્રભુના અંગમાં એક બાજુથી પેશીને સ્વેચ્છાએ બીજી બાજુએ–આરપાર વસ્ત્રમાં સોય નીકળે તેમ નીકળી તીક્ષ્ણ મુખાગ્રથી પ્રભુના સર્વ અંગને વીંધવા લાગી. નિર્ભાગીની ઈચ્છાઓ નિષ્ફળ થાય તેમ જ્યારે કીડીઓનો ઉપસર્ગ પણ નિષ્ફળ થયો, ત્યારે તેણે પ્રચંડ પારષદો (ડાંસો) વિકુર્વ્યા. "દુરાત્મા પુરૂષોના અપકૃત્યોનો અંત હોતો નથી." તેઓના એક એક પ્રહારથી નીકળતા ગાયના દૂધ જેવા રૂધિરવડે પ્રભુ નિર્ઝરણાવાળા ગિરિની જેવા દેખાવા લાગ્યા. જ્યારે તેઓથી પણ પ્રભુ ક્ષોભ પામ્યા નહીં, ત્યારે તેણે પ્રચંડ ચાંચવાળી દુર્નિવાર ઘીમેલો વિકુર્વી. પ્રભુના શરીર ઉપર તેઓ મુખાગ્રથી એવી ચોંટી ગઈ કે જાણે શરીર સાથે જ ઉઠેલી રોમપંક્તિ હોય તેવી દેખાવા લાગી. તેથી પણ યોગસાધનના જાણ જગદ્ગુરૂ ચળિત થયા નહીં, એટલે પ્રભુને ધ્યાનમાંથી ચળાવવાના નિશ્ચયવાળા તે દુષ્ટે વીંછીઓ વિકુર્વ્યા. તેઓ પ્રલયકાળના અગ્નિના તણખા જેવા અને તપાવેલા ભાલાની જેવા પોતાના ભયંકર પુચ્છના કાંટાઓથી ભગવંતના શરીરને ભેદવા લાગ્યા. તેઓથી પણ પ્રભુ આકુળ થયા નહીં, એટલે કુડા સંકલ્પ કરનારા તેણે ઘણા દાંતવાળા નકુલો (નોળ) વિકુર્વ્યા. ખી! ખી! એવો વિરસ શબ્દ કરતા તેઓ પોતાની ઉગ્ર દાઢોથી ભગવંતના શરીરમાંથી તોડી તોડીને માંસના ખંડો જુદા પાડવા લાગ્યા. તેઓથી પણ તે કૃતાર્થ થયો નહીં, એટલે યમરાજના ભુજદંડ જેવા ભયંકર અને મોટી ફણાવાળા સર્પોને તેણે મહા કોપથી ઉત્પન્ન કર્યા. મોટા વૃક્ષને જેમ કૌંચાની લતા વીંટાઈ વળે તેમ તે સર્પોએ **મહાવીર** પ્રભુને પગથી તે મસ્તક સુધી વીંટી લીધા. પછી તેઓ પોતાની ફણાઓ ફાટી જાય તેવા જોરથી પ્રભુ ઉપર ફણાઓના પ્રહાર કરવા લાગ્યા અને દાઢો ભાંગી જાય તેટલા જોરથી પોતાની દાઢોવડે તેમને ડસવા લાગ્યા. જ્યારે બધું ઝેર વમન કરીને તેઓ દોરીની જેમ લટકી રહ્યા ત્યારે દુષ્ટે વજ્ર જેવા દાંતવાળા ઉંદરો ઉત્પન્ન કર્યા. તેઓ નખથી, દાંતોથી, મુખથી અને કરથી પ્રભુના અંગને ખણવા લાગ્યા અને તેની ઉપર મૂત્ર કરીને ક્ષત ઉપર ક્ષાર નાખવા લાગ્યા. જ્યારે તેઓથી પણ કાંઈ થયું નહીં, ત્યારે ક્રોધથી ભૂત જેવા થયેલા તે દેવે મોટા દંતમૂશળવાળો એક ગજેંદ્ર વિકુર્વ્યો. પગના પાતથી જાણે પૃથ્વીને નમાડતો હોય અને મોટી તેમ જ ઉંચી કરેલી સુંઢથી જાણે આકાશને તોડીને નક્ષત્રોને નીચે પાડવા ઈચ્છતો હોય તેવો તે ગજેંદ્ર પ્રભુની ઉપર દોડી આવ્યો. તેણે દુર્વાર સુંઢથી પકડીને પ્રભુના શરીરને આકાશમાં દૂર ઉછાળી દીધું. પછી પ્રભુનું શરીર કણેકણ વેરણ શેરણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થઈ જાય તો ઠીક એવું ધારીને તે દૂરાશય દાંત ઉંચા કરી પ્રભુને પાછો ઝીલી લેવા દોડયો. એવી રીતે ઝીલ્યા પછી તે દાંતવડે વારંવાર એવી રીતે પ્રહાર કરવા લાગ્યો કે જેથી પ્રભુની વજ્ર જેવી છાતીમાંથી અગ્નિના તણખા નીકળવા લાગ્યા. તથાપિ એ વરાક હાથી પ્રભુને કાંઈ પણ કરી શકયો નહીં, એટલે તે દુષ્ટે જાણે વૈરિણી હોય તેવી એક હાથિણી વિકુર્વી. તેણે અખંડ એવા મસ્તકથી અને દાંતોથી પ્રભુને ભેદી નાંખ્યા અને વિષની જેમ પોતાના શરીરના જળથી તે ભાગ પર સિંચન કરવા લાગી. જ્યારે તે હાથિણી પણ પ્રભુના શરીર પર રેણુ જેવી થઈ ગઈ ત્યારે તે અધમ દેવે મગરના જેવી ઉગ્ર દાઢાવાળા એક પિશાચનું રૂપ વિકુર્વ્યું. જ્વાળાઓથી આકુળ એવું તેનું ફાડેલું મુખ પ્રજ્વલિત અગ્નિકુંડની જેવું ભયંકર લાગતું હતું, તેની ભુજાઓ યમરાજના ગૃહના ઉંચા કરેલા તોરણના સ્તંભ જેવી હતી, અને તેની જંઘા અને ઉરૂ ઉંચા તાડવૃક્ષ જેવા હતા. ચર્મના વસ્ત્ર ધરતો, અટ્ટહાસ કરતો અને કિલ કિલ શબ્દ કરી ફુત્કારા કરતો તે પિશાચ હાથમાં કાતી લઈને ભગવંતને ઉપદ્રવ કરવા માટે દોડી આવ્યો. તે પણ ક્ષીણ તૈલવાળા દીપકની જેમ જ્યારે બુઝાઈ ગયો ત્યારે તે નિર્દય દેવે તરત ક્રોધથી વાઘનું રૂપ કર્યું. પુચ્છની છટાના આચ્છોટથી પૃથ્વીને ફાડતો હોય અને બુત્કાર શબ્દના પડછંદાથી ભૂમિ તથા અંતરીક્ષને રોવરાવતો હોય, તેવો તે વાઘ વજ્ર જેવી દાઢાથી અને ત્રિશૂલ જેવા નખાગ્રોથી ભુવનપતિને અવ્યગ્રપણે ઉપદ્રવ કરવા લાગ્યો. તે પણ દાવાનલમાં દગ્ધ થયેલા વૃક્ષની જેમ નિસ્તેજ થયો એટલે તે અધમ દેવ **સિદ્ધાર્થ** રાજાનું રૂપ ધારણ કરીને આવ્યો. તે બોલ્યો–'હે તાત ! આ અતિ દુષ્કર કામ તેં શા માટે આરંભ્યું છે ? માટે આ દીક્ષા છોડી દે, અમારી અવગણના કર નહીં, તારો ભાઇ **નંદિવર્ધન** મને વૃદ્ધાવસ્થામાં અશરણ છોડી દઈને ચાલ્યો ગયો છે.' પછી **ત્રિશલા** દેવીને વિકુર્વ્યા. તેણે પણ વારંવાર તેવોજ વિલાપ કર્યો. તેઓના એવા વિલાપથી પણ જ્યારે પ્રભુનું મન લિપ્ત થયું નહીં, ત્યારે તે દુરાચારીએ એક છાવણી (માણસોથી વસેલી) વિકુર્વી. તેમાંથી એક રસોયાને ભાત રાંધવાનો વિચાર થયો; તેને ચુલાને માટે પાષાણ મળ્યા નહીં એટલે તેણે પ્રભુના બે ચરણને ચુલા રૂપ કરીને તેના પર ભાતનું ભાજન મૂકયું અને બે પગની વચ્ચે તત્કાળ અગ્નિ પ્રજ્વલિત કર્યો. અનુક્રમે તે અગ્નિ તેણે એટલો બધો વધારી દીધો કે પર્વત પર દાવાનલની જેમ પ્રભુના ચરણમૂળ તે અગ્નિથી તપાયમાન થયા. તથાપિ અગ્નિમાં મૂકેલા સુવર્ણની જેમ તેમની શોભા હીન થઈ નહીં. (ઉલટી વૃદ્ધિ પામી.) પછી તે નિષ્ફળ થયેલા અધમ દેવે એક ભયંકર પકવણ (ચંડાળ) વિકુર્વ્યો. તેણે આવીને પ્રભુના કંઠમાં, બે કાનમાં, બે ભુજામાં અને જંઘા ઉપર ક્ષુદ્ર પક્ષીઓનાં પાંજરા લટકાવ્યા. તે પક્ષીઓએ ચાંચ તથા નખના પ્રહારો એટલા બધા કર્યા કે જેથી પ્રભુનું બધું શરીર તે પાંજરાઓની જેવું સેંકડો છિદ્રોવાળું થઇ ગયું. તેમાં પણ પાકેલા પાંદડાની જેમ તે પકવણ જ્યારે અસારતાને પામ્યો ત્યારે તે દુષ્ટે મહા ઉત્પાત કરનાર પ્રચંડ પવન ઉત્પન્ન કર્યો. મોટા વૃક્ષોને તૃણની જેમ આકાશમાં ઉછાળતો અને દિશાઓમાં પથરા અને કાંકરાઓને ફેંકતો તે પવન ચોતરફ પુષ્કળ રજ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉડાડવા લાગ્યો. ધમણની જેમ અંતરીક્ષ અને ભૂમિને સર્વ તરફથી પૂરી દેતા તે પવને પ્રભુરે ઉપાડી ઉપાડીને નીચે પછાડયા. તેવા ઉગ્ર પવનથી પણ જ્યારે તેનું ધાર્યું થયું નહીં, ત્યારે દેવતામાં કલંકરૂપ તે દુષ્ટે તત્કાળ વંટોળીઓ વાયુ વિકુર્વ્યો. પર્વતોને પણ ભમાડવાને પરિપૂર્ણ પરાક્રમવાળા તે વંટોળીઆએ ચક્રપર રહેલા માટીના પિંડની જેમ પ્રભુને ભમાડયા. સમુદ્રમાંહેના આવર્ત્તની જેમ તે વંટોળીઆએ પ્રભુને ઘણું ભમાડયા છતાં પણ એક તાનમાં રહેલા પ્રભુએ કિંચિત્ પણ ધ્યાન છોડયું નહીં. પછી તે સંગમને વિચાર થયો કે, 'અહો ! આ વજ્ર જેવા કઠીન મનવાળા મુનિને મેં ઘણી રીતે હેરાન કર્યા, તો પણ તે જરા પણ ક્ષોભ પામ્યા નહિ, પણ હવે આવો ભગ્ન વાચાવાળો થઈને હું ઇંદ્રની સભામાં કેમ જાઉં ? માટે હવે તો તેના પ્રાણનો નાશ કરવાથીજ તેનું ધ્યાન નાશ પામશે, તે સિવાય બીજો ઉપાય નથી.' આવો વિચાર કરીને તે અધમ દેવે એક કાળચક્ર ઉત્પન્ન કર્યું. હજાર ભાર લોહથી ઘડેલું તે કાળચક્ર કૈલાસ પર્વતને જેમ રાવણે ઉપાડયો હતો તેમ તે દેવે ઉંચું ઉપાડયું. પછી જાણે પૃથ્વીનો સંપુટ કરવા માટે બીજો તેટલા પ્રમાણવાળો પુટ હોય તેવું તે કાળચક્ર તેણે જોરવડે પ્રભુની ઉપર નાખ્યું. ઉછળતી જ્વાળાઓથી સર્વ દિશાઓને વિકરાળ કરતું તે ચક્ર સમુદ્રમાં વડવાનળની જેમ પ્રભુ ઉપર પડયું. કુલપર્વતોને પણ ચૂર્ણ કરવામાં સમર્થ એવા એ ચક્રના પ્રહારથી પ્રભુ જાનુ સુધી પૃથ્વીમાં મગ્ન થઈ ગયા. આ પ્રમાણે થયા છતાં પણ ભગવંત તેને મિષ્ટ દૃષ્ટિએ જોતા હતા તેથી જરૂર તે વિશ્વને તારવાને ઇચ્છનારા છે અને અમે સંસારના કારણ છીએ. જ્યારે આવા કાળચક્રથી પણ એ પંચત્વને પામ્યા નહીં ત્યારે તો જરૂર તે અમોને અગોચર છે, તેથી હવે બીજો ઉપાય શો રહ્યો ? હવે તો તે અનુકૂળ ઉપસર્ગોથી કોઈ રીતે ક્ષોભ પામે તેમ કરવું જોઈએ; આવી બુદ્ધિથી તે દેવ વિમાનમાં બેસી પ્રભુ આગળ આવીને બોલ્યો કે 'હે મહર્ષિ ! તમારા ઉગ્ર તપથી, સત્વથી. પરાક્રમથી, પ્રાણની પણ ઉપેક્ષા કરવાથી અને આરંભેલા કાર્યનો નિર્વાહ કરવાની ટેકથી હું તમારી ઉપર સંતુષ્ટ થયો છું; માટે હવે આવા શરીરને કલેશ કરનારા તપથી સર્યું; તમારે જે જોઈએ તે માગી લ્યો. હું તમને શું આપું ? તમે જરા પણ શંકા રાખશો નહીં. કહો તો જ્યાં નિત્ય ઇચ્છામાત્ર કરવાથી બધા મનોરથ પૂરાય છે તેવા સ્વર્ગમાં આજ દેહથી તમને લઈ જાઉં ? અથવા કહો તો અનાદિ ભવથી સંરૂઢ થયેલા સર્વ કર્મોથી મુક્ત કરી એકાંત પરમાનંદવાળા મોક્ષમાં તમને લઈ જાઉં ? અથવા કહો તો બધા મંડલાધીશ રાજાઓ પોતાના મુગટથી જેના શાસનનું પાલન કરે તેવી સમૃદ્ધિવાળા સામ્રાજ્યને આ લોકમાંજ આપું ?' આવી રીતે વચનોથી લોભાવતાં પણ પ્રભુનું મન જરા પણ ક્ષોભ પામ્યું નહીં અને કાંઈ પ્રત્યુત્તર મળ્યો નહીં, એટલે તેણે આ પ્રમાણે વિચાર્યું કે, 'આ મુનિએ મારી બધી શક્તિનો પ્રભાવ નિષ્ફળ કર્યો છે, પણ હજુ એક કામદેવનું અમોઘ શાસન બાકી રહેલું છે; કારણ કે કામદેવના અસ્રરૂપ રમણીઓના કટાક્ષમાં આવેલા મોટા પુરૂષો પણ પોતાના પુરૂષવ્રતને લોપ કરતા જોવામાં આવેલા છે.' આવો નિશ્ચય કરી તે

जैन साहित्य JAINSITE .com જૈનમ જયતિ શાસનમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેવતાએ દેવાંગનાઓને આજ્ઞા કરી અને તેમના વિભ્રમમાં સહાય કરનાર છએ ઋતુઓને પ્રગટ કરી. મત્ત કોકિલાના મધુર કુજિતોથી પ્રસ્તાવના કરતી કામનાટકની નટીરૂપ વસંતલક્ષ્મી શોભી ઉઠી. કદંબના વિકસિત પુષ્પરજથી દિગ્વધુને માટે સૈરંધ્રી દાસીની જેમ મુખવાસ સજ્જ કરતી ગ્રીષ્મઋતુની લક્ષ્મી વિસ્તાર પામી. કેતકીના પુષ્પના મિષથી જાણે કામદેવના રાજ્યાભિષેકમાં સર્વ અંગે મંગળિક તિલક કરતી હોય તેવી વર્ષાઋતુ પ્રગટ થઈ. નવી નીલ કમળના મિષથી હજારો નેત્રવાળી થઈ પોતાની ઉત્તમ સંપત્તિનેજ જોતી હોય એવી શરદ્ઋતુ પ્રકાશી નીકળી. શ્વેત અક્ષર જેવી નવીન ડોલરની કળીઓથી કામદેવની જયપ્રશસ્તિને લખતી હોય તેવી હેમંતલક્ષ્મી ખીલી નીકળી. ડોલર અને સિંદુવારના પુષ્પોથી હેમંત અને વસંતઋતુને ગણિકાની જેમ સાથે નભાવતી શિશિરલક્ષ્મી વૃદ્ધિ પામી. એવી રીતે ક્ષણમાં સર્વ ઋતુઓ સાથે પ્રગટ થયા પછી તરતજ કામદેવની સેના જેવી દેવાંગનાઓ પ્રગટ થઈ. ભગવંતની આગળ આવી તે રમ્ય અંગવાળી રમણીઓએ કામદેવના વિજયી મંત્રાસ્ત્ર જેવું સંગીત શરૂ કર્યું. કોઈ શુદ્ધ ચિત્તે લય સાથે **ગાંધાર**ગ્રામથી અનેક રાગની જાતિઓને ગાવા લાગી, કોઈ પ્રવીણ દેવાંગના ક્રમ અને ઉત્ક્રમથી વ્યંજન અને ધાતુઓને સ્પષ્ટ પ્રગટ કરતી મધુર વીણા વગાડવા લાગી. કોઈ ફ્રૂટ, નકાર અને ધોંકાર એ ત્રણ પ્રકારના મેઘ જેવા ધ્વનિ કરતી ત્રિવિધ મૃદંગને વગાડવા લાગી; કોઈ આકાશ તથા પૃથ્વીમાં ઉછળતી, વિવિધ હાવભાવ અને નવનવા દૃષ્ટિભાવ કરતી નાચવા લાગી; દૃઢ અંગહાર અને અભિનયથી કંચુકીને તોડતી અને શિથિલ કેશપાશને બાંધતી કોઈ પોતાની ભુજાના મૂળને બતાવતી હતી; કોઈ દંડપાદ વિગેરે અભિનયના મિષથી પોતાના ગોરચંદન જેવા ગૌર સાથળના મૂળને વારંવાર બતાવતી હતી, કોઈ શિથિળ થયેલા અધોવસ્ત્રની ગ્રંથીને દૃઢ કરવાની લીલાથી પોતાના વાપી જેવા નાભિમંડળને બતાવતી હતી, કોઈ **ઇભદંત** નામના હસ્તાભિનયનો મિષ કરી વારંવાર ગાઢાલિંગનની સંજ્ઞાને કરતી હતી, કોઈ નીવીને દૃઢ કરવાના છળથી ઉત્તરીય વસ્ત્રને ચળાવી પોતાના નિતંબબિંબને દેખાડતી હતી; કોઇ વિશાળલોચના દેવી અંગભંગના બ્હાનાથી પુષ્ટ અને ઉન્નત સ્તનવાળા પોતાના વક્ષસ્થળને ચિરકાળ સુધી દર્શાવતી હતી. “અરે ભદ્ર! જો તમે ખરેખરા વીતરાગ છો તો શું તમે કોઈ વસ્તુપર રાગ નથી વિસ્તારતા? જો તમે શરીર ઉપર પણ નિરપેક્ષ છો તો તે અમને શા માટે અર્પણ નથી કરતા? જો દયાળુ છો તો અકસ્માત્ ઉત્કૃષ્ટ ધનુષ્ય લઈને અમારી પર ઉઠેલા આ વિષમાયુધ કામદેવથી અમારી રક્ષા કેમ કરતા નથી? પ્રેમના લાલચુ છતાં પણ જો કદિ કૌતુકથી અમારી ઉપેક્ષા કરતા હો તો તે કૌતુક ક્ષણવાર કરવું ઘટિત છે, અમારા મરણાંત સુધી કરવું યોગ્ય નથી. હે સ્વામિન્! હવે કઠિણતા છોડી દો, અને અમારા મનોરથો પૂરા કરો. પ્રાર્થનાથી વિમુખ થાઓ નહીં.” આ પ્રમાણે કોઈ કોઇ સ્ત્રી વારંવાર કહેવા લાગી. આવી રીતે દેવાંગનાઓના ગીત, વાદ્ય, નૃત્ય, અંગવિકાર અને ચાટુ (ખુશામતનાં) વચનોથી પ્રભુ જરા પણ ક્ષોભ પામ્યા નહીં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રમાણે તે એક રાત્રિમાં કાયોત્સર્ગે રહેલા પ્રભુની ઉપર તે અધમ દેવ **સંગમે** વીશ મોટા ઉપસર્ગો કર્યા. પ્રાતઃકાળે તેણે વિચાર્યું કે, 'અહો! આ મહાશય મર્યાદાથી સમુદ્રની જેમ ધ્યાનથી જરા પણ ચળિત થયા નહીં. તો હવે પ્રતિજ્ઞાભ્રષ્ટ થઈને શું હું પાછો સ્વર્ગમાં જાઉં? પણ તેમ તો શી રીતે જવાય! માટે ચિરકાળ સુધી અહીં રહી આ મુનિને અનેક ઉપસર્ગો કરીને કોઈ રીતે ક્ષોભ પમાડું.'

પ્રાતઃકાળે સૂર્યના કીરણોથી વ્યાપ્ત એવો માર્ગ થતાં પ્રભુ યુગમાત્ર દૃષ્ટિ આપતાં **વાલુક** નામના ગ્રામ તરફ ચાલ્યા, માર્ગમાં તે અધમ **સંગમે** પાંચસો ચોર અને વેલુના સાગર જેવી ઘણી રેતી વિકુર્વી. તે પાંચસો ચોર 'માતુલ! માતુલ!' એમ ઉંચે સ્વરે કહી પ્રભુને તેવી રીતે આલિંગન દેતા વળગી પડયા કે જેથી પર્વત હોય તો તે પણ ફુટી જાય. તેનાથી ક્ષોભ પામ્યા સિવાય સમતારસના સાગર પ્રભુ રેતીમાં જાનુ સુધી પગ ખુંચાડતા ખુંચાડતા વાલુકા ગ્રામે આવ્યા. એવી રીતે સ્વભાવથી ક્રૂર બુદ્ધિવાળો તે દેવ નગરમાં, ગામમાં, વનમાં કે પ્રભુ જ્યાં જાય ત્યાં તેમની પછવાડે જઈને અનેક પ્રકારનાં ઉપસર્ગો કરતો હતો. આ પ્રમાણે ઉપસર્ગ કરતાં કરતાં તે સંગમ દેવને છ માસ વીતી ગયા. અન્યદા પ્રભુ વિહાર કરતા કરતા કોઈ ગોકુળમાં આવ્યા. તે સમયે ત્યાં ગોકુળમાં ઉત્સવ ચાલતો હતો. પ્રભુએ **છ માસ સુધી ઉપવાસ** કર્યા હતા, તેથી આ વખતે પારણું કરવા સારૂં ગોકુળમાં ભિક્ષા માટે ગયા; પરંતુ જે જે ઘરમાં સ્વામી ભિક્ષા માટે જાય ત્યાં ત્યાં તે અધમ દેવ આહારને દૂષિત કરી નાખવા લાગ્યો. પ્રભુએ ઉપયોગ આપીને જોયું તો 'તે અધમ દેવ નિવૃત્ત થયો નથી' એવું જાણી પ્રભુ પાછા ગોકુળની બહાર આવી પ્રતિમા ધરીને રહ્યા. તે દેવતાએ અવધિજ્ઞાનથી જોયું કે 'હજુ આ મુનિના પરિણામ ભગ્ન થયા છે કે નહીં?' તો તેને જાણવામાં આવ્યું કે, 'હજુ પણ તે ક્ષોભ પામ્યા નથી.' એટલે તેણે વિચાર્યું કે, 'છ માસ સુધી હમેશાં ઉપસર્ગો કર્યા, તોપણ સમુદ્રના જળથી સહ્યગિરિની જેમ આ મુનિ કંપ્યા નહીં; અને હજુ લાંબા વખત સુધી ઉપદ્રવ કરૂં તોપણ તે ધ્યાનથી ચળિત થશે નહીં, તેથી પર્વતને ભેદવામાં હાથી નિષ્ફળ થાય તેમ આમાં મારો પ્રયાસ તદ્દન વૃથા થયો. હા! મારી દુર્બુદ્ધિથી ઠગાઇને સ્વર્ગના વિલાસનું સુખ છોડી શાપથી ભ્રષ્ટ થયેલાની જેમ હું આટલો બધો આ પૃથ્વી પર ભમ્યો." આ પ્રમાણે વિચાર કરીને તે દેવ પ્રભુને નમી અંજલિ જોડી લજ્જા પામી મ્લાન મુખે આ પ્રમાણે બોલ્યો કે, 'હે સ્વામિન્! શક્રઇંદ્રે સુધર્મા સભામાં જેવી તમારી પ્રશંસા કરી હતી, તેવાજ તમે છો. તેના વચન પર શ્રદ્ધા નહીં કરીને મેં તમને ઘણા ઉપદ્રવ કર્યા, તથાપિ તમે સત્ય પ્રતિજ્ઞ છો અને હું ભ્રષ્ટપ્રતિજ્ઞ થયો છું. મેં આ સારૂં કાર્ય કર્યું નથી, માટે હે ક્ષમાનિધિ! તમે મારો તે અપરાધ ક્ષમા કરો. હવે ઉપસર્ગ કરવા છોડી દઈને ખેદ પામતો હું દેવલોકમાં જાઉં છું. તમે પણ નિઃશંક થઈને ગામ, આગર અને પુર વિગેરેમાં સુખે વિહાર કરો. હવે તમે આ ગામમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભિક્ષાને માટે ખુશીથી પ્રવેશ કરો અને અદૂષિત આહાર ગ્રહણ કરો. પૂર્વે જે દૂષિત ભિક્ષા મળતી હતી તે દોષ પણ મારાજ ઉત્પન્ન કરેલા હતા.' પ્રભુ બોલ્યા–'**હે સંગમદેવ!** તું અમારી ચિંતા કરવી છોડી દે, અમે કોઈને આધિન નથી, અમે તો સ્વેચ્છાએ વિહાર કરીએ છીએ.' આ પ્રમાણે કહેતા વીર પ્રભુને પ્રણામ કરી તે અધમ દેવ પશ્ચાત્તાપ કરતો કરતો ઇંદ્રપુરી તરફ ચાલ્યો.

આટલો વખત અહિં **સૌધર્મ** દેવલોકમાં બધા દેવતાઓ આનંદ અને ઉત્સાહ રહિત થઈ ઉદ્વેગ ધરીને રહ્યા હતા. શક્રઇંદ્ર પણ સુંદર વેષ અને અંગરાગ છોડી તથા સંગીતાદિકથી વિમુખ થઈ અતિ દુઃખી બની જઈને મનમાં ચિંતવવા લાગ્યા કે–'અહો! પ્રભુને થયેલા આ બધા ઉપસર્ગનું નિમિત્ત હું થયો છું; કારણ મેં જ્યારે પ્રભુની પ્રશંસા કરી ત્યારે જ તે દેવ કોપાયમાન થયો.' આ પ્રમાણે ચિંતા કરતાં છ માસ વીતી ગયા, એટલે પાપરૂપ પંકથી મલીન, જળ સ્પર્શવાળા દર્પણની જેમ કાંતિના પ્રાગ્ભાર રહિત, પ્રતિજ્ઞા ભ્રષ્ટ, મંદ ઇંદ્રિયોવાળો અને લજ્જાથી નેત્રકમળને પણ વીંચતો વીંચતો તે સંગમ ઇંદ્રથી અધિષ્ઠિત એવી સુધર્મા સભામાં આવ્યો. સંગમકને જોઈ ઇંદ્ર તેનાથી પરાઙ્મુખ થયા અને ઉંચે સ્વરે બોલ્યા કે, "અહો સર્વ દેવતાઓ! મારૂં વચન સાંભળો–આ સંગમક મહા પાપી અને કર્મચંડાળ છે. જો તેનું મુખ જોવામાં આવે તો પણ પાપ લાગે; તેથી એ જોવા યોગ્ય પણ નથી. એણે આપણા સ્વામીને બહુ કદર્થના કરીને મારો મોટો અપરાધ કર્યો છે. પણ જે આ સંસારથી ભય પામ્યો નહીં, તે મારાથી કેમ ભય પામે? હું જાણું છું કે, અર્હંત પ્રભુ બીજાની સહાયથી તપ કરતા નથી, તેથી એ પાપીને મેં આટલા વખત સુધી શિક્ષા કરી નથી. પણ હવે જો એ અધમ દેવ અહિં રહેશે તો આપણને પણ પાપ લાગશે, તેથી તે દુષ્ટને આ દેવલોકમાંથી કાઢી મૂકવો યોગ્ય છે." આ પ્રમાણે કહીને ક્રોધ પામેલા ઇંદ્રે વજ્રવડે પર્વતની જેમ તે અધમ દેવને ડાબા પગવડે પ્રહાર કર્યો; એટલે વિવિધ આયુધને ધારણ કરનારા ઇંદ્રના સુભટો તેને ધક્કો મારીને ત્યાંથી કાઢવા લાગ્યા, દેવતાની સ્ત્રીઓ હાથના કરકડા મરડી તેનાપર આક્રોશ કરવા લાગી, તેમજ સામાનિક દેવતાઓ તેનું હાસ્ય કરવા લાગ્યા. આ પ્રમાણે તિરસ્કાર પામતો તે અધમ દેવ યાનક નામના વિમાનમાં બેસી બાકી રહેલું એક સાગરોપમનું આયુષ્ય ભોગવવા માટે મેરૂગિરિની ચૂલિકા ઉપર ગયો. પછી તે સંગમકની સ્ત્રીઓએ આવીને ઇંદ્રને વિજ્ઞપ્તિ કરી કે, 'હે સ્વામી! જો તમારી આજ્ઞા હોય તો અમે અમારા પતિની પાછળ જઈએ.' દીન વદનવાળી તે સ્ત્રીઓને સંગમકની પાછળ જવાની ઇંદ્રે આજ્ઞા આપી અને બીજા સર્વ પરિવારને તેની પાછળ જતો અટકાવ્યો.

અહિં શ્રી વીર ભગવંત બીજે દિવસે પારણું કરવાને માટે **ગોકુળ ગામમાં** ગોચરી કરવા નીકળ્યા, ત્યાં એક વૃદ્ધ **વત્સપાલિકા** નામની ગોપીએ ભક્તિપૂર્વક પ્રભુને કલ્પે તેવા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરમ અન્નથી પ્રતિલાભિત કર્યા. ચિરકાળે પણ પ્રભુનું પારણું થવાથી હર્ષ પામી સમિપ રહેલા દેવતાઓએ ત્યાં પંચ દિવ્ય પ્રગટ કર્યા. ત્યાંથી વિહાર કરીને પ્રભુ **આલંભિકા** નામની નગરીએ ગયા. ત્યાં પ્રતિમા ધરીને ચિત્રસ્થ હોય તેમ સ્થિર રહ્યા. ત્યાં હરિ નામના વિદ્યુત્કુમારના ઈંદ્રે પ્રભુ પાસે આવી પ્રદક્ષિણા કરી નમીને આ પ્રમાણે કહ્યું કે-'હે નાથ ! તમે જે ઉપસર્ગો સહન કર્યા તે સાંભળવાથી પણ અમારા જેવાના હૃદય વિદિર્ણ થઈ જાય, તેથી તમે વજ્રથી પણ અધિક દૃઢ છો. હે પ્રભુ ! હવે માત્ર થોડા ઉપસર્ગ સહ્યા પછી તમે ચાર ઘાતિકર્મનો નાશ કરશો અને થોડાજ કાળમાં કેવળજ્ઞાન ઉપાર્જન કરશો.' આ પ્રમાણે કહી ભગવંતને ભક્તિથી નમસ્કાર કરીને તે વિદ્યુત્કુમાર નિકાયનો ઇંદ્ર પોતાને સ્થાનકે ગયો. ત્યાંથી વિહાર કરી પ્રભુ શ્વેતાંબી નગરીએ ગયા. ત્યાં હરિસહ નામના વિદ્યુત્કુમારના ઈંદ્રે આવી વંદના કરી. તે પણ હરિઇંદ્રની જેમ કહીને પોતાને સ્થાનકે ગયો.

પ્રભુ ત્યાંથી વિહાર કરીને **શ્રાવસ્તી** નગરીએ આવી પ્રતિમા ધરીને રહ્યા. તે દિવસે બધી નગરીમાં લોકોએ **કાર્ત્તિકસ્વામીની** રથયાત્રાનો ઉત્સવ મોટા આડંબરથી આદર્યો હતો. તેથી પ્રતિમા ધરીને રહેલા પ્રભુને છોડીને નગરજનો પૂજાની સર્વ સામગ્રી લઈ કાર્ત્તિકસ્વામીની પૂજા કરવા માટે જવા લાગ્યા. પછી કાર્ત્તિકની પ્રતિમાને સ્નાન અર્ચન કરી વિધિપૂર્વક રથમાં બેસાડવાને લોકો તૈયાર થયા. તે વખતે દેવલોકમાં શક્રઈંદ્રે વિચાર્યું કે, 'હાલ **વીર**પ્રભુ ક્યાં વિચરતા હશે ?' અવધિજ્ઞાનથી જોયું તો વીરપ્રભુને અને નગરજનોને ઉપર કહેલી સ્થિતિમાં જોયા. એટલે 'અરે આ અવિવેકી નગરજનો પ્રભુનું ઉલ્લંઘન કરીને કાર્ત્તિકની પૂજા કેમ કરે ?' આવી ઇર્ષ્યા ધરીને ઈંદ્ર તત્કાળ ત્યાં આવ્યો અને કાર્ત્તિકની પ્રતિમામાં પ્રવેશ કર્યો. પછી યંત્રમય પૂતળીની જેમ તે પ્રતિમા જ્યાં ભગવંત પ્રતિમાએ રહ્યા હતા તે તરફ ચાલી, પરંતુ નગરજનો તો તેને ચાલતી જોઈ કહેવા લાગ્યા, 'અહો ! આ **કાર્ત્તિકકુમાર** પોતાની મેળે ચાલીને રથમાં બેસશે,' તેવામાં તો તે પ્રતિમા પ્રભુની પાસે આવી; અને પ્રભુને ત્રણ પ્રદક્ષિણા દઈને તેણે પ્રણામ કર્યો. પછી પ્રભુની ઉપાસના કરવાને માટે તે પૃથ્વી ઉપર બેઠી. એટલે 'આ કોઈ આપણા ઇષ્ટદેવના પણ પૂજ્ય જણાય છે, તેથી આપણે તેનું ઉલ્લંઘન કર્યું, તે યોગ્ય કર્યું નહિ.' આ પ્રમાણે કહેતા નગરજનોએ વિસ્મય અને આનંદ પામીને પ્રભુનો મહિમા કર્યો.

ત્યાંથી વિહાર કરીને પ્રભુ **કૌશાંબી** નગરીએ આવ્યા. ત્યાં પ્રતિમા ધરીને રહેલા પ્રભુને સૂર્ય ચંદ્રે મૂળ વિમાન સાથે આવીને ભક્તિથી સુખશાતાના પ્રશ્નપૂર્વક વંદના કરી. ત્યાંથી અનુક્રમે વિહાર કરતા પ્રભુ **વારાણસી** નગરીએ આવ્યા. ત્યાં શક્રઇંદ્રે આવીને હર્ષથી પ્રભુને વંદના કરી, ત્યાંથી રાજગૃહ નગરે આવીને પ્રભુ પ્રતિમાએ રહ્યા. ત્યાં ઈશાનેંદ્રે આવી ભક્તિથી સુખશાતા પ્રશ્નપૂર્વક વંદના કરી. ત્યાંથી પ્રભુ **મિથિલાપુરીએ** ગયા. ત્યાં જનક રાજાએ અને ધરણેંદ્રે આવીને પ્રિયપ્રશ્નપૂર્વક પૂજા કરી. ત્યાંથી વિહાર કરી પ્રભુ વિશાલા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નગરીએ ગયા, ત્યાં પ્રભુએ દીક્ષા લીધા પછીનું અગ્યારમું ચોમાસું કર્યું. ત્યાં સમર નામના ઉદ્યાનમાં બળદેવના મંદિરની અંદર પ્રભુ **ચાર માસક્ષપણ** અંગીકાર કરી પ્રતિમાએ રહ્યા. ત્યાં ભૂતાનંદ નામે નાગકુમારના ઇંદ્રે આવીને પ્રભુને વંદના કરી અને પ્રભુને કેવળજ્ઞાન નજીકમાં થવાનું જણાવી સ્વસ્થાને ગયો.

**વિશાળાપુરીમાં જિનદત્ત** નામે એક પરમ શ્રાવક રહેતો હતો. તે દયાળુ હતો અને વૈભવના ક્ષયથી 'જીર્ણશ્રેષ્ઠિ' એવા નામથી પ્રખ્યાત થયો હતો. અન્યદા તે ઉદ્યાનમાં ગયો હતો, ત્યાં બળદેવના મંદિરમાં તેણે પ્રતિમાએ રહેલા પ્રભુને જોયા. તે વખતે 'આ છદ્મસ્થપણે રહેલા ચરમ તીર્થંકર છે' એવા નિશ્ચયથી તેણે ભક્તિ સાથે પ્રભુને વંદના કરી. પછી પોતાના ચિત્તમાં વિચાર કરવા લાગ્યો કે–'આ પ્રભુ આજે ઉપવાસ કરી પ્રતિમા ધરી રહ્યા જણાય છે, તે જો આવતી કાલે મારે ઘેર પારણું કરે તો ઘણું સારૂં થાય.' આવી આશા ધરીને તેણે **ચાર માસ સુધી** હમેશાં પ્રભુની સેવા કરી, છેલ્લે દિવસે પ્રભુને આમંત્રણ કરીને તે પોતાને ઘેર ગયો, અને પોતાને નિમિત્તે શ્રેષ્ઠ મનવાળા તેણે પ્રથમથી મેળવેલા પ્રાસુક અને એષણીય ભોજન તૈયાર કરી રાખ્યા. પછી તે **જિનદત્ત** શ્રેષ્ટિ પ્રભુના માર્ગ તરફ દૃષ્ટિ રાખી આંગણામાં ઊભો રહીને ચિંતવવા લાગ્યો કે, "આ ભોજન હું પ્રભુને વહોરાવીશ. હું કેવો ધન્ય કે જેને ઘેર અર્હંતપ્રભુ પોતાની મેળે આવશે અને સંસારસાગરથી તારનારૂં પારણું કરશે. જ્યારે પ્રભુ આવશે ત્યારે હું તેમની સન્મુખ જઈશ અને ત્રણ પ્રદક્ષિણા કરી તેમના ચરણકમળમાં વંદના કરીશ. અહો ! આ મારો જન્મ હવે પુનર્જન્મને માટે નહીં થાય; કેમકે પ્રભુનું દર્શન પણ મોક્ષને માટે થાય છે તો પારણાની તો વાત જ શી કરવી ?" આ પ્રમાણે જીર્ણશ્રેષ્ટિ ચિંતવન કરતા હતા તેવામાં તો પ્રભુ ત્યાંના નવીન શેઠને ઘેર પધાર્યા. તે નવીન શેઠ મિથ્યાદૃષ્ટિ હતો, તેથી લક્ષ્મીના મદથી ઉંચી ગ્રીવા રાખીને તેણે દાસીને આજ્ઞા કરી કે, 'ભદ્રે ! આ ભિક્ષુકને ભિક્ષા આપીને સત્વર વિદાય કર.' તે હાથમાં કાષ્ટનું ભોજન લઈ તેમાં કુલ્માષ[1] ધાન્યને લઈને આવી, અને પ્રભુએ પ્રસારેલા કરપાત્રમાં તે વહોરાવ્યા. તત્કાળ દેવતાઓએ આકાશમાં દુંદુભિનો નાદ કર્યો, ચેલોત્ક્ષેપ[2] કર્યો, વસુધારા[3] કરી તથા પુષ્પની અને સુગંધી જળની વૃષ્ટિ કરી. લોકો ભેળા થઈને તે અભિનવ શ્રેષ્ટિને પૂછવા લાગ્યા, એટલે તેણે કહ્યું કે–'મેં પોતે પ્રભુને પાયસાન્નવડે પારણું કરાવ્યું.' 'અહો દાનં, અહો દાનં,' એવો દેવતાનો ધ્વનિ સાંભળી લોકો અને રાજા તે નવીન શ્રેષ્ટિની વારંવાર સ્તુતિ કરવા લાગ્યા. અહિં જીર્ણશ્રેષ્ટિ તો પ્રભુના આગમન સંબંધી વિચાર કરતો તેમ જ ઊભો હતો, તેવામાં દેવતાઓના દુંદુભિનો ધ્વનિ સાંભળીને તે આ પ્રમાણે ચિંતવવા

---

૧. અડદના બાકુળા. ૨. વસ્ત્રની વૃષ્ટિ. ૩. દ્રવ્યની વૃષ્ટિ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લાગ્યો કે, 'અહો! મારા જેવા મંદભાગ્યવાળાને ધિક્કાર છે, મારો મનોરથ વૃથા થયો, કેમકે પ્રભુએ મારૂં ઘર મૂકીને બીજાને ઘેર પારણું કર્યું.'

ત્યાં પારણું કર્યા પછી પ્રભુએ તો અન્યત્ર વિહાર કર્યો. તે ઉદ્યાનમાં શ્રી**પાર્શ્વનાથ** ભગવંતના એક કેવળી શિષ્ય પધાર્યા. એટલે રાજાએ અને લોકોએ તેમની પાસે આવીને પૂછ્યું કે, 'ભગવન્! આ નગરીમાં મોટા પુણ્યના સમૂહને ઉપાર્જન કરનાર કોણ છે?' કેવળી બોલ્યા કે–'**જીર્ણશ્રેષ્ટિ** સર્વથી અધિક પૂન્યવાન્ છે.' લોકો બોલ્યા કે, 'જીર્ણશ્રેષ્ટિ મોટા પુણ્યને ઉપાર્જન કરનાર શી રીતે છે? કારણ કે તેણે કાંઈ પ્રભુને પારણું કરાવ્યું નથી, તે કાર્ય કરનાર તો આ નવીન શ્રેષ્ટિ છે. વળી વસુધારા વિગેરે પણ આ નવીન શ્રેષ્ટિને ઘેર થયેલ છે, તો આ નવીન શ્રેષ્ટિ મહા પુણ્યના ઉપાર્જન કરનાર કેમ નહીં? કેવળી બોલ્યા કે, 'ભાવથી તો તે જીર્ણ શ્રેષ્ટિ **જિનદત્તે** અર્હંત પ્રભુને પારણું કરાવ્યું છે. વળી તેણે તેવા ભાવથી અચ્યુત દેવલોકમાં જન્મ ઉપાર્જન કરીને સંસારને તોડી નાંખ્યો છે, જો તેવા ઉજ્વળ ભાવવાળા તેણે તે વખતે દુંદુભિનો ધ્વનિ સાંભળ્યો ન હોત તો ધ્યાનાંતરમાં પ્રાપ્ત થયેલ તે ઉજ્વળ કેવળજ્ઞાનને પામત. આ નવીન શ્રેષ્ટિ શુદ્ધ ભાવથી રહિત છે, તેથી તેણે અર્હંતના પારણાનું માત્ર એ વસુધારા રૂપ આ લોક સંબંધીજ ફળ પ્રાપ્ત કર્યું છે.' આ પ્રમાણે ભક્તિપૂર્વક અને ભક્તિરહિત અર્હંતના પારણાનું ફળ સાંભળી સર્વ લોકો વિસ્મય પામતા પોતપોતાને સ્થાનકે ગયા.

અહીં શ્રી વીરભગવંત નગર, ગામ, ખાણ અને દ્રોણમુખ વિગેરે સ્થાનોમાં વિહાર કરતા **સુસુમારપુરે** આવ્યા. ત્યાં **અશોકખંડ** નામના ઉદ્યાનમાં **અશોક** વૃક્ષની નીચે એક શિલાતળ ઉપર રહી **અષ્ટમ** કરીને પ્રભુએ એક રાત્રિની પ્રતિમા ધારણ કરી.

આ અરસામાં જે બનાવ બન્યો તેની ઉત્પત્તિ આ પ્રમાણે—આ ભરતક્ષેત્રમાં વિંધ્યાચળની તળેટીમાં વસેલા **વિભેલ** નામના ગામમાં **પૂરણ** નામે એક ગૃહસ્થ રહેતો હતો. એક વખત અર્ધ રાત્રિએ ઉઠીને તેણે વિચાર્યું કે, "મેં પૂર્વ ભવે મોટું તપ કરેલું હશે કે જેથી આ ભવમાં મને આવી લક્ષ્મી અને આવી માન્યતા પ્રાપ્ત થઈ. પૂર્વે કરેલા શુભાશુભ કર્મનું ફળ આ લોકમાં પ્રાપ્ત થાય છે, તેવું લોકમાં સેવ્ય અને સેવકપણું દષ્ટિએ પડવાથી અનુમાન થાય છે. તો હવે ગૃહવાસ છોડી, સ્વજનોને સમજાવી આવતા ભવમાં ફળ પ્રાપ્ત કરવાને માટે હું મોટું તપ આચરૂં. કહ્યું છે કે–"આઠ માસ સુધી એવું કાર્ય કરવું, કે જેથી ચોમાસાના ચાર માસ સુખે રહેવાય, દિવસે એવું કરવું કે રાત્રિએ સુખે સુવાય, પૂર્વ વયમાં એવું કાર્ય કરવું કે જેથી વૃદ્ધ વયમાં સુખે રહેવાય અને આ જીંદગીમાં એવું કાર્ય કરવું કે જેથી આગામી ભવે સુખ પ્રાપ્ત થાય." આ પ્રમાણે ચિંતવીને પ્રાતઃકાળે સ્વજનોને જમાડી વ્રત લેવાની રજા લીધી અને પુત્રને પોતાને સ્થાનકે સ્થાપન કર્યો. પછી

જૈન સાઈટ JAINSITE.com જયમ્ જયાત શાસનમ્

પોતે વ્રત વઈ પ્રણામા[1] જાતિનો તાપસ થઈ તપ કરવા લાગ્યો. તેણે ભિક્ષા લેવા માટે ચાર પડવાળું એક કાષ્ટમય ભિક્ષાપાત્ર ગ્રહણ કર્યું. અને તે દિવસથી માંડીને નિરંતર છઠ્ઠ તપ કરવા લાગ્યો. તે સાથે પ્રતિદિન આતાપના લેવાવડે શરીરને કૃશ કરવા લાગ્યો. જ્યારે પારણાનો દિવસ હોય ત્યારે તે પેલું ચાર પડવાળું ભિક્ષાપાત્ર લઈને મધ્યાહ્નકાળે ભિક્ષા લેવા જતો. પહેલા પડમાં આવેલી ભિક્ષા તે પાંથજનોને આપતો, બીજા પડમાં આવેલી ભિક્ષા તે કાગડા વિગેરેને નાંખતો, ત્રીજા પડમાં આવેલી ભિક્ષા મત્સ્યાદિક જળચર પ્રાણીઓને દેતો અને ચોથા પડમાં આવેલી ભિક્ષા રાગદ્વેષ રહિત ચિત્તે પોતે ખાતો હતો. એવી રીતે બાર વર્ષ સુધી બાળ (અજ્ઞાન) તપ કરી છેવટે તેણે બિભેલ ગામની ઈશાન દિશામાં અનશન ગ્રહણ કર્યું. એક માસનું અનશન પાળી મૃત્યુ પામીને બાળતપના પ્રભાવથી તે ચમરચંચા નગરીમાં એક સાગરોપમના આયુષ્યવાળો **ચમરેંદ્ર** થયો. ઉત્પન્ન થતાંજ અવધિજ્ઞાનરૂપ નેત્રથી તેણે બીજા ભુવનો જોવા માંડ્યા. અનુક્રમે ઉદ્ધર્વ ભાગે દ્દષ્ટિ કરતાં તેણે સૌધર્મેંદ્રને જોયો. સૌધર્માવતંસ નામના વિમાનમાં સુધર્મા સભામાં બેઠેલા મહર્દ્ધિક વજ્રધારી શક્રઈંદ્રને જોઈ ક્રોધ કરીને તે પોતાના સ્વજનોને આ પ્રમાણે કહેવા લાગ્યો– "અરે! અપ્રાર્થિતની પ્રાર્થના કરનાર આ કોણ દુરાત્મા અધમ દેવ મારા મસ્તકપર રહીને નિર્લજ્જપણે વિલાસ કરે છે?" તેના ઉત્તરમાં તેના સામાનિક વિગેરે દેવતાઓ મસ્તકપર અંજલિ જોડીને બોલ્યા કે–"હે સ્વામી! મહા પરાક્રમી અને પ્રચંડ શાસનવાળા સૌધર્મ કલ્પના તે ઈંદ્ર છે." તે સાંભળીને જેને ઉલટો વિશેષ ક્રોધ ઉત્પન્ન થયો છે એવો તે ચમરેંદ્ર ભ્રકુટીથી ભયંકર મુખવાળો થઈ નાસિકાના ફુંફાડાથી ચમરને પણ ઉડાડતો બોલ્યો કે, "અરે! દેવતાઓ! તમે મારા પરાક્રમને જાણતા નથી, તેથી તેની પ્રશંસા કરો છો. હવે હું તમોને તે ઈંદ્રને પાડી દઈને મારૂં બળ બતાવીશ. તે કદિ દૈવયોગે ઉંચે સ્થાનકે ઉત્પન્ન થયો તો તેથી કાંઈ મોટો સમર્થ થઈ ગયો નથી. કદિ કાગડો હાથીની પીઠપર બેઠો હોય તેથી શું તે રથી ગણાય? તે ત્યાં આટલીવાર તો નિર્વિઘ્ને રહ્યો પણ હવે મારો ક્રોધ થતાં તે ત્યાં રહી શકશે નહીં. કેમકે–સૂર્યનો ઉદય થતાં બીજાં તેજ કે અંધકાર કહી શકતાં નથી." પછી સામાનિક દેવતાઓએ ફરીવાર કહ્યું કે, "હે સ્વામી! એ સૌધર્મપતિ પૂર્વ ભવના ઉપાર્જન કરેલા પુણ્યથી દેવોનો પતિ થયેલ છે અને તેની સમૃદ્ધિ અને પરાક્રમ તમારાથી ઘણું અધિક છે. તમે તમારા પુણ્ય પ્રમાણે અમારી જેવાના સ્વામી થયા છો. તેથી પુણ્યને આધિન એવા વૈભવમાં તમારે ઈર્ષા કરવી ન જોઈએ. વળી જો કદી તમે તેના પ્રત્યે તમારૂં કાંઈ પણ પરાક્રમ બતાવવાનો આરંભ કરશો તો મેઘની સામે થનારા અષ્ટાપદ પશુની જેમ તે તમારા હાસ્યને માટે અને અધઃપાતને માટે થશે; માટે તમે શાંત થાઓ, સુખે રહી યથેચ્છપણે સુખભોગ ભોગવો; અને અમારાથી સેવાતાં વિવિધ વિનોદ જોયા

---

૧. સર્વને પ્રણામ કરવા એ જેનો મુખ્ય ધર્મ છે એવા તાપસ.

જૈનમ્ સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

કરો.” પછી **ચમરેંદ્ર** બોલ્યો કે, “ અરે ! જો તમે બધા તેનાથી બ્હીતા હો તો સુખે અહિં રહો, હું એકલોજ તેની સાથે યુદ્ધ કરવા જઈશ. સુરોનો ને અસુરોનો હું કે તે એકજ ઇંદ્ર હોવો જોઈએ. એક મ્યાનમાં બે ખડ્ગ રહી શકેજ નહીં.” આ પ્રમાણે કહી ઉગ્ર ગર્જના કરીને આકાશમાર્ગે ઉડવાની ઈચ્છા કરતાં તેના મનમાં કાંઈક વિવેક આવ્યો, એટલે તે ફરીવાર આ પ્રમાણે ચિંતવવા લાગ્યો કે–“ આ મારા સામાનિક દેવતાઓ શક્રેંદ્રને જેવો શક્તિવાન્ ગણે છે તેવો કદી તે હોય તો હોય, કેમકે આ દેવતાઓ લેશમાત્ર પણ મારૂં અહિત ઈચ્છનાર નથી. વળી કાર્યની ગતિ વિષમ હોય છે, તેથી દૈવયોગે કદિ મારો પરાજય થાય તો પછી આનાથી અધિક પરાક્રમવાળા કોને શરણે મારે જવું ?” આ પ્રમાણે વિચારીને તેણે અવધિજ્ઞાને જોયું, તો **સુસુમારપુરમાં** શ્રી વીરપ્રભુને પ્રતિમા ધરીને રહેલા જોયા; એટલે તે વીરપ્રભુનું શરણ લેવાનો નિશ્ચય કરી ઉભો થઈને **તુંબાલય** નામની પોતાની આયુધશાળામાં ગયો. ત્યાંથી જાણે મૃત્યુનો બીજો હાથ હોય તેવો એક મુદ્ગર તેણે ઉપાડયો અને ઉંચે નીચે તેમજ આડો તેને બે ત્રણ વાર ફેરવ્યો. પછી અસુર સ્ત્રીઓએ શુરવીર ધારીને કામનાથી જોવાયેલો, કૌતુક જોવાના અર્થી ભુવનપતિઓએ ઉત્સાહિત કરેલો અને સામાનિક દેવતાઓએ ‘અજ્ઞ છે’ એમ જાણી ઉપેક્ષા કરેલો તે ચમરાસુર **ચમરચંચા** નગરીથી નીકળ્યો.

ક્ષણવારમાં શ્રી વીરપ્રભુ પાસે આવી, પરિઘ આયુધને દૂર મૂકી, ત્રણ પ્રદક્ષિણા કરી નમીને આ પ્રમાણે બોલ્યો–“ હે ભગવન્ ! હું તમારા પ્રભાવથી અતિ દુર્જય શક્રઈંદ્રને જીતી લઇશ; કારણ કે તે ઈંદ્ર મારા મસ્તકપર રહેલ હોવાથી મારા ચિત્તમાં બહુ બાધા કરે છે.” આ પ્રમાણે કહી પરિઘ આયુધ લઇને ઈશાન દિશામાં આવ્યો અને વૈક્રિય સમુદ્ઘાતવડે સદ્ય પોતાનું રૂપ એક લાખ યોજનાનું વિકુર્વ્યું. શ્યામ કાંતિવાળું એ મહા શરીર જાણે મૂર્ત્તિમાન્ આકાશ હોય, અથવા જાણે નંદીશ્વર મહાદ્વીપનો જંગમ અંજનગિરિ હોય તેવું દેખાવા લાગ્યું. તેનું મુખ દાઢોરૂપ કરવતથી ભયંકર હતું, શ્યામ અને ચપળ કેશ હતા, મુખરૂપ કુંડમાંથી ઉછળતી જ્વાળાઓથી આકાશ પણ પલ્લવિત થતું હતું; તેના વિશાળ વક્ષસ્થળથી સૂર્યમંડળ આચ્છાદિત થતું હતું, ભુજનદંડના હાલવાથી ગ્રહ, નક્ષત્ર અને તારાઓ ખરતા હતા, નાભિમંડળ ઉપર લીન થયેલા સર્પના ફુંફાડાથી ભયંકર દેખાતું હતું, તેના અતિ લાંબા જાનુ ગિરિની ચૂલિકાના અગ્ર ભાગને અડતા હોવાથી વિસ્મય ઉત્પન્ન કરતા હતા, અને પગના અવષ્ટંભથી ભૂમંડળને પણ વિધુર કરતો હતો. આવું ભયંકર રૂપ કરીને તે **ચમરાસુર** ગર્વાંધ થઈ સૌધર્મપતિ તરફ ઉત્પત્યો.

ઉગ્ર ગર્જનાથી આખા બ્રહ્માંડને ફોડતો, બીજો યમરાજ હોય તેમ વ્યંતરોને બીવરાવતો, અને સિંહ જેમ હરણોને ત્રાસ પમાડે તેમ જ્યોતિષ્ક દેવોને ત્રાસ પમાડતો તે ક્ષણવારમાં સૂર્ય ચંદ્રના મંડળનું ઉલ્લંઘન કરી શક્રના મંડલમાં આવી પહોંચ્યો. તે ભયંકર મહામૂર્ત્તિને

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

અકસ્માત્ અને વેગથી આવતી જોતાંજ કિલ્વિષ દેવાતાઓ સંતાઇ ગયા, આભિયોગિક દેવતાઓ ત્રાસ પામી ગયા, સૈન્ય સહિત સેનાપતિઓ શિઘ્ર પલાયન કરી ગયા, અને સોમ તથા કુબેર પ્રમુખ દિક્પાલો નાશી ગયા. આત્મરક્ષકોથી અસ્ખલિત અને છડીદારથી પણ અવારિત એ અસુરને ત્રાયસ્ત્રિંશ દેવોએ 'આ શું?' એમ સંભ્રાંત ચિત્તે જોયો. સમકાળે ઉત્પન્ન થયેલા કોપ અને વિસ્મયવડે સામાનિક દેવતાઓએ જોયેલા તે ચમરે એક પગ પદ્મવેદિકાની ઉપર અને બીજો પગ સુધર્મા સભામાં મૂકયો. પછી પરિઘ આયુધવડે ઇંદ્રકીલ ઉપર ત્રણ વાર તાડન કરી, ઉત્કટ ભ્રુકુટી ચડાવીને તે અતિ દુર્મદ ચમર શક્રઇંદ્ર પ્રત્યે આ પ્રમાણે બોલ્યો-"હે ઇંદ્ર! તું આવા ખુશામતીયા દેવતાઓના વૃંદથી કે તેમના પરાક્રમથી અદ્યાપિ મારી ઉપર રહે છે પણ હવે હું તને મારાથી પણ નીચે પાડી દઉં છું. પર્વત ઉપર કાગડાની જેમ તું અહિં ચિરકાળથી ફોગટજ રહ્યો છું. અરે **ચમરચંચા** નગરીના સ્વામી અને વિશ્વને પણ અસહ્ય પરાક્રમવાળા મને ચમરાસુરને શું તું નથી જાણતો?" શીકારીની હાકને કેશરીસિંહ સાંભળે તેમ જેમણે આવું કઠોર વચન પૂર્વે કદી સાંભળ્યું નહોતું તે સાંભળીને શક્રેંદ્ર કાંઈક હસ્યા અને વિસ્મય પામ્યા. પછી અવધિજ્ઞાનવડે તેને **ચમરેંદ્ર** જાણીને 'અરે ચમર! તું નાશી જા' એમ બોલી ભ્રકુટી ચડાવી શક્રઇંદ્રે વજ્ર હાથમાં લીધું, અને પ્રલયકાળના અગ્નિનો સાર હોય, વિદ્યુતનો જાણે સંચય હોય અને એકઠો મળેલો વડવાનળ હોય તેવા તે પ્રજ્વલિત વજ્રને ઇંદ્રે તેનાપર મૂકયું. તડ્તડ્ શબ્દ કરતું અને દેવતાઓએ ત્રાસ પામતાં જોયેલું તે વજ્ર ચમરેંદ્ર તરફ દોડયું. સૂર્યના તેજને ઘુવડની જેમ તે વજ્રને જોવાને પણ અસમર્થ એવો તે ચમરાસુર વજ્રને આવતું જોતાંજ વડવાનરીની જેમ ઉંચા પગ ને નીચું માથું એમ થઈ ગયો, અને તત્કાળ ચિત્રાથી ચમરીમૃગ ભાગે તેમ શ્રી મહાવીર ભગવંતને શરણે આવવાની ઈચ્છાએ ત્યાંથી ભાગ્યો. તે વખતે 'અરે સુરાધમ! જેમ મોટા સર્પ સાથે દેડકો, હાથી સાથે ઘેટો, અષ્ટાપદ સાથે હાથી અને ગરૂડ સાથે સર્પ યુદ્ધ કરવા ઇચ્છે તેમ અનાત્મજ્ઞ એવો તું અમારા ઈંદ્રની સાથે યુદ્ધ કરવાને ઈચ્છતો હતો, પણ તારે ભુંડે હાલે નાશી જવું પડયું.' આ પ્રમાણે કહીને દેવતાઓ તેને હસવા લાગ્યા. જેવો મહા દેહ ધરીને તે આવ્યો હતો, તેવોજ લઘુ દેહી થઈને પવને ચલાવેલા મેઘની જેમ ત્વરાથી નાસવા લાગ્યો. રૂપને નાનું નાનું કરતા તે અસુરની પછવાડે ઘોની જેમ ચાલ્યું આવતું વજ્ર જવાળાની શ્રેણિવડે શોભવા લાગ્યું.

અહિં વજ્ર છોડયા પછી ઈંદ્રને વિચાર થયો કે, 'કોઈ પણ અસુરની પોતાની અહિં સુધી આવવાની શક્તિ નથી, તે છતાં આ અસુર અહિં સુધી આવ્યો તેથી હું ધારૂં છું કે જરૂર તે કોઈ અર્હંત, અર્હંતનું ચૈત્ય કે કોઈ મહર્ષિને મનમાં સ્મરી તેનાવડે શક્તિ પ્રાપ્ત કરીને આવ્યો હશે.' આ પ્રમાણે વિચારીને શક્રેંદ્રે અવધિજ્ઞાનવડે જોયું, એટલે તે શ્રી વીરપ્રભુના પ્રભાવથી ત્યાં આવ્યો હતો અને પાછો શ્રી વીરપ્રભુને શરણેજ ગયો છે એમ

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

જાણ્યું. તેથી 'અરે ! હું માર્યો ગયો !' એમ બોલતો ઇંદ્ર જેના હાર વિગેરે આભૂષણો તુટી જતા હતા, તેમ વજ્રને માર્ગે તેની પાછળ વેગથી દોડચો. ચમરેંદ્રનો નિવાસ તેમજ પ્રભુનું વિહારસ્થાન અધોભૂમિએ હોવાથી આગળ ચમરેંદ્ર, તેની પછવાડે વજ્ર અને તેની પાછળ શક્રઇંદ્ર પૂર્ણ વેગથી ચાલ્યા. ક્ષણવારમાં પ્રતિકાર કરનારની પાછળ હાથીની જેમ શક્રેંદ્ર તેમની નજીક આવી પુગ્યો; જેવામાં વજ્ર **ચમરેંદ્રની** નજીક આવી પુગ્યું, તેવામાં તો તે ચમરેંદ્ર દાવાનળથી પીડિત હાથી જેમ નદી પાસે આવી પહોંચે તેમ પ્રતિમા ધરીને રહેલા પ્રભુની પાસે પહોંચી ગયો. અને 'શરણ ! શરણ !' એમ બોલતો અત્યંત લઘુ શરીર કરીને પ્રભુના બે ચરણની વચ્ચે કુંથુની જેમ ભરાઈ ગયો. તે વખતે વજ્ર પ્રભુના ચરણકમળથી ચાર તસુ છેટું રહ્યું હતું, એટલામાં તો સર્પને વાદી પકડે તેમ ઇંદ્રે વજ્રને મુષ્ટિથી પકડી લીધું. પછી પ્રભુને પ્રદક્ષિણાપૂર્વક વંદના કરીને ઇંદ્ર અંજલિ જોડી ભક્તિથી ભરપૂર એવી વાણીવડે આ પ્રમાણે બોલ્યો-"હે નાથ ! આ ચમરેંદ્ર ઉદ્ધત થઈને મને ઉપદ્રવ કરવા માટે તમારા ચરણકમળના પ્રભાવથી મારા દેવલોક સુધી આવ્યો હતો. તે મારા જાણવામાં આવ્યું નહતું, તેથી અજ્ઞાનવડે મેં આ વજ્ર તેનાપર મૂકયું હતું. ત્યારપછી અવધિજ્ઞાનવડે તેને તમારા ચરણકમળમાં લીન થયેલો મેં જાણ્યો છે, માટે મારા તે અપરાધને ક્ષમા કરજો." આ પ્રમાણે કહીને શક્રેંદ્રે ઈશાનકુણમાં જઈ પોતાનો રોષ ઉતારવાને પોતાનો વામચરણ પૃથ્વીપર ત્રણવાર પછાડચો. પછી ચમરેંદ્રને કહ્યું કે-"હે ચમર ! તું વિશ્વને અભય આપનાર શ્રી વીરપ્રભુને શરણે આવ્યો તે તેં બહુ સારૂં કર્યું. કારણ કે તે સર્વ ગુરૂઓના પણ ગુરૂ છે. હવે મેં વૈર તજી દઈને તને છોડી દીધો છે, માટે તું ખુશીથી પાછો ચમરચંચા નગરીમાં જઈને તારી સમૃદ્ધિના સુખનો ભોક્તા થા." આવી રીતે ચમરને આશ્વાસન આપી ફરીવાર પ્રભુને નમસ્કાર કરીને ઈંદ્ર પોતાને સ્થાનકે ગયા.

JAINSITE.com जैनम् जयति शासनम्

પછી સૂર્યાસ્ત થતાં ગુહામાંથી જેમ ઘુવડ નીકળે તેમ **ચમરેંદ્ર** પ્રભુના બે ચરણના અંતરમાંથી બહાર નીકળ્યો; અને પ્રભુને નમી અંજલિ જોડીને બોલ્યો કે-"સર્વ જીવોના જીવન ઔષધરૂપ હે પ્રભુ ! તમે મને જીવિતના આપનાર છો. તમારા ચરણને શરણે આવતાં અનેક દુઃખના સ્થાનરૂપ આ સંસારથી પણ મુક્ત થવાય છે, તો વજ્રથી મુક્ત થવું તે તો કોણ માત્ર છે ? હે નાથ ! મેં અજ્ઞતાથી પૂર્વ ભવમાં બાળતપ કર્યું હતું, તેથી તેનું આ અજ્ઞાન સહિત અસુરેંદ્રપણારૂપ ફળ મને પ્રાપ્ત થયું છે. મેં અજ્ઞાનથી આ સર્વ પ્રયત્ન મારા આત્માને અનર્થકારીજ કર્યો હતો, પણ છેવટે તમારે શરણે આવ્યો તે સારૂં કર્યું. જો પૂર્વ ભવે મેં તમારૂં શરણ લીધું હોત તો હું અચ્યુતેંદ્રપણું કે અહમિંદ્રપણું પ્રાપ્ત કરત. અથવા હે નાથ ! મારે ઇંદ્રપણાની હવે શી જરૂર છે ? કેમકે હમણા તો ત્રણ જગતના પતિ એવા તમે મને નાથપણે પ્રાપ્ત થયા, તેથી મને બધું પ્રાપ્ત થયું છે." આ પ્રમાણે શ્રદ્ધાપૂર્વક કહી પ્રભુને નમીને ચમરેંદ્ર **ચમરચંચા** નગરીમાં આવ્યો. ત્યાં પોતાના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સિંહાસનપર બેસી, લજ્જાથી નીચું મુખ કરીને તે પોતાને સ્વાગત પૂછવા આવેલા સામાનિક દેવતા પ્રત્યે બોલ્યો કે, "હે દેવો! તમે મધ્યસ્થપણે જેવો શક્રેંદ્રને કહ્યો હતો તેવોજ તે છે, પણ મેં તે વખતે અજ્ઞાનથી તે કાંઈ જાણ્યું નહીં. પ્રથમ સિંહની ગુહામાં શિયાળ જાય તેમ હું તેની સભામાં ગયો. ત્યાં તેના આભિયોગિક દેવોએ કૌતુક જોવાની ઇચ્છાથી મારી ઉપેક્ષા કરીને જવા દીધો. પણ ઇંદ્રે મારી ઉપર વજ્ર છોડયું. તેથી ભય પામીને મહા કષ્ટે હું સુરાસુરોએ નમેલા શ્રીવીરપ્રભુના ચરણને શરણે ગયો. શ્રી વીરપ્રભુને શરણે જવાથી ઈંદ્રે મને જીવતો છોડી દીધો, એટલે હું અહિં આવ્યો છું; હવે તમે સૌ ચાલો, આપણે શ્રી વીરપ્રભુ પાસે જઈને વાંદીએ." આ પ્રમાણે ચમરેંદ્ર પોતાના સર્વ પરિવાર સાથે પ્રભુની પાસે આવ્યો અને પ્રભુને નમી સંગીત કરીને પછી પોતાની નગરી પ્રત્યે ગયો.

પ્રાતઃકાળે પ્રભુ એક રાત્રિની પ્રતિમા પારીને અનુક્રમે વિહાર કરતા **ભોગપુર** નામના નગરે આવ્યા. ત્યાં **માહેંદ્ર** નામે કોઈ ક્ષત્રિય હતો, તે દુર્મતિ પ્રભુને જોઈ એક ખજુરીની યષ્ટિ લઈને પ્રભુને પ્રહાર કરવા દોડયો. તે વખતે સનત્કુમારેંદ્ર કે જે ઘણા વખત થયા પ્રભુના દર્શન કરવાને ઉત્કંઠિત હતા, તે પ્રભુને વાંદવાને ત્યાં આવ્યા, એટલે તે શઠને ઉપદ્રવ કરતો તેમણે જોયો. તેથી તે ક્ષત્રિયનો તિરસ્કાર કરી ઇંદ્રે પ્રભુને વંદના કરી, અને ભક્તિપૂર્વક સુખવિહાર પૂછીને પોતાને સ્થાને ગયો. ભગવંત પણ ત્યાંથી વિહાર કરી નંદીગ્રામે આવ્યા. ત્યાં નંદી નામે ભગવંતના પિતાનો મિત્ર હતો, તેણે ભક્તિથી પ્રભુની પૂજા કરી. ત્યાંથી વિહાર કરી પ્રભુ મેઢક ગામે આવ્યા. ત્યાં એક ગોવાળ વાળની દોરી લઈને પ્રભુને મારવા દોડયો. ત્યાં **કુર્માર** ગામની જેમ ઇંદ્રે આવી તે ગોપને વાર્યો અને પ્રભુને ભક્તિથી વંદના કરી. ત્યાંથી વિહાર કરી પ્રભુ **કૌશાંબી** નગરીએ આવ્યા.

**કૌશાંબીમાં** શત્રુઓના સૈન્યને ભયંકર **શતાનિક** નામે રાજા હતો. તેને **ચેટક** રાજાની પુત્રી **મૃગાવતી** નામે રાણી હતી, તે સદા તીર્થંકરના ચરણની પૂજામાં એકનિષ્ઠાવાળી પરમ શ્રાવિકા હતી. શતાનિક રાજાને સુગુપ્ત નામે મંત્રી હતો, તેને નંદા નામે સ્ત્રી હતી, તે પણ પરમ શ્રાવિકા અને મૃગાવતીની સખી હતી. તે નગરમાં **ધનાવહ** નામે એક શેઠ રહેતો હતો, તે ઘણો ધનાઢ્ય હતો, તેને ગૃહકર્મમાં કુશળ **મૂલા** નામે પત્ની હતી. અહીં વીર પ્રભુ આવ્યા તે વખતે પૌષ માસની કૃષ્ણ પ્રતિપદા હતી. પ્રભુએ તે દિવસે આ પ્રમાણેનો બહુજ અશક્ય અભિગ્રહ ધારણ કર્યો કે, 'કોઈ સતી અને સુંદર રાજકુમારી દાસીપણાને પામેલી હોય, પગમાં લોહમય બેડી નાખેલી હોય, માથું મુંડેલું હોય, ભુખી હોય, રૂદન કરતી એક પગ દેહલિ (ઉંબર) ઉપર અને બીજો બહાર રાખીને બેઠી હોય, અને સર્વ ભિક્ષુકો તેના ઘરે આવીને ગયેલા હોય, તેવી સ્ત્રી સૂપડાને એક ખૂણે રહેલા કુલ્માષ (અડદ) જો મને વહોરાવે, તો ચિરકાળે પણ હું પારણું કરીશ, તે સિવાય કરીશ નહીં.' આવો અભિગ્રહ લઈને પ્રભુ પ્રતિદિન ભિક્ષા સમયે ઉચ્ચ નીચ ગૃહોમાં ગોચરી માટે ફરવા લાગ્યા,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરંતુ પ્રભુને ઉપર પ્રમાણે અભિગ્રહ હોવાને લીધે કોઈ ભિક્ષા આપે તે પ્રભુ લેતા નહીં, તેથી નગરજનો પ્રતિદિન શોચ કરતા અને પોતાની નિંદા કરતા હતા. એ પ્રમાણે અશક્ય અભિગ્રહ હોવાને લીધે ભિક્ષા લીધા વગર બાવીશ પરીષહને સહન કરતા પ્રભુએ ચાર પહોરની જેમ ચાર માસ નિર્ગમન કર્યા. એક વખત પ્રભુ **સુગુપ્ત** મંત્રીને ઘેર ભિક્ષા માટે ગયા, ત્યાં તેની સ્ત્રી નંદાએ પ્રભુને દૂરથી જોયા, એટલે 'આ મહાવીર અર્હંત સારે ભાગ્યે મારે ઘેર આવ્યા.' આ પ્રમાણે બોલતી **નંદા** આનંદ પામતી સામી આવી. અને તે બુદ્ધિમાન્ શ્રાવિકાએ પ્રભુને કલ્પે તેવા ભોજ્ય પદાર્થો પ્રભુ પાસે ધર્યા, પરંતુ પ્રભુ અભિગ્રહને વશ થઈ તેમાંથી કાંઈ પણ લીધા વગર ચાલ્યા ગયા. તત્કાળ નંદાનું હૃદય મંદ થઈ ગયું, અને 'હું અભાગિણી છું, મને ધિક્કાર છે, મારો મનોરથ પૂર્ણ થયો નહીં' એમ શોક કરવા લાગી. આ પ્રમાણે ખેદ કરતી તેને તેની દાસીએ કહ્યું કે, 'હે ભદ્રે! આ દેવાર્ય પ્રતિદિન આવી રીતે ભિક્ષા લીધા વગર જ ચાલ્યા જાય છે, કાંઈ આજ જ આમ બન્યું નથી.' એ વાત સાંભળી નંદાએ વિચાર્યું કે, 'પ્રભુએ કોઈ અપૂર્વ અભિગ્રહ ધારણ કર્યો જણાય છે કે જેથી પ્રાસુક અન્ન પણ લેતા નથી. હવે પ્રભુનો તે અભિગ્રહ કોઈ રીતે પણ જાણી લેવો જોઈએ.' આવી ચિંતા કરતી **નંદા** આનંદ રહિત થઈને બેઠી હતી; તેવામાં **સુગુપ્ત** મંત્રી ઘરે આવ્યા, તેમણે તેને ચિંતા કરતી જોઈ. સુગુપ્તે કહ્યું, 'પ્રિયે! ઉદ્વિગ્ન ચિત્તવાળા કેમ દેખાઓ છો? શું કોઈએ તમારી આજ્ઞા ખંડિત કરી છે? વા મેં કોઈ તમારો અપરાધ કર્યો છે?' નંદા બોલી–'સ્વામી! કોઈએ મારી આજ્ઞા ખંડિત કરી નથી; તેમ તમારો પણ કાંઈ અપરાધ નથી; પણ હું શ્રી વીરપ્રભુને પારણું કરાવી શકી નહીં, તેથી મને ઘણો ખેદ થાય છે. ભગવાન વીરપ્રભુ નિત્ય ભિક્ષાને માટે આપણા નગરમાં આવે છે અને કોઇ અપૂર્વ અભિગ્રહને લીધે ભિક્ષા લીધા વગર ચાલ્યા જાય છે. માટે હે મહામંત્રી! તમે તે પ્રભુનો અભિગ્રહ જાણી લ્યો, જો નહીં જાણો તો બીજાના ચિત્તને ઓળખનારી તમાર બુદ્ધિ વૃથા છે.' સુગુપ્તે કહ્યુ કે, 'હે પ્રિયા! તે પ્રભુનો અભિગ્રહ જેવી રીતે જણાશે તેમ હું પ્રાતઃકાળે પ્રયાસ કરીશ.' તે વખતે **મૃગાવતી** રાણીની **વિજયા** નામની છડીદાર સ્ત્રી ત્યાં આવી હતી. તેણે આ દંપતીની વાર્તા સાંભળી, એટલે તે બધી તેણે પોતાની સ્વામિની મૃગાવતી પાસે જઈને કહી. તે સાંભળી મૃગાવતી રાણીને પણ તત્કાળ ખેદ ઉત્પન્ન થયો. શતાનીક રાજાએ સંભ્રમ પામી તેના ખેદનું કારણ પૂછ્યું. એટલે મૃગાવતી જરા ભ્રકુટી ઊંચી કરી અંતરના ખેદ અને ક્ષોભના ઉદ્ગારથી વ્યાપ્ત એવી વાણીએ બોલી કે–"રાજાઓ તો આ ચરાચર જગતને પોતાના બાતમીદારોથી જાણી શકે છે અને તમે તમારા એક શહેરને પણ જાણી શકતા નથી, તો તેની પાસે શી વાત કરવી? રાજ્યના સુખમાં પ્રમાદી થયેલા હે નાથ! ત્રણ લોકને પૂજિત ચરમ તીર્થંકર શ્રી વીરભગવંત આ શહેરમાં વસે છે, તે તમે જાણો છો? તેઓ કોઈ અભિગ્રહને લીધે ઘેર ઘેર ફરે છે પણ ભિક્ષા લીધા વગર પાછા ચાલ્યા જાય છે, તે તમે જાણો છો? મને, તમને, અને આપણા અમાત્યને ધિક્કાર છે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કે જ્યાં શ્રી **વીરપ્રભુ** અજ્ઞાત અભિગ્રહે આટલા બધા દિવસો સુધી ભિક્ષા વગર રહ્યા છે.” રાજાએ કહ્યું, ‘હે શુભાશયે! હે ધર્મચતુરે! તમને સાબાશ છે. મારા જેવા પ્રમાદીને તમે બહુ સારી શિખામણ યોગ્ય વખતે આપી છે. હવે પ્રભુનો અભિગ્રહ જાણી લઈને હું પ્રાતઃકાળે તેમને પારણું કરાવીશ.’ આ પ્રમાણે કહી રાજાએ તત્કાળ મંત્રીને બોલાવ્યો, અને કહ્યું કે ‘હે ભદ્ર! મારી નગરીમાં શ્રી વીરપ્રભુ ચાર માસ થયા ભિક્ષા વગર રહ્યા છે, તેથી આપણને ધિક્કાર છે! માટે તમારે ગમે તેમ કરી તેમનો અભિગ્રહ જાણી લેવો, કે જેથી હું તે અભિગ્રહ પૂરીને મારી શુદ્ધતાને માટે પારણું કરાવું.’ મંત્રી બોલ્યો–‘હે મહારાજ! તેમનો અભિગ્રહ જાણી શકાય તેમ નથી, હું પણ તેથી જ ખેદ પામું છું, માટે તેનો કોઈ ઉપાય રચવો જોઈએ.’ પછી રાજાએ ધર્મશાસ્ત્રમાં વિચક્ષણ એવા તથ્યકંદી નામના ઉપાધ્યાયને બોલાવીને કહ્યું કે, ‘હે મહામતિ! તમારા શાસ્ત્રમાં સર્વ ધર્મોના આચારો કહેલા છે, તો તેમાંથી શ્રી **જિનેશ્વરના** અભિગ્રહની વાત કહો.’ ઉપાધ્યાય બોલ્યા કે, ‘હે રાજન્! મહર્ષિઓને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ ચાર ભેદથી ઘણા અભિગ્રહો કહેલા છે. આ ભગવંતે જે અભિગ્રહ લીધેલો છે, તે વિશિષ્ટ જ્ઞાન વગર કદિ પણ જાણી શકાશે નહીં.’ પછી રાજાએ નગરીમાં આઘોષણા કરાવી કે, ‘અભિગ્રહને ધારણ કરનારા શ્રી વીરપ્રભુ ભિક્ષા લેવા આવે ત્યારે લોકોએ અનેક પ્રકારની ભિક્ષા આપવી.’ રાજાની આજ્ઞાથી અને શ્રદ્ધાથી સર્વ લોકોએ તેમ કર્યું, તથાપિ અભિગ્રહ પૂર્ણ ન થવાથી પ્રભુએ કોઈ સ્થાનકેથી ભિક્ષા ગ્રહણ કરી નહીં. આ પ્રમાણે ભિક્ષા રહીત રહેતાં છતાં પણ વિશુદ્ધ ધ્યાનમાં લીન થયેલા પ્રભુ અમ્લાન મુખે રહેતા હતા અને લોકો દિવસે દિવસે લજ્જા અને ખેદથી વિશેષ આકુળવ્યાકુળ થઈ તેમને જોયા કરતા હતા.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આ અરસામાં **શતાનિક** રાજાએ સૈન્ય સાથે વંટોળીઆની જેમ વેગથી એક રાત્રિમાં જઈને **ચંપાનગરીને** ઘેરી લીધી. **ચંપાપતિ દધિવાહન** રાજા તેનાથી ભય પામી નાશી ગયો. ‘અતિ બળવાન્ પુરૂષથી રૂંધાયેલા મનુષ્યને પલાયન સિવાય બીજો કોઈ સ્વરક્ષણનો ઉપાય નથી.’ પછી **શતાનિકે** રાજાએ ‘આ નગરીમાંથી જે લેવાય તે લઈ લેવું.’ એવી પોતાના સૈન્યમાં આઘોષણા કરાવી, એટલે તેના સુભટોએ ચંપાનગરીને સ્વેચ્છાએ લુંટવા માંડી. દધિવાહન રાજાની **ધારિણી** નામની રાણીને તેની **વસુમતી** નામની પુત્રી સહિત કોઈ ઊંટવાળો હરી ગયો. શત્રુરૂપ કુમુદમાં સૂર્ય જેવો શતાનીક રાજા કૃતાર્થ થઈ સૈન્યના પરિવાર સાથે **કૌશાંબી** નગરીએ પાછો આવ્યો. **ધારિણી** દેવીના રૂપથી મોહ પામેલા પેલા ઉંટવાળા સુભટે લોકોની આગળ ઉંચે સ્વરે કહેવા માંડ્યું કે, ‘આ જે પ્રૌઢ રૂપવતી સ્ત્રી છે તે મારી સ્ત્રી થશે અને આ કન્યાને **કૌશાંબીના** ચૌટામાં જઈને વેચી દઈશ.’ તે સાંભળી ધારિણી દેવીએ મનમાં વિચાર્યું કે, ‘હું ચંદ્રથી પણ નિર્મળ એવા વંશમાં જન્મેલી



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છું, વળી મહાન્ વંશમાં ઉત્પન્ન થયેલા દધિવાહન રાજાની પત્ની છું અને જૈનધર્મ મને પરિણમેલો છે. તો આવા અક્ષરો સાંભળ્યા છતાં પણ હું પાપનું ભાજન થઈને હજુ જીવું છું, તેથી મને ધિક્કાર છે! અરે સ્વભાવે ચપળ એવા જીવ! હજુ આ દેહમાં બેસી કેમ રહ્યો છું? જો તું તારી મેળે નહીં નીકળે તો માળામાંથી પક્ષીને કાઢે તેમ હું તને બળાત્કારે કાઢીશ.' આ પ્રમાણેના તિરસ્કારથી જાણે ઉદ્વેગ પામ્યા હોય તેમ ખેદથી ફુટી ગયેલા તેના હૃદયમાંથી તેના પ્રાણ ક્ષણવારમાં નીકળી ગયા. તેને મૃત્યુ પામેલી જોઈ ઉંટવાળા સુભટે ખેદ કર્યો કે, "આવી સતી સ્ત્રીને માટે મેં કહ્યું કે, 'આ મારી પત્ની થશે' તે મેં ખરાબ કર્યું, મને ધિક્કાર છે! આંગળીથી બતાવતાં કુષ્માંડફળ (કોળાં)ની જેમ મારી દુષ્ટ વાણીથી આ સતી જેમ મૃત્યુ પામી તેમ કદી આ કન્યા પણ મૃત્યુ પામશે; માટે હવે તેને ખેદ ઉપજાવવો નહીં." આવો વિચાર કરીને તે રાજકન્યાને મીઠે વચને બોલાવતો તે કૌશાંબી નગરીમાં લાવ્યો. અને તેને રાજમાર્ગમાં વેચવાને ઉભી કરી. દૈવયોગે ત્યાં ધનાવહ શેઠ આવી ચડયો. તે વસુમતીને જોઈને વિચારમાં પડયો કે 'આની આકૃતિ જોતાં આ કોઈ સામાન્ય મનુષ્યની પુત્રી જણાતી નથી, પણ યૂથમાંથી ભ્રષ્ટ થયેલી મૃગલી જેમ પારધિના હાથમાં આવે તેમ માતાપિતાથી વિખુટી પડેલી આ કન્યા આ નિર્દય માણસના હાથમાં આવી જણાય છે, તેણે અહિં મૂલ્ય લઈને વેચવા મૂકી છે. તેથી આ બીચારી જરૂર કોઈ હીન માણસના હાથમાં સપડાઈ જશે; માટે આ માણસને ઘણું દ્રવ્ય આપીને હુંજ આ કૃપાપાત્ર કન્યાને ખરીદું; પોતાની પુત્રીની જેમ હું તેની ઉપેક્ષા કરવાને અશક્ત છું. કોઈ પણ પ્રકારની અડચણ વિના મારે ઘેર રહેતાં દૈવયોગે આ બાળાને તેના સ્વજનવર્ગનો સંયોગ પણ થઈ જશે.' આ પ્રમાણે વિચારી તે સુભટની ઇચ્છા પ્રમાણે તેને મૂલ્ય આપી **ધનાવહ શેઠ** અનુકંપાથી તે બાળાને પોતાને ઘેર લઈ ગયો. તેણે સ્વચ્છ બુદ્ધિએ પૂછયું કે 'હે વત્સે! તું કોની કન્યા છું, અને તારો સ્વજનવર્ગ કોણ છે તે કહે, ભય પામીશ નહીં, તું મારી પુત્રીજ છું.' તે પોતાના કુળની અતિ મહત્તા હોવાથી કાંઈ કહી શકી નહીં, તેથી કાંઈ પણ ન બોલતાં સાયંકાળે કમલિની રહે તેમ અધોમુખ કરીને ઊભી રહી. પછી શેઠે પોતાની **મૂલા** શેઠાણીને કહ્યું કે, 'પ્રિયા! આ કન્યા આપણી દુહિતા છે, તેનું અતિ યત્નથી પુષ્પની જેમ લાલનપાલન કરવું.' આવાં શ્રેષ્ટિનાં વચનથી તે બાળા ત્યાં પોતાના ઘરની જેમ રહી અને બાળચંદ્રની લેખાની જેમ સર્વના નેત્રને આનંદ આપવા લાગી. તેણીના ચંદન જેવા શીતળ વિનય વચન અને શીલથી રંજિત થયેલા શ્રેષ્ટિએ પરિવાર સાથે મળીને તેનું ચંદના એવું નામ આપ્યું.

અનુક્રમે કરભ જેવા ઉરૂવાળી તે બાળા યૌવનવયને પ્રાપ્ત થઈ. તે સમયે સમુદ્રને જેમ પૂર્ણિમાની રાત્રિ હર્ષ આપે તેમ તે શ્રેષ્ટિને હર્ષ આપવા લાગી. સ્વભાવથીજ રૂપવતી છતાં યૌવન પામવાથી વિશેષ રૂપવતી થયેલી ચંદનાને જોઈને **મૂલા** શેઠાણી મનમાં ઈર્ષા લાવી આ પ્રમાણે વિચારવા લાગી કે, 'શ્રેષ્ટિએ આ કન્યાને પુત્રીવત્ રાખી છે, પણ હવે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેના રૂપથી મોહિત થઈને કદિ શેઠ તેની સાથે પરણે તો હું જીવતી મુવા જેવી થઉં.' આ પ્રમાણે સ્રીપણાને છાજતા તુચ્છ હૃદયને લીધે તે મૂલા ત્યારથી રાત્રિ દિવસ ઉદાસ રહેવા લાગી. એક વખતે શેઠ ગ્રીષ્મ ઋતુના તાપથી પીડિત થઈને દુકાનેથી ઘેર આવ્યા, તે વખતે દૈવયોગે કોઈ સેવક તેના પગને ધોનારો હાજર ન હતો, તેથી અતિ વિનીત ચંદના ઉભી થઈ અને શેઠે વારી તો પણ તે પિતૃભક્તિથી શેઠના પગ ધોવા પ્રવર્ત્તી. તે વખતે તેણીનો સ્નિગ્ધ શ્યામ અને કોમળ કેશપાશ અંગની શિથિલતાથી છુટી જઈને જલપંકિલ ભૂમિમાં પડયો; એટલે 'આ પુત્રીનો કેશપાશ ભૂમિના કાદવથી મલિન ન થાઓ' એવું ધારી શેઠે સહજ સ્વભાવે યષ્ટિથી તેને ઉંચો કર્યો અને પછી આદરથી બાંધી લીધો. ગોખ ઉપર રહેલી મૂલાએ તે જોયું, એટલે તેને વિચાર આવ્યો કે "મેં પ્રથમ જે તર્ક કર્યો હતો, તે બરાબર મળતો આવે છે, આ યુવાન સ્રીનો કેશપાશ શેઠે પોતાની મેળે બાંધ્યો, તે તેના પત્નીપણાનું પ્રથમ ચિન્હ સૂચવે છે, કારણ કે પિતાનું કામ એવી રીતે કરવાનું હોતું નથી; માટે હવે એ બાળાનો વ્યાધિની જેમ મૂળમાંથી જ ઉચ્છેદ કરવો." આવો નિશ્ચય કરી એ દુરાશા ડાકણની જેમ તેવા વખતની રાહ જોવા લાગી. શેઠ ક્ષણવાર વિશ્રામ કરીને ફરીથી બહાર ગયા એટલે મૂલાએ એક નાપિતને બોલાવી ચંદનાનું મસ્તક મુંડાવી નાંખ્યું, પછી તેના પગમાં બેડી નાંખી ક્રોધરૂપ રાક્ષસને વશ થયેલી મૂલાએ લતાને હાથિણીની જેમ ચંદનાને ઘણું તાડન કર્યું. પછી ઘરના એક દૂરના વિભાગ (ઓરડા) માં ચંદનાને પૂરી કમાડ બંધ કરીને મૂલાએ પોતાના પરિવારને[1] કહ્યું કે, 'શ્રેષ્ટિ આ વિષે કાંઈ પૂછે તો કોઈએ કાંઈ પણ કહેવું નહીં, તે છતાં જે કહેશે તે મારા કોપરૂપ અગ્નિમાં આહુતિરૂપ થશે.' આવી રીતે નિયંત્રણા કરી મૂલા પોતાને પિયર જતી રહી. સાયંકાળે શેઠે આવીને પૂછયું કે, 'ચંદના કયાં છે?' એટલે મૂલાના ભયથી કોઈએ ઉત્તર આપ્યો નહીં. શેઠે વિચાર્યું કે, 'મારી વત્સા ચંદના કાંઈ રમતી હશે અથવા ઘરની ઉપર હશે' એવી રીતે પાછું રાત્રે પૂછયું, પણ કોઈએ કાંઈ કહ્યું નહીં, એટલે સરલ બુદ્ધિવાળા શેઠે ધાર્યું કે, 'ચંદના સુઈ ગઈ હશે.' એવી રીતે બીજે દિવસે પણ જોઈ નહીં, તેમ જ ત્રીજે દિવસે પણ જોઈ નહીં, એટલે શંકા અને કોપથી આકુળવ્યાકુળ થયેલા શેઠે પરિજનને પૂછયું, 'અરે સેવકો! કહો, મારી પુત્રી ચંદના કયાં છે? જો તમે જાણતાં છતાં નહીં કહો, તો હું તમારો સર્વનો નિગ્રહ કરીશ.' આ સાંભળી કોઈ વૃદ્ધ દાસીએ ચિંતવ્યું કે, 'હું ઘણા વર્ષ સુધી જીવી છું, હવે મારૂં મૃત્યુ પણ નજીક છે, માટે કદિ જો હું ચંદનાનું વૃત્તાંત કહીશ તો મૂલા મને શું કરી શકશે.' આવો વિચાર કરીને તેણે મૂલા અને ચંદનાની બધી વાર્તા શેઠને કહી સંભળાવી. પછી તે વૃદ્ધાએ જઈને જ્યાં ચંદનાને પૂરી હતી, તે ઘર શેઠને બતાવ્યું, એટલે ધનાવહ શેઠે પોતાની મેળે તેનું દ્વાર ઉઘાડયું. ત્યાં ચોરે ખેંચેલી લતાની

---

૧ સેવક વિગેરેને.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

જેવી ક્ષુધા તૃષાથી પીડિત; નવી પકડેલી હાથિણીની જેમ બેડીથી બાંધી લીધેલી, ભિક્ષુકીની જેમ માથે મુંડિત કરેલી અને જેના નેત્રકમળ અશ્રુથી પૂરિત છે એવી ચંદનાને ધનાવહ શેઠે અવલોકી. શેઠે તેને કહ્યું કે, 'વત્સે! તું સ્વસ્થ થા.' એમ કહી નેત્રમાંથી અશ્રુ પાડતા શેઠ તેને ભોજન કરાવવાને માટે રસવતી લેવા સારૂ ઉતાવળા રસોડામાં ગયા, પણ દૈવયોગે ત્યાં કાંઈ પણ અવશેષ ભોજન જોવામાં આવ્યું નહીં, તેથી સુપડાના ખૂણામાં પડેલાં કુલ્માષ તેણે ચંદનાને આપ્યા; અને કહ્યું 'હે વત્સે! હું તારી બેડી તોડવાને માટે લુહારને બોલાવી લાવું છું, ત્યાં સુધી તું આ કુલ્માષનું ભોજન કર.' આ પ્રમાણે કહી શેઠ બહાર ગયા, એટલે ચંદના ઊભી ઊભી વિચાર કરવા લાગી કે, 'અહો! મારો રાજકુળમાં જન્મ ક્યાં અને આ વખતે આવી સ્થિતિ ક્યાં? આ નાટક જેવા સંસારમાં ક્ષણમાં વસ્તુમાત્ર અન્યથા થઈ જાય છે, એ બધું મેં જાતે અનુભવ્યું છે. અહો! હવે હું શું તેનો પ્રતિકાર કરૂં? આજે અઠ્ઠમને પારણે આ કુલ્માષ મળ્યા છે, પણ જો કોઈ અતિથિ આવે તો તેને આપીને પછી હું જમું, અન્યથા જમીશ નહીં.' આવો વિચાર કરીને તેણે દ્વાર ઉપર દૃષ્ટિ નાખી, તેવામાં તો શ્રી વીરપ્રભુ ભિક્ષાને માટે ફરતા ફરતા ત્યાં આવી ચડ્યા. તેમને જોઈને 'અહો કેવું શુભ પાત્ર! અહો કેવું ઉત્તમ પાત્ર! અહો મારા પુણ્યનો સંચય કેવો! કે જેથી આ કોઈ મહાત્મા ભિક્ષાને માટે અહિં અચાનક પ્રાપ્ત થયા.' આ પ્રમાણે ચિંતવીને તે બાળા કુલ્માષવાળું સુપડું હાથમાં લઈ એક પગ ઉંબરાની અંદર અને એક પગ બહાર રાખી ઊભી રહી. બેડીને લીધે ઉંબરો ઉલ્લંઘવાને અશક્ત એવી તે બાળા ત્યાં રહી છતી આર્દ્ર હૃદયવાળી ભક્તિથી ભગવંત પ્રત્યે બોલી–'હે પ્રભુ! જો કે આ ભોજન આપને માટે અનુચિત છે, તથાપિ આપ પરોપકારમાં તત્પર છો, તેથી તે ગ્રહણ કરીને મારાપર અનુગ્રહ કરો.' દ્રવ્યાદિ ચારે પ્રકારથી શુદ્ધ રીતે અભિગ્રહ પૂર્ણ થયેલો જાણી, પ્રભુએ તે કુલ્માષની ભિક્ષા લેવાને માટે પોતાનો કર પ્રસાર્યો.[1] તે વખતે 'અહો! મને ધન્ય છે' એમ ધ્યાન ધરતી ચંદનાએ સુપડાના એક ખુણાવડે તે કુલ્માષ પ્રભુના હાથમાં નાખ્યા. પ્રભુનો અભિગ્રહ પૂર્ણ થવાથી દેવતાઓ પ્રસન્ન થઈને ત્યાં આવ્યા, અને તેઓએ વસુધારા વિગેરે પાંચ દિવ્ય પ્રગટ કર્યા. તત્કાળ ચંદનાની બેડીઓ તુટી ગઈ, તેને ઠેકાણે સુવર્ણના નૂપુર થઈ ગયા, અને કેશપાશ પૂર્વની જેમ સુશોભિત થઈ ગયો. શ્રી વીરપ્રભુના ભક્ત દેવતાઓએ તત્કાળ ચંદનાને સર્વ અંગમાં વસ્ત્રાલંકારથી શોભિત કરી દીધી. પછી દેવતાઓ પૃથ્વી અને અંતરીક્ષના ઉદરને પૂરે તેવો ઉત્કૃષ્ટ નાદ કરી સૂત્રધારની જેમ હર્ષ પામતા ગીત નૃત્યાદિક કરવા લાગ્યા. દુંદુભિનો ધ્વનિ સાંભળી **મૃગાવતી** અને **શતાનિક** રાજા તથા **સુગુપ્ત મંત્રી** અને **નંદા** મોટા પરિવાર સાથે ત્યાં આવ્યા. દેવપતિ શક્રઇંદ્ર પણ પૂર્ણ અભિગ્રહવાળા પ્રભુને વાંદવા

---

૧ આ વખતે ચંદનાના નેત્રમાં આંસુ નહોતા, તેથી પ્રભુ અભિગ્રહની અપૂર્ણતા જાણી પાછા વળ્યા; એટલે ચંદનાને પારાવાર ખેદ થતાં તેની આંખમાં આંસુ આવ્યા. પ્રભુ અભિગ્રહ પૂર્ણ થયેલ જાણી પાછા વળ્યા ને દાન લીધું. આમ અન્યત્ર કથન છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માટે મનમાં હર્ષ પામતા પામતા વેગથી ત્યાં આવ્યા. **દધિવાહન** રાજાનો સંપુલ નામે એક કંચુકી હતો, તેને જ્યારે **ચંપા**નગરીને લુંટી ત્યારે ત્યાંથી શતાનિક રાજા પકડી લાવ્યા હતા, તેને આ વખતે જ છોડી મૂકતાં તે પણ ત્યાં આવ્યો; એટલે પોતાના રાજાની પુત્રી **વસુમતીને** જોઈને તેના પગમાં પડચો અને છુટે કંઠે રૂદન કરવા લાગ્યો, તેથી તે બાળાને પણ રૂદન આવ્યું. શતાનિક રાજાએ તેને પૂછ્યું કે, 'તું કેમ રૂએ છે?' ત્યારે તે કંચુકી અશ્રુધાર સહિત બોલ્યો કે, 'મહારાજ! દધિવાહન રાજાની **ધારિણી** રાણીની આ પુત્રી છે. અહો! તેવા ઉત્કૃષ્ટ વૈભવથી ભ્રષ્ટ થઈને માતાપિતા વગરની આ બાળા બીજાને ઘેર દાસીવત્ રહે છે, તે જોઈને મને રૂદન આવે છે.' રાજાએ કહ્યું કે, 'હે ભદ્ર! આ કુમારી શોક કરવા યોગ્ય નથી, કારણ કે તેણે ત્રણ જગતનું રક્ષણ કરવામાં શૂરવીર એવા **વીર**પ્રભુને અભિગ્રહ પૂર્ણ કરીને પ્રતિલાભિત કર્યા છે.' તે વખતે **મૃગાવતી** બોલી કે, 'અરે! ધારિણી તો મારે બહેન થાય છે, તેની આ દુહિતા છે, તો તે મારી પણ દુહિતા છે. પછી **છ માસમાં પાંચ દિવસ** ઓછા રહેતાં તપનું પારણું કરીને તે ધનાવહ શેઠના ઘરમાંથી બહાર નીકળ્યા.

પ્રભુના ગયા પછી લોભની પ્રબળતાથી શતાનિક રાજાએ તે વસુધારાનું ધન લેવાની ઇચ્છા કરી; એટલે **સૌધર્મ**પતિએ શતાનિક રાજાને કહ્યું કે, હે રાજન્! તમે આ રત્નવૃષ્ટિ લેવાની ઇચ્છા કરો છો, પણ આ દ્રવ્ય ઉપર તમારો સ્વામીભાવ નથી, તેથી આ કન્યા જેને આપે, તે આ દ્રવ્ય લઈ શકે.' રાજાએ ચંદનાને પૂછ્યું કે–'ચંદના! આ દ્રવ્ય કોણ લે?' ચંદના બોલી કે, 'આ ધનાવહ શેઠ ગ્રહણ કરે, કારણ કે તે મારૂં પાલન કરવાથી મારા પિતા છે.' પછી ધનાવહ શેઠે તે વસુધારાનું દ્રવ્ય ગ્રહણ કર્યું. પછી ઈંદ્રે ફરીવાર શતાનિક રાજાને કહ્યું કે, 'આ બાળા ચરમદેહી છે અને ભોગતૃષ્ણાથી વિમુખ છે, તેથી જ્યારે વીરપ્રભુને કેવળજ્ઞાન થશે ત્યારે તે તેમની પ્રથમ શિષ્યા થશે; માટે જ્યાં સુધી પ્રભુને કેવળજ્ઞાન ઉપજે, ત્યાં સુધી તમારે તેનું રક્ષણ કરવું.' આ પ્રમાણે કહી પ્રભુને નમીને ઈંદ્ર દેવલોકમાં ગયા. રાજા શતાનિકે ચંદનાને પોતાને ત્યાં લઈ જઈ કન્યાઓના અંતઃપુરમાં રાખી. ચંદના પણ પ્રભુને કેવળજ્ઞાનની ઉત્પત્તિ થવાનું ધ્યાન કરતી છતી ત્યાં રહી. પેલી મૂલા શેઠાણી જે અનર્થનું મૂળ હતી, તેને ધનાવહ શેઠે કાઢી મૂકી, તે દુર્ધ્યાન કરતી મૃત્યુ પામીને નરકે ગઈ.

પ્રભુ ત્યાંથી વિહાર કરી પ્રાતઃકાળે **સુમંગળ** ગામે આવ્યા. ત્યાં **સનત્કુમાર ઈંદ્રે** આવી પ્રભુને વંદના કરી. ત્યાંથી પ્રભુ **સત્ક્ષેત્ર** નામના ગામે આવ્યા, ત્યાં **માહેંદ્ર** કલ્પના ઈંદ્રે આવી ભક્તિથી પ્રણામ કર્યો. ત્યાંથી પ્રભુ **પાલક** ગામે ગયા. ત્યાં **ભાયલ** નામે કોઈ વણિક યાત્રા કરવા જતો હતો, તેણે પ્રભુને આવતા જોયા. એટલે 'આ ભિક્ષુકના અપશુકન

www.jainsite.com		For Private & Personal Use Only		info@jainsite.com

થયા માટે તેના મસ્તક પર ખડ્ગનો પ્રહાર કરૂં.' આમ વિચારી ખડ્ગ ઉઘાડીને તે પ્રભુને મારવા દોડચો. તે વખતે **સિદ્ધાર્થ** વ્યંતરે આવી તે ખડ્ગવડે તેનુંજ મસ્તક છેદાવી નાખ્યું.

પ્રભુ ત્યાંથી વિહાર કરતા **ચંપાનગરીએ** આવ્યા. ત્યાં **સ્વાદિદત્ત** નામના કોઈ બ્રાહ્મણની અગ્નિહોત્રની શાળામાં પ્રભુ ચારે માસના ઉપવાસ કરીને બારમું ચોમાસું રહ્યા. ત્યાં **પૂર્ણભદ્ર અને માણિભદ્ર** નામે બે મહર્દ્ધિક યક્ષો દરરોજ રાત્રે આવીને પ્રભુની પૂજા કરતા હતા. તે જોઈ સ્વાદિદત્તે વિચાર્યું કે, 'આ દેવાર્ય શું કાંઈ જાણતા હશે કે જેથી પ્રત્યેક રાત્રિએ તેમની પાસે આવીને દેવતાઓ પૂજે છે.' આ પ્રમાણે ચિંતવી જિજ્ઞાસુ થઈને સ્વાદિદત્ત પ્રભુ પાસે આવ્યો અને પૂછયું કે, 'દેવાર્ય! શિર વિગેરે અંગથી પૂર્ણ એવા આ દેહમાં જીવ કયો કહેવાય!' પ્રભુ બોલ્યા કે, 'દેહમાં રહ્યો છતો જે अहं (હું) એમ માને છે તે જીવ છે.' સ્વાદિદત્તે કહ્યું, 'તે શી રીતે સમજવો?' ભગવંત બોલ્યા– 'હે દ્વિજ! મસ્તક હાથ વિગેરે જે અવયવો છે, તેનાથી તે જુદો છે અને સૂક્ષ્મ છે.' સ્વાદિદત્તે પૂછયું કે, 'તે સૂક્ષ્મ છે પણ કયાં છે? તે બરાબર સ્પષ્ટ કહી બતાવો.' પ્રભુ બોલ્યા કે, 'તે ઇંદ્રિઓથી ગ્રહણ થતો નથી.' આવા પ્રશ્નોત્તરથી તે બ્રાહ્મણે પ્રભુને તત્ત્વવેત્તા જાણી ભક્તિથી પ્રભુની પૂજા કરી અને પ્રભુએ પણ તેને ભવ્ય જાણીને પ્રતિબોધ કર્યો. તે ચોમાસું વીત્યા પછી પ્રભુ **જૃંભક** ગામે આવ્યા. ત્યાં ઇંદ્ર નાટ્યવિધિ બતાવીને બોલ્યા કે, 'હે જગદ્ગુરૂ! હવે થોડા દિવસ પછી આપને ઉજ્વળ કેવળજ્ઞાન ઉત્પન્ન થશે.' આ પ્રમાણે કહી પ્રભુને નમીને ઇંદ્ર સ્વર્ગે ગયા અને પ્રભુ ત્યાંથી વિહાર કરીને **મેંઢક** ગામે આવ્યા. ત્યાં ચમરેંદ્રે આવી પ્રભુને વંદના કરી, અને સુખવિહાર પૂછીને પોતાને સ્થાનકે ગયો.

ત્યાંથી વિહાર કરીને પ્રભુ **ષણ્માનિ** ગામે ગયા, ત્યાં કાયોત્સર્ગ કરી ધ્યાનપરાયણ થઈને ગામની બહાર રહ્યા. આ સમયે વાસુદેવના ભવમાં શય્યાપાળકના કાનમાં તપાવેલું સીસું રેડીને ઉપાર્જન કરેલું અશાતા વેદનીય કર્મ પ્રભુને ઉદય આવ્યું. તે શય્યાપાળકનો જીવ અહિં **ગોવાળ** થયો હતો. તે પ્રભુની પાસે બળદોને મૂકીને ગાયો દોવા માટે ગયો. તે બળદો સ્વેચ્છાએ ચરતા ચરતા કોઈ અટવીમાં દૂર ચાલ્યા ગયા. ક્ષણવારે ગોવાળ પાછો આવ્યો. ત્યાં બળદોને જોયા નહીં, એટલે તેણે પ્રભુને કહ્યું કે, 'અરે અધમ દેવાર્ય! મારા બળદો કયાં ગયા? તું કેમ બોલતો નથી? શું મારાં વચન સાંભળતો નથી? આ તારા કાનના છિદ્ર શું ફોગટનાજ છે?' આ પ્રમાણે કહ્યા છતાં પણ જ્યારે પ્રભુ બોલ્યા નહીં, ત્યારે તેણે અતિ ક્રોધ ધરી પ્રભુના બંને કર્ણરંધ્રમાં કાશડાની શળીઓ નાંખી. પછી તે શળીઓને તાડન કરવાથી તે શળીઓ પરસ્પર એવી રીતે મળી ગઈ કે, જાણે તે અખંડ એકજ શળી હોય તેમ દેખાવા લાગી. પછી આ બે ખીલાને કોઈ કાઢી શકે નહીં, એવું ધારીને તે દુષ્ટ ગોવાળ તેનો બહાર દેખાતો ભાગ છેદીને ચાલ્યો ગયો. માયા અને મિથ્યાત્વરૂપ શલ્ય જેના નાશ પામ્યા છે એવા પ્રભુ કાનમાં નાખેલા શલ્યવડે શુભ ધ્યાનથી જરા પણ કંપિત થયા નહીં. ત્યાંથી પ્રભુ મધ્યમ **અપાપાનગરીએ** પધાર્યા. ત્યાં પારણાને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પારણાને માટે પ્રભુ **સિદ્ધાર્થ** વણિકને ઘેર ગયા. તેણે પ્રભુને ભક્તિથી પ્રતિલાભિત કર્યા. ત્યાં તે સિદ્ધાર્થનો એક **ખરક** નામે પ્રિયમિત્ર વૈદ્ય પ્રથમ આવેલો બેઠો હતો, તે સૂક્ષ્મ બુદ્ધિવાન્ હોવાથી પ્રભુને જોઈ વિચાર કરીને બોલ્યો કે, 'અહો ! આ ભગવંતની મૂર્ત્તિ સર્વ લક્ષણે સંપૂર્ણ છે, પણ જરા મ્લાનિભૂત જણાય છે તેથી શલ્યવતી હોય તેમ લાગે છે.' સિદ્ધાર્થે સંભ્રમથી કહ્યું, 'જો એમ હોય તો સારી રીતે તપાસ કરીને કહે કે ભગવંતના શરીરમાં કયે ઠેકાણે શલ્ય છે ?' પછી તે વૈદ્યે પ્રભુના બધા શરીરની નિપુણતાથી તપાસ કરી, તો બંને કાનમાં ખીલા નાખેલા જોયા, એટલે તે સિદ્ધાર્થને પણ બતાવ્યા. સિદ્ધાર્થ બોલ્યો કે, 'અરે ! કોઈ અપવાદથી કે નરકથી પણ ભય નહીં પામનારા પાપીએ આ દારૂણ કર્મ કરેલું જણાય છે. પરંતુ હે મહામતિ મિત્ર ! તે પાપીની વાતો કરવાની કાંઈ જરૂર નથી; હવે તો પ્રભુના શરીરમાંથી શલ્યનો ઉદ્ધાર કરવાનો પ્રયત્ન કર. આ શલ્ય તો પ્રભુના કાનમાં છે, પણ પીડા મને ઘણી થાય છે, તેથી આ વિષે હું જરા પણ વિલંબ સહન કરી શકતો નથી, મારૂં સર્વસ્વ ભલે નાશ પામે પણ જો આ જગત્પતિના કાનમાંથી કોઈ પણ રીતે શલ્યનો ઉદ્ધાર થાય તો આપણ બંનેનો આ ભવસાગરમાંથી ઉદ્ધાર થયો એમ હું માનું છું.' વૈદ્ય બોલ્યો—'આ પ્રભુ જો કે વિશ્વનું રક્ષણ અને ક્ષય કરવામાં સમર્થ છે, પણ કર્મનો ક્ષય કરવાને માટે તેમણે તે અપકારી પુરૂષની ઉપેક્ષા કરી છે, તેવા આ પ્રભુ કે જે પોતાના શરીરની પણ અપેક્ષા રહિત છે, તેની મારાથી શી રીતે ચિકીત્સા થાય ? કેમકે તેઓ કર્મની નિર્જરાને માટે આવી વેદનાને પણ સારી માને છે.' સિદ્ધાર્થ બોલ્યો—'હે મિત્ર ! આવી વચનની યુક્તિ આ વખત શા માટે કરે છે ? આ વાત કરવાનો સમય નથી, માટે સત્વર આ ભગવંતની ચિકીત્સા કર.' તેઓ બંને આ પ્રમાણે વાત કરે છે તેવામાં તો શરીરમાં પણ નિરપેક્ષ પ્રભુ ત્યાંથી ચાલ્યા ગયા. બહાર ઉદ્યાનમાં આવીને શુભ ધ્યાનમાં પરાયણ થયા. પછી સિદ્ધાર્થ અને ખરક વૈદ્ય ઔષધ વિગેરે લઈને ત્વરાથી ઉદ્યાનમાં આવ્યા. **પછી પ્રભુને એક તેલની કુંડીમાં બેસાર્યા,** તેમના શરીરને તેલનું અભ્યંગન કર્યું, અને બળવાન્ ચંપી કરનારા માણસોની પાસે મર્દન કરાવ્યું. તે બળીષ્ટ પુરૂષોએ પ્રભુના શરીરના તમામ સાંધા શિથિલ કરી નાંખ્યા. પછી તેમણે બે સાણસી લઈ પ્રભુના બંને કાનમાંથી બંને ખીલા એક સાથે ખેંચ્યા; એટલે રૂધિર સહિત તે બંને ખીલા જાણે પ્રત્યક્ષ અવશેષ વેદનીય કર્મ નીકળી જતું હોય તેમ નીકળી પડ્યા. તે ખીલા ખેંચતી વખતે પ્રભુને એવી વેદના થઈ કે તે વખતે વજ્રથી હણાયેલા પર્વતની જેમ પ્રભુએ મોટી ભયંકર ચીસ પાડી. પ્રભુના માહાત્મ્યવડેજ તે ચીસના નાદથી પૃથ્વી ફુટી ગઈ નહીં. "અર્હંત પ્રભુઓ વિપત્તિમાં પણ બીજાને ઉપદ્રવકારી થતા નથી." પછી સંરોહિણી ઔષધિથી પ્રભુના કાનને તત્કાળ રૂઝવી, ખમાવી તેમજ નમીને **સિદ્ધાર્થ** અને **ખરક** વૈદ્ય પોતાને ઘેર ગયા. તે શુભાશય પુરૂષો પ્રભુને વેદના કરતાં છતાં પણ દેવસંબંધી લક્ષ્મીને ભોગવનારા થયા. પેલો દુરાશય **ગોવાળ** પ્રભુને વેદના કરી મરણ પામીને સાતમી નરકના દુઃખનો પાત્ર થયો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રભુના ભૈરવ [ ભયંકર ] નાદથી તે ઉદ્યાન મહાભૈરવ નામથી પ્રખ્યાત થયું, અને ત્યાં લોકોએ એક દેવાલય કરાવ્યું.

આ પ્રમાણે શ્રી **વીર**પ્રભુને જે જે ઉપસર્ગો થયા, તેમાં જઘન્ય ઉપસર્ગોમાં **કટપૂતનાએ** જે શીતનો ઉપદ્રવ કર્યો તે, ઉત્કૃષ્ટ, મધ્યમ ઉપસર્ગોમાં સંગમે જે કાળચક્ર મૂક્યું તે, ઉત્કૃષ્ટ અને ઉત્કૃષ્ટ ઉપસર્ગોમાં કાનમાંથી ખીલાનો ઉદ્ધાર કર્યો તે ઉત્કૃષ્ટ. એવી રીતે પ્રભુને ઉપસર્ગોનો પ્રારંભ પણ ગોવાળથી થયો અને પૂર્ણતા પણ ગોવાળથી થઈ; અર્થાત્ આ ખીલાનો ઉપસર્ગ છેલ્લો થયો.

પ્રભુને તપસ્યામાં એક છમાસિક, નવ ચતુર્માસક્ષપણ, છ દ્વિમાસિક, બાર માસિક, બોંતેર અર્દ્ધમાસિક, એક ષણ્માસિક, બે ત્રિમાસિક, બે દોઢમાસિક, બે અઢીમાસિક, ત્રણ ભદ્રાદિક[1] પ્રતિમાઓ, **કૌશાંબી**નગરીમાં છ માસમાં પાંચ દિવસ ઓછા સુધી અભિગ્રહ ધારણ (ઉપવાસ), બાર અષ્ટમભક્ત, છેલ્લી રાત્રે કાયોત્સર્ગ યુક્ત એક રાત્રિની બાર પ્રતિમાઓ, અને બસો ઓગણત્રીશ છઠ્ઠ—એટલી થઈ અને ત્રણસો ને ઓગણપચાસ પારણા થયા. આ પ્રમાણે વ્રત લીધું તે દિવસથી માંડીને સાડાબાર વર્ષ અને એક પખવાડીઆમાં તપસ્યાઓ થઈ. તેમણે નિત્યભક્ત કે ચતુર્થભક્ત ( એક ઉપવાસ ) કરેલ જ નથી. એવી રીતે જળરહિત સર્વ તપસ્યા કરતા, ઉપસર્ગોને જીતતા અને છદ્મસ્થપણે વિચરતા શ્રી **વીર**પ્રભુ **ઋજુવાલિકા** નામની મોટી નદીવાળા **જૃંભક** નામના ગામ પાસે આવ્યા.

इत्याचार्य श्री हेमचंद्र विरचिते त्रिषष्टि शलाका पुरुष चरिते महाकाव्ये
दशमपर्वणि श्री महावीर द्वितीय सार्द्धषड्वार्षिक छद्मस्थ-
विहार वर्णनो नाम चतुर्थ: सर्ग: ॥

૧ ભદ્ર, મહાભદ્ર, સર્વતોભદ્ર.—બે, ચાર ને દશ દિવસની.

જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# સર્ગ ૫ મો

## શ્રી મહાવીર સ્વામીને કેવલજ્ઞાન અને ચતુર્વિધ સંઘની સ્થાપના.

જૃંભક ગામની બહાર **ઋજુવાલિકા** નદીના ઉત્તર તટ ઉપર **શામાક** નામના કોઈ ગૃહસ્થનું ક્ષેત્ર હતું. ત્યાં કોઈ ગુપ્ત–અસ્પષ્ટ રહેલા ચૈત્યની નજીક શાલતરૂની નીચે પ્રભુ છઠ્ઠ તપ કરીને ઉત્કટિક આસને રહી આતાપના કરવા લાગ્યા. ત્યાં વિજય મુહૂર્તે શુકલ-ધ્યાનમાં વર્તતા અને ક્ષપકશ્રેણીપર આરૂઢ થયેલા પ્રભુના ચાર ઘાતિ કર્મ જીર્ણ દોરીની જેમ તત્કાળ તુટી ગયા. તેથી વૈશાખ માસની શુકલ દશમીએ ચંદ્ર હસ્તોત્તરા નક્ષત્રમાં આવ્યે છતે દિવસને ચોથે પહોરે પ્રભુને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. ઇંદ્રો આસનકંપથી પ્રભુના કેવલજ્ઞાનને જાણીને દેવતાઓની સાથે હર્ષ પામતા ત્યાં આવ્યા. તે અવસરે કોઈ દેવતા કુદવા લાગ્યા, કોઈ નાચવા લાગ્યા, કોઈ હસવા લાગ્યા, કોઈ ગાવા લાગ્યા, કોઈ સિંહની જેમ ગર્જના કરવા લાગ્યા, કોઈ અશ્વની જેમ હેષારવ કરવા લાગ્યા, કોઈ હસ્તીની જેમ નાદ કરવા લાગ્યા. કોઈ રથની જેમ ચીત્કાર કરવા લાગ્યા અને કોઈ સર્પની જેમ ફુંફાડા મારવા લાગ્યા, પ્રભુના કેવલજ્ઞાનથી હર્ષ પામેલા ચારે નિકાયના દેવતાઓ બીજી પણ વિવિધ ચેષ્ટાઓ કરવા લાગ્યા. પછી દેવતાઓએ ત્રણ કિલ્લાવાળું અને પ્રત્યેક કિલ્લે ચાર ચાર દ્વારવાળું સમોસરણ રચ્યું. 'અહીં (રત્ન સિંહાસન પર બેસીને દેશના દેવી વિગેરે) સર્વવિરતિને યોગ્ય નથી.' એવું જાણતાં છતાં પણ પ્રભુએ પોતાનો કલ્પ જાણીને તે સમવસરણમાં બેસી દેશના આપી. તેમના તીર્થમાં હાથીના વાહનવાળો, કૃષ્ણવર્ણી, વામ ભુજામાં બીજોરૂં અને દક્ષિણ ભુજામાં નકુલને ધારણ કરતો, માતંગ નામે યક્ષ અને સિંહના આસનવાળી, નીલવર્ણી, બે વામ ભુજામાં બીજોરૂં અને વીણા તથા બે દક્ષિણ ભુજામાં પુસ્તક અને અભયને ધારણ કરતી સિદ્ધાયિકા નામે દેવી–એ બંને નિત્ય પ્રભુની પાસે રહેનારા શાસનદેવતા થયા. તે સમયે ત્યાં ઉપકારને યોગ્ય એવા લોકોના બીલકુલ અભાવથી પરોપકારમાં તત્પર અને જેમનું પ્રેમબંધન ક્ષીણ થયેલું છે એવા પ્રભુએ ત્યાંથી વિહાર કર્યો.[1]

પછી 'મારે **તીર્થંકર** નામ ગોત્ર નામનું મોટું કર્મ જે વેદવાનું છે તે ભવ્ય જંતુને પ્રતિબોધ દેવાવડે અનુભવવું યોગ્ય છે' એમ વિચારીને અસંખ્ય કોટી દેવતાઓથી પરવરેલા,

---

૧ તીર્થંકરની દેશના નિષ્ફળ થાય નહીં છતાં વીર પ્રભુની પ્રથમ દેશના કોઈએ પણ વિરતિભાવ ગ્રહણ ન કરવાથી નિષ્ફળ ગઈ એ આશ્ચર્ય સમજવું.



www.jainsite.com . For Private & Personal Use Only info@jainsite.com

અને દેવતાઓએ સંચાર કરેલા સુવર્ણકમળ ઉપર ચરણ મૂકતા પ્રભુ દિવસની જેમ દેવતાના ઉદ્યોતથી રાત્રે પણ પ્રકાશ કરતા છતા બાર યોજનના વિસ્તારવાળી, ભવ્ય પ્રાણીઓથી અલંકૃત અને યજ્ઞને માટે મળેલા પ્રબોધને લાયક ગૌતમાદિક ઘણા શિષ્યોએ સેવેલી અપાપા નામની નગરીમાં આવ્યા. તે પુરીની નજીક મહાસેનવન નામના ઉદ્યાનમાં દેવતાઓએ એક સુંદર સમવસરણ રચ્યું. પછી જેમને સર્વ અતિશયો પ્રાપ્ત થયા છે એવા અને સુર અસુરોથી સ્તવાતા એવા પ્રભુએ પૂર્વ દ્વારવડે તે સમવસરણમાં પ્રવેશ કર્યો. બત્રીશ ધનુષ ઉંચા રત્નના પ્રતિચ્છંદ જેવા ચૈત્યવૃક્ષને ત્રણ પ્રદક્ષિણા કરી, 'तीर्थाय नमः' એમ કહી, આર્હંતી મર્યાદાને પાળી, પ્રભુ પાદપીઠ યુક્ત પૂર્વ સિંહાસન ઉપર બેઠા. ભક્તિવાળા દેવતાઓએ પ્રભુના મહિમાથી જ બીજી ત્રણે દિશાઓમાં પ્રભુના પ્રતિરૂપ કર્યા. તે અવસરે સર્વ દેવતાઓ તથા મનુષ્ય વિગેરે યોગ્ય દ્વારથી સમવસરણમાં પ્રવેશ કરી પ્રભુના વદનને નિરખતાં પોતપોતાને યોગ્ય સ્થાને બેઠા. પછી ઇંદ્રે ભક્તિથી રોમાંચિત શરીરે પ્રભુને નમી અંજલિ જોડીને આ પ્રમાણે સ્તુતિ કરી.

"હે પ્રભુ! લાવણ્યથી પવિત્ર શરીરવાળા અને નેત્રને અમૃતાંજન રૂપ એવા તમારે વિષે મધ્યસ્થપણું રાખવું તે પણ દોષને માટે છે તો દ્વેષ રાખવાની તો વાર્તા જ શી કરવી? 'કોપાદિકથી ઉપદ્રવ પામેલાઓ (ક્રોધી વિગેરે) તે પણ તમારા પ્રતિપક્ષી છે' એવી લોકવાર્તા શું વિવેકી લોકો કરે છે? અર્થાત્ નથી કરતા. તમે વિરક્ત છો તેથી જો રાગવાન્ તમારા વિપક્ષી હોય તો તે વિપક્ષ જ નથી; કેમ કે સૂર્યનો વિપક્ષી શું ખજુઓ હોઈ શકે? લવસત્તમ (અનુત્તરવાસી) દેવતાઓ પણ તમારા યોગને ઈચ્છતા છતાં તેને પામતા નથી તો યોગમુદ્રા વિનાના બીજાઓની તો વાર્તા જ શી કરવી? હે સ્વામી! અમે તમારા જેવા નાથના શરણને જ અંગીકાર કરીએ છીએ, તમને જ સ્તવીએ છીએ અને તમારી જ ઉપાસના કરીએ છીએ. તમારા શિવાય બીજો કોઈ ત્રાતા નથી, તેથી ક્યાં જઈને કહીએ અને શું કરીએ? પોતાના આચારવડે જ મલીન અને પરને છેતરવામાં જ તત્પર એવા બીજા દેવોથી આ જગત ઠગાય છે. અહો! તેનો પોકાર કોની આગળ કરીએ? નિત્યમુક્ત કહેવરાવનારા, છતાં આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરવામાં ઉદ્યત થનારા અને તેથી જ વંધ્યા સ્રીના બાળક જેવા દેવોનો કયો સચેત પુરૂષ આશ્રય કરે? હે દેવ! બીજા કેટલાક મૂઢ પુરૂષો ઉદરપૂર્તિ કરનારા અને વિષયેંદ્રિયોવડે દુરાચાર કરનારા દેવતાઓથી તમારા જેવા દેવાધિદેવનો નિન્હવ કરે છે, તે કેવા ખેદની વાત? અહો! કેટલાક ઘરમાં રહીને ગર્જના કરનારા મિથ્યાત્વીઓ આ બધું આકાશપુષ્પવત્ છે એવી ઉત્પ્રેક્ષા કરીને અને તેનું કાંઈક પ્રમાણ કલ્પીને દેહ અને ગેહમાં આનંદ માનતા રહે છે. કામરાગ અને સ્નેહરાગનું નિવારણ કરવું તે તો સહેજે બની શકે તેવું છે, પણ દૃષ્ટિરાગ તો એવો અતિ પાપી છે કે જે સત્પુરૂષોને પણ ઉચ્છેદન કરવો મુશ્કેલ પડે છે. હે નાથ! પ્રસન્ન મુખ, મધ્યસ્થ દૃષ્ટિ અને લોકને પ્રીતિ ઉપજાવનારૂં વચન—એ બધું તમારામાં અત્યંત પ્રીતિના સ્થાન રૂપ છતાં મૂઢ

Jain Education International
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લોકો વૃથા તમારાથી ઉદાસ રહે છે. કદિ વાયુ સ્થિર રહે, પર્વત દ્રવે અને જળ જાજ્વલ્યમાન થાય, તથાપિ રાગાદિકવડે ગ્રસ્ત થયેલા પુરૂષો કદિ પણ આપ્ત થવાને યોગ્ય નથી." આ પ્રમાણે સ્તુતિ કરીને ઈંદ્ર વિરામ પામ્યા પછી પ્રભુએ સર્વ ભાષામાં સમજાય તેવી વાણીથી નીચે પ્રમાણે દેશના આપી.

"અહો ! આ સંસાર સમુદ્રની જેવો દારૂણ છે, અને તેનું કારણ વૃક્ષના બીજની જેમ કર્મજ છે. પોતાનાજ કરેલા કર્મથી વિવેક રહિત થયેલો પ્રાણી કુવો ખોદનારની જેમ અધોગતિને પામે છે અને શુદ્ધ હૃદયવાળા પુરૂષ પોતાનાજ કર્મથી મહેલ બાંધનારની જેમ ઉદ્ધર્વગતિને પામે છે. કર્મના બંધનું કારણ એવી પ્રાણીની હિંસા કદિ પણ કરવી નહીં. હમેશાં પોતાના પ્રાણુની જેમ બીજાના પ્રાણુની રક્ષામાં તત્પર રહેવું. આત્મપીડાની જેમ પર જીવની પીડાને પરિહરવાને ઇચ્છતા પ્રાણીએ અસત્ય નહિ બોલતાં સત્યજ બોલવું. માણસના બહિઃપ્રાણ લેવા જેવું અદત્ત દ્રવ્ય કદિ પણ લેવું નહીં, કારણ કે તેનું દ્રવ્ય હરવાથી તેનો વધ કરેલોજ કહેવાય છે. ઘણા જીવોનું ઉપમર્દન કરનારૂં મૈથુન કદિ પણ સેવવું નહીં. પ્રાજ્ઞ પુરૂષે પરબ્રહ્મ (મોક્ષ)ને આપનારૂં બ્રહ્મચર્યજ ધારણ કરવું. પરિગ્રહ ધારણ કરવો નહીં. ઘણા પરિગ્રહને લીધે અધિક ભારથી બળદની જેમ પ્રાણી વિધુર થઈને અધોગતિમાં પડે છે. આ પ્રાણાતિપાત વિગેરેના બે ભેદ છે. તેમાંથી સૂક્ષ્મને જો છોડી શકાય નહીં તો પછી સૂક્ષ્મના ત્યાગમાં અનુરાગી થઈ બાદરનો ત્યાગ તો જરૂર કરવો."

આ પ્રમાણે પ્રભુની દેશના સાંભળી સર્વ લોકો આનંદમાં મગ્ન થઈ ચિત્રવત્ સ્થિર થઈ ગયા.

JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

એ અરસામાં **મગધદેશમાં** આવેલા **ગોબર** નામના ગામમાં **વસુભૂતિ** નામે એક ગૌતમ ગોત્રી બ્રાહ્મણ રહેતો હતો. તેને **પૃથ્વી** નામની સ્ત્રીથી **ઈંદ્રભૂતિ, અગ્નિભૂતિ** અને **વાયુભૂતિ** નામે ત્રણ ગૌતમગોત્રી પુત્રો થયા હતા. કોલ્લાક ગામમાં **ધનુર્મિત્ર** અને **ધમ્મિલ્લ** નામે બે બ્રાહ્મણો હતા, તેઓને **વારૂણી** અને **ભદ્દિલા** નામની સ્ત્રીઓથી વ્યક્ત અને **સુધર્મા** નામે બે પુત્રો હતા. મૌર્ય ગામમાં **ધનદેવ** અને **મૌર્ય** નામે બે વિપ્ર હતા, તેઓ પરસ્પર માસીના દીકરા ભાઈ થતા હતા. ધનદેવને **વિજયદેવી** નામની પત્નીથી **મંડિક** નામે એક પુત્ર થયો હતો. તેનો જન્મ થતાંજ ધનદેવ મૃત્યુ પામી ગયો. ત્યાંના લોકાચાર પ્રમાણે સ્ત્રી વગરનો મૌર્ય વિજયદેવીની સાથે પરણ્યો. "દેશાચાર લજ્જાને માટે થતો નથી." અનુક્રમે મૌર્યથી તે વિજયદેવીને એક પુત્ર થયો તે લોકોમાં મૌર્યપુત્ર એવા નામથી પ્રખ્યાત થયો હતો. તેમજ **વિમળાપુરીમાં** દેવ નામના બ્રાહ્મણને **જયંતી** નામની સ્ત્રીથી **અકંપિત** નામે એક પુત્ર થયો હતો. **કોશલાનગરીમાં** વસુ નામના બ્રાહ્મણને **નંદા** નામની સ્ત્રીના ઉદરથી **અચલભ્રાતા** નામે એક પુત્ર થયો હતો. **વત્સ** દેશમાં આવેલા **તુંગિક** નામના ગામમાં **દત્ત** નામના બ્રાહ્મણને **કરૂણા** નામની સ્ત્રીથી **મેતાર્ય** નામે પુત્ર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થયો હતો. **રાજગૃહ** નગરમાં **બલ** નામના બ્રાહ્મણને **અતિભદ્રા** નામની સ્ત્રીથી **પ્રભાસ** નામે પુત્ર થયો હતો. તે અગ્યારે વિપ્રકુમારો ચાર વેદરૂપી સાગરના પારગામી થયા હતા અને **ગૌતમાદિક** ઉપાધ્યાય થઈને જુદા જુદા સેંકડો શિષ્યોથી પરવરેલા રહેતા હતા.

**અપાપા** નગરીમાં **સોમિલ** નામના એક **ધનાઢય** બ્રાહ્મણે યજ્ઞકર્મમાં વિચક્ષણ એવા તે અગ્યારે દ્વિજોને યજ્ઞ કરવાને બોલાવ્યા હતા. તે સમયે ત્યાં સમવસરેલા શ્રી **વીરપ્રભુને** વાંદવાની ઇચ્છાથી આવતા દેવતાઓને જોઈ **ગૌતમે** બીજા બ્રાહ્મણોને કહ્યું, 'આ યજ્ઞનો પ્રભાવ તો જુઓ! આપણે મંત્રોથી બોલાવેલા આ દેવતાઓ પ્રત્યક્ષ થઈને અહિં યજ્ઞમાં આવે છે.' તે વખતે ચંડાળના ગૃહની જેમ યજ્ઞનો વાડો છોડીને દેવતાઓને સમવસરણમાં જતાં જોઈ લોકો કહેવા લાગ્યા—'હે નગરજનો! અતિશય સહિત સર્વજ્ઞ પ્રભુ ઉદ્યાનમાં સમવસર્યા છે, તેમને વાંદવાને માટે આ દેવતાઓ હર્ષથી જાય છે.' 'સર્વજ્ઞ' એવા અક્ષરો સાંભળતાંજ જાણે કોઈએ આક્રોશ કર્યો હોય તેમ ઇંદ્રભૂતિ કોપ કરી પોતાના સ્વજન પ્રત્યે બોલ્યો—'અરે! ધિક્કાર! ધિક્કાર! **મરૂદેશના** માણસો જેમ આંબાને છોડી કેરડા પાસે જાય તેમ આ લોકો મને છોડીને એ પાખંડીની પાસે જાય છે. શું મારી આગળ કોઈ બીજો સર્વજ્ઞ છે? સિંહની આગળ બીજો કોઈ પરાક્રમી હોયજ નહીં. કદિ મનુષ્યો તો મૂર્ખ હોવાથી તેની પાસે જાય, તો ભલે જાઓ, પણ આ દેવતાઓ કેમ જાય છે? તેથી તે પાખંડીનો દંભ કોઈ મહાન્ લાગે છે, પરંતુ જેવો એ સર્વજ્ઞ હશે તેવાજ આ દેવતાઓ પણ જણાય છે, કેમકે જેવો યક્ષ હોય તેવોજ બલિ અપાય છે. હવે આ દેવો અને માનવોના દેખતાં હું તેના સર્વજ્ઞપણાનો ગર્વ હરી લઉં.' આ પ્રમાણે અહંકારથી બોલતો **ગૌતમ** પાંચસો શિષ્યોથી પરવર્યો છતો જ્યાં શ્રી **વીરપ્રભુ** સુરનરોથી વીંટાઈને બેઠા હતા ત્યાં સમવસરણમાં આવ્યો. પ્રભુની સમૃદ્ધિ અને તાદૃશ તેજ જોઈ 'આ શું?' એમ **ઇન્દ્રભૂતિ** આશ્ચર્ય પામી ગયો. એવામાં તો 'હે ગૌતમ! ઇંદ્રભૂતિ! તમને સ્વાગત છે.' આ પ્રમાણે જગદ્ગુરૂએ અમૃત જેવી મધુર વાણીવડે કહ્યું. તે સાંભળી ગૌતમ વિચારમાં પડ્યો કે, 'શું આ મારા ગોત્ર અને નામને પણ જાણે છે? અથવા મારા જેવા જગત્પ્રસિદ્ધ માણસને કોણ ન જાણે; પણ જો મારા હૃદયમાં રહેલા સંશયને તે જણાવે અને તેને પોતાની જ્ઞાનસંપત્તિવડે છેદી નાખે તો તે ખરા આશ્ચર્યકારી છે એમ હું માનું.' આ પ્રમાણે હૃદયમાં વિચાર કરતા એવા સંશયધારી ઇંદ્રભૂતિને પ્રભુએ કહ્યું કે, 'હે વિપ્ર! જીવ છે કે નહીં? એવો તારા હૃદયમાં સંશય છે, પણ હે ગૌતમ! જીવ છે, તે ચિત્ત, ચૈતન્ય, વિજ્ઞાન અને સંજ્ઞા વિગેરે લક્ષણોથી જાણી શકાય છે. જો જીવ ન હોય તો પુણ્ય પાપનું પાત્ર કોણ? અને તારે આ યાગ, દાન વિગેરે કરવાનું નિમિત્ત પણ શું?' આ પ્રમાણે પ્રભુનાં વચન સાંભળી તેણે મિથ્યાત્વની સાથે સંદેહને છોડી દીધો અને પ્રભુના ચરણમાં નમસ્કાર કરીને બોલ્યો કે, 'હે સ્વામી! ઉંચા વૃક્ષનું માપ લેવાને નીચા પુરૂષની જેમ હું દુર્બુદ્ધિ તમારી પરીક્ષા લેવાને માટે અહિં આવ્યો હતો. હે નાથ!

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હું દોષયુક્ત છું, તે છતાં તમે આજે મને સારી રીતે પ્રતિબોધ આપ્યો છે તો હવે સંસારથી વિરક્ત થયેલા એવા મને દીક્ષા આપીને અનુગ્રહિત કરો.' જગદ્‌ગુરૂ વીરપ્રભુએ તેને પોતાના પહેલા **ગણધર** થશે, એવું જાણીને પાંચસો શિષ્યો સાથે પોતેજ દીક્ષા આપી.

તે સમયે કુબેરે ચારિત્રધર્મના ઉપકરણો લાવી આપ્યા. નિઃસંગ છતાં તેને ગ્રહણ કરતાં ગૌતમે વિચાર્યું કે, "નિરવદ્ય વ્રતની રક્ષા કરવામાં આ વસ્ત્રપાત્રાદિક ઉપયોગમાં આવે છે તેથી તે ગ્રહણ કરવા યોગ્ય છે, કારણ કે તે ધર્મના ઉપકરણો છે. તે વગર છ પ્રકારના જીવનિકાયની યતના કરવામાં તત્પર એવા છદ્મસ્થ મુનિઓથી સારી રીતે જીવદયા શી રીતે પાળી શકાય ? તેથી ઉદ્‌ગમ ઉત્પાદાદિક[1] એષણાવડે ગુણવાન્ અને શુદ્ધ ઉપગરણો વિવેકી પુરૂષોએ અહિંસાને માટે ગ્રહણ કરવાં જોઈએ. જ્ઞાન, દર્શન અને ચારિત્રને આચરવાની શક્તિવાળા પુરૂષે આદિ અંત અને મધ્યમાં મૂઢપણે સમયમાં[2] કહેલા અથવા અવસર ઉચિત અર્થને સાધી લેવો. જ્ઞાન દર્શનથી રહિત એવો જ અભિમાની પુરૂષ, આવા ઉપકરણોમાં પરિગ્રહની શંકા કરે તેનેજ હિંસક જાણવો. જે ધર્મના ઉપકરણોમાં પરિગ્રહની બુદ્ધિ ધારણ કરે, તે તત્ત્વને નહિ જાણનાર મૂર્ખોનેજ રાજી કરવાને ઇચ્છે છે. પૃથ્વીકાય, અપ્‌કાય, અગ્નિકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય વિગેરે ઘણા જીવોની ધર્મના ઉપકરણ વિના શી રીતે રક્ષા થાય ? ઉપકરણો ગ્રહણ કર્યા છતાં પણ જો તે પોતાના આત્માને મન વચન કાયાથી દૂષિત અને અસંતોષી રાખે તો તે કેવળ પોતાના આત્માને છેતરે છે." આ પ્રમાણે વિચાર કરીને ઇંદ્રભૂતિએ પાંચસો શિષ્યોની સાથે દેવતાઓએ અર્પણ કરેલા ધર્મના ઉપકરણો ગ્રહણ કર્યા.

JAINSITE.com
જૈન સાઈટ
જૈનમ્ જયતિ શાસનમ્

**ઇન્દ્રભૂતિને** દીક્ષિત થયેલા સાંભળીને **અગ્નિભૂતિએ** વિચાર્યું કે, "તે ઇંદ્રજાળિકે જરૂર ઇંદ્રભૂતિને છેતરી લીધા જણાય છે, માટે હું ત્યાં જઈ સર્વજ્ઞ નહિ છતાં પોતાને સર્વજ્ઞ માનનારા તે ધુતારાને જીતી લઉં અને માયાથી પરાજય કરેલા મારા ભાઈને પાછો લઈ આવું. સર્વ શાસ્ત્રના રહસ્યને જાણનાર અને મોટી બુદ્ધિવાળા ઇંદ્રભૂતિને માયા વગર જીતવાને કોણ સમર્થ છે ? કારણ કે માયા રહિત પુરૂષોમાં માયા વિજય મેળવે છે; પરંતુ જો એ માયાવી મારા હૃદયનો સંશય જાણીને તેને છેદી નાંખે તો હું પણ ઇંદ્રભૂતિની જેમ શિષ્યો સહિત તેનો શિષ્ય થાઉં." આવું વિચારી અગ્નિભૂતિ પાંચસો શિષ્યો સહિત સમવસરણમાં ગયો અને જિનેશ્વરની પાસે બેઠો. તેને જોતાંજ પ્રભુ બોલ્યા કે,—"હે ગૌતમગોત્રી અગ્નિભૂતિ ! તારા હૃદયમાં એવો સંશય છે કે, કર્મ છે કે નહિ ? અને જો કર્મ હોય તો તે પ્રત્યક્ષાદિ પ્રમાણને અગમ્ય છતાં મૂર્ત્તિમાન્ છે, એવા કર્મને અમૂર્ત્તિમાન્ જીવ શી રીતે બાંધી શકે ? અમૂર્ત્તિમાન્ જીવને મૂર્ત્તિવાળા કર્મથી ઉપઘાત અને અનુગ્રહ શી

---

૧ આહારાદિ કોઈ પણ વસ્તુ ગ્રહણ કરવા માટે મુનિરાજને ૪૨ દોષ રહિત લેવાનું કહેલું છે. તેના ઉદ્‌ગમ ઉત્પાદાદિ જુદા જુદા ભેદો છે.   ૨ સમય–સિદ્ધાંત.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રીતે થાય? આવો તારા હૃદયમાં જે સંશય છે, તે વૃથા છે. કારણ કે અતિશય જ્ઞાની પુરૂષોને કર્મ પ્રત્યક્ષ જ જણાય છે અને તારા જેવા છદ્મસ્થ પુરૂષોને જીવની વિચિત્રતા જોવાથી અનુમાનવડે કર્મ જણાય છે. કર્મની વિચિત્રતાથી જ પ્રાણીઓને સુખ દુઃખ વિગેરે વિચિત્ર ભાવો પ્રાપ્ત થયા કરે છે, તેથી કર્મ છે. એવો તું નિશ્ચય રાખ. કેટલાક જીવ રાજા થાય છે અને કેટલાક હાથી, અશ્વ અને રથના વાહનપણાને પામે છે. તેમ જ કેટલાક તેની પાસે ઉપાનહ વગર પગે ચાલનારા થાય છે. કોઈક હજારો પ્રાણીનાં ઉદર ભરનારા મહર્દ્ધિક પુરૂષો થાય છે અને કોઈ ભિક્ષા માગીને પણ પોતાનું ઉદર ભરી શકતા નથી. દેશ કાળ એક સરખા છતાં એક વ્યાપારીને ઘણો લાભ થાય છે અને બીજાની મૂળ મુંડીનો પણ નાશ થાય છે. આવા કાર્યોનું કારણ તે કર્મ છે; કેમકે કારણ વિના કાર્યની વિચિત્રતા થતી નથી. મૂર્ત્તિમાન્ કર્મનો અમૂર્ત્તિમાન્ જીવની સાથે જે સંગમ છે તે પણ આકાશ અને ઘડાની જેમ બરાબર મળતો છે. વળી વિવિધ જાતિના મદ્યથી અને ઔષધોથી અમૂર્ત્ત એવા જીવને પણ ઉપઘાત અને અનુગ્રહ થાય છે, તે પ્રમાણે કર્મોવડે જીવને ઉપઘાત અને અનુગ્રહ થાય છે તે પણ નિર્દોષ છે." આ પ્રમાણે પ્રભુએ તેનો સંશય છેદી નાખ્યો, એટલે અગ્નિભૂતિએ ઈર્ષા છોડી દઈને પાંચસો શિષ્યોની સાથે પ્રભુ પાસે દીક્ષા લીધી.

**અગ્નિભૂતિએ** પણ દીક્ષા લીધી, તે વાત સાંભળી વાયુભૂતિએ વિચાર્યું કે, "જેણે મારા બંને ભાઈઓને જીતી લીધા તે ખરેખરા સર્વજ્ઞ જ હોવા જોઈએ, માટે તે ભગવંતની પાસે જઈ તેમને વંદના કરીને મારૂં પાપ ધોઈ નાંખું, તેમ જ હું પણ મારો સંશય છેદાવી નાંખું." આ પ્રમાણે વિચાર કરી વાયુભૂતિ પ્રભુની પાસે આવ્યો અને પ્રણામ કરી બેઠો. તેને જોઈને પ્રભુ બોલ્યા કે,–"હે વાયુભૂતિ! તને જીવ અને શરીર વિષે મોટો ભ્રમ છે. પ્રત્યક્ષાદિ પ્રમાણવડે ગ્રહણ થતો ન હોવાથી જીવ શરીરથી જુદો લાગતો નથી, તેથી જળમાં પરપોટાની જેમ જીવ શરીરમાંથી જ ઉત્પન્ન થઈને શરીરમાં જ મૂર્છા પામે છે. આવો તારો આશય છે, પણ તે મિથ્યા છે. કારણ કે સર્વ પ્રાણીઓને એ જીવ દેશથી તો પ્રત્યક્ષ છે, કારણ કે તેના ઇચ્છા વિગેરે ગુણો પ્રત્યક્ષ હોવાથી જીવ સ્વસંવિદ્ છે; એટલે કે તેનો પોતાને જ અનુભવ થાય છે. તે જીવ દેહ અને ઇંદ્રિયોથી જુદો છે અને ઇંદ્રિયો જ્યારે નાશ પામે છે ત્યારે પણ તે ઇંદ્રિયોએ પ્રથમ ભોગવેલા અર્થને સંભારે છે." આવી પ્રભુની વાણીથી પોતાનો સંશય છેદાતાં વાયુભૂતિએ સંસારથી વિમુખ થઈ પાંચસો શિષ્યોની સાથે દીક્ષા લીધી.

પછી વ્યક્તે સ્પષ્ટતાથી વિચાર્યું કે, 'ખરેખર એ સર્વજ્ઞ ભગવાન્ જ છે કે જેણે ત્રણ વેદની જેમ ઇંદ્રભૂતિ વિગેરે ત્રણેને જીતી લીધા છે. એ ભગવંત મારો સંશય પણ જરૂર છેદી નાખશે, અને પછી હું પણ તેમનો શિષ્ય થઈશ.' આવો વિચાર કરી વ્યક્ત પ્રભુ પાસે આવ્યો. તેને જોઈ પ્રભુ બોલ્યા–"હે વ્યક્ત! તારા ચિત્તમાં એવો સંશય છે કે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૃથિવી આદિ પંચ ભૂતો છે જ નહીં, તેની જે આ પ્રતીતિ થાય છે, તે ભ્રમથી જલચંદ્રવત્ છે. આ બધું શૂન્ય જ છે–આવો તારો દૃઢ આશય છે. પણ તે મિથ્યા છે, કારણ કે જો સર્વશૂન્યતાનો પક્ષ લઈએ, તો પછી ભુવનમાં વિખ્યાત થયેલા સ્વપ્ન, અસ્વપ્ન, ગંધર્વપુર વિગેરે ભેદો થવા જ ઘટે નહીં.” આ પ્રમાણે સાંભળી **વ્યક્તનો** સંશય છેદાઈ ગયો, તેથી તેણે વ્યક્ત વાસના બતાવીને પાંચસેં શિષ્યોની સાથે પ્રભુ પાસે દીક્ષા લીધી.

આ ખબર સાંભળીને ઉપાધ્યાય **સુધર્મા** પણ પોતાનો સંશય છેદવાની ઈચ્છાથી લોકાલોકનું સ્વરૂપ જોવામાં સૂર્ય જેવા શ્રી **વીર**પ્રભુ પાસે આવ્યો. તેને જોઈ પ્રભુએ કહ્યું, “હે સુધર્મા! તારી બુદ્ધિમાં એવો વિચાર વર્ત્તે છે કે, આ જીવ જેવો આ ભવમાં છે, તેવો જ પરભવમાં થાય છે, કેમકે સંસારમાં કારણને મળતું જ કાર્ય થાય છે. શાળિબીજ વાવતાં તેમાંથી કાંઈ યવાંકુર થતા નથી. પણ આવો તારો વિચાર ખોટો અને અઘટિત છે; કેમકે આ સંસારમાં જે મનુષ્ય મૃદુતા અને સરલતાદિકવડે માનુષી આયુષ્ય બાંધે છે તે ફરીને પણ મનુષ્ય થાય છે, પણ જે માયા વિગેરે રચતો અહીં પશુરૂપે રહે છે, તે મનુષ્ય આગામી ભવે પશુ થાય છે. તેથી જીવની પૃથક્ પૃથક્ ગતિમાં ઉત્પત્તિ કર્મને આધીન છે અને તેથી જ પ્રાણીઓનું વિવિધપણું દેખાય છે. વળી ‘કારણને મળતું જ કાર્ય થાય છે’ એમ કહેવું તે પણ અસંગત છે. કારણ કે શૃંગ વિગેરમાંથી શર પ્રમુખ ઉગી નીકળે છે.” આવી પ્રભુની વાણી સાંભળી સુધર્માએ પાંચસેં શિષ્ય સહિત પ્રભુના ચરણકમળમાં દીક્ષા લીધી.

પછી પોતાનો સંશય છેદવાને મંડિક પ્રભુની પાસે આવ્યો. તેને પ્રભુએ કહ્યું કે, “તને બંધ અને મોક્ષ વિષે સંશય છે, પણ બંધ અને મોક્ષ આત્માને થાય છે એ વાત પ્રસિદ્ધ છે. મિથ્યાત્વાદિવડે કરેલો કર્મનો જે સંબંધ, તે બંધ કહેવાય છે. તે બંધને લીધે પ્રાણી દોરી સાથે બંધાયો હોય તેમ નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવતારૂપ ચાર ગતિમાં પરિભ્રમણ કરતો છતો પરમ દારૂણ દુઃખનો અનુભવ કરે છે. જ્ઞાન, દર્શન અને ચારિત્ર પ્રમુખ હેતુથી જે કર્મનો વિયોગ તે મોક્ષ કહેવાય છે, તે પ્રાણીને અનંત સુખ આપે છે. જો કે જીવ અને કર્મનો પરસ્પર સંયોગ અનાદિ સિદ્ધ છે, પણ અગ્નિથી સુવર્ણ અને પાષાણ જુદા પડી જાય છે તેમ જ્ઞાનાદિકથી જીવ અને કર્મનો વિયોગ થઈ જાય છે.” આવા પ્રભુનાં વચનથી જેનો સંશય છેદાઈ ગયો છે એવા તે મંડિકે સાડાત્રણસેં શિષ્યોની સાથે વ્રત ગ્રહણ કર્યું. પછી મૌર્યપુત્ર પોતાનો સંદેહ છેદવાને માટે પ્રભુ પાસે આવ્યો. પ્રભુ બોલ્યા–“**મૌર્યપુત્ર!** તને દેવતાઓને વિષે સંદેહ છે, પણ તે મિથ્યા છે. જો, આ સમવસરણમાં પોતાની મેળે આવેલા ઇંદ્રાદિક દેવતાઓ પ્રત્યક્ષ છે, શેષ કાળમાં સંગીતકાર્યાદિની વ્યગ્રતાથી અને મનુષ્ય લોકના દુઃસહ ગંધથી તેઓ અહીં આવતા નથી પણ તેથી કાંઈ તેમનો અભાવ સમજવો નહીં. તેઓ અર્હંતના જન્મઅભિષેક વિગેરે અનેક પ્રસંગે આ પૃથ્વી પર આવે છે. તેનું કારણ શ્રીમત્ અરિહંતનો અતિ શ્રેષ્ઠ પ્રભાવ છે.”

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રમાણેની ભગવંતની વાણીથી મૌર્યપુત્ર પણ તત્કાળ પ્રતિબોધ પામ્યો અને પોતાના ૩૫૦ શિષ્યો સહીત તેણે દીક્ષા લીધી.

પછી **અકંપિત** પણ પ્રભુ પાસે આવ્યો. પ્રભુએ કહ્યું કે–"નજરે દેખાતા ન હોવાથી નારકી નથી એમ તારી બુદ્ધિ છે, પણ નારકી જીવો છે, પરંતુ અત્યંત પરવશપણાથી તેઓ અહીં આવવાને સમર્થ નથી. તેમજ તારી જેવા મનુષ્યો ત્યાં જવાને સમર્થ નથી. નારકી જીવો તારી જેવાને પ્રત્યક્ષ ઉપલબ્ધ નથી. છદ્મસ્થ જીવોને તે યુક્તિગમ્ય છે અને જે ક્ષાયિક જ્ઞાનીઓ છે તેઓને તે પ્રત્યક્ષ દેખાય છે. વળી 'આ લોકમાં કોઈ ક્ષાયિક જ્ઞાનીજ નથી' એવું પણ તું બોલીશ નહીં, કારણ કે તે શંકાનો વ્યભિચાર મારાથી જ સ્ફુટ રીતે થાય છે. (અર્થાત્ હુંજ ક્ષાયિક જ્ઞાની છું.)" પ્રભુનાં આવાં વચન સાંભળી સંશય નષ્ટ થવાથી **અકંપિતે** પ્રતિબોધ પામી ત્રણસો શિષ્ય સાથે પ્રભુની પાસે દીક્ષા લીધી.

પછી **અચળભ્રાતા** આવ્યો. પ્રભુએ તેને સ્ફુટ રીતે કહ્યું, '**અચળભ્રાતા**! તને પુણ્ય અને પાપમાં સંદેહ છે, પણ તું તેમાં જરા પણ સંશય કરીશ નહીં. કારણ કે આ લોકમાં પુણ્ય પાપનું ફળ પ્રત્યક્ષ જણાય છે; તેમજ વ્યવહારથી પણ સિદ્ધ થાય છે. દીર્ઘ આયુષ્ય, લક્ષ્મી, રૂપ, આરોગ્ય અને સત્કુળમાં જન્મ–એ પુણ્યનાં ફળ છે, અને તેથી વિપરીત એ પાપનાં ફળ છે." આ પ્રમાણે પ્રભુનાં વચનથી સંશય છેદાઈ જતાં અચળભ્રાતાએ ત્રણસો શિષ્યોની સાથે દીક્ષા લીધી.

JAINSITE .com

પછી **મેતાર્ય** નામે દ્વિજ પ્રભુની પાસે આવ્યો. પ્રભુ બોલ્યા–"તને એવો સંશય છે કે, 'ભવાંતરમાં પ્રાપ્ત થવા રૂપ પરલોક નથી. કારણ કે ચિદાત્મારૂપ જીવનું સ્વરૂપ બધા ભૂતના એક સંદોહરૂપ છે. તે ભૂતનો અભાવ થતાં–વિખરાઈ જતાં જીવનો પણ અભાવ થાય તો પછી પરલોક શી રીતે હોય?' પણ તે મિથ્યા છે. જીવની સ્થિતિ સર્વ ભૂતથી જુદીજ છે. કેમકે બધા ભૂત એકત્ર થાય તો પણ તેમાંથી કાંઈ ચેતના ઉત્પન્ન થતી નથી, તેથી ચેતના જે જીવનો ધર્મ છે, તે ભૂતથી જુદી છે. તે ચેતનાવાળો જીવ પરલોકમાં જાય છે અને ત્યાં પણ તેને જાતિસ્મરણ વિગેરેથી પૂર્વ ભવનું સ્મરણ થાય છે." આ પ્રમાણે પ્રભુનાં વચનથી પ્રતિબોધ પામી મેતાર્યે ત્રણસો શિષ્યોની સાથે પ્રભુ પાસે દીક્ષા લીધી.

ત્યાર પછી **પ્રભાસ** આવ્યો. તેને જોઈ પ્રભુ બોલ્યા–"**પ્રભાસ**! 'મોક્ષ છે કે નહીં?' એવો તને સંદેહ છે; પણ તે વિષે જરા પણ સંદેહ રાખીશ નહીં. કર્મનો ક્ષય તે મોક્ષ છે. વેદથી અને જીવની અવસ્થાના વિચિત્રપણાથી કર્મ સિદ્ધ થયેલું છે. શુદ્ધ જ્ઞાન, દર્શન અને ચારિત્રથી કર્મનો ક્ષય થાય છે, તેથી અતિશય જ્ઞાનવાળા પુરૂષોને મોક્ષ પ્રત્યક્ષ પણ થાય છે." સ્વામીનાં આવાં વચનથી પ્રતિબોધ પામી **પ્રભાસે** પણ ત્રણસો શિષ્યોની સાથે દીક્ષા લીધી.

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

આ પ્રમાણે મહાન્ કુળમાં ઉત્પન્ન થયેલા, મહા પ્રાજ્ઞ, સંવેગ પામેલા અને વિશ્વને વંદિત એવા તે અગ્યાર પ્રસિદ્ધ વિદ્વાનો શ્રી **વીર**પ્રભુના મૂળ શિષ્યો થયા.

આ સમયે **શતાનિક** રાજાને ઘેર રહેલી **ચંદનાએ** આકાશ માર્ગે જતા આવતા દેવતાઓને જોયા. તેથી પ્રભુને કેવળજ્ઞાનની ઉત્પત્તિ થયાનો નિશ્ચય થતાં તેને વ્રત લેવાની ઇચ્છા થઈ. પછી નજીક રહેલા કોઈ દેવતાએ તેને શ્રી **વીર**પ્રભુની પર્ષદામાં લાવીને મૂકી. પ્રભુને ત્રણ પ્રદક્ષિણા કરી નમીને તે દીક્ષા લેવાને તત્પર થઈ છતી ઉભી રહી. તે વખતે બીજી પણ અનેક રાજા તથા અમાત્યોની પુત્રીઓ દીક્ષા લેવા માટે તૈયાર થઈ. પ્રભુએ **ચંદનાને** આગળ કરીને તે સર્વેને દીક્ષા આપી અને હજારો નરનારીઓને શ્રાવકપણામાં સ્થાપિત કર્યા.

એવી રીતે ચતુર્વિધ સંઘની સ્થાપના થયા પછી પ્રભુએ **ઈંદ્રભૂતિ** વિગેરેને **ધ્રૌવ્ય, ઉત્પાદક** અને **વ્યયાત્મક** ત્રિપદી કહી સંભળાવી. તે ત્રિપદીવડે તેમણે **આચારાંગ, સૂત્રકૃતાંગ, ઠાણાંગ, સમવાયાંગ, ભગવતી અંગ, જ્ઞાતાધર્મકથા, ઉપાસક, અંતકૃત, અનુત્તરોપપાતિક દશા, પ્રશ્ન વ્યાકરણ, વિપાકશ્રુત** અને **દૃષ્ટિવાદ**–એ પ્રમાણે બાર અંગો રચ્યા. અને દૃષ્ટિવાદની અંદર ચૌદ પૂર્વો પણ રચ્યા. તેના નામ આ પ્રમાણે–**ઉત્પાદ, આગ્રાયણીય, વીર્યપ્રવાદ, અસ્તિનાસ્તિપ્રવાદ, જ્ઞાનપ્રવાદ, સત્યપ્રવાદ, આત્મપ્રવાદ, કર્મપ્રવાદ, પ્રત્યાખ્યાનપ્રવાદ, વિદ્યાપ્રવાદ, કલ્યાણ, પ્રાણાવાય, ક્રિયાવિશાળ** અને **લોકબિંદુસાર**–આ પ્રમાણેના ચૌદ પૂર્વો ગણધરોએ અંગોની પૂર્વે રચ્યા તેથી તે પૂર્વ કહેવાય છે. એવી રીતે રચતાં સાત ગણધરોની સૂત્રવાંચના પરસ્પર જુદી જુદી થઈ અને **અકંપિત** તથા **અચળભ્રાતાની** તેમજ **મેતાર્ય** અને **પ્રભાસની** પરસ્પર સરખી વાંચના થઈ. શ્રી **વીર**પ્રભુના અગ્યાર ગણધરો છતાં તેઓમાં બે બેની વાંચના સરખી થવાથી ગણુ[૧] નવ થયા.

પછી સમયને જાણનાર **ઇન્દ્ર** તત્કાળ સુગંધી રત્નચૂર્ણથી પૂર્ણ એવું પાત્ર લઈ ઉઠીને પ્રભુ પાસે ઉભા રહ્યા. એટલે **ઇન્દ્રભૂતિ** વિગેરે પણ પ્રભુની અનુજ્ઞા લેવાને માટે જરા મસ્તક નમાવી અનુક્રમે પરિપાટીથી ઉભા રહ્યા. પછી 'દ્રવ્ય, ગુણ અને પર્યાયથી તમને તીર્થની અનુજ્ઞા છે' એમ બોલતા પ્રભુએ પ્રથમ ઈંદ્રભૂતિ–ગૌતમના મસ્તક ઉપર તે ચૂર્ણ નાંખ્યું. પછી અનુક્રમે બીજાઓના મસ્તક પર ચૂર્ણ નાંખ્યું. એટલે દેવતાઓએ પ્રસન્ન થઈને ચૂર્ણ અને પુષ્પની અગ્યારે ગણધરો ઉપર વૃષ્ટિ કરી. 'આ ચિરંજીવી થઈ[૨] ધર્મનો ચિરકાળ સુધી ઉદ્યોત કરશે' એમ કહીને પ્રભુએ **સુધર્મા** ગણધરને સર્વ મુનિઓમાં મુખ્ય કરી ગણની અનુજ્ઞા આપી. પછી સાધ્વીઓમાં સંયમના ઉદ્યોગની ઘટનાને માટે પ્રભુએ તે સમયે **ચંદનાને** પ્રવર્ત્તિની પદે સ્થાપિત કરી.

---

૧. મુનિ સમુદાય. ૨. ઘણા વર્ષ જીવી.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રમાણે પ્રથમ પૌરૂષી પૂર્ણ થઈ ત્યારે પ્રભુએ દેશના સમાપ્ત કરી. એટલે રાજાએ તૈયાર કરાવેલ બળી પૂર્વ દ્વારથી સેવક પુરૂષો લાવ્યા. તે બળી આકાશમાં ઉડાડતાં તેમાંથી અર્ધ બળી આકાશમાંથીજ દેવતાઓ લઈ ગયા, અને અર્ધ ભૂમિપર પડ્યો, તેમાંથી અર્ધ ભાગ રાજા અને બાકીનો ભાગ બીજા લોકો લઈ ગયા. પછી પ્રભુ સિંહાસનપરથી ઉઠી દેવચ્છંદામાં જઈને બેઠા; એટલે ગૌતમ ગણધરે પ્રભુના ચરણપીઠ ઉપર બેસીને દેશના આપી. બીજી પૌરૂષી પૂર્ણ થતાં વૃષ્ટિથી નવીન મેઘની જેમ ગૌતમ પણ દેશનાથી વિરામ પામ્યા. સર્વ વિશ્વનો ઉપકાર કરવામાં તત્પર અને સુરઅસુર તથા રાજાઓ જેના ચરણ-કમળને સેવી રહ્યા છે એવા શ્રી વીરપ્રભુ કેટલાક દિવસ સુધી ત્યાં રહી લોકોને પ્રતિબોધ કરી ત્યાંથી અન્યત્ર પૃથ્વીપર વિહાર કરતા હતા.

इत्याचार्य श्री हेमचंद्रसूरि विरचिते त्रिषष्टिशलाकापुरुषचरिते महाकाव्ये
दशमपर्वणि श्री महावीर केवळज्ञान चतुर्विध संघोत्पत्ति वर्णनो
नाम पंचमः सर्गः ॥

## સર્ગ ૬ ઠ્ઠો

### શ્રેણિક રાજાને સમકિતનો લાભ અને મેઘકુમાર તથા નંદીષેણની દીક્ષા

JAINSITE.com

આ ભરતક્ષેત્રમાં કુશાગ્રપુર નામના નગરમાં કુશાગ્ર બુદ્ધિવાળો પ્રસેનજિત્ નામે રાજા હતો. સર્વ દિશાઓને અલંકૃત કરતો તેનો અપાર કીર્તિસાગર શત્રુઓની કીર્તિરૂપ સરિતાનો ગ્રાસ કરતો હતો. તેને સૈન્યનો સંગ્રહ માત્ર રાજની શોભાને માટે હતો, કારણ કે તેના વૈરીરૂપ વાઘ તો તેના પ્રતાપરૂપ અગ્નિથીજ નાશ પામ્યા હતા. વાયુ પર્વતથી અને વજ્ર સમુદ્રથી સ્ખલિત થાય પણ તેની આજ્ઞા પૃથ્વીપર કોઈનાથી સ્ખલિત થતી નહોતી. તે હાથ લાંબા કરનારા બધા યાચકોને દ્રવ્ય આપતો પણ જાણે તેમની સાથે સ્પર્ધા હોય તેમ તે તેઓને આપતાં પોતાના હાથને સંકોચાવતો નહીં. રણભૂમિમાં ઉડેલા રજથી અંધકાર થતાં વિજયલક્ષ્મીઓ અભિસારિકા થઈ પોતપોતાના પતિઓને છોડી તે રાજાને જ સર્વ અંગે આલિંગન કરતી હતી. સદાચારીમાં શિરોમણિ એવા એ રાજાના શુદ્ધ હૃદયમાં ઘાટા કેશપાસમાં અધિવાસની જેમ જિનધર્મ સ્થિર રહેલો હતો. શ્રી પાર્શ્વનાથ પ્રભુના શાસન-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રૂપ કમળમાં ભ્રમર જેવો તે સમ્યગ્દર્શનથી પુરુષાત્મા થઈ અણુવ્રતધારી થયો હતો. રાજશિરોમણિ પ્રસેનજિત્ રાજાને ઇંદ્રને દેવીઓની જેમ વિવાહિત રાજકન્યાઓવડે મોટું અંતઃપુર હતું. પૃથ્વીપર રાજ્ય કરતા એવા તે ઈંદ્ર સમાન રાજાને જાણે તેની બીજી મૂર્ત્તિઓ હોય તેવા ઘણા પુત્રો પણ થયા હતા.

આ અરસામાં **ભરતક્ષેત્રને** વિષે **વસંતપુર** નામના નગરમાં **જિતશત્રુ** નામે યથાર્થ નામવાળો રાજા હતો. તેને પૃથ્વીપર ઉતરેલી દેવી હોય તેવી ગુણરત્નની ખાણ **અમરસુંદરી** નામે પટરાણી હતી. તે દંપતિને **સુમંગળ** નામે એક પુત્ર થયો હતો, જે મંગળનું નિવાસસ્થાન, રૂપમાં કંદર્પ જેવો અને કળાનિધિ ચંદ્ર જેવો હતો. **સેનક** નામે મંત્રીપુત્ર તેનો મિત્ર હતો. તે શારીરિક સર્વ કુલક્ષણોના પ્રથમ દષ્ટાંતરૂપ હતો. તેના કેશ પીળા હતા, તેથી જેના શિખરમાં દાવાનળ લાગ્યો હોય તેવા પર્વતની જેવો તે દેખાતો હતો. ઘુવડની જેમ તે નાકે ચિબો હતો, માર્જાર જેવા તેના પિંગ નેત્ર હતા, ઉંટના જેવી તેની લાંબી ડોક અને લાંબા હોઠ હતા, ઉંદરની જેવા નાના કાન હતા, કંદના અંકુર જેવી દાંતની પંક્તિ મુખની બહાર નીકળેલી હતી, જલોદરવાળાની જેવું તેનું પેટ હતું, ગામના ડુક્કર જેવા ટુંકા સાથળ હતા, મંડળસ્થાનવત્ આસન વાળ્યું હોય તેવી વાંકી જંઘા હતી અને સુપડાના જેવા તેના પગ હતા. એ વરાક દુરાચારી જ્યાં જ્યાં ફરતો ત્યાં ત્યાં હાસ્યનુંજ એકછત્ર રાજ્ય થતું હતું. જ્યારે જ્યારે એ સેનક દૂરથી આવતો હોય ત્યારે ત્યારે રાજપુત્ર સુમંગળ તેનું વિકૃતરૂપ જોઈને હસતો હતો.

આ પ્રમાણે રાત્રિદિવસ રાજપુત્ર તેનું ઉપહાસ્ય કરતો તેથી તેને છેવટ અપમાનરૂપ વૃક્ષનાં મહાફળરૂપ વૈરાગ્ય ઉત્પન્ન થયો અને વૈરાગ્ય થતાંજ એ મંદભાગી સેનક ઉન્મત્તની પેઠે હૃદયશૂન્ય થઈ શહેરમાંથી નીકળી ગયો. મંત્રીપુત્રના ગયા પછી કેટલેક કાળે રાજા **જિતશત્રુએ** સુમંગળ કુમારને પોતાના રાજ્યપર બેસાર્યો. સેનકે વનમાં ફરતા કોઈ એક કુળપતિ તાપસને જોયો. તેની પાસે તાપસ થઈને તેણે ઉષ્ટ્રિકા વ્રત ગ્રહણ કર્યું. તીવ્ર તપથી હમેશાં પોતાના આત્માને અતિ કદર્થના પમાડતો સેનક એકદા વસંતપુર નગરે આવ્યો.

તેને મંત્રીપુત્ર અને તાપસ ધારીને સર્વ લોકો તેની પૂજા કરવા લાગ્યા. લોકોએ તેને વૈરાગ્ય થવાનું કારણ પૂછ્યું, એટલે તે કહેવા લાગ્યો કે, 'સુમંગળકુમાર વારંવાર મારા વિરૂપનું હાસ્ય કરતો, તેથી મને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને તે હાસ્ય મને તપલક્ષ્મીના એક જામીનરૂપ થઈ પડયું છે.' આ ખબર સાંભળી રાજા સુમંગળ પણ તેને નમવા માટે આવ્યો અને તેને ઘણી રીતે ખમાવીને આદરથી પારણાને માટે નિમંત્રણ કર્યું. સેનક તાપસે રાજાને આશીષ આપીને તેની પ્રાર્થના સ્વીકારી, તેથી રાજા કૃતાર્થ થયો હોય તેમ હર્ષ પામી પોતાને ઘેર આવ્યો. જ્યારે માસક્ષપણ પૂર્ણ થયું ત્યારે રાજાની પ્રાર્થના સંભારી તે તાપસ શાંત થઈ રાજભુવનના દ્વારે આવ્યો. તે સમયે રાજાને શરીરે ઠીક ન

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોવાથી દ્વારપાળે દ્વાર બંધ કર્યું હતું, તેથી ભિક્ષુકને કોણ જુએ? તેથી સેતુથી જળના પ્રવાહની જેમ તે સ્ખલિત થઈને જે માર્ગે આવ્યો હતો, તે માર્ગે પાછો ચાલ્યો ગયો. પછી બીજા માસક્ષપણનો નિશ્ચય કરી પાછું તેણે ઉષ્ટ્રિકા વ્રત લીધું અને જરા પણ કોપ પામ્યો નહીં. કારણ કે "મહર્ષિઓ તપની વૃદ્ધિથી હર્ષ પામે છે." બીજે દિવસે રાજા સ્વસ્થ થયો એટલે તાપસને કરેલ આમંત્રણ સંભારી તેની પાસે આવી, નમી તથા ખમાવીને બોલ્યો કે–"મહર્ષિ! મેં તમને પુણ્યને માટે નોતર્યા, પણ તેથી તો ઉલટું મને પાપ ઉપાર્જન થયું. 'પ્રાય: પાપીઓને પાપજ અતિથિ થાય છે.' હે ભગવન્! મેં ઉલટું બીજે ઠેકાણેથી પણ તમારું પારણું અટકાવ્યું કારણ કે 'અદાતાનો પ્રિય આલાપ બીજે ઠેકાણેથી લાભ થવામાં પણ અંતરાય કરે છે.' પણ હવે પ્રસન્ન થઈ આ બીજા માસક્ષપણના પારણા વખતે નંદનવનને કલ્પવૃક્ષની જેમ મારા આંગણાને અલંકૃત કરશો." તાપસે તે વાત સ્વીકારી એટલે રાજા ઘેર ગયો.

તેના પારણાના દિવસ માટે રાજા પ્રતિદિન આંગળીના વેઢા ગણતો હતો. જ્યારે માસક્ષપણ પૂર્ણ થયું એટલે તાપસ તો રાજાને ઘેર આવ્યો. પણ દૈવયોગે પૂર્વની જેમ તે દિવસે પણ રાજાના શરીરે ઠીક ન હોવાને લીધે દ્વાર બંધ કરેલું હતું, તેથી તાપસે વળી ફરીવાર ઉષ્ટ્રિકા વ્રત લીધું. રાજાએ સ્વસ્થ થઈ પૂર્વની જેમ વિનયથી પાછું આમંત્રણ કર્યું.

ત્રીજું માસક્ષપણ પૂર્ણ થતાં તે તાપસ પાછો રાજાને ઘેર આવ્યો; તે વખતે પણ પૂર્વની પેઠે રાજાનું શરીર વ્યાધિગ્રસ્ત હતું. વારંવાર આમ બનવાથી રાજકીય માણસોએ તે વખતે વિચાર્યું કે, "જ્યારે જ્યારે આ તપસ્વી અહીં આવે છે, ત્યારે ત્યારે આપણા સ્વામીનું અશિવ થાય છે." તેથી તેઓએ રક્ષકોને આજ્ઞા આપી કે તે તાપસ મંત્રી પુત્ર છે. પણ જ્યારે તે રાજમંદિરમાં પ્રવેશ કરે ત્યારે તમારે તેને સર્પની જેમ બહાર કાઢી મૂકવો. રક્ષકોએ તેમજ કર્યું, એટલે તાપસે ક્રોધવડે નિયાણું કર્યું કે, 'હું મારા તપોબળથી આ રાજાના વધને માટે ઉત્પન્ન થાઉં.' તે મૃત્યુ પામી અલ્પ ઋદ્ધિવાળો વાનવ્યંતર દેવ થયો. રાજા પણ તાપસ થઈને તેજ ગતિને પામ્યો. ત્યાંથી ચવીને **સુમંગલ** રાજાનો જીવ **પ્રસેનજિત્** રાજાની રાણી **ધારણી**ના ઉદરથી **શ્રેણિક** નામે પુત્ર થયો.

તેજ નગરમાં **નાગ** નામે એક રથિક હતો, તે **પ્રસેનજિત્** રાજાના ચરણકમલમાં ભ્રમરરૂપ હતો. તેમજ તે દયા અને દાનમાં આદરવાળો, પરનારીનો સહોદર, વીર, ધીર અને સર્વ કળાનો અધ્યેતા હતો. જેથી તે સર્વ ગુણોના એક સ્થાનરૂપ ગણાતો. તેને **સુલસા** નામે સ્ત્રી હતી, તે પુણ્યકર્મમાં આલસ્ય વગરની અને દેહધારી પુણ્યલક્ષ્મી હોય તેવી હતી. સાથે ધૂલિક્રીડા કરનારા બાળકોની જેમ તેનામાં પતિવ્રતાપણું, સમકિત, સરલતા વિગેરે ગુણો એકીસાથે વસતા હતા. એક વખતે નાગ રથિક પોતે અપુત્ર હોવાથી નાળવા સહિત કમળ જેવા કર ઉપર મુખ રાખી ચિંતા કરવા લાગ્યો કે "હું પુત્રને હુલાવીશ અને તેનું લાલન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાલન કરીશ આવો મારો મનોરથ પુત્ર વગર અવકેશી (વંધ્ય) વૃક્ષની જેમ નિષ્ફળ થયો. જેઓએ બાલ્યવયમાં બ્રહ્મચર્ય પાળ્યું નહી અને યુવાવસ્થામાં પુત્રનું મુખ જોયું નહીં તેઓના બંને લોકને ઠગનારા કામીપણાને ધિક્કાર છે." આ પ્રમાણે કાદવમાં ખુંચેલા હાથીની જેમ ચિંતામાં મગ્ન થયેલા અને જેનું મુખ વિવર્ણ થઈ ગયેલું છે એવા પતિને જોઈ તેની પ્રત્યે સુલસાએ વિનયથી અંજલિ જોડીને કહ્યું કે "હે નાથ! તમે હસ્તરૂપ શય્યામાં મુખ રાખ્યું છે તે તમને કાંઈ ચિંતા હોય એમ કહી આપે છે. તો આપ શી ચિંતા કરો છો? તે કહો, અને મને તેની ભાગીદાર કરો." નાગ સારથી બોલ્યો કે–"હું અપુત્ર છું, પુત્રપ્રાપ્તિની ઘણી વાંચ્છા છે, પરંતુ પુત્ર કે પુત્રીની ઈચ્છા કરતા એવા મને તેની પ્રાપ્તિનો કાંઈ પણ ઉપાય સૂજતો નથી." સુલસા બોલી–"સ્વામી! તમે બીજી ઘણી કન્યાઓ પરણો, તેઓમાંથી શું એક પણ પુત્રનો પ્રસવ કરનારી નહિ થાય?" નાગ બોલ્યો–"હે પ્રિયે! આ જન્મમાં હું તારાથીજ સ્રીવાળો રહેવાનો છું, બીજી સ્રી કદિ પણ પરણવાનો નથી; તો પછી તેમનાથી પુત્રોની તો વાતજ શી કરવી? હો પ્રિયદર્શના! હું તો તારાથી થયેલા પુત્રનેજ ઈચ્છું છું કે જે ચિરકાળે પણ આપણા બંનેની પ્રીતિરૂપ વલ્લીમાં ફળરૂપ થાય. તુંજ મારા પ્રાણ, શરીર, મંત્રી અને મિત્ર છો, માટે પુત્રને અર્થે કોઈ દેવની માનતા–બાધા વિગેરે કરવાવડે યત્ન કર." સુલસા બોલી–"પ્રિય સ્વામી! હું શ્રી અર્હંતની આરાધના કરીશ, કારણ કે અર્હંતની આરાધના સર્વ કાર્યમાં ઈચ્છિત ફળને આપનારી છે." પછી તે સુલસા આચામ્લ વિગેરે દુસ્સહ તપ કરવાવડે જન્મથીજ પવિત્ર એવા પોતાના આત્માને વિશેષે પવિત્ર કરવા લાગી, વિકાસ પામેલી નવમલ્લિકાની જેમ મોતીનાંજ આભૂષણો પહેરવા લાગી, કસુંબી વસ્રોથી અરુણ અભ્રવાળી પ્રાતઃકાળની સંધ્યાની જેવી દેખાવા લાગી અને વીતરાગની પૂજામાં તેમજ બ્રહ્મચર્યમાં તત્પર રહેતી છતી પતિના દુઃખથી કોમળ મનવાળી થઇને સમાધિથી રહેવા લાગી.

અહિં પ્રથમ સ્વર્ગનાં દેવોની સભામાં શક્રઈંદ્રે પ્રશંસા કરી કે, 'હાલ ભરતક્ષેત્રમાં ખરી શ્રાવિકા સુલસા છે.' તે સાંભળી એક દેવે વિસ્મય પામી કાન ઉંચા કર્યા અને સુલસાના શ્રાવિકાપણાની પરીક્ષા કરવાને માટે અહિં આવ્યો. તે વખતે સુલસા દેવાર્ચન કરતી હતી, ત્યાં તે સાધુનું રૂપ લઈ 'નિસ્સિહી' બોલતો ઘરદેરાસરમાં પેઠો. અભ્ર વગરની વૃષ્ટિની જેમ તે મુનિને અચાનક આવેલા જોઈ સુલસાએ તેમને ભક્તિથી વંદના કરી અને તેમના આવવાનું કારણ પૂછ્યું. તે બોલ્યો–"મને કોઈ વૈદ્યે કહ્યું છે કે તમારે ઘેર લક્ષપાક તેલ છે, તો તે ગ્લાન સાધુને માટે મને આપો." 'મારૂં લક્ષપાક તેલ સાધુને ઉપયોગમાં આવવાથી સફળ થશે.' એમ બોલતી તે હર્ષથી તેલનો કુંભ લેવા ચાલી. કુંભ લઈને આવતાં દેવતાએ શક્તિથી તે તેલનો કુંભ તેના હાથમાંથી પાડી નાખ્યો. તત્કાલ માળમાંથી પડી ગયેલા ઇંડાની જેમ તે તડ દઈને ફુટી ગયો. એટલે સુલસા ફરીવાર બીજો તેલનો કુંભ લાવી, તે પણ તેવીજ રીતે ફુટી ગયો, તથાપિ તે જરાએ ખેદ પામી નહીં. પછી ત્રીજો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લાવી તો તે પણ તેવીજ રીતે ફુટી ગયો એટલે તેને ચિંતા થઈ કે, 'આ સાધુની યાચના નિષ્ફલ થવાથી અવશ્ય હું અલ્પ પુણ્યવાળી છું.' આવા તેના ભાવ જોઈ તે દેવ પોતાનું સ્વરૂપ પ્રગટ કરીને બોલ્યો કે, "હે ભદ્રે! ઇંદ્રે તારા શ્રાવિકાપણાની પ્રશંસા કરી તેથી વિસ્મય પામી હું તારી પરીક્ષા કરવાને માટે અહિં આવ્યો હતો, તે હવે સંતુષ્ટ થયો છું, માટે વર માગ્ય." તે સાંભળી **સુલસા** બોલી–"હે દેવ! જો સંતુષ્ટ થયો હો તો હું અપુત્રા છું, માટે મને પુત્ર આપો, તે સિવાય મારે બીજી કાંઈ ઈચ્છા નથી." દેવે તેને બત્રીશ ગુટિકા આપીને કહ્યું કે–"અનુક્રમે આ ગુટિકાનું તું ભક્ષણ કરજે તેથી આ જેટલી ગુટિકા છે તેટલા તારે પુત્રો થશે. અનઘે! વળી ફરી જ્યારે તને પ્રયોજન પડે ત્યારે મારૂં સ્મરણ કરજે, હું તરત આવીશ." આ પ્રમાણે કહી તે દેવ અંતર્ધાન થઈ ગયો.

દેવના ગયા પછી **સુલસાએ** વિચાર્યું કે, 'અનુક્રમે આ બધી ગુટિકાઓ ખાવાથી ઘણા બાલકો થાય, તો તેમની અશુચિને કોણ ચુંથે, માટે હું એક સાથે બધી ગુટિકા ખાઉં કે જેથી બત્રીશ લક્ષણવાળો એક જ પુત્ર થાય.' આવો પોતાની બુદ્ધિવડે વિચાર કરી સુલસા બધી ગુટિકાઓને એક સાથે ખાઈ ગઈ. જેવી ભવિતવ્યતા હતી તેવી તેની બુદ્ધિ થઈ. 'અહો! ભવિતવ્યતા અન્યથા થતી નથી.' સમકાળે બત્રીશ ગુટિકાઓ ખાવાથી સમકાળે તેના ઉદરમાં બત્રીશ ગર્ભ ઉત્પન્ન થયા. તેમના વૃદ્ધિ પામવાથી ઘણા ફળોવાળી વલ્લીની જેમ તે ઘણા ગર્ભોને સહન કરી શકી નહીં. એ કૃશોદરીએ વજ્ર જેવા સારવાળા ગર્ભને સહન કરી ન શકવાથી કાયોત્સર્ગે રહી પેલા દેવનું સ્મરણ કરતાંજ તે દેવ હાજર થયો અને પૂછ્યું કે, 'મને શા માટે સંભાર્યો?' ત્યારે તેણે ગુટિકાની બધી કથા માંડીને કહી. દેવ બોલ્યો–'અરે! તેં એક સાથે બધી ગુટિકા શા માટે ભક્ષણ કરી? તે ગુટિકા અમોઘ છે, તેથી તેટલા ગર્ભ એક સાથે તને ધારણ થશે. ભદ્રે! સરલ બુદ્ધિથી પણ તેં આ સારૂં કર્યું નહીં, કારણ કે આ પ્રમાણે થવાથી તે બત્રીશે પુત્રો સરખા આયુવાળા થશે. પણ હે મહાભાગે! હવે ખેદ કરીશ નહીં, કારણ કે ભવિતવ્યતા બલવાન્ છે. તો હવે હું તારી ગર્ભપીડા હરી લઈશ, માટે સ્વસ્થ થા." પછી તે દેવ સુલસાની ગર્ભપીડા હરી લઈને સ્વસ્થાને ગયો. સુલસા પણ સ્વસ્થ થઈ છતી ભૂમિની જેમ ગૂઢગર્ભા થઈ.

ગર્ભસમય પૂર્ણ થતાં શુભ દિવસે અને શુભ મુહૂર્તે સુલસાએ બત્રીશ લક્ષણવાળા બત્રીશ પુત્રોને જન્મ આપ્યો. ધાત્રીઓથી લાલિત થતા તે પુત્રો અનુક્રમે વિંધ્યગિરિમાં હાથીના બચ્ચાંની જેમ અખંડિત મનોરથે મોટા થયા. ગૃહલક્ષ્મી રૂપી પક્ષીના ક્રીડાવૃક્ષ જેવા તે બાળકો આંગણામાં રમતા છતા શોભતા હતા. **નાગ રથિક** તે કુમારોને ખોળામાં લઈ લઈને સ્નેહવડે આનંદના અશ્રુજળથી સ્નાન કરાવતો હતો. પગ ઉપર, ખોળામાં, વાંસા ઉપર અને મસ્તક ઉપર ચડી જતા અને વળગતા કુમારોથી નાગ રથિક સિંહના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શિશુઓથી પર્વતની જેમ શોભતો હતો. નાગ રથિકના સર્વે કુમારો વયમાં સરખા હતા, તેથી તે બધા શ્રેણિકકુમારના અનુયાયી[1] થયા.

એક વખતે **પ્રસેનજિત્** રાજાએ પોતાના પુત્રોની રાજ્યયોગ્યતા વિષે પરીક્ષા કરવાને માટે બધાને એક સાથે ખાવા બેસાડી પાયસાન્નના સ્થાળ તેમની પાસે મૂકાવ્યા. જ્યારે તે કુમારો ભોજન કરવાને પ્રવર્ત્યા ત્યારે રાજાએ તેમની ઉપર વ્યાઘ્રના જેવા મુખ ફાડીને આવતા શ્વાનોને છોડી મૂક્યા. શ્વાનો આવતાંજ બીજા કુમારો તો તત્કાળ ઉઠીને ભાગી ગયા, પણ બુદ્ધિના ધામરૂપ શ્રેણિકકુમાર એકલો બેસી રહ્યો. તે બીજા સ્થાળોમાંથી શ્વાનોને થોડા થોડા પાયસાન્ન આપવા લાગ્યો, અને જેવા તે શ્વાનો તેને ચાટવા લાગ્યાં તેવો પોતે પોતાના ભાણાનું પાયસાન્ન ખાવા લાગ્યો. એ પ્રમાણે તેણે ધરાઈને ખાધું. તે જોઈ રાજા ઘણો રાજી થયો, અને વિચાર્યું કે, ' આ **શ્રેણિકકુમાર** ગમે તે ઉપાયથી શત્રુઓ વિગેરેને અટકાવશે અને પોતે પૃથ્વીને ભોગવશે. '

એક વખતે ફરીવાર પરીક્ષા કરવાને માટે રાજાએ બધા કુમારોને ભેળા કરી મોદકના ભરેલા કરંડીઆ અને પાણીના ભરેલા ઘડા મુદ્રિત કરીને આપ્યા, અને કહ્યું કે, ' આ કરંડીઆમાંથી મુદ્રા તોડચા વગર મોદક ખાઓ અને આ ઘડામાંથી છિદ્ર પાડચા વગર પાણી પીવો. ' શ્રેણિક વિના તેઓમાંથી કોઈ પણ મોદક ખાવા કે પાણી પીવા સમર્થ થયો નહીં. " બળવાન્ પુરૂષો પણ બુદ્ધિસાધ્ય કાર્યમાં શું કરી શકે. " શ્રેણિકે પેલા કરંડીઆઓને વારંવાર ખૂબ હલાવી અંદરના મોદકનું ચૂર્ણ કરી નાખી, તેની સળીઓના છિદ્રમાંથી ખેરવી ખેરવીને ખાધું અને ઘડાની નીચે રૂપાની છીપ રાખી ઘડામાંથી ગળતા જળબિંદુથી તે ભરીને પાણી પીધું. " બુદ્ધિમાન્ પુરૂષને શું દુઃસાધ્ય છે. " આ પ્રમાણે શ્રેણિકની બુદ્ધિસંપત્તિની પરીક્ષા કરીને કુશાગ્ર બુદ્ધિવાળા રાજાએ તેનામાં રાજ્યની યોગ્યતાનો નિશ્ચય કર્યો.

અન્યદા **કુશાગ્ર**નગરમાં વારંવાર અગ્નિનો ઉપદ્રવ થવા લાગ્યો. તેથી રાજા પ્રસેનજિતે આઘોષણા કરાવી કે, ' આ નગરમાં જેના ઘરમાંથી અગ્નિ લાગશે, તેને રોગી ઉંટની જેમ નગરમાંથીજ બહાર કાઢી મૂકવામાં આવશે. ' એક દિવસ રસોઈઆના પ્રમાદથી રાજાના મહેલમાંથીજ અગ્નિ ઉત્પન્ન થયો. " બ્રાહ્મણની જેમ અગ્નિ કોઈનો નથી. " જ્યારે તે અગ્નિ વધવા માંડચો ત્યારે રાજાએ પોતાના કુમારોને આજ્ઞા કરી કે, ' મારા મહેલમાંથી જે વસ્તુ જે કુમાર લઈ જાય, તે તેને સ્વાધીન છે. ' રાજાની આજ્ઞાથી બીજા સર્વ કુમારો રૂચિ પ્રમાણે હાથી ઘોડા તથા બીજી વસ્તુઓ લઈ ગયા અને શ્રેણિકકુમાર માત્ર એક ભંભાનું વાદ્ય લઈને નીકળ્યો. તે જોઈ રાજાએ પૂછ્યું કે, ' તેં માત્ર આ વાદ્યજ કેમ લીધું ? ' શ્રેણિક બોલ્યો, —" આ ભંભાવાદ્ય રાજાઓનું પ્રથમ જયચિન્હ છે, આના શબ્દથી રાજાઓને દિગ્વિજયમાં મોટું મંગળ છે, તેથી તેમણે આવા વાદ્યની પ્રથમ રક્ષા કરવી જોઈએ. " શ્રેણિકકુમારનું

---

૧ અંગરક્ષક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવું મહેચ્છત્વ જોઈ પ્રસન્ન થયેલા રાજાએ તેનું **ભંભાસાર** એવું બીજું નામ પાડયું. રાજા **પ્રસેનજિતે** પૂર્વે પ્રતિજ્ઞાથી કહ્યું હતું કે, 'જેના ઘરમાંથી અગ્નિ પ્રગટ થાય, તેણે નગરમાં રહેવું નહીં,' આ વચનને તે ભૂલી ગયો નહોતો. તેથી તેણે વિચાર્યું કે, 'જો હું પ્રથમ મારી જાત ઉપર મારી આજ્ઞાનો અમલ નહીં કરૂં, તો બીજાઓ ઉપર શાસન કરવું શા કામનું છે?' આવા વિચારથી પરિવાર સહિત તરત જ રાજાએ **કુશાગ્ર**નગરને છોડી દીધું. અને એક કોશ દૂર જઈ છાવણી નખાવીને ત્યાં રહ્યો. પછી લોકો ત્યાં જતાં પરસ્પર પૂછતા કે, 'તમે ક્યાં જાઓ છો?' ત્યારે તેઓ પ્રત્યુત્તર આપતાં કે અમે **રાજગૃહ** (રાજાના ઘર)માં જઈશું.' તે ઉપરથી રાજા પ્રસેનજિતે ત્યાં રાજગૃહ નામે નગર વસાવ્યું અને તેને ખાઈ, કિલ્લો, ચૈત્ય, મહેલો અને ચૌટાઓથી ઘણું રમણીય બનાવ્યું.

'બીજા કુમારો પોતપોતામાં રાજ્યની યોગ્યતા માને છે, તેથી શ્રેણિકની રાજ્યયોગ્યતા તેઓ ન જાણે તો ઠીક' એવું ધારી રાજાએ શ્રેણિકનો અનાદર કર્યો. અને બીજા કુમારોને જુદા જુદા દેશો આપ્યા ત્યારે શ્રેણિકને કાંઈ આપ્યું નહીં. કારણ કે તે તો સમજતો હતો કે પરિણામે આ રાજ્ય શ્રેણિકનું જ છે. પરંતુ આ પ્રમાણે પોતાનું અપમાન થવાથી અભિમાની શ્રેણિક વનમાંથી હાથીના બચ્ચાંની જેમ નગર બહાર નીકળ્યો. અનુક્રમે ફરતો ફરતો **વેણાતટપુરે** આવ્યો,

વેણાતટ નગરમાં પ્રવેશ કરીને શ્રેણિકકુમાર **ભદ્ર** નામના કોઈ શ્રેષ્ઠિની દુકાને જાણે મૂર્ત્તિમાન્ લાભોદય કર્મ હોય તેમ બેઠો. એ સમયે તે નગરમાં કોઈ મોટો ઉત્સવ ચાલતો હતો, તેથી લોકો નવીન દિવ્ય વસ્ત્રાલંકાર અને અંગરાગ ધરીને ફરતા હતા. તે પ્રસંગને લીધે તે શેઠની દુકાને ઘણા ઘરાકો જુદી જુદી વસ્તુઓ ખરીદવા માટે આવવાથી શેઠ આકુળવ્યાકુળ થઈ ગયા, પણ શ્રેણિક તેઓને જે વસ્તુઓ માગે તેના એકદમ પડીકા બાંધી બાંધીને ચાલાકીથી આપવા લાગ્યો. શ્રેણિકકુમારના પ્રયાસથી શેઠે તે દિવસે ઘણું દ્રવ્ય ઉપાર્જન કર્યું. "પુણ્યવાન્ પુરૂષોને વિદેશમાં પણ લક્ષ્મી સાથે આવે છે." પછી શ્રેષ્ઠિએ શ્રેણિકને પૂછ્યું, 'આજે તમે કયા પુણ્યવાન્ ગૃહસ્થના અતિથિ થયા છો?' શ્રેણિક બોલ્યા–'તમારો અતિથિ થયો છું.' શ્રેષ્ઠિએ ચિત્તમાં વિચાર્યું કે, 'આજ રાત્રે સ્વપ્નમાં મેં **નંદા** પુત્રીને યોગ્ય એક વર જોયો હતો, તે સાક્ષાત્ આજ હશે.' પછી શેઠે કહ્યું કે, 'હું ધન્ય થયો કે મારે ઘેર તમારા જેવા અતિથિ થયા. આજે તો અકસ્માત આળસુને ઘેર ગંગાજી આવ્યા.' પછી શેઠ દુકાન બંધ કરી શ્રેણિકને સાથે લઈને પોતાને ઘેર આવ્યા અને શ્રેણિકકુમારને સ્નાન કરાવી, ઉત્તમ વસ્ત્રો પહેરાવી ઘણા આદરથી પોતાની સાથે જમાડયા.

આ પ્રમાણે તે શ્રેષ્ઠિને ઘેર રહેતાં એક દિવસ શેઠે **શ્રેણિક** પાસે માગણી કરી કે, 'મારી આ નંદા નામની પુત્રીને તમે ગ્રહણ કરો.' શ્રેણિકે કહ્યું, 'મારૂં કુળ જાણ્યા વગર તમે પુત્રી કેમ આપો છો?' શ્રેષ્ઠિએ કહ્યું, 'તમારા ગુણોથી મેં તમારૂં કુળ જાણી લીધું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે.' પછી શેઠના અતિ આગ્રહથી લક્ષ્મીને વિષ્ણુ પરણે તેમ શ્રેણિક નંદાને પરણ્યો. શ્રેષ્ઠિના ગૃહમાં ધવળમંગળ પ્રવર્ત્યા. તે વલ્લભાની સાથે વિવિધ ભોગ ભોગવતો શ્રેણિક નિકુંજમાં ગજેંદ્રની જેમ કેટલોક કાળ ત્યાં રહ્યો.

અહિં રાજા પ્રસેનજિત્‌ને અકસ્માત્ રોગની પીડા થઈ આવી, તેથી તેણે ઘણા ખેદપૂર્વક તત્કાળ શ્રેણિકને શોધી લાવવા માટે ઘણી સાંઢો મોકલી. તે સાંઢાવાળા માણસો ફરતા ફરતા વેણાતટે આવી શ્રેણિકને મળ્યા. તેમની પાસેથી પિતાને થયેલી પીડાની વાતો સાંભળી, નંદાને સ્નેહથી સમજાવી, શેઠની રજા લઈને શ્રેણિક એકલા ત્યાંથી ચાલ્યા. નીકળતી વખતે તેણે "જેમાં ઉજ્વળ ભિંતો છે એવા રાજગૃહ નગરનો હું ગોપાળ[1] છું." એવા નિમંત્રણ મંત્ર જેવા તેને અક્ષરો અર્પણ કર્યા. પછી પિતાને રોગથી પીડિત જાણી શ્રેણિક સાંઢ ઉપર ચડી ઉતાવળા રાજગૃહ નગર તરફ ચાલ્યા અને ત્યાં પહોંચ્યા. તેને આવેલો જોઈ પ્રસેનજિત્ રાજા ઘણો હર્ષ પામ્યા. તત્કાળ હર્ષના અશ્રુજળ સાથે સુવર્ણકળશના નિર્મળ જળથી તેનો રાજ્ય ઉપર અભિષેક કર્યો. પછી પ્રસેનજિત્ રાજા પાર્શ્વપ્રભુને અને પંચ નમસ્કાર મંત્રને સંભારતા છતા ચાર શરણ અંગીકાર કરી મૃત્યુ પામીને દેવલોકે ગયા. શ્રેણિકે બધી પૃથ્વીનો ભાર ધારણ કર્યો.

અહીં નંદાએ ઘણો દુર્વહ ગર્ભ ધારણ કર્યો. તેણીને એકદા એવો દોહદ ઉત્પન્ન થયો કે, "હું હાથી ઉપર ચઢી મોટી સમૃદ્ધિથી પ્રાણીઓને ઉપકાર કરી અભય આપનારી થાઉં." તેના પિતાએ તે વાત રાજાને જણાવી, તેનો દોહદ પૂરો કર્યો. ગર્ભસમય પૂર્ણ થતાં સૂર્યને પૂર્વ દિશા પ્રસવે તેમ તેણે એક પુત્રને જન્મ આપ્યો. દોહદના અર્થને અનુસારે માતામહે (માતાના પિતાએ) શુભ દિવસે તેનું 'અભયકુમાર' એવું નામ પાડયું. તે અનુક્રમે મોટો થયો, નિર્દોષ વિદ્યા ભણ્યો અને આઠ વર્ષમાં તો બોંતેર કળામાં પ્રવીણ થઈ ગયો. એક વખતે તેની સમાનવયના કોઈ બાળકે તેની સાથે કલહ થતાં કોપથી તેનો તિરસ્કાર કરીને કહ્યું કે, 'તું શું બોલે છે, તારા પિતા તો કોઈના જાણવામાં નથી.' અભયકુમારે કહ્યું કે, 'મારા પિતા તો ભદ્ર શેઠ છે.' તેણે કહ્યું કે, 'તે તો તારી માતાના પિતા છે.' પછી અભયે ઘરે આવીને માતાને પૂછયું કે–'માતા! મારા પિતા કોણ છે?' નંદાએ કહ્યું, 'આ ભદ્ર શેઠ તારા પિતા છે.' અભય બોલ્યો–'એ ભદ્ર શેઠ તો તારા પિતા છે, પણ જે મારા પિતા હોય તે કહે.' આ પ્રમાણે પુત્રના કહેવાથી નંદા આનંદ રહિત થઈને બોલી કે–'વત્સ! કોઈ દેશાંતરમાંથી આવીને મને પરણ્યા છે, અને તું ગર્ભમાં હતો ત્યારે કોઈ ઉંટવાળા પુરૂષો તેમને લઈ ગયા છે. તેઓએ એકાંતે તેમને કાંઈક વાત કરી અને પછી તેમની સાથે તેઓ તરતજ ચાલ્યા ગયા છે. ત્યાર પછી અદ્યાપિ પર્યંત જાણવામાં

---

[1] ગો=પૃથ્વી. ગોપાળ=રાજા.



જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

આવ્યું નથી કે તેઓ કયાં છે અને કોણ છે?' અભયકુમારે કહ્યું કે, 'તેમણે ચાલતી વખતે કાંઈ કહ્યું છે?' નંદાએ કહ્યું, 'આવા અક્ષરો અર્પણ કર્યા છે' એમ કહી પત્ર બતાવ્યો. તે વાંચી અભયકુમાર પ્રસન્ન થઈને બોલ્યો કે–'મારા પિતા તો રાજગૃહ નગરના રાજા છે, માટે ચાલો હમણાજ આપણે ત્યાં જઇએ.' પછી ભદ્રશેઠની રજા લઈ અભયકુમાર સામગ્રી સહિત નંદાને લઇને રાજગૃહ નગરે આવ્યો. પોતાની માતાને પરિવાર સહિત બહાર ઉદ્યાનમાં મૂકી પોતે થોડો પરિવાર લઈ નગરમાં પેઠો.

અહિં **શ્રેણિક** રાજાએ એકે ઉણા પાંચસો બહુ કુશળ મંત્રીઓ એકઠા કર્યા હતા અને બરાબર પાંચસો મંત્રીઓ પૂરા કરવાને માટે કોઈ ઉત્કૃષ્ટ પુરૂષને તે શોધતો હતો. તેવા બુદ્ધિમાન્ મનુષ્યની પરીક્ષાને માટે રાજાએ એક સૂકા કુવામાં પોતાની વીંટી નાખી દઈને લોકોને જાહેર કર્યું કે, 'જે કાંઠે ઉભો રહી આ કુવામાંથી વીંટી બહાર કાઢી શકે, તે કુશળ બુદ્ધિવાન્ પુરૂષ મારા મંત્રીઓમાં અગ્રેસર થાય.' લોકો કહેવા લાગ્યા કે, 'અમારાથી આવું કાર્ય થવું અશકય છે. કેમકે જે હાથવડે આકાશમાંથી તારાને ખેંચી શકે તે આ મુદ્રિકા કાઢી શકે.' તેવામાં અભયકુમાર ત્યાં હસતો હસતો આવ્યો, અને બોલ્યો કે 'શું આ વીંટી ન લેવાય? એમાં મુશ્કેલ શું છે?' તેને જોઇ લોકો વિચારમાં પડયા કે 'આ કોઈ અતિશય બુદ્ધિમાન્ લાગે છે.' "સમય આવતાં પુરૂષના મુખનો રંગજ તેના પરાક્રમને કહી આપે છે." પછી તેઓ બોલ્યા કે–'કુમાર! આ વીંટી લઈ લ્યો અને તેને માટે પણ કરેલી અર્ધ રાજ્યની લક્ષ્મી, રાજપુત્રી અને મંત્રીઓમાં મુખ્યતા ગ્રહણ કરો.'

અભયકુમારે કુવાના કાંઠા ઉપર ઊભો રહી તરતજ આર્દ્ર ગોમયનો પિંડ તે કુવામાં રહેલી મુદ્રિકા ઉપર નાખ્યો અને પછી તેની ઉપર એક બળતો તૃણનો પુળો નાખ્યો, જેથી તે ગોમય તરતજ શોષાઈ ગયું. પછી **નંદાકુમારે** (અભયકુમારે) શીઘ્રતાથી પાણીની નીક કરાવીને કુવાને પૂર્ણ ભરી દીધો અને લોકોને વિસ્મયથી ભરી દીધા. પછી પેલું ગોમય તર્યું એટલે તે ચતુર બાળકે તરત હાથવતી તે લઈ લીધું અને તેને ચોટેલી વીંટી છુટી પાડી. "બુદ્ધિમાન્ પુરૂષોએ પ્રયોજેલા ઉપાયની આગળ શું દુષ્કર છે?"

રક્ષકોએ આવીને શ્રેણિકને આ ખબર આપ્યા એટલે તેણે વિસ્મય પામી તરતજ અભયકુમારને પોતાની પાસે બોલાવ્યો અને પુત્રની જેમ તેને આલિંગન કર્યું. "સ્વજન કદિ ઓળખાયેલો ન હોય તો પણ દૃષ્ટિએ પડતાં તેનાપર હૃદય હર્ષ ધરે છે." શ્રેણિક રાજાએ તેને પૂછયું કે, 'તમે કયાંથી આવો છો?' **અભયે** કહ્યું, 'હું **વેણાતટ** નગરથી આવ્યો છું.' રાજાએ પૂછયું, 'હે ભદ્રમુખ! તે શહેરમાં **સુભદ્ર** નામે એક પ્રખ્યાત શેઠ રહે છે અને તેને **નંદા** નામે એક પુત્રી છે, તે સારી પેઠે છે?' અભયે કહ્યું, 'હા, તે સારી રીતે છે.' રાજાએ ફરીથી પૂછયું, 'તે શેઠની પુત્રી નંદા સગર્ભા હતી, તેને શું અપત્ય થયું?' તે સાંભળી અભયકુમારે મનોહર દાંતના કિરણોની શ્રેણિથી પ્રકાશ કરતાં કહ્યું કે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'હે દેવ! તે **નંદાએ** અભયકુમાર નામના એક પુત્રને જન્મ આપ્યો છે.' પછી 'તે કેવો રૂપવાન્ અને કેવા ગુણવાળો છે?' એમ રાજાએ પૂછ્યું એટલે અભય બોલ્યો-'સ્વામી! તેજ હું અભયકુમાર છું.' તે સાંભળતાંજ રાજા તેને સ્નેહથી આલિંગન કરી, ઉત્સંગમાં બેસારી અને મસ્તક સુંધી સ્નેહથી સ્નાન કરાવતા હોય તેમ નયનના અશ્રુજળથી સિંચન કરવા લાગ્યો. પછી પૂછ્યું કે 'હે વત્સ! તારી માતા કુશળ છે?' એટલે અભયકુમારે અંજલિ જોડી આ પ્રમાણે વિજ્ઞપ્તિ કરી કે-'હે સ્વામી! ભ્રમરીની જેમ તમારા ચરણકમળને સંભારતી મારી આયુષ્યમતી માતા હાલ આ નગરની બહારના ઉદ્યાનમાંજ છે.' તે સાંભળી અમંદ આનંદ પામતા રાજાએ નંદાને લાવવા માટે અભયકુમારને આગળ કરી બધી સામગ્રી ત્યાં મોકલી અને પછી મનમાં ઘણી ઉત્કંઠા લાવી કમલિની પાસે રાજહંસ જાય તેમ પોતે પણ નંદાની સામે ગયા. રાજાએ ઉદ્યાનમાં આવીને આનંદયુક્ત ચિત્તે નંદાને જોઈ. પરંતુ વિયોગ દુઃખે પીડિત નંદાના કંકણો શિથિલ થઈ ગયા હતા, કપોળ ઉપર કેશ લટકતા હતા, નેત્ર કાજળ વગરના હતા, માથે કેશપાશ છુટો હતો, મલીન વસ્ત્રો પહેર્યાં હતા, અને શરીરની કૃશતાથી બીજના ચંદ્રની કળા જેવી તે દેખાતી હતી. આવી નંદાને મળી તેને આનંદ પમાડી રાજા પોતાના મહેલમાં તેડી લાવ્યા અને સીતાને રામની જેમ તેણે તેને પટરાણી પદ આપ્યું. **અભયકુમારને** પોતાની બેન **સુસેનાની** પુત્રી, સર્વ મંત્રીઓમાં મુખ્યતા અને અર્ધ રાજ્ય આપ્યું. પિતા ઉપર પૂર્ણ ભક્તિથી પોતાને તેમના એક સેવક તુલ્ય માનતા **અભયકુમારે** થોડા સમયમાં પોતાની બુદ્ધિવડે દુઃસાધ્ય રાજાઓને પણ સાધી લીધા.

વસુધારૂપી વધૂના મુગટના માણિક્ય જેવી અને લક્ષ્મીથી વિશાળ **વૈશાળી** નામે મોટી નગરી છે. તેમાં ઇંદ્રની જેમ અખંડ આજ્ઞાવાળો અને શત્રુ રાજાઓને સેવક કરનારો **ચેટક** નામે રાજા રાજ્ય કરે છે. તેને **પૃથા** નામની રાણીથી સાત પુત્રીઓ થઈ હતી, જેઓ રાજ્યના સાત અંગની અધિષ્ઠાયિકા સાત દેવીઓ હોય તેવી લાગતી હતી. તેમના **પ્રભાવતી, પદ્માવતી, મૃગાવતી, શિવા, જ્યેષ્ટા, સુજ્યેષ્ટા** અને **ચિલ્લણા** એવા અનુક્રમે નામ હતા. ચેટક રાજા શ્રાવક હતો. તેણે બીજાનો (પોતાના પુત્ર પુત્રીનો પણ) વિવાહ કરવાની બાધા લીધી હતી, તેથી તેણે કોઈને પોતાની કન્યા આપી નહીં. તે બાબતમાં ઉદાસીન વૃત્તિ રાખીને રહ્યો. એટલે કન્યાઓની માતાઓએ તે બાબતમાં ઉદાસીન એવા રાજાની કોઈ પ્રકારે સંમતિ મેળવીને તેઓમાંથી પાંચ કન્યાઓ યોગ્ય વરને આપી. **વીતભય** નગરના રાજા **ઉદાયનને** પ્રભાવતી આપી. **ચંપાપતિ દધિવાહન** રાજાને પદ્માવતી આપી. **કૌશાંબીનાં** રાજા **શતાનીકને** મૃગાવતી આપી. **ઉજ્જયિનીના** રાજા **પ્રદ્યોતનને** શિવા આપી. **કુંડગ્રામના** અધિપતિ **નંદિવર્દ્ધન** રાજા જે શ્રી **વીરભગવંતના** જ્યેષ્ટ બંધુ હતા, તેને જ્યેષ્ટા આપી. સુજ્યેષ્ટા અને ચિલ્લણા એ બે કુમારી રહી. તે બંને પરસ્પર રૂપશ્રીની ઉપમારૂપ હતી. દિવ્ય આકૃતિવાળી અને દિવ્ય વસ્ત્રાલંકારને ધારણ કરતી તે બંને પુનર્વસુ નક્ષત્રના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બે તારાની જેમ સદા અવિયોગી (સાથે ને સાથે) રહેતી હતી. કળા કલાપમાં કુશળ અને સર્વ અર્થને જાણતી તે બંને જાણે મૂર્ત્તિમાન સરસ્વતી હોય તેમ માંહોમાંહે વિદ્યાવિનોદ કરતી હતી. બંને સાથેજ દેવપૂજા કરતી, સાથેજ ધર્મ સાંભળતી અને એક સ્વરૂપવાળી હોય તેમ બીજું સર્વ કાર્ય સાથેજ કરતી હતી.

એક વખતે કોઈ સ્થવિરા તાપસી સુજ્યેષ્ટા અને ચિલ્લણાથી અલંકૃત એવા કન્યાઓના અંતઃપુરમાં આવી. ત્યાં તેણે અજ્ઞાનીની સભાની જેમ તેમની આગળ પણ 'શૌચમૂળ ધર્મજ પાપને નાશ કરનારો છે' એમ ગાલ ફુલાવીને કહ્યું. તે સાંભળી સુજ્યેષ્ટા બોલી-"અરે! શૌચ કે જે અશુભ આશ્રવરૂપ છે, અને અશુભ આશ્રવ પાપનો હેતુ છે, તો તે પાપને શી રીતે છેદી શકે?" આ પ્રમાણે કહી કુવામાં રહેલા દેડકા વિગેરેના યુક્તિવાળા દ્રષ્ટાંતો આપી ગુણવડે જ્યેષ્ટ સુજ્યેષ્ટાએ તેના શૌચમૂળ ધર્મને ખંડિત કરી નાંખ્યો. પછી જાણે મુખને મુદ્રિત કર્યું હોય તેમ તે તાપસી નિરૂત્તર થઈ ગઈ એટલે અંતઃપુરની દાસીઓ મુખ મરડી મરડીને તેને હસવા લાગી. અને પોતાની સ્વામિનીના જયથી ઉન્મત્ત થયેલી તે દાસીઓએ મોટો કોલાહલ કરી તે તાપસીને કંઠે પકડીને કાઢી મૂકી. તે તાપસી લેવા જતાં ઉલટું ખોઈને આવી હોય તેમ પૂજાને માટે જતાં ઉલટી અનર્થને પામી. તાપસીએ ત્યાંથી નીકળતાં વિચાર્યું કે. 'આ સુજ્યેષ્ટા ગર્વ પામી છે, માટે તેને ઘણી સપત્નીઓમાં પાડી દુઃખનું પાત્ર કરૂં.' આવું ધારી સર્વ કળાઓમાં ચતુર એવી તે તાપસીએ પિંડસ્થ ધ્યાનની લીલાથી સુજ્યેષ્ટાનું રૂપ મનમાં ધારીને એક પટ ઉપર આળેખી લીધું.

સુજ્યેષ્ટાનું રૂપ આલેખીને ક્રૂર તાપસી ત્વરાથી રાજગૃહ નગરે આવી અને રાજા શ્રેણિકને તે ચિત્ર બતાવ્યું. નેત્રરૂપ મૃગની મૃગજાળરૂપ ચિત્રલિખિત રમણીને જોઈને રાજગૃહપતિ શ્રેણિક અનુરાગથી તેનું વર્ણન કરવા લાગ્યો-"અહા! આ બાળાનું શું મનોહર રૂપ છે! મયૂરના કલાપ તો તેના કેશપાશના દાસપણાને પામે છે, તેનું મનોહર નેત્રવાળું મુખ જેમાં ભ્રમર લીન હોય તેવા કમળ જેવું છે, તેનો કંઠ શંખનું અવલંબન કરે છે, સ્તનભૂષિત ઉરસ્થળ ક્રીડા કરતા કોકપક્ષીવાળા સરોવર જેવું છે, નિતંબ ધનુર્ધર કામદેવને ખેલવા યોગ્ય ભૂમિ જેવા સવિસ્તર છે, સાથળ અનુક્રમે વર્તુલ હોવાથી ગજબંધના વિલાસને હરનારા છે. જંઘા કમળના જેવી સરલ અને કોમળ છે અને સરલ જંઘાવાળા ચરણ ઉંચા નાળવાવાળા કમળ જેવા છે. અહા! આ મૃગાક્ષીનું અદ્વૈત સૌંદર્ય, ઉજ્વળ લાવણ્ય અને બીજું સર્વ પણ ઘણું રમ્ય છે." આ પ્રમાણે વર્ણન કર્યા પછી તેના પર મોહિત થયેલા શ્રેણિકે તાપસીને પૂછ્યું કે, હે મહાભાગે! સ્ત્રીઓમાં શ્રેષ્ઠ એવી આ સ્ત્રીનું ચિત્ર તમે તમારી બુદ્ધિથી આળેખ્યું છે કે કોઈ સ્ત્રીના રૂપદર્શનથી આળેખ્યું છે?" તાપસી બોલી-"જેવું રૂપ મેં જોયું તેવું યથાશક્તિ આળેખ્યું છે. હે રાજા! જેવું આ ચિત્રમાં છે તેવું કદિ દર્પણમાં જણાતું હશે." પ્રેમથી મોહિત થયેલો રાજા તે ચિત્રસ્થ રૂપને જાણે આલિંગન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરવાને કે ચુંબન કરવાને ઇચ્છતો હોય તેમ દેખાવા લાગ્યો. પછી બોલ્યો કે, "હે ભદ્રે ! મુક્તાવળીની જેમ આ બાળા કોના વંશમાં ઉત્પન્ન થઈ છે? ચંદ્રલેખાની જેમ તે હાલ કઈ નગરીને અલંકૃત કરે છે? ક્ષીરસાગરને લક્ષ્મીની જેમ કયા ધન્ય પુરૂષની એ પુત્રી છે? કયા પવિત્ર અક્ષરો તેના નામમાં આવ્યા છે? સરસ્વતીએ કઈ કઈ કળાથી તેના પર અનુગ્રહ કર્યો છે? અને કોઈ પુરૂષના કરે તેના કરને ચુંબિત કર્યો છે કે નહી?" તાપસી બોલી– "હે રાજન્? વૈશાલીનગરીના અધિપતિ અને હૈહયવંશમાં ઉત્પન્ન થયેલા ચેટક રાજાની આ કુમારી છે, સર્વ કળાનો ભંડાર છે અને સુજ્યેષ્ઠા તેનું નામ છે. ગુણ અને રૂપની યોગ્યતાથી તમે જ તેને વરવાને યોગ્ય છતાં જો આનો બીજો પતિ થશે તો તમે ત્રીજા પુરૂષાર્થ (કામ)થી છેતરાશો." પછી રાજા શ્રેણિકે તે તાપસીને વિદાય કરી અને જાણે પાંખો મેળવીને વૈશાલી નગરીમાં જવાને ઇચ્છતો હોય તેમ તેને સંભારતો છતો રહેવા લાગ્યો.

બીજે દિવસે રાજગૃહપતિ **શ્રેણિકે સુજ્યેષ્ઠાની** પ્રાર્થના કરવાને માટે એક દૂતને શિખવીને **ચેટક** રાજા પાસે મોકલ્યો. સંદેશો આપવામાં ચતુર એવો તે દૂત સદ્ય **વિશાળામાં** આવી ચેટક રાજાને નમીને બોલ્યો કે–"હે રાજન્ ! મારા સ્વામી મગધપતિ શ્રેણિક તમારી કન્યા સુજ્યેષ્ઠાની માગણી કરે છે. મહાન્ પુરૂષોને કન્યાની માગણી કરવી તે કદિપણ લજ્જાકારક નથી." ચેટક રાજા બોલ્યો કે–"અરે દૂત ! તારો સ્વામી પોતાથી અજાણ્યો લાગે છે કે જે, વાહીકુળમાં ઉત્પન્ન થઈ હૈહયવંશની કન્યાને ઇચ્છે છે. સમાન કુળના વરકન્યાનો વિવાહ થવો યોગ્ય છે, બીજાનો નહીં; માટે હું શ્રેણિકને કન્યા નહીં આપું, તું ચાલ્યો જા." દૂતે આવી તે વૃત્તાંત શ્રેણિક રાજાને કહ્યો, તેથી શત્રુઓથી પરાભવ પામ્યો હોય તેમ તે ઘણો ખેદ પામ્યો. તે સમયે **અભયકુમાર** પિતાના ચરણકમલમાં ભ્રમરરૂપે થઈને ઊભો હતો, તે બોલ્યો કે 'પિતાજી ! શોક કરો નહીં, હું તમારી ઇચ્છા પૂર્ણ કરીશ.'

પછી કળાકલાપના સાગર **અભયકુમારે** ઘેર જઈને એક પાટીઆપર મગધપતિ **શ્રેણિકનું** રૂપ આલેખ્યું. અને ગુટિકાથી વર્ણ તથા સ્વર બદલાવી વણિકનો વેષ લઈને તે **વૈશાલી** નગરીએ ગયો. ત્યાં **ચેટક** રાજાના અંતઃપુરની પાસે એક દુકાન ભાડે લીધી. અને અંતઃપુરની દાસીઓ જે વસ્તુ લેવા આવે તે કીફાયતે આપવા લાગ્યો. તેમજ તે દાસીઓ જુએ તેમ પટ ઉપર આલેખેલા શ્રેણિકરાજાની નિત્ય પૂજા કરવા લાગ્યો. તે જોઈ દાસીએ પૂછયું કે 'આ ચિત્ર કોનું છે!' એટલે તેણે કહ્યું કે, 'આ રૂપ શ્રેણિકરાજા જે મારા દેવ તુલ્ય છે તેનું છે.' શ્રેણિકનું દૈવીરૂપ દાસીઓના જોવામાં આવ્યું, તેનું તેણે વર્ણન કરીને સુજ્યેષ્ટાને કહ્યું, સુજ્યેષ્ટાએ પોતાની સખી જેવી એક સર્વથી જ્યેષ્ટ દાસી હતી, તેને આજ્ઞા કરી કે, 'તે શ્રેણિકનું ચિત્ર મને સત્વર લાવીને બતાવ, તે જોવાનું મારા મનમાં ઘણું કૌતુક છે.' તે દાસીએ અભયકુમારની દુકાને આવી ઘણા આગ્રહથી તે ચિત્ર લઈ જઈને **સુજ્યેષ્ઠાને** બતાવ્યું. અત્યંત સુંદર ચિત્ર જોઈ સુજ્યેષ્ઠા યોગિનીની જેમ નેત્રકમલને સ્થિર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાખી તેમાં લીન થઈ ગઈ. ક્ષણવાર તેમજ રહ્યા પછી સત્વર એકાંતે જઈ તે સખી કે જે તેના ગુપ્ત અભિપ્રાયરૂપ સર્વસ્વને રાખવાની નિધાનભૂમિ જેવી હતી, તેને કહ્યું કે, "સખી! જેનું આ સુંદર ચિત્ર છે, તેને હું પતિ કરવાને ઇચ્છું છું. તેની સાથે જોડી દેવાને મારો વિધિ[1] કોણ થશે? જો આ મનોહર યુવાન મારા પતિ નહિં થાય, તો મારૂં હૃદય પાકેલા ચીભડાની જેમ દ્વિધા થઈ જશે, તેમાં જરા પણ સંશય નથી. માટે હે ભદ્રે! અહિં શો ઉપાય કરવો? તે કહે. મને તો ખરો ઉપાય તેના રૂપને પૂજન કરનાર વણિકનું શરણ લેવું, તેજ લાગે છે. માટે હે યશસ્વિની! હે મારા કાર્યની ધુરાને વહન કરનારી! તું સત્વર જઈને તે વણિકને પ્રસન્ન કર અને પાછી શીઘ્ર આવી તેનો સંદેશો મને કહે. તારૂં કલ્યાણ થાઓ."

દાસીએ દુકાને આવી વણિકરૂપ અભયકુમારની પ્રાર્થના કરી. અભયકુમારે કહ્યું કે, "હું થોડા વખતમાં તમારી સખીનો મનોરથ પૂર્ણ કરીશ. હું એક સુરંગ ખોદાવી તે દ્વારા રાજા શ્રેણિકને અહિં લાવીશ. તે વખતે જે રથ આવે તેમાં તારી સખીએ તત્કાળ બેસી જવું, તમારી સ્વામિની શ્રેણિકને આવેલા જોઈ આ ચિત્રમાં આલેખેલા રૂપની સાથે તેમને મેળવી હર્ષ પામશે." આ પ્રમાણે કહ્યા પછી 'અમુક સ્થાને અમુક દિવસે, અને અમુક વખતે શ્રેણિકરાજા સુરંગદ્વારા આવશે.' એવો ચોક્કસ તેને મુખે સંકેત કર્યો. દાસી તે પ્રમાણે સુજ્યેષ્ઠાને કહી પાછી આવીને અભયકુમાર પ્રત્યે બોલી કે–'તમારૂં વચન પ્રમાણ છે.' પછી તે અંતઃપુરમાં પુનઃ ચાલી ગઈ. અભયકુમારે દુકાન સમેટી રાજગૃહ નગરે જઈ પિતાને તે સંકેતની સર્વ વાત કહી સંભળાવી અને સુરંગ કરાવવાની તજવીજમાં તત્પર થયો.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

અહિં **સુજ્યેષ્ઠા** જ્યારથી **શ્રેણિકરાજાનું** ચિત્ર જોયું ત્યારથી શ્રેણિકરાજાનુંજ સ્મરણ કરતી કામને વશ થઈ છતી ઘણી અરતિ પામવા લાગી. એમ કરતાં કરતાં સંકેતનો નિર્ણય કરેલો દિવસ આવ્યો, એટલે શ્રેણિકરાજા **સુલસાના** બત્રીશ પુત્રોની સાથે સુરંગના દ્વાર પાસે આવ્યો. પછી સુલસાના પુત્રોને રથ સહિત સાથે લઈ વૈતાઢ્યની ગુફામાં ચક્રવર્ત્તીની જેમ શ્રેણિકરાજા સુરંગમાં પેઠો. સુરંગને બીજે દ્વારે નીકળ્યા એટલે મગધપતિએ સુજ્યેષ્ઠાને દીઠી. તેને ચિત્ર પ્રમાણેજ મળતી જોઈ ઘણો હર્ષ પામ્યા. સુજ્યેષ્ઠાએ આ સર્વ વૃત્તાંત સખીભાવથી **ચિલ્લણાને** જણાવીને તેની રજા માગી એટલે ચિલ્લણા પ્રતિજ્ઞાપૂર્વક બોલી કે, 'હું તારા વગર એકલી રહીશ નહીં.' પછી સુજ્યેષ્ઠા ચિલ્લણાને રથમાં બેસારી પોતે સત્વર રત્નનો કરંડીઓ લેવા ગઈ. તે સમયે સુલસાના પુત્રોએ શ્રેણિકરાજાને કહ્યું કે 'હે સ્વામી! શત્રુના ગૃહમાં ચિરકાળ રહેવું ઘટિત નથી.' સુલસાના પુત્રોની પ્રેરણાથી રાજા ચિલ્લણાને લઈ તે સુરંગને માર્ગે જેમ આવ્યો હતો તેમ પાછો ચાલી નીકળ્યો. સુજ્યેષ્ઠા રત્નનો કરંડીઓ લઈને આવી, ત્યાં તો વાદળામાં ઢંકાયેલા ચંદ્રની જેમ શ્રેણિકને ત્યાં જોયા નહીં. તેથી પોતાની બેનનું હરણ થયું અને પોતાનો મનોરથ સિદ્ધ થયો નહીં, એવું ધારી તેણે

---

૧ વિધાતા–બ્રહ્માતુલ્ય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉંચે સ્વરે પોકાર કર્યો કે–'અરે! દોડો! દોડો! હું લુટાણી! મારી બેન ચિલ્લણાનું હરણ થયું!' તે સાંભળતાંજ **ચેટકરાજા** તૈયાર થઈ ગયા. તેને તૈયાર થતાં જોઈ **વીરંગક** નામના રથીએ કહ્યું, 'સ્વામી! હું છતાં તમારે આવો આક્ષેપ કરવો યોગ્ય નથી.' એમ કહી વીરંગક યુદ્ધ કરવાને સજ્જ થઈ કન્યાને પાછી લાવવા માટે સુરંગને દ્વારે ગયો. ત્યાં સુલસાના પુત્રોને જતા જોઈ મહાબાહુ વીરંગકે તેમને એક બાણથી મારી નાખ્યા. સુરંગ સાંકડી હોવાથી તેમના રથોને વીરંગક બાજુપર કરવા રહ્યો, તેટલામાં તો મગધપતિ શ્રેણિક દૂર નીકળી ગયા. પછી વીરંગકે પાછા ફરી તે સર્વ વૃત્તાંત ચેટક રાજાને કહ્યો. પોતાની દુહિતાના હરણથી અને તે બત્રીશ રથિકોના મરણ પામવાથી ચેટકરાજાનું મન એક સાથે રોષ અને તોષથી પૂરાઈ ગયું. એ હકીકત સાંભળી સુજ્યેષ્ઠાએ ચિંતવ્યું કે, 'અહો! વિષયની લોલુપતાને ધિક્કાર છે. વિષયસુખની ઈચ્છા કરનારા મનુષ્યો આવી વિટંબનાઓ પામે છે.' આવા વિચારથી સંસારપર વિરક્ત થયેલી સુજ્યેષ્ઠાએ ચેટકરાજાની રજા લઈ **ચંદના આર્યાની પાસે દીક્ષા લીધી.**

અહિં રાજા શ્રેણિક પોતાના રથમાં બેઠેલી ચેલ્લણાને સુજ્યેષ્ઠા ધારી 'હે સુજ્યેષ્ઠા, હે સુજ્યેષ્ઠા!' એમ બોલાવવા લાગ્યા. ત્યારે ચેલ્લણાએ કહ્યું કે 'સુજ્યેષ્ઠા આવી નથી, હું તો સુજ્યેષ્ઠાની નાની બેન ચેલ્લણા છું.' શ્રેણિક બોલ્યો–'હે સુંદર ભ્રકુટીવાળી સ્ત્રી! મારો પ્રયાસ વ્યર્થ ગયો નથી, તું પણ સુજ્યેષ્ઠાથી કાંઈ ન્યૂન નથી.' ચેલ્લણા પતિના લાભથી અને બેનને છેતરવાથી એક સાથે હર્ષ અને શોકથી લિપ્ત થઈ. રાજા શ્રેણિક પવન જેવા વેગવાળા રથવડે શીઘ્ર પોતાના નગરમાં આવ્યા. તે ખબર સાંભળી અભયકુમાર પણ તરત તેની પાસે આવ્યો. પછી શ્રેણિકરાજાએ ગાંધર્વવિવાહથી ચેલ્લણાનું પાણીગ્રહણ કર્યું.

પછી રાજાએ **નાગ** અને સુલસાની પાસે જઈ તેના પુત્રોના મૃત્યુના ખબર આપ્યા. તે દંપતી રાજા પાસેથી પુત્રોનું અમંગળ સાંભળી મુક્તકંઠે રૂદન કરતા છતા વિલાપ કરવા લાગ્યા–"અરે કૃતાંત! તું ખરેખર કૃતાંતજ છે. તેં અમારા પુત્રોનો એક સાથે નાશ કેમ કર્યો? શું તેઓ બધા એક સાથે તારી સાંકળમાં આવી ગયા? પક્ષીઓને ઘણા બચ્ચાં થાય છે, પણ તેઓ અનુક્રમે મૃત્યુ પામે છે, કદિ પણ એક સાથે મરતા નથી. અથવા શું પરસ્પરના સ્નેહને લીધે તેઓ એક સાથે મરી ગયા? વા શું અમને બંનેને નિઃસ્નેહ જાણ્યા કે જેથી મૃત્યુએ તેમને અમારી પાસેથી ઠગી લીધા?" આ પ્રમાણે તારસ્વરે રૂદન કરતા તેઓને શ્રેણિક રાજાની સાથે આવેલ અભયકુમાર, તત્વવેત્તા આચાર્યની જેમ, બોધ કરવા લાગ્યો કે–"અરે મહાશયો! જન્મધારી પ્રાણીઓને મૃત્યુ તો પ્રકૃતિ છે અને જીવિત વિકૃતિ છે, તો સ્વભાવસિદ્ધ એવા બનાવમાં તમારા જેવા વિવેકીને ખેદ કરવો યોગ્ય નથી." આ પ્રમાણે **અભયકુમારે** તે દંપતીને સમજાવ્યા. પછી યોગ્ય વચનો કહી **શ્રેણિકરાજા** અભયકુમાર સહિત રાજમહેલમાં આવ્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મગધપતિ શ્રેણિક, ઇંદ્રાણી સાથે ઇંદ્રની જેમ, ચેલ્લણાદેવીની સાથે નિર્વિઘ્ને ભોગ ભોગવવા લાગ્યા. પેલો ઔષ્ટ્રીકા વ્રત કરનારો સેનક તાપસ જે વ્યંતર થયો હતો, તે વ્યંતરપણાનું આયુષ્ય પૂર્ણ કરી, ચેલ્લણાની કુક્ષિમાં પુત્રરૂપે અવતર્યો. તે ગર્ભના દોષથી ચેલ્લણાને પતિનું માંસ ખાવાનો દોહદ ઉત્પન્ન થયો કે જે રાક્ષસીને પણ થાય નહીં. પતિભક્તિને લીધે ચેલ્લણા તે દોહદ કોઈને પણ કહી શકી નહીં, તેથી દોહદ પૂર્ણ ન થવાને લીધે તે દિવસના ચંદ્રની જેમ ગ્લાનિ પામવા લાગી. આવા દુર્દોહદથી ગર્ભથી વિરક્ત થયેલી ચેલ્લણાએ પાપનો પણ અંગીકાર કરીને તે ગર્ભને પાડવા માંડ્યો પણ તે પડ્યો નહીં. જળ વગરની વેલડીની જેમ ચેલ્લણાને શરીરે સુકાતી જોઈ રાજાએ પ્રેમબંધુર વાણીથી તેનું કારણ પૂછ્યું– "હે પ્રિયે! શું મેં કાંઈ તમારો પરાભવ કર્યો છે? વા કોઈએ તમારી આજ્ઞા ખંડિત કરી છે? શું કોઈ દુઃસ્વપ્ન જોવામાં આવ્યું છે? વા શું તમારો કોઈ મનોરથ ભગ્ન થયો છે?" આ પ્રમાણે રાજાએ બહુ આગ્રહથી પૂછ્યું, એટલે જાણે વિષપાન કરતી હોય તેમ ગદ્‌ગદ્ અક્ષરે તેણે તેનું ખરેખરૂં કારણ કહી આપ્યું. પછી 'હું તમારો દોહદ પૂરીશ' એમ પ્રિયાને આશ્વાસન આપી શ્રેણિકરાજાએ અભયકુમાર પાસે આવી તે વાત કરીને પૂછ્યું કે, 'આ દોહદ શી રીતે પૂરવો?' અભયે શ્રેણિકરાજાના ઉદર ઉપર સસલાનું માંસ બાંધી તેને ચર્મથી આચ્છાદિત કર્યું અને પછી તેને અવળા સુવાર્યા. શ્રેણિકની આજ્ઞાથી ચેલ્લણા રાક્ષસીની જેમ એકાંતે તે માંસ અંત્યઅપણે ભક્ષણ કરવા લાગી. જ્યારે તે માંસ તોડી તોડીને ખાતી હતી ત્યારે જાણે નટવિદ્યાનો અભ્યાસી હોય તેમ રાજા વારંવાર કૃત્રિમ મૂર્છા પામતો હતો. તે જોઈ પતિના દુઃખનું ચિંતવન કરતાં ચેલ્લણાનું હૃદય કંપાયમાન થતું અને ગર્ભસંબંધી વિચાર કરતાં તે ક્ષણવાર ઉલ્લાસ પામતી. આવી રીતે બુદ્ધિના પ્રયોગથી ચેલ્લણાનો દોહદ પૂર્ણ થયો, પણ પછી 'અરે હું પતિને હણનારી પાપિણી છું' એમ બોલતી બોલતી તે મૂર્છા પામી ગઈ. રાજાએ ચેલ્લણાને સાવધ કરી પોતાનું અક્ષત શરીર બતાવ્યું. તે દર્શન થતાં સૂર્યદર્શનથી કમલિનીની જેમ તે ઘણો હર્ષ પામી.

નવ માસ પૂરા થયા એટલે ચંદનને મલયાચલની ભૂમિ પ્રસવે તેમ તે ચેટકકુમારીએ એક પુત્રને જન્મ આપ્યો. તત્કાળ ચેલ્લણાએ દાસીને આજ્ઞા કરી કે, 'આ બાળક તેના પિતાનો વૈરી છે માટે એ પાપીને સર્પના બચ્ચાની જેમ કાંઈક દૂર લઈ જઈને ત્યજી દે.' દાસીએ તેને લઈને અશોક વનની ભૂમિમાં જઈ મૂકી દીધો. ત્યાં ઉપપાદ શય્યામાં ઉત્પન્ન થયેલા દેવની જેમ તે પ્રકાશ કરતો છતો શોભવા લાગ્યો. તે બાળકને મૂકીને આવતી દાસીને જોઈને રાજાએ પૂછ્યું કે, 'તું ક્યાં ગઈ હતી?' એટલે તેણીએ જેવું હતું તેવું સ્વરૂપ કહી દીધું. તરત જ રાજા અશોકવનમાં ગયો. અને તે પુત્રને જોઈ સ્વામીના પ્રસાદની જેમ પ્રીતિવડે બે હાથે ગ્રહણ કરી લીધો. પછી તેને લઈ ઘેર આવીને ચેલ્લણાને કહ્યું કે, "અરે! કુલીન અને વિવેકી થઈને તેં આવું અકાર્ય કેમ કર્યું? કે જે ચંડાળો પણ કરે નહિ. જે દુશ્ચારિણી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અધર્મી કે સાક્ષાત્ કર્કશા હોય તે પણ પોતાના ગોલક[1] કે કુંડ જાતિના પુત્રોને પણ તજી દેતી નથી." **ચેલ્લણા** બોલી-"હે નાથ! આ પુત્રરૂપે તમારો વૈરી છે, કારણ કે જે ગર્ભમાં આવતાં જ મને મહા પાપકારી દોહદ ઉત્પન્ન થયો હતો, તેથી જ મેં તેને જન્મ થતાં છોડી દીધો હતો. કેમકે પતિનું કુશળ ઇચ્છનારી સ્ત્રીઓને પુત્ર હોય કે બીજો ગમે તે હોય પણ જો તે પતિને અહિતકારી હોય તો તેથી શું?" પછી શ્રેણિકરાજાએ કહ્યું કે, 'જો આ જ્યેષ્ટ પુત્રને તું છોડી દઈશ તો તારે બીજા પુત્રો પણ જળના પરપોટાની જેમ સ્થિર રહેશે નહીં.' આવી પતિની આજ્ઞાથી જો કે તે ઇચ્છતી નહોતી તો પણ સર્પની જેમ તે બાળકને સ્તનપાન કરાવીને ઉછેરવા લાગી.

ચેલ્લણાનો તે પુત્ર કાંતિએ ચંદ્ર જેવો હતો અને અશોક વનમાં જ પ્રથમ જોવામાં આવ્યો હતો તેથી રાજાએ તેનું '**અશોકચંદ્ર**' નામ પાડયું. જ્યારે તેને વનમાં છોડી દીધો હતો ત્યારે તેની કનિષ્ઠિકા આંગળી કે જે અશોક વૃક્ષના દલ જેવી કોમળ હતી, તે કુકડીએ કરડી ખાધી હતી. તેની પીડાથી રૂદન કરતાં તે બાળકની આંગળી કે જે રૂધિર-પરૂથી વ્યાપ્ત હતી, તેને રાજાએ સ્નેહવડે મુખમાં નાંખી એટલે એ બાળક રોતો બંધ રહ્યો. અનુક્રમે કેટલેક દિવસે તે આંગળીનું વ્રણ તો રૂઝાઈ ગયું, પણ તે આંગળી બુંઠી રહી, તેથી તેની સાથે ધૂળિક્રિડા કરનારા બાળકો તેને કુણિક[2] કહેવા લાગ્યા.

ત્યાર પછી ચેલ્લણા દેવીને હૃદયકમલમાં સૂર્યરૂપ **હલ્લ** અને **વિહલ્લ** નામે બીજા બે પુત્રો થયા. ચેલ્લણાના આ ત્રણે પુત્રો મોટા થયા એટલે જાણે મૂર્તિમાન પ્રભુત્વ, મંત્ર અને ઉત્સાહ એ ત્રણે શક્તિ હોય તેમ નિત્ય રાજાને અનુસરનારા થયા. તેમની માતા ચેલ્લણા પિતાના દ્વેષી **કુણિકને** ગોળના લાડુ અને હલ્લ વિહલ્લને ખાંડના લાડુ હમેશાં મોકલતી હતી. પૂર્વ કર્મથી દૂષિત એવો કુણિક આ પ્રમાણેનો ટાળો શ્રેણિક જ કરે છે એવું હમેશાં મનમાં વિચારતો. અનુક્રમે કુણિક મધ્યમ વય (યૌવન)ને પ્રાપ્ત થયો, એટલે સ્નેહવાળા શ્રેણિકે મોટા ઉત્સવથી તેને **પદ્માવતી** નામની રાજપુત્રી સાથે પરણાવ્યો.

શ્રેણિકરાજાની **ધારણી** નામની રાણીને ગજેંદ્રના સ્વપ્નથી સૂચિત ગર્ભ રહ્યો. અન્યદા તેને મેઘવૃષ્ટિમાં ભ્રમણ કરવાનો દોહદ થયો. રાજાની આજ્ઞાથી **અભયકુમારે** દેવતાની આરાધના કરીને તે દોહદ પૂર્ણ કર્યો. પૂર્ણ સમયે તેણે **મેઘકુમાર** નામના પુત્રને જન્મ આપ્યો.

પૂર્વે એક બ્રાહ્મણે યજ્ઞ કરવા માંડયો હતો, તેમાં નોકર રહેવા એક દાસને તેણે પૂછ્યું, દાસે કહ્યું કે, 'જો મને બ્રાહ્મણો જમતાં વધેલી રસોઈ આપે તો હું રહું', અન્યથા રહીશ

---

૧ પતિ મૃત્યુ પામ્યા પછી બીજા જારથી થયેલો પુત્ર કુંડ કહેવાય છે અને પતિ વિદ્યમાન છતાં જારથી થયેલો પુત્ર ગોલક કહેવાય છે.

૨ બુંઠી આંગળીવાળો.



www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

નહિ.' બ્રાહ્મણે તે વાત સ્વીકારી એટલે તે દાસ યજ્ઞના વાડામાં રહ્યો. પછી શેષ રહેલી રસોઈમાં જે મળે તે બધું પેલો દાસ હમેશાં સાધુ મુનિરાજને વહોરાવવા લાગ્યો. તેના પ્રભાવથી દેવતાનું આયુષ્ય બાંધીને તે દાસ દેવલોકમાં ગયો અને સ્વર્ગમાંથી ચવીને તે શ્રેણિકરાજાનો **નંદીષેણ** નામે પુત્ર થયો. પેલા યજ્ઞ કરનાર બ્રાહ્મણનો જીવ અનેક યોનિઓમાં પરિભ્રમણ કરવા લાગ્યો.

એક અરણ્યની અંદર મોટા હસ્તિયૂથમાં બળમાં દિગ્ગજના કુમાર જેવો એક યૂથપતિ હાથી હતો. તે 'કોઈ પણ બીજો યુવાન્ હાથી આ હાથિણીઓનો સ્વામી (ઇચ્છક) ન થાઓ' એવી બુદ્ધિથી પોતાની જે જે હાથિણીને બચ્ચાં આવતાં તેને જન્મતાંવેંત જ મારી નાખતો હતો. તે યૂથ માંહેલી એક હાથિણીના ઉદરમાં તે બ્રાહ્મણનો જીવ ઉત્પન્ન થયો. ત્યારે તે ગર્ભિણી હાથિણીએ વિચાર્યું કે, 'આ પાપી યૂથપતિએ મારા ઘણા પુત્રોને મારી નાખ્યા છે, તો હવે કોઈ પણ ઉપાય કરીને મારા આ પુત્રની રક્ષા કરીશ.' એવો નિશ્ચય કરી જાણે વાયુથી પગ રહી ગયો હોય તેમ તે હાથિણી કપટથી લુલી લુલી ચાલવા લાગી. તેમ છતાં 'આ હાથિણી બીજા યૂથપતિને ભોગ્ય ન થાઓ' એમ ધારી હળવે હળવે ચાલતો યૂથપતિ તેની રાહ જોવા લાગ્યો. ક્રમેક્રમે તે એટલી બધી મંદગતિએ ચાલવા લાગી કે તેથી અર્ધા પહોરે, એક દિવસે અને બે દિવસે તે આવીને યૂથપતિને મળવા લાગી. 'આ બીચારી અશક્ત છે, તેથી મને લાંબે કાળે મળે છે' એમ ધારીને હાથીના દિલમાં વિશ્વાસ બેઠો. "માયાવીથી કોણ ન ઠગાય?" એક વખતે યૂથપતિ દૂર જતાં તે હાથિણી માથાપર તૃણનો પૂળો લઈને તાપસના આશ્રમમાં આવી. માથે પૂળો રાખતી અને પગે સ્ખલિત થતી તે હાથિણીને જોઈને 'આ બિચારી હાથિણી શરણની ઇચ્છા રાખે છે' એમ તાપસોના જાણવામાં આવ્યું. એટલે "હે વત્સે! તું વિશ્વાસ રાખીને સ્વસ્થ થા.' આ પ્રમાણે તેમણે કહ્યું. પછી તે પિતાના ઘરની જેમ તેમના આશ્રમમાં રહી. અનુક્રમે જ્યારે તે હાથિણીને પુત્રનો પ્રસવ થયો ત્યારે તે પુત્રને તાપસોના આશ્રમમાં મૂકીને પોતે પાછી પ્રથમની જેમ જ યૂથમાં વિચરવા લાગી. કોઈ કોઈ વાર વચમાં ગુપ્ત રીતે આવી આવીને તે પોતાના બાળ કલભને સ્તનપાન કરાવી જતી હતી. તે બાલ **ગજકુમાર** આશ્રમના વૃક્ષોની જેમ હળવે હળવે મોટો થયો. તાપસો પાકેલા નીવારના ગ્રાસથી અને શલ્લકીના કવલથી પોતાના બાળકની જેમ તેનું પ્રેમથી પોષણ કરતા હતા. તે ગજકુમાર ક્રીડા કરતો છતો પોતાની સુંઢથી તપસ્વીઓના ઉત્સંગમાં પલોંઠી અને મસ્તક પર જટા મુગટ રચતો હતો. પાણીના ઘડાઓ ભરી ભરીને આશ્રમના વૃક્ષોનું સિંચન કરતા તાપસોને જોઈને તે કલભ પણ પોતાની સુંઢમાં જળ ભરી ભરીને વૃક્ષોનું સિંચન કરતો હતો. આ પ્રમાણે પ્રતિદિન આશ્રમના વૃક્ષોનું સિંચન કરવાથી તે કલભનું તાપસોએ '**સેચનક**' નામ પાડ્યું. અનુક્રમે તેની સુંઢ સાથે વળગેલા દાંત ઉત્પન્ન થયા, નેત્ર મધુપિંગળ સરખા થયા, સુંઢ ભૂમિનો સ્પર્શ કરવા લાગી, પીઠ ઉન્નત થઈ, કુંભસ્થળ ઉંચા થયા, ગ્રીવા લઘુ થઈ, વેણુક (પૃષ્ઠ ભાગ) ક્રમથી નમી ગયો, સુંઢથી પુંછ જરાક જ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉણું રહ્યું અને વીશ નખોથી શોભવા લાગ્યો. તેમ જ પાછલા ભાગમાં નીચો ને ગાત્રના ભાગમાં ઉંચો થયો. આ પ્રમાણે હાથીનાં સર્વ લક્ષણોએ સંયુક્ત થયો અને અનુક્રમે તેના મુખ ઉપર મદ પણ ઝરવા લાગ્યો.

એક વખતે તે સેચનક નદીને તીરે પાણી પીવા ગયો, ત્યાં પેલો યૂથપતિ તેના જોવામાં આવ્યો. તેની સાથે યુદ્ધ કરીને તેણે (સેચનકે) તેને મારી નાખ્યો. અને પોતે બધા યૂથનો પતિ થયો. પછી તેણે મનમાં વિચાર્યું કે, 'જેમ મારી માતાએ મને કપટથી તાપસોના આશ્રમમાં ગુપ્ત રાખ્યો અને ત્યાં હું વૃદ્ધિ પામવાથી મારા પિતાને જેમ મેં મારી નાખ્યો તેમ એ આશ્રમમાં કોઈ બીજો હસ્તી પણ વૃદ્ધિ પામીને તેવું કરી શકે, માટે એ આશ્રમોજ રહેવા જોઈએ નહીં.' આવું વિચારી તેણે તટને નદી ભાંગી નાંખે તેમ તે બધા આશ્રમોને તેનું ઠેકાણું પણ ન જણાય તેવી રીતે ભાંગી નાંખ્યાં. પછી 'આ દુરાત્મા હસ્તી આપણને કોઈ પણ આશ્રમમાં સુખે રહેવા દેશે નહીં.' એમ ધારીને તે તાપસોએ જઈ શ્રેણિક રાજાને કહ્યું કે, 'એક હાથી સર્વ લક્ષણોથી સંયુક્ત હોવાથી રાજાને યોગ્ય છે. આપ માણસો મોકલો તો બતાવીએ.' તત્કાળ શ્રેણિક રાજાએ માણસો સાથે જઈ તે હાથીને પકડીને બાંધી લીધો અને પોતાના દરબારમાં આણ્યો. "રાજાઓ સેનાના અંગને વધારવાના કૌતુકી હોય છે." આવા અસહ્ય બળવાળા હાથીને પણ રાજાએ બળાત્કારે બાંધી લીધો. 'જળને અભેદ્ય ન હોવાની જેમ મનુષ્યોને શું અસાધ્ય છે?' તે સેચનકના પગમાં સાંકળ નાખી નહોતી પણ તે ક્રોધથી જાણે ચિત્રસ્થ હોય તેમ સુંઢ, પુંછ અને કાન સ્થિર કરીને રહ્યો હતો. તેવામાં 'સારે ભાગ્યે આપણા આશ્રમોનું કુશળ થયું.' એમ વિચારીને પ્રસન્ન થતા પેલા તાપસો ત્યાં આવીને તે બાંધેલા હાથીનો તિરસ્કાર કરવા લાગ્યા કે—"અરે દુષ્ટ! અમે તને લાલિત પાલિત કરી પોષણ આપી મોટો કર્યો ત્યારે તું ઉલટો અગ્નિની જેમ પોતાના જ સ્થાનનો ઘાત કરનાર થયો. અરે દુર્મતિ! અરે બળથી ઉન્મત્ત થયેલા! તેં જે અમારા આશ્રમો ભાંગ્યા તે કર્મનું જ તને આ બંધન રૂપ ફળ મળ્યું છે." આવા તાપસોના વચનો સાંભળી હાથીએ વિચાર્યું કે, 'જરૂર આ તપસ્વીઓએ જ કોઈ ઉપાયની રચના કરી મને આ દશાને પમાડ્યો છે.' પછી તત્કાળ તેણે ક્રોધથી કદલીના સ્તંભની જેમ આલાનસ્તંભને ભાંગી નાખ્યો અને કમળનાં બીસતંતુની જેમ તડતડાટ બંધનો તોડી નાંખ્યા, પછી છુટો થઈ ક્રોધથી નેત્ર અને મુખ રાતાં કરી ભ્રમરની જેમ પેલા તાપસોને દૂર ફેંકી દીધા અને પોતે અરણ્ય તરફ દોડ્યો.

શ્રેણિકરાજા અશ્વારૂઢ થયેલા પુત્રોને લઈને તે હાથીની પછવાડે દોડ્યો, અને મૃગયામાં પ્રાપ્ત થયેલા મૃગની જેમ તેને ચારે તરફથી ઘેરી લીધો. તે મત્ત ગજેંદ્ર જાણે વ્યંતરગ્રસ્ત થયો હોય, તેમ મ્હાવતોના પ્રલોભનને કે તિરસ્કારને જરા પણ ગણતો નહોતો, પરંતુ નંદીષેણનું વચન સાંભળીને અને તેને જોઈને તે શાંત થઈ ગયો. તેજ વખતે તેણે અવધિજ્ઞા-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નથી[1] પોતાનો પૂર્વ જન્મ જાણી લીધો. પછી **નંદીષેણ** તરતજ તેની પાસે આવી તેની કક્ષાનું આલંબન કરી દાંત ઉપર પગ દઈને તેના ઉપર આરૂઢ થયો અને તેના કુંભસ્થળ ઉપર ત્રણ મુષ્ટિ મારી. નંદીષેણના વચનથી દંતઘાત વિગેરે ક્રિયા કરતો તે હાથી જાણે શિક્ષિત હોય તેમ બંધનસ્થાનકે આવ્યો. પછી શ્રેણિકે તે હાથીને પટ્ટો આપ્યો અર્થાત્ પોતાનો પટ્ટહસ્તિ ઠરાવ્યો અને યુવરાજની જેમ તેને પોતાનો પ્રીતિપાત્ર કર્યો. શ્રેણિકરાજાને કુલીન પત્નીઓથી બીજા પણ કાળ વિગેરે ઘણા પરાક્રમી પુત્રો થયા.

શ્રી **વીર**પ્રભુ ભવ્ય પ્રાણીઓને બોધ કરવા માટે વિહાર કરતા સુર અસુરોના પરિવાર સાથે **રાજગૃહ** નગરે આવ્યા. ત્યાં ગુણશીલ ચૈત્યમાં દેવતાઓએ કરેલા ચૈત્યવૃક્ષથી શોભિત સમવસરણમાં પ્રભુએ પ્રવેશ કર્યો. વીરપ્રભુને સમવસર્યા સાંભળી શ્રેણિકરાજા પુત્ર સહિત મોટી સમૃદ્ધિથી વાંદવા આવ્યા. પ્રભુને પ્રદક્ષિણા કરી, નમી, યોગ્ય સ્થાને બેસીને ભક્તિમાન્ શ્રેણિકરાજા આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા–"હે ત્રાતા! જગતને જીતનારા તમારા બીજા ગુણો તો એક તરફ રહ્યા પણ માત્ર ઉદાત્તશાંત એવી તમારી મુદ્રાએ જ આ ત્રણ જગતને જીતી લીધા છે. તેથી મેરૂ તૃણ સમાન અને સમુદ્ર ખાબોચીઆ જેવો થઈ ગયો છે. સર્વ મોટાઓથી પણ મોટા એવા તમને જે પાપીઓએ છોડી દીધા છે, તેઓના હાથમાંથી ચિંતામણિ રત્ન પડી ગયું છે અને જે અજ્ઞાનીઓએ તમારા શાસનના સર્વસ્વને સ્વાધીન કર્યું નથી, તેઓએ અમૃતને પ્રાપ્ત કરીને વૃથા કર્યું છે. જે તમારી ઉપર પણ ગુચ્છાકાર (વાંકી) દૃષ્ટિ ધારણ કરે છે, તેને સાક્ષાત્ અગ્નિનું શરણ જ પ્રાપ્ત થાય છે. તે વિષે વધારે શું કહેવું? જેઓ બીજા શાસનો સાથે તમારા શાસનની તુલના કરે છે, તે હતાત્માઓ અમૃત અને વિષને સમાન ગણે છે. જેઓ તમારા ઉપર મત્સરભાવ ધરે છે, તેઓ બહેરા અને મુંગા થાય છે, કારણ કે પાપકર્મથી શુભ પરિણામની વિકળતાજ થાય છે. જેઓ તમારા શાસનરૂપ અમૃતરસથી હમેશાં પોતાના આત્માને સિંચન કરે છે, તેઓને મારી પ્રણામાંજલિ છે અને અમે તેમની ઉપાસના કરીએ છીએ. જેમના મસ્તક ઉપર તમારા ચરણનખના કિરણો ચિરકાળ ચુડામણિ થઈ રહે છે, તે ભૂમિને પણ નમસ્કાર છે, એથી બીજું શું કહીએ. હું ધન્ય છું, સફળ જન્મવાળો છું અને કૃતાર્થ થયો છું કે જે તમારા ગુણગ્રામની રમણીયતામાં લંપટ રહ્યો છું."

આ પ્રમાણે સ્તુતિ કરીને શ્રેણિકરાજા વિરામ પામ્યા પછી શ્રી વીરપ્રભુએ અમૃતવૃષ્ટિ જેવી ધર્મદેશના આપી. પ્રભુની દેશના સાંભળી શ્રેણિકરાજાએ સમકિતનો આશ્રય કર્યો અને **અભયકુમાર** વગેરેએ શ્રાવકધર્મ અંગીકાર કર્યો. દેશનાને અંતે પ્રભુને પ્રણામ કરી તેમની વાણીથી પ્રસન્ન થયેલા પુત્રોની સાથે શ્રેણિકરાજા સ્વસ્થાનકે ગયા.

---

1 અહીં જાતિસ્મરણ જ્ઞાનનો સંભવ છે.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com	For Private & Personal Use Only	info@jainsite.com

શ્રેણિકરાજા રાજભુવનમાં ગયા પછી તેમના **મેઘકુમાર** નામના પુત્રે તેમને અને **ધારણી**દેવીને ભક્તિથી અંજલિ જોડી ઉદાર વચને વિજ્ઞપ્તિ કરી કે—"તમોએ ચિરકાળ મારૂં લાલનપાલન કર્યું છે, હું કેવળ તમોને શ્રમ આપનાર થયો છું, તથાપિ આટલી વિશેષ પ્રાર્થના કરૂં છું કે, હું આ અનંત દુઃખદાયી સંસારથી ચકિત થઈ ગયો છું, અને તે સંસારના તારક શ્રી વીરપ્રભુ સ્વયમેવ અહિં પધાર્યા છે, તો તમે મને આજ્ઞા આપો કે, જેથી હું સંસારભીરૂના શરણરૂપ શ્રી **વીર**પ્રભુના ચરણમાં જઈને દીક્ષા લઉં." શ્રેણિક અને ધારણી પુત્રના આવાં વચન સાંભળીને બોલ્યા કે "પુત્ર! આ વ્રત કાંઈ સહેલું નથી, તો તું કોમલાંગ થઈને તેને શી રીતે પાળી શકીશ?" મેઘકુમાર બોલ્યો—"હે પૂજ્ય! હું સુકુમાર છું છતાં સંસારથી ભય પામેલો હોવાથી તે દુષ્કર વ્રતને આદરીશ; માટે મારાપર પ્રસન્ન થાઓ. હે માતપિતા! જે મૃત્યુ માતપિતાના ઉત્સંગમાંથી પણ પુત્રાદિકને ખેંચી લે છે, તે મૃત્યુને પ્રભુના ચરણને અનુસરવાથી હું છળ કરી છેતરીશ." શ્રેણિક બોલ્યા—"વત્સ! જો કે તું સંસારથી ઉદ્વિગ્ન થયો છું, તથાપિ મારા રાજ્યને એક વાર ગ્રહણ કર અને મારી દૃષ્ટિને શાંતિ આપ." મેઘકુમારે તેમ કરવાને સ્વીકાર્યું એટલે રાજાએ મોટા મહોત્સવથી તેને રાજ્યપર બેસાર્યો. પછી રાજાએ હર્ષના આવેશથી પૂછયું કે, 'હવે હું તને બીજું શું કરી આપું?' મેઘકુમાર બોલ્યો—'પિતાજી! જો મારાપર પ્રસન્ન થયા હો તો દીક્ષાગ્રહણની ઇચ્છાવાળા મને કુત્રિકની[1] દુકાનેથી રજોહરણ અને પાત્રાદિક મંગાવી આપો.' રાજા પોતાના વચનથી બંધાઈ ગયા હતા તેથી તેને કચવાતે મને પણ તેમ કરવું પડયું. પછી મેઘકુમારે પ્રભુની પાસે જઈને દીક્ષા લીધી.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

પહેલી જ રાત્રે મેઘકુમાર મુનિ નાના મોટાના ક્રમથી છેવટના સંથારા ઉપર સુતા હતા, તેથી બહાર જતા આવતા મુનિઓના ચરણ વારંવાર તેના શરીર સાંથે અથડાતા હતા. તેથી તેને વિચાર થયો કે, "હું વૈભવ વગરનો હોવાથી જ આ મુનિઓ મને પગથી સંઘટ્ટ કરતા જાય છે. કેમકે 'સર્વ ઠેકાણે વૈભવ જ પૂજાય છે.' માટે પ્રાતઃકાળે પ્રભુની આજ્ઞા લઈને વ્રતને છોડી દઈશ." આવો વિચાર કરતાં કરતાં તેણે માંડમાંડ રાત્રિ નિર્ગમન કરી. પ્રાતઃકાળે વ્રતને છોડવાની ઇચ્છાથી તે પ્રભુની પાસે ગયા. સર્વજ્ઞપ્રભુ કેવળજ્ઞાનવડે તેનો ભાવ જાણીને બોલ્યા કે, "અરે મેઘકુમાર! સંયમના ભારથી ભગ્ન ચિત્તવાળો થઈ તું તારા પૂર્વભવને કેમ સંભારતો નથી? સાંભળ! આ ભવથી ત્રીજે ભવે તું **વૈતાઢ્ય**ગિરિ ઉપર **મેરૂપ્રભ** નામે હાથી હતો. એક વખતે વનમાં દાવાનળ લાગવાથી તૃષાર્ત્ત થઈને તું સરોવરમાં પાણી પીવાને ગયો, ત્યાં કાદવમાં ખુંચી ગયો; તેથી નિર્બળ થઈ ગયેલા તને તારા શત્રુ હસ્તીએ આવીને દંતાદિના બહુ પ્રહાર કર્યા. તેથી સાતમે દિવસે મૃત્યુ પામીને તેજ નામનો તું વિંધ્યાચળમાં હાથી થયો. એક વખતે વનમાં દાવાનળ લાગેલો જોઈ જાતિસ્મરણ થવાથી તૃણ

---

[1] આ દેવાધિષ્ઠિત દુકાન હતી અને ત્યાંથી જે ચીજ માગે તે મળતી હતી.

વૃક્ષ વિગેરેનું ઉન્મૂલન કરીને યૂથની રક્ષાને માટે તેં નદીકીનારે ત્રણ સ્થંડિલો કર્યા. અન્યદા પાછો દાવાનળ પ્રગટ થયેલો જોઈ તું પેલા સ્થંડિલ તરફ દોડયો, ત્યાં મૃગ વિગેરે જનાવરોએ આવીને પ્રથમથી બે સ્થંડિલ તો પૂરી દીધા હતા, તેથી તું ત્રીજા સ્થંડિલમાં ગયો. ત્યાં રહ્યા છતા શરીરને ખુજલી કરવાને માટે તેં એક પગ ઉંચો કર્યો, તેવામાં પરસ્પર પ્રાણીઓના સંમર્દથી સંકડાઈ ગયેલો એક સસલો તે પગવાળી જગાએ આવીને ઉભો રહ્યો. પગ પાછો મૂકતાં તેને જોઈ દયાપૂર્ણ હૃદયવાળો તું જેમ મદથી ઉભો રહે તેમ તે પગ ઉંચો રાખી ત્રણ પગે ઉભો રહ્યો. અઢી દિવસે દાવાનળ શાંત થયો તેથી તે સસલા વિગેરે પ્રાણીઓ પોતપોતાને ઠેકાણે ચાલ્યા ગયા, એટલે, ક્ષુધા તૃષાથી પીડિત એવો તું પાણીને માટે દોડવા ગયો, પરંતુ ઘણીવાર સુધી ત્રણ પગે રહેવાથી ચોથો પગ બંધાઈ જવાને લીધે તું ચાલી ન શકતાં પૃથ્વીપર પડી ગયો. ક્ષુધા અને તૃષાના દુઃખથી ત્રીજે દિવસે તું મૃત્યુ પામ્યો. પરંતુ સસલાપર કરેલી દયાના પુણ્યથી તું રાજપુત્ર થયો છું. તને માંડમાંડ મનુષ્યભવ પ્રાપ્ત થયો છે, તો તેને વૃથા શા માટે ગુમાવે છે? એક સસલાની રક્ષા કરવા માટે તેં આટલું બધું કષ્ટ સહન કર્યું હતું તો અત્યારે સાધુઓના ચરણસંઘટ્ટના કષ્ટથી કેમ ખેદ પામે છે? એક જીવને અભય દાન આપવાથી તને આટલું ફળ પ્રાપ્ત થયું તો સર્વ જીવોને અભયદાન આપનાર મુનિપણાને પ્રાપ્ત કરવાના ફળની તો વાત જ શી કરવી? માટે તેં જે વ્રતને સ્વીકાર્યું છે તેનું સારી રીતે પાલન કર અને આ ભવસાગરને તરી જા, કારણ કે તેને ઉતારવાને સમર્થ એવું મનુષ્યપણું આ લોકમાં ફરીને પામવું દુર્લભ છે.”

આવી પ્રભુની વાણીથી મેઘકુમારમુનિ વ્રતમાં સ્થિર થયા. તેણે રાત્રિએ થયેલા માઠા વિચારનું મિથ્યાદુષ્કૃત કર્યું અને વિવિધ તપ આચરવા માંડયું. એ પ્રમાણે સારી રીતે વ્રત પાળી મૃત્યુ પામીને તે વિજયવિમાનમાં દેવતા થયા. ત્યાંથી ચવી મહાવિદેહમાં ઉત્પન્ન થઈને મોક્ષને પામશે.

એક દિવસ પ્રભુની દેશનાથી પ્રતિબોધ પામેલા **નંદીષેણે** વ્રત લેવાની ઈચ્છાથી **શ્રેણિક**રાજાની રજા માગી. પિતાની સંમતિ મળવાથી તે વ્રત લેવાને ઘરથી બહાર નીકળ્યો, ત્યાં કોઈ દેવતાએ અંતરિક્ષમાં રહીને કહ્યું કે, “વત્સ! તું વ્રત લેવાને ઉત્સુક કેમ થઈ જાય છે? હજુ તારે ચારિત્રને આવરણ કરનારૂં ભોગફળ કર્મ બાકી છે. તે કર્મનો ક્ષય થાય ત્યાં સુધી થોડોક કાળ ગૃહમાં રહે અને તે કર્મનો ક્ષય થાય એટલે દીક્ષા લેજે. મતલબ કે અકાળે કરેલી ક્રિયા ફળિભૂત થતી નથી.” તે સાંભળી નંદીષેણે કહ્યું, ‘સાધુપણામાં નિમગ્ન થયેલા મને ચારિત્રમાં આવરણ કરનાર કર્મ શું કરી શકવાનું છે?’ આ પ્રમાણે કહી તે પ્રભુની પાસે આવ્યો. પ્રભુએ પણ તેને વાર્યો, તથાપિ તેણે ઉતાવળ કરીને પ્રભુના ચરણકમળ પાસે દીક્ષા ગ્રહણ કરી. પછી છઠ્ઠ, અઠ્ઠમ વિગેરે તપને આચરતા છતા નંદીષેણમુનિ પ્રભુની સાથે ગામ આકર અને પુર વિગેરેમાં વિહાર કરવા લાગ્યા. તે ગુરૂની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાસે બેસી સૂત્ર અને સૂત્રના અર્થને નિત્ય વિચારતા હતા અને પરિસહો સહન કરતા હતા. ભોગ્યકર્મના ઉદયથી બળાત્કારે થતી ભોગની ઇચ્છાનો નિરોધ કરવા તે તપસ્યાથી પોતાના શરીરને અધિક કૃશ કરતા હતા. ઇંદ્રિયોના વિકારોનો પરાભવ કરવાને માટે પ્રતિદિન સ્મશાન વિગેરે ભૂમિમાં જઈ ઘોર આતાપના લેતા હતા. જ્યારે વિકારો બળાત્કારે ઉઠતા ત્યારે વ્રતભંગથી કાયર થઈને ઇંદ્રિયોને શોષણ કરવા સ્વયમેવ તેને બંધ કરવામાં પ્રવર્ત્તતા હતા. વ્રતને લેતાં વારનાર દેવતા તેના બંધને છેદી નાખતો ત્યારે શસ્ત્રવડે મૃત્યુ પામવાની તજવીજ કરતા હતા; પરંતુ દેવતા તેના શસ્ત્રને કુંઠિત કરી નાખતા હતા. વળી મરવાની ઇચ્છાથી ઝેર ખાતાં તે વિષના વીર્યને દેવતા હરી લેતા અને જો અગ્નિમાં પેસતા તો અગ્નિને શીતલ કરી નાખતા હતા. કોઈવાર પર્વત ઉપરથી ઝંપાપાત કરતા તો દેવતા તેને ઝીલી લઈને કહેતા કે 'હે નંદીષેણુ ! મારૂં વચન કેમ સંભારતા નથી ? અરે દુરાગ્રહી ! તીર્થંકરો પણ ભોગ્યફળ કર્મને ભોગવ્યા વિના તેને ટાળવાને સમર્થ નથી, તો તમે પ્રતિદિન વૃથા પ્રયત્ન શા માટે કરો છો ?' આ પ્રમાણે દેવતાએ તેને વારંવાર કહ્યું, તો પણ તેણે માન્યું નહીં.

અન્યદા એકાકી વિહાર કરનારા નંદીષેણુમુનિ છઠ્ઠનું પારણું કરવા ભિક્ષાને માટે નીકળ્યા. અનાભોગના દોષથી પ્રેરાઈને તે એક વેશ્યાના ઘરમાં પેઠા, ત્યાં જઈને તેમણે ધર્મલાભ દીધો. એટલે 'મારે તો કેવળ અર્થનો લાભ હો, ધર્મના લાભની મારે જરૂર નથી' એમ હાસ્ય કરતી છતી વિકારયુક્ત ચિત્તવાળી વેશ્યા બોલી. તે વખતે 'આ વરાકી શું મને હસે છે ?' એમ વિચારી મુનિએ એક તૃણ ખેંચીને લબ્ધિવડે રત્નોનો ઢગલો કરી દીધો. પછી 'આ લે અર્થનો લાભ' એમ કહી તેના ઘરમાંથી મુનિ બહાર નીકળ્યા. વેશ્યા સંભ્રમ સહિત તેમની પછવાડે દોડીને કહેવા લાગી કે, "હે પ્રાણુનાથ ! આવું દુષ્કર વ્રત છોડી દ્યો, અને મારી સાથે ભોગ ભોગવો, અન્યથા હું મારા પ્રાણ છોડી દઈશ." આ પ્રમાણે વારંવાર કરેલી વિનતિથી નંદીષેણુમુનિએ વ્રત તજવાના દોષને જાણતાં છતાં ભોગ્ય કર્મને વશ થઈને તેનું કથન સ્વીકાર્યું, પણ એવી પ્રતિજ્ઞા કરી કે 'જો હું પ્રતિદિન દશ અથવા તેથી વધારે માણુસોને બોધ ન કરૂં તો મારે ફરી દીક્ષા લેવી.'

પછી મુનિલિંગને છોડી દઈને નંદીષેણુ વેશ્યાને ઘેર રહ્યા અને પેલા દેવતાની તથા વીરપ્રભુની દીક્ષા અટકાવનારી વાણી વારંવાર સંભારવા લાગ્યા. ત્યાં રહ્યા છતા નિરંતર વેશ્યા સાથે ભોગ ભોગવવા લાગ્યા અને પ્રતિદિન દશ ભવ્યજનોને પ્રતિબોધ કરીને દીક્ષાને માટે પ્રભુની પાસે મોકલવા લાગ્યા. એક વખતે ભોગફળકર્મ ક્ષીણ થવાથી નંદીષેણે નવ માણુસોને બોધ કર્યો પણ દશમો એક સોની હતો તે કોઈ રીતે પ્રતિબોધ પામ્યો નહીં. તેને બોધ કરવામાં બહુ વખત રોકાવાથી વેશ્યા રસોઈ કરીને વારંવાર બોલાવવા માટે માણુસને મોકલવા લાગી. પણ પોતાનો અભિગ્રહ પૂર્ણ ન થવાથી તે ભોજન કરવાને ઉઠ્યા નહીં અને આદરથી વિવિધ વાણીની યુક્તિવડે તે સોનીને બોધ કરવા લાગ્યા. છેવટે વેશ્યાએ

JAINSITE.com जैन साहित्य जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોતે આવીને કહ્યું કે, 'હે સ્વામી ! મેં જે પ્રથમ રસોઈ કરી હતી તે તો ઠરીને વિરસ થઈ ગઈ તેથી ફરીવાર રસોઈ તૈયાર કરી છે, માટે હવે શા માટે વિલંબ કરો છો ?' નંદીષેણુ બોલ્યા કે, "મારી પ્રતિજ્ઞા પ્રમાણે આજે આ દશમો માણસ પ્રતિબોધ પામ્યો નહિં' માટે હું પોતેજ દશમો થઈ દીક્ષા ગ્રહણ કરીશ." આ પ્રમાણે કહી પોતે ભોગ્ય-કર્મ હતું તેટલું ભોગવી લીધું, એમ વેશ્યાને જણાવી ત્યાંથી નીકળી ગયા અને પ્રભુની પાસે આવી પુનઃ દીક્ષા ગ્રહણ કરી.

એ મહાત્મા **નંદીષેણમુનિ** પોતાના દુષ્કૃત્યની આલોચના કરી શ્રી **વીરજિનેંદ્ર**ની સાથે વિહાર કરતા અને તીક્ષ્ણ વ્રતને પાળતા છતા કાળ કરીને દેવતા થયા.

इत्याचार्य श्री हेमचंद्रसूरि विरचिते त्रिषष्टिशलाकापुरुषचरिते महाकाव्ये
दशमपर्वणि श्रेणिक सम्यक्त्वलाभ मेघकुमार नंदीषेण प्रव्रज्या
वर्णनो नाम षष्टः सर्गः ॥

## સર્ગ ૭ મો

### ચેલ્લણાને યોગ્ય એકસ્તંભ પ્રાસાદનું નિર્માણ, આમ્રફળનું હરણ, શ્રેણિકે કરેલું વિદ્યાગ્રહણ, દુર્ગંધાની તથા આર્દ્રકુમારની કથા

**ચેલ્લણાની** સાથે જલક્રીડાદિકથી રમતો **શ્રેણિક** જાણે પ્રેમસૂત્રથી તેનું મન પરોવાયેલું હોય તેવો દેખાતો હતો. તે પોતાના કરની કાંચકી કરી પ્રતિદિન એકાંતમાં ચેલ્લણાદેવીના કેશપાશને ઓળતો હતો. પોતાને હાથે ગુંથેલી સુંદર પુષ્પમાળાઓથી વાળબંધક સેવકની જેમ તે તેના કેશપાશને બાંધતો હતો; પોતે જ ઘસેલા કસ્તુરી દ્રવ્યથી તેના ગાલ ઉપર ચિત્રકારની જેમ વિચિત્ર પત્રવલ્લી આળેખતો હતો; અને હંમેશાં આસનપર બેસતાં, શયન કરતાં, ભોજન કરતાં કે બીજા કોઈ પણ કાર્ય વખતે એક નાજરની જેમ તેનું પડખું છોડતો નહતો.

અન્યદા (દીન દુઃખીને) ભયંકર શિશિરઋતુ આવી. હિમના ભારને વહન કરનાર વનદાહક ઉત્તરદિશાનો પવન વાવા લાગ્યો. શ્રીમંત લોકો સઘડીઓ પાસે રાખીને અને કેશરનું વિલેપન કરીને ગર્ભગૃહમાં રહી કાળ નિર્ગમન કરવા લાગ્યા. તે વખતે ગરીબ લોકોના બાળક વસ્ત્ર વગર હાથીના દાંત જેવા ખુલ્લા હાથ કરી ધ્રુજતા ધ્રુજતા ગૃહદ્વાર ઉપર દંતવિણા વગાડતા હતા. યુવાન પુરૂષો રાત્રે સ્વભાવે ઉષ્ણ એવા પ્રિયાના સ્તન ઉપરથી પોતાના કરકમળને દૂર

JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરતા નહોતા; તે સમયે તે કર તુંબિકાપર રહેલા વીણાદંડ જેવો દેખાતો હતો. એવા સમયમાં સર્વ અતિશયે સંપૂર્ણ અને સુર અસુરોએ સેવાતા જ્ઞાતનંદન[1] શ્રી **વીરપ્રભુ** ત્યાં સમવસર્યા. તે ખબર સાંભળી શ્રેણિક રાજા અપરાન્હકાળે[2] ચેલ્લણાદેવીની સાથે શ્રી વીરપ્રભુને વાંદવા આવ્યા. શ્રી વીરઅર્હંતને વાંદીને રાજદંપતી પાછા વળ્યા. માર્ગમાં કોઈ જળાશયની પાસે એક પ્રતિમાધારી મુનિને જોયાં. ઉત્તરીયવસ્ત્ર[3] રહિત શીત પરિસહને સહન કરતા તે મુનિને તેઓએ તરત વાહન ઉપરથી નીચે ઉતરીને વાંદ્યા. પછી ધર્મ સંબંધી વાતો કરતો શ્રેણિકરાજા પત્ની સહિત તે મુનિને ભક્તિપૂર્વક વાંદીને પોતાના મહેલમાં આવ્યો.

સાયંકાળને યોગ્ય બધી ક્રિયાઓ કરીને રાજા અગરૂ કર્પૂરના ધૂપથી અંધકારિત એવા વાસગૃહમાં ગયો. ચેલ્લણાદેવીએ જેની ભુજલતાનું ઓશીકું કર્યું છે એવો તે તેની છાતીપર હાથ મૂકીને સુઈ ગયો. ચેલ્લણાએ સ્તનને નીચા કરીને ગાઢ આલિંગન દેવાથી રાજાને નિદ્રા આવી ગઈ, તેમ જ રાજાના આલિંગનથી રાણીને પણ નિદ્રા આવી ગઈ. ગાઢ નિદ્રા આવતાં ચેલ્લણાનો કરપલ્લવ આચ્છાદનમાંથી બહાર નીકળી ગયો. "ઘણું કરીને નિદ્રા આલિંગનને છોડાવી દે છે." વીંછીના કાંટાની જેમ દુઃસહ શીતનો તેના કરને સ્પર્શ થયો, તેની વેદનાથી ચેલ્લણા તરત જાગ્રત થઈ ગઈ. ટાઢની પીડાથી સીત્કાર કરતી તેણીએ રાજાના હૃદયમાં મનની જેમ પોતાના હાથને આચ્છાદનની અંદર સ્થાપન કર્યો. તે વખતે પેલા ઉત્તરીય વસ્ત્ર રહિત પ્રતિમાધારી મુનિનું તેને સ્મરણ થયું, તેથી તે બોલી કે 'અહો! આવી ઠંડીમાં તેનું શું થયું હશે?' આમ બોલ્યા પછી પાછી ફરીવાર એ સરલ હૃદયવાળી ચેલ્લણાને નિદ્રા આવી ગઈ. "મહાન્ હૃદયવાળા માણસોને પ્રાયઃ નિદ્રા દાસીની જેમ વશ્ય હોય છે." ચેલ્લણાના સીત્કારથી અલ્પ નિદ્રાવાળો રાજા જાગી ગયો હતો, તે તેણીનું પૂર્વોક્ત વચન સાંભળી ચિત્તમાં વિચાર કરવા લાગ્યો કે, 'જરૂર આના મનમાં કોઈ બીજો પુરૂષ રમવાને ઇચ્છાયેલો છે કે જેને માટે આવી શીતની પીડાની સંભાવનાથી અત્યારે તે શોચ કરે છે.' આવા વિચારથી ઇર્ષ્યાવડે વ્યાકુળ થયેલા શ્રેણિકરાજાએ બાકીની બધી રાત્રિ જાગ્રતપણે જ નિર્ગમન કરી. "સ્ત્રી ઉપર પ્રીતિ રાખનાર કોઈ પણ સચેતન પુરૂષ કદિ પણ ઇર્ષ્યા વગરનો હોતો નથી."

પ્રાતઃકાળે ચેલ્લણાને અંતઃપુરમાં જવાની આજ્ઞા કરીને પ્રચંડ શાસનવાળા શ્રેણિકે અભયકુમારને બોલાવી આ પ્રમાણે કહ્યું કે, "હે વત્સ! મારૂં અંતઃપુર સઘળું દુરાચારથી દૂષિત થયેલું છે, માટે તું તે અંતઃપુરને બાળી નાખ. તેમાં તું જરા પણ માતાપરનો મોહ રાખીશ નહીં." આ પ્રમાણે અભયને આજ્ઞા આપી ને અદ્ભુત લક્ષ્મીવડે વિરાજમાન શ્રેણિકરાજા અર્હંત શ્રી વીરપ્રભુને વાંદવા ગયા. અભયકુમાર પિતાની આજ્ઞાથી ભય પામ્યો,

૧ જ્ઞાત એવું સિદ્ધાર્થ રાજાનું નામ છે તેમના પુત્ર તે જ્ઞાતનંદન. ૨ બપોરે. ૩ ઓઢવાનું વસ્ત્ર.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ તે સ્વભાવે જ વિચારીને કામ કરનાર હતો, તેથી તે ધીમાન્ પોતાના મનની સાથે વિચાર કરવા લાગ્યો કે 'મારી બધી માતાઓ સ્વભાવે જ મહાસતીઓ છે, અને હું તેઓની રક્ષા કરનારો છું, છતાં પિતાની આજ્ઞા આવી થઈ તો પિતાને જે સંભવિત લાગ્યું, તે હું અસંભવિત શી રીતે કરૂં? વળી પિતાનો કોપ નદીના પૂરની જેમ અસહ્ય છે, તથાપિ કાંઈ પણ વિચિત્ર બ્હાનું કાઢીને કાળક્ષેપ કરવાથી રાજાનો કોપ નિવૃત્ત થવાનો સંભવ છે.' આવો વિચાર કરીને ચતુર અભયકુમારે અંતઃપુર પાસેની હાથીખાનાની જીર્ણકુટીઓને સળગાવી દીધી અને 'અંતઃપુર દગ્ધ કર્યું' એવી આઘોષણા બધે પ્રવર્તાવી.

અહિં શ્રેણિકરાજાએ શ્રી વીરપ્રભુને અવસર પામીને પૂછયું કે, 'હે પ્રભુ! ચેલ્લણા એક પતિવાળી છે કે અનેક પતિવાળી છે?' પ્રભુ બોલ્યા-'હે રાજન્! તારી ધર્મપત્ની ચેલ્લણા મહાસતી છે અને શીલ અલંકારથી શોભિત છે; તેથી એ સ્ત્રી ઉપર કાંઈ પણ શંકા લાવીશ નહીં.' આ પ્રમાણેનાં પ્રભુનાં વચનો સાંભળી પશ્ચાત્તાપ કરતા શ્રેણિકરાજા તત્કાળ પ્રભુને નમસ્કાર કરીને પોતાના નગર તરફ દોડતા ચાલ્યા. અહિં અગ્નિ સળગાવીને અભયકુમાર તેમની સામો આવતો હતો, તેને રાજાએ પૂછયું કે, "કેમ તેં મારી આજ્ઞા પ્રમાણે કર્યું?" અભય નિર્ભય થઈ પ્રણામ કરી અંજલિ જોડીને બોલ્યો કે, "હે સ્વામી! આપની આજ્ઞા બીજાને પણ પ્રમાણ છે, તો મારે કેમ ન હોય?" રાજા બોલ્યો-"અરે પાપી! પોતાની માતાઓને બાળીને તું અદ્યાપિ કેમ જીવે છે? તું અગ્નિમાં કેમ પડયો નહીં?" અભયકુમાર બોલ્યા-"તાત! અર્હંતનાં વચનને સાંભળનારા એવા મને પતંગની જેમ મરવું યોગ્ય નથી, હું તો સમય આવશે ત્યારે વ્રત ગ્રહણ કરીશ, અને તે વખતે વીરપ્રભુની આજ્ઞા એવી થશે તો હું પતંગની જેમ મૃત્યુ પણ પામીશ, તેમાં જરા પણ સંશય રાખશો નહીં." રાજાએ કહ્યું કે, "અરે! મારા વચનથી પણ તેં આવું અકાર્ય કેમ કર્યું?" એમ કહી જાણે વિષપાન કર્યું હોય તેમ રાજા મૂર્છા ખાઈને ભૂમિપર પડી ગયા. પછી અભયકુમાર શીતળજળથી રાજાને સિંચન કરવા લાગ્યો. જ્યારે શ્રેણિક સ્વસ્થ થયા ત્યારે અભયે કહ્યું કે, 'હે પ્રભુ! અંતઃપુરમાં તો કુશળતા છે. કોઈ દુર્ભાગ્યના યોગે તમે મારી માતાઓ ઉપર અવકૃપા કરીને તેનો નિગ્રહ કરવાની મને આજ્ઞા કરી, પણ મેં તેમ કર્યું નથી, તે મારો અપરાધ થયો છે. પિતાજી! તેને બદલે અંતઃપુરની નજીક રહેલી હાથીઓની જીર્ણ પર્ણકુટીઓ મેં બાળી છે. તમારી આજ્ઞા પણ હું વિચાર્યા વગર કરૂં તેવો નથી." રાજા તે વચનો સાંભળી હર્ષથી બોલ્યો કે "હે વત્સ! તું ખરેખરો મારો પુત્ર છે અને પૂરો બુદ્ધિમાન્ છે કે જેથી મારીપર આવી પડેલું કલંક તેં બુદ્ધિવડે દૂર કરી નાખ્યું છે." પછી શ્રેણિકરાજા પારિતોષિકવડે અભયકુમારને સંતોષી ચેલ્લણાદેવીના દર્શનમાં ઉત્સુક થઈને ઉતાવળો તેણીના ગૃહમાં ગયો અને નવનવા પ્રેમથી લક્ષ્મી સાથે કૃષ્ણની જેમ ચેલ્લણાની સાથે પ્રતિદિન ક્રીડા કરવા લાગ્યો.

એક વખતે શ્રેણિક રાજાએ વિચાર કર્યો કે, ચેલ્લણાદેવી મને સર્વ સ્ત્રીઓ કરતાં વધારે પ્રિય છે, તો બીજી રાણીઓથી તેણી ઉપર વિશેષ પ્રાસાદ શ્યો કરવો? તેણીને માટે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હું એકસ્તંભવાળો પ્રાસાદ કરાવું કે જેમાં રહીને વિમાનમાં રહેલી ખેચરીની જેમ તે સ્વેચ્છાએ ક્રીડા કરે.' આવો નિશ્ચય કરીને શ્રેણિકે અભયકુમારને આજ્ઞા કરી કે, 'હે વત્સ! ચેલ્લણાદેવીને માટે એકસ્તંભનો પ્રાસાદ કરાવ.' અભયકુમારે તરતજ તેવા સ્તંભને યોગ્ય કાષ્ટ લાવવાને સૂત્રધારને આજ્ઞા કરી, એટલે વર્દ્ધકિ (સુથાર) તેવા કાષ્ટને માટે અરણ્યમાં ગયો. અટવીમાં પ્રત્યેક વૃક્ષો જોતાં જોતાં સર્વ લક્ષણવાળું એક વૃક્ષ તેના જોવામાં આવ્યું. તેણે વિચાર્યું કે, 'ઘાડી છાયાવાળું, આકાશ સુધી ઉંચું, ઘણા પુષ્પ ફળવાળું, મોટી શાખાવાળું અને મોટા થડવાળું આ વૃક્ષ સામાન્ય જણાતું નથી. જેવું તેવું પણ સ્થાન દેવતા વગરનું હોતું નથી, તો આ વૃક્ષરાજ તો તેની શોભાવડે પ્રગટ દેવતવાળું માલમ પડે છે. માટે પ્રથમ આ વૃક્ષના અધિષ્ટાયક દેવતાને તપસ્યાથી આરાધું કે જેથી તેને છેદતાં મને કે મારા સ્વામીને વિઘ્ન ન થાય.' પછી વર્દ્ધકિએ ભક્તિપૂર્વક ઉપવાસ કરી, ગંધ, ધૂપ, માલ્ય વિગેરે વસ્તુઓથી તે વૃક્ષને અધિવાસિત કર્યું. તે સમયે તે વૃક્ષને આશ્રિત થઈને રહેલા વ્યંતરે પોતાના આશ્રયની રક્ષાને માટે અને તેમના અર્થની સિદ્ધિને માટે અભયકુમારની પાસે આવીને કહ્યું કે, 'તું મારા આશ્રયરૂપ વૃક્ષને છેદાવીશ નહીં, આ વર્દ્ધકિને તે કામ કરતાં નિવાર, હું એકસ્તંભવાળો પ્રાસાદ કરી આપીશ. વળી તેની ફરતું સર્વ ઋતુઓથી મંડિત તથા સર્વ વનસ્પતિઓથી શોભિત નંદનવનની જેવું એક ઉદ્યાન પણ કરી આપીશ.' આ પ્રમાણે તે વ્યંતરના કહેવાથી અભયકુમારે પેલા વર્દ્ધકિને વનમાંથી તરત બોલાવી લીધો અને 'પોતાનું વાંછિત સિદ્ધ થયું' એમ કહ્યું. પછી વ્યંતરે પોતાની કબુલાત પ્રમાણે એકસ્તંભવાળો મહેલ અને ઉદ્યાન કરી આપ્યું. "વાણીથી બંધાયેલા દેવતાઓ સેવકોથી પણ અધિક છે." સર્વ ઋતુઓના વનથી મંડિત તે એકસ્તંભી પ્રાસાદ અભયકુમારે શ્રેણિક રાજાને બતાવ્યો. રાજાએ પ્રસન્ન થઈને કહ્યું કે–'વત્સ! મને માત્ર એક સ્તંભવાળા મહેલની ઇચ્છા હતી, તેમાં આ સર્વ ઋતુવાળું વન થયું, તે તો દુધનું પાન કરતાં તેમાં સાકર પડવા જેવું થયું.' પછી મગધપતિએ ચેલ્લણાને તે પ્રાસાદમાં રાખી, જેથી લક્ષ્મીદેવીવડે પદ્મહ્રદની જેમ તે પ્રાસાદ તેનાથી અલંકૃત થઈ ગયો. ત્યાં રહી સતી ચેલ્લણા સર્વ ઋતુના પુષ્પોની માળાઓ પોતાને હાથે ગુંથીને સર્વજ્ઞ પ્રભુની પૂજા કરવા લાગી. વળી તે સુગંધી પુષ્પોથી ગુંથેલી માળાઓવડે સૈરંધ્રીની જેમ પોતાના પતિના કેશપાશને પણ પૂરવા લાગી. આવી રીતે હંમેશાં શ્રી વીતરાગ પ્રભુને માટે અને પતિને માટે પુષ્પોને ચુંટતી એ રમણી તે વનના પુષ્પોને ધર્મ તથા કામમાં સફળ કરતી હતી. સદા પુષ્પવાળા અને સદા ફળવાળા તે ઉપવનમાં મૂર્ત્તિમાન્ વનદેવીની જેમ ચેલ્લણા સદા પતિની સાથે ક્રીડા કરતી હતી.

તે નગરમાં એક વિદ્યાસિદ્ધ માતંગપતિ રહેતો હતો. તેની પત્નીને એકદા આમ્રફળ ખાવાનો દોહદ ઉત્પન્ન થયો; તેથી તેણીએ પતિને કહ્યું કે–'હે નાથ! મને આમ્રફળ લાવી આપીને મારા દોહદને પૂરો.' તે બોલ્યો–'અરે મૂઢ સ્ત્રી! આજે અકાળે આમ્રફળ ક્યાંથી

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

હોય ?' સ્ત્રીએ કહ્યું, 'નાથ! આજે ચેલ્લણારાણુંના ઉદ્યાનમાં આમ્રવૃક્ષો પ્રફુલ્લિત છે.' તે સાંભળી માતંગપતિ ચેલ્લણાના ઉદ્યાનની સમીપે આવ્યો. ત્યાં આમ્રવૃક્ષો સદા ફળિત પણ ઘણા ઉંચા જોવામાં આવ્યા. પછી રાત્રે આવી નક્ષત્રોને જોષી જુએ તેમ તે ભૂમિપર રહી પાકેલા આમ્રફળો જોવા લાગ્યો. ક્ષણમાત્રમાં તે વિદ્યાસિદ્ધ ચાંડાળે **અવનામિની** વિદ્યાથી આમ્રશાખાને નમાવી અને સ્વેચ્છાથી આમ્રફળો તોડીને ગ્રહણ કર્યાં. પ્રાતઃકાળે રાજ્ઞી ચેલ્લણાએ તોડેલાં આમ્રફળવાળી તે વાટિકા ભ્રષ્ટ ચિત્રોવાળી ચિત્રશાળાની જેમ અપ્રીતિ આપતી જોઈ. રાણીએ તે વાર્તા રાજાને કહી. રાજાએ અભયને બોલાવીને આજ્ઞા કરી કે, 'જેના પગનો સંચાર જોવામાં આવતો નથી એવા આ આમ્રફળના ચોરને શોધી લાવ. હે વત્સ! જે ચોરની આવી અતિશય અમાનુષી શક્તિ છે, તે કોઈ વાર અંતઃપુરમાં પણ પ્રવેશ કરી શકે.' **અભયકુમાર** બોલ્યો-'હે દેવ! હું થોડા કાળમાં જેમ તેને બતાવવાનો જામીન હોઉં તેમ એ ચોરને પકડી લાવી તમને સોંપીશ.' આવી પ્રતિજ્ઞા કરીને અભયકુમાર તે દિવસથી તે ચોરને શોધવાની ઇચ્છાએ આખા નગરમાં રાત્રીદિવસ ભમવા લાગ્યો.

એક વખતે બુદ્ધિમાન્ અભયકુમાર નગરમાં ફરતો ફરતો કોઈ ઠેકાણે નગરજનો સંગીત (નાટક) કરાવતા હતા ત્યાં ગયો. નગરજનોએ આસન આપ્યું, તે પર બેસી અભયકુમાર બોલ્યો-"હે નગરજનો! જ્યાંસુધી સંગીત કરનારા નટો આવ્યા નથી, ત્યાં સુધીમાં એક કથા હું કહુ તે સાંભળો-**વસંતપુર** નગરમાં **જીર્ણશ્રેષ્ટી** નામે એક અતિ નિર્ધન શેઠ રહેતો હતો. તેને એક કન્યા હતી, તે વરને લાયક મોટી ઉંમરની થઈ હતી. ઉત્તમ વર પામવાને માટે કામદેવની પૂજા કરવા સારૂં એ બાળા કોઈ ઉદ્યાનમાંથી પ્રતિદિન ચોરી કરીને પુષ્પો ચુંટી લાવતી હતી. એક વખતે 'હું આ પુષ્પના ચોરને પકડું' એવું ધારી તે ઉદ્યાનપાળક શિકારીની જેમ સ્થિરપણે ત્યાં સંતાઈ રહ્યો. તે બાળા પૂર્વની જેમ વિશ્વાસથી છાની રીતે પુષ્પો ચુંટવા લાગી. તેને અતિ રૂપવંતી જોઈ ઉદ્યાનપાળક કામાતુર થઈ ગયો. તેથી તત્કાળ પ્રગટ થઈ તેને ધ્રુજતા ધ્રુજતા પકડી લીધી. સદ્ય પુષ્પની ચોરીનો કોપ ભૂલી જઈ તે બોલ્યો કે, 'હે ઉત્તમ વર્ણવાળી! હું તારી સાથે રતિક્રીડાની ઈચ્છા કરૂં છું, માટે મારી સાથે ક્રીડા કર. તે સિવાય હું તને છોડીશ નહીં. મેં તને પુષ્પોથીજ ખરીદ કરેલી છે.' તે બોલી-'અરે માળી! મને તું કરથી સ્પર્શ કરીશ નહીં., હું કુમારી છું, તેથી અદ્યાપિ પુરૂષના સ્પર્શને યોગ્ય નથી.' આરામિક બોલ્યો કે, 'તેમ છે તો હે બાળા! તું કબુલ કર કે, તારે પરણ્યા પછી આ શરીરને પ્રથમ મારા સંભોગનું પાત્ર કરવું' તેણીએ તેમ કરવાનું કબુલ કર્યું; એટલે ઉદ્યાનપાળે તેને છોડી મૂકી. તે પણ પોતાનું કૌમાર વય અક્ષત રાખીને પોતાને ઘેર આવી. અન્યદા કોઈ ઉત્તમ પતિની સાથે પરણી. પછી જ્યારે રાત્રે વાસગૃહમાં ગઈ ત્યારે તેણે પતિને કહ્યું કે, "હે આર્યપુત્ર! મેં એક માળીની પાસે પ્રતિજ્ઞા કરી છે કે, પરણ્યા પછી મારે પ્રથમ તેની સાથે સંગ કરવો. હું તેની સાથે વચનથી બંધાઇ ગઈ છું, માટે મને આજ્ઞા આપો તો હું તેની પાસે જઈ આવું. એકવાર તેની પાસે ગયા પછી તો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હું કાયમને માટે તમારે આધીનજ રહીશ" તેનાં આવાં વચનો સાંભળીને 'અહો ! આ બાળા કેવી શુદ્ધ હૃદયવાળી અને પ્રતિજ્ઞા પાળનારી છે' એવા વિસ્મયથી તેના પતિએ તેને જવાની આજ્ઞા આપી; એટલે તે સદ્ય વાસગૃહમાંથી બહાર નીકળી.

વિચિત્ર રત્નાભરણોને ધારણ કરતી તે સત્યવચની બાળા માર્ગે ચાલી જતી હતી, તેવામાં કેટલાકએક ધનને ઈચ્છનારા પાપી ચોરોએ તેને રોકી. તેઓની પાસે તેણે પેલા માળીની કથા કહી બતાવી અને બોલી કે-'હે ભાઈઓ ! હું જ્યારે પાછી વળું ત્યારે તમે ખુશીથી મારા આભૂષણો લઈ લેજો.' તેણીના સ્વભાવ ઉપરથી તેને સત્ય પ્રતિજ્ઞાવાળી જાણી 'આપણે પાછી વળતાં તેને લુંટીશું' એમ નિશ્ચય કરી તેઓએ છોડી મૂકી. આગળ જતાં ક્ષુધાથી કૃશ ઉદરવાળા અને મનુષ્ય રૂપ મૃગના વૈરી એવા એક રાક્ષસે તે મૃગાક્ષીને રૂંધી. તેણીએ પાછા વળતી વખત ભક્ષણ કરવા માગણી કરી. તેણીનો સત્ય સ્વભાવ જાણી તે વિસ્મય પામી ગયો, અને 'પાછી વળતાં તેનું ભક્ષણ કરીશ' એવી આશાથી તેને છોડી મૂકી. પછી તે યુવતિ પેલા ઉદ્યાનમાં આવી; અને ઉદ્યાનપાળકને જગાડીને કહ્યું કે, 'હું પેલી પુષ્પને ચોરનારી કન્યા છું કે જે નવોઢા થઈને મારા વચન પ્રમાણે તમારી પાસે આવી છું.' તે સાંભળી 'અહો ! આ ખરેખરી સત્ય પ્રતિજ્ઞાવાળી મહાસતી છે' એવું જાણી તેને માતાની જેમ નમીને માળીએ રજા આપી. ત્યાંથી પાછી ફરતાં જ્યાં રાક્ષસ હતો ત્યાં તે આવી અને માળી સાથે જે બન્યું હતું તે યથાર્થ રીતે રાક્ષસને કહી સંભળાવ્યું. તે સાંભળી 'શું હું માળીથી પણ હીણો છું ?' એમ વિચારી તેણે સ્વામિનીની જેમ પ્રણામ કરીને તેને છોડી દીધી. પછી પેલા ચોરોની આગળ આવીને બોલી કે, 'હે ભાઈઓ ! તમે મારૂં સર્વસ્વ લુંટી લ્યો, હું હાજર થઈ છું.' પછી જેમ માળીએ અને રાક્ષસે તેને છોડી મૂકી તે બધું વૃત્તાંત કહ્યું, એટલે તેઓ બોલ્યા કે, 'એ માળી અને રાક્ષસથી અમે કાંઈ હીણ નથી, માટે હે ભદ્રે ! તું ચાલી જા, તું તો અમારે વંદન કરવા યોગ્ય બહેન છું.' આ પ્રમાણે સૌએ છોડી મૂકવાથી તે નિર્વિઘ્ને ઘેર આવી. એ ઉત્તમ બાળાએ ચોર, રાક્ષસ અને માળીની કથા પોતાના પતિ આગળ યથાર્થ રીતે કહી આપી. તે સાંભળી હર્ષ પામેલા પતિએ તેની સાથે બધી રાત્રિ ભોગસુખમાં વ્યતિક્રમાવી અને પ્રાતઃકાળે તેને પોતાના સર્વસ્વની સ્વામિની કરી."

**અભયકુમાર** આ પ્રમાણે કથા કહીને બોલ્યો કે-'હે લોકો ! વિચાર કરીને બોલો કે, આ સર્વેમાં દુષ્કર કાર્ય કરનાર કોણ છે ? તેણીનો પતિ, ચોરો, રાક્ષસ કે માળી ? તે જણાવો.' પછી તે લોકોમાં જેઓ સ્ત્રીના ઈર્ષ્યાળુ હતા, તેઓ બોલી ઉઠ્યા કે, "સર્વમાં તેનો પતિ દુષ્કર કરનાર છે, કે જેણે પોતાની અનંગલગ્ન નવોઢાને બીજા પુરૂષને માટે મોકલી દીધી." ક્ષુધાતુર લોકો બોલી ઉઠ્યા કે "સર્વથી દુષ્કર કાર્ય કરનાર તો રાક્ષસ છે કે જેણે ક્ષુધાતુર છતાં પ્રાપ્ત થયેલી તે બાળાને છોડી દીધી." જારપુરૂષો બોલ્યા કે-"સર્વમાં માળી દુષ્કર કાર્ય કરનાર છે કે જેણે રાત્રે સ્વયમેવ આવેલી એવી યુવાન રમણીને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભોગવી નહીં.” છેવટે પેલો ચોર ત્યાં ઊભો હતો તે બોલ્યો કે–“સર્વથી પેલા ચોર દુષ્કર કાર્ય કરનારા છે કે જેઓએ સુવર્ણથી ભરેલી તે બાળાને લુંટયા વગર છોડી દીધી.” પછી અભયકુમારે તેને ચોર જાણીને પકડી લીધો અને પૂછયું કે, ‘તેં આમ્રફળની ચોરી શી રીતે કરી?’ ચોરે કહ્યું કે ‘વિદ્યાના બળથી.’ અભયકુમારે સર્વ વૃત્તાંત રાજાને કહી સંભળાવ્યું અને ચોરને લાવીને સોંપ્યો. **શ્રેણિકે** કહ્યું કે, ‘કોઈ બીજો ચોર હોય તોપણ તેની ઉપેક્ષા થતી નથી તો આ ચોર તો શક્તિમાન્ છે, માટે તેનો તો નિઃસંદેહ નિગ્રહ કરવો.’ અભયકુમારે નિષ્કપટપણે વિજ્ઞપ્તિ કરી કે ‘હે દેવ! આની પાસેથી વિદ્યા મેળવીને પછી જે યુક્ત હોય તે કરજો.’ પછી મગધપતિ શ્રેણિક રાજાએ તે માતંગપતિને પોતાની સામે બેસાડી તેના મુખથી વિદ્યા ભણવી શરૂ કરી; પરંતુ પોતે સિંહાસન પર બેસીને વિદ્યા ભણતા હોવાથી ગુરૂના અબહુમાનને લીધે ઉંચા સ્થળપર જળની જેમ રાજાના હૃદયમાં વિદ્યા સ્થિર થઈ શકી નહીં. એટલે રાજગૃહપતિ શ્રેણિકે તે ચોરને તિરસ્કારપૂર્વક કહ્યું કે, ‘તારામાં કાંઈ પણ કુડ છે કે જેથી તારી કહેલી વિદ્યા મારા હૃદયમાં સંક્રમિત થતી નથી.’ તે સમયે અભયકુમારે કહ્યું કે “હે દેવ! અત્યારે એ તમારો વિદ્યાગુરૂ છે અને જેઓ ગુરૂનો વિનય કરે તેઓનેજ વિદ્યા સ્ફુરે છે, અન્યથા સ્ફુરતી નથી; તેથી આ માતંગપતિને તમારા સિંહાસન પર બેસાડો અને તમે અંજલિ જોડીને તેની સામે પૃથ્વી પર બેસો, એટલે વિદ્યા આવડશે.’ વિદ્યાના અર્થી રાજાએ તે પ્રમાણે કર્યું. કારણ કે ‘નીચથી પણ ઉત્તમ વિદ્યા ગ્રહણ કરવી’ એ પ્રખ્યાત નીતિ છે. પછી રાજાએ તેના મુખથી **ઉન્નામિની** અને **અવનામિની** એ વિદ્યા સાંભળી, એટલે દર્પણમાં પ્રતિબિંબની જેમ તે તરતજ રાજાના હૃદયમાં વસી ગઈ. પછી અભયે અંજલિ જોડવા પૂર્વક રાજાને વિનવીને વિદ્યાગુરૂપણાને પામેલા તે ચોરને છોડાવી મૂકયો.

અન્યદા જ્ઞાતનંદન **શ્રી વીરપ્રભુ રાજગૃહે** સમવસર્યા. તે સાંભળી રાજા શ્રેણિક ભૂમિપર રહેલો ઈંદ્ર હોય તેમ મોટા આડંબરથી વાંદવા ચાલ્યો. તે વખતે ગજેંદ્રોના ઘંટોના ટંકારાથી તે દિશાઓને પૂરતો હતો, હેષા શબ્દથી પરસ્પર વાર્ત્તા કરતા હોય તેવા અને વાહ્યાલી રૂપ રંગભૂમિમાં નટ જેવા અશ્વોથી ભૂમિતળને રૂંધતો હતો. આકાશમાંથી ઉતરતા મેઘમંડળની શોભાને અનુસરતા મયુરરૂપી છત્રોથી તેની સેના શોભતી હતી, વાહનના નૃત્ય કરતા અશ્વની સ્પર્ધાથી તેનું રત્નમય તાડંક નાચતું હતું તે જાણે તેના આસનની સાથેજ ઉપજ્યું હોય તેમ દેખાતું હતું, માથે પૂર્ણિમાના ચંદ્ર જેવું શ્વેત છત્ર ધર્યું હતું, ગંગા અને યમુના જેવા ચામરોને વારાંગનાઓ વીંજતી હતી અને સુવર્ણના અલંકારોને ધારણ કરનારા ભાટ ચારણો તેની સ્તુતિ કરી રહ્યા હતા.

એ સમયે માર્ગે ચાલ્યા જતાં જન્મ્યા પછી તરત જ છોડી દીધેલી એક બાળિકા સૈનિકોના જોવામાં આવી, પરંતુ જાણે નરકનો અંશ આવ્યો હોય તેમ તેના શરીરમાંથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અત્યંત દુર્ગંધ છુટતો હતો. તે દુર્ગંધને સહન નહિ કરી શકવાથી સાયંકાળે પ્રાણાયામ કરનારા ગાયત્રી મંત્રના જાપકોની જેમ સર્વેએ પોતપોતાની નાસિકાને બંધ કરી દીધી. શ્રેણિકે તેમ જોઈ પરિજનને પૂછ્યું કે, 'શું છે?' એટલે પરિજને જન્મ્યા પછી તરત જ છોડી દીધેલી તે દુર્ગંધાને જણાવી. રાજા શ્રેણિક હંમેશા અરિહંતના મુખથી બાર પ્રકારની ભાવનાને સાંભળનારો હતો, તેથી તેને કિંચિત્ પણ જુગુપ્સા આવી નહીં અને તરત જ તે બાળાને જોઈને પોતે આગળ ચાલ્યો. પછી સમવસરણમાં આવીને પ્રભુને વાંદીને યોગ્ય અવસરે તે દુર્ગંધાની કથા પૂછી.

પ્રભુ બોલ્યા કે, "તમારી આસપાસના પ્રદેશમાં શાલી નામે ગામમાં ધનમિત્ર નામે એક શ્રેષ્ઠિ રહેતો હતો. તેને ધનશ્રી નામે એક પુત્રી થઈ હતી. અન્યદા શ્રેષ્ઠિએ તે ધનશ્રીનો વિવાહમહોત્સવ પ્રારંભ્યો હતો, તેવામાં ગ્રીષ્મ ઋતુમાં વિહાર કરતા કોઈ સાધુઓ ત્યાં આવી ચડ્યા; તેથી શ્રેષ્ઠિએ તે સાધુઓને વહોરાવવા ધનશ્રીને આજ્ઞા કરી. સારા આચરણવાળી તે બાળા પિતાની આજ્ઞાથી તત્કાળ મુનિઓને પ્રતિલાભિત કરવાને પ્રવર્તી. તે વખતે પસીનાથી જેઓના અંગ અને વસ્ત્ર મલીન થયેલા હતા, એવા તે મુનિઓને વહોરાવતાં તેના મળનો દુર્ગંધ ધનશ્રીને આવ્યો; તેથી સુગંધી અને નિર્મળ વસ્ત્રવાળી, વિવિધ અલંકારને ધારણ કરનારી, અંગરાગથી લિપ્ત થયેલી અને શૃંગારમાં મોહિત એવી તે બાળા ચિંતવવા લાગી કે, 'અર્હંત પ્રભુએ જે ધર્મ કહ્યો છે, તે બધી રીતે નિર્દોષ છે, પણ જો તેમાં પ્રાસુક જળથી પણ સ્નાન કરવાની મુનિને આજ્ઞા હોત તો તેમાં શો દોષ હતો?' આ પ્રમાણે મુનિઓના મળની દુર્ગંધથી કરેલી જુગુપ્સાવડે બાંધેલા દુષ્કર્મને આલોચ્યા કે પ્રતિક્રમ્યા વગર અન્યદા મૃત્યુ પામીને હે રાજન્! તે કર્મથી તે બાળા રાજગૃહનગરમાં રહેનારી એક વેશ્યાના ગર્ભમાં આવી. ગર્ભમાં રહી છતી પણ તેની માતાને તે ઘણી અરતિ આપવા લાગી. તેથી તે વેશ્યાએ ગર્ભપાતના અનેક ઔષધો પીધા, તથાપિ એ ગર્ભ પડ્યો નહીં. 'કર્મના બળ આગળ ઔષધ કોણ માત્ર છે?' અનુક્રમે તે વેશ્યાએ એક પુત્રીને જન્મ આપ્યો. તે પૂર્વના કર્મથી જન્મથી જ અતિ દુર્ગંધા હતી, તેથી વેશ્યાએ પોતાના ઉદરથી ઉત્પન્ન થયેલી છતાં તેને વિષ્ટાની જેમ ત્યજી દીધી. હે રાજન્! તે દુર્ગંધા તમારા જોવામાં આવી છે."

શ્રેણિકે ફરીથી પૂછ્યું કે, 'હે પ્રભુ! હવે પછી એ બાળા કેવા સુખ દુઃખનો અનુભવ કરશે?' પ્રભુ બોલ્યા કે, "ધનશ્રીએ સર્વ દુઃખ તો ભોગવી લીધું છે, હવે તે સુખી કેવી રીતે થશે તે સાંભળ. એ આઠ વર્ષની ઉમરમાં જ તારી પટ્ટરાણી થશે. તેની પ્રતીતિને માટે હું એક નિશાની આપું છું કે હે રાજન્! અંતઃપુરમાં ક્રીડા કરતાં તારા પૃષ્ઠ ભાગ ઉપર ચડીને જે હંસની લીલા કરશે. તે આ દુર્ગંધા છે એમ તું જાણી લેજે." પ્રભુની આવી વાણી સાંભળીને 'અહો! આ મોટું આશ્ચર્ય છે! એ બાળા મારી પત્ની શી રીતે થશે?' આવી ચિંતા કરતો રાજા પ્રભુને નમીને પોતાને સ્થાનકે ગયો.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

અહિં પૂર્વ કર્મની નિર્જરા થવાથી દુર્ગંધાનો ગંધ ચાલ્યો ગયો. એવામાં કોઈ એક વંધ્યા આભિરીએ તેને જોઈ, એટલે પુત્રી તરીકે માનીને તેને લઈ લીધી. અનુક્રમે તે આભિરીએ પોતાની ઉદર જાત પુત્રીની જેમ તેનું પોષણ કર્યું, તેથી તે રૂપ લાવણ્યવડે ઘણી શોભતી યૌવનવતી થઈ.

અન્યદા મનોહર કૌમુદી ઉત્સવ આવ્યો, જે શૃંગાર રસના સર્વસ્વ નાટકના મુખ જેવો હતો, તે ઉત્સવ જોવાને માટે યુવાન પુરૂષોના લોચનરૂપ મૃગલાને પાશલારૂપ તે યુવતી પોતાની માતાની સાથે આવી. રાજા શ્રેણિક અને અભયકુમાર પણ પરણવા માટે જતા વરની જેમ સર્વ અંગ ઉપર શ્વેત વસ્ત્ર પહેરીને તે ઉત્સવમાં આવ્યા. તે મોટા ઉત્સવના સંમર્દમાં શ્રેણિક રાજાનો હાથ તે આભિરકુમારીની ઉંચા સ્તનવાળી છાતી ઉપર પડી ગયો. તેથી તત્કાળ તેના ઉપર રાગ ઉત્પન્ન થવાથી રાજાએ તેના વસ્ત્રના છેડા સાથે સંભોગની જામીનગીરી જેવી પોતાની મુદ્રિકા બાંધી દીધી. પછી શ્રેણિક અને અભયકુમારને કહ્યું કે, 'મારૂં ચિત વ્યગ્ર થતાં મારી મુદ્રિકા કોઈએ હરી લીધી છે, માટે તેના ચોરને તું સત્વર શોધી કાઢ.' તે સાંભળી બુદ્ધિમાન્ અભયકુમાર બધા રંગદ્વારો બંધ કરાવીને સોગઠાને ધૂતકારની જેમ એક એક માણસને બહાર કાઢવા લાગ્યો. બુદ્ધિના ભંડાર અભયે સર્વના વસ્ત્રો કેશપાશ અને મુખ શોધવા માંડ્યા. એમ કરતાં કરતાં પેલી આભિરકુમારી આવી, એટલે તેનાં વસ્ત્રો શોધતાં તેને છેડે બાંધેલી રાજાની નામાંકિત મુદ્રિકા જોવામાં આવી. અભયકુમારે તેને પૂછ્યું કે, 'હે બાળે! આ ઉર્મિકા તેં શા માટે લીધી હતી?' તે કાને હાથ મૂકીને બોલી કે 'હું કાંઈ પણ જાણતી નથી.' તેને અતિ રૂપવતી જોઈ ધીમાન્ અભયકુમારે વિચાર્યું કે, 'જરૂર આ આભિરકુમારી ઉપર પિતા અનુરક્ત થયા હશે અને એને ગ્રહણ કરવા માટે રાગવશ થયેલા રાજાએ એંધાણી તરીકે પોતાની મુદ્રિકા તેના વસ્ત્રને છેડે બાંધી દીધી હશે.' આવું ચિંતવતો **અભયકુમાર** તેને રાજાની પાસે લઇ ગયો. રાજાએ પૂછ્યું કે, 'કેમ મુદ્રિકાનો ચોર મળ્યો?' અભય બોલ્યા કે–'દેવ! તે ચોરનારી આ બાળા છે. પણ હે પ્રભુ! તેણે મુદ્રિકા સાથે તમારા ચિત્તને પણ ચોરી લીધું હોય તેમ લાગે છે.' રાજા હસીને બોલ્યો–'એ કુમારીને હું પરણીશ. શું નથી સાંભળ્યું કે, દુષ્કુળમાંથી પણ સ્ત્રી રત્ન ગ્રહણ કરવું. પછી રાજા નિર્દોષ અંગવાળી તે આભિરકન્યાને પરણ્યા અને ઘણા રાગથી તેને પોતાની પટ્ટરાણી કરી.

એક વખતે રાજા રાણીઓ સાથે પાસે રમતો હતો, તેમાં એવું પણ કર્યું કે, જે જીતે તે હારેલાના પૃષ્ઠ ભાગ ઉપર ચડે.' એ પ્રમાણે પણ કરીને રમતાં બીજી કુળવાન્ રાણીઓ જ્યારે રાજાને જીતતી ત્યારે તો તે પોતાનો જય જણાવવાને માટે માત્ર રાજાના પૃષ્ઠ ભાગ ઉપર પોતાનું વસ્ત્ર નાંખતી હતી પણ જ્યારે આ વેશ્યાપુત્રીએ રાજાને જીત્યો ત્યારે તો તે કઠિન હૃદયની થઈ નિઃશંકપણે તેના પૃષ્ટ ઉપર ચડી ગઈ. રાજાને તે વખત પ્રભુનું વચન

સાંભરવાથી અકસ્માત્ હાસ્ય આવ્યું; એટલે તે રાણીએ નીચે ઊતરીને આદરથી રાજાને હાસ્યનું કારણ પૂછયું. રાજાએ જે પ્રમાણે પ્રભુએ કહ્યું હતું, તે પ્રમાણે તેના પૂર્વ ભવથી માંડીને પૃષ્ટ ઉપર ચડવા સુધીનું બધું વૃત્તાંત કહી આપ્યું. તે સાંભળી તે તત્કાળ વૈરાગ્ય પામી અને આદરથી પતિની આજ્ઞા લઈને તેણે શ્રી વીરપ્રભુની પાસે જઈ દીક્ષા ગૃહણ કરી.

સમુદ્રના મધ્યમાં પાતાળભુવન જેવો આર્દ્રક નામે દેશ છે, તેમાં આર્દ્રક નામે મુખ્ય નગર છે. તે નગરમાં ચંદ્રની જેમ દૃષ્ટિઓને આનંદ આપનાર અને લક્ષ્મીથી વિરાજમાન આર્દ્રક નામે રાજા હતો. તેને આર્દ્રકા નામે રાણી હતી. તે બંનેને આર્દ્ર મનવાળો આર્દ્રકુમાર નામે પુત્ર થયો. તે યૌવન વયને પ્રાપ્ત કરી યથારૂચિ સાંસારિક ભોગ ભોગવવા લાગ્યો.

આર્દ્રક રાજાને અને શ્રેણિકરાજાને પરંપરાથી બેડીની જેમ પ્રીતિ બંધાયેલી હતી. એક વખતે શ્રેણિકે સ્નેહરૂપ લતાના દોહદરૂપ ઘણી ભેટ લઈને પોતાના મંત્રીને આર્દ્રક રાજાની પાસે મોકલ્યો. મંત્રી ત્યા પહોંચ્યો, એટલે આર્દ્રક રાજાએ જાણે શ્રેણિકનું મૂર્તિમાન્ મિત્રપણું હોય તેમ ગૌરવતાથી તેને જોયો. પછી તે મંત્રીએ સાથે આણેલી સૌવર્ચ, નિંબપત્ર અને કાંબળ વિગેરેની ભેટો આર્દ્રક રાજાએ હર્ષથી ગ્રહણ કરી. આર્દ્રક રાજાએ મોટા સત્કારથી તેની સંભાવના કરીને પૂછયું કે, 'મારા બંધુ શ્રેણિક કુશળ છે?' તેના ઉત્તરમાં ચંદ્રના આતપની જેમ પોતાના સ્વામીનું કુશળ વૃત્તાંત કહેવાવડે તે મંત્રીરૂપ ચંદ્રે આર્દ્રક રાજાના મનરૂપ કુમુદને પૂર્ણ આનંદ આપ્યો. પછી આર્દ્રકકુમારે પૂછયું કે, 'હે પિતા! તે મગધેશ્વર કોણ છે કે જેની સાથે તમારે વસંતઋતુ સાથે કામદેવની જેમ આટલી બધી પ્રીતિ છે?' આર્દ્રકરાજા બોલ્યો કે-'હે વત્સ! શ્રેણિક નામે મગધદેશનો રાજા છે, તેના અને આપણા કુળને પરંપરાથી પ્રીતિ ચાલી આવે છે.' તે સાંભળી તરતજ આર્દ્રકકુમાર અમૃતની તરંગિણી જેવી દૃષ્ટિથી પ્રેમાંકુરને પ્રગટ કરતો મંત્રી પ્રત્યે બોલ્યો કે, 'તમારા સ્વામીને કોઈ પૂર્ણ ગુણવાળો પુત્ર છે? તેને હું પ્રીતિનું પાત્ર કરીને મિત્ર કરવા ઈચ્છું છું.' મંત્રી બોલ્યો કે, "હે કુમાર! બુદ્ધિનું ધામ, પાંચસો મંત્રીનો સ્વામી, દાતાર, અસામાન્ય, કરૂણારસનો સાગર, દક્ષ, કૃતજ્ઞ અને કળારૂપ સાગરનો પારંગત અભયકુમાર નામે એક શ્રેણિકરાજાને પુત્ર છે. અરે કુમાર! બુદ્ધિ અને પરાક્રમથી સંપન્ન, ધર્મજ્ઞ, ભયરહિત અને વિશ્વમાં વિખ્યાત એ અભયકુમારને શું તમે નથી જાણતા? સ્વયંભૂરમણ નામના સમુદ્રમાં અનેક આકારવાળા મત્સ્યસમૂહની જેમ તે કુમારમાં વાસ કરીને રહ્યા ન હોય એવા કોઈ પણ ગુણો આ જગતમાં નથી." પોતાના પુત્રને અભયકુમાર સાથે મૈત્રી કરવાનો અર્થી થયેલ જાણીને રાજાએ કહ્યું કે-'હે વત્સ! તું ખરેખર કુલીન પુત્ર છું; કેમકે મારા ચાલેલા માર્ગે ચાલવાને ઇચ્છે છે. વળી સમાન ગુણવાળા અને સમાન કુળ તથા સંપત્તિવાળા તમારે બંનેને વિવાહસંબંધની જેમ પરસ્પર મિત્રપણું ઘટે છે.' પોતાના મનોરથને મળતી પિતાની આજ્ઞા



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મળવાથી આર્દ્રકકુમારે તે મંત્રીને કહ્યું કે, 'તમારે મને પૂછ્યા વગર જવું નહીં; કારણ કે અહીંથી ચાલતી વખતે અભયકુમાર સાથેના સ્નેહરૂપ વૃક્ષના બીજ જેવું મારૂં વચન તમારે સાંભળવાનું છે.' કુમારનાં વચનથી મંત્રીએ તેમ કરવાને સ્વીકાર્યું પછી રાજાની રજા લઈને છડીદારે બતાવેલા માર્ગે મંત્રી તેના ઉતારામાં ગયો.

અન્યદા આર્દ્રકરાજાએ મોતી વિગેરેની ભેટ લઈને એક પોતાના પુરૂષ સાથે તે મંત્રીને વિદાયગીરી આપી. તે વખતે આર્દ્રકકુમારે અભયકુમારને માટે તે મંત્રીના હાથમાં પરવાળા અને મુક્તાફળ વિગેરે આપ્યા. પછી મંત્રી આર્દ્રકરાજાના મનુષ્ય સહિત રાજગૃહપુરે આવ્યો અને તેમણે શ્રેણિકરાજાને અને અભયકુમારને ભેટો આપી. મંત્રીએ અભયકુમારને સંદેશો કહ્યો કે, '**આર્દ્રકકુમાર** તમારી સાથે મિત્રતા અને સૌભ્રાત્ર કરવા ઈચ્છે છે.' જિનશાસનમાં કુશળ અભયકુમારે ચિંતવ્યું કે, 'જરૂર શ્રમણપણાની વિરાધના કરવાથી તે અનાર્ય દેશમાં ઉત્પન્ન થયેલો હશે; પણ તે મહાત્મા આર્દ્રકકુમાર આસન્નભવ્ય હોવો જોઈએ. કારણ કે અભવ્ય અને દુરભવ્યને મારી સાથે પ્રીતિ કરવાની ઇચ્છાજ થાય નહીં. 'પ્રાયઃ સમાન પુણ્ય પાપવાળા પ્રાણીઓનેજ પ્રીતિ થાય છે, તેઓનો સ્વભાવ એક સરખો હોય છે અને મૈત્રી એક સરખા સ્વભાવથીજ ઉત્પન્ન થાય છે.' હવે કોઈ પણ ઉપાય કરીને તેને પાછો જૈનધર્મી કરી હું તેનો આપ્ત જન થાઉં, કેમકે જે ધર્મમાર્ગમાં અગ્રેસર થાય તેજ આપ્ત કહેવાય છે. તે આર્દ્રકકુમારને હું તીર્થંકરનું બિંબ દર્શાવું, કે જેથી કદિ તેને ઉત્તમ જાતિસ્મરણ થાય. અહીંથી ભેટને વિષે મહાન્ આચાર્યે પ્રતિષ્ટિત કરેલી એક રત્નમયી ઉત્તમ અર્હત્ પ્રતિમા હું તેની ઉપર મોકલાવું.' આ પ્રમાણે વિચારીને તેણે એક પેટીમાં શ્રી **આદિનાથની** અપ્રતિમ પ્રતિમા મૂકી, કે જે પ્રતિમા કલ્યાણ આપવામાં કામધેનુ જેવી હતી. પછી તે પ્રતિમાની આગળ ધૂપધાણું અને ઘંટા વિગેરે દેવપૂજાના બધા ઉપકરણો મૂકયા. પછી તે પેટીના દ્વારપર તાળું દઈ અભયકુમારે તેની ઉપર પોતાની મહોરછાપ કરી. મગધપતિ શ્રેણિકે પેલા આર્દ્રકરાજાના માણસને ઘણી ભેટો આપીને પ્રિય આલાપપૂર્વક વિદાય કર્યો. તે વખતે અભયકુમારે પણ તેના હાથમાં તે પેટી આપી અને અમૃત જેવી વાણીથી તેનો સત્કાર કરીને કહ્યું કે, "હે ભદ્ર! આ પેટી આર્દ્રકુમારને આપજે અને તે મારા બંધુને મારો આ સંદેશો કહેજે કે, આ પેટી એકાંતમાં જઈને તારે એકલાએજ ઉઘાડવી અને તેમાં જે વસ્તુ છે તે તારેજ જોવી, તે વસ્તુ કોઈ બીજાને બતાવવી નહીં." આ પ્રમાણે તેનું કહેવું કબુલ કરી તે પુરૂષ પોતાને નગરે ગયો. સાથે લાવેલી ભેટ પોતાના સ્વામીને અને તેમના કુમારને આપી. તેમજ અભયકુમારનો સંદેશો આર્દ્રકકુમારને એકાંતમાં લઈ જઈને કહ્યો. આર્દ્રકકુમારે એકાંતે તે પેટી ઉઘાડી, તો તેમાં અંધકારમાં પણ ઉદ્યોત કરતી જાણે તેજનીજ ઘડેલી હોય તેવી શ્રી **આદિનાથની** મનોહર પ્રતિમા તેના જોવામાં આવી. તે જોઈ આર્દ્રકકુમાર વિચારમાં પડયો કે, 'આ શું હશે? આ કોઈ અંગનું ઉત્તમ આભૂષણ જણાય છે, પણ તે શું મસ્તકે, કંઠે કે હૃદયે પહેરવાનું હશે? પૂર્વે મેં કોઈ

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

ઠેકાણે આવી વસ્તુ જોયેલી છે, પણ મંદાભ્યાસીને શાસ્ત્રની જેમ તે મારા સ્મરણમાં આવતું નથી.' આવી રીતે ઘણી ચિંતવના કરતાં આર્દ્રકુમારને જાતિસ્મરણને ઉત્પન્ન કરનારી મોટી મૂર્છા આવી. તત્કાળ જાતિસ્મરણ ઉત્પન્ન થતાં ચેતનાને પ્રાપ્ત કરીને તે પોતાના પૂર્વ જન્મની કથાને ચિંતવવા લાગ્યો–"અરે ! આ ભવથી ત્રીજે ભવે મગધદેશના **વસંતપુર** નગરમાં **સામાયિક** નામે હું એક કુટુંબી (કણબી) હતો. મારે **બંધુમતી** નામે સ્ત્રી હતી. તેની સાથે અન્યદા **સુસ્થિત** નામના આચાર્યની પાસેથી આર્હંતધર્મ અમે યથાર્થ રીતે સાંભળ્યો. તેથી ભાર્યા સહિત પ્રતિબોધ પામી ગૃહવાસથી વિરક્ત થઈને તેમની પાસે દીક્ષા લીધી. ગુરૂની સાથે વિહાર કરતો હું અન્યદા એક શહેરમાં આવ્યો. ત્યાં મારી સ્ત્રી બંધુમતી પણ બીજી સાધ્વીઓ સાથે વિહાર કરતી કરતી આવી. એક દિવસે તેને જોવાથી મને પૂર્વની વિષયક્રીડા યાદ આવી, તેથી હું તેણીમાં અનુરક્ત થયો અને બીજા સાધુને મેં તે વાર્ત્તા જણાવી. તે સાધુએ પ્રવર્ત્તિનીને કહ્યું, અને તેણીએ બંધુમતીને કહ્યું. તે સાંભળી ખેદ પામતી બંધુમતી આ પ્રમાણે બોલી કે–'હે સ્વામિની ! એ ગીતાર્થ થયેલ સાધુ પણ જો મર્યાદાનું ઉલ્લંઘન કરશે તો પછી મારી શી ગતિ થશે ? કારણ કે મર્યાદા પાળવાથી જ સમુદ્ર પૃથ્વીને ડુબાડતો નથી. હવે કદિ હું અહિંથી દેશાંતર જાઉં તો પણ એ મહાનુભાવ મને દેશાંતર ગયેલી સાંભળશે ત્યાં સુધી મારા વિષેનો રાગ છોડી દેશે નહીં; માટે હે ભગવતી હું પ્રાણજ તજી દઈશ કે જેથી મારા અને તેમના શીલનું ખંડન નહીં થાય.' આ પ્રમાણે ધારી અનશન કરીને લીલા માત્રમાં તેણે થુંકની જેમ પોતાના પ્રાણને તજી દીધા અને દેવપણાને પ્રાપ્ત થઈ. તેને મૃત્યુ પામેલી સાંભળી મને વિચાર થયો કે, 'એ મહાનુભાવા વ્રતભંગના ભયથી મૃત્યુ પામી, અને હું તો વ્રતનો ભંગ થયા છતાં પણ જીવું છું, તો મારે હવે જીવવાની શી જરૂર છે ?' એવું ધારીને હું પણ અનશન કરી મૃત્યુ પામીને દેવલોકમાં દેવતા થયો. ત્યાંથી ચવીને અહિં ધર્મવર્જિત એવા અનાર્ય દેશમાં ઉત્પન્ન થયો છું. જેણે મને પ્રતિબોધ પમાડ્યો તેજ મારો ખરેખરો બંધુ અને ગુરૂ છે. મારા ભાગ્યના ઉદયથી અભયકુમાર મંત્રીએ મને પ્રતિબોધિત કર્યો છે; પણ અદ્યાપિ હું તેના દર્શન કરી શકું તેમ ન હોવાથી ખરેખર મંદભાગ્ય છું. તેથી હવે પિતાની આજ્ઞા મેળવીને હું આર્ય દેશમાં જઈશ કે જ્યાં મારા ગુરૂ અભયકુમાર છે." આવા મનોરથ કરતો અને **આદિનાથની** પ્રતિમાને પૂજતો આર્દ્રકુમાર દિવસોને નિર્ગમન કરવા લાગ્યો.

એક દિવસે **આર્દ્રકકુમારે** પોતાના પિતાને વિજ્ઞપ્તિ કરી કે, 'હું **અભયકુમારના** દર્શન કરવાને ઈચ્છું છું.' એટલે આર્દ્રકરાજાએ કહ્યું કે, 'હે વત્સ ! તારે ત્યાં જવું નહીં', કારણ કે આપણે **શ્રેણિકરાજાની** સાથે પણ અહિં સ્થાને રહ્યા છતાંજ મૈત્રી છે.' પિતાની આવી આજ્ઞાથી બંધાયેલો અને અભયકુમારને મળવાને ઉત્કંઠિત થયેલો આર્દ્રકકુમાર ત્યાં જઈ શક્યો નહીં, તેમ અહિં રહી પણ શક્યો નહિ. તેથી ભાદરવાના મેઘની જેમ નેત્રમાંથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અશ્રાંત અશ્રુ વર્ષાવતો અને જેના નેત્રો સુજી ગયા છે એવો તે આર્દ્રકકુમાર અભયકુમારને મળવા જવાંને ઉત્કંઠિત થઈ રહ્યો. બેસતાં, સુતાં, ચાલતાં, ખાતાં અને બીજી બધી ક્રિયાઓ કરતાં તે અભયકુમારથી અલંકૃત એવી દિશાને જ પોતાની દૃષ્ટિ આગળ રાખતો હતો. અભયકુમારની પાસે પારેવાની જેમ ઉડીને પહોંચવાની ઇચ્છાવાળા તે આર્દ્રકકુમારને રોગપીડિત દીન જનની જેમ જરા પણ શાંતિ વળતી નહીં. તે હમેશાં 'મગધદેશ કેવો છે ? રાજગૃહ નગર કેવું છે ? ત્યાં જવાનો કયો માર્ગ છે ?' આ પ્રમાણે પોતાના પરિજનોને પૂછ્યા કરતો હતો.

આર્દ્રકકુમારની આવી સ્થિતિ સાંભળી આર્દ્રકરાજાને ચિંતા થઈ કે, 'જરૂર આર્દ્રકકુમાર કોઈ વખતે મને કહ્યા વગર અભયકુમારની પાસે ચાલ્યો જશે, તેથી તેનો બંદોબસ્ત રાખવો જોઈએ.' આવું ચિંતવી તેણે પોતાના પાંચસો સામંતોને આજ્ઞા કરી કે 'તમારે આર્દ્રકકુમારને કોઈ પણ દેશાંતરે જવા ન દેવો.' રાજાની આવી આજ્ઞાથી તે સામંતો પણ છાયાની જેમ તેનું પડખું છોડતા નહોતા. નિરંતર સાથે રહેતા હતા; તેથી કુમાર પોતાના આત્માને બંદીવાન્ સરખો માનવા લાગ્યો છેવટ અભયકુમારની પાસે જવાનું મનમાં ધારીને તે બુદ્ધિમાન્ કુમારે પ્રતિદિન અશ્વ ફેરવવાની ક્રીડા કરવા માંડી. તે વખતે પણ તે સામંતો તેના અંગરક્ષક થઈને તેની સાથે રહેવા લાગ્યા. આર્દ્રકકુમાર ઉતાવળો અશ્વ દોડાવી તેનાથી થોડેક દૂર ચાલ્યો જઈને પાછો વળી આવતો હતો. એવી રીતે અનુક્રમે અશ્વને ખેલાવતાં અધિક અધિક દૂર જવા લાગ્યો અને પાછો વળી આવવા લાગ્યો. તેથી સર્વ સામંતોને તેના ગમનાગમનપર વિશ્વાસ ઉત્પન્ન થયો. એમ કરતાં કરતાં એક દિવસ આર્દ્રકકુમારે પોતાના વિશ્વાસુ માણસોની પાસે સમુદ્રમાં એક વહાણ તૈયાર કરાવ્યું. તે વહાણને રત્નોથી પૂરાવ્યું અને અભયકુમારે મોકલેલી **શ્રીઆદિનાથની** પ્રતિમા પણ તેમાં મોકલાવી દીધી. પછી અશ્વને ખેલાવતાં અદૃશ્ય થઈને તે વહાણ ઉપર ચડી આર્દ્રકકુમાર આર્યદેશમાં આવતો રહ્યો. ત્યાં પહોંચ્યા પછી વહાણમાંથી ઉતરીને અભયકુમારે મોકલેલી પ્રતિમા તેની પાસે મોકલી, સાત ક્ષેત્રમાં ધન વાવરી પોતાની મેળે યતિલિંગ ગ્રહણ કર્યું. જે વખતે તેણે સામાયિક ઉચ્ચરવા માંડ્યું, તે વખતે આકાશમાં રહેલા દેવતાઓએ ઉંચે સ્વરે કહ્યું કે, 'હે મહાસત્ત્વ! તું દીક્ષા ગ્રહણ કરીશ નહીં, કારણ કે અદ્યાપિ તારે ભોગ્યકર્મ અવશેષ છે, તે ભોગવી લે અને ભોગ્યકર્મ ભોગવ્યા પછી સમયે દીક્ષા ગ્રહણ કરજે; કેમકે ભોગ્યકર્મ તીર્થંકરોને પણ અવશ્ય ભોગવવું પડે છે. હે મહાત્મા! તારે હાલ વ્રત લેવાની જરૂર નથી, હાલ વ્રત લેવાથી તારૂં ઉપહાસ્ય થશે. તેવું ભોજન કર્યું શા કામનું કે જેનું વમન થઈ જાય?' આવાં દેવતાનાં વચનનો અનાદર કરીને આર્દ્રકકુમારે પરાક્રમવડે પોતાની મેળે દીક્ષા ગ્રહણ કરી. આ પ્રમાણે આર્દ્રકકુમાર મુનિ પ્રત્યેકબુદ્ધ થઈ તીવ્રપણે વ્રતને પાળતા વિહાર કરવા લાગ્યા. અનુક્રમે તે **વસંતપુર** નગરે આવ્યા. અને નગરની બહાર કોઈ દેવાલયમાં પ્રતિમા ધારણ કરીને રહ્યા, અર્થાત્ સર્વ આધિને દૂર કરી સમાધિસ્થ થયા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ નગરમાં મહાકુળવાન્ **દેવદત્ત** નામે એક મોટો શેઠ રહેતો હતો. તેને **ધનવતી** નામે પત્ની હતી. પેલી **બંધુમતીનો** જીવ દેવલોકમાંથી ચ્યવીને તે શેઠને ઘેર પુત્રીપણે અવતર્યો. તે બાળાનું **શ્રીમતી** નામ પાડ્યું. તે ઘણી સ્વરૂપવતી અને સર્વ વનિતાઓમાં શિરોમણિ થઈ. માલતીના પુષ્પની માળાની જેમ ધાત્રીઓએ પાલન કરેલી તે કન્યા અનુક્રમે ધૂલિક્રીડા યોગ્ય અવસ્થાને પ્રાપ્ત થઈ. એકદા શ્રીમતી નગરની બીજી બાળાઓની સાથે પતિરમણની ક્રીડા કરવા માટે પૂર્વોક્ત દેવાલયમાં જ આવી કે જ્યાં આર્દ્રક મુનિ કાયોત્સર્ગે રહેલા હતા. ત્યાં ક્રીડા કરવાને માટે બધી બાળિકાઓ બોલી કે, 'સખીઓ! સર્વે પોતપોતાને ગમતા એવા વરને વરી લ્યો.' એટલે સર્વે કન્યા પરસ્પર રૂચિ પ્રમાણે કોઈ કોઈને વર કરીને વરી ગઈ. એટલે શ્રીમતીએ કહ્યું કે, 'સખીઓ! હું તો આ ભટ્ટારક મુનિને વરી.' તે વખતે દેવતાએ આકાશમાં રહીને કહ્યું કે, 'સાબાશ છે, તું ઠીક વરી છું!' આ પ્રમાણે કહી ગર્જના કરીને તે દેવે ત્યાં રત્નોની વૃષ્ટિ કરી. તે ગર્જનાથી ત્રાસ પામીને શ્રીમતી તે મુનિના ચરણને વળગી પડી. મુનિએ વિચાર્યું કે, 'અહિં ક્ષણવાર રહેવાથી પણ વ્રતરૂપી વૃક્ષને મહાન પવન જેવો આ મને અનુકૂળ ઉપસર્ગ થયો, માટે અહીં વધારે વાર રહેવું યોગ્ય નથી.' આવા વિચારથી તે મુનિ તરત જ ત્યાંથી બીજે ચાલ્યા ગયા. "મહર્ષિઓને કોઈ સ્થળે નિવાસ કરીને રહેવાની આસ્થા હોતી નથી, તો જ્યાં ઉપસર્ગ થાય ત્યાં રહેવાની તો શાનીજ આસ્થા હોય?" પછી તે નગરનો રાજા તે રત્નવૃષ્ટિ લેવાને ત્યાં આવ્યો. કારણ કે 'સ્વામી વગરના ધન ઉપર રાજાનો જ હક છે' એવો તેનો નિશ્ચય હતો. રાજપુરૂષો રાજાની આજ્ઞાથી જ્યારે તે દ્રવ્ય લેવા દેવાલયમાં પેઠા ત્યારે નાગલોકના દ્વારની જેમ તે સ્થાન અનેક સર્પોથી વ્યાપ્ત જોવામાં આવ્યું. તે વખતે તત્કાળ દેવતાએ આકાશમાં રહીને કહ્યું કે, 'મેં આ દ્રવ્ય આ કન્યાના વરને નિમિત્તે આપેલું છે, માટે બીજા કોઈએ લેવું નહીં.' તે સાંભળી રાજા વિલખો થઈને પાછો ગયો; એટલે શ્રીમતીના પિતાએ તે દ્રવ્ય લઈને જુદું રાખ્યું. પછી સાયંકાળે પક્ષીઓની જેમ સર્વે પોતપોતાને સ્થાનકે ગયા.

હવે શ્રીમતી વરવા યોગ્ય થવાથી તેને વરવાને ઘણા વર તૈયાર થઈને આવ્યા, એટલે તેના પિતાએ તેને કહ્યું કે, 'આમાંથી યોગ્ય લાગે તેને અંગીકાર કર.' તે સાંભળી શ્રીમતી બોલી કે–"પિતાજી! હું તો તે વખતે જે મુનિને વરી છું તેજ મારો વર છે અને દેવતાએ તેને વરવા માટેજ દ્રવ્ય પણ આપેલું છે. તે મહર્ષિને હું મારી રૂચિથી વરી ચૂકી છું. અને તમે પણ દ્રવ્ય લેવાથી તેમાં સંમત થયા છો; માટે તે મુનિવર માટે કલ્પીને હવે મને બીજા વરને આપવી તે તમને યોગ્ય નથી. તાત! શું તમે નથી સાંભળ્યું કે જે બાળકો પણ જાણે છે કે, 'રાજાઓ એકજ વાર બોલે, મુનિઓ એકજ વાર વદે અને કન્યા પણ એકજ વાર અપાય–આ ત્રણે બાબત એકજવાર થાય છે." શેઠે કહ્યું કે, "હે પુત્રી! તે મુનિ શી રીતે મળી શકે, કેમકે તે એક સ્થાને તો રહેતા નથી. પુષ્પમાં ભ્રમરની જેમ તે નવનવા સ્થાનમાં ફરે છે. તે મુનિ પાછા અહીં આવશે કે નહીં? કદિ આવશે તો તે

જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com	For Private & Personal Use Only	info@jainsite.com

શી રીતે ઓળખાશે ? તેમનું નામ શું ? તેનું અભિજ્ઞાન શું ? તેવા ભિક્ષુકો તો કેટલાય આવે છે." **શ્રીમતી** બોલી કે–"પિતાજી ! તે દેવાલયમાં દેવતાની ગર્જનાથી હું ભય પામી હતી, તેથી હું વાનરીની જેમ તેમના ચરણને પકડી રહી હતી, તે વખતે તેમના ચરણમાં એક ચિન્હ મારા જોવામાં આવ્યું છે. માટે હે પિતા ! તમે એવી ગોઠવણ કરો કે જેથી હું પ્રતિદિન જતા આવતા સાધુઓને જોઈ શકું." શેઠ બોલ્યા કે, "હે પુત્રી ! હવે જે કોઈ મુનિઓ આ શહેરમાં આવે તે સર્વે મુનિઓને તારે સ્વયમેવ ભિક્ષા આપવી." પિતાની આજ્ઞા થઈ ત્યારથી શ્રીમતી દરેક મુનિઓને ભિક્ષા આપતી, અને વંદના કરતી વખતે તેમના ચરણ પરના ચિન્હો જોતી હતી. તેમ કરતાં કરતાં બાર વર્ષે દિગ્મૂઢ થયેલા આર્દ્રકમુનિ ત્યાં આવી ચડ્યા. શ્રીમતીએ વંદના કરતાં ચિન્હ જોઈને તરત ઓળખી લીધા, એટલે તે બોલી કે, "હે નાથ ! તે દેવાલયમાં હું તમને વરી હતી. માટે તમે જ મારા પતિ છો. તે વખતે તો હું મુગ્ધા હતી તેથી મને પસીનાના બિંદુની જેમ ત્યજી દઈને તમે ચાલ્યા ગયા હતા, પણ આજે સપડાયા છો, હવે કરજદારની જેમ અહિંથી શી રીતે જશો ? હે નાથ ! જ્યારથી તમે દૃષ્ટનષ્ટ થયા હતા ત્યારથી પ્રાણ રહિતની જેમ મારો બધો કાળ નિર્ગમન થયો છે, માટે હવે પ્રસન્ન થઈને મને અંગીકાર કરો. તે છતાં પણ કદિ જો ક્રૂરતાથી મારી અવજ્ઞા કરશો તો હું અગ્નિમાં પડીને તમને સ્ત્રીહત્યાનું પાપ આપીશ." પછી રાજાએ અને મહાજને આવીને વિવાહ માટે તેમની પ્રાર્થના કરી. એટલે મુનિએ વ્રત લેવાને વખતે જે તેના નિષેધરૂપ દિવ્ય વાણી થઈ હતી તે યાદ કરી; અને તે દૈવી વાણી સંભારીને તેમજ સર્વનો વિશેષ આગ્રહ જોઈને મહાત્મા આર્દ્રકમુનિ તે શ્રીમતીને પરણ્યા. "કદિ પણ ભાવી અન્યથા થતું નથી."

**શ્રીમતીની** સાથે ચિરકાળ ભોગ ભોગવતા તે મુનિને ગૃહસ્થપણાની પ્રસિદ્ધિરૂપ એક પુત્ર ઉત્પન્ન થયો. અનુક્રમે વૃદ્ધિ પામતો તે પુત્ર ધાવણ મૂકી દઈ રાજશુકની જેમ તરતની છુટેલી જિન્હાવડે કાલુંકાલું બોલવા લાગ્યો. પુત્ર મોટો થવાથી **આર્દ્રકકુમારે** શ્રીમતીને કહ્યું કે, 'હવે આ પુત્ર તારી સહાય કરશે, માટે હું દીક્ષા લઈશ.' બુદ્ધિમાન્ શ્રીમતી તે વાત પુત્રને જણાવવાને માટે રૂની પૂણી સાથે ત્રાક લઈને રેંટીઓ કાંતવા બેઠી. જ્યારે તે રૂ કાંતવા લાગી ત્યારે પુત્રે તે જોઈને પૂછ્યું કે, 'હે માતા ! સાધારણ માણસને યોગ્ય આવું કામ તમે કેમ કરો છો ?' તે બોલી કે–'હે વત્સ ! તારા પિતા દીક્ષા લેવા જવાના છે, એટલે તેના ગયા પછી પતિ રહિત એવી મારે આ ત્રાકનુંજ શરણ છે.' પુત્ર બાલ્યપણાને લીધે તોતડી પણ મધુર વાણીએ બોલ્યો કે–'માતા ! હું મારા પિતાને બાંધીને પકડી રાખીશ, પછી તે શી રીતે જઈ શકશે ?' આ પ્રમાણે કહી લાળથી કરોળીઆની જેમ તે મુગ્ધમુખ બાળક ત્રાકના સૂત્રથી પિતાના ચરણને વીંટવા લાગ્યો, અને બોલ્યો કે–'અંબા ! હવે ભય રાખો નહીં, સ્વસ્થ થાઓ, જુવો મારા પિતાના પગ મેં બાંધી લીધા છે, તેથી બંધાયેલા હાથીની જેમ હવે તે શી રીતે જઈ શકશે ?' બાળકની આ પ્રમાણેની ચેષ્ટા જોઈ આર્દ્રકે

જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

વિચાર્યું કે, 'અહો ! આ બાળકનો સ્નેહાનુબંધ કેવો છે કે, જે મારા મનરૂપ પક્ષીને પાશલા રૂપ થઈ પડ્યો છે, જેથી હું હવે તરતમાં દીક્ષા લેવા માટે જવાને અશક્ત છું. માટે આ પ્રેમાળ બાળકે મારા પગ સાથે જેટલા સૂત્રના આંટા લીધા છે તેટલા વર્ષો સુધી આ પુત્રના પ્રેમથી હું ગૃહસ્થપણે રહીશ.' પછી તેણે પગના તંતુબંધ ગણ્યા એટલે બાર થયા, તેથી તેણે ગૃહસ્થપણામાં બીજા બાર વર્ષ નિર્ગમન કર્યાં. જ્યારે પોતાની પ્રતિજ્ઞાનો અવધિ પૂર્ણ થયો ત્યારે તે બુદ્ધિમાન્ પુરૂષ વૈરાગ્ય પામી રાત્રિના પાછલા પહોરે આ પ્રમાણે ચિંતવવા લાગ્યો કે-'અહો ! આ સંસારરૂપ કુવામાંથી નીકળવાને મેં દોરીની જેમ વ્રતનું આલંબન કર્યું અને પાછું તેને છોડી દઈને હું તેમાંજ મગ્ન થયો. પૂર્વ જન્મમાં મેં માત્ર મનથીજ વ્રત ભાંગ્યું હતું, તેથી મને અનાર્યપણું પ્રાપ્ત થયું હતું, તો હવે આ ભવમાં તો ત્રિકરણે વ્રત ભાંગ્યું છે, ત્યારે મારી શી ગતિ થશે ! ભવતુ ! હજુ પણ દીક્ષા લઈ તપરૂપ અગ્નિથી અગ્નિશૌચ વસ્ત્રની જેમ હું મારા આત્માનું પ્રક્ષાલન કરીશ.' આ પ્રમાણે વિચાર કરી પ્રાતઃકાળે **શ્રીમતીને** સમજાવી યતિલિંગ ધારણ કરીને તે નિર્મમ મુનિ થઈ ઘરમાંથી ચાલી નીકળ્યા.

**વસંતપુરથી** રાજગૃહ નગર તરફ જતાં માર્ગમાં પોતાના પાંચસો સામંતોને ચોરીનો ધંધો કરતા જોયા. તેમણે ઓળખીને ભક્તિથી **આર્દ્રકમુનિને** વંદના કરી. મુનિએ કહ્યું, 'તમે આવી પાપી આજીવિકા શા માટે આદરી છે?' તેઓ બોલ્યા કે, "હે સ્વામી ! જ્યારે તમે અમને ઠગીને પલાયન કરી ગયા ત્યારે અમો લજ્જાથી અમારૂં મુખ તમારા પિતાને બતાવી શક્યા નહીં; તેથી તમારીજ શોધમાં પૃથ્વીપર ભમવા લાગ્યા. અને ચોરીવડે આજીવિકા કરવા લાગ્યા. નિર્ધન શસ્ત્રધારીઓએ બીજું શું કરવું ?" મુનિ બોલ્યા-'હે ભદ્રો ! કદિ માથે કષ્ટ આવી પડે તો પણ જે ધર્માનુબંધી કાર્ય હોય તેજ કરવું કે જે બન્ને લોકમાં સફળ થાય. કોઈ મહાપુણ્યના યોગથી આ મનુષ્યજન્મ પ્રાપ્ત થાય છે, અને તે પ્રાપ્ત થયાનું ફળ સ્વર્ગ તથા મોક્ષને આપનાર ધર્મજ છે. સર્વ જીવોની અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહતા—એ ધર્મ તમારે માનવા યોગ્ય છે. હે ભદ્રો ! તમે સ્વામિભક્ત છો, હું રાજાની જેમ તમારો સ્વામી છું. તેથી મારૂં કહેવું માનીને મારા અંગીકાર કરેલા માર્ગને સદ્બુદ્ધિવડે તમે પણ ગ્રહણ કરો.' તેઓ બોલ્યા કે 'તમે પ્રથમ સ્વામી હતા અને અત્યારે ગુરૂ છો, તમારો કહેલો ધર્મ અમને રૂચ્યો છે, તેથી દીક્ષા આપીને અમારીપર અનુગ્રહ કરો.' આર્દ્રકુમાર તેઓને દીક્ષા આપી સાથે લઈને **શ્રીવીરપ્રભુને** વાંદવા રાજગૃહ તરફ ચાલ્યા. માર્ગમાં **ગોશાળો** સામો મળ્યો. પુણ્યરહિત ગોશાળે **આર્દ્રકમુનિની** સાથે વાદ કરવા માંડ્યો. તે કૌતુક જોવાને હજારો મનુષ્યો અને ખેચરો તટસ્થપણે ત્યાં એકઠા મળ્યા. ગોશાળો બોલ્યો-'અરે મુનિ ! આ તપસ્યા કરવી તે વૃથા કષ્ટરૂપ છે, કારણ કે શુભ અશુભ ફળનું કારણ તો નિયતિ (ભવિતવ્યતા)જ છે.' આર્દ્રકમુનિ બોલ્યા કે-"અરે ગોશાળા ! જો તેમજ હોય તો આ જગતમાં સુખજ નથી એમ કહે, અને જો સુખ છે એમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહેતો હોય તો પુરૂષાર્થને તેના કારણ તરીકે માની લે. જો સર્વ ઠેકાણે નિયતિજ કારણ માનતો હો, તો ઈષ્ટસિદ્ધિને માટે તારી પણ સર્વ ક્રિયાઓ વૃથા થશે. વળી જો તું નિયતિ ઉપર નિષ્ઠા રાખીને રહેતો હોય તો સ્થાન ઉપર કેમ બેસી રહેતો નથી? ભોજનના અવસરે ભોજન માટે શું કામ પ્રયત્ન કરે છે? તેથી નિયતિની જેમ સ્વાર્થસિદ્ધિને માટે પુરૂષાર્થ કરવો તે પણ યોગ્ય છે, કારણ કે અર્થસિદ્ધિમાં નિયતિથી પણ પુરૂષાર્થ ચઢે છે. જેમકે આકાશમાંથી પણ જળ પડે છે અને ભૂમિ ખણવાથી પણ મળી શકે છે, તેથી નિયતિ બળવાન છે અને તેથી પણ ઉદ્યમ બળવાન છે.” આ પ્રમાણે તે મહામુનિએ ગોશાળાને નિરૂત્તર કરી દીધો. તે સાંભળી ખેચર વિગેરેએ જયજય શબ્દ કરીને તેમની સ્તુતિ કરી.

પછી આર્દ્રકમુનિ હસ્તિતાપસોના આશ્રમમાં ગયા. ત્યાં પર્ણ કુટીઓમાં હાથીઓનું માંસ તડકે સુકવવા નાંખેલું તેમના જોવામાં આવ્યું. ત્યાં રહેલા તાપસો એક મોટા હાથીને મારી તેનું માંસ ખાઈને ઘણા દિવસો નિર્ગમન કરતા હતા. તેઓનો એવો મત હતો કે, ‘એક મોટા હાથીને મારી નાખવો તે સારો કે જેથી એક જીવનાજ માંસથી આપણો ઘણો કાળ નિર્ગમન થાય. મૃગ, તિત્તિર, મત્સ્ય વિગેરે ઘણા ક્ષુદ્ર પ્રાણીઓનો અને ઘણા ધાન્યના કણોનો આહાર શા માટે કરવો? કે જેમાં ઘણા જીવોની હિંસા થવાથી ઘણું પાપ લાગે છે.’ આવાં તે દયાભાસ[1] ધર્મને માનનારા તાપસોએ તે વખતે મારવાને માટે એક મોટી કાયાવાળા હાથીને ત્યાં બાંધ્યો હતો. ભારવાળી શૃંખલાવડે જ્યાં હાથીને બાંધ્યો હતો, તે માર્ગે થઈને એ કરૂણાળુ મહર્ષિ નીકળ્યા. પાંચસો મુનિઓએ પરવરેલા તે મહર્ષિને અનેક લોકો પૃથ્વીપર મસ્તક નમાવીને નમતા હતા, તે જોઈ એ લઘુકર્મી ગજેંદ્રે વિચાર્યું કે, ‘હું પણ જો છુટો થઉં તો આ મુનિવરને વંદના કરૂં, પણ બંધનમાં છું તેથી શું કરૂં?’ હાથી આ પ્રમાણે વિચારે છે તેવામાં ગરૂડના દર્શનથી નાગપાશની જેમ તે મહર્ષિના દર્શનથી તેના લોહમય બંધન તુટી ગયા, તેથી તે હાથી છુટો થઈ તે મહામુનિને વાંદવા તેમની સામે ચાલ્યો. તે જોઈ લોકો કહેવા લાગ્યા કે, ‘આ મુનિને હાથી જરૂર હણી નાખશે.’ એમ બોલતા હાથીના ભયથી દૂર નાશી ગયા; પરંતુ મુનિ તો ત્યાંજ ઉભા રહ્યા. ગજેંદ્રે તેમની પાસે આવી કુંભસ્થળ નમાવીને પ્રણામ કર્યો અને દાહથી પીડિત જેમ કદલીને સ્પર્શ કરે તેમ તે ગજેંદ્રે મુનિના ચરણને સુંઢ પ્રસારીને સ્પર્શ કર્યો, તેથી તે પરમ શાંતિને પામ્યો. પછી તે હાથી ઉભો થઈ ભક્તિથી ભરપૂર દૃષ્ટિવડે મુનિને જોતો જોતો અનાકુળપણે અરણ્યમાં ચાલ્યો ગયો. મુનિના આવા અદ્ભુત પ્રભાવથી અને હાથીના ભાગી જવાથી પેલા દયાભાસ ધર્મી હસ્તિતાપસો તેમનાપર ઘણા ગુસ્સે થયા. પરંતુ **આર્દ્રકકુમારે** તેઓને પણ પ્રતિબોધ પમાડયો; અને સમતા સંવેગથી શોભતા તેઓને **શ્રીવીર**પ્રભુના સમવસરણમાં મોકલ્યા, ત્યાં જઈને તેઓએ હર્ષથી દીક્ષા લીધી.

---

૧ આભાસ માત્ર જેમાં દયા છે, વાસ્તવિક દયા નથી એવા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**શ્રેણિકરાજા** ગજેંદ્રના મોક્ષની અને તાપસોના પ્રતિબોધની હકીકત સાંભળી **અભયકુમાર** સહિત **આર્દ્ર**મુનિ પાસે આવ્યો. ભક્તિથી વંદના કરતા રાજાને મુનિએ સર્વકલ્યાણકારિણી ધર્મલાભરૂપ આશીષથી આનંદિત કર્યો. પછી મુનિને શુદ્ધ ભૂમિતળ ઉપર નિરાબાધપણે બેઠેલા જોઈ રાજાએ પૂછ્યું કે, 'હે ભગવન્! તમે કરેલા ગજેંદ્રમોક્ષથી મને આશ્ચર્ય થાય છે, એટલે મહર્ષિ બોલ્યા કે–'હે રાજેંદ્ર! ગજેંદ્રનો મોક્ષ કરવો તે મને દુષ્કર લાગતો નથી, પણ મને તો ત્રાકસૂત્રના પાશમાંથી મોક્ષ થવો તે દુષ્કર જણાય છે.' રાજાએ પૂછ્યું કે, 'તે શી રીતે?' એટલે મુનિએ ત્રાકસૂત્ર સંબંધી બધી કથા કહી સંભળાવી, જે સાંભળી રાજા અને સર્વ લોકો વિસ્મય પામી ગયા.

પછી આર્દ્રકુમાર મુનિએ અભયકુમારને કહ્યું કે, "હે ભદ્ર! તમે મારા નિઃકરણ ઉપકારી ધર્મબંધુ છો. હે રાજપુત્ર! તમે મોકલેલી અર્હંતની પ્રતિમાના દર્શનથી મને જાતિસ્મરણ જ્ઞાન થયું અને તેથીજ હું આર્હંત થયો. હે ભદ્ર! તમે મને શું શું નથી આપ્યું? અને શો શો ઉપકાર નથી કર્યો? કે જેણે મને ઉત્તમ ઉપાયની યોજના કરીને આર્હંત ધર્મમાં પ્રવર્તાવ્યો. હે મહોપકારી! તમે અનાર્યપણા રૂપ મહા કાદવમાં નિમગ્ન થયેલા એવા મારો ઉદ્ધાર કર્યો, અને તમારી બુદ્ધિથી બોધ પામી હું આર્ય દેશમાં આવ્યો, તેમજ તમારાથીજ પ્રતિબોધ પામીને હું દીક્ષાને પ્રાપ્ત થયો છું. તેથી હે કુમાર! તમે ઘણા કલ્યાણવડે વૃદ્ધિ પામો છો." રાજા શ્રેણિક, અભયકુમાર અને બીજા લોકો તે મુનિને વંદના કરીને પોતપોતાને સ્થાનકે ગયા. આર્દ્રકમુનિએ **રાજગૃહ** નગરમાં સમવસરેલા **શ્રીવીરપ્રભુ**ને વંદના કરી અને તેમના ચરણકમળની સેવાથી કૃતાર્થ થઈ અંતે મોક્ષને પ્રાપ્ત થયા.

इत्याचार्य श्री हेमचंद्रसूरिविरचिते त्रिषष्टिशलाकापुरुषचरित्रे महाकाव्ये
दशमपर्वणि चेल्लणायोग्यएकस्तंभप्रासादनिर्मापण–आम्रफला–
पहारेण श्रेणिकविद्याग्रहण–दुर्गंधाकथा–आर्द्रकुमारकथा–
वर्णनो नाम सप्तमः सर्गः ॥६॥



www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

# સર્ગ ૮ મો

## શ્રી ઋષભદત્ત અને દેવાનંદાની દીક્ષા, જમાળિ અને ગોશાળાની વિપ્રતિપત્તિ તથા વિપત્તિ અને શ્રી મહાવીર પ્રભુનું આરોગ્ય

ભવિજનના અનુગ્રહને માટે ગામ, આકર અને નગર વિગેરેમાં વિહાર કરતા શ્રી વીરપ્રભુ અન્યદા **બ્રાહ્મણકુંડ** ગ્રામે આવ્યા. તેની બહાર **બહુશાળ** નામના ઉદ્યાનમાં દેવતાઓએ ત્રણ ગઢવાળું સમવસરણ રચ્યું. તેમાં પ્રભુ પૂર્વ સિંહાસન ઉપર પૂર્વાભિમુખે બીરાજ્યા અને **ગૌતમ** વિગેરે ગણધરો અને દેવતાઓ પોતપોતાને યોગ્ય સ્થાને બેઠા. સર્વજ્ઞને આવેલા સાંભળી ઘણા નગરજનો ત્યાં આવ્યા તે સાથે **દેવાનંદા** અને **ઋષભદત્ત** પણ આવ્યા. શ્રદ્ધાળુ ઋષભદત્ત પ્રભુને ત્રણ પ્રદક્ષિણા કરી વાંદીને યોગ્ય સ્થાને બેઠા. દેવાનંદા પણ પ્રભુને નમી ઋષભદત્તની પછવાડે આનંદ પ્રફુલ્લિત મુખવડે દેશના સાંભળવા બેઠી. તે વખતે પ્રભુને જોતાંજ દેવાનંદાના સ્તનમાંથી દુધ ઝરવા લાગ્યું અને શરીરે રોમાંચ પ્રગટ થયા. તેની એવી સ્થિતિ જોઈ ગૌતમસ્વામી સંશય અને વિસ્મય પામ્યા. તેથી તેમણે અંજલિ જોડીને પ્રભુને પૂછ્યું કે, 'હે પ્રભુ! પુત્રની જેમ તમને જોઈને આ દેવાનંદાની દૃષ્ટિ દેવવધુની જેમ નિર્નિમેષ કેમ થઈ ગઈ?' ભગવાન્ શ્રીવીરપ્રભુ મેઘના જેવી ગંભીર વાણીએ બોલ્યા–'હે દેવાનુપ્રિય ગૌતમ! હું એ દેવાનંદાની કુક્ષિમાં ઉત્પન્ન થયેલો છું. દેવલોકમાંથી ચ્યવીને હું એની કુક્ષિમાં બાશી દિવસ રહ્યો હતો, તેથી પરમાર્થને નહીં જાણતાં છતાં તે મારે વિષે વત્સલ ભાવ ધરે છે.' પ્રભુનાં આવા વચન કે જે પૂર્વ સાંભળવામાં આવ્યા નહોતા, તે સાંભળી દેવાનંદા, ઋષભદત્ત અને બધી પર્ષદા વિસ્મય પામી ગઈ. 'આ ત્રણ જગતના સ્વામી પુત્ર ક્યાં! અને એક સામાન્ય ગૃહસ્થાશ્રમી આપણે ક્યાં!' એમ વિચારી તે દંપતીએ ઉઠીને ફરીવાર પ્રભુને વંદના કરી. 'આ માતા પિતાને પ્રતિબોધ પમાડવો દુષ્કર છે.' એવી બુદ્ધિથી ભગવંતે તેમને અન્ય લોકોને ઉદ્દેશીને આ પ્રમાણે દેશના આપી.

"અહો ભવ્યજીવો! આ સંસારમાં સર્વ વસ્તુ ઇંદ્રજાળ જેવી છે, તેથી વિવેકી પુરૂષ તેના સ્થિરપણા વિષે ક્ષણવાર પણ શ્રદ્ધા રાખતા નથી. જ્યાં સુધી જરાવસ્થા આવીને આ શરીરને જર્જરિત કરે નહિ, અને જ્યાં સુધી મૃત્યુ પ્રાણ લેવાને આવે નહીં, ત્યાં સુધીમાં અદ્વૈત સુખના નિધાનરૂપ નિર્વાણના એક સાધન જેવી દીક્ષાનો આશ્રય કરી લેવો યોગ્ય છે, તેમાં જરા પણ પ્રમાદ કરવો યુક્ત નથી." આ પ્રમાણે પ્રભુની દેશના સાંભળી દેવાનંદા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને ઋષભદત્ત પ્રભુને નમીને બોલ્યા કે "હે સ્વામી! અમે બંને આ અસાર સંસારવાસથી વિરક્ત થયા છીએ, માટે હે જંગમ કલ્પવૃક્ષ! અમોને સંસારતારણી દીક્ષા આપો. તમારા સિવાય તરવાને અને તારવાને બીજો કોણ સમર્થ છે?" પ્રભુએ 'તથાસ્તુ' એમ કહ્યું, એટલે આત્માને ધન્ય માનતા તે દંપતીએ ઈશાન દિશામાં જઈ આભૂષણો વિગેરે તજી દીધાં, અને સંવેગથી પાંચ મુષ્ટિવડે કેશનો લોચ કરી પ્રભુને પ્રદક્ષિણા પૂર્વક વંદના કરીને બોલ્યા કે "હે સ્વામી! અમે જન્મ, જરા અને મૃત્યુથી ભય પામી તમારે શરણે આવ્યા છીએ, માટે તમે સ્વયમેવ અમને દીક્ષા આપવાને પ્રસન્ન થઈ અનુગ્રહ કરો." પછી પ્રભુએ નિર્દોષ મનવાળા તે દંપતીને દીક્ષા આપી અને સમાચારી તથા આવશ્યકની વિધિ કહી સંભળાવી. "સર્વ સત્પુરૂષો ઉપકારી હોય છે, તો પછી સર્વ કૃતજ્ઞ પુરૂષોમાં શિરોમણિ પ્રભુની તો વાત જ શી કરવી!" પછી પ્રભુએ **ચંદના** સાધ્વીને દેવાનંદા અને સ્થવિર સાધુઓને ઋષભદત્તને સોંપી દીધા. બંને પરમ આનંદથી વ્રતને પાળવા લાગ્યા. અનુક્રમે એકાદશાંગીનું અધ્યયન કરી, વિવિધ તપમાં તત્પર થઈ કેવળજ્ઞાન પામીને તેઓ મોક્ષને પ્રાપ્ત થયા.

ભગવંત શ્રી **વર્દ્ધમાન** સ્વામી જગત્‌જીવોના આનંદમાં વૃદ્ધિ કરતા છતા ગામ, આકર અને નગરથી આકુળ એવી પૃથ્વીપર વિહાર કરવા લાગ્યા. અનુક્રમે પ્રભુ **ક્ષત્રીયકુંડ** ગામે પધાર્યા. ત્યાં સમવસરણમાં બેસી દેશના આપી. પ્રભુને સમવસરેલા જાણી રાજા **નંદિવર્દ્ધન** મોટી સમૃદ્ધિ અને ભક્તિથી પ્રભુને વાંદવા આવ્યા. ત્રણ પ્રદક્ષિણા કરી જગદ્ગુરૂને વાંદી ભક્તિથી અંજળિ જોડીને તે યોગ્ય સ્થાને બેઠા. તે વખતે **જમાળિ** નામે પ્રભુનો ભાણેજ અને જામાતા, પ્રભુની પુત્રી **પ્રિયદર્શના** સહિત પ્રભુને વાંદવા આવ્યો. ભગવંતની દેશના સાંભળીને પ્રતિબોધ પામેલા જમાળિએ માતા પિતાની રજા લઈ પાંચસો ક્ષત્રીઓની સાથે દીક્ષા ગ્રહણ કરી. જમાળિની સ્ત્રી અને ભગવંતની પુત્રી પ્રિયદર્શનાએ પણ એક હજાર સ્ત્રીઓ સાથે પ્રભુ પાસે દીક્ષા લીધી. પછી પ્રભુએ ત્યાંથી અન્યત્ર વિહાર કર્યો. જમાળિમુનિ પણ ક્ષત્રિય મુનિઓ સહિત પ્રભુની સાથે વિહાર કરવા લાગ્યા. અનુક્રમે જમાળિએ અગ્યાર અંગનું અધ્યયન કર્યું, એટલે પ્રભુએ તેને સહસ્ર ક્ષત્રિયમુનિઓના આચાર્ય કર્યો. તેમણે ચતુર્થ, છઠ્ઠ અને અઠ્ઠમ વિગેરે તપ કરવા માંડયો, તેમ જ ચંદનાને અનુસરતી પ્રિયદર્શનાએ પણ તપ કરવા માંડયું.

એક વખતે જમાળિએ પોતાના પરિવાર સહિત પ્રભુને નમીને કહ્યું, 'સ્વામી! તમારી આજ્ઞા હોય તો અમે હવે અનિયત વિહાર કરીએ.' પ્રભુએ જ્ઞાનચક્ષુવડે તેમાં ભાવી અનર્થ જાણ્યો હતો, તેથી જમાળિ મુનિએ વારંવાર પૂછ્યું તથાપિ કાંઈ પણ ઉત્તર આપ્યો નહીં. એટલે 'જેમાં નિષેધ ન હોય તેમાં આજ્ઞા સમજવી.' એવું વિચારી જમાળિમુનિ પરિવાર સહિત બીજે વિહાર કરવા પ્રભુ પાસેથી નીકળ્યા. અનુક્રમે વિહાર કરતાં કરતાં શ્રાવસ્તી નગરીએ ગયા. ત્યાં કોષ્ટક નામના નગરની બહારના ઉદ્યાનમાં વિરસ, શીતળ, લુખા, તુચ્છ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમય વગરના અને ઠંડા અન્નપાન વાપરવાથી અન્યદા જમાળિમુનિને પિત્તજ્વર ઉત્પન્ન થયો. એ જ્વરની પીડાથી કાદવમાં પડેલા ખીલાની જેમ તે ઉભા રહી શકતા નહીં, તેથી એકદા પાસેના મુનિઓને તેમણે કહ્યું કે, 'સંથારો કરો.' મુનિઓએ તરત જ સંથારો કરવા માંડયો. "રાજાની આજ્ઞા સેવકો ઉઠાવે તેમ શિષ્યો ગુરૂની આજ્ઞા ઉઠાવે છે." પિત્તની અત્યંત પીડાથી જમાળિમુનિએ વારંવાર પૂછવા માંડયું કે, 'અરે સાધુઓ! સંથારો પાથર્યો કે કેમ?' સાધુઓ બોલ્યા કે–'સંથારો કરેલો છે.' એટલે જ્વરાર્ત્ત જમાળિમુનિ તરતજ ઉઠીને તેમની પાસે આવ્યા, ત્યાં સંથારો પથરાતો જોઈ શરીરની અશક્તિથી તે બેસી ગયા અને તત્કાળ મિથ્યાત્વનો ઉદય થવાથી ક્રોધ કરીને તે સાધુઓ પ્રત્યે કહેવા લાગ્યા કે, "અરે! સાધુઓ! આપણે ઘણા કાળથી ભ્રાંત થઈ ગયા, હવે ચિર કાળે તત્ત્વ જાણવામાં આવ્યું કે જે કાર્ય કરાતું હોય તેને 'કર્યું' એમ કહેવાય નહીં, જે કાર્ય પૂર્ણ થઈ ગયું હોય તેજ 'કર્યું' કહેવાય, સંથારો પથરાતો હતો, છતાં તમે 'પાથર્યો' એમ જે કહ્યું તે અસત્ય છે, અને તેવું અસત્ય બોલવું અયુક્ત છે. ઉત્પન્ન થતું હોય તેને ઉત્પન્ન થયેલું કહેવું, અને કરાતું હોય તેને કરેલું કહેવું, તેવું અરિહંત પ્રભુ કહે છે તે ઘટતું નથી; કારણ કે તેમાં પ્રત્યક્ષ વિરોધ જણાય છે. વર્ત્તમાન અને ભવિષ્ય ક્ષણોના વ્યૂહના યોગથી નિષ્પન્ન થતાં કાર્યને વિષે 'કર્યું' એમ આરંભમાંજ શી રીતે કહેવાય? જે અર્થ અને ક્રિયાનું વિધાન કરે છે, તેને વિષેજ વસ્તુતા રહેલી છે, તો તે પ્રથમ કાળે ઉત્પન્ન થયેલા પદાર્થમાં કદિ પણ સંભવે નહીં. જો કાર્ય આરંભમાંજ કર્યું કહેવાય તો પછી બાકીના ક્ષણે કરેલાને કરવામાં જરૂર અનવસ્થા દોષ આવે છે; તેથી યુક્તિવડે એમ સિદ્ધ થાય છે કે, જે કાર્ય પૂર્ણ કર્યું તેજ સ્ફુટ રીતે કરેલું કહેવાય. 'નહિં જન્મેલા પુત્રનું નામ કોઈ પાડેજ નહીં.' માટે હે મુનિઓ! હું કહું છું તે પ્રત્યક્ષ નિર્દોષ છે, તેને અંગીકાર કરો. પ્રભુ જે કાંઈ કહે તે ગ્રહણ કરાય નહીં, જે યુક્તિયુક્ત હોય તેનુંજ ગ્રહણ થાય છે. સર્વજ્ઞપણાથી વિખ્યાત એવા અર્હંત પ્રભુ મિથ્યા બોલેજ નહીં એવું ધારશો નહીં, તે પણ કોઈ વાર મિથ્યા બોલે, કારણ કે–મહાન્ પુરૂષોને પણ સ્ખલના થાય છે."

આ પ્રમાણે વિપરીત ભાષણ કરતા અને ક્રોધથી મર્યાદાને છોડી દેતા જમાળિ પ્રત્યે સ્થવિર મુનિઓ બોલ્યા કે "અરે જમાળિ! તમે આવું વિપરીત કેમ બોલો છો? રાગદ્વેષથી વર્જિત એવા અર્હંત પ્રભુ કદિ પણ અન્યથા બોલતાજ નથી. તેમની વાણીમાં કદિ પણ પ્રત્યક્ષ પ્રમુખ દોષનો એક અંશ પણ હોતો નથી. જો આદ્ય સમયમાં વસ્તુ નિષ્પન્ન થયેલી ન કહેવાય તો સમયના અવિશેષપણાથી બીજા સમયોમાં પણ તેની ઉત્પત્તિ થયેલી કેમ કહેવાય? અર્થ અને ક્રિયાનું સાધકપણું એ વસ્તુનું જે લક્ષણ છે, તે નામના અન્ય ઉપયોગથી કાંઈ વ્યભિચાર (વિપરીત ભાવ) પામતું નથી. જેમ લોકમા કોઈ કાર્ય કરતાં પ્રથમથીજ કોઈ પૂછે કે, 'શું કરો છો?' ત્યારે કાર્ય પૂર્ણ થયેલું ન હોય તોપણ એમ કહેવાય છે કે, 'અમુક ઘટ વિગેરે કરીએ છીએ.' પૂર્વ કાળે કરેલી વસ્તુ કરવામાં અનવસ્થા દોષ લાગુ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરવો તે પણ યુક્ત નથી, કારણ કે તેમાં પેટા ભાગે કાર્યાંતરનું સાધન રહેલું છે. વળી તમારા જેવા છદ્મસ્થને યુક્ત અયુક્તનો પૂર્ણ વિવેક ક્યાંથી હોય? અને તેથી તમારૂં વચન યુક્તિવાળું કેમ માની શકાય કે જેથી તે ગ્રહણ કરાય? કેવળજ્ઞાનના આલોકથી ત્રૈલોક્યની વસ્તુઓને જાણનારા એવા સર્વજ્ઞ શ્રી **વીરપ્રભુનું** કથનજ અમારે પ્રમાણ છે. તેની પાસે તમારી યુક્તિ બધી મિથ્યા છે. હે **જમાળિ**! તમે જે કહ્યું કે, 'મહાન્ પુરૂષોને પણ સ્ખલના થાય છે' તે તમારૂં વચન મત્ત, પ્રમત્ત અને ઉન્મત્તના જેવું છે. 'જે કરાતું હોય તેને કરેલું કહેવું'[1] એવું સર્વજ્ઞનું ભાષિત બરાબરજ છે, નહીં તો તેમના વચનથી તમે રાજ્ય છોડીને શા માટે દીક્ષા લીધી? એ મહાત્માના નિર્દોષ વચનને દૂષિત કરતાં તમે કેમ લાજતા નથી? અને આવા સ્વકૃત કર્મથી તમે શા માટે ભવસાગરમાં નિમગ્ન થાઓ છો? તેથી તમે શ્રી વીર પ્રભુ પાસે જઈ આ બાબતનું પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરો, તમારૂં તપ અને જન્મ નિરર્થક કરો નહીં. જે પ્રાણી આરિહંતના એક અક્ષર ઉપર પણ શ્રદ્ધા રાખે નહીં, તે પ્રાણી મિથ્યાત્વને પામીને ભવપરંપરામાં રખડે છે." આ પ્રમાણે સ્થવિર મુનિઓએ જમાળિને ઘણી રીતે સમજાવ્યો તથાપિ તેણે પોતાનો કુમત છોડ્યો નહીં, માત્ર મૌન ધરીને રહ્યો. એટલે તે કુમતધારી જમાળિને છોડીને કેટલાક સ્થવિર મુનિ તો તરતજ પ્રભુ પાસે ચાલ્યા ગયા અને કેટલાક તેની પાસે રહ્યા.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

**પ્રિયદર્શનાએ** પરિવાર સહિત સ્ત્રી જાતિને સુલભ એવા મોહ (અજ્ઞાન)થી અને પૂર્વના સ્નેહથી **જમાળિના** પક્ષને સ્વીકાર્યો. અનુક્રમે જમાળિ ઉન્મત્ત થઈ બીજા માણસોને પણ પોતાનો મત ગ્રહણ કરાવવા લાગ્યો અને તેઓ પછી તે કુમતને ફેલાવવા લાગ્યા. જિનેંદ્રના વચનને હસી કાઢતો અને 'હું સર્વજ્ઞ છું' એમ કહેતો જમાળિ પરિવાર સહિત વિહાર કરવા લાગ્યો.

એકદા તે મદોન્મત્ત જમાળિમુનિ શ્રી વીરપ્રભુને ચંપાનગરીના **પૂર્ણભદ્ર** નામના વનમાં સમવસરેલા જાણી ત્યાં ગયો અને બોલ્યો કે–"હે ભગવન્! તમારા ઘણા શિષ્યો છદ્મસ્થપણામાં જ કેવલજ્ઞાન ઉત્પન્ન થયા વગર મૃત્યુ પામી ગયા, પણ હું તેવો નથી. મને તો કેવળજ્ઞાન અને કેવળદર્શન અક્ષયપણે ઉત્પન્ન થયા છે, તેથી આ પૃથ્વીપર હું પણ સર્વજ્ઞ અને સર્વદર્શી અર્હંત છું." તેના આવા મિથ્યા વચનો સાંભળીને ગૌતમસ્વામી બોલી ઉઠ્યા કે, 'અરે જમાળિ! જો તું જ્ઞાનવાન્ છે તો કહે કે, આ જીવ અને લોક શાશ્વત છે કે અશાશ્વત છે?' આ પ્રશ્નનો પ્રત્યુત્તર આપવાને અસમર્થ એવો જમાળિ કાગડાના બચ્ચાંની જેમ મુખ પ્રસારી શૂન્ય થઈ ગયો. પછી ભગવંત શ્રી વીરપ્રભુ બોલ્યા કે–'જમાળિ! આ લોક તત્ત્વથી શાશ્વત અને અશાશ્વત છે, તેની જેમ જીવ પણ શાશ્વત અને અશાશ્વત છે. આ લોક

---

૧ આ વિષયમાં ઊંડું તત્ત્વજ્ઞાન સમાયેલું છે. બહુ વિચાર કર્યા વગર વિષય ગ્રાહ્ય થઈ શકશે નહિ. કોઈ ગીતાર્થ પાસે આ વિષય વિચારવો ઉચિત છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દ્રવ્યરૂપે શાશ્વત છે અને પ્રતિક્ષણે નાશ પામતા પર્યાયની અપેક્ષાએ અશાશ્વત છે; તેમજ જીવ પણ દ્રવ્યરૂપે શાશ્વત છે અને દેવ, મનુષ્ય, તિર્યંચ વિગેરે પર્યાયોના સંભવથી અશાશ્વત છે.' આ પ્રમાણે પ્રભુએ કહ્યું તે સાંભળ્યું તોપણ મિથ્યાત્વથી જેનું હૃદય મથિત થયેલું છે એવો તે જમાળિ કાંઈ પણ બોલ્યા વિના પોતાના પરિવાર સહિત સમવસરણની બહાર નીકળ્યો. આવા નિહ્નવપણાથી તે જમાળિને સંઘે સંઘબહાર કર્યો. તે સમયે પ્રભુને કેવળજ્ઞાન ઉપજ્યા ચૌદ વર્ષ થયા હતા. સર્વ ઠેકાણે પોતાના દર્શનના અભિપ્રાયને કહેતો અને સ્વચ્છંદથી ફરતો જમાળિ પોતાના આત્માને સર્વજ્ઞ માનતો છતો પૃથ્વીપર વિહાર કરવા લાગ્યો. પરંતુ "જમાળિ અજ્ઞાનવડે શ્રી વીરપ્રભુથી વિપરીત થઈ મિથ્યાત્વને પામ્યો છે." એવી લોકમાં સર્વત્ર પ્રસિદ્ધિ થઈ ગઈ.

એકદા વિહાર કરતો કરતો **જમાળિ શ્રાવસ્તી** નગરીએ ગયો અને નગર બહાર ઉદ્યાનમાં પરિવાર સાથે ઉતર્યો. **પ્રિયદર્શના** પણ તેજ નગરીમાં એક હજાર આર્યા સહિત 'ઢંક' નામના સમૃદ્ધિવાન્ કુંભારની શાળામાં ઉતરી હતી. તે ઢંકકુલાલ પરમ શ્રાવક હતો, તેણે પ્રિયદર્શનાને આવા કુમતમાં રહેલી જોઈને ચિંતવ્યું કે, 'હું કોઈ પણ ઉપાયથી આને પ્રતિબોધ પમાડું.' આવા વિચારથી એકદા તેણે નીભાડામાંથી પાત્રને એકઠા કરતાં કરતાં બુદ્ધિપૂર્વક અગ્નિનો એક તણખો પ્રિયદર્શના ન જાણે તેમ તેના વસ્ત્ર ઉપર નાખ્યો. વસ્ત્રને બળતું જોઈ પ્રિયદર્શના બોલી કે-'અરે ઢંક! જો! તારા પ્રમાદથી આ મારૂં વસ્ત્ર બળી ગયું!' ઢંક બોલ્યો-"હે સાધ્વી! તમે મૃષા બોલો નહીં, તમારા મત પ્રમાણે તો જ્યારે બધું વસ્ત્ર બળી જાય ત્યારેજ બળ્યું એમ કહેવું ઘટિત છે. બળતું હોય તેને બળી ગયું કહેવું, એતો શ્રી અર્હંતનું વચન છે અને અનુભવથી તેમનું તે વચન સ્વીકારવાને યોગ્ય જણાય છે." તે સાંભળી પ્રિયદર્શનાને શુદ્ધબુદ્ધિ ઉત્પન્ન થઈ, તેથી તે બોલી કે "હે ઢંક! હું ચિરકાળથી વિમૂઢ થઈ ગઈ હતી, તેને તેં સારો બોધ કર્યો. અરે! મેં આટલા વખત સુધી **શ્રીવીર** પ્રભુના વચનને દૂષિત કર્યું, તેથી તે સંબંધી મને મિથ્યાદુષ્કૃત હો, હવેથી શ્રીવીરભગવંતની વાણી મારે પ્રમાણ છે." પછી ઢંક કુંભારે કહ્યું કે, 'હે સાધ્વી! તમે સારા હૃદયવાળા છો, તથાપિ હમણાંજ સર્વજ્ઞ પ્રભુની પાસે જાઓ અને પ્રાયશ્ચિત્ત લો.' ઢંકના આવા વચનથી પ્રિયદર્શના 'હું પ્રાયશ્ચિત્ત લેવાનું ઇચ્છું છું' એમ કહી જમાળિને છોડી દઈને પોતાના પરિવાર સહિત શ્રી વીરપ્રભુની પાસે આવી. પછી ઢંકે પ્રતિબોધ પમાડેલા એક જમાળિ સિવાય બીજા સર્વ મુનિઓ શ્રી વીરપ્રભુની પાસે ચાલ્યા ગયા. એકલો જમાળિ કુમતથી છેતરાઈ ઘણા વરસો સુધી પૃથ્વીપર વ્રતધારી પણે ભમ્યો. છેવટે અર્ધા માસનું અનશન કરી પોતાના તે દુષ્કર્મની આલોચના કર્યા વગર મૃત્યુ પામીને છઠ્ઠા દેવલોકમાં કિલ્વિષ દેવતા થયો.

જમાળિને મૃત્યુ પામેલો જાણી **ગૌતમે** શ્રી વીરપ્રભુને વંદના કરીને પૂછ્યું કે, 'હે સ્વામી! તે મહા તપસ્વી જમાળિ કઈ ગતિને પામ્યો છે?' પ્રભુએ કહ્યું કે, 'તે તપોધન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જમાળિ લાંતક દેવલોકમાં તેર સાગરોપમના આયુષ્યવાળો કિલ્વિષિક દેવતા થયો છે.' ગૌતમે ફરીથી પૂછ્યું કે 'તેણે મહા ઉગ્ર તપ કર્યું હતું, તથાપિ તે કિલ્વિષિક દેવ કેમ થયો ? અને ત્યાંથી ચવીને ક્યાં જશે ?' પ્રભુ બોલ્યા કે–"જે પ્રાણી ઉત્તમ આચારવાળા ધર્મગુરૂ, (આચાર્ય), ઉપાધ્યાય, કુળ, ગણ તથા સંઘનો વિરોધી હોય, તે ગમે તેટલી તપસ્યા કરે તોપણ કિલ્વિષિકાદિ હલકી જાતિનો દેવતા થાય છે. જમાળિ પણ તે દોષથી જ કિલ્વિષિક દેવ થયેલો છે. ત્યાંથી ચવી પાંચ પાંચ ભવ તિર્યંચ, મનુષ્ય અને નારકીના ફરી ફરીને બોધિબીજ પ્રાપ્ત કરી છેવટે નિર્વાણને પામશે. તેથી કોઈ પણ પ્રાણીએ ધર્માચાર્ય વિગેરેના વિરોધી થવું નહીં." આ પ્રમાણે ઉપદેશ આપી ભગવંતે ત્યાંથી અન્યત્ર વિહાર કર્યો.

**સાકેતપુર** નામના નગરમાં **સુરપ્રિય** નામે એક યક્ષનું દેવાલય હતું. ત્યાં પ્રતિવર્ષ તેની પ્રતિમાને ચિત્રાવીને લોકો મહોત્સવ કરતા હતા. પરંતુ તેને જે ચિત્રે તે ચિત્રકારને તે યક્ષ મારી નાખતો હતો અને જો કોઈ તેને ચિત્રે નહીં તો તે આખા નગરમાં મહામારી વિકુર્વતો હતો. તેથી ભય પામીને બધા ચિત્રકારો તે નગરમાંથી પલાયન કરવા લાગ્યા. એટલે પોતાની પ્રજામાં મહામારી ઉત્પન્ન થવાના ભયથી રાજાએ તેમને જતા અટકાવ્યા, અને તેમના જામીન લઈ ચિઠ્ઠીઓમાં તે સર્વેના નામ લખી યમરાજની ચોપાટ જેવા એક ઘડામાં બધી ચિઠ્ઠીઓ નાખી. પછી પ્રતિવર્ષ તેમાંથી એક ચિઠ્ઠી કાઢતાં જેના નામની ચિઠ્ઠી આવે તે ચિત્રકારને બોલાવી તેની પાસે તે યક્ષની મૂર્ત્તિ ચિત્રાવવા લાગ્યો. આ પ્રમાણે કેટલોક વખત ગયા પછી એકદા કોઈ ચિત્રકારનો પુત્ર **કૌશાંબી** નગરીથી ચિત્રકળા શીખવાને માટે ત્યાં આવ્યો, અને કોઈ ચિત્રકારની વૃદ્ધ સ્ત્રીને ઘેર ઉતર્યો. તેને તે વૃદ્ધાના પુત્રની સાથે મૈત્રી થઈ. દૈવયોગે તે વર્ષે તે વૃદ્ધાના પુત્રના નામની જ ચિઠ્ઠી નીકળી, જે ચિઠ્ઠી યમરાજના ચોપડાના પાના જેવી હતી. તે ખબર સાંભળી વૃદ્ધાએ રૂદન કરવા માંડ્યું; તે જોઈ કૌશાંબીના યુવાન ચિત્રકારે રૂદન કરવાનું કારણ પૂછ્યું; ત્યારે વૃદ્ધાએ યક્ષનું વૃત્તાંત અને પોતાના પુત્રને આવી પડેલી વિપત્તિની વાર્તા જણાવી. તે બોલ્યો–'માતા! રૂદન કરો નહીં, તમારો પુત્ર ઘેર રહો, હું જઈને ચિત્રકારના ભક્ષક તે યક્ષને ચિતરીશ.' સ્થવિરા બોલી કે–'વત્સ! તું પણ મારો પુત્ર જ છે.' તે બોલ્યો–'માતા! હું છતાં મારો ભાઈ સ્વસ્થ રહો.' પછી તે યુવાન ચિત્રકાર છઠ્ઠનો તપ કરી, ન્હાઈ, ચંદનથી શરીર પર વિલેપન કરી, મુખ ઉપર પવિત્ર વસ્ત્રને આઠપડું કરી બાંધીને નવીન પીંછીઓ અને સુંદર રંગોથી તેણે યક્ષની મૂર્ત્તિ ચિત્રી. પછી તે બાળ ચિત્રકાર યક્ષને નમીને બોલ્યો કે–"હે સુરપ્રિય દેવશ્રેષ્ઠ! અતિ ચતુર ચિત્રકાર પણ તમારા ચિત્રને ચિતરવાને સમર્થ નથી તો હું ગરીબ મુગ્ધ બાળક તો કોણ માત્ર છું. તથાપિ હે યક્ષરાજ! મેં મારી શક્તિથી જે કાંઈ કર્યું છે તે યુક્ત કે અયુક્ત જે હોય તે સ્વીકારજો અને કાંઈ ભૂલચૂક થઈ હોય તો તેને માટે ક્ષમા કરજો; કારણ કે તમે નિગ્રહ અને અનુગ્રહ કરવામાં સમર્થ છો." આવી તે બાળકની વિનય ભરપૂર વાણીથી યક્ષ પ્રસન્ન થઈને બોલ્યો કે 'હે ચિત્રકાર! વર માગ.'

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાળ ચિત્રકાર બોલ્યો કે–'હે દેવ! તમે જો હું ગરીબ ઉપર પ્રસન્ન થયા હો તો હું એવું વરદાન માગું છું કે, હવેથી કોઈ ચિત્રકારને મારશો નહીં.' યક્ષ બોલ્યો–'મેં તને માર્યો નહીં ત્યારથી જ હવે તેમ કરવું તો સિદ્ધ થઈ ગયેલ છે. પણ હે ભદ્ર! તારા સ્વાર્થની સિદ્ધિને માટે કાંઈ બીજું વરદાન માગી લે.' યુવાન ચિત્રકાર બોલ્યો–'હે દેવ! આપે આ નગરમાંથી મહામારીને નિવારી, તો એટલાથી જ હું કૃતાર્થ થયો છું.' યક્ષ વિસ્મય પામીને બોલ્યો–'કુમાર! પરમાર્થને માટે તેં વરદાન માગ્યું, તેથી હું તારી ઉપર પુનઃસંતુષ્ટ થયો છું, માટે સ્વાર્થને માટે કાંઈક વરદાન માગી લે.' ચિત્રકાર બોલ્યો–'હે દેવ! જો વિશેષ સંતુષ્ટ થયા હો તો મને એવું વરદાન આપો કે, જે કોઈ મનુષ્ય, પશુ કે બીજાનો હું એક અંશ જોઉં તો તે અંશને અનુસારે તેના આખા સ્વરૂપને વાસ્તવિક આલેખવાની મને શક્તિ પ્રાપ્ત થાય.' યક્ષે 'તથાસ્તુ' એમ કહ્યું. પછી નગરજનોએ પૂજા કરાતો તે ત્યાંથી પેલી વૃદ્ધા તથા પોતાના મિત્ર ચિત્રકારની રજા લઈને શતાનીક રાજાએ આશ્રિત કરેલી કૌશાંબી નગરીમાં આવ્યો.

કૌશાંબીમાં એકદા શતાનીકરાજા લક્ષ્મીથી ગર્વિત થયો છતો સભામાં બેઠો હતો, તે વખતે તેણે પરદેશ જતા આવતા દૂતને પૂછયું કે 'હે દૂત! જે બીજા રાજાઓની પાસે છે ને મારે નથી એવું શું છે? તે કહે.' દૂત બોલ્યો–'હે રાજન્! તમારે એક ચિત્રસભા નથી.' તે સાંભળી રાજાએ તત્કાલ ચિત્રકારોને આજ્ઞા કરી કે, 'મારે માટે એક ચિત્રસભા તૈયાર કરો.' પછી ઘણા ચિત્રકારોએ એકઠા થઈને ચિતરવાને માટે સભાની ભૂમિ વહેંચી લીધી. તેમાં પેલા યુવાન ચિત્રકારને અંતઃપુરની નજિકનો પ્રદેશ ભાગમાં આવ્યો. ત્યાં ચિત્રકામ કરતાં જાળીઆની અંદરથી મૃગાવતીદેવીના પગનો અંગુઠો અંગુઠી તેના જોવામાં આવ્યો. તે ઉપરથી 'આ મૃગાવતીદેવી હશે' એવું અનુમાન કરીને તે ચિત્રકારે યક્ષરાજના પ્રસાદથી તેનું સ્વરૂપ યથાર્થ રીતે આલેખવા માંડયું, છેવટે તેના નેત્ર આલેખતા પીંછીમાંથી મષીનું બિંદુ તેણીના સાથળ ઉપર પડયું, એટલે તત્કાળ ચિત્રકારે તે લુંછી લીધું. પાછું ફરીવાર પડયું, તેને પણ લુંછી લીધું. પાછું ત્રીજીવાર પડયું. તે જોઈ ચિત્રકારે ચિંતવ્યું કે, 'જરૂર આ સ્ત્રીના ઉરૂપ્રદેશમાં તેવું લાંછન હશે, તો તે લાંછન ભલે રહો, હવે હું તેને લુંછીશ નહીં.' પછી તે મૃગાવતીનું ચિત્ર પૂરેપૂરું આલેખી રહ્યો. તેવામાં ચિત્રકામ જોવાને રાજા ત્યાં આવ્યા. અનુક્રમે જોતાં જોતાં મૃગાવતીનું સ્વરૂપ તેના જોવામાં આવ્યું. તે વખતે સાથલ ઉપર પેલું લાંછન કરેલું જોઈ રાજાએ ક્રોધથી ચિંતવ્યું કે, 'જરૂર આ પાપી ચિત્રકારે મારી પત્ની ભ્રષ્ટ કરી જણાય છે; નહિંતો વસ્ત્રની અંદર રહેલા આ લાંછનને એ દુરાશય શી રીતે જાણી શકે!' આવા કોપથી તેનો તે દોષ પ્રગટ કરીને રાજાએ નિગ્રહ કરવા માટે તેને રક્ષકોને સ્વાધીન કર્યો. તે વખતે બીજા ચિત્રકારોએ મળીને રાજાને કહ્યું કે, 'હે સ્વામી! એ ચિત્રકાર કોઈ યક્ષ દેવના પ્રભાવથી એક અંશ જોઈને આખું સ્વરૂપ યથાવત્ આલેખી શકે છે, માટે આમાં તેનો અપરાધ નથી.' તેમના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવા વચનથી ક્ષુદ્ર ચિત્તવાળા રાજાએ તે ઉત્તમ ચિત્રકારની પરીક્ષા કરવાને માટે એક કુબડી દાસીનું મુખ માત્ર તેને બતાવ્યું. તે ઉપરથી તે ચતુર ચિતારે તેનું યથાર્થ સ્વરૂપ આલેખી બતાવ્યું. તે જોઈને રાજાને ખાત્રી થયા છતાં ઈર્ષા આવી તેથી ક્રોધ વડે તે ચિત્રકારના જમણા હાથનો અંગુઠો તેણે કપાવી નાખ્યો.

તે ચિત્રકારે પેલા યક્ષની પાસે જઈ ઉપવાસ કર્યો. એટલે યક્ષે તેને કહ્યું કે, 'તું વામ હસ્તથી પણ તેવા ચિત્રો કરી શકીશ.' યક્ષે આવું વરદાન આપ્યું, તેથી તે ચિત્રકારે ક્રોધથી વિચાર્યું કે, 'તે દુષ્ટ રાજાએ મારી નિરપરાધીની આવી દશા કરી, માટે હું કોઈ ઉપાયથી તેનો બદલો લઉં.' "બુદ્ધિમાન્ પુરૂષો જે પરાક્રમથી અસાધ્ય હોય તેને પણ બુદ્ધિથી સાધ્ય કરે છે." આવો વિચાર કરીને તેણે એક પાટીઆ ઉપર વિશ્વભૂષણ **મૃગાવતી**દેવીને અનેક આભૂષણો સહિત આલેખી. અને પછી સ્ત્રીઓના લોલુપી અને પ્રચંડ એવા **ચંડપ્રદ્યોત** રાજાની પાસે જઈને તે મનોહર ચિત્ર બતાવ્યું. તે જોઈ ચંડપ્રદ્યોતે કહ્યું કે, "હે ઉત્તમ ચિત્રકાર! તારૂં ચિત્રકૌશલ્ય ખરેખર વિધાતા જેવુંજ છે એમ હું ધારૂં છું. આવું સ્વરૂપ આ માનવલોકમાં પૂર્વે કદિપણ જોવામા આવ્યું નથી. તેમજ સ્વર્ગમાં આવું રૂપ હોય તેમ સાંભળવામાં પણ આવ્યું નથી, તે છતાં બીજી નકલ સિવાય તેં આ શી રીતે આલેખ્યું ? હે ચિત્રકાર! આવી સ્ત્રી કયાં છે! તે ખરેખરૂં કહે તો તરતજ હું તેને પકડી લાવું, કેમકે એવી સ્ત્રી કોઈ પણ સ્થાને હોય તો તે મારેજ લાયક છે." રાજાના આવાં વચન સાંભળી 'હવે મારો મનોરથ પૂરો થશે' એવું ધારી ચિત્રકારે હર્ષિત થઈને કહ્યું કે, 'હે રાજા! **કૌશાંબી** નગરીમાં **શતાનીક** નામે રાજા છે. પૂર્ણમૃગાંક જેવા મુખવાળી **મૃગાવતી** નામે આ મૃગાક્ષી એ સિંહ જેવા પરાક્રમી રાજાની પટરાણી છે. તેનું યથાર્થ રૂપ આલેખવાને તો વિશ્વકર્મા પણ સમર્થ નથી, મેં તો આમાં તેનું જરા માત્ર રૂપજ આળેખેલું છે, કેમકે તેનું વાસ્તવિક રૂપ તો વચનથી પણ દૂર છે.' ચંડપ્રદ્યોતે કહ્યું કે, 'મૃગના દેખતાં સિંહ જેમ મૃગલીને ગ્રહણ કરે, તેમ હું શતાનીક રાજાના દેખતાં એ મૃગાવતીને ગ્રહણ કરી લઈશ. તથાપિ રાજનીતિ પ્રમાણે પ્રથમ તેની માગણી કરવાને દૂત મોકલવો યોગ્ય છે, કે જેથી મારી આજ્ઞા માન્ય કરે તો તેને કાંઈ પણ અનર્થ ન થાય.' એવો વિચાર કરીને ચંડપ્રદ્યોતે **વજ્રજંઘ** નામના દૂતને સમજાવીને શતાનીક રાજા પાસે મોકલ્યો. તે દૂતે શતાનીક રાજાની પાસે આવી આ પ્રમાણે કહ્યું "હે શતાનીક રાજા! ચંડપ્રદ્યોતરાજા તમને આજ્ઞા કરે છે કે–તેં દૈવયોગથી મૃગાવતી દેવીને પ્રાપ્ત કરી છે, પણ એ સ્ત્રીરત્ન મારે યોગ્ય છે, તું કોણ માત્ર છો; માટે જો રાજ્ય અને પ્રાણ વહાલા હોય તો તેને સત્વર અહીં મોકલી દે." દૂતના આવાં વચન સાંભળી શતાનીકરાજા બોલ્યો કે–"અરે અધમ દૂત! તારા મુખે તું આવા અનાચારની વાત બોલે છે, પણ જા, દૂતપણાથી આજે તને મારતો નથી. જે સ્ત્રી



જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મારે આધીન છે તેને માટે પણ તારા પાપી રાજાનો આવો આચાર છે, તો પોતાને સ્વાધીન પ્રજા ઉપર તો તેનો કેવો જુલમ હશે ?" આ પ્રમાણે કહી શતાનીકે નિર્ભયપણે દૂતનો તિરસ્કાર કરીને કાઢી મૂકયો. દૂતે અવંતીએ આવીને તે વાર્ત્તા **ચંડપ્રદ્યોતને** કહી. તે સાંભળી ચંડપ્રદ્યોતને ઘણો ક્રોધ ચડયો. તેથી સૈન્યવડે દિશાઓને આચ્છાદન કરતો મર્યાદા રહિત સમુદ્રની જેમ તે **કૌશાંબી** તરફ ચાલ્યો. ગરૂડના આવવાથી સર્પની જેમ ચંડપ્રદ્યોતને આવતો સાંભળી **શતાનીક**રાજા ક્ષોભવડે અતિસાર થવાથી તત્કાળ મૃત્યુ પામી ગયો.

દેવી **મૃગાવતીએ** વિચાર્યું કે, "મારા પતિ તો મૃત્યુ પામ્યા અને આ **ઉદયન**કુમાર હજુ અલ્પ બળવાળો બાળક છે. 'બળવાનને અનુસરવું' એવી નીતિ છે, પણ આ સ્રીલંપટ રાજાના સંબંધમાં તો તેમ કરવાથી મને કલંક લાગે, માટે એની સાથે તો કપટ કરવું એજ યોગ્ય છે. તેથી હવે તો અહીંજ રહીને અનુકૂળ સંદેશાથી તેને લોભાવી યોગ્ય સમય આવે ત્યાં સુધી કાળ નિર્ગમન કરૂં." આવો વિચાર કરી મૃગાવતીએ એક દૂતને સમજાવીને ચંડપ્રદ્યોત પાસે મોકલ્યો. તે દૂત છાવણીમાં રહેલા પ્રદ્યોતરાજાની પાસે આવીને બોલ્યો કે –"દેવી મૃગાવતીએ કહેવરાવ્યું છે કે, મારા પતિ શતાનીક રાજા સ્વર્ગે ગયા તેથી હવે મને તમારૂંજ શરણ છે, પરંતુ મારો પુત્ર હજુ બળરહિત બાળક છે, તેથી જો હું હમણા તેને છોડી દઉં તો પિતાની વિપત્તિથી થયેલા ઉગ્ર શોકાવેગની જેમ શત્રુરાજાઓ પણ તેનો પરાભવ કરશે.'' મૃગાવતીની આવી વિનંતિ સાંભળી પ્રદ્યોતરાજા ઘણો હર્ષ પામીને બોલ્યો કે, "હું રક્ષક છતાં મૃગાવતીના પુત્રનો પરાભવ કરવાને કોણ સમર્થ છે ?" દૂત બોલ્યો કે–"દેવીએ પણ એમજ કહ્યું છે કે, પ્રદ્યોતરાજા સ્વામી છતાં મારા પુત્રનો પરાભવ કરવાને કોણ સમર્થ છે. પણ આપ પૂજ્ય મહારાજા તો દૂર રહેલા છો અને શત્રુ રાજાઓ તો નજિકના રહેનારા છે, તેથી 'સર્પ ઓશીકે અને ઔષધિઓ હિમાલય ઉપર' એ પ્રમાણે છે. તેથી જો તમે સારી સાથે નિર્વિઘ્ને યોગ કરવાને ઇચ્છતા હો તો **ઉજ્જયિની** નગરીથી ઈંટો લાવી કૌશાંબી ફરતો મજબુત કીલ્લો કરાવી આપો." પ્રદ્યોતે તેમ કરવાને સ્વીકાર્યું. પછી ઉજ્જયિની ને કૌશાંબીના માર્ગમાં પોતાની સાથેના ચૌદ રાજાઓને પરિવાર સાથે શ્રેણિબંધ સ્થાપિત કર્યા, અને પુરૂષોની પરંપરાવડે હાથોહાથ ઉજ્જયિનીથી ઈંટો મંગાવીને થોડા સમયમાં **કૌશાંબી** ફરતો મજબુત કિલ્લો કરાવી દીધો. પછી **મૃગાવતીએ** ફરીને દૂત મોકલી કહેવરાવ્યું કે, 'હે **પ્રદ્યોતરાજા** ! તમે ધન ધાન્ય અને ઈંધનાદિકથી કૌશાંબીનગરીને ભરપૂર કરી દ્યો. પ્રદ્યોતરાજાએ તે સર્વ પણ સત્વર કરાવી દીધું. "આશાપાશથી વશ થયેલો પુરૂષ શું શું નથી કરતો." બુદ્ધિમતી મૃગાવતીએ જાણ્યું કે, 'હવે નગરી રોધ કરવાને યોગ્ય છે.' તેથી તેણીએ દરવાજા બંધ કર્યા અને કિલ્લા ઉપર સુભટોને ચડાવ્યા. ચંડપ્રદ્યોત રાજા ફાળથી ભ્રષ્ટ થયેલા કપિની જેમ અત્યંત વિલખો થઈ નગરીને વીંટીને પડયો રહ્યો.

એકદા મૃગાવતીને વૈરાગ્ય આવ્યો કે, 'જ્યાં સુધી શ્રી વીરપ્રભુ વિચરતા છે, ત્યાં સુધીમાં હું તેમની પાસે દીક્ષા લઉં.' તેણીનો આવો સંકલ્પ જ્ઞાનવડે જાણી શ્રી વીરપ્રભુ સુર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અસુરના પરિવાર સાથે તત્કાળ ત્યાં પધાર્યા. પ્રભુને બહાર સમવસર્યા સાંભળી મૃગાવતી પુરદ્વાર ઉઘાડી નિર્ભયપણે મોટી સમૃદ્ધિ સાથે પ્રભુ પાસે આવી અને પ્રભુને વંદના કરીને યોગ્ય સ્થાને બેઠી. પ્રદ્યોતરાજા પણ પ્રભુનો ભક્ત હોવાથી ત્યાં આવી વૈર છોડીને બેઠો. પછી એક યોજન સુધી પ્રસરતી અને સર્વ ભાષાને અનુસરતી વાણીવડે શ્રી વીરપ્રભુએ ધર્મદેશના આપી.

'અહીં સર્વજ્ઞ પધાર્યા છે' એવું લોકો પાસેથી સાંભળી કોઈ એક ધનુષ્યધારી પુરૂષ પ્રભુની પાસે આવ્યો અને નજિક ઉભો રહીને પ્રભુને મનવડેજ પોતાનો સંશય પૂછયો. પ્રભુ બોલ્યા–'અરે ભદ્ર! તારો સંશય વચનદ્વારા કહી બતાવ કે જેથી આ બીજા ભવ્ય પ્રાણીઓ પ્રતિબોધ પામે.' પ્રભુએ આ પ્રમાણે કહ્યું, તો પણ તે લજ્જાવશ થઈ સ્પષ્ટ બોલવાને અસમર્થ થયો, તેથી તે થોડા અક્ષરમાં બોલ્યો કે, 'હે સ્વામી! यासा, सासा. પ્રભુએ પણ ટુંકાજ અક્ષરમાં તેનો 'एवमेव' એવો ઉત્તર આપ્યો. તે સાંભળી **ગૌતમ**સ્વામીએ પૂછયું કે, 'હે ભગવંત! 'यासा, सासा' એ વચનનો શો અર્થ છે?' પ્રભુ બોલ્યા કે–

"આ **ભરત**ક્ષેત્રને વિષે **ચંપા**નગરીમાં પૂર્વે એક સ્ત્રીલંપટ સુવર્ણકાર હતો. તે પૃથ્વીપર ફરતો હતો અને જે જે રૂપવતી કન્યા જોતો તેને પાંચસો પાંચસો સોનૈયા આપીને પરણતો હતો. એવી રીતે અનુક્રમે તે પાંચસો સ્ત્રીઓને પરણ્યો હતો. અને પ્રત્યેક સ્ત્રીને તેણે સર્વ અંગના આભૂષણો કરાવી આપ્યા હતા. પછી જ્યારે જે સ્ત્રીનો વારો આવે ત્યારે તે સ્ત્રી સ્નાન અંગરાગ વિગેરે કરી સર્વ આભૂષણો પહેરી તેની સાથે ક્રીડા કરવાને સજ્જ થતી હતી. તેના શિવાય બીજી કોઈ પણ સ્ત્રી જો પોતાના વેશમાં કાંઈપણ ફેરફાર કરે તો તે તેનો તિરસ્કાર અને તાડન વિગેરે કરતો હતો. પોતાની સ્ત્રીઓપરના અતિ ઈર્ષ્યાળુપણાથી તેમના રક્ષણમાં તત્પર એવો તે સોની નાજરની જેમ કદાપિ પણ ગૃહદ્વારને છોડતો નહોતો, તે પોતાના સ્વજનોને પોતાને ઘેર કોઈ દિવસ જમાડતો નહોતો તેમજ સ્ત્રીઓના અવિશ્વાસથી પોતે પણ બીજાને ઘેર જમવા જઈ શકતો નહોતો.

એક વખતે તેનો કોઈ પ્રિયમિત્ર જો કે તે ઈચ્છતો ન હતો પણ તેને અત્યાગ્રહથી પોતાને ઘેર જમવા લઈ ગયો. કેમકે એ મૈત્રીનું આદ્ય લક્ષણ છે. સોનીના જવાથી તેની સર્વ સ્ત્રીઓએ ચિંતવ્યું કે, "આપણા ઘરને, આપણા યૌવનને અને આપણા જીવિતને પણ ધિક્કાર છે કે જેથી આપણે અહિં કારાગૃહની જેમ બંદીવાન્ થઈને રહીએ છીએ. આપણો પાપી પતિ યમદૂતની જેમ કદિપણ દ્વારને છોડતો નથી, પરંતુ આજે તે કાંઈક ગયો છે એટલું સારૂં થયું છે, માટે ચાલો, આજે તો આપણે ક્ષણવાર સ્વેચ્છાએ વર્ત્તિએ." આવો વિચાર કરીને સર્વ સ્ત્રીઓએ સ્નાન કરી, અંગરાગ લગાવી ઉત્તમ પુષ્પમાળાદિ ધારણ કરી, સુશોભિત વેષ ધારણ કર્યો પછી જેવામાં તે સર્વ હાથમાં દર્પણ લઈ પોતપોતાનું રૂપ તેમાં જોતી હતી, તેવામાં તે સોની આવ્યો અને તે જોઈને અત્યંત ક્રોધ પામ્યો; તેથી તેઓમાંથી એક સ્ત્રીને પકડીને તેણે એવી મારી કે, જેથી હાથીના પગ નીચે ચંપાયેલી કમળિનીની જેમ

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

તે મૃત્યુ પામી ગઈ. તે જોઈ બીજી સ્ત્રીઓએ વિચાર કર્યો કે, 'આવી રીતે આપણને પણ આ દુષ્ટ મારી નાખશે, માટે આપણે એકઠી થઈને તેનેજ મારી નાખીએ. આવા પાપી પતિને જીવતો રાખવાથી શું ફાયદો છે?' આવો વિચાર કરીને તે બધીએ નિઃશંક થઈને ચારસોને નવાણુ દર્પણો ચક્રની જેમ તેની ઉપર ફેંક્યા, તેથી તત્કાળ તે સોની મૃત્યુ પામી ગયો. પછી સર્વ સ્ત્રીઓ પશ્ચાત્તાપ કરતી છતી ચિતાવત્ ગૃહને બાળી દઈ તેની અંદર રહી પોતે પણ બળીને મૃત્યુ પામી. પશ્ચાત્તાપના યોગે અકામ નિર્જરા થવાથી તે ચારસોને નવાણુ સ્ત્રીઓ મરણ પામીને પુરૂષપણે ઉત્પન્ન થઈ. દુર્દૈવયોગે તેઓ બધા એકઠા મળી કોઈ અરણ્યમાં કીલ્લો કરીને રહેતા છતા ચોરી કરવાનો ધંધો કરવા લાગ્યા. પેલો સોની મૃત્યુ પામીને તિર્યંચ ગતિમાં ઉત્પન્ન થયો. તેની જે એક પત્ની પ્રથમ મરી ગઈ હતી, તે પણ તિર્યંચમાં ઉત્પન્ન થઈ. અને પછી બ્રાહ્મણના કુળમાં પુત્રરૂપે થઈ. તેની પાંચ વર્ષની વય થતાં પેલો સોની તેજ બ્રાહ્મણને ઘેર તેની બેનપણે ઉત્પન્ન થયો. માતાપિતાએ તે પુત્રીનો પાળક પેલા પુત્રને ઠરાવ્યો. તે પોતાની બેનનું સારી રીતે પાલન કરતો હતો, તથાપિ અતિ દુષ્ટતાથી તે રોયા કરતી હતી. એક વખતે તે દ્વિજપુત્ર તેના ઉદરને પંપાળતાં અચાનક તેના ગુહ્યસ્થાને અડકયો, એટલે તે રોતી બંધ થઈ. તે ઉપરથી તેણે રૂદનને બંધ કરવાનો તે ઉપાય જાણ્યો. પછી જ્યારે તે રૂદન કરે ત્યારે તે તેના ગુહ્યસ્થાનને સ્પર્શ કરતો હતો, એટલે તે રોતી રહી જતી હતી. એક વખતે તેના માતાપિતાએ તેને તેમ કરતો જોયો એટલે ક્રોધથી તેને મારીને ઘરની બહાર કાઢી મૂક્યો. તે કોઈ ગિરિની ગુફામાં ચાલ્યો ગયો. અનુક્રમે જે પાળમાં પેલા ચારસો ને નવાણુ ચોર રહેતા હતા, ત્યાં તે જઈ પહોંચ્યો અને તે ચોરોની સાથે તેનો સમાગમ થવાથી તેની ભેળો ભળી ગયો. અહિં તેની બેન યુવાવસ્થાને પામતાં કુલટા થઈ. તે સ્વેચ્છાથી ફરતી ફરતી એકાદ કોઈ ગામમાં આવી. પેલા ચોરોએ તેજ ગામને લુંટી લીધું અને તે કુલટાને પકડી જઈને એ બધાએ તેને સ્ત્રી તરીકે અંગીકાર કરી. એક વખતે બધા ચોરોએ વિચાર કર્યો કે, 'આ બીચારી એકલી છે, તેથી આપણા બધાની સાથે ભોગવિલાસ કરવાથી જરૂર થોડા સમયમાં તે મૃત્યુ પામી જશે. માટે કોઈ બીજી સ્ત્રી લાવીએ તો ઠીક.' આવા વિચારથી તેઓ બીજી સ્ત્રીને લાવ્યા, ત્યારે પેલી કુલટા સ્ત્રી ઈર્ષ્યાથી તેના છિદ્ર શોધવા લાગી; અને પોતાના વિષયમાં ભાગ પડાવનારી માનવા લાગી. એક વખતે બધા ચોર કોઈ ઠેકાણે ચોરી કરવાને ગયા, તે વખતે છળ મેળવીને પૂર્વ સ્ત્રી કોઈ બાનું કાઢી તેને કોઈ કુવાની પાસે લઈ ગઈ અને બોલી કે, 'ભદ્રે! જો આ કુવામાં કાંઈક છે.' તે સરલ સ્ત્રી જોવા ગઈ એટલે તેણીએ ધક્કો મારીને તેને અંદર નાખી દીધી. ચોરોએ આવીને પૂછયું કે, 'પેલી સ્ત્રી ક્યાં છે?' એટલે તે બોલી. 'મને શી માલુમ, તમે તમારી પત્નીને કેમ જાળવતા નથી?' ચોરોએ જાણી લીધું કે, 'જરૂર તે બીચારીને આણે ઈર્ષ્યાથી મારી નાખી છે.' પેલા બ્રાહ્મણે વિચાર્યું કે, 'શું આ મારી દુઃશીલા ભગિની હશે?' તેવામાં તેણે લોકો પાસેથી સાંભળ્યું કે, 'અહિં સર્વજ્ઞ ભગવાન્ આવેલા છે, એટલે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે આંહી આવ્યો, અને પોતાની બેનના દુઃશીલ વિષે પૂછવાની લજજા થવાથી તેણે પ્રથમ મનથીજ પૂછયું, પછી મેં કહ્યું કે 'વાણીથી પૂછ.' એટલે તેણે 'यासा, सासा' એવા અક્ષરોથી 'તે સ્ત્રી શું મારી બહેન છે?' એમ પૂછયું. તેનો અમોએ एवं એટલોજ ઉત્તર આપીને 'તે તેની બેન છે' એમ જણાવી દીધું. આ પ્રમાણે રાગ દ્વેષાદિકથી મૂઢ થયેલા પ્રાણીઓ આ સંસારમાં ભવેભવ ભમે છે અને વિવિધ દુઃખના પાત્ર થયા કરે છે."

આ પ્રમાણે સર્વ હકીકત સાંભળી તે પુરૂષે પરમ સંવેગને પામીને પ્રભુ પાસે દીક્ષા લીધી અને પાછો પલ્લીમાં આવ્યો. ત્યાં જઈને તેણે ચારસો નવાણુ ચોરને પ્રતિબોધ આપ્યો, તેથી તે બધાઓએ પણ વ્રત ગ્રહણ કર્યું.

યોગ્ય સમયે **મૃગાવતીએ** ઉઠી પ્રભુને નમીને કહ્યું કે '**ચંડપ્રદ્યોત** રાજાની આજ્ઞા મેળવીને હું દીક્ષા લઈશ.' પછી ચંડપ્રદ્યોત પાસે આવીને કહ્યું કે–"જો તમારી સંમતિ હોય તો હું દીક્ષા લઉં, કારણ કે હું આ સંસારથી ઉદ્વેગ પામી છું, અને મારો પુત્ર તો તમને સોંપીજ દીધો છે." તે સાંભળી પ્રભુના પ્રભાવથી પ્રદ્યોતરાજાનું વૈર શાંત થઈ ગયું એટલે તેણે મૃગાવતીના પુત્ર **ઉદયનને કૌશાંબી**નગરીનો રાજા કર્યો અને મૃગાવતીને દીક્ષા લેવાની આજ્ઞા આપી. પછી મૃગાવતીએ પ્રભુની સમિપે દીક્ષા લીધી. તેની સાથે **અંગારવતી** વિગેરે પ્રદ્યોતરાજાની આઠ સ્ત્રીઓએ પણ દીક્ષા લીધી. પ્રભુએ કેટલીક શિક્ષા આપીને તેમને **ચંદના** સાધ્વીને સોંપી તેઓએ તે સાધ્વીની સેવા કરીને સર્વ સમાચારી જાણી લીધી.

હવે પરમ સમૃદ્ધિવડે નિરૂપમ એવું **વણિજકગ્રામ** નામે એક વિખ્યાત નગર હતું. તેમાં પિતાની જેમ પ્રજાને પાળનાર **જિતશત્રુ** નામે પ્રખ્યાત રાજા રાજ્ય કરતો હતો. તે નગરને વિષે પૃથ્વીપર ચંદ્ર આવ્યો હોય તેમ જેના દર્શનથી નેત્રને આનંદ થાય તેવો '**આનંદ**' નામે એક ગૃહપતિ રહેતો હતો. ચંદ્રને રોહિણીની જેમ તેને '**શિવાનંદા**' નામે રૂપલાવણ્યવતી એક પત્ની હતી. તેને ચાર કરોડ સોનૈયા ભંડારમાં, ચાર કરોડ વ્યાજે અને ચાર કરોડ વ્યાપારમાં રોકયા હતા, તથા ગાયોના ચાર ગોકુળો હતા. તે નગરની ઈશાન દિશામાં આવેલ **કોલ્લાક** નામના પરામાં તે આનંદના ઘણા બંધુઓ અને સંબંધીઓ રહેતા હતા. અન્યદા સમયે પૃથ્વીપર વિહાર કરતા કરતા **સિદ્ધાર્થનંદન** શ્રી **વીર**પ્રભુ તે નગરના **દ્યુતિપલાશ** નામના ઉદ્યાનમાં સમવસર્યા. રાજા જિતશત્રુ પ્રભુને આવેલા સાંભળી સંભ્રમથી પરિવાર સાથે તેમને વાંદવા ગયો. આનંદ પણ પગે ચાલી પ્રભુના ચરણ પાસે આવ્યો. અને કર્ણને અમૃતના ગંડુષ જેવી પ્રભુની દેશના સાંભળ્યા પછી મહા મનવાળા આનંદે પ્રભુના ચરણને નમીને બાર પ્રકારના ગૃહસ્થધર્મને અંગિકાર કર્યો.

તેની અંદર **શિવાનંદા** સિવાય બીજી સ્ત્રીઓનો અને નિધિમાં, વ્યાજમાં અને વ્યાપારમાં રહેલા બાર કોટી સોનૈયા ઉપરાંત બીજા દ્રવ્યનો ત્યાગ કર્યો. ગાયોના ચાર ઘણુ

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

વિના બીજા ધણનો અને પાંચસો હળ ઉપરાંત બીજા હળનો તેમજ ૧૦૦ ક્ષેત્ર ઉપરાંત ક્ષેત્રનો પણ ત્યાગ કર્યો. પાંચસો ગાડાં ઉપરાંત બીજા ગાડાંઓનો વ્યાપાર નિમિત્તે ત્યાગ કર્યો, અને દિશાઓમાં પ્રવાસ કરવા માટે ચાર વહાણ ઉપરાંત બીજા વહાણોનો ત્યાગ કર્યો. ગંધકાષાયી (રક્ત) વસ્ત્ર વિના અંગ લુંછવાના વસ્ત્રનો ત્યાગ કર્યો, અને આર્દ્ર (લીલી) મધુયષ્ટિ (જેઠીમધ) સિવાય બીજા દંતધાવન (દાતણ)નો ત્યાગ કર્યો. ૧ક્ષીરામલક વિના બીજાં ફળોને તજી દીધાં અને સહસ્રપાક તથા શતપાક તેલ વિના બીજા અભ્યંગનો ત્યાગ કર્યો. એક જાતના સુગંધી ગંધાઢ્ય ઉદ્વર્ત્તન સિવાય બીજાં ઉદ્વર્ત્તન તજી દીધાં અને આઠ ઔષ્ટ્રીક૨ પાણીના કુંભ કરતાં વધારે પાણીથી નહાવું ત્યજી દીધું. ક્ષોમયુગળ૩ સિવાય બીજાં વસ્ત્રોને ત્યજી દીધાં અને શ્રીખંડ, અગર તથા કેશર વિના બીજાં વિલેપનોને છોડી દીધાં. માલતીની માળા સિવાય બીજી માળાનો અને કમળ સિવાય બીજાં પુષ્પોનો ત્યાગ કર્યો. કર્ણિકા૪ તથા નામાંકિત મુદ્રિકા સિવાય બીજા આભૂષણોનો ત્યાગ કર્યો અને તુરૂષ્ક૫ તથા અગરૂ સિવાય બીજા ધૂપનો ત્યાગ કર્યો. ઘેબર તથા ખાંડના ખાજાં સિવાય બીજી સુખડી ત્યજી દીધી અને કાષ્ટપેયા૬ વિના બીજા પેય ભોજનોનો ત્યાગ કર્યો. કમળશાળી વિના બીજા ભાતને તજી દીધા અને અડદ, મગ તથા કલાય૭ વિના બીજા કઠોળની દાળને વોસરાવી દીધી. શરદ્ ઋતુના ગાયના ઘી વિના બીજું ઘી તજી દીધું અને સ્વસ્તિક, મંડુકી તથા વાલુકી૮ વિના બીજા શાક છોડી દીધાં. આંબલી વિના બીજા અમ્લ પદાર્થને અને આકાશના પાણી સિવાય બીજાં પાણીને વોસરાવી દીધાં તેમ જ પંચસુગંધી તાંબુળ વિના બીજા મુખવાસને તજી દીધાં.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આ પ્રમાણે નિયમ લઈ હર્ષ પામતો **આનંદ** ઘેર આવ્યો અને પોતે ગ્રહણ કરેલા ગૃહસ્થ ધર્મની સવિસ્તર હકીકત શિવાનંદાને કહી. તે સાંભળી ગૃહિધર્મની અર્થી શિવાનંદા પોતાના કલ્યાણને માટે તત્કાળ વાહનમાં બેસી પ્રભુના ચરણ સમીપે આવી. પ્રભુને નમી **શિવાનંદાએ** પણ સમાહિત મને તેમની આગળ ગૃહિધર્મ અંગીકાર કર્યો. પછી ભગવંતની વાણીરૂપ સુધાના પાનથી હર્ષિત થઈ છતી શિવાનંદા પ્રકાશિત વિમાન જેવા વાહનપર બેસીને પોતાને ઘેર આવી. પછી **ગૌતમસ્વામીએ** પ્રણામ કરીને સર્વજ્ઞને પૂછ્યું કે, 'હે સ્વામી! આ મહાત્મા **આનંદ** યતિધર્મને ગ્રહણ કરશે?' ત્રિકાલદર્શી પ્રભુ બોલ્યા કે, 'આનંદ શ્રાવક ચિરકાળ શ્રાવક ધર્મને પાળશે અને મરણ પામીને **સૌધર્મ** દેવલોકના અરૂણપ્રભ વિમાનમાં ચાર પલ્યોપમના આયુષ્યવાળો દેવતા થશે.'

---

૧ એક જાતના ક્ષીર જેવા મધુર આમળા. ૨ બહુ નાના કે બહુ મોટા નહીં-ઉચિત પ્રમાણવાળા ઘડા તે ઔષ્ટ્રીક કુંભ. ૩ ટીકાકાર એ સુતરૂ વસ્ત્ર કહે છે. ૪ કાનમાં પહેરવાનાં કુંડળ. ૫ સેલ્હારસ. ૬ મગ વિગેરે યુક્ત ઘીમાં તળેલી તંદુળની પેયા. ૭ એક જાતનું ચણા જેવું ધાન્ય, વટાણા કે મસુર. ૮ આ ત્રણે જાતના શાકના ચોક્કસ નામ સમજાતા નથી, ટબામાં પથ્થવો, અગથીઓ ને ડોડી કહે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગંગાના કિનારાપર રહેતા હંસોની શ્રેણિ જેવા સુંદર ચૈત્યધ્વજોથી વિરાજમાન **ચંપા** નામે એક મોટી નગરી છે, તેમાં સર્પના શરીર જેવી ભુજાવાળો અને લક્ષ્મીના કુલગૃહરૂપ જિતશત્રુ નામે રાજા છે. તે નગરમાં **કામદેવ** નામે એક બુદ્ધિમાન્ કુલપતિ રહે છે. તે માર્ગમાં આવેલા મહાન્ વૃક્ષની જેમ અનેક લોકોને આશ્રયભૂત છે. સ્થિર રહેલી લક્ષ્મી જેવી અને ભદ્ર આકૃતિવાળી **ભદ્રા** નામે તેને સધર્મિણી (પત્ની) છે. તેને છ કરોડ સોનૈયા ભંડારમાં, છ કરોડ વેપારમાં છે. દશ દશ હજાર ગાયોવાળા છ ગોકુળો છે. અન્યદા પૃથ્વીપર વિહાર કરતાં કરતાં શ્રી **વીરપ્રભુ** પૃથ્વીના મુખમંડન જેવા તે નગરની બહાર રહેલા **પુણ્યભદ્ર** નામના ઉદ્યાનમાં આવીને સમવસર્યા. તે ખબર સાંભળી કામદેવ પગે ચાલતો ભગવંતની પાસે આવ્યો અને શ્રવણને અમૃતરૂપ ધર્મદેશના સાંભળી. પછી શુદ્ધ બુદ્ધિવાળા કામદેવે દેવ મનુષ્ય અને અસુરોની સમક્ષ ગુરૂ શ્રી વીરપ્રભુની પાસે બાર પ્રકારનો ગૃહિધર્મ અંગીકાર કર્યો. તેણે ભદ્રા સિવાય બીજી સ્ત્રીનો, ગાયોના છ ગોકુળ ઉપરાંત બીજી ગાયોનો અને ભંડાર, વ્યાજ અને વ્યાપારમાં રહેલા છે છ કોટી દ્રવ્ય ઉપરાંત દ્રવ્યનો ત્યાગ કર્યો. બાકીની બીજી વસ્તુઓનો પણ આનંદ શ્રાવકની જેમ નિયમ ગ્રહણ કર્યો. પછી પ્રભુને નમીને તે પોતાને ઘેર ગયો, અને પોતે લીધેલા શ્રાવકવ્રત સંબંધી ખબર ભદ્રાને કહ્યા, એટલે ભદ્રાએ પણ પ્રભુ પાસે જઈને શ્રાવકનાં વ્રત ગ્રહણ કર્યાં.

ગંગાનદીને કાંઠે **કાશી** નામે એક ઉત્તમ નગરી છે, જે વિચિત્ર અને રમણિક રચનાથી પૃથ્વીના તિલકની શોભા હોય તેવી દેખાય છે. અમરાવતીમાં ઇદ્રની જેમ તે નગરીમાં અખંડિત પરાક્રમવાળો જિતશત્રુ નામે ઉત્તમ રાજા છે, અને જાણે માનવધર્મ મનુષ્યપણાને પ્રાપ્ત થયો હોય તેવો **ચુલનીપિતા** નામે એક ધનાઢ્ય ગૃહસ્થ ત્યાં રહે છે. જગતને આનંદદાયક તે ગૃહસ્થને ચંદ્રને શ્યામાની જેમ **શ્યામા** નામે એક અનુકૂળ રૂપવતી રમણી છે. તે શ્રેષ્ઠીની પાસે આઠ ક્રોડ ભંડારમાં, આઠ ક્રોડ વ્યાજે અને આઠ ક્રોડ વ્યાપારમાં મળી ચોવીશ ક્રોડ સોનૈયાની સંપત્તિ છે. એક એક ગોકુળમાં દશ દશ હજાર ગાયોવાળા તેને આઠ ગોકુળ છે, કે જે લક્ષ્મીના કુળગૃહ જેવા શોભે છે. એકદા તે નગરીના કોષ્ટક નામના ઉદ્યાનમાં વિહાર કરતા **શ્રીવીરપ્રભુ** સમવસર્યો, એટલે ઇંદ્ર સહિત દેવતાઓ, અસુરો અને **જિતશત્રુ** રાજા પ્રભુને વાંદવા આવ્યા. તેમજ તે ખબર સાંભળીને **ચુલનીપિતા** પણ જગત્પતિ **વીરને** વાંદવાની ઇચ્છાથી યોગ્ય આભૂષણો પહેરી પગે ચાલતો ત્યાં આવ્યો. ભગવંતને નમી યોગ્ય સ્થાને બેસી ચુલનીપિતાએ પરમ ભક્તિથી અંજળી જોડીને ધર્મદેશના સાંભળી. જ્યારે પર્ષદા ઊઠી ત્યારે ચુલનીપિતાએ પ્રભુના ચરણમાં નમી વિનીત થઈને કહ્યું કે—"હે સ્વામી! અમારા જેવાને બોધ આપવા માટેજ તમે પૃથ્વીપર વિચરો છો, કારણ કે સૂર્યનું સંક્રમણ જગતને પ્રકાશ આપવા સિવાય બીજા કોઈ પણ અર્થે હોતું નથી. સર્વ જનની પાસે જઇને યાચના કરીએ તો તે કદિ આપે કે ન આપે પણ તમે તો યાચના વગર ધર્મ આપો છો, તેનો હેતુ માત્ર તમારી કૃપાજ છે. હું જાણું છું કે આપની પાસે

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

યતિધર્મ ગ્રહણ કરૂં તો ઠીક, પણ મારા જેવા મંદભાગ્ય મનુષ્યમાં તેટલી યોગ્યતા નથી. તેથી હે નાથ! હું શ્રાવકધર્મની યાચના કરૂં છું, તે મને પ્રસન્ન થઈને આપો, કારણ કે મેઘ પોતાની મેળે જળ વહન કરી યોગ્ય લાગે ત્યાં વરસે છે." પ્રભુએ કહ્યું કે "જેમ સુખ ઉપજે તેમ કરો." એટલે પ્રભુની સંમતિ મળતાં તેણે બાર પ્રકારનો શ્રાવકધર્મ ગ્રહણ કર્યો. ચોવીશ કોટી ધનથી વિશેષ ધનનો અને ગાયોના આઠ ગોકુળથી વધારે ગોકુળનો તેણે ત્યાગ કર્યો. તે સિવાય બીજી વસ્તુઓના પણ **કામદેવ** શ્રાવકની જેમ તેણે નિયમ લીધા. તેની પત્ની **શ્યામાએ** પણ પ્રભુની પાસે શ્રાવકના વ્રત અંગીકાર કર્યા એ સમયે **ગૌતમ** ગણધરે પ્રભુને નમીને પૂછ્યું કે, "હે સ્વામી! આ ચુલનીપિતા શ્રાવક મહાવ્રતધારી થશે કે નહીં?" પ્રભુ બોલ્યા કે, "તે આ ભવમાં યતિધર્મને પામશે નહીં, પણ ગૃહસ્થ ધર્મ પ્રીતિપૂર્વક પાળી મૃત્યુ પામીને સૌધર્મ દેવલોકમાં દેવ થશે. ત્યાં અરૂણાભ નામના વિમાનમાં ચાર પલ્યોપમનું આયુષ્ય ભોગવી ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ ને નિર્વાણને પામશે."

તેજ નગરમાં **સુરાદેવ** નામે એક ગૃહસ્થ રહેતો હતો. તેને **ધન્યા** નામે પ્રિયા હતી. તેની પાસે પણ **કામદેવની** જેમ પુષ્કળ ધન હતું. તેણે પણ કામદેવની જેમ પ્રભુની પાસે જઈને શ્રાવકના વ્રત ગ્રહણ કર્યાં અને ધર્મવડે ધન્ય એવી તેની ધન્યા નામની તેની પત્નીએ પણ શ્રાવકપણું ગ્રહણ કર્યું.

શ્રી **વીરપ્રભુ** ત્યાંથી વિહાર કરીને **આલંભિકા** નગરીએ પધાર્યા. ત્યાં **શંખવન** નામના ઉદ્યાનમાં પ્રભુ સમવસર્યા. તે નગરીમાં **ચુલ્લશતક** નામે ગૃહસ્થ રહેતો હતો. તે પણ કામદેવના જેવો સમૃદ્ધિમાન્ હતો. તેને **બહુલા** નામે સ્ત્રી હતી. તે પણ કામદેવની જેમ શ્રી વીરપ્રભુના ચરણ પાસે ગયો અને પોતાની બહુલા સ્ત્રીની સાથે તેણે ગૃહીધર્મ અને બીજા નિયમો પણ ગ્રહણ કર્યા.

વિહાર કરતાં કરતાં પ્રભુ અન્યદા **કાંપીલ્યપુરે** આવ્યા, અને **સહસ્રામ્રવન** નામના ઉદ્યાનમાં સમવસર્યા. ત્યાં કામદેવના જેવો ધનવાન **કુંડકોળિક** નામે ગૃહસ્થ રહેતો હતો. તેને શીલવડે અલંકૃત **પુષ્પા** નામે સ્ત્રી હતી. તેણે પણ પુષ્પાની સાથે કામદેવની જેમ પ્રભુની પાસે જઈને શ્રાવક વ્રત અને બીજા નિયમો ગ્રહણ કર્યા.

**પોલાશપુર** નામના નગરમાં **શબ્દાલપુત્ર** નામે એક કુંભાર રહેતો હતો. તે **ગોશાળાનો** ઉપાસક હતો. તેને **અગ્નિમિત્રા** નામે સ્ત્રી હતી. તેને એક કોટી સોનૈયા ભંડારમાં, એક કોટી વ્યાજે અને એક કોટી વ્યાપારમાં હતા, તેમજ એક ગાયોનું ગોકુળ હતું. પોલાશપુરની બહાર તે કુંભારની પાંચસો દુકાનો તેના માટીના વાસણો વેચવાની હતી. અન્યદા **અશોકવનમાં** કોઈ દેવતાએ આવીને તેને કહ્યું કે, 'કાલે પ્રાતઃકાળે મહાબ્રહ્મ અને ત્રિલોકપૂજિત સર્વજ્ઞ પ્રભુ અહિં આવશે. તેમને પીઠ, ફલક અને સંસ્તારક વિગેરે આપીને તું તેમની સેવા

www.jainsite.com		For Private & Personal Use Only		info@jainsite.com

કરજે.' એવી રીતે બે ત્રણવાર કહીને તે દેવ અંતર્ધાન થઈ ગયો. શબ્દાલપુત્ર કુંભારે ભક્તિથી વિચાર્યું કે, 'જરૂર મારા ધર્મગુરૂ સર્વજ્ઞ એવા ગોશાળાજ પ્રાતઃકાળે અહિં આવશે.' આવો વિચાર કરીને તે તેમની રાહ જોઈ રહ્યો હતો, તેવામાં પ્રાતઃકાળે શ્રીવીરપ્રભુ સહસ્રાભ્રવન નામના ઉદ્યાનમાં આવીને સમવસર્યા. તે હકીકત સાંભળીને કુંભકારે ત્યાં જઈ ભગવંતને વંદના કરી. પ્રભુ દેશના આપીને તે કુલાલ પ્રત્યે બોલ્યા કે–"હે શબ્દાલપુત્ર! ગઈ કાલે કોઈ દેવતાએ અશોકવનમાં આવીને તને કહ્યું હતું કે, કાલે પ્રાતઃકાળે બ્રહ્મા અને સર્વજ્ઞ એવા અર્હંતપ્રભુ અહીં આવશે, તેમની તારે પીઠ, ફલક વિગેરે આપીને ઉપાસના કરવી. તે વખતે તેં પણ વિચાર્યું હતું કે, પ્રાતઃકાળે **ગોશાળો** અહીં આવશે." આવા પ્રભુનાં વચન સાંભળીને તેણે ચિંતવ્યું કે 'અહો! આ સર્વજ્ઞ મહાબ્રાહ્મણ અર્હંત **શ્રીમહાવીર** પ્રભુજ અત્રે પધાર્યા, તો તે મારે નમસ્કાર કરવા યોગ્ય અને સર્વથા ઉપાસના કરવા યોગ્ય છે.' આ પ્રમાણે વિચારી ઉભો થઈ પ્રભુને નમી અંજલિ જોડીને તે બોલ્યો કે, "હે સ્વામી! આ નગરની બહાર જે મારી પાંચસો કુંભકારપણાની દુકાનો છે તેમાં રહો અને પીઠ, ફલક વિગેરે જે જોઈએ તે ગ્રહણ કરીને મારા પર અનુગ્રહ કરો." પ્રભુએ તેનું વચન સ્વીકાર્યું અને ગોશાળાની શિક્ષાથી તેણે ગ્રહણ કરેલા નિયતિવાદથી યુક્તિપૂર્વક નિવૃત્ત કરી દીધો. પછી તેણે નિયતિવાદ છોડી પુરૂષાર્થને પ્રમાણ કરી **આનંદ** શ્રાવકની જેમ પ્રભુની પાસે શ્રાવકના વ્રત ગ્રહણ કર્યાં. તેના નિયમમાં એટલું વિશેષ કે, તેણે ભંડાર, વ્યાજ અને વ્યાપારમાં મળી ત્રણ કોટી સુવર્ણ રાખ્યું, અને ગાયોનું એક ગોકુળ રાખ્યું. તેને **અગ્નિમિત્રા** નામે પત્ની હતી, તેને તેણેજ પ્રતિબોધ પમાડ્યા, એટલે તેણે પણ પ્રભુની પાસે જઈ શ્રાવકનાં વ્રત સ્વીકાર્યાં. પછી પ્રભુએ ત્યાંથી અન્યત્ર વિહાર કર્યો.

ગોશાળે લોકવાણીથી સાંભળ્યું કે, '**શબ્દાલપુત્રે** આજીવિકામતને છોડી દઈને નિર્ગ્રંથ સાધુઓના શાસનને સ્વીકાર્યું છે.' તેથી 'ચાલ, હું ત્યાં જઈ તે શબ્દાલપુત્રને પાછો આજીવિકામતમાં પૂર્વની જેમ સ્થાપન કરૂં.' એમ ધારી ગોશાળો પોતાના મતવાળાઓથી પરવરેલો તેને ઘેર આવ્યો. શબ્દાલપુત્રે ગોશાળાને દૃષ્ટિથી પણ માન આપ્યું નહીં, તેથી શબ્દાલપુત્રને પોતાના મતમાં સ્થાપન કરવાને અને શ્રાવક વ્રતમાંથી ચલિત કરવાને અશક્ત થયો છતો ગોશાળો ત્યાંથી પાછો ચાલ્યો ગયો.

અન્યદા **વીરપ્રભુ રાજગૃહ** નગરની બહાર આવેલા **ગુણશીલ** નામના ચૈત્યમાં સમવસર્યા. તે નગરમાં **ચુલનીપિતાની** જેટલી સમૃદ્ધિવાળો **મહાશતક** નામે એક ગૃહસ્થ હતો. તેને **રેવતી** વિગેરે તેર પત્નીઓ હતી. રેવતી આઠ કોટી સુવર્ણ અને આઠ ગાયોના ગોકુળ પોતાના પિતાને ત્યાંથી લાવી હતી, અને બીજી પ્રત્યેક સ્ત્રીઓ એકેક કોટી સુવર્ણ અને એક એક ગાયોનું ગોકુળ લાવી હતી. તેણે પણ ચુલનીપિતાની જેમ પ્રભુની પાસે શ્રાવકના વ્રત અને નિયમો ગ્રહણ કર્યા તેમજ તેર સ્ત્રીઓ વિના બીજી સ્ત્રીઓનો ત્યાગ કર્યો.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એકદા પ્રભુ વિહાર કરતા કરતા **શ્રાવસ્તીપુરીએ** આવ્યા, ત્યાં **કોષ્ટક** નામના ઉપવનમાં સમવસર્યા. તે નગરીમાં **આનંદના** જેવો ઋદ્ધિમાન્ **નંદિનીપિતા** નામે ગૃહસ્થ રહેતો હતો. ચંદ્રને અશ્વિનીની જેમ **અશ્વિની** નામે તેને પ્રિયા હતી. શ્રી **વીરપ્રભુના** મુખથી ધર્મદેશના સાંભળી તેણે પણ આનંદની જેમ શ્રાવકપણું અને નિયમો ગ્રહણ કર્યા. તેજ નગરમાં આનંદના જેટલી સમૃદ્ધિવાળો **લાંતકપિતા** નામે એક બીજો ગૃહસ્થ રહેતો હતો. તેને મધુર ભાષણ કરનારી **ફાલ્ગુની** નામે પત્ની હતી. તેણે પણ વીરપ્રભુની પાસે આવી દેશના સાંભળીને આનંદની જેમ શ્રાવકપણું અને નિયમો ગ્રહણ કર્યા.

આ પ્રમાણે દેવતાઓથી પણ અક્ષોભ્ય અને પર્વતની જેમ શ્રાવકપણામાં સ્થિર રહેનારા શ્રી વીરપ્રભુના મુખ્ય દશ શ્રાવકો થયા. એવી રીતે કમળોને સૂર્યની જેમ ભવ્યજનોને પ્રતિબોધ કરતા શ્રી વીર ભગવંત ફરીને **કૌશાંબી** નગરીએ પધાર્યા. દિવસને છેલ્લે પહોરે ચંદ્ર સૂર્ય સ્વાભાવિક (શાશ્વત) વિમાનમાં બેસી પ્રભુને વાંદવા આવ્યા. તેઓના વિમાનના તેજથી આકાશમાં ઉદ્યોત થયેલો જોઈ લોકો કૌતુકથી ત્યાંજ બેસી રહ્યા. રાત્રિ પડવાથી પોતાને ઉઠવાનો સમય જોઈ **ચંદના** સાધ્વી પોતાના પરિવાર સાથે વીરપ્રભુને નમીને પોતાને ઉપાશ્રયે ગયા, પરંતુ **મૃગાવતીએ** સૂર્યના ઉદ્યોતના તેજવડે દિવસના ભ્રમથી રાત્રિ થયેલી જાણી નહીં, તેથી તે ત્યાંજ બેસી રહી. પછી જ્યારે સૂર્ય ચંદ્ર ચાલ્યા ગયા, ત્યારે મૃગાવતી રાત્રિ પડી ગઈ જાણી કાળાતિક્રમના ભયથી ચકિત થઈ ઉપાશ્રયે આવી. ચંદનાએ તેને કહ્યું કે, 'અરે મૃગાવતી! તારા જેવી કુલીન સ્ત્રીને રાત્રે એકલા બહાર રહેવું શું ઘટે છે?' આ વચન સાંભળી તે ચંદનાને વારંવાર ખમાવવા લાગી. તેમ કરતાં કરતાં શુભ ભાવવડે ઘાતીકર્મના ક્ષયથી મૃગાવતીને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. તે વખતે નિદ્રાવશ થયેલા ચંદનાની પડખેથી સર્પ જતો હતો, તેને કેવળજ્ઞાનની શક્તિથી જોઈને મૃગાવતીએ તેમનો હાથ સંથારાપરથી ઊંચો લીધો. તેથી ચંદનાએ જાગીને પૂછ્યું કે 'મારો હાથ કેમ ઊંચો કર્યો?' મૃગાવતી બોલી—'અહીં મોટો સર્પ જતો હતો, ચંદનાએ ફરીને પૂછ્યું કે, 'અરે મૃગાવતી! આવા સોયે વીંધાય તેવા ગાઢ અંધકારમાં તેં શી રીતે સર્પ જોયો? એથી મને વિસ્મય થાય છે.' મૃગાવતી બોલી–'હે ભગવતી! મેં મને ઉત્પન્ન થયેલા કેવળજ્ઞાન ચક્ષુથી તેને દીઠો.' તે સાંભળતાંજ 'અરે! કેવળીની આશાતના કરનારી એવી મને ધિક્કાર છે!' એવી રીતે પોતાના આત્માની નિંદા કરતાં ચંદનાને પણ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.

આ અરસામાં **ગૌતમસ્વામીએ** પ્રભુને પૂછ્યું કે, 'સ્વામી! જે સ્થિર પદાર્થો છે તે શું કદિ પોતાના સ્વભાવથી ચલિત થતા હશે? કે જેથી સૂર્ય ચંદ્રના વિમાન ચલિત થઈને અહિં આવ્યા?' પ્રભુ બોલ્યા કે–"આ અવસર્પિણીમાં દશ આશ્ચર્યો થયા છે, તે આ પ્રમાણે–અરિહંતને કેવળજ્ઞાન થયા પછી ઉપસર્ગ, ગર્ભમાંથી હરણ, સૂર્ય ચંદ્રના વિમાનનું અવતરણ, ચમરેંદ્રનો ઉત્પાત, અભાવી પરિષદ્, એક સમયે ઉત્કૃષ્ટ અવગાહનાવાળા એકસોને આઠ સિદ્ધ, ધાતકીખંડની અપરકંકામાં કૃષ્ણનું ગમન, અસંયમીની પૂજા, સ્ત્રી તીર્થંકર, અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હરિવંશ કુળની ઉત્પત્તિ. આ દશ આશ્ચર્યની અંતગર્ત સૂર્ય ચંદ્રના વિમાનનું અવતરણ પણ આશ્ચર્યભૂતજ થયેલું છે.' આ પ્રમાણે કહી ત્યાથી વિહાર કરીને પ્રભુ **શ્રાવસ્તી** નગરીએ પધાર્યા. ત્યાં નગરની બહાર **કોષ્ટક** નામના ઉદ્યાનમાં સમવસર્યા.

ત્યાં તેજોલેશ્યાનાં બળથી વિરોધનો નાશ કરનાર, અષ્ટાંગ નિમિત્તના જ્ઞાનથી લોકોના મનની વાર્ત્તાને કહેનાર અને જિન નહિ છતાં જિન નામને ધારણ કરનાર **ગોશાળો** પ્રથમથી આવેલો હતો. તે હાલાહલા નામની કોઈ કુંભકારીની દુકાનમાં ઉતર્યો હતો. તેની 'અર્હંત' તરીકેની ખ્યાતિ સાંભળી મુગ્ધ લોકો પ્રતિદિન તેની પાસે આવી ઉપાસના કરતા હતા. એવા વખતમાં **ગૌતમસ્વામી** પ્રભુની આજ્ઞાથી છઠ્ઠનું પારણું કરવા માટે નગરમાં ભિક્ષા લેવા ગયા. ત્યાં તેમણે સાંભળ્યું કે, અહીં ગોશાળો અર્હંત અને સર્વજ્ઞના નામથી વિખ્યાત થઈને આવેલો છે.' તે સાંભળતાંજ ગૌતમસ્વામી ખેદ પામી ભિક્ષા લઈને પ્રભુની પાસે આવ્યા. પછી વિધિપૂર્વક પારણું કરી યોગ્ય અવસરે ગૌતમસ્વામીએ બધા લોકોની સમક્ષ સ્વચ્છ બુદ્ધિથી પ્રભુને પૂછયું કે, 'હે સ્વામી! આ નગરીમાં લોકો ગોશાળાને સર્વજ્ઞ કહીને બોલાવે છે, તે ઘટે છે કે નહીં?' પ્રભુ બોલ્યા કે, "એ **મંખ** અને **મંખળીનો** પુત્ર ગોશાળો છે. એ કપટી અજિન છતાં પોતાના આત્માને જિન માને છે. હે ગૌતમ! મેં જ તેને દીક્ષા આપી છે, શિક્ષા પણ મેં જ આપી છે, અને પછી તે મિથ્યાત્વને પામી ગયો છે; તે સર્વજ્ઞ નથી." પ્રભુનાં આવાં વચન સાંભળી નગરજનો નગરીમાં ચારે તરફ ચૌટામાં અને શેરીઓમાં પરસ્પર કહેવા લાગ્યા કે, 'અહો ભાઈ! શ્રી વીરપ્રભુ અર્હંત અહિં આવેલા છે તે કહે છે કે, આ ગોશાળો તે મંખલીનો પુત્ર છે, અને તે પોતે મિથ્યા સર્વજ્ઞ માને છે.' આવા લોકો પાસેથી ખબર સાંભળી ગોશાળાને કાળા સર્પની જેમ અત્યંત કોપ ઉત્પન્ન થયો; તેથી પોતાના પરિવારથી પરવર્યો છતો કાંઈક વિપરીત કરવાને તૈયાર થઈ ગયો.

એ સમયે પ્રભુના શિષ્ય અને સ્થવિરોના અગ્રણી **આનંદમુનિ** છઠ્ઠનું પારણું કરવાને માટે નગરીમાં ભિક્ષા લેવાને આવ્યા. જે **હાલાહલા** કુંભકારીને ઘેર **ગોશાળો** રહેતો હતો ત્યાં થઈને આનંદમુનિ નીકળ્યા, એટલે તેને ગોશાળે બોલાવ્યા, અને તિરસ્કાર પૂર્વક આ પ્રમાણે કહ્યું કે, "અરે **આનંદ**! તારો ધર્માચાર્ય લોકોમાં પોતાનો સત્કાર કરાવવાની ઇચ્છાથી સભા વચ્ચે મારો અત્યંત તિરસ્કાર કરે છે, અને કહે છે કે ગોશાળો તો **મંખ** પુત્ર છે, અર્હંત તથા સર્વજ્ઞ નથી, પણ તે હજુ શત્રુને દહન કરવાને સમર્થ એવી મારી તેજોલેશ્યાને જાણતો નથી; પરંતુ હું તેને પરિવાર સહિત ભસ્મ કરી દઈશ. માત્ર તનેજ એકલો છોડી દઈશ. તે ઉપર એક દ્રષ્ટાંત સાંભળ—

"પૂર્વે **ક્ષેમિલા**નગરીમાં **અવસર, પ્રસર, સંવાદ, કારક** અને **ભલન** નામના પાંચ વણિક રહેતા હતા. તેઓ અન્યદા કેટલાક કરિયાણાના ગાડાં ભરીને વ્યાપાર કરવા નીકળ્યા.

JAINSITE
જૈન સાઈટ
જ્ઞાનમ્ જ્યોતિ શાસનમ્
www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

માર્ગે જતાં તેઓ કોઈ નિર્જળ અરણ્યમાં પેઠા. ત્યાં તે પાંચે જણ મરૂસ્થળમાં ગયા હોય તેમ તૃષાથી આક્રાંત થઈ ગયા, તેથી તે મહાટવીમાં અટન કરીને તેઓ જળ શોધવા લાગ્યા. તેઓમાંથી ભમતા ભમતા અવસરને પાંચ શિખરવાળો એક રાફડો જોવામાં આવ્યો. તેણે તે ચારે મિત્રોને બતાવ્યો. પછી તેઓએ મળીને તેમાંથી પૂર્વનું શિખર ફોડયું, તેમાંથી પુષ્કળ જળ નીકળ્યું, તેનું પાન કરીને તેઓ સ્વસ્થ થયા. પછી પ્રસરે કહ્યું કે, 'આનું દક્ષિણ શિખર ફોડીએ તેમાંથી જરૂર આપણને કાંઈક બીજી વસ્તુ મળશે.' ત્યારે અવસરે કહ્યું કે, 'આપણે તે ખોદવું યોગ્ય નથી. કારણ કે તેમાંથી કદી સર્પ નીકળે તો શું કરીએ, કેમકે રાફડા સર્પનુંજ સ્થાન હોય છે.' તે સાંભળી સંવાદ બોલ્યો કે. 'તમારા બોલવામાં મોટો ફેર પડ્યો છે, કેમકે પ્રથમ ફોડેલા શિખરમાંથી સર્પ નીકળ્યો નથી પણ જળ નીકળ્યું છે.' અવસરે ફરીવાર કહ્યું કે, 'એ તો દૈવયોગે જળ નીકળી ગયું.' એટલે કારક બોલ્યો કે, તેજ પ્રમાણે કદિ દૈવયોગે આમાંથી પણ બીજી વસ્તુ નીકળશે.' આ પ્રમાણે કહીને કારક તે ખોદવા લાગ્યો. એટલે 'આ કરવામાં મારો મત નથી' એમ કહી અવસર પોતાના ગાડામાં બેસી આગળ ચાલ્યો ત્યારે ભલન બોલ્યો કે, 'કદિ અવસર ચાલ્યો ગયો તો ભલે ગયો, એના વિના પણ આપણે આ શિખરને ખોદીશું,' આ પ્રમાણે વિચારી તેઓ ખોદવા લાગ્યા. તે ખોદતા તેમાંથી ત્રાંબાનાણું પુષ્કળ નીકળ્યું; એટલે અવસર વિના બાકીના ચારે જણાએ તે વહેંચી લીધું, પછી તેમણે લોભથી ત્રીજું શિખર ખોદ્યું, તો તેમાંથી રૂપું નીકળ્યું; એટલે તેઓએ પ્રથમનું ત્રાંબાનાણું તજી દઈ રૂપું વહેંચી લીધું. પછી ચોથું શિખર ખોદ્યું, તો તેમાંથી સુવર્ણ નીકળ્યું, એટલે લોભથી રૂપાને છોડી દઈને સુવર્ણ વહેંચી લીધું. પછી તેમણે જાણ્યું કે 'આ પાંચમાં શિખરમાં તો જરૂર રત્નોજ હશે' એવા વિચારથી તે લોભાંધ વણિકોએ તેને પણ ખોદ્યું. કેમકે 'લાભથી લોભ વધે છે.' પરંતુ અત્યંત મથન કરેલા સમુદ્રમાંથી છેવટ કાલકૂટ નીકળ્યું હતું તેમ તે શિખર ખોદતાં એક દૃષ્ટિવિષ સર્પ નીકળ્યો. તે સર્પે રાફડા ઉપર ચડી સૂર્ય સામે જોઈને વિષદૃષ્ટિથી જોયું કે તત્કાળ વૃષભ સહિત ચાર ગાડાં અને ચારે વણિકો દહન થઈ ગયા. પેલા અવસરને નિર્લોભી જાણીને તેની અધિષ્ઠાતાદેવીએ બળદ અને ગાડા સહિત તેણે ધારેલા સ્થાનકે પહોંચાડી દીધો."

હે **આનંદમુનિ!** આ પ્રમાણે તે ચાર વણિકની જેમ હું તારા ગુરૂને બાળી નાંખીશ અને પેલા અવસરની જેમ તને છોડી મુકીશ." આ પ્રમાણે સાંભળી શિક્ષા સમાપ્ત કરી આનંદમુનિ પ્રભુ પાસે આવ્યા અને **ગોશાળે** કહ્યું હતું તે બધું કહી સંભળાવ્યું. પછી તેણે શંકિત થઈને પૂછ્યું કે, "હે સ્વામી! ગોશાળે કહ્યું કે 'હું ભસ્મ કરી દઈશ' તે તેનું ઉન્મત્ત ભાષણ છે કે તેમ કરવાને તે સમર્થ છે?" પ્રભુ બોલ્યા કે, 'તે અર્હંત સિવાય બીજાની ઉપર તેમ કરવાને સમર્થ છે, અને તે અનાર્ય બુદ્ધિથી અર્હંતને સંતાપ માત્ર કરી શકે છે. માટે **આનંદ!** તું જઈને **ગૌતમ** વિગેરે સર્વ મુનિને આ ખબર કહે કે જેથી તેની સાથે કોઈ બોલે નહિ. તેવી પ્રેરણા કરવાથી તારૂં પણ હિત થશે. કેમકે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધર્મના વિઘ્નો પણ આપણને પીડે છે." આનંદે તરતજ સર્વે મુનિ પાસે જઈને તે પ્રમાણે કહ્યું, તેવામાં ગોશાળો પ્રભુ પાસે આવ્યો અને આ પ્રમાણે બોલ્યો કે–"અરે **કાશ્યપ**! તું 'આ ગોશાળો **મંખલિપુત્ર** છે અને મારો શિષ્ય છે' ઇત્યાદિ જે લોકો પાસે બોલે છે, તે તારૂં ભાષણ મિથ્યા છે; કેમકે જે તારો શિષ્ય ગોશાળો હતો, તે શુકલકુળનો હતો, તે તો ધર્મધ્યાનથી મૃત્યુ પામીને દેવગતિમાં ઉત્પન્ન થયેલો છે. તેનું શરીર ઉપસર્ગ અને પરિષહો સહન કરવામાં સમર્થ જાણી મારૂં શરીર છોડી દઈને હું તેમાં પેઠો છું, મારૂં નામ તો **ઉદાય** નામે મુનિ છે. તેથી મને જાણ્યા વગર 'આ મંખલિનો પુત્ર ગોશાળો મારો શિષ્ય છે' એવું કેમ કહે છે? તું કાંઈ મારો ગુરૂ નથી." પ્રભુ બોલ્યા કે–"ગોશાળા! જેમ કોઈ અલ્પ બુદ્ધિવાળો ચોર પોલીસથી પકડાય ત્યારે કોઈ ખાડાનું કે દુર્ગ વનનું ઢાંકણુ નહિં મળવાથી તે ઉન, શણ, રૂ કે ઘાસથી પોતાના શરીરને ઢાંકી પોતાની જાતને ગુપ્ત થયેલી માને, તેમ તું પણ 'હું ગોશાળો નથી' એવું બોલી તારી જાતને ઢાંકવા માગે છે, પણ તું શા માટે અસત્ય બોલે છે? તું તેજ છે, બીજો નથી." પ્રભુનાં આવાં વચન સાંભળી ગોશાળો ક્રોધ કરીને બોલ્યો કે–"અરે કાશ્યપ! આજે તું ભ્રષ્ટ થઈ જઈશ, નષ્ટ થઈ જઈશ, નાશ પામી જઈશ." આવા તેનાં વચન સાંભળી પ્રભુના શિષ્ય સર્વાનુભુતિમુનિ પ્રભુ ઉપરના અત્યંત રાગથી તે સહન કરી શક્યા નહિ, તેથી તે ગોશાળા પ્રત્યે બોલી ઉઠ્યા કે, "અરે ગોશાળા! આ ગુરૂએ તને દીક્ષા આપી છે અને તેમણે જ શિક્ષા પણ આપી છે, તે છતાં તું કેમ તેનો નિહ્નવ કરે છે? તું જ ગોશાળો છું." તે સાંભળતાંજ કોપાયમાન થઈને ગોશાળે દૃષ્ટિવિષસર્પ દૃષ્ટિરૂપ જવાળા મૂકે તેમ તે સર્વાનુભૂતિ મુનિ ઉપર તેજોલેશ્યા મૂકી. મહાશય સર્વાનુભુતિ ગોશાળાની તેજોલેશ્યાથી દગ્ધ થઈ શુભ ધ્યાને મરણ પામીને સહસ્રાર દેવલોકમાં દેવતા થયા. પોતાની લેશ્યાની શક્તિથી ગર્વ પામેલો ગોશાળો પછી વારંવાર ભગવંતની નિર્ભર્ત્સના કરવા લાગ્યો; એટલે બીજા સુનક્ષત્ર નામે ભક્તિમાન્ શિષ્યે પ્રભુની નિંદા કરનાર તે ગોશાળાને સર્વાનુભૂતિની જેમ ઘણા શિક્ષાનાં વચનો કહ્યાં. તેથી ગોશાળે તેમની ઉપર પણ તેજોલેશ્યા મૂકી, એટલે તેમનું શરીર પણ બળવા લાગ્યું. તત્કાળ તે મુનિએ પ્રભુને પ્રદક્ષિણા કરીને ફરીવાર વ્રત લઈ, આલોચના–પ્રતિક્રમણ કરી, બધા મુનિઓને ખમાવ્યા, અને મૃત્યુ પામીને અચ્યુત કલ્પમાં દેવતા થયા.

ગોશાળો પોતાને વિજયી માનતો છતો પ્રભુને કઠોર વચનોવડે આક્રોશ કરવા લાગ્યો. તથાપિ એકાંત દયાળુ પ્રભુ બોલ્યા કે–'અરે ગોશાળ! મેં તને દીક્ષા અને શિક્ષા આપીને શ્રુતનું ભાજન કર્યો, તથાપિ તું મારાજ અવર્ણવાદ બોલે છે તો તારી બુદ્ધિ કેમ ફરી ગઈ છે?' પ્રભુના આવાં વચનથી અતિ કોપ પામેલા **ગોશાળાએ** કાંઇક નજીક આવીને પ્રભુની ઉપર પણ તેજોલેશ્યા મૂકી; પરંતુ તે તેજોલેશ્યા પર્વત ઉપર મહાવાયુની જેમ પ્રભુની ઉપર અસમર્થ થઈ અને તેણે ભક્તિથી પ્રભુને પ્રદક્ષિણા કરી. તે તેજોલેશ્યાથી કાંઠા ઉપરના ઘાસમાં ઉત્પન્ન થયેલા દાવાનળથી નદીનું જળ જેમ તપે તેમ માત્ર પ્રભુના અંગમાં સંતાપ ઉત્પન્ન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થયો; પછી 'આ દુષ્ટે મને અકાર્ય કરવાને પ્રેરી' એવા ક્રોધથી તે તેજોલેશ્યાએ પાછી ફરીને છળથી ગોશાળાનાજ શરીરમાં પ્રવેશ કર્યો. તેનાથી અંદર દહન થતા છતાં પણ ગોશાળે ધીઠ થઈને ઉદ્ધતપણે પ્રભુને આ પ્રમાણે કહ્યું કે, "અરે કાશ્યપ! મારી તેજોલેશ્યાથી અત્યારે તું બચી ગયો છે, તો પણ તેનાથી થયેલા પિત્તજ્વરથી પીડિત થઈને આજથી છ માસને અંતે તું છદ્મસ્થપણામાંજ મરણ પામીશ." પ્રભુ બોલ્યા–"અરે ગોશાળા! તારો એ આગ્રહ વૃથા છે, કારણ કે હું તો હજુ બીજા સોળ વર્ષ સુધી કેવળીપણેજ વિહાર કરીશ, પણ તું આજથી સાતમે દિવસે તારીજ તેજોલેશ્યાથી થયેલા પિત્તજ્વરથી પીડિત થઈને મૃત્યુ પામીશ, તેમાં જરા પણ સંશય નથી." પછી તેજોલેશ્યાથી જેનું શરીર ગ્લાનિ પામી ગયું છે એવો ગોશાળો વિલાપ કરતો કરતો ત્યાંજ વાયુથી શાળવૃક્ષની જેમ પૃથ્વીપર પડી ગયો. તે વખતે ગુરૂની અવજ્ઞાથી કોપ પામેલા ગૌતમ વિગેરે મુનિઓ મર્મવેધી વચનોથી ગોશાળાને ઉંચે સ્વરે કહેવા લાગ્યા કે–"અરે મૂર્ખ! જે કોઈ પોતાના ધર્માચાર્યથી પ્રતિકૂળ થાય છે, તેની આવી દશાજ થાય છે, અરે! તેં તારા ધર્માચાર્ય ઉપર નાંખેલી તેજોલેશ્યા ક્યાં ગઈ? બહુ વખત સુધી જેમ તેમ બોલનારા અને બે મહા મુનિઓની હત્યા કરનારા એવા તારી ઉપર પણ પ્રભુએ તો કૃપા કરી. પરંતુ હવે તું સ્વયમેવ મૃત્યુ પામીશ. પૂર્વે જો પ્રભુએ શીતલેશ્યાવડે તારી રક્ષા ન કરી હોત તો તું વેશકાયને મૂકેલી તેજોલેશ્યાથી મરી ગયો હોત, તે યાદ કર." તેઓનાં આવાં વચન સાંભળીને ખાડામાં પડેલા સિંહની જેમ અસમર્થ બનેલો ગોશાળો તેમને કાંઈ પણ નહી કરી શકવા છતાં ક્રોધવડે ઉછાળા મારવા લાગ્યો. પછી દીર્ઘ અને ઉષ્ણ નિઃશ્વાસ નાંખતો, દાઢ અને કેશને ખેંચતો, પગથી પૃથ્વીપર તાડન કરતો અને 'અરે હું મરાયો' એમ વારંવાર બોલતો તે પ્રભુની પર્ષદામાંથી નીકળી ગયો; અને લોકોથી ચોરની જેમ તિરસ્કાર કરાતો છતો તે માંડ માંડ હાલાહલા કુંભકારીની દુકાને પહોંચ્યો. તેના ગયા પછી પ્રભુએ મુનિઓને કહ્યું, "ગોશાળે જે તેજોલેશ્યા મારો વધ કરવાને મારાપર મૂકી હતી, તે પોતાની ઉગ્ર શક્તિથી વત્સ, અચ્છ, કુત્સ, મગધ, મંગ, વાલવ, કોશળ, પાડ, લાટ, વજ્જિ, માળિ. મલય, વાધક, અંગ, કાશી, અને સહ્યગિરિના ઉત્તર પ્રદેશ–એ પ્રમાણેના સોળ દેશને બાળવાને શક્તિવાન્ હતી. ગોશાળે તેજોલેશ્યાને અત્યંત ઉગ્ર તપવડે સાધેલી હતી." તે સાંભળી ગૌતમ વિગેરે મુનિઓ પરમ વિસ્મય પામી ગયા કે, "અહો! સત્પુરૂષો શત્રુ ઉપર પણ માત્સર્યભાવ રાખતા નથી."

અહીં પોતાની તેજોલેશ્યાથી દહન થતા ગોશાળે હાથમાં મદ્યનું પાત્ર લઈને મદ્ય પીવા માંડયું; પછી તેનાથી મદોન્મત્ત બનીને ગોશાળો ગાવા તેમજ નાચવા લાગ્યો; અને હાલાહલા કુંભકારીને વારંવાર અંજલિ જોડી જોડીને નમવા લાગ્યો. પાત્રને માટે ચોળેલી મૃત્તિકા લઈ લઈને શરીરે ચોળવા લાગ્યો, અને ઘરની ખાળમાં આળોટી વારંવાર ઘરની ખાળનું જળ પીવા લાગ્યો; તેમજ અસંબદ્ધ વિરૂદ્ધ વચનો જેમ તેમ બોલવા લાગ્યો. શોક સહિત શિષ્યોએ સેવેલો ગોશાળો એવી રીતે દિવસ નિર્ગમન કરવા લાગ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ સમયે પુત્રાળ નામે ગોશાળાનો એક ઉપાસક હતો, તે પૂર્વરાત્રિ અને અપરરાત્રિમાં ધર્મજાગરણ કરતો વિચારવા લાગ્યો કે, 'તૃણગોપાલિકાનું સંસ્થાન કેવું હશે ! તે હું જાણતો નથી માટે મારા સર્વજ્ઞ ગુરૂ ગોશાળાની પાસે જઈ પૂછી જોઉં.' આવો વિચાર કરી તે અમૂલ્ય આભૂષણો ધારણ કરી ગોશાળાની પાસે આવ્યો. ત્યાં હાલાહલા કુંભકારીની દુકાને ગોશાળાને તેવી રીતે પડેલો તેણે જોયો. જળ લેવાને જતા ગોશાળાના સ્થવિર શિષ્યોએ તેને ઉતાવળો આવતો અવલોકયો એટલે તત્કાળ તેઓ બોલ્યા કે-'અરે પુત્રાલ ! આજે પાછલી રાત્રે તને તૃણગોપાલિકાના સંસ્થાન સંબંધી સંશય થયેલો છે.' તે સાંભળતાંજ પુત્રાલ વિસ્મય પામ્યો; અને તે વાતનો તેણે સ્વીકાર કર્યો. પછી પોતાના ગુરૂના ચેષ્ટિત ગોપવવાને તે મહર્ષિઓ ફરીવાર બોલ્યા-'જો, આ તમારા ગુરૂ જે ગાય છે, નાચે છે, કરપાત્રવડે અંજલિ જોડે છે, તે બધા તેમના નિર્વાણનાં ચિન્હો જણાવે છે. જે આ તેમનું સૌથી છેલ્લું ગાયન, નૃત્ય, અંજલિ જોડવાનું કર્મ, પાન, અને મૃત્તિકાનો અંગરાગ વિગેરે છે, તે બધું ચોવીશમા તીર્થંકરનું નિર્વાણ ચિન્હ છે. હવે તેમની પાસે જઈ તારો સંદેહ પૂછી જો, કેમકે એ તારા સર્વજ્ઞ ગુરૂ છે.' આ પ્રમાણે તેમના કહેવાથી તે પુત્રાલ ગોશાળાની પાસે જવા તત્પર થયો. એટલે તે મહર્ષિઓએ તેની અગાઉ ગોશાળા પાસે જઈ તેનું આગમન અને તેને જે સંશય હતો તે જણાવી દીધો, તેમજ તેમણે ગોશાળાની પાસેથી મદ્યપાત્ર વિગેરે બીજે મૂકાવ્યું અને એક આસન ઉપર બેસાર્યો. એટલામાં પુત્રાલ પણ ત્યાં આવ્યો. તે આગળ બેઠો એટલે ગોશાળે તેને કહ્યું કે 'તૃણગોપાલિકાનું સંસ્થાન કેવું હોય ? એ તારો સંશય છે. તે સાંભળ-વાંસના મૂળ જેવી તૃણગોપાલિકાની આકૃતિ જાણવી.' આ પ્રમાણે ઉત્તર સાંભળી તે પુત્રાલ હર્ષ પામ્યો છતો પોતાને સ્થાનકે ગયો.

અન્યદા ગોશાળે સાવધાન થઈ પોતાના અવસાન સમયને જાણી પોતાના શિષ્યોને આદરપૂર્વક બોલાવી આ પ્રમાણે કહ્યું કે-"હે શિષ્યો ! મારા મરણ પામ્યા પછી મારા મૃત શરીરને સુગંધી જળથી સ્નાન કરાવી, સુગંધી વિલેપન કરજો. પછી તેની ઉપર ઉત્કૃષ્ટ વસ્ત્ર વીંટાળજો. પછી દિવ્ય આભૂષણોથી શણગારી તેને સહસ્ર પુરૂષોએ વાહ્ય એવી શિબિકામાં બેસારી ઉત્સવ સહિત બહાર કાઢજો, અને તે વખતે 'આ ગોશાળક ચાલતી અવસર્પિણીનો ચોવીશમો તીર્થંકર મોક્ષે ગયેલ છે' એવી ઉંચે સ્વરે આખા નગરમાં આઘોષણા કરાવજો." તેઓએ તેમ કરવાને સ્વીકાર્યું. પછી સાતમે દિવસે ગોશાળાનું હૃદય ખરેખરૂં શુદ્ધ થયું, તેથી તેણે અત્યંત પશ્ચાત્તાપ કરવા માંડ્યો. "અહો ! હું કેવો પાપી ! કેવો દુર્મતિ ! મેં મારા ધર્મગુરૂ શ્રી વીર અર્હંત પ્રભુની મન વચન કાયાથી અત્યંત આશાતના કરી. મેં સર્વ ઠેકાણે મારા આત્માને મિથ્યા સર્વજ્ઞ કહેવરાવ્યો અને સત્ય જેવા જણાતા મિથ્યા ઉપદેશ વડે સર્વ લોકોને છેતર્યા; અરે મને ધિક્કાર છે, મેં ગુરૂના બે ઉત્તમ શિષ્યોને તેજોલેશ્યાવડે બાળી નાખ્યા; વળી છેવટે મારા આત્માનું દહન કરવા માટે મેં પ્રભુની ઉપર પણ તેજોલેશ્યા મૂકી. મને ધિક્કાર છે ! અરે ! થોડા દિવસને માટે ઘણા કાળ સુધી નરકાવાસમાં નિવાસ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થાય તેવું અકાર્ય મેં આચર્યું. વળી કેવળ મેં મારા આત્માનેજ નરકનો અતિથિ કર્યો નથી પણ અસત્ માર્ગના ઉપદેશથી આ બધા લોકોના આત્માને પણ નરકના અતિથિ કર્યા છે. ભવતુ! હવે આટલેથીજ સર્યું; હવે તો લોકો પાછા સન્માર્ગે ચાલો." આવો વિચાર કરી તેણે પોતાના સર્વ શિષ્યોને બોલાવીને કહ્યું કે, "હે શિષ્યો! સાંભળો, હું અર્હંત નથી તેમ કેવળી પણ નથી, હું તો **મંખલિનો** પુત્ર અને શ્રી **વીર**પ્રભુનો શિષ્ય ગોશાળો છું. આશ્રયનેજ ભક્ષણ કરનાર અગ્નિની જેમ હું ગુરૂનો પ્રત્યનીક થયો છું. મેં આટલા કાળ સુધી દંભથી મારા આત્માને અને લોકોને ઠગ્યા છે. મારી પોતાની તેજોલેશ્યાથીજ દહન થયો છતો હું છદ્મસ્થપણેજ મૃત્યુ પામીશ. માટે મારા મરણ પામ્યા પછી મારા મૃત શરીરના ચરણને રજ્જુથી બાંધી મને આખા નગરમાં ઘસડજો. મરેલા શ્વાનની જેમ મને ખેંચતાં મારા મુખ ઉપર થુંકજો અને આખી નગરીમાં ચૌટા, ત્રિક,, ચોક અને શેરીએ શેરીએ એવી આઘોષણા કરજો કે, લોકોને દંભથી ઠગનાર, મુનિનો ઘાત કરનાર, જિન નહીં તેવો (છદ્મસ્થ), દોષનુંજ નિધાન, ગુરૂનો દ્રોહી અને ગુરૂનોજ વિનાશ ઇચ્છનાર. મંખલિનો પુત્ર આ ગોશાળો છે, તે જિન નથી, જિનેશ્વર તો ભગવાન્, સર્વજ્ઞ, કરૂણાનિધિ, હિતોપદેષ્ટા શ્રી **વીર**પ્રભુ છે. આ **ગોશાળો** વૃથા માની છે." આ પ્રમાણે કરવાના સોગન આપી ગોશાળો અત્યંત વ્યથાથી પીડાતો છતો મૃત્યુ પામ્યો. એટલે તેના શિષ્યોએ લજ્જાથી તે કુલાલ (કુંભાર)ની શાળાના દ્વાર બંધ કરી સોગનથી મુક્ત થવાને માટે અંદર શ્રાવસ્તિ ચીત્રી ગોશાળાના શબને તેમાંથી તેણે કહેલી આઘોષણા કરવા પૂર્વક ઘસડ્યું. પછી તે શિષ્યોએ ગોશાળાના કલેવરને મકાનની બહાર કાઢ્યું એટલે તેના ઉપાસકોએ મોટી સમૃદ્ધિથી તેનો અગ્નિસંસ્કાર મહોત્સવ કર્યો.

जैनम् जयति शासनम्

શ્રી વીરપ્રભુ ત્યાંથી વિહાર કરી **મેંઢક** ગામે આવ્યા. ત્યાં **કોષ્ટક** નામના **ચૈત્યમાં** સમોસર્યા. ત્યાં **ગૌતમે** પ્રભુને પૂછ્યું કે, 'સ્વામી! ગોશાળો કઈ ગતિને પામ્યો?' પ્રભુ બોલ્યા કે-'અચ્યુત દેવલોકમાં ગયો.' ગૌતમે ફરીવાર પૂછ્યું કે-'મહારાજ! એવો ઉન્માર્ગી અને અકાર્ય કરનાર દુરાત્મા ગોશાળો દેવતા કેમ થયો? એમાં મને મોટું આશ્ચર્ય થાય છે.' એટલે પ્રભુ બોલ્યા કે-'હે ગૌતમ! જે અવસાન કાળે પણ પોતાના દુષ્ટ કૃત્યની નિંદા કરે છે, તેને દેવપણું દૂર નથી. ગોશાળે પણ તેવી રીતે કર્યું હતું. ગૌતમે ફરીથી પૂછ્યું, 'હે સ્વામી! તે અચ્યુત દેવલોકમાંથી ચ્યવીને ક્યાં ઉત્પન્ન થશે અને ક્યારે સિદ્ધિને પામશે?' પ્રભુ બોલ્યા- "આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં **પુંડ્રદેશમાં શતદ્વાર** નામે એક મહાન્ નગર છે, તેમાં **સંમુચિ** નામના રાજાની **ભદ્રા** નામની રાણીથી ગોશાળાનો જીવ **મહાપદ્મ** નામે પુત્રપણે ઉત્પન્ન થશે. તે મહોટો રાજા થશે. **પૂર્ણભદ્ર** અને **માણિભદ્ર** નામે બે ઉત્તમ યક્ષો તેનું સેનાપતિપણું કરશે. તેથી પ્રજા ભાગ્યના નિધિ સમાન એ રાજાનું **દેવસેન** એવું બીજું ગુણ પ્રમાણે નામ પાડશે. તે અદ્ભુત તેજસ્વી ને ચક્રવર્ત્તીની જેમ એક શ્વેતવર્ણી અને ચાર દાંતવાળો બીજા ઐરાવત જેવો હસ્તી પ્રાપ્ત થશે. તેની પર આરૂઢ થયેલા તે રાજાને જોઈને હર્ષ પામેલા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લોકો **વિમલવાહન** એવું તેનું ત્રીજું નામ પણ પાડશે. અન્યદા તેને પૂર્વ ભવના અભ્યાસથી મુનિ ઉપરના દ્વેષ્ય કર્મવડે મુનિઓપર અત્યંત દુષ્ટ બુદ્ધિ ઉત્પન્ન થશે. કોઈપણ મુનીને જોતાં કે સાંભળતાંજ તે નિંદા, તાડન, બંધન, હીલણા અને છેવટ હણવા વિગેરેથી તેમને પીડા કરવા લાગશે. પછી નગરના લોકો અને મંત્રીઓ તેને વિજ્ઞપ્તિ કરશે કે, 'રાજાઓએ તો દુષ્ટનો નિગ્રહ અને સાધુજનનું પાલન કરવું જોઈએ. માટે હે સ્વામી! આ નિરપરાધી ભિક્ષુક અને તપસ્વી સાધુઓની તો આપ રક્ષા કરો, અને કદિ જો રક્ષા ન કરો તો ભલે પણ તેઓનો નિગ્રહ શા માટે કરો છો? કદાપિ કોઈ નિરપરાધી મુનિ તાડન કરવાથી કોપ કરશે તો તે પોતાના તેજથી તમને તેમજ તમારા દેશને પણ બાળી નાખશે.' આ પ્રમાણેનાં તેમનાં વચનો તે માનશે નહીં. એક વખત તે રથમાં બેસી ઉદ્યાનમાં ક્રીડા કરવાને જશે, ત્યાં ત્રણ જ્ઞાનના ધારક અને જેને તેજોલેશ્યા સિદ્ધ થયેલી છે એવા **સુમંગળ** નામે મુનિ કાયોત્સર્ગે રહીને આતાપના કરતા તેના જોવામાં આવશે. એટલે સાધુના દર્શન માત્રથીજ વિરૂદ્ધ થયેલો તે રાજા નિઃકારણ ક્રોધ કરીને રથના અગ્ર ભાગથી તે મુનિને પાડી નાખશે, તે મુનિ પાછા ઉભા થઈને કાયોત્સર્ગ કરશે, પાછો તે રાજા તેને ફરીવાર પૃથ્વીપર પાડી નાંખશે, ફરીવાર પાછા મુનિ કાયોત્સર્ગ ધારણ કરશે, પછી અવધિજ્ઞાનવડે જોઈને તે રાજાને આ પ્રમાણે કહેશે–"અરે મૂઢ! તું **દેવસેન** નથી અને **વિમળવાહન** પણ નથી, પણ તું તો **મંખલિનો** પુત્ર **ગોશાળો** છું, તે સંભાર. તે ભવમાં તેં તારા ધર્મગુરૂ છેલ્લા તીર્થંકર **વીર**પ્રભુની અત્યંત આશાતના કરી હતી અને તેમના બે શિષ્યોને મદોન્મત્ત થઈને બાળી નાંખ્યા હતા; પણ તેમણે તે બધું સહન કર્યું હતું, પરંતુ હું સહન કરીશ નહીં. જો હવે ફરીવાર કાંઈપણ કરીશ તો જરૂર હું તને ક્ષણવારમાં દહન કરી નાખીશ." તેના આવા વચનથી ઘીના સિંચનથી અગ્નિની જેમ અધિક પ્રદિપ્ત થયેલો મહાપદ્મ ત્રીજીવાર પણ તે સુમંગળમુનિને પાડી નાંખશે. એટલે તે મુનિ સાત આઠ પગલાં તેની સામા ભરીને તેજોલેશ્યાવડે તે **મહાપદ્મને** રથ, ઘોડા અને સારથી સહિત બાળી નાખશે. પછી તે કર્મની આલોચના કરી ચિરકાળ વ્રત પાળી અંતે એક માસનું અણસણ કરીને મુનિ સર્વાર્થસિદ્ધ વિમાને જશે. ત્યાં તેત્રીશ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ દીક્ષા લઈને મોક્ષ પ્રત્યે પામશે. મહાપદ્મ દગ્ધ થઈને સાતમી નરકે જશે. પછી અનુક્રમે સાતે નરકમાં બબેવાર ઉત્પન્ન થશે; પછી બધી તિર્યંચ જાતિઓમાં વારંવાર ઉત્પન્ન થશે; અને દરેક ભવમાં શસ્ત્રથી અથવા દાહથી પીડિત થઈને મૃત્યુ પામશે. એવી રીતે અનંતકાળ પર્યંત દુઃખદાયક ભવભ્રમણ કરીને તે **રાજગૃહ** નગરની બહાર વેશ્યા થશે; ત્યાં સુખે સુતેલી તે વેશ્યાને કોઈ તેના આભૂષણમાં લુબ્ધ થયેલો કામી પુરૂષ મારી નાખશે. ફરીવાર પણ તે નગરની અંદર વેશ્યાપણે ઉત્પન્ન થઈ મૃત્યુ પામશે. પછી વિંધ્યગિરિના મૂળમાં આવેલા **બેભેળ** નામના ગામમાં કોઈ બ્રાહ્મણની કન્યા થશે; તેને કોઈ બ્રાહ્મણ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરણશે; ત્યાં ગર્ભિણી થતાં સાસરાના ઘરથી પીયર આવતાં માર્ગમાં દાવાનળથી દગ્ધ થઈ છતી તે અગ્નિકુમાર દેવતાઓમાં ઉત્પન્ન થશે. ત્યાંથી પાછો મનુષ્ય થશે; તે ભવમાં દીક્ષા લેશે. પરંતુ સાધુપણાની વિરાધના કરીને પાછો અસુરકુમારમાં ઉત્પન્ન થશે, એ પ્રમાણે વારંવાર કેટલાક મનુષ્યભવ પામી દરેક ભવમાં મુનિપણાને વિરાધી અસુરકુમાર વિગેરેમાં ઉત્પન્ન થશે. ફરીવાર પાછો મનુષ્ય થઈ અતિચાર રહિત વ્રતને પાળવાથી સૌધર્મ દેવલોકમાં દેવતા થશે. એવી રીતે સાત ભવ સુધી મુનિપણું પાળી પ્રત્યેક કલ્પે ઉત્પન્ન થઈ છેવટે સર્વાર્થસિદ્ધ વિમાને જશે. ત્યાંથી ચ્યવી વિદેહક્ષેત્રમાં કોઈ ધનાઢ્ય ગૃહસ્થનો દ્રઢપ્રતિજ્ઞ નામે બુદ્ધિમાન્ પુત્ર થશે; તે વિરક્ત થઈને દીક્ષા લેશે; તે ભવમાં કેવળજ્ઞાન ઉત્પન્ન થતાં તે ગોશાળાના ભવથી માંડીને પોતાના સર્વ ભવને જાણી લેશે, કે જે ગુરૂની અવજ્ઞા અને મુનિવધથી દુષિત થયેલા હતા; પોતાના સર્વ ભવોની હકીકત તે પોતાના શિષ્યોને જણાવશે અને પોતાને થયેલા અનુભવથી તે શિષ્યોને કહેશે કે, 'સર્વથા ગુરૂની અવજ્ઞા વિગેરે કાંઈ કરવું નહીં', કેમકે તેમ કરવાથી તેનું માઠું ફળ ઘણા ભવમાં ભોગવવું પડે છે.' આ પ્રમાણે પોતાના શિષ્યોને બોધ કરી પૃથ્વીપર વિહાર કરી પ્રાંતે ગોશાળાનો જીવ કર્મનો ક્ષય કરીને નિર્વાણપદને પામશે."

ગૌતમે ફરીથી પૂછ્યું કે, ભગવન્! પૂર્વના કયા કર્મથી તે ગોશાળો તમને પ્રતિકૂળ થયો?' પ્રભુ બોલ્યા-"આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં પાછલી ચોવીશીમાં ઉદાય નામે એક તીર્થંકર થયા હતા. તેનો મોક્ષમહિમા કરવા સુર અસુરો આવ્યા, તે વખતે નજીકમાં રહેનાર કોઈ મનુષ્યને તે જોઈને જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું. તે મહાશયે પ્રત્યેકબુદ્ધ થઈને તત્કાળ દીક્ષા લીધી. એટલે શાસનદેવતાએ તેને વ્રતીનું લિંગ* અર્પણ કર્યું. લોકોથી પૂજાતા તે મહામુનિ તીવ્ર તપસ્યા કરવા લાગ્યા. તેને જોઈ કોઈ ઈશ્વર નામના દુર્મતિએ તેમની પાસે આવી પૂછ્યું કે, "તને કોણે દીક્ષા આપી? તું ક્યાં ઉત્પન્ન થયો છું? તારૂં શું કુળ છે? અને સૂત્ર તથા તેનો અર્થ તેં કોની પાસેથી મેળવ્યો છે"? તે પ્રત્યેકબુદ્ધ મહામુનિએ તેને બધા પ્રશ્નોનો ઉત્તર આપ્યો. તે સાંભળી ઈશ્વરે વિચાર્યું કે, 'આ સાધુ દંભથી પ્રજાનું ભક્ષણ કરે છે. હું ધારૂં છું કે, જેવું આણે તેવું જિનેશ્વર પણ કહેશે, અથવા મોહ રહિત એવા પ્રભુ એવું નહીં કહે, માટે ચાલ તેની પાસે જાઉં અને સર્વ દુઃખનો નાશ કરનારી દીક્ષાનું અભિનંદન કરૂં. (લઉં)' આવું ચિંતવી તે પ્રભુ હતા ત્યાં ગયો, પણ પ્રભુ નિર્વાણ પામેલા હોવાથી જોવામાં આવ્યા નહીં, એટલે તેણે ગણધરની પાસે દીક્ષા લીધી. કપિની જેમ મંદ બુદ્ધિવાળા તેને મોહગર્ભિત વૈરાગ્ય ઉત્પન્ન થયેલો હતો. પ્રભુ મોક્ષ પામેલા હોવાથી ગણધર મહારાજે પર્ષદામાં બેસી જેવો સૂત્રાર્થ શ્રી જિનેશ્વર મહારાજે કહ્યો હતો તેવો કહી સંભળાવ્યો. તેમાં કહ્યું કે, 'જે પૃથ્વીકાયના એક જીવને પણ હણે, તે જિનેંદ્રના

* મુનિવેશ. (ઓઘો મુહપત્તિ વિગેરે.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શાસનમાં અસંયત કહેવાય છે.' તે સાંભળી ઈશ્વરે વિચાર્યું કે, 'પૃથ્વીકાય જીવોનું તો સર્વત્ર મર્દન થાય છે, તેનું સર્વથા રક્ષણ કરવા કે તેને જોવાને કોણ સમર્થ છે? આ વાક્યજ શ્રદ્ધા કરવા યોગ્ય નથી, કેવલ મુનિની લઘુતાને માટેજ છે. જેમ ઉન્મત્ત બોલે તેમ બોલેલું આ વાક્ય સાંભળ્યા છતાં પણ તે પ્રમાણે કોણ આચરે છે? જો આવું કહેવું છોડી દઈને એઓ મધ્યમ પક્ષના સાધુપણાની વાત કહે તો તેની ઉપર જરૂર સર્વ લોક અનુરક્ત થાય.' આ પ્રમાણે વિચારીને વળી પાછો વિચારવા લાગ્યો કે 'અરેરે! હું માર્યો ગયો! જો હું આ વાક્ય ન માનું અને તે પ્રમાણે ન આચરૂં તો મેં જિનેશ્વરને પણ માન્યા ન કહેવાય! કેમકે આ સર્વજ્ઞનુંજ વચન છે. તેથી મેં અર્હંતના આ એક વચનને અન્યથા ધાર્યું, તેથી તેનું પ્રાયશ્ચિત્ત મારે હમણાજ લેવું જોઈએ.' આવી રીતે પશ્ચાત્તાપ કરતો તે પેલા પ્રત્યેકબુદ્ધ મહામુનિની પાસે ગયો. ત્યાં પણ ધર્મના વ્યાખ્યાનમાં તેણે સાંભળ્યું કે, 'મુનિએ મન વચન કાયાથી પૃથિવીકાય વિગેરે જીવોનો સમારંભ ત્યજી દેવો.' તે સાંભળી વળી ઈશ્વરે ચિંતવ્યું કે, 'આવી રીતે તે કોનાથી પળી શકે? કોણ પૃથ્વીકાયાદિકનો ત્રિધા આરંભ કરતું નથી, આ મુનિ પણ પૃથ્વીપર બેસે છે, આહાર કરે છે અને અગ્નિપકવ જળ પીવે છે. આ કટુવાદી તો પોતાની પણ ન પળી શકે તેવું બોલે છે, માટે આથી તો પેલા ગણધર સારા, જો કે તેની પણ વાણી તો વિરૂદ્ધ છે; ત્યારે મારે એ બંનેની કાંઈ જરૂર નથી, હું પોતેજ એવો ધર્મ કહું કે, જેને લોકો અવિરક્ત પણે સુખે સુખે પાળી શકે.' આવું ચિંતવન કરતાં તેના મસ્તકપર વિજળી પડી, જેથી તે મૃત્યુ પામીને સાતમી નરકે નારકી થયો. શ્રુત, જૈનશાસન અને સમકિતના પ્રત્યનીકપણાથી બાંધેલા તીવ્ર પાપવડે ત્યાં ચિરકાળ દુઃખ ભોગવીને તે અહીં સમુદ્રમાં મત્સ્ય થયો, ત્યાંથી ફરીવાર તે સાતમી નરકે ગયો, ત્યાંથી નીકળીને તે અહિં કાકપક્ષી થયો; ત્યાંથી પહેલી નરકે ગયો; ત્યાંથી નીકળી દુષ્ટ તિર્યંચ થયો; પછી ફરીવાર પહેલી નરકમાં જઈને ગધેડો થયો. તેવા છ ભવ કરીને મનુષ્ય થયો. ત્યાંથી મૃત્યુ પામી વનચર થયો. ત્યારપછી બીલાડો થઈને નરકે ગયો. ત્યાંથી નીકળી કૃમિથી આકુળવ્યાકુળ કુષ્ટ વ્યાધિવાળો કુંભાર થયો. તે ભવમાં પચાસ વર્ષ સુધી કૃમિનું ભક્ષ થઈ અંતે મૃત્યુ પામીને અકામનિર્જરાના યોગથી દેવપણાને પ્રાપ્ત થયો. ત્યાંથી ચ્યવીને રાજા થયો. તે ભવમાં મૃત્યુ પામીને પાછો સાતમી નરકે ગયો. એવી રીતે મનુષ્ય, તિર્યંચ અને નરક ગતિમાં ભમીને તે ગોશાળો થયો. પૂર્વ ભવના અભ્યાસથી તથા દુષ્ટ વાસનાના આવેશથી તે તીર્થંકર, ધર્મ અને સાધુઓનો અત્યંત દ્વેષી થયો હતો.''

આ પ્રમાણેના પ્રભુના વચન સાંભળી ઘણા લોકો પ્રતિબોધ પામ્યા. કેટલાકે સંસારથી ઉદ્વેગ પામી દીક્ષા લીધી અને કેટલાકે શ્રાવકપણું અંગીકાર કર્યું.

ગોશાળે મૂકેલી તેજોલેશ્યાથી શ્રી વીરપ્રભુને રક્ત અતિસાર તથા પિત્તજ્વર થવાથી શરીરે અતિ કૃશ થઈ ગયા, તથાપિ તેમણે તેનું કાંઈપણ ઔષધ કર્યું નહીં. પ્રભુના શરીરમાં એવો ઉગ્ર વ્યાધિ જોઈને લોકોમાં એવો પ્રવાદ ચાલ્યો કે, 'ગોશાળાની તેજોલેશ્યાથી શ્રી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વીરપ્રભુ છ માસમાં મૃત્યુ પામી જશે.' આવી વાત સાંભળીને સિંહ નામના એક પ્રભુના અનુરાગી શિષ્ય એકાંતે જઈને ઉંચે સ્વરે રૂદન કરવા લાગ્યા. 'તેવી વાણી સાંભળીને કોને ધીરજ રહે?' કેવળજ્ઞાન વડે તે વાત જાણીને વીરપ્રભુએ તેને બોલાવીને કહ્યું કે, "અરે ભદ્ર! લોકોની વાતો સાંભળીને તું શા માટે ભય રાખે છે? અને હૃદયમાં કેમ પરિતાપ પામે છે? તીર્થંકરો કદિ પણ એવી આપત્તિથી મૃત્યુ પામતા નથી. સંગમક વિગેરેના પ્રાણાંત ઉપસર્ગો શું વૃથા નથી થયા?" સિંહ મુનિ બોલ્યા કે, "હે ભગવન્! જો કે તમારૂં કહેવું સત્ય છે, તથાપિ તમને આવી આપત્તિ જાણી બધા લોકો ઘણો પરિતાપ પામે છે, માટે હે સ્વામી! મારા જેવાના મનની શાંતિને માટે તમે ઔષધનું સેવન કરો; આપને પીડિત જોવાને હું ક્ષણવાર પણ સમર્થ નથી." સિંહમુનિના આ પ્રમાણેના અતિ આગ્રહથી પ્રભુ બોલ્યા, "રેવતી નામે એક શ્રેષ્ઠીની સ્ત્રીએ મારે માટે કોળાનો કટાહ પકાવ્યો છે, તે તું લઈશ નહીં અને પોતાના ઘરને માટે તેણે બીજોરાનો કટાહ પકાવ્યો છે, તે લઈ આવ. તારા આગ્રહથી હું તે ઔષધ તરીકે ગ્રહણ કરીશ, કે જેથી તને ધૈર્ય પ્રાપ્ત થાય." પ્રભુની આવી આજ્ઞા થવાથી **સિંહમુનિ રેવતી** શ્રાવિકાને ઘેર ગયા, અને તેણીએ આપેલા કલ્પનીય ઔષધને સદ્ય ગ્રહણ કર્યું. તત્કાળ હર્ષ પામેલા દેવતાઓએ તેના ઘરમાં સુવર્ણની વૃષ્ટિ કરી. સિંહમુનિએ આણેલા ઉત્તમ પ્રાસુક ઔષધને સેવી સંઘરૂપ ચકોર પક્ષીમાં પૂર્ણચંદ્ર જેવા શ્રીવીરપ્રભુએ સદ્ય શરીરની આરોગ્યતા પ્રાપ્ત કરી.

JAINSITE

इत्याचार्य श्री हेमचंद्रसूरिविरचिते त्रिषष्टिशलाकापुरुषचरित्रे महाकाव्ये
दशमपर्वणि ऋषभदत्त-देवानंदा प्रव्रज्या, जमालि गोशालक विप्रतिप.त्त,
विपत्ति, भगवदारोग्यवर्णनो नाम अष्टमः सर्गः ॥ ८ ॥

જૈનમ્ જયતિ શાસનમ્

## સર્ગ ૯ મો

**હાલિક, પ્રસન્નચંદ્ર, દર્દુરાંકદેવ, શ્રેણિકનું ભાવિ તીર્થંકરત્વ, સાળ-મહાસાળ, ગૌતમનું અષ્ટાપદ ઉપર આરોહણ, અમ્બડ તથા સુલસાનું ચરિત્ર**

છદ્મસ્થાવસ્થામાં પ્રભુ જ્યારે વહાણમાં બેસીને નદી ઉતરતા હતા, તે વખતે સુદંષ્ટ્ર નામના જે નાગકુમાર દેવે પ્રભુને ઉપસર્ગ કર્યા હતા, તે નાગકુમાર ત્યાંથી ચ્યવીને કોઈ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગામમાં ખેડુત થયો હતો; અને તે કૃષિકર્મથી આજીવિકા ચલાવતો હતો. એક વખતે તે હળથી પૃથ્વીને ખેડવાને પ્રવર્તેલો હતો, તેવામાં શ્રી **વીર**પ્રભુ તે ગામે પધાર્યા. પ્રભુએ તેને બોધ કરવાને માટે **ગૌતમને** મોકલ્યા. ગૌતમે તે ખેડુત પાસે આવીને કહ્યું કે, 'આ શું કરે છે?' તે બોલ્યો-'મારા ભાગ્યની પ્રેરણાથી આ ખેતી કરૂં છું.' ગૌતમે ફરીથી કહ્યું કે, "આવી ક્ષુદ્ર આજીવિકાથી જીવતાં તને શું ચિરકાળ સુખ થવાનું છે! અરે ભદ્ર! કેવળ આ કષ્ટ તને આ ભવમાંજ પ્રાપ્ત થયું છે તેમ નથી, પણ આ ખેતીમાં થતી પારાવાર જીવહિંસાથી આવું કષ્ટ બીજા ભવમાં પણ તને પ્રાપ્ત થશે. આ મહા આકરા કર્મના કષ્ટથી એક લાખમા અંશનું કષ્ટ પણ જો ધર્મકાર્યમાં કરાય તો તત્કાળ સર્વ કષ્ટનો અંત આવે છે." આવાં **ગૌતમ**સ્વામીનાં વચનો સાંભળી તે બોલ્યો કે-'હે સ્વામી! તમે મને સારો બોધ આપ્યો. હવે હું સંસારથી ઉદ્વેગ પામ્યો છું, માટે મને દીક્ષા આપો.' પછી 'આ પ્રતિબોધ પામ્યો છે, એવું જાણી ગૌતમે તરતજ તેને દીક્ષા આપી; અને શ્રી વીરપ્રભુના ચરણ પાસે જવા માટે તેને લઈને ચાલ્યા. હાલિક (કૃષીવળ) મુનિએ તેમને પૂછ્યું કે, 'ભગવન્! આપણે કયાં જવું છે?' ગૌતમ બોલ્યા-'હે સાધુ! મારા ગુરૂની પાસે જવું છે.' હાલિક મુનિ બોલ્યા કે-'તમારા જેવા બીજા કોઈ જણાતા નથી, તે છતાં તમારા પણ કોઈ ગુરૂ છે, તો તે કેવા હશે?' ગૌતમ કહ્યું કે, 'ચોત્રીશ અતિશય સહિત વિશ્વગુરૂ, સર્વજ્ઞ, શ્રી ચરમ તીર્થંકર મારા ગુરૂ છે.' તે સાંભળી હાલિક મુનિએ સર્વજ્ઞ પ્રભુપર પ્રીતિ થવાવડે ત્યાંજ બોધિબીજ ઉપાર્જન કર્યું અને ગૌતમસ્વામીની પાછળ પાછળ ચાલ્યા. પ્રભુ પાસે જઈને પ્રભુએ જોતાંજ સિંહ વિગેરે પૂર્વભવના પ્રભુ સાથેના વૈરથી તેને ક્રોધ ઉત્પન્ન થયો, તેથી તેણે ગૌતમસ્વામીને પૂછ્યું કે-'હે ગુરૂ મહારાજ! આ સામા બેઠા છે તે કોણ છે?' ગૌતમ બોલ્યા કે-'એ મારા ધર્માચાર્ય જિનેશ્વર છે.' હાલિકે કહ્યું કે, 'જો એ તમારા ગુરૂ હોય તો મારે તમારી સાથે પણ કાંઈ કામ નથી અને તમારી દીક્ષા પણ મારે જોઈતી નથી.' એમ કહી રજોહરણ વિગેરે છોડી દઈને તરતજ તે ચાલ્યો ગયો અને પોતાના ક્ષેત્રમાં આવી પાછા હળ વિગેરે ગ્રહણ કર્યાં.

ગૌતમે પ્રભુને નમીને પૂછ્યું કે, "ભગવન્! તમારા જેવા સમગ્ર લોકને આનંદ ઉત્પન્ન કરનારા પુરૂષ ઉપર પણ આને દ્વેષ ઉત્પન્ન થયો તે જોઈ મને આશ્ચર્ય થાય છે. હે નાથ! તમને જોતાંજ તેણે સ્વીકાર કરેલું ચારિત્ર પણ છોડી દીધું તેનું શું કારણ? વળી તે પ્રથમ તો મારી ઉપર પ્રીતિમાન્ હતો પણ 'આ મારા ગુરૂ છે' એમ મેં જ્યારે કહ્યું ત્યારે તે મારો પણ દ્વેષી થઈ ગયો તે શું?" પ્રભુ બોલ્યા-"મેં ત્રિપૃષ્ટના ભવમાં જે સિંહને માર્યો હતો, તેનો જીવ એ ખેડુત થયેલો છે. તે વખતે ક્રોધથી ફડફડતા તે સિંહને, તું મારો સારથી હતો, તેથી તેં સામવચને શાંત કર્યો હતો; ત્યારથી તે મારી ઉપર દ્વેષી અને તારી ઉપર સ્નેહી થયો હતો. તેથીજ એને બોધ કરવાને માટે મેં તને મોકલ્યો હતો." આ પ્રમાણે કહી ભગવંતે ત્યાંથી વિહાર કર્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રભુ અનુક્રમે **પોતનપુરે** પધાર્યા. ત્યાં નગરની બહાર **મનોરમ** નામના ઉદ્યાનમાં સમવસર્યા. પોતનપતિ **પ્રસન્નચંદ્ર** રાજા તત્કાળ પ્રભુને વાંદવા આવ્યા; અને મોહને નાશ કરનારી પ્રભુની દેશના તેણે સાંભળી. પ્રભુની દેશનાથી પ્રસન્નચંદ્ર રાજા સંસારથી ઉદ્વેગ પામ્યા અને પોતાના બાળકુમારને રાજ્ય પર બેસાડીને તેણે તત્કાળ વ્રત ગ્રહણ કર્યું. પ્રભુની સાથે વિહાર કરતાં અને ઉગ્ર તપસ્યા કરતાં તે પ્રસન્નચંદ્ર રાજર્ષિ અનુક્રમે સૂત્રાર્થના પારગામી થયા. અન્યદા પ્રસન્નચંદ્ર અને બીજા મુનિઓથી પરવરેલા પ્રભુ **રાજગૃહ** નગરે પધાર્યા. પ્રભુના દર્શન કરવાને ઉત્કંઠિત એવો **શ્રેણિકરાજા** પુત્રોથી પરિવારિત થઈ હાથી ઘોડાની શ્રેણીવડે પૃથ્વીને મંડિત કરતો છતો પ્રભુ પાસે આવવા નીકળ્યો. તેની સેનામાં આગળ ચાલનારા **સુમુખ** અને **દુર્મુખ** નામે બે મિથ્યાદૃષ્ટિ સેનાનીઓ હતા, તેઓ પરસ્પર વિવિધ વાર્ત્તાઓ કરતા ચાલ્યા આવતા હતા. માર્ગે આવતાં પ્રસન્નચંદ્ર મુનિ એક પગે ઉભા રહી ઉંચા બાહુ કરીને આતાપના કરતા તેમના જોવામાં આવ્યા. તેને જોઈને સુમુખ બોલ્યો કે,– “અહો! આવી આતાપના કરનાર આ મુનિને સ્વર્ગ કે મોક્ષ જરા પણ દુર્લભ નથી.” તે સાંભળી કર્મથી અને નામથી પણ દુર્મુખ બોલ્યો કે–“અરે! આ તો પોતનનગરનો રાજા પ્રસન્નચંદ્ર છે. મોટા ગાડામાં જેમ નાના વાછડાને જોડે તેમ જેણે પોતાના બાળકુમારની ઉપર પોતાના મોટા રાજ્યનો બોજો મૂક્યો છે, એ તે શેનો ધર્મી! આના મંત્રીઓ **ચંપા-નગરીના** રાજા **દધિવાહનની** સાથે મળી જઈને તેના રાજકુમારને રાજ્ય ઉપરથી ભ્રષ્ટ કરશે. આણે તો રાજ્ય ઉપર ઉલટો અધર્મ કર્યો છે, તેમજ તેની પત્નીઓ પણ કાંઈક ચાલી ગઈ છે. તેથી આ પાખંડી દર્શનને ધારણ કરનાર પ્રસન્નચંદ્ર આપણે જોવા યોગ્ય પણ નથી.” આ પ્રમાણે ધ્યાનરૂપી પર્વત ઉપર વજ્ર જેવું તેમનું વચન સાંભળીને રાજર્ષિ પ્રસન્નચંદ્ર તત્કાળ આ પ્રમાણે ચિંતવવા લાગ્યા કે–“અહો! મારા અકૃતજ્ઞ મંત્રીઓને ધિક્કાર છે. મેં તેઓનો આજ સુધી નિરંતર સત્કાર કર્યો છે, તે છતાં તેમણે હમણા મારા પુત્ર સાથે ભેદ કર્યો. જો આ વખતે હું ત્યાં હોત તો તેઓને બહુ આકરી શિક્ષા કરત.” આવા સંકલ્પ વિકલ્પોથી અપ્રસન્ન થયેલા પ્રસન્નચંદ્ર રાજર્ષિ પોતાના ગ્રહણ કરેલા વ્રતને પણ ભૂલી ગયા. પછી પોતાને રાજા તરિકે માનતા પ્રસન્નચંદ્ર મનમાં તે મંત્રીઓની સાથે યુદ્ધ કરવા પ્રવર્ત્યા, તેવામાં શ્રેણિકરાજા તેમની પાસે આવ્યો, અને તેણે તેમને વિનયપૂર્વક વંદના કરી. પછી ‘અહો! અત્યારે આ પ્રસન્નચંદ્ર મુનિ પૂર્ણ ધ્યાનાવસ્થામાં છે’ એવું વિચારી શ્રેણિક રાજા મહાવીર પ્રભુ પાસે આવ્યા, અને પ્રભુને નમીને આ પ્રમાણે પૂછ્યું કે–‘હે સ્વામી! મેં પ્રસન્નચંદ્ર મુનિને પૂર્ણ ધ્યાનાવસ્થામાં વાંદ્યા છે. તે સ્થિતિમાં કદાપિ તે મૃત્યુ પામે તો કઈ ગતિમાં જાય?’ પ્રભુ બોલ્યા કે–‘સાતમી નરકે જાય.’ તે સાંભળી શ્રેણિક રાજા વિચારમાં પડ્યા કે, ‘સાધુને નરકગમન હોય નહીં’, તેથી પ્રભુનું કહેવું મારાથી બરાબર સંભળાયું નહીં હોય,’ ક્ષણવાર રહીને શ્રેણિકે ફરીથી પૂછ્યું કે, ‘હે ભગવન્! પ્રસન્નચંદ્ર મુનિ જો આ સમયે કાળ કરે તો ક્યાં જાય?’ ભગવંતે કહ્યું કે,

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

'સર્વાર્થસિદ્ધ વિમાને જાય.' શ્રેણિકે પૂછ્યું કે, 'ભગવંત! આપે ક્ષણના અંતરમાં બે જુદી જુદી વાત કેમ જણાવી?' પ્રભુ બોલ્યા કે–'ધ્યાનના ભેદથી તે મુનિની સ્થિતિ બે પ્રકારની થઈ છે, તેથી મેં તેમ કહેલું છે. પ્રથમ **દુર્મુખની** વાણીથી **પ્રસન્નચંદ્ર** મુનિ કોપ પામ્યા હતા, અને પોતાના સામંત મંત્રી વિગેરેની સાથે મનમાં ક્રોધવડે યુદ્ધ કરતા હતા, તે વખતે તમે તેમને વંદના કરી હતી, તેથી તે વખતે તે નરકને યોગ્ય હતા. ત્યાંથી તારા અહિં આવવા પછી તેણે મનમાં વિચાર્યું કે, 'હવે મારા આયુધ તો બધા ખુટી ગયા, માટે હવે તો હું શિરસ્ત્રાણથી શત્રુને મારૂં.' એવું ધારી તેણે પોતાનો હાથ માથે મૂક્યો. ત્યાં તો માથે લોચ કરેલો જાણી તેમને પોતાના વ્રતનું સ્મરણ થયું. તેથી તત્કાળ 'મને ધિક્કાર છે, મેં આ શું અકાર્ય ચિંતવ્યું?' એમ તે પોતાના આત્માને નિંદવા લાગ્યા, અને તેની આલોચના પ્રતિક્રમણ કરીને પાછા પ્રશસ્ત ધ્યાનમાં સ્થિત થયા. તેથી તમારા બીજા પ્રશ્ન વખતે તે સર્વાર્થસિદ્ધિને યોગ્ય થઈ ગયા." આ પ્રમાણે વાત ચાલે છે, તેવામાં પ્રસન્નચંદ્ર મુનિની સમીપે દેવદુંદુભિ વિગેરેનો મોટો કલકલ શબ્દ થતો સંભળાયો; તે સાંભળી શ્રેણિકે પ્રભુને પૂછ્યું 'સ્વામી! આ શું થયું?' પ્રભુ બોલ્યા કે–'ધ્યાનમાં સ્થિર થયેલા પ્રસન્નચંદ્ર મુનિને હમણા કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે; અને દેવતાઓ તેના કેવળજ્ઞાનનો મહિમા કરે છે, તેથી દુંદુભિના નાદ મિશ્રિત આ હર્ષનાદ થાય છે.'

પછી શ્રેણિકે પૂછ્યું કે, 'ભગવન્! કેવળજ્ઞાન ક્યારે ઉચ્છેદ પામશે?' એ વખતે મહા કાંતિવાળો વિદ્યુન્માળી નામે બ્રહ્મલોકના ઇંદ્રનો સામાનિક દેવતા પોતાની ચાર દેવીઓની સાથે પ્રભુને નમવા આવ્યો. તેને બતાવીને પ્રભુ બોલ્યા કે, આ 'પુરૂષથી કેવળજ્ઞાન ઉચ્છેદ પામશે, અર્થાત્ આ છેલ્લું કેવળજ્ઞાન પામશે.' એટલે શ્રેણિકે પૂછ્યું કે, 'શું દેવતાઓને પણ કેવળજ્ઞાન હોય છે?' પ્રભુ બોલ્યા–'આ દેવ આજથી સાતમે દિવસે ચ્યવી તમારા નગરના નિવાસી ધનાઢ્ય **ઋષભદત્તનો** પુત્ર થશે, અને પછી મારા શિષ્ય **સુધર્માનો** જંબૂ નામે શિષ્ય થશે. તેને કેવળજ્ઞાન થયા પછી બીજું કોઈ કેવળજ્ઞાન ઉપાર્જન કરશે નહીં.' શ્રેણિકે પૂછ્યું કે 'હે નાથ! આ દેવને ચ્યવવાનો સમય નજીક છે, છતાં આ દેવાનું તેજ મંદ કેમ પડ્યું નથી? કારણ કે અંતકાળે દેવનું તેજ મંદ થાય છે.' પ્રભુ બોલ્યા–'હાલ તો આ દેવનું તેજ મંદ છે, પૂર્વના પુણ્યથી પ્રથમ આથી પણ ઉત્કૃષ્ટ તેજ હતું.' આ પ્રમાણે પ્રશ્નોત્તર થયા પછી પ્રભુએ સર્વભાષાનુસારી વાણીવડે પાપને નાશ કરનારી ધર્મદેશના આપી.

તેવામાં કુષ્ટ રોગથી જેની કાયા ગળી ગઈ છે એવો કોઈ પુરૂષ ત્યાં આવ્યો; અને તે પ્રભુને પ્રણામ કરી હડકાયા શ્વાનની જેમ પ્રભુની પાસે જમીન ઉપર બેઠો. પછી ચંદનની જેમ પોતાના પરૂથી તેણે પ્રભુના ચરણને વારંવાર નિઃશંકપણે ચર્ચિત કરવા માંડ્યા. તે જોઈને શ્રેણિકરાજા ક્રોધાયમાન થયા છતા વિચારવા લાગ્યા કે–'આ મહા પાપી જગત્સ્વામીની આવી મહા આશાતના કરે છે, તેથી તે અહીંથી ઉઠે ત્યારે જરૂર વધ કરવા યોગ્ય છે.' એવામાં પ્રભુને છીંક આવી, એટલે તે કુષ્ટી બોલ્યો કે–'મૃત્યુ પામો.' પછી રાજા

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રેણિકને છીંક આવી એટલે તે બોલ્યો કે, 'ઘણું જીવો.' થોડીવારે **અભયકુમારને** છીંક આવી એટલે તે બોલ્યો કે 'જીવો કે મરો.' પછી **કાળસૌકરીને** છીંક આવી એટલે બોલ્યો કે-'જીવ નહીં અને મર પણ નહીં.' પ્રભુને માટે 'મૃત્યુ પામો' એમ કહ્યું એ વચન સાંભળીને ક્રોધ પામેલા શ્રેણિકરાજાએ પોતાના સુભટોને આજ્ઞા કરી કે-'જ્યારે આ કુષ્ટી અહિંથી ઉઠે ત્યારે તેને પકડી લેજો.' દેશના સમાપ્ત થઈ એટલે તે કુષ્ટી પ્રભુને નમીને ઉઠ્યો, તે વખતે કિરાત લોકો જેમ ડુકરને ઘેરી લે તેમ શ્રેણિકના સુભટોએ તેને ઘેરી લીધો; પરંતુ તેઓના દેખાતાં તે ક્ષણવારમાં દિવ્ય રૂપને ધારણ કરી સૂર્યના બિંબને પણ નિસ્તેજ કરતો છતો આકાશમાં ઉડી ગયો. સુભટોએ તે વાત શ્રેણિક રાજાને કરી એટલે રાજાએ વિસ્મય પામીને પ્રભુને વિજ્ઞપ્તિ કરી કે, 'હે પ્રભુ! તે કુષ્ટી કોણ હતો.' પ્રભુ બોલ્યા કે-'તે દેવ હતો.' રાજાએ ફરીવાર સર્વજ્ઞને પૂછયું કે-'ત્યારે તે કુષ્ટી શા માટે થયો હતો?' પ્રભુએ કહ્યું કે, "તેની વાર્તા આ પ્રમાણે છેઃ—

"આ વિશ્વમાં પ્રખ્યાત એવી **કૌશાંબી** નામની નગરીમાં **શતાનીક** નામે રાજા રાજ્ય કરતો હતો. તે નગરીમાં **સેડુક** નામે એક બ્રાહ્મણ રહેતો હતો. તે કાયમના દરિદ્રીપણાની સીમા અને મૂર્ખપણાનો અવધિ હતો. અન્યદા તેની સ્ત્રી સગર્ભા થઈ, તેથી તે બ્રાહ્મણીએ સેડુકને કહ્યું કે, 'ભટજી! મારી સુવાવડને માટે ઘી લઈ આવો, તે સિવાય મારાથી વ્યથા સહન થશે નહીં.' તે બોલ્યો-'પ્રિયા! મારામાં એવી કાંઈ પણ કુશળતા કે કળા નથી, કે જેથી મને કાંઈ પણ પ્રાપ્ત થાય; કેમકે ધનાઢ્ય પુરૂષો કળાથીજ ગ્રાહ્ય થાય છે.' તે બોલી કે-'જાઓ, કોઈ રાજાની પાસે યાચના કરો; પૃથ્વીમાં રાજા જેવું બીજું કલ્પવૃક્ષ નથી.' તે વાત કબુલ કરીને સેડુક તે દિવસથી પુષ્પ ફળ વિગેરેથી રત્નેચ્છુ જેમ સાગરને સેવે તેમ રાજાને સેવવા લાગ્યો. અન્યદા **ચંપા**નગરીના રાજાએ વર્ષાઋતુ જેમ વાદળાથી આકાશને ઘેરે, તેમ અમિત સૈન્યથી કૌશાંબીને ઘેરી લીધી. શતાનીક રાજા રાફડામાં રહેલ સર્પની જેમ સૈન્ય સહિત કૌશાંબીની અંદર સમયની રાહ જોતો છતો દરવાજા બંધ કરીને રહ્યો. કેટલેક કાળે **ચંપા**પતિ પોતાનું સૈન્ય બહુ સીદાવાથી અને ઘણું મરણ પામી જવાથી વર્ષાઋતુમાં રાજહંસની જેમ પોતાના નગર તરફ જવા ચાલ્યો. તે સમયે પેલો સેડુક બ્રાહ્મણ પુષ્પાદિ લેવાને માટે ઉદ્યાનમાં જતો હતો તેના જોવામાં તે આવ્યો. સૈન્ય ક્ષીણ થઈ જવાથી પ્રભાતે નિસ્તેજ થયેલા નક્ષત્રો યુક્ત ચંદ્રની જેમ નિસ્તેજ થયેલો તેને જોઈને તે તત્કાળ શતાનીક રાજાની પાસે આવ્યો અને કહ્યું કે, "દાઢ ભંગ થયેલા સર્પની જેમ તમારો શત્રુ ક્ષીણ બળવાળો થયો છતો પોતાના નગર તરફ જાય છે, તેથી જો હમણાજ તમે ઉઠી તેની પાછળ જશો તો તે સુખે ગ્રાહ્ય થઈ શકશે; કેમકે ભગ્ન થયેલો પુરૂષ બળવાન્ હોય તોપણ તેનો પરાભવ કરી શકાય છે." તેનાં વચનને યુક્ત માની શતાનીક રાજા તત્કાળ સર્વ બળવાન્ અને બાણની વૃષ્ટિ કરનાર પ્રધાન સૈન્યથી દારૂણ થઈને નગર બહાર નીકળ્યો. તેને પાછળ આવતો જોઈ ચંપાપતિના સૈનિકો પાછું જોયા વગર નાસવા લાગ્યા. 'અકસ્માત્ પડતી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વીજળીની સામે કોણ જોઈ શકે ?' ચંપાપતિ તો એકલોજ 'કઈ દિશામાં જવું' એવો ભય પામી પલાયન કરી ગયો. કૌશાંબીપતિએ તેના હાથી, ઘોડા અને ભંડાર વિગેરે લઈ લીધું. પછી મોટા મનવાળો શતાનીકરાજા હર્ષ પામતો છતો કૌશાંબીમાં પાછો આવ્યો, અને પેલા સેડુકવિપ્રને બોલાવીને કહ્યું કે, 'કહે, તને હું શું આપું ?' વિપ્ર બોલ્યો કે–'મારી સ્ત્રીને પૂછીને પછી માગી લઇશ.' "ગૃહસ્થોને ગૃહિણી વિના વિચાર કરવાનું બીજું સ્થાન નથી." ભટજી ખુશી થતા થતા ઘેર આવ્યા અને બ્રાહ્મણીને બધી વાર્ત્તા કહી સંભળાવી. બુદ્ધિવાળી બ્રાહ્મણીએ મનમાં વિચાર્યું કે, 'જો હું રાજા પાસેથી ગામ ગરાસ મગાવીશ તો વૈભવના મદથી આ બ્રાહ્મણ જરૂર બીજી સ્ત્રી પરણશે.' આવો વિચાર કરીને તે બોલી કે–'હે નાથ ! તમારે પ્રતિદિન જમવાને ભોજન અને દક્ષિણામાં એક સોનામહોર રાજા પાસેથી માગી લેવી.' આ પ્રમાણે તેણે પોતાના પતિને સમજાવ્યું, એટલે તેણે જઈને તે પ્રમાણે રાજા પાસેથી માગી લીધું. રાજાએ તે આપ્યું "ગાગર સમુદ્રમાં જાય તોપણ પોતાને યોગ્ય હોય તેટલુંજ જળ પામે છે." હવે પ્રતિદિન તે સેડુક બ્રાહ્મણ તેટલો લાભ તેમજ સન્માન પામવા લાગ્યો. 'પુરૂષોને રાજાનો પ્રસાદ મહાર્ઘપણાને વિસ્તારે છે.' 'આ રાજાનો માનીતો છે' એવું ધારી લોકો નિત્ય તેનું આમંત્રણ કરતા હતા. "જેની ઉપર રાજા પ્રસન્ન હોય, તેનો સેવક કોણ ન થાય ?" આ પ્રમાણે એકથી વધારે આમંત્રણો આવવાથી તે પ્રથમ જમ્યો હોય તોપણ દક્ષિણાના લોભથી પ્રતિદિન પહેલાં જમેલું વમી નાખીને પાછો અનેકવાર જમતો હતો. "બ્રાહ્મણોના લોભને ધિક્કાર છે." વિવિધ દક્ષિણાના દ્રવ્યથી તે બ્રાહ્મણ દ્રવ્યવડે વધી ગયો અને વડવાઇઓથી વડના વૃક્ષની જેમ પુત્રપૌત્રાદિકના પરિવારથી પણ વૃદ્ધિ પામ્યો. પરંતુ નિત્ય અજીર્ણ અન્નના વમનથી આમ (અપક્વ) રસ ઉંચે જતાં તેની ત્વચા દૂષિત થઈ ગઈ, તેથી તે લાખવડે પીપળાના વૃક્ષ જેવો વ્યાધિગ્રસ્ત થઈ ગયો. અનુક્રમે તેના નાક, ચરણ અને હાથ સડી ગયા અને તે કુષ્ટી થઈ ગયો, તથાપિ અગ્નિની જેમ અતૃપ્ત થઇને તે રાજાની આગળ જઈ દરરોજ ભોજન કરતો હતો. એકદા મંત્રીઓએ રાજાને કહ્યું કે, "હે દેવ ! આ કુષ્ટીનો રોગ સંપર્કથી ફેલાશે, માટે હવે તેને ભોજન કરાવવું યોગ્ય નથી. તેને ઘણા પુત્રો નિરોગી છે, તેમાંથી કોઈ એકને તેની વતી જમાડો, કેમકે જ્યારે કોઈ પ્રતિમા ખંડિત થાય ત્યારે તેને ઠેકાણે બીજી પ્રતિમા સ્થપાય છે." રાજાએ તેમ કરવું સ્વીકાર્યું, એટલે મંત્રીઓએ તે બ્રાહ્મણને તેમ કહ્યું; તેણે પણ પોતાને સ્થાને પોતાના પુત્રનું સ્થાપન કર્યું અને પોતે ઘેર રહ્યો. મધપુડાની જેમ ક્ષુદ્ર મક્ષિકાઓની જાળથી ભરપૂર એવા તે બ્રાહ્મણને તેના પુત્રોએ પણ ઘરની બહાર એક ઝુંપડી બાંધી દઇને તેમાં રાખ્યો. તેની પુત્રવધૂઓ જુગુપ્સાપૂર્વક તેને ખવરાવવા જતી અને નાસિકા મરડી ગ્રીવા વાંકી કરી તે થુંકતી હતી. ઘરની બહાર રાખેલા તે બ્રાહ્મણની આજ્ઞા તેના પુત્રો પણ માનતા નહોતા. માત્ર શ્વાનની જેમ તેને એક કાષ્ટના પાત્રમાં ભોજન આપતા હતા. એક વખતે



જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

તે બ્રાહ્મણે વિચાર્યું કે, 'મેં આ પુત્રોને શ્રીમંત કર્યા ત્યારે હવે સમુદ્ર તરીને વહાણને તજી દે તેમ તેઓએ મને છોડી દીધો છે. તેઓ વાણીથી મને બોલાવતા પણ નથી; ઉલટા મારી ઉપર રોષ કરે છે.' આવી રીતે વિચારી અસંતોષી અભવ્યની જેમ તે કુષ્ટી રોષ પામ્યો, તેથી તેણે નિશ્ચય કર્યો કે, 'જેમ આ પુત્રો મારી જુગુપ્સા કરે છે, તેમ તેઓ પણ જુગુપ્સા કરવાને યોગ્ય થાય તેવી રીતે હું કરીશ.' પછી તેણે પોતાના પુત્રોને કહ્યું કે, 'હે પુત્રો! હું હવે જીવવાથી ઉદ્વેગ પામી ગયો છું, પરંતુ આપણા કુળનો એવો આચાર છે કે જે મરવાને ઇચ્છે તેણે પોતાના કુટુંબને એક મંત્રેલો પશુ આપવો, માટે મને એક પશુ લાવી આપો.' આવું તેનું વચન સાંભળી પશુની જેવા મંદ બુદ્ધિવાળા પુત્રોએ હર્ષથી એક પશુ તેને લાવી આપ્યો. પછી તેણે પોતાના અંગ ઉપરથી પરૂ લઇ લઇને તેની સાથે અન્નને ચોળી તે પશુને ખવરાવ્યું, કે જેથી તે પશુ પણ કુષ્ટી થઈ ગયો. પછી તે વિપ્રે તે પશુને મારીને પોતાના પુત્રોને ખાવા આપ્યો. પેલા મુગ્ધ અજ્ઞાની પુત્રો તેનો આશય જાણ્યા વગર તેને ખાઈ ગયા. પછી 'હવે હું તીર્થે જઈશ' એમ કહી પુત્રોની રજા માગીને તે બ્રાહ્મણ અરણ્યનું શરણ ધારી ત્યાંથી ચાલી નીકળ્યો. માર્ગમાં અત્યંત તૃષાતુર થવાથી તે અટવીમાં જળ શોધતો ભમવા લાગ્યો. તેવામાં વિવિધ વૃક્ષવાળા કોઈ પ્રદેશમાં મિત્રની જેવો એક જળનો ધરો તેના જોવામાં આવ્યો.

તીર ઉપરના વૃક્ષો પરથી પડતા અનેક જાતિના પત્ર પુષ્પ અને ફળોથી વ્યાપ્ત અને દિવસના સૂર્યના કીરણોથી ઉકળેલું તેમાંનું જળ તેણે ક્વાથની જેમ પીવા માંડ્યું. તેણે જેમ જેમ તૃષાતુરપણે તેમાંનું જળ પીધું, તેમ તેમ કૃમિઓની સાથે તેને રેચ લાગવા માંડ્યો. તેવી રીતે તે ધરાનું જળ પીતાં કેટલેક દિવસે તે તદ્દન નિરોગી થયો અને વસંતઋતુમાં વૃક્ષની જેમ તેના સર્વ અંગ પાછા પ્રફુલ્લિત થઈ ગયા. આરોગ્ય થવાથી હર્ષ પામી તે વિપ્ર પોતાના ઘર તરફ પાછો વળ્યો. "પુરૂષોને શરીરની આરોગ્યતા પ્રાપ્ત થતાં જન્મભૂમિ શૃંગારરૂપ થાય છે." કાંચળીથી મુક્ત થયેલા સર્પની જેમ દેદિપ્યમાન શરીરવાળા તેને નગરજનોએ વિસ્મય પામીને નગરીમાં પ્રવેશ કરતો જોયો. નગરજનો તેને એવા આરોગ્યવાળો જોઈને પૂછતા કે 'અરે! તું જાણે ફરીને જન્મ્યો હોય તેમ આવો સાજો શી રીતે થયો?' ત્યારે તે કહેતો કે, 'દેવતાના આરાધનથી થયો.' અનુક્રમે તે પોતાને ઘેર ગયો. ત્યાં તેણે પોતાના બધા પુત્રોને કુષ્ટી થયેલ જોયા. એટલે હર્ષ પામીને બોલ્યો, કે 'તમને મારી અવજ્ઞાનું ફળ કેવું સારૂં મળ્યું છે?' તે સાંભળી પુત્રો બોલ્યા—"અરે નિર્દય પિતા! તમે દ્વેષીની જેમ અમારા જેવા વિશ્વાસી ઉપર આ શું કર્યું?" આ વાત સાંભળી લોકો પણ તેના પર બહુ આક્રોશ કરવા લાગ્યા. તેથી તે ત્યાંથી નાશીને હે રાજન્! તારા નગરમાં આવી નિરાશ્રયપણે આજીવિકાને માટે ભમતાં તારા દ્વારપાળને આશ્રયે આવીને રહ્યો. તેવામાં અમારૂં અહીં આવવું થયું; એટલે દ્વારપાળ પોતાના કામ ઉપર તે બ્રાહ્મણને જોડી દઈને અમારી ધર્મદેશના સાંભળવા આવ્યો. પેલો વિપ્ર દરવાજા પાસે બેઠો. ત્યાં દુર્ગદેવીની આગળ

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

બલિદાન મૂકવામાં આવેલું તે જોઈ અત્યંત ક્ષુધાથી કષ્ટ પામતાં તેણે જાણે જન્મમાં પણ દીઠું ન હોય તેમ પુષ્કળ ખાધું. પછી કંઠ સુધી અન્નને ભરવાના દોષથી તેમજ ગ્રીષ્મઋતુની ગરમીથી તેને ઘણી તૃષા લાગી, તેથી મરૂભૂમિના પાંથની જેમ તે આકુળવ્યાકુળ થઈ ગયો પણ પેલા દ્વારપાળના ભયથી તે દ્વારનું સ્થાન છોડી ક્યાંઈ પણ પરબ વિગેરમાં પાણી પીવા માટે જઈ શક્યો નહીં. તે વખતે તે જળચર જીવોને ખરેખરા ધન્ય માનવા લાગ્યો. છેવટે પાણી પાણી પોકારતો તે બ્રાહ્મણ તૃષાર્તપણે મૃત્યુ પામી આ નગરના દ્વાર પાસેની વાવમાં દેડકો થયો. અમે વિહાર કરતાં કરતાં પાછા ફરીને આ નગરે આવ્યા, એટલે લોકો સંભ્રમથી અમને વાંદવાને માટે આવવા લાગ્યા. તે વખતે પેલી વાપિકામાંથી જળ ભરતી સ્ત્રીઓના મુખથી અમારા આગમનનો વૃત્તાંત સાંભળી તે વાપિકામાં રહેલો પેલો દેડકો વિચારવા લાગ્યો કે, 'મેં આવું પૂર્વે સાંભળ્યું છે.' વારંવાર તેનો ઉહાપોહ કરતાં સ્વપ્નના સ્મરણની જેમ તેને તત્કાળ જાતિસ્મરણ જ્ઞાન થયું. એટલે તે દર્દુરે ચિંતવ્યું કે, "પૂર્વે દ્વાર ઉપર મને રાખીને દ્વારપાળ જેને વાંદવાને ગયો હતો, તે ભગવંત જરૂર અહિં આવ્યા હશે. તેમને વાંદવાને જેમ આ લોકો જાય છે તેમ હું પણ જાઉં, કેમકે ગંગા નદી સર્વને સરખી છે, કોઈના બાપની નથી." આવું ધારી તે દર્દુર અમને વાંદવાને વાપિકાની બહાર ઠેકીને નીકળ્યો. ત્યાંથી અહિં આવતાં માર્ગમાં તારા ઘોડાની ખરીથી ચગદાઈને મૃત્યુ પામી ગયો; પરંતુ અમારી તરફના ભક્તિભાવ સાથે મૃત્યુ પામવાથી તે દર્દુરાંક નામે દેવતા થયો. "અનુષ્ટાન વિના પણ ભાવના ફળે છે."

આજેજ ઇંદ્રે સભામાં કહ્યું કે, 'શ્રેણિક જેવો શ્રદ્ધાળુ કોઈ શ્રાવક નથી.' તે વચન ઉપર શ્રદ્ધા ન આવવાથી દર્દુરાંક દેવ તમારી પરીક્ષા લેવાને માટે અહિં આવ્યો હતો. તેણે ગોશીર્ષચંદનવડે મારા ચરણને ચર્ચિત કર્યા હતા, પણ તમારી દૃષ્ટિના મોહથી તમને બધુ ફેરફાર જોવામાં આવ્યું હતું. શ્રેણિકે પૂછ્યું કે–'હે નાથ! આપે છીંક ખાધી તે વખતે તે અમાંગળિક બોલ્યો, અને બીજાની છીંકો વખતે માંગળિક બોલ્યો, તેનું શું કારણ?' પ્રભુ બોલ્યા કે,–"તમે હજુ સુધી આ સંસારમાં કેમ રહ્યા છો, શીઘ્ર મોક્ષે જાઓ, એવું ધારી તેણે મને કહ્યું કે, 'મૃત્યુ પામો.' હે નરકેશરી રાજા! તને કહ્યું કે 'જીવો' તેનો આશય એવો છે કે, તને જીવતાંજ સુખ છે, કારણ કે મૃત્યુ પછી તારી ગતિ નરકમાં થવાની છે. અને **અભયકુમારને** કહ્યું કે, 'જીવો કે, મરો' એથી કે, જો તે જીવતો હશે તો ધર્મ કરશે અને મૃત્યુ પછી અનુત્તર વિમાનમાં જશે. અને **કાળસૌકરિકને** કહ્યું કે, 'તું જીવ નહીં અને મર પણ નહીં.' કારણ કે તે જો જીવે તો પાપકર્મ કરશે અને મરે તો સાતમી નરકે જશે, તેથી એમ કહ્યું હતું." આ પ્રમાણેના ખુલાસા સાંભળી શ્રેણિકે ભગવંતને નમીને કહ્યું કે, 'હે પ્રભુ! તમારા જેવા જગત્પતિ મારા સ્વામી છતાં મારી ગતિ નરકમાં કેમ થાય?' પ્રભુ બોલ્યા, 'હે રાજન્! તેં પૂર્વે નરકનું આયુષ્ય બાંધેલું છે, તેથી તું અવશ્ય નરકમાં જઈશ. કેમકે પૂર્વે શુભ કે અશુભ જેવાં કર્મ બાંધ્યાં હોય તેવું ફળ અવશ્ય ભોગ-

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

વવું પડે છે. અમે પણ તેને અન્યથા કરવાને સમર્થ નથી. તથાપિ આવી ચોવીશીમાં તું **પદ્મનાભ** નામે પ્રથમ તીર્થંકર થઈશ. તેથી હે રાજન્ ! તું જરા પણ વૃથા ખેદ કરીશ નહીં.' શ્રેણિક બોલ્યા કે–'હે નાથ ! કોઇ એવો ઉપાય છે કે જેથી અંધકૂપમાંથી આંધળાની જેમ નરકમાંથી મારી રક્ષા થાય ?' પ્રભુ બોલ્યા–'હે રાજન્ ! કપિલા બ્રાહ્મણી પાસે જો સાધુઓને હર્ષથી ભિક્ષા અપાવ અને જો કાળસૌકરિકની પાસે કસાઈનું કામ મૂકાવ, તો નરકથી તારો મોક્ષ થાય; તે સિવાય થાય તેમ નથી.' આ પ્રમાણે હારની જેમ પ્રભુનો ઉપદેશ હૃદયમાં ધારણ કરી શ્રેણિકરાજા પ્રભુને નમીને પોતાના સ્થાન તરફ ચાલ્યો.

આ સમયે પેલા દર્દુરાંક દેવે શ્રેણિકરાજાની પરીક્ષા કરવા સારૂ ઢીમરની જેમ અકાર્ય કરતા એક સાધુને બતાવ્યા. તે જોઈ 'જૈન પ્રવચનની મલિનતા ન થાઓ' એવું ધારી તે સાધુને તેવા અકાર્યથી નિવારીને તે સ્વગૃહ તરફ ચાલ્યો. આગળ ચાલતાં એક સાધ્વીને સગર્ભા બતાવી. શાસનભક્ત રાજાએ તેણીને પોતાના ઘરમાં ગુપ્ત રાખી. શ્રેણિકનું આવું શ્રદ્ધાયુક્ત કાર્ય જોઈ તે દર્દુરાંક દેવ પ્રસન્ન થયો અને પ્રત્યક્ષ થઈને બોલ્યો કે, "હે રાજન્ ! સાબાશ છે, પોતાના સ્થાનથી પર્વતની જેમ તમને સમકિતથી ચલિત કરી શકાય તેમ નથી. હે નરવર ! ઈંદ્રે પોતાની સભામાં જેવી તમારી પ્રશંસા કરી હતી, તેવાજ તમે જોવામાં આવ્યા છો. તેવા પુરૂષો મિથ્યાવચન બોલતા નથી." આ પ્રમાણે કહીને તેણે દિવસે નક્ષત્રોની શ્રેણી રચી હોય તેવો એક સુંદર હાર તથા બે ગોળા શ્રેણિકરાજાને આપ્યા, અને કહ્યું કે 'જે આ તુટી ગયેલા હારને સાંધી આપશે, તે મૃત્યુ પામી જશે.' આ પ્રમાણે કહી તે દેવ સ્વપ્નદૃષ્ટની જેમ તત્કાળ અંતર્ધ્યાન થઈ ગયો.' શ્રેણિકે હર્ષથી તે દિવ્ય મનોહર હાર ચેલ્લણાને આપ્યો અને બે ગોળા નંદાદેવીને આપ્યા. તે જોઈ 'હું આવા તુચ્છ દાનને યોગ્ય થઈ' એવી ઈર્ષ્યાવડે મનસ્વી નંદાએ તે બે ગોળા સ્થંભ સાથે અફળાવીને ફોડી નાખ્યા; એટલે એક ગોળામાંથી ચંદ્રની જેવા નિર્મળ બે કુંડળ અને બીજામાંથી દેદીપ્યમાન બે રેશમી વસ્ત્રો નીકળ્યા. નંદાએ તે દિવ્ય વસ્તુઓ આનંદથી ગ્રહણ કરી. "મહાન્ જનોને વાદળાં વગર વૃષ્ટિની જેમ અચિંતિત લાભ થઈ આવે છે."

પછી રાજાએ પેલી કપિલા બ્રાહ્મણીને બોલાવીને તેની પાસે માગની કરી કે, 'હે ભદ્રે ! તું સાધુઓને શ્રદ્ધાથી ભિક્ષા આપ. હું તને ધનના રાશિ આપીને ન્યાલ કરી દઈશ.' કપિલા બોલી કે, 'કદિ મને બધી સુવર્ણમય કરો અથવા મને મારી નાંખો, તોપણ હું એ અકૃત્ય કદિ નહીંજ કરૂં.' પછી રાજાએ કાળસૌકરિકને બોલાવીને કહ્યું કે, 'જો તું આ કસાઈપણું છોડી દે તો હું તને ઘણું દ્રવ્ય આપું, કેમકે તું પણ ધનના લોભથી કસાઈ થયો છું.' કાળસૌકરિક બોલ્યો કે–'આ કસાઈના કામમાં શો દોષ છે ? જેનાથી અનેક મનુષ્યો જીવે છે તેવા કસાઈના ધંધાને હું કદિ પણ છોડીશ નહીં.' પછી 'તું કસાઇનો વ્યાપાર શી રીતે કરીશ ?' એમ કહી રાજાએ તેને અંધકૂપમાં એક રાત્રિદિવસ પૂરી રાખ્યો. પછી રાજા શ્રેણિકે ભગવંતની આગળ જઈને કહ્યું કે, 'હે સ્વામી ! મેં કાળસૌકરિકને એક અહોરાત્ર સુધી

JAINSITE जैन साईट
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કસાઇનું કામ છોડાવ્યું છે.' સર્વજ્ઞ પ્રભુ બોલ્યા કે, 'હે રાજન્! તેણે અંધકૂપમાં પણ મૃત્તિકાના પાંચસો પાડા બનાવીને હણ્યા છે.' તત્કાળ શ્રેણિકે જઇને જોયું તો તે પ્રમાણે જોવામાં આવ્યું, એટલે તેને બહુ ઉદ્વેગ થયો કે, 'મારા પૂર્વ કર્મને ધિક્કાર છે, તેવા દુષ્કર્મના યોગથી ભગવંતની વાણી અન્યથા થશે નહીં.'

સુરાસુરોએ સેવાતા શ્રી **વીર**પ્રભુ ત્યાંથી વિહાર કરીને પરિવાર સાથે **પૃષ્ટચંપાનગરીએ** પધાર્યા. ત્યાં **સાલ** નામે રાજા અને **મહાસાલ** નામે યુવરાજ તે બંને બંધુ, ત્રિજગત્‌ના બંધુ શ્રી વીરપ્રભુને વાંદવાને આવ્યા. પ્રભુની દેશના સાંભળીને તે બંને પ્રતિબોધ પામ્યા, એટલે **યશોમતી** અને **પિઠર**નો **ગાગલી** નામે પુત્ર કે જે તેમનો ભાણેજ થતો હતો, તેનો રાજ્ય ઉપર અભિષેક કર્યો; અને તે બંનેએ સંસારવાસથી વિરક્ત થઈને શ્રી વીરપ્રભુના ચરણકમળમાં જઈ દીક્ષા લીધી. ભગવંત શ્રી વીરપ્રભુ કાળાંતરે વિહાર કરતાં કરતાં પરિવાર સાથે ચોત્રીશ અતિશય સહિત ચંપાપુરીએ પધાર્યા. પ્રભુની આજ્ઞા લઈને **ગૌતમસ્વામી** સાલ અને મહાસાલ સાધુની સાથે પૃષ્ટચંપાનગરીએ ગયા. ત્યાં ગાગલી રાજાએ ભક્તિથી ગૌતમ ગણધરને વંદના કરી, તેમજ તેના માતાપિતા અને બીજા મંત્રી વિગેરે પૌરજનોએ પણ તેમને વંદના કરી. પછી દેવતાએ રચેલા સુવર્ણના કમળ ઉપર બેસીને ચતુર્જ્ઞાની **ઇંદ્રભૂતિએ** ધર્મદેશના આપી. તે સાંભળી ગાગલી પ્રતિબોધ પામ્યો; એટલે પોતાના પુત્રને રાજ્ય ઉપર બેસારી પોતાના માતાપિતા સહિત તેણે ગૌતમસ્વામીની પાસે દીક્ષા લીધી. તે મુનિઓથી અને સાલ મહાસાલથી પરિવૃત્ત થયેલા ગૌતમસ્વામી ચંપાનગરીમાં પ્રભુને વાંદવા ચાલ્યા. ગૌતમસ્વામીની પાછળ ચાલ્યા આવતાં માર્ગમાં શુભ ભાવનાથી તે પાંચેને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. સર્વ ચંપાપુરીમાં આવ્યા. તેઓએ પ્રભુને પ્રદક્ષિણા કરી, અને ગૌતમસ્વામીને પ્રણામ કર્યા. પછી તીર્થને નમીને તે પાંચે કેવળીની પર્ષદામાં ચાલ્યા, ગૌતમે કહ્યું કે 'પ્રભુને વંદના કરો.' પ્રભુ બોલ્યા કે–'ગૌતમ! કેવળીની આશાતના કરો નહીં.' તત્કાળ ગૌતમે મિથ્યાદુષ્કૃત આપી તેમને ખમાવ્યા.

પછી ગૌતમ ખેદ પામીને ચિંતવવા લાગ્યા કે, 'શું મને કેવળજ્ઞાન ઉત્પન્ન નહિ થાય? શું હું આ ભવમાં સિદ્ધ નહીં થાઉં?' આવો વિચાર કરે છે તેવામાં 'જે **અષ્ટાપદ** ઉપર પોતાની લબ્ધિવડે જઈ ત્યાં રહેલા જિનેશ્વરને નમી એક રાત્રિ ત્યાં રહે, તે તેજ ભવમાં સિદ્ધિને પામે.' આ પ્રમાણે અરિહંત ભગવંતે દેશનામાં કહ્યું છે, એમ પોતાને દેવતાઓએ કહેલું તે સંભારી, દેવવાણીની પ્રતીતિ આવવાથી તત્કાળ ગૌતમસ્વામીએ અષ્ટાપદ ઉપર રહેલા જિનબિંબોના દર્શન માટે ત્યાં જવાની ઈચ્છા કરી. ત્યાં ભવિષ્યમાં તાપસોને પ્રતિબોધ થવાનો જાણી પ્રભુએ ગૌતમને અષ્ટાપદ તીર્થે તીર્થંકરોને વાંદવા જવાની આજ્ઞા આપી. પોતાની ઇચ્છા પ્રમાણે પ્રભુની આજ્ઞા મળવાથી ગૌતમ હર્ષ પામ્યા અને ચારણલબ્ધિથી વાયુ જેવા વેગવડે ક્ષણમાં અષ્ટાપદ સમીપે આવી પહોંચ્યા. એ અરસામાં, કૌડિન્ય, દત્ત અને સેવાલ વિગેરે પંદરસો તપસ્વીઓ અષ્ટાપદને મોક્ષનો હેતુ સાંભળી તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગિરિ ઉપર ચડવા આવ્યા હતા. તેમાં પાંચસો તપસ્વીઓ ચતુર્થ તપ કરી આર્દ્ર કંદાદિનું પારણું કરતાં છતા અષ્ટાપદની પહેલી મેખલા સુધી આવ્યા હતા. બીજા પાંચસો તાપસો છઠ્ઠ તપ કરી સુકા કંદાદિનું પારણું કરતા છતા બીજી મેખલા સુધી આવ્યા હતા, ત્રીજા પાંચસો તાપસો અઠ્ઠમનો તપ કરી સુકી સેવાલનું પારણું કરતા છતા ત્રીજી મેખલા સુધી આવ્યા હતા. ત્યાંથી ઉંચે ચડવાને અશક્ત થવાથી તે ત્રણે સમૂહ પહેલી, બીજી ને ત્રીજી મેખળાએ અટકી રહ્યા હતા. તેવામાં સુવર્ણ જેવી કાંતિવાળા અને પુષ્ટ આકૃતિવાળા ગૌતમને તેમણે ત્યાં આવતા દીઠા. તેમને જોઈ તેઓ પરસ્પર કહેવા લાગ્યા કે, 'આપણે શરીરે કૃશ થઈ ગયા છીએ, તથાપિ અહિંથી આગળ ચડી શકતા નથી, તો આ સ્થૂલ શરીરવાળા મુનિ કેમ ચડી શકશે?' આ પ્રમાણે તેઓ વાતચિત કરે છે, તેવામાં તો ગૌતમ તે મહાગિરિપર ચડી ગયા અને ક્ષણમાં દેવની જેમ તેમનાથી અદૃશ્ય પણ થઈ ગયા. પછી તેઓ પરસ્પર બોલ્યા કે, 'આ મહર્ષિની પાસે કોઈ મહાશક્તિ છે, તેથી જો તે અહિં પાછા આવશે, તો આપણે તેના શિષ્યો થઈશું.' આવો નિશ્ચય કરી તે તાપસો એક ધ્યાને બંધુની જેમ આદરથી તેમના પાછા આવવાની રાહ જોઈને રહ્યા.

અહિં ગૌતમસ્વામીએ ભરતેશ્વરે કરાવેલા નંદીશ્વર દ્વીપના ચૈત્ય જેવા ચૈત્યમાં પ્રવેશ કર્યો, અને તેમાં રહેલા ચોવીશ તીર્થંકરોના અનુપમ બિંબને તેણે ભક્તિથી વંદના કરી. પછી ચૈત્યમાંથી નીકળીને ગૌતમ ગણધર એક મોટા અશોકવૃક્ષ નીચે બેઠા. ત્યાં અનેક સુર અસુર અને વિદ્યાધરોએ તેમને વંદના કરી. ગૌતમે તેમને યોગ્યતા પ્રમાણે ધર્મદેશના આપી અને તેમણે પૂછેલા સંદેહો તર્કશક્તિવડે કેવળીની જેમ દૂર કર્યા. દેશના આપતાં પ્રસંગોપાત તેમણે જણાવ્યું કે, 'સાધુઓ શરીરે શિથિલ થઈ ગયા હોય છે, અને તેઓ ગ્લાનિ પામી જવાથી માત્ર જીવસત્તાવડે ધ્રૂજતા ધ્રૂજતા ચાલે એવા થઈ જાય છે.' ગૌતમસ્વામીનાં આવાં વચન સાંભળી વૈશ્રવણ (કુબેર) તેમના શરીરની સ્થૂલતા જોઈ તે વચન તેમનામાંજ અઘટિત જાણી જરા હસ્યો. તે વખતે મનઃપર્યવજ્ઞાની ઈંદ્રભૂતિ તેના મનનો ભાવ જાણી બોલ્યા કે– 'મુનિપણામાં કાંઈ શરીરની કૃશતાનું પ્રમાણ નથી. પણ શુભ ધ્યાનવડે આત્માનો નિગ્રહ કરવો તે પ્રમાણ છે. તે ઉપર એક કથા છે તે આ પ્રમાણે :—

આ જંબુદ્વીપમાં મહાવિદેહક્ષેત્રના આભૂષણરૂપ પુષ્કલાવતી નામના વિજયમાં પુંડરીકિણી નામે નગરી છે. ત્યાં મહાપદ્મ નામે રાજા હતો, તેને પદ્માવતી નામે પ્રિયા હતી. તેને પુંડરીક અને કંડરીક નામે બેપુત્રો તેને થયા હતા. એક વખતે નલિનીવન નામના ઉદ્યાનમાં કોઈ સાધુઓ પધાર્યા. તેમની પાસે મહાપદ્મ રાજાએ ધર્મ સાંભળ્યો, તેથી પ્રતિબોધ પામી પુંડરીકને રાજ્ય ઉપર બેસારી મહાપદ્મરાજાએ વ્રત ગ્રહણ કર્યું. અનુક્રમે કેવળજ્ઞાન પામીને તે મોક્ષે ગયા. એક વખતે ફરીને કેટલાક મુનિઓ પુંડરીકિણી નગરીએ આવ્યા, એટલે પુંડરીક અને કંડરીક તેમની પાસે ધર્મ સાંભળવા ગયા. તેમાં પુંડરીક ભાવયતિ થઈને ઘેર આવ્યો અને મંત્રીઓની સમક્ષ કંડરીકને બોલાવીને આ પ્રમાણે કહ્યું કે, 'વત્સ! તું આ પિતાના રાજ્યને ગ્રહણ કર, હું

JAINSITE જૈન સાઈટ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંસારથી ભય પામ્યો છું, તેથી ભયમાંથી રક્ષણ કરનારી દીક્ષા હું ગ્રહણ કરીશ.' કંડરીક બોલ્યો કે, 'બંધુ! શું તું મને સંસારમાં પાડે છે? માટે હું દીક્ષા લઈશ અને આ ભવસાગરને તરી જઈશ.' પુંડરીકે બે ત્રણવાર તેને રાજ્ય લેવા કહ્યું, પણ જ્યારે તેણે ન માન્યું, ત્યારે પુંડરીકે તેને કહ્યું કે, "હે બંધુ! ઇંદ્રિયો બહુજ દુર્જય છે, મન સદા ચંચળ છે, તારૂણ્ય વય વિકારનું ધામ છે અને પ્રાણીને પ્રમાદ તો સ્વાભાવિક છે; વળી પરિસહ તથા ઉપસર્ગો સહન કરવા દુઃસહ છે, તેથી તારે દૃઢ પ્રતિજ્ઞાવાળા થવું પડશે, કેમકે દીક્ષા પાળવી ઘણી દુષ્કર છે. તેથી હમણાં શ્રાવકધર્મ પાળી રાજ્ય કર અને યૌવન વય ગયા પછી દીક્ષા લેજે. એમ કરવું બધી રીતે યોગ્ય છે," કંડરીક બોલ્યો કે–'ભાઈ! તે સત્ય છે, પણ હું જે બોલ્યો તે મારે પાળવું જ જોઈએ, માટે હું તો જરૂર દીક્ષા લઈશ.' આ પ્રમાણે કહીને કંડરીકે દીક્ષા લીધી, અને પુંડરીકને મંત્રીઓએ વ્રત લેવાને નિવાર્યો એટલે તે ભાવયતિ થઈ ઘેર રહ્યો.

**કંડરીક** મુનિ વિવિધ પ્રકારના તપથી શરીરને ક્લેશ પમાડતા તેમજ સમાચારીને બરાબર પાળતા છતા સાધુઓને પ્રિય થઈ પડ્યા. એક વખતે વસંત સમય આવતાં ચારિત્રાવરણીય કર્મના ઉદયથી મહર્ષિ કંડરીકનું મન ચલિત થયું. તેણે ચિંતવ્યું કે, "મારે હવે આ દીક્ષાથી સર્યું, મારો ભાઈ જે પ્રથમ મને રાજ્ય આપતો હતો, તે હું ગ્રહણ કરીશ." આવું વિચારી ભગ્નચિત્તે તત્કાળ તે **પુંડરીકિણી** નગરીએ આવ્યો અને તેના ઉદ્યાનમાં એક વૃક્ષ નીચે લીલા પત્ર વિગેરેના શીતળ સંથારા ઉપર આળોટવા લાગ્યો. પોતાની ઉપધિ ઝાડ સાથે લટકાવી દીધી. ઉદ્યાનપાળકની મારફત તેણે પોતાના આવવાના ખબર રાજાને આપ્યા, એટલે રાજા પ્રધાન સહિત ત્યાં આવ્યો અને તેમને વંદના કરી. પછી વૃક્ષ ઉપર ઉપકરણો લટકાવી લીલોતરીનો સંથારો કરીને પડેલા તેને જોઈને 'એ મુનિપણાથી નિર્વેદ પામ્યો હશે' એવું વિચારી **પુંડરીક** રાજા પોતાના મંત્રીઓ પ્રત્યે બોલ્યો કે–'અરે ભાઈઓ! તમને યાદ છે કે, જ્યારે આણે બાલ્યપણાને લીધે સાહસથી વ્રત ગ્રહણ કર્યું, ત્યારે મેં તેને વાર્યો હતો.' આ પ્રમાણે કહી પુંડરીકે તેણે ઇચ્છેલા રાજ્ય ઉપર તેને બેસાર્યો, રાજ્યચિન્હો અર્પણ કર્યાં, અને પોતે તેની પાસેનું યતિલિંગ ગ્રહણ કરી શુદ્ધ બુદ્ધિએ દીક્ષા લઈને ત્યાંથી વિહાર કર્યો. અહિં 'આણે અન્નને માટે રાંકની જેમ વ્રત ભગ્ન કર્યું' એમ કહી કહીને સેવક લોકો **કંડરીકનું** ઉપહાસ્ય કરવા લાગ્યા, તેથી તે હૃદયમાં ઘણો કોપાયમાન થયો. પરંતુ તેણે ચિંતવ્યું કે, 'પ્રથમ હું સારૂં સારૂં ભોજન કરૂં, પછી આ ઉપહાસ્ય કરનારાઓને વધ વિગેરે શિક્ષા કરીશ.' આવું ચિંતવી તે રાજમહેલમાં ગયો. પછી પ્રાતઃકાળે યુવાન્ પારેવું ખાય તેમ તેણે જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ–એમ ત્રણે પ્રકારનો આહાર કંઠ સુધી ખાધો, અને રાત્રે વિષયભોગને માટે જાગરણ કર્યું. તે રાત્રીજાગરણથી અને અતિ આહારના દુર્જરપણાથી તેને વિસૂચિકા થઈ, તેથી મોટી અરતિ ઉત્પન્ન થઈ; પવનથી પૂરાયલી ધમણની જેમ તેનું ઉદર પ્રફુલ્લિત થયું, પવનનો રોધ થયો અને મોટો તૃષાનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દાહ થયો. તે વખતે 'આ પાપી પ્રતિજ્ઞાભ્રષ્ટ થયો' એવું ધારી તેના મંત્રી વિગેરેએ તેની ચિકિત્સા કરી નહીં, તેથી તે અતિ વ્યથાથી ચિંતવવા લાગ્યો કે, 'જો હું આ રાત્રિ કોઈ પણ પ્રકારે નિર્ગમન કરૂં તો પ્રાતઃકાળે આ બધા અધિકારીઓને કુટુંબ સહિત મારી નંખાવું.' આવી રીતે કૃષ્ણલેશ્યાથી અને મહા રૌદ્રધ્યાનથી તે મૃત્યુ પામીને સાતમી નારકે અપ્રતિષ્ઠાન નરકાવાસમાં ઉત્પન્ન થયો.

અહિં પુંડરીક મુનિ ચિંતવવા લાગ્યા કે "સારે ભાગ્યે ચિરકાળ થયા ઈચ્છેલો યતિધર્મ મને પ્રાપ્ત થયો છે, તો હવે તેને ગુરૂની સાક્ષીએ ગ્રહણ કરૂં." આવું ધારી ગુરૂની પાસે જવા ચાલ્યા. ગુરૂની સમીપે જઈ વ્રત ગ્રહણ કરીને પુંડરીક મુનિએ અઠ્ઠમનું પારણું કર્યું; પરંતુ નિરસ, ટાઢો અને લુખો આહાર લેવાથી તેમજ ગુરૂ પાસે આવવા માટે ઉતાવળા ચાલ્યા આવવાથી, કોમળ ચરણમાંથી નીકળતા રૂધિરથી બહુ પરિશ્રમ પામતાં ગામની અંદર જઈ ઉપાશ્રય માગી અતિ ખેદથી ઘાસના સંથારાપર સુતા, દીક્ષા લીધા છતાં 'હું ગુરૂની પાસે જઈ ક્યારે દીક્ષા લઉં ?' એવુંજ ચિંતવન કરતા છતા તેજ રાત્રિએ આરાધન કરી શુભ ધ્યાનપરાયણપણે પુષ્ટ અંગેજ મૃત્યુ પામી સર્વાર્થસિદ્ધિ વિમાનમાં ઉત્પન્ન થયા. તેથી હે સભાજનો ! તપસ્વીઓને કૃશપણું હોય કે પુષ્ટપણું હોય એવું કાંઈ પ્રમાણ નથી. શુભ ધ્યાનજ પરમ પુરૂષાર્થનું કારણભૂત છે.' આ પ્રમાણે ગૌતમસ્વામીએ કહેલું પુંડરીકનું અધ્યયન પાસે બેઠેલા વૈશ્રવણના સામાનિક દેવે એક નિષ્ઠાથી શ્રવણ કર્યું. વૈશ્રમણે પણ સમકિત પ્રાપ્ત કર્યું અને ગૌતમસ્વામીએ પોતાનો અભિપ્રાય જાણી લીધો તેથી હર્ષ પામી તે પોતાના સ્થાન પ્રત્યે ગયો.

આ પ્રમાણે દેશના આપી બાકીની રાત્રિ ત્યાંજ નિર્ગમન કરી ગૌતમસ્વામી પ્રાતઃકાળે તે પર્વત ઉપરથી ઉતરવા લાગ્યા, એટલે રાહ જોઈ રહેલા પેલા તાપસોના જોવામાં આવ્યા. તાપસોએ તેમની પાસે આવી પ્રણામ કરીને કહ્યું કે, 'હે તપોનિધિ મહાત્મા ! અમે તમારા શિષ્યો થઈએ અને તમે અમારા ગુરૂ થાઓ.' ગૌતમસ્વામી બોલ્યા કે—'સર્વજ્ઞ પરમેશ્વર મહાવીર પ્રભુ છે તેજ તમારા ગુરૂ થાઓ.' પછી તેઓએ ઘણો આગ્રહ કર્યો, એટલે ગૌતમે ત્યાંજ તેઓને દીક્ષા આપી. દેવતાએ તરતજ તેઓને યતિલિંગ આપ્યું. પછી વિંધ્યગિરિમાં યૂથપતિ સાથે જેમ બીજા હાથીઓ ચાલે તેમ તેઓ ગૌતમસ્વામીની સાથે પ્રભુની પાસે જવા ચાલ્યા. માર્ગમાં કોઈ ગામ આવતાં ભિક્ષાનો સમય થયો એટલે ગૌતમ ગણધરે તાપસ મુનિઓને પૂછ્યું કે 'તમારે માટે પારણું કરવા શું ઈષ્ટ વસ્તુ લાવું ?' તેમણે કહ્યું કે, 'પાયસાન્ન લાવજો.' એટલે ગૌતમસ્વામી લબ્ધિની સંપત્તિથી પોતાના ઉદરનું પોષણ થાય તેટલી ક્ષીર એક પાત્રમાં લાવ્યા. પછી ઈંદ્રભૂતિ ગૌતમ બોલ્યા—'હે મહર્ષિઓ ! સૌ બેસી જાઓ અને આ પાયસાન્નથી સર્વે પારણું કરો.' એટલે 'આટલા પાયસાન્નથી શું થશે ?' એમ સર્વના મનમાં આવ્યું, તથાપિ 'આપણા ગુરૂની આજ્ઞા આપણે માનવી જોઇએ'

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એવું વિચારી બધા એક સાથે બેસી ગયા. પછી ઇંદ્રભૂતિએ અક્ષીણુ મહાનસ લબ્ધિવડે તે સર્વને જમાડી દીધા, અને તેમને વિસ્મય પમાડીને પછી પોતે આહાર કરવા બેઠા.

જ્યારે તાપસો ભોજન કરવા બેઠા હતા ત્યારે "આપણા પૂરા ભાગ્ય યોગથી શ્રી **વીર**પરમાત્મા જગદ્ગુરૂ આપણને ધર્મગુરૂ તરિકે પ્રાપ્ત થયા છે, તેમજ પિતા જેવા આવા મુનિ બોધ કરનાર મળવા તે પણ બહુજ દુર્લભ છે; માટે આપણે સર્વથા પુણ્યવાન્ છીએ." આ પ્રમાણે ભાવતાં શુષ્ક સેવાળભક્ષી પાંચસો તાપસોને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. **દત્ત** વિગેરે પાંચસો તાપસોને દૂરથી પ્રભુના પ્રાતિહાર્ય જોતાં ઉજ્વળ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, તેમજ કૌડિન્ય વિગેરે પાંચસોને ભગવંતના દર્શન દૂરથી થતાં કેવળજ્ઞાન થયું. પછી તેઓ શ્રી **વીર**-પ્રભુને પ્રદક્ષિણા કરી કેવળીની સભા તરફ ચાલ્યા, એટલે **ગૌતમ**સ્વામી બોલ્યા કે–'આ વીરપ્રભુને વંદના કરો.' પ્રભુ બોલ્યા કે–ગૌતમ! કેવળીની આશાતના કરો નહીં. 'ગૌતમે તરતજ મિથ્યા દુષ્કૃત આપી તેમને ખમાવ્યા. તે વખતે ગૌતમે ફરીથી ચિંતવ્યું કે, 'જરૂર હું આ ભવમાં સિદ્ધિને પામીશ નહીં, કારણ કે હું ગુરૂકર્મી છું. આ મહાત્માઓને ધન્ય છે કે, જેઓ મારા દીક્ષિત છતાં જેમને ક્ષણમાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.' આવી ચિંતા કરતા ગૌતમ પ્રતિ શ્રી વીરપ્રભુ બોલ્યા–'હે ગૌતમ! તીર્થંકરોનું વચન સત્ય કે દેવતાનું?' ગૌતમે કહ્યું, 'તીર્થંકરોનું.' ત્યારે પ્રભુ બોલ્યા "હવે અધૈર્ય રાખશો નહીં. ગુરૂનો સ્નેહ શિષ્યોની ઉપર દ્વીદળ ઉપરના તૃણની જેવો હોય છે તે તત્કાળ દૂર થઈ જાય છે, અને ગુરૂ ઉપર શિષ્યનો હોય તેમ તમારો સ્નેહ તો ઉનની કડાહ (ચટાઈ) જેવો દૃઢ છે. ચિરકાળના સંસર્ગથી અમારી ઉપર તમારો સ્નેહ બહુ દૃઢ થયેલો છે, તેથી તમારૂં કેવળજ્ઞાન રૂંધાયું છે, તે સ્નેહનો જ્યારે અભાવ થશે ત્યારે પ્રગટ થશે." પછી પ્રભુએ ગૌતમને અને બીજાને બોધ કરવાને માટે **દ્રુમપત્રીય** અધ્યયનની વ્યાખ્યા કરી.

ત્યાર પછી પ્રભુના ચરણની ઉપાસના કરનાર **અંબડ** નામે પરિવ્રાજક છત્રી અને ત્રીદંડ હાથમાં રાખીને ત્યાં આવ્યો. તે ત્રણ પ્રદક્ષિણા કરી પ્રભુને નમ્યો અને ભક્તિથી રોમાંચિત થઈ અંજલિ જોડી આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો, "હે નાથ! હું તમાર ચિત્તમાં વર્તું, એવી તો વાર્ત્તા પણ દુર્લભ છે, પણ જો તમે મારા ચિત્તમાં વર્ત્તો તો પછી મારે બીજા કોઇનું પ્રયોજન નથી. છેતરવામાં તત્પર એવા અન્ય જનો મૃદુ બુદ્ધિવાળા પુરૂષોમાં કોઇને કોપથી, કોઇને તુષ્ટિથી અને કોઇને અનુગ્રહવડે છેતરે છે. તેવાઓ કહે છે કે–'જે પ્રસન્ન ન થાય તેની પાસેથી શી રીતે ફળ મેળવી શકાય?' પરંતુ ચિંતામણિ વિગેરે અચેતન છે, તો પણ શું ફળ નથી આપતા! હે વીતરાગ! તમારી સેવા કરવા કરતાં પણ તમારી આજ્ઞા પાળવી તે વિશેષ ઉત્તમ છે; કેમકે તમારી આજ્ઞા આરાધી હોય તો મોક્ષને માટે થાય છે અને વિરાધી હોય તો સંસારને માટે થાય છે. તમારી આજ્ઞા અનાદિ કાળથી હેય અને ઉપાદેય ગોચર છે, એટલે કે આશ્રવ સર્વથા હેય છે અને સંવર સર્વથા ઉપાદેય છે



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એવી તમારી આજ્ઞા છે. 'આશ્રવ સંસારનો હેતુ છે અને સંવર મોક્ષનો હેતુ છે' આ પ્રમાણે આર્હતી મુષ્ટિ છે, અર્થાત્ મૂળ જ્ઞાન એટલુંજ છે, બાકી બીજો બધો તેનો વિસ્તાર છે. આ પ્રમાણેની આજ્ઞાના આરાધનમાં તત્પર એવા અનંતા જીવો મોક્ષ પામ્યા, અનંતા પામે છે અને અનંતા પામશે. ચિત્તની પ્રસન્નતાવડે દીનતાને છોડી દઈને માત્ર તમારી આજ્ઞાનેજ માનનારા પ્રાણીઓ સર્વથા કર્મરૂપ પંજરમાંથી મુક્ત થાય છે.''

આ પ્રમાણે જગદ્ગુરૂ **શ્રીવીરપ્રભુની** સ્તુતિ કરીને તે સંન્યાસી યોગ્ય સ્થાને બેસી દેવની જેમ અનિમેષ દૃષ્ટિએ પ્રભુની દેશના સાંભળવા લાગ્યો. દેશના પૂર્ણ થયા પછી તે અંબડ સંન્યાસી રાજગૃહ નગર તરફ જવા તૈયાર થયો, એટલે પ્રભુએ તેને કહ્યું કે, 'તું રાજગૃહમાં જઈને **નાગ** નામના રથકારની સ્ત્રી સુલસાને અમારી આજ્ઞાથી કોમળ વાણીવડે કુશળતા પૂછજે.' પ્રભુની આજ્ઞાનો સ્વીકાર કરી અંબડ આકાશમાર્ગે ઉડીને તત્કાળ રાજગૃહીમાં આવ્યો. પછી **સુલસાના** ગૃહદ્વાર પાસે આવી ચિંતવવા લાગ્યો કે–'સુર, અસુર, અને નરેશ્વરોની નજરે પ્રભુએ સુલસાનો પક્ષપાત કર્યો, તેનું શું કારણ? માટે હું તેની પરીક્ષા કરૂં.' આ પ્રમાણે વિચારી જેને વૈક્રિયલબ્ધિ પ્રાપ્ત થયેલી છે એવા અંબડે રૂપ ફેરવીને તેના ઘરમાં પ્રવેશ કર્યો, અને ભિક્ષા માગી. સુલસાએ એવો નિયમ કર્યો હતો કે, 'મારા હાથથી જે સુપાત્ર હોય તેનેજ ભિક્ષા આપવી,' તેથી તેણીએ આ યાચના કરતા તાપસને ભિક્ષા ન આપી. (દાસીને આપવા આજ્ઞા કરી.)

પછી અંબડ રાજગૃહી નગરીની બહાર જઈ પૂર્વ તરફને દરવાજે બ્રહ્માનું રૂપ વિકુર્વીને બેઠો. તેણે પદ્માસન વાળ્યું, ચાર બાહુ અને ચાર મુખ કર્યાં, બ્રહ્માસ્ત્ર, ત્રણ અક્ષસૂત્ર અને જટા મુગટ ધારણ કર્યાં, સાવિત્રીને સાથે રાખ્યા, અને પાસે હંસનું વાહન ઉભું રાખ્યું. પછી ધર્મ ઉપદેશ કરીને સાક્ષાત્ બ્રહ્મા આવ્યા છે એમ માનનારા નગરજનોનાં મનને હરી લીધા. આ ખબર સાંભળી સખીજનોએ આવીને સુલસાને કહ્યું કે, 'આપણા નગરની બહાર સાક્ષાત્ બ્રહ્મા આવ્યા છે, માટે ચાલો, જોવા જઈએ.' આ પ્રમાણે ઘણી રીતે બોલાવી તો પણ મિથ્યાદૃષ્ટિના પરિચયથી ભય પામતી સુલસા ત્યાં ન ગઈ.

બીજે દિવસે તે **અંબડ** દક્ષિણ દિશાના દરવાજા બહાર ગરૂડપર બેસી, શંખ ચક્ર ગદા અને ખડ્ગને ધારણ કરી સાક્ષાત્ વિષ્ણુનું રૂપ ધરીને બેઠો. લોકોને વ્યામોહ કરનારા સાક્ષાત્ વિષ્ણુ પધાર્યાના ખબર સુલસાએ સાંભળ્યા તોપણ સમ્યગ્ દર્શનમાં નિશ્ચળ સુલસા ત્યાં ગઈ નહીં.

ત્રીજે દિવસે અંબડ પશ્ચિમ દિશાને દરવાજે શંકરનું રૂપ ધરીને બેઠો, તેમાં નીચે વૃષભનું વાહન રાખ્યું, લલાટે ચંદ્રને ધારણ કર્યો, પાર્વતીને સાથે રાખ્યા, ગજચર્મના વસ્ત્ર પહેર્યાં, ત્રણ લોચન કર્યાં, શરીરે ભસ્મનો અંગરાગ કર્યો, ભુજામાં ખટ્વાંગ, ત્રિશૂલ અને પિનાક રાખ્યા, કપાળોની રૂંડમાળા ગળામાં ધારણ કરી અને ભૂતોના વિવિધ ગણો વિકુર્વ્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેવે રૂપે ધર્મોપદેશ કરીને તેણે નગરજનોના મનને હરી લીધા; પરંતુ તે ખબર સાંભળીને પરમ શ્રાવિકા સુલસા ત્યાં જોવા પણ ગઈ નહીં.

પછી ચોથે દિવસે તેણે ઉત્તર દિશામાં ત્રણ ગઢથી શોભતું અને દેદિપ્યમાન તોરણોવાળું દિવ્ય સમવસરણ વિકુર્વ્યું, અને તેમાં પોતે જિનેશ્વર થઈને બેઠો. તે સાંભળી નગરજનો વિશેષે મોટી સમૃદ્ધિ સહિત ત્યાં આવી ધર્મ સાંભળવા લાગ્યા. આ ખબર સાંભળીને પણ સુલસા ત્યાં ગઈ નહીં, એટલે અંબડે તેને ચળાવવા માટે કોઈ પુરૂષને તેની પાસે મોકલ્યો. તેણે આવીને આ પ્રમાણે કહ્યું કે. "હે સુલસા! શ્રી વિશ્વસ્વામી જિનેશ્વર નગરની બહાર સમવસર્યા છે, હે ભદ્રે! તેમને વાંદવા ચાલો, શા માટે વિલંબ કરો છો?" સુલસા બોલી કે–"ચોવીશમા તીર્થંકર જગદ્ગુરૂ શ્રીવીર પ્રભુ નથી." તે બોલ્યો કે, "અરે મુગ્ધે! આ તો પચ્ચીશમા તીર્થંકર છે, માટે તેમને પ્રત્યક્ષ આવીને જુવો." સુલસા બોલી કે–"કદિ પણ પચ્ચીશ તીર્થંકર હોય જ નહીં, માટે આ તો કોઈ ભાઠી બુદ્ધિવાળો મહાપાખંડી જણાય છે. તે બિચારા ભોળા લોકોને ઠગે છે." તે બોલ્યો–"ભદ્રે! આવું બોલો નહીં, આથી જૈનશાસનની પ્રભાવના થશે, તેથી તમારે શી હાનિ થવાની છે? માટે ત્યાં ચાલો." સુલસા બોલી "આવા ખોટા પ્રપંચથી કાંઈ જૈનશાસનની પ્રભાવના થતી નથી, પણ તેથી તો અપ્રભાવનાજ થાય છે," આવી રીતે સુલસાને અચળિત મનવાળી જોઈ અંબડ હૃદયમાં પ્રતીતિ લાવીને ચિંતવવા લાગ્યો કે, 'જગદ્ગુરૂ શ્રી વીરપ્રભુએ ભરસભામાં આ સતીની સંભાવના કરી તે ઘટિતજ છે, કારણ કે હું મોટી માયાએ કરીને પણ તેણીને સમકિતથી ચળિત કરી શકયો નહિ.' પછી તે બધો પ્રપંચ સંહરી લઈ પોતાને મૂળરૂપે નૈષેધિકી બોલતો સુલસાના ઘરમાં પેઠો. સુલસા ઉભી થઈને સામી આવી અને બોલી કે, 'હે ધર્મબંધુ! જગદ્બંધુ વીરપ્રભુના ઉત્તમ શ્રાવક! તમને સ્વાગત છે?' આ પ્રમાણે કહીને પછી માતાની જેવી વત્સલ સુલસાએ તેના ચરણ ધોયા અને પોતાના ગૃહચૈત્યની વંદના કરાવી. તે ચૈત્યને વંદના કરીને પછી અંબડ શુદ્ધ બુદ્ધિએ બોલ્યો કે–'ભદ્રે! મારા વચનથી તું શાશ્વત ચૈત્યોને વંદના કર.' પછી પૃથ્વીપર મસ્તક નમાવી તેણીએ જાણે પ્રત્યક્ષ જોતી હોય તેમ મનમાં ભક્તિભાવ લાવીને વંદના કરી. અંબડે ફરીવાર કહ્યું કે 'આ જગત્‌માં તું એકજ ગુણવતી છો, કે જેના ખબર વીરપ્રભુએ મારા મુખથી પૂછ્યા છે.' તે સાંભળી સુલસાએ હર્ષ પામીને પ્રભુને વંદના કરી અને રોમાંચિત શરીરે ઉત્તમ વાણીથી પ્રભુની સ્તુતિ કરી. ફરીવાર પરીક્ષા કરવાની ઈચ્છાએ તે ચતુર બોલ્યો કે 'હે ભદ્રે! હમણા બ્રહ્માદિક દેવો આ નગરની બહાર પ્રગટ થયા હતા અને ધર્મના વ્યાખ્યાનો કરતા હતા; નગરજનો તેમને વાંદવા ગયા હતા અને તેની પાસે ધર્મ સાંભળ્યો હતો, પણ તમે કૌતુકથી પણ ત્યાં કેમ ગયા નહોતા?' સુલસા બોલી. "હે મહાશય! તમે જાણોછો, તે છતાં અજ્ઞાનીની જેમ કેમ પૂછોછો? તે બિચારા બ્રહ્માદિક તે કોણ માત્ર છે? હિંસા કરવાને શસ્ત્ર રાખનારા અને ભોગ કરવાને સ્ત્રીને પાસે રાખનારા પોતેજ અધર્મમાં તત્પર હોવાથી તેઓ ધર્મના વ્યાખ્યાનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શું આપશે ? જગતમાં અદ્વિતીય આપ્ત પુરૂષ **શ્રી મહાવીર** ભગવંતને જોયા પછી અને તેમના ધર્મને અંગીકાર કર્યા પછી જે તેવા દેવને જુએ છે તે ખરેખરા પોતાના સ્વાર્થના ઘાતક છે.” સુલસાનાં આવાં વચન સાંભળી ચિત્તમાં હર્ષ પામતો અને સુલસા પ્રત્યે “ સાધુ સાધુ ” ( સાબાશ-સાબાશ ) શબ્દ કહેતો **અંબડ** પોતાને સ્થાનકે ગયો અને એ મહા સતી સુલસા અનિંદિત આર્હત્‌ધર્મને સર્વદા હૃદયમાં વહન કરવા લાગી.

इत्याचार्य श्री हेमचंद्रसूरिविरचिते त्रिषष्टिशलाकापुरुषचरित्रे महाकाव्ये दशम पर्वणि हालिक–प्रसन्नचंद्र–दर्दुरांक देव–श्रेणिक भावितीर्थंकरत्व–शालमहाशाल-गौतमाष्टापदारोहण–अम्बड सुलसा चरित–वर्णनो नाम नवम : सर्गः ॥ ९ ॥

# સર્ગ ૧૦ મો

## દશાર્ણભદ્ર અને ધનાશાલિભદ્રનું ચરિત્ર.

जैनम् जयति शासनम

સુર અસુરોથી પરવરેલા શ્રી વીરપ્રભુ ચંપાનગરીથી વિહાર કરી અનુક્રમે **દશાર્ણ** દેશમાં આવ્યા. તે દેશમાં દશાર્ણ નામે નગર છે અને ત્યાં દશાર્ણભદ્ર નામે રાજા રાજ્ય કરે છે. એક વખતે તે રાજા સાયંકાળે પોતાની સભામાં બેઠો હતો, તેવામાં ચર પુરૂષોએ આવીને કહ્યું કે, ‘ પ્રાતઃકાળે આ તમારા નગરની બહાર શ્રી વીરપ્રભુ સમવસરશે.’ સેવકોની આવી વાણી સાંભળીને મેઘની ગર્જનાથી જેમ વિદૂરગિરિમાં રત્નના અંકુર પ્રગટે તેમ રાજાના શરીરમાંથી અતિ હર્ષવડે રોમાંચ કંચુક ઉત્પન્ન થયો. તત્કાળ તેણે સભા સમક્ષ કહ્યું કે, ‘ પ્રાતઃકાળે હું એવી સમૃદ્ધિથી પ્રભુને વંદના કરીશ કે જેવી સમૃદ્ધિથી પૂર્વે કોઈએ પણ તેમને વાંદ્યા નહીં હોય.’ આ પ્રમાણે મંત્રી વિગેરેને કહી તે પોતાના અંતઃપુરમાં ગયો, અને ‘ હું પ્રાતઃકાળે પ્રભુને આમ વાંદીશ અને આ પ્રમાણે સ્તુતિ કરીશ.’ એવી ચિંતા કરતાં તેણે તે રાત્રિ માંડમાંડ નિર્ગમન કરી. હજુ સૂર્યોદય થયો નહોતો ત્યાં તો એ રાજસૂર્ય **દશાર્ણરાજાએ** નગરના અધ્યક્ષ વિગેરેને બોલાવી આજ્ઞા કરી કે–‘ મારા મહેલથી પ્રભુના સમવસરણ સુધી મોટી સમૃદ્ધિથી મારે જવા લાયક માર્ગને શણગારો.’

અહિં વીરપ્રભુ નગરની બહાર પધાર્યા અને દેવતાઓએ સમવસરણ રચ્યું. અહિં નગરાધ્યક્ષ વિગેરેએ ક્ષણવારમાં રાજાની આજ્ઞા પ્રમાણે કરી દીધું. “ દેવતાઓને જેમ મનવડે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાર્યસિદ્ધિ થાય છે, તેમ રાજાઓને વચનવડે થાય છે." રાજમાર્ગની રજને કુંકુમજળના છંટકાવવડે શાંત કરી, માર્ગની ભૂમિ ઉપર સર્વત્ર પુષ્પો પાથરી દીધા, સ્થાને સ્થાને સુવર્ણના સ્તંભ સહિત તોરણો બાંધી દીધા. સુવર્ણના પાત્રોની શ્રેણિથી શોભિત એવા માંચાઓ ગોઠવી દીધા, ભાતભાતના ચિત્રવાળા ચિનાઈ વસ્ત્રોથી સુશોભિત, રત્નમય દર્પણોથી આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવી અને સુગંધથી ભરપૂર એવી માળાઓ માર્ગની ચોતરફ સુંદરસ્તંભો સાથે લટકાવી દીધી. ઉંચા દંડવાળા અને મોતીના ઉલેચવાળા મંડપો કે જેઓ મેઘાડંબરની શોભાને ધરતા હતા, તેમનાથી બધે એક છાયા કરી દીધી. સ્થાને સ્થાને મૂકેલી અગ્નિ સહિત ધૂપઘટીઓ અંદર અગરૂ કર્પૂરના ધૂમ્રથી મંડપને અંકુરિત કરે તેવું કરી દીધું. આવી રીતે જાણે સ્વર્ગનો એક ખંડ હોય તેવો માર્ગને સુશોભિત કરીને મંત્રીઓએ પ્રભુના દર્શનનો ઉત્સાહ ધરી રહેલ રાજાને સર્વે હકીકત નિવેદન કરી. પછી રાજા સ્નાન કરી દિવ્ય અંગરાગ અને સર્વ અંગે આભૂષણો તથા શુદ્ધ વસ્ત્રો ધરી પુષ્પની માળા પહેરી ઉત્તમ ગજેંદ્ર ઉપર આરૂઢ થયો. મસ્તકપર શ્વેત છત્ર અને બંને બાજુ બે ચામરથી વિરાજમાન મહારાજા ઇંદ્રના જેવો થઈને ચાલ્યો. મહામૂલ્યવાળા આભૂષણોને ધારણ કરનારા હજારો સામંતો જાણે પોતાના વૈક્રિય સ્વરૂપ હોય તેવા તેની પછવાડે ચાલ્યા. ત્યાર પછી ચલિત ચામરોથી વિરાજિત અને ઇંદ્રાણીના રૂપને પણ પરાભવ કરતી અંતઃપુરની મૃગાક્ષીઓ તેની પછવાડે ચાલી, માર્ગમાં બંદિજનો રાજાની સ્તુતિ કરતા હતા, ગાયકો ગીત ગાતા હતા અને માર્ગને શણગારનારાઓ પોતાનું કૌશલ્ય બતાવતા હતા. એવી રીતે બીજા રાજાઓના ઘાટા છત્રોથી જેના માર્ગમાં નવીન મંડપ થઈ રહેલો છે એવો દશાર્ણરાજા અનુક્રમે પ્રભુના સમવસરણમાં આવ્યો. તેણે ત્રણ પ્રદક્ષિણા દઈને પ્રભુને વંદના કરી. પછી સમૃદ્ધિથી ગર્વિત થઈ પોતાને યોગ્ય એવા સ્થાન ઉપર બેઠો.

એ વખતે દશાર્ણપતિને સમૃદ્ધિનો ગર્વ થયેલો જાણી તેને પ્રતિબોધ કરવાને માટે ઈંદ્રે એક જળમય વિમાન વિકુર્વ્યું. તેમાં સ્ફટિક મણિ જેવા નિર્મળ જળના પ્રાંતભાગે સુંદર કમળો વિકસ્વર થયેલા હતા, હંસ તથા સારસ પક્ષીઓના મધુર શબ્દના પ્રતિનાદ થઈ રહ્યા હતા, દેવવૃક્ષો અને દેવલતાઓની શ્રેણિમાંથી ખરી પડતા પુષ્પોથી તે શોભિત હતું, નીલકમલોની શોભાથી તે ઇંદ્રનીલ મણિમય હોય તેવું લાગતું હતું, મરકત મણિમય નલીનીમાં સુવર્ણમય વિકસ્વર કમળોનો પ્રકાશ પ્રવેશ થતાં તે અધિક ચળકતું હતું અને જળના ચપળ તરંગોની માળાઓથી તે પતાકાની શોભાને ધારણ કરતું હતું. આવા જળકાંત વિમાનમાં ઈંદ્ર દેવતાઓની સાથે બેઠો. તે વખતે હજારો દેવાંગનાઓ તેને ચામર વીંજવા લાગી અને ગાંધર્વોએ આરંભેલા સંગીતમાં તે જરા જરા કાન આપવા લાગ્યો. આ પ્રમાણે પ્રભુના ચરણથી પવિત્ર એવી નીચેની પૃથ્વી તરફ દૃષ્ટિ કરતો ઈંદ્ર મનુષ્યલોકમાં આવ્યો. નીચે ઉતરતાં ઉતરતાં મરકત મણિના નાળથી વિરાજિત સુવર્ણના કમળ ઉપર જાણે ચરણ સહિત પર્વત હોય તેમ ચરણ મૂકતો મૂકતો, મણિમય આઠ દંતુશળથી શોભિત અને દેવદૂષ્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વસ્ત્રોથી જેની પીઠ આચ્છાદિત કરેલી છે એવા ઐરાવત હાથીપર ઇંદ્ર ચડયો. તે વખતે તે હસ્તીપર પ્રથમથી આરૂઢ થયેલી દેવાંગનાઓએ તેને હાથનો ટેકો આપ્યો. પછી જિનેંદ્રના ચરણમાં વંદન કરવાને ઇચ્છનાર ભક્તજનોમાં શિરોમણિ ઇંદ્રે ભક્તિભાવિત ચિત્તે સમવસરણમાં પ્રવેશ કર્યો. તે વખતે તેના જળકાંત વિમાનમાં આવેલી ક્રિડાવાપીઓમાં રહેલા દરેક કમળની અંદર સંગીત થવા લાગ્યું. પ્રત્યેક સંગીતે ઇંદ્રના જેવા વૈભવવાળો એકેક સામાનિક દેવ દિવ્યરૂપ તથા સુંદર વેષયુક્ત દેખાવા લાગ્યો. તે દરેક દેવનો પરિવાર ઇંદ્રના પરિવારની જેમ મહર્દ્ધિક અને વિશ્વને વિસ્મયકારક હતો. આવી વિમાનની સમૃદ્ધિથી ઇંદ્ર પોતે વિસ્મય પામી ગયો, તો પછી તેથી ઉણુ ઉણુ સમૃદ્ધિવાળા બીજાની તો શી વાત કરવી ?

પછી સમવસરણમાં રહેલા સુરનરોએ વિસ્મયથી જોયેલા ઇંદ્રે કંઠમાં પહેરેલા હારને પૃથ્વીપર લોટાવતા છતા પ્રભુને વારંવાર પ્રણામ કર્યા. ઇંદ્રની આવી પારાવાર સમૃદ્ધિ જોઈને દશાર્ણભદ્રરાજા શહેરની સમૃદ્ધિ જોઈને ગ્રામ્યજન થઈ જાય તેમ ક્ષણવાર તો સ્તંભિત થઈ ગયો. પછી વિસ્મયથી વિકસિત નેત્ર કરીને તેણે વિચાર્યું કે, “અહો ! આ ઇંદ્રના વિમાનની કેવી લોકોત્તર શોભા છે ? અહો ! આ ઐરાવત હાથીના ગાત્ર કેવા સુંદર છે ? અહો ! આ ઇંદ્રના વૈભવનો વિસ્તાર તો કોઈ અલૌકિક જણાય છે ! મને ધિક્કાર છે કે, મેં મારી સંપત્તિનું અભિમાન કર્યું. મારી અને આ ઇંદ્રની સમૃદ્ધિ વચ્ચે તો એક ખાબોચીયા ને સમુદ્રના જેટલો અંતર છે. મેં આ મારી સમૃદ્ધિના ગર્વથી મારા આત્માને તુચ્છ કર્યો. પૂર્વે આવી સમૃદ્ધિ નહીં જોયેલી હોવાથી હું એક કુવાના દેડકાની જેવો હતો” આવી ભાવના ભાવતાં ભાવતાં હળવે હળવે વૈરાગ્ય આવવાથી અલ્પ કર્મને લીધે તેના અત્યંત શુભ પરિણામ થયા. તેમણે વિચાર્યું કે, ‘કે આવી સમૃદ્ધિથી ઇંદ્રે મને જીતી લીધો છે, તથાપિ હવે દીક્ષા લઈને હું તેનો પરાજય કરીશ. વળી દીક્ષા લઈને કેવળ તેનો જ વિજય કરીશ એમ નહીં પણ ભવભ્રમણ કરાવનારા જે કર્મરૂપ શત્રુઓ છે, તેમને પણ જીતી લઈશ. આવી રીતે વિચારીને વિવેકી **દશાર્ણપતિએ** તત્કાળ ત્યાંજ મુગટ અને કડાં વિગેરે આભૂષણો કાઢી નાખ્યા, અને જાણે કર્મરૂપ વૃક્ષોના મૂળીઆં ખેંચી કાઢતો હોય તેમ પાંચ મુષ્ટિવડે મસ્તક ઉપરના કેશને ખેંચી કાઢયા. વિસ્મયથી વિકસિત નેત્રે ઇંદ્રના જોતાં જોતાંમાં તેણે ગણધરની પાસે આવીને યતિલિંગ ગ્રહણ કર્યું. પછી અપૂર્વ ઉત્સાહ અને સાહસવાળા તે દશાર્ણભદ્ર મુનિએ પ્રભુને પ્રદક્ષિણા પૂર્વક વંદના કરી. તે વખતે ઇંદ્રે તેમની પાસે આવીને કહ્યું કે ‘અહો મહાત્મન્ ! તમારૂં આ કોઈ મહાન્ પરાક્રમ છે કે જેથી તમે મને પણ જીતી લીધો છે, તો પછી બીજાની શી વાત કરવી ?’ આ પ્રમાણે કહી ઇંદ્ર તેમને નમસ્કાર કરી પોતાને સ્થાનકે ગયો. દશાર્ણભદ્ર મુનિ સારી રીતે વ્રતનું પ્રતિપાલન કરવા લાગ્યા, અને શ્રી **વીરપ્રભુએ** ભવ્યજનના ઉપકારને માટે ત્યાંથી બીજા નગર વિગેરે સ્થાનમાં વિહાર કર્યો.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**રાજગૃહ** નગરની નજિક **શાળિ** નામે ગ્રામમાં કોઈ **ધન્યા** નામની સ્ત્રી આવીને રહી હતી. તેનો બધો વંશ ઉચ્છેદ થઈ ગયો હતો. માત્ર **સંગમક** નામનો એક પુત્ર રહ્યો હતો, તેને તે સાથે લાવી હતી. કેમકે "ગમે તેવા દુઃખમાં પણ પોતાના ઉદરથી થયેલું સંતાન છોડી દેવું અશક્ય છે." તે સંગમક ત્યાં રહ્યો છતો નગરજનોના વાછરડા ચારતો હતો. "ગરીબ છોકરાને આવી મૃદુ આજીવિકા ઘટિત છે." એક વખતે કોઈ પર્વોત્સવનો દિવસ આવ્યો, તે સમયે ઘેર ઘેર પાયસાન્નના ભોજન થતાં સંગમકના જોવામાં આવ્યાં, તેથી તે મુગ્ધ બાળકે ઘેર જઈ પોતાની દીન માતા પાસે પાયસાન્નની માગણી કરી. તે બોલી 'પુત્ર! હું દરિદ્રી છું, મારી પાસે પાયસાન્ન ક્યાંથી હોય?' જ્યારે અજ્ઞતાથી બાળકે વારંવાર તેવી માગણી કર્યા કરી ત્યારે ધન્યા પોતાના પૂર્વ વૈભવને સંભારતી તાર સ્વરે રૂદન કરવા લાગી. તેના રૂદન રૂઃખથી જેમનું હૃદય વીંધાયું છે એવી તેની પાડોશણોએ તેની પાસે આવી તેના દુઃખનું કારણ પૂછયું, એટલે **ધન્યાએ** ગદ્ગદ સ્વરે તેમને પોતાના દુઃખનું કારણ કહ્યું. પછી તે બધીએ મળીને તેને દુધ વિગેરે લાવી આપ્યું, એટલે તેણીએ ક્ષીર રાંધી, અને એક થાળમાં કાઢી પોતાના પુત્રને આપીને પોતે કોઈ ગૃહકાર્યમાં પડી. એ સમયે કોઈ માસક્ષપણધારી મુનિ પારણાને માટે અને સંગમકને ભવસાગરથી તારવાને માટે ત્યાં આવી ચડયા. તેમને જોતાંજ સંગમક વિચાર કરવા લાગ્યો કે, 'આ સચેતન ચિંતામણિ રત્ન, જંગમ કલ્પવૃક્ષ અને અપશુ કામધેનુ રૂપ મુનિમહારાજ મારા ભાગ્યથી આ વખતે આવી ચડયા તે બહુજ સારૂં થયું, નહીં તો મારા જેવા ગરીબને આવા ઉત્તમ પાત્રનો યોગ ક્યાંથી થાય? મારા કોઈ ભાગ્યના યોગે આજે ચિત્ત, વિત્ત અને પાત્ર એ ત્રિવેણીનો સંગમ થયો છે.' આ પ્રમાણે વિચાર કરી તેણે થાળમાં રહેલી બધી ક્ષીર મુનિને વહોરાવી દીધી. દયાળુ મુનિએ તેના અનુગ્રહને માટે ગ્રહણ પણ કરી. મુનિ ઘરની બહાર નીકળ્યા એટલે ધન્યા ત્યાં આવી, અને થાળમાં ક્ષીર ન દેખવાથી 'પોતે આપેલી ક્ષીર પુત્ર ખાઈ ગયો હશે' એવું ધારી તેણે ફરીથી બીજી આપી. તે ક્ષીર સંગમકે અતૃપ્તપણે કંઠ સુધી ખાધી, જેથી તેના અજીર્ણવડે તેજ રાત્રે પેલા મુનિને સંભારતો સંગમક મરણ પામ્યો.

મુનિદાનના પ્રભાવથી સંગમકનો જીવ **રાજગૃહી** નગરીમાં **ગોભદ્ર** શેઠની **ભદ્રા** નામની સ્ત્રીના ઉદરમાં અવતર્યો. ભદ્રાએ સ્વપ્નમાં પાકેલું શાળીક્ષેત્ર જોયું. તેણીએ તે વાર્ત્તા પતિને કહી, એટલે પતિએ 'પુત્ર થશે' એમ કહ્યું. પછી 'હું દાનધર્મ વિગેરે સુકૃત્યો કરૂં' એવો ભદ્રાને દોહદ થયો. ભદ્ર બુદ્ધિવાળા ગોભદ્ર શેઠે તે દોહદ પૂર્ણ કર્યો. સમય પૂર્ણ થતાં વિદૂરગિરિની ભૂમિ જેમ રત્નને જન્મ આપે તેમ ભદ્રાએ દિશાઓના મુખને ઉદ્યોત કરનારા પુત્રરત્નને જન્મ આપ્યો. જોયેલા સ્વપ્નને અનુસારે માતાપિતાએ શુભ દિવસે તેનું **શાળિભદ્ર** એવું નામ પાડયું. પાંચ ધાત્રીઓએ પહેરેલા હારને પૃથ્વીપર લોટાવતા છતા પ્રભુને વારંવાર પ્રણામ કર્યો. પાલન કરાતો તે પુત્ર અનુક્રમે મોટો થયો. કાંઈક ઉણા આઠ વર્ષનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થયો ત્યારે તેના પિતાએ નિશાળે મૂકીને તેને બધી કળાઓ ભણાવી. અનુક્રમે યુવતિજનને વલ્લભ એવો શાળિભદ્ર યૌવન વયને પ્રાપ્ત થતાં નવીન પ્રદ્યુમ્નની જેમ સમાન વયના મિત્રોની સાથે રમવા લાગ્યો. તે નગરના શ્રેષ્ટીઓએ પોતાની બત્રીશ કન્યાઓ શાળિભદ્રને આપવાને માટે ગોભદ્ર શેઠને વિજ્ઞપ્તિ કરી. ગોભદ્રશેઠે હર્ષ પામી તેનો સ્વીકાર કર્યો અને સર્વ લક્ષણસંપૂર્ણ બત્રીશ કન્યાઓ શાળિભદ્રને પરણાવી. પછી વિમાનની જેવા રમણિક પોતાના મંદિરમાં સ્ત્રીઓની સાથે શાળિભદ્ર વિલાસ કરવા લાગ્યો. તે એવા આનંદમાં મગ્ન થતો હતો કે રાત્રિ કે દિવસને પણ જાણતો નહોતો. માતાપિતા તેને ભોગસામગ્રી પૂરી પાડતા હતા. અન્યદા ગોભદ્ર શેઠે શ્રી વીરપ્રભુની પાસે દીક્ષા લીધી, અને વિધિપૂર્વક અનશન કરીને તે દેવલોકે ગયા. ત્યાંથી અવધિજ્ઞાનવડે પોતાના પુત્ર શાળિભદ્રને જોઈ તેના પુણ્યથી વશ થઈને તે પુત્રવાત્સલ્યમાં તત્પર થયા અને કલ્પવૃક્ષની જેમ સ્ત્રી સહિત તેને પ્રતિદિન દિવ્ય વસ્ત્ર અને નેપથ્ય વિગેરે પૂરવા લાગ્યા. અહીં પુરૂષને લાયક જે જે કાર્ય હોય તે ભદ્રા કરતી હતી અને શાળિભદ્ર તો પૂર્વદાનના પ્રભાવથી કેવળ ભોગોનેજ ભોગવતો હતો.

અન્યદા કોઈ પરદેશી વ્યાપારી રત્નકંબળ લઈને શ્રેણિકરાજાની પાસે વેચવા આવ્યા, પરંતુ તેની કિંમત બહુ વિશેષ હોવાથી શ્રેણિકે તે ખરીદ્યા નહીં, એટલે તેઓ ફરતા ફરતા શાળિભદ્રને ઘેર ગયા. ત્યાં ભદ્રાએ મોં માગ્યું મૂલ્ય આપીને તે સર્વે ખરીદી લીધા. એવામાં ચેલ્લણાએ તેજ દિવસે શ્રેણિકને કહ્યું કે, 'મારે યોગ્ય એક રત્નકંબળ લાવી આપો.' એટલે શ્રેણિકે એક રત્નકંબળ ખરીદવાને માટે તે વ્યાપારીને બોલાવ્યા. તેઓએ કહ્યું કે, 'રત્નકંબળો તો ભદ્રાએ ખરીદી લીધા છે.' પછી શ્રેણિકરાજાએ એક ચતુર પુરૂષને મૂલ્ય આપીને રત્નકંબલ લેવા સારૂ ભદ્રાની પાસે મોકલ્યો. તેણે આવીને રત્નકંબળ માગ્યું, એટલે ભદ્રા બોલી કે, 'શાળિભદ્રની સ્ત્રીઓને પગ લુવાને માટે તે રત્નકંબળના કડકા કરીને મેં આપી દીધા છે, તેથી જો જીર્ણરત્નકંબલોથી કાર્ય હોય તો રાજા શ્રેણિકને પૂછીને આવો અને લઈ જાઓ.' ચતુર પુરૂષે એ વૃત્તાંત રાજાને કહ્યો. તે સાંભળીને ચેલ્લણા રાણી બોલી કે 'જુઓ ! તમારામાં ને એ વણિકમાં પીતળ અને સુવર્ણના જેટલું અંતર છે.' પછી રાજાએ કૌતુકથી તેજ પુરૂષને મોકલી શાળિભદ્રને પોતાની પાસે બોલાવ્યો. ત્યારે ભદ્રાએ રાજા પાસે આવીને કહ્યું કે-'મારો પુત્ર કદિ પણ ઘરની બહાર નીકળતો નથી, માટે આપ મારે ઘેર પધારવાની કૃપા કરો.' શ્રેણિકે કૌતુકની તેમ કરવાને કબુલ કર્યું. એટલે ક્ષણવાર પછી આવવાનું કહી ભદ્રા ઘેર ગઈ અને તેટલા વખતમાં વિચિત્ર વસ્ત્ર અને માણિક્યાદિવડે રાજમાર્ગની શોભા રાજમહેલથી તે પોતાના ઘર સુધી અતિ સુંદર કરાવી. પછી તેણીએ કહેવરાવવાથી દેવતાની જેમ ક્ષણમાં તૈયાર કરેલી માર્ગની શોભાને જોતો જોતો શ્રેણિકરાજા શાળિભદ્રને ઘેર આવ્યો. જ્યાં સુવર્ણના સ્તંભ ઉપર ઇંદ્રનીલમણિના તોરણો ઝુલતા હતા, દ્વારની ભૂમિ ઉપર મોતીના સાથીઆની શ્રેણીઓ કરેલી હતી, સ્થાને સ્થાને દિવ્ય વસ્ત્રના ચંદરવાઓ બાંધ્યા હતા અને આખું ઘર સુગંધી દ્રવ્યથી ધૂપિત થયેલું હતું. તે સર્વ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જોવાથી થયેલા વિસ્મયવડે વિકસિત નેત્ર કરતા રાજાએ ગૃહમાં પ્રવેશ કર્યો; અને ચોથામાળ સુધી ચડી સુશોભિત સિંહાસનને અલંકૃત કર્યું. પછી ભદ્રાએ સાતમી ભૂમિકા (માળ) ઉપર રહેલા **શાળિભદ્ર** પાસે જઈને કહ્યું કે, "પુત્ર! **શ્રેણિક** અહિં આવેલ છે, તો તું તેને જોવાને ચાલ." શાળિભદ્ર બોલ્યો–"માતા! તે બાબતમાં તમે સર્વ જાણો છો, માટે જે મૂલ્ય આપવા યોગ્ય હોય તે તમે આપો. મારે ત્યાં આવીને શું કરવું છે?" **ભદ્રા** બોલી–"પુત્ર! શ્રેણિક એ કાંઈ ખરીદવાનો પદાર્થ નથી, પણ તે તો બધા લોકોનો અને તારો પણ સ્વામી છે." તે સાંભળી શાળિભદ્રે ખેદ પામ્યા છતા ચિંતવ્યું કે, "મારા આ સાંસારિક ઐશ્વર્યને ધિક્કાર છે કે જેમાં મારો પણ બીજો સ્વામી છે; માટે મારે સર્પની ફણ જેવા આ ભોગથી હવે સર્યું. હવે તો હું **શ્રીવીર**પ્રભુના ચરણમાં જઈ સત્વર વ્રત ગ્રહણ કરીશ." આ પ્રમાણે તેને ઉત્કટ સંવેગ પ્રાપ્ત થયો, તથાપિ માતાના આગ્રહથી તે સ્ત્રીઓ સહિત શ્રેણિકરાજા પાસે આવ્યો; અને વિનયથી રાજાને પ્રણામ કર્યા. રાજા શ્રેણિકે તેને આલિંગન કરી સ્વપુત્રવત પોતાના ખોળામાં બેસાર્યો. અને સ્નેહથી મસ્તક સુધી ક્ષણવાર હર્ષાશ્રુ મૂક્યા. પછી ભદ્રા બોલી કે–'હે દેવ! હવે એને છોડી દ્યો. એ મનુષ્ય છે છતાં મનુષ્યના ગંધથી બાધા પામે છે. તેના પિતા દેવતા થયા છે, તે સ્ત્રીઓ સહિત પોતાના પુત્રને દિવ્ય વેષ, વસ્ત્ર તથા અંગરાગ વિગેરે પ્રતિદિન આપે છે.' તે સાંભળી રાજાએ શાળિભદ્રને રજા આપી એટલે તે સાતમી ભૂમિકાએ ગયો.

પછી ભદ્રાએ રાજાને વિજ્ઞપ્તિ કરી કે, 'આજે તો અહિંજ ભોજન લેવા કૃપા કરો.' ભદ્રાના આગ્રહથી રાજાએ તે વાત સ્વીકારી, એટલે તત્કાળ ભદ્રાએ સર્વ રસોઈ તૈયાર કરાવી. 'શ્રીમાન્‌ને શું સિદ્ધ ન થાય?' પછી રાજાએ સ્નાનને યોગ્ય તેલ જલ અને ચૂર્ણવડે સ્નાન કર્યું. સ્નાન કરતાં તેની આંગળીમાંથી એક મુદ્રિકા ગૃહવાપિકામાં પડી ગઈ. રાજા આમ તેમ તેને શોધવા લાગ્યો, એટલે ભદ્રાએ દાસીને આજ્ઞા આપી કે, 'વાપિનું જળ બીજી તરફ કાઢી નાખ.' તેમ કરતાં તે વાપિકામાં દિવ્ય આભરણોની મધ્યમાં પોતાની ફીકી દેખાતી મુદ્રિકા જોઈને રાજા વિસ્મય પામી ગયો. રાજાએ પૂછ્યું કે–'આ બધું શું છે?' દાસી બોલી કે–'દરરોજ શાળિભદ્રના અને તેની સ્ત્રીઓના નિર્માલ્ય આભરણો કાઢી નાખવામાં આવે છે તે આ છે.' તે સાંભળી રાજાએ વિચાર્યું કે 'સર્વથા આ શાળિભદ્રાને ધન્ય છે તેમજ મને પણ ધન્ય છે કે, જેના રાજ્યમાં આવા ધનાઢ્ય પુરૂષો પણ વસે છે, પછી રાજાઓના અગ્રેસર શ્રેણિકરાજાએ પરિવાર સહિત ભોજન કર્યું. જમ્યા પછી વિચિત્ર અલંકારો અને વસ્ત્રોથી અર્ચિત થઈને રાજા પોતાના રાજમહેલમાં ગયો.

હવે શાળિભદ્ર સંસારથી મુક્ત થવાના વિચારો કરતો હતો, તેવામાં તેના ધર્મમિત્રે આવીને વિજ્ઞપ્તિ કરી કે–'ચતુર્જ્ઞાનધારી અને સુર અસુરોએ નમસ્કાર કરેલા જાણે મૂર્તિમાન્ ધર્મ હોય તેવા ધર્મઘોષ નામના મુનિ ઉદ્યાનમાં પધાર્યા છે.' તે સાંભળી શાળિભદ્ર હર્ષથી



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રથમાં બેસી ત્યાં આવ્યો. આચાર્યને તથા બીજા સાધુઓને વાંદીને આગળ બેઠો. સૂરિ દેશના આપી રહ્યા પછી તેણે પૂછ્યું કે, 'હે ભગવન્! કેવા કર્મથી રાજા સ્વામી ન થાય?' મુનિ બોલ્યા–'જેઓ દીક્ષા ગ્રહણ કરે તેઓ આ બધા જગતના પણ સ્વામી થાય છે.' શાળિભદ્રે કહ્યું કે, 'જો એમ છે તો તો હું ઘેર જઈ મારી માતાની રજા લઈને દીક્ષા લઈશ.' સૂરિ બોલ્યા કે–"ધર્મકાર્યમાં પ્રમાદ ન કરવો." પછી શાળિભદ્ર ઘેર ગયો અને માતાને નમસ્કાર કરીને કહ્યું કે, "હે માતા! આજે શ્રી ધર્મઘોષ સૂરિના મુખકમળથી મેં ધર્મ સાંભળ્યો છે કે, જે ધર્મ આ સંસારના સર્વ દુઃખથી મૂકાવાના ઉપાય રૂપ છે." ભદ્રા બોલી કે–'વત્સ! તેં ઘણું સારૂં કર્યું, કેમકે તું તેવા ધર્મી પિતાનોજ પુત્ર છું.' આ પ્રમાણે હર્ષથી શાળિભદ્રની પ્રશંસા કરી. પછી શાળિભદ્રે કહ્યું કે–'માતા! જો એમ હોય તો મારી ઉપર પ્રસન્ન થઈને મને રજા આપો; હું વ્રત ગ્રહણ કરીશ. કારણ કે હું તેવા પિતાનો પુત્ર છું.' ભદ્રા બોલી–'વત્સ! તારો વ્રત લેવાનો ઉદ્યમ યુક્ત છે, પણ તેમાં તો નિરંતર લોઢાના ચણા ચાવવાના છે. તું પ્રકૃતિમાં સુકોમળ છે અને દિવ્ય ભોગોથી લાલિત થયેલો છે, તેથી મોટા રથને નાના વાછડાઓની જેમ તું શી રીતે વ્રતના ભારને વહી શકીશ?' શાળિભદ્ર બોલ્યો–'હે માતા! ભોગલાલિત થયેલા જે પુરૂષો વ્રતના કષ્ટને સહન કરે નહીં તેને કાયર સમજવા, માટે બધા કાંઈ તેવા હોતા નથી.' ભદ્રા બોલી–'હે વત્સ! જો તારો એવોજ વિચાર હોય તો ધીમે ધીમે–થોડે થોડે ભોગનો ત્યાગ કરી મનુષ્યના મલિનતા ગંધને સહન કર કે જેથી તેવો અભ્યાસ પડે, પછી વ્રત ગ્રહણ કરજે.' શાળિભદ્રે તે વચન સત્વર માન્ય કર્યું, અને તે દિવસથી દરરોજ એક એક સ્ત્રીને અને એક એક શય્યાને તજવા લાગ્યો.

તેજ નગરમાં ધન્ય નામે એક મોટો ધનવાન્ શેઠ રહેતો હતો કે જે શાળિભદ્રની કનિષ્ટ ભગિનીનો પતિ થતો હતો. પોતાના બંધુના આ ખબર સાંભળવાથી પોતાના પતિને ન્હવરાવતાં શાળિભદ્રની બેનની આંખમાં આંસુ આવ્યા. તે જોઈ ધન્યે પૂછ્યું કે, 'શા માટે રૂએ છે?' ત્યારે તે ગદ્ ગદ્ અક્ષરે બોલી કે–'હે સ્વામી! મારો ભાઈ શાળિભદ્ર વ્રત લેવાને માટે પ્રતિદિન એક એક સ્ત્રી અને એક એક શય્યા તજી દે છે, તેથી હું રૂદન કરૂં છું.' તે સાંભળી ધન્યે મશ્કરીમાં કહ્યું કે, 'જે એવું કરે તે તો શિયાળના જેવો બીકણ ગણાય, તેથી તારો ભાઈ પણ હીનસત્વ લાગે છે.' તે સાંભળી તેની બીજી સ્ત્રીઓ હાસ્યમાં બોલી ઉઠી કે–'હે નાથ! જો વ્રત લેવું સહેલું છે તો તમે કેમ નથી લેતા?' ધન્ય બોલ્યો કે–'મને વ્રત લેવામાં તમે વિઘ્નરૂપ હતી, તે આજે પુણ્ય યોગે અનુકૂળ થઈ, તો હવે હું સત્વર વ્રત લઈશ.' તેઓ બોલી કે–'પ્રાણેશ! પ્રસન્ન થાઓ, અમે તો મશ્કરીમાં કહેતી હતી.' સ્ત્રીઓનાં આવાં વચનના ઉત્તરમાં 'આ સ્ત્રી અને દ્રવ્ય વિગેરે સર્વ અનિત્ય છે, નિરંતર ત્યાગ કરવાને યોગ્ય છે, માટે હું તો અવશ્ય દીક્ષા લઈશ.' આ પ્રમાણે બોલતો ધન્ય તરતજ ઉભો થયો; એટલે 'અમે પણ તમારી પાછળ દીક્ષા લઈશું.' એમ સર્વ સ્ત્રીઓ બોલી. પોતાના આત્માને ધન્ય માનનારા મહા મનસ્વી ધન્યે તેમાં સંમતિ આપી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ અરસામાં શ્રી **વીર**પ્રભુ વૈભારગિરિ ઉપર સમવસર્યા. **ધન્યે** ધર્મમિત્રના કહેવાથી તે ખબર જાણ્યા, એટલે તરતજ દિનજનોને પુષ્કળ દાન આપી સ્ત્રીઓ સહિત શિબિકામાં બેસી ભવભ્રમણથી ભય પામેલો ધન્ય મહાવીર ભગવંતના ચરણને શરણે આવ્યો અને પ્રભુની પાસે સ્ત્રીઓ સહિત દીક્ષા લીધી. તે ખબર સાંભળી **શાળિભદ્ર** પોતાને વિજિત માની ત્વરા કરવા લાગ્યો. પછી **શ્રેણિકરાજાએ** અનુસરેલા શાળિભદ્રે પણ તરતજ શ્રી વીરપ્રભુની પાસે આવીને વ્રત ગ્રહણ કર્યું. શ્રી વીરપ્રભુએ યૂથ સહિત ગજેન્દ્રની જેમ ત્યાંથી બીજે વિહાર કર્યો.

ધન્ય અને શાળિભદ્ર બંને અનુક્રમે બહુશ્રુત થયા અને ખડ્ગની ધારા જેવું મહાતપ કરવા લાગ્યા. શરીરની કિંચિત્ પણ અપેક્ષા વગરના તેઓ પક્ષ, માસ, બે માસ, ત્રણ માસ અને ચાર માસની તપસ્યા કરીને પારણું કરતા હતા. તેવી ઉગ્ર તપસ્યાથી માંસ અને રૂધિર વગરના શરીરવાળા થયેલા ધન્ય અને શાળિભદ્ર ચામડાની ધમણ જેવા દેખાવા લાગ્યા. અન્યદા શ્રી વીરસ્વામીની સાથે તે બંને મહામુનિ પોતાની જન્મભૂમિ રાજગૃહી નગરીમાં આવ્યા. પ્રભુને સમવસરેલા જાણી તેમને નમવાને માટે અતિશય શ્રદ્ધાથી લોકો સત્વર નગરમાંથી બહાર આવ્યા. તે અવસરે ધન્ય ને શાળિભદ્ર બંને મુનિ માસખમણના પારણાને માટે ભિક્ષા લેવા જવાની આજ્ઞા લેવા સારૂ પ્રભુ પાસે આવ્યા અને નમસ્કાર કરીને ઉભા રહ્યા. પછી શાળિભદ્ર પ્રત્યે પ્રભુએ કહ્યું કે, 'આજે તમારી માતા પાસેથી મળેલા આહારથી તમારે પારણું થશે.' એટલે 'હું ઇચ્છું છું.' એમ કહી શાળિભદ્ર મુનિ ધન્યની સાથે નગરમાં ગયા. બંને મુનિ ભદ્રાના ગૃહદ્વાર પાસે આવીને ઉભા રહ્યા, પણ તપસ્યાથી થયેલી અત્યંત કૃશતાને લીધે તેઓ કોઈના ઓળખવામાં આવ્યા નહીં. વળી 'શ્રી વીરપ્રભુ, શાળિભદ્ર અને ધન્ય મુનિ આજે અહિં પધાર્યા છે, તેથી હું તેમને વાંદવા જાઉં.' એવી ઇચ્છાથી આકુળવ્યાકુળ થયેલી રોમાંચિત શરીરવાળી ભદ્રા પણ તે વ્યવસાયમાં રોકાઈ રહી, તેથી તેનું પણ તે તરફ ધ્યાન ગયું નહીં. અહિં બંને મુનિ ક્ષણવાર ઉભા રહીને તરતજ પાછા વળ્યા. તેઓ નગરના દરવાજામાંથી બહાર નીકળતા હતા તેવામાં શાળિભદ્રની પૂર્વ ભવની માતા ધન્ય નગરમાં દહીં ઘી વેચવાને આવતી સામી મળી. શાળિભદ્રને જોતાં તેના સ્તનમાંથી પય ઝરવા લાગ્યું. પછી બંને મુનિના ચરણમાં વંદના કરીને તેણીએ ભક્તિપૂર્વક દહીં વહોરાવ્યું. ત્યાંથી શાળિભદ્ર મુનિ **વીર**પ્રભુની પાસે આવ્યા અને ગોચરી આળોવી અંજલિ જોડીને પૂછ્યું કે–"હે પ્રભુ! આપના કહેવા પ્રમાણે મને મારી માતા પાસેથી પારણા માટે આહાર કેમ ન મળ્યો?" સર્વજ્ઞ પ્રભુ બોલ્યા કે, "હે શાળિભદ્ર મહામુનિ! એ દહિં વહોરાવનારી તમારી પૂર્વ જન્મની માતા ધન્યા હતી." પછી દધિવડે પારણું કરી, પ્રભુની આજ્ઞા લઈ ને શાળિભદ્ર મુનિ ધન્યની સાથે અનશન કરવા માટે વૈભારગિરિ પર ગયા. ત્યાં ધન્ય સહિત શાલિભદ્ર મુનિએ શિલાતળ ઉપર પ્રતિલેખના કરીને પાદપોપગમ નામે અનશન અંગીકાર કર્યું. અહીં શાળિભદ્રની માતા ભદ્રા અને શ્રેણિકરાજા તેજ વખતે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભક્તિયુક્ત ચિત્તે શ્રી વીરપ્રભુની પાસે આવ્યા. પ્રભુને નમસ્કાર કરીને ભદ્રાએ પૂછયું કે 'હે જગત્પતિ! ધન્ય અને શાળિભદ્ર મુનિ કયાં ગયા? તેઓ અમારે ઘેર ભિક્ષાને માટે કેમ ન આવ્યા?' સર્વજ્ઞ બોલ્યા કે-'તે મુનિઓ તમારે ઘેર વહોરવા માટે આવ્યા હતા, પણ તમે અહિં આવવાની વ્યગ્રતામાં હતા, તેથી તમારા જાણવામાં આવ્યા નહીં. પછી તમારા પુત્રની પૂર્વ જન્મની માતા ધન્યા નગર તરફ આવતી હતી, તેણીએ તેમને દધિ વહોરાવ્યું, તેનાવડે પારણું કરીને મહાસત્ત્વધારી તે બંને મુનિઓએ સત્વર સંસારથી છુટવાને માટે હમણાજ વૈભારગિરિપર જઈ અનશન ગ્રહણ કર્યું છે.' તે સાંભળી ભદ્રા શ્રેણિકરાજાની સાથે તત્કાળ વૈભારગિરિ પર આવી, ત્યાં તે બંને મુનિઓ જાણે પાષાણવડે ઘડેલા હોય તેમ સ્થિર રહેલા તેના જોવામાં આવ્યા. તેમના કષ્ટને જોતી અને પૂર્વના સુખને સંભારતી ભદ્રા પ્રતિધ્વનિથી વૈભારગિરિને પણ રોવરાવતી હોય તેમ રોવા લાગી. તે બોલી કે-"હે વત્સ! તમે ઘેર આવ્યા તોપણ મેં અભાગિણીએ પ્રમાદથી તમને જાણ્યા નહીં, તેથી મારી ઉપર અપ્રસન્ન થાઓ નહીં. જો કે તમે તો અમારો ત્યાગ કર્યો છે, પણ કોઈવાર તમે મારી દ્રષ્ટિને તો આનંદ આપશો એવો પ્રથમ મારો મનોરથ હતો. પણ હે પુત્ર! આ શરીરત્યાગના હેતુરૂપ આરંભથી તમે હવે મારો એ મનોરથ પણ ભાંગવાને ઉદ્યુક્ત થયા જણાઓ છો. હે મુનિઓ! તમે જે આ ઉગ્ર તપ આરંભ્યું છે, તેમાં હું વિઘ્નરૂપ થતી નથી; પણ મારૂં મન આ શિલાતળની જેમ અતિશે કઠોર થયેલું છે." પછી શ્રેણિકરાજા બોલ્યા કે-"હે ભદ્રે! આ હર્ષને સ્થાને રૂદન કેમ કરો છો? તમારો પુત્ર આવો મહાસત્ત્વવાન્ હોવાથી તમે એકજ સર્વ સ્ત્રીઓમાં ખરા પુત્રવતી છો. આ તત્ત્વજ્ઞ મહાસત્ત્વધારી પુરૂષે તૃણની જેમ લક્ષ્મીને છોડીને સાક્ષાત્ મોક્ષપદ જેવા પ્રભુના ચરણને અંગીકાર કર્યો છે. હે મુગ્ધે! આ મહાશય જગત્સ્વામીના શિષ્યને ઘટે એવું તપ આચરે છે, તેમાં તમે સ્ત્રીસ્વભાવથી વૃથા પરિતાપ શા માટે કરો છો?" રાજાએ આ પ્રમાણે પ્રતિબોધ કર્યો તેથી ભદ્રા તે મુનિઓને વાંદી ખેદયુક્ત ચિત્તે પોતાને ઘરે ગઈ અને શ્રેણિકરાજા પણ પોતાને સ્થાને ગયા.

તે બંને ધન્ય અને શાળિભદ્ર કાળ કરી સર્વાર્થસિદ્ધ નામના વિમાનમાં હર્ષરૂપ સાગરમાં મગ્ન થયા છતા તેત્રીશ સાગરોપમને આયુષ્યે દેવપણે ઉત્પન્ન થયા.

इत्याचार्य श्री हेमचंद्रसूरिविरचिते त्रिषष्टिशलाकापुरुषचरिते महाकाव्ये
दशम पर्वणि दशार्णभद्र शालिभद्र-धन्य चरित-
वर्णनो नाम दशमः सर्गः ॥ १० ॥

JAINSITE jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## સર્ગ ૧૧ મો.

### રૌહિણેયનું ચરિત્ર, અભયકુમારનું હરણ, ઉદાયનનું વૃત્તાંત, પ્રદ્યોતનું બંધન અને ઉદાયનની દીક્ષા.

શ્રી **વીર**ભગવાન્ લોકોનો અનુગ્રહ કરવાની ઈચ્છાથી નગર, ગામ, ખીણ અને દ્રોણમુખ (ખેડુત લોકોના ગામડા) વિગેરેમાં વિહાર કરતા હતા. તે સમયે **રાજગૃહી** નગરીની પાસેના વૈભારગિરિની ગુફામાં જાણે મૂર્તિમાન્ રૌદ્રરસ હોય તેવો **લોહખુર** નામે એક ચોર રહેતો હતો. જ્યારે રાજગૃહી નગરીમાં લોકો ઉત્સવાદિમાં રોકાયેલા હોય ત્યારે તે ચોર છિદ્ર મેળવીને પિશાચની જેમ ઉપદ્રવ કરતો હતો. તે દ્રવ્ય લઈ આવતો હતો અને પરસ્ત્રીઓને ભોગવતો હતો. તે નગરના બધા ભંડારો અને મહેલો તે પોતાનાજ માનતો હતો. તેને ચોરી કરવાની વૃત્તિમાંજ પ્રીતિ હતી, બીજામાં નહોતી. "રાક્ષસો માંસ વિના બીજા ભક્ષ્યથી તૃપ્ત થતા નથી." તેને **રોહિણી** નામની સ્ત્રીથી આકૃતિ અને ચેષ્ટામાં તેનીજ જેવો રૌહિણેય નામે પુત્ર થયો. જ્યારે લોહખુર ચોરને મૃત્યુ સમય પ્રાપ્ત થયો ત્યારે તેણે રૌહિણેયને બોલાવીને કહ્યું કે, 'હે પુત્ર! જો તું મારા કહ્યા પ્રમાણે અવશ્ય કરે તો હું તને કાંઈક જરૂરનો ઉપદેશ આપું.' તે બોલ્યો કે–'તમારૂં વચન મારે અવશ્ય કરવુંજ જોઈએ. પૃથ્વીમાં પિતાની આજ્ઞાને કોણ ન ઉઠાવે?' પુત્રનું આવું વચન સાંભળી લોહખુરો હર્ષ પામ્યો અને પુત્રના પૃષ્ટ ઉપર હાથ ફેરવતો આ પ્રમાણે નિષ્ઠુર વચન બોલ્યો–"જે આ દેવતાના રચેલા સમવસરણમાં બેસીને મહાવીર નામના યોગી દેશના આપે છે, તેના ભાષણને તું કોઈવાર સાંભળીશ નહીં, બાકી બીજે ઠેકાણે ભલે સ્વેચ્છાએ વર્તજે." આવો ઉપદેશ આપીને લોહખુરો પંચત્વને પામી ગયો.

પિતાની મૃતક્રિયા કર્યા પછી રોહિણીઓ પણ જાણે બીજો લોહખુરો હોય તેમ નિરંતર ચોરી કરવા લાગ્યો. પોતાના જીવિતવ્યની જેમ પિતાની આજ્ઞાને પાળતો તે પોતાની સ્ત્રીની જેમ બધી રાજગૃહી નગરીને લુંટવા લાગ્યો. આ સમયે નગર ગામ અને ખાણો વિગેરેમાં વિહાર કરતા ચૌદ હજાર મુનિઓથી પરવરેલા, ચરમ તીર્થંકર શ્રી **વીર**પ્રભુ રાજગૃહી નગરીએ પધાર્યા. દેવતાઓએ સંચાર કરેલા સુંદર સુવર્ણ કમળ ઉપર પગલા મૂકતા મૂકતા પ્રભુ નજીકમાં આવ્યા, એટલે વૈમાનિક, જ્યોતિષિ, ભુવનપતિ અને વ્યંતર દેવતાઓએ મળીને પ્રભુનું સમવસરણ રચ્યું. તેમાં બેસીને શ્રી વીરપ્રભુએ યોજન સુધી પ્રસરતી સર્વ ભાષાનુસારી વાણીવડે ધર્મદેશના આપવા માંડી. તે વખતે પેલો રૌહિણેય ચોર રાજગૃહી નગરી તરફ જતો હતો, ત્યાં માર્ગમાં આ સમવસરણ આવ્યું. તે જોઈને તેણે વિચાર્યું કે, 'જો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હું આ માર્ગે ચાલીશ તો મહાવીરનાં વચન સાંભળી લઈશ, તેથી પિતાની આજ્ઞાનો ભંગ થશે અને આ સિવાય રાજગૃહીમાં જવાનો બીજો માર્ગ પણ નથી. ત્યારે શું કરવું?' આવો વિચાર કરી બે કાન આડા હાથ રાખી તેજ માર્ગે રાજગૃહી નગરીમાં ગયો. એવી રીતે પ્રતિદિન ગમનાગમન કરતાં એક વખતે સમવસરણની પાસેજ તેના પગમાં કાંટો ભાંગ્યો. ઉતાવળે ચાલતાં તે કાંટો ગાઢ રીતે પગમાં ખુંચી ગયો. તેથી તેને કાઢ્યા સિવાય તે એક પગલું ભરવાને પણ શક્તિવાન્ રહ્યો નહીં. જ્યારે બીજો કાંઈ ઉપાય સુઝ્યો નહીં ત્યારે તેણે કાન ઉપરથી હાથ લઈ લઈને કાંટો કાઢવા માંડયો. તે વખતે પ્રભુના મુખની વાણી આ પ્રમાણે તેના સાંભળવામાં આવી. "જેમના ચરણ પૃથ્વીને અડતા નથી, નેત્ર નિમેષ રહિત હોય છે, પુષ્પમાળા ગ્લાનિ પામતી નથી અને શરીર પ્રસ્વેદથી તથા રજથી રહિત હોય છે તે દેવતા કહેવાય છે." આટલાં વચન સાંભળવાથી 'મેં ઘણું સાંભળી લીધું, તેથી મને ધિક્કાર છે' એમ વિચારતો, ઉતાવળે પગમાંથી કાંટો કાઢી અને પાછા કાન પર હાથ મૂકી રૌહિણેય ત્યાંથી પોતાને કામે ગયો.

હવે તે ચોર પ્રતિદિન શહેરમાં ચોરી કરતો, તેથી કંટાળીને ગામના શેઠીઆઓ **શ્રેણિક** રાજાની પાસે આવીને કહેવા લાગ્યા કે, 'હે દેવ! તમે રાજ્ય કરતા છતા અમને બીજો કંઈ પણ ભય નથી પણ અદૃશ્ય ચેટકની જેમ કોઈ ચોર અદૃશ્ય રહીને અમને લુંટે છે.' બંધુની જેમ તેમની આ પીડા સાંભળીને શ્રેણિકરાજાએ કોપ કરી કોટવાળને બોલાવીને કહ્યું કે—'અરે કોટવાળ! શું તમે ચોર થઈને કે ચોરના ભાગીદાર થઈને મારો પગાર ખાઓ છો? કે જેથી તમારી ઉપેક્ષાવડે આ પ્રજાજનને ચોરો લુંટે છે.' કોટવાળ બોલ્યો કે—"મહારાજ! કોઈ રૌહિણેય નામનો ચોર નગરજનોને એવી રીતે લુંટે છે કે, તેને અમે જોઈએ છીએ, તો પણ તે પકડી શકાતો નથી. વિજળીના ઉછળતા કીરણોની જેમ તે ઉછળી, વાનરની જેમ ઠેકી, એક હેલામાત્રમાં તે એક ઘેરથી બીજે ઘેર પહોંચી જાય છે, અને નગરનો કીલ્લો પણ ઓળંગી જાય છે. અમે તેના જવાને માર્ગે પાછળ પાછળ જઈએ છીએ તો ત્યાં તે જોવામાં આવતો નથી. અને જો એક પગલા માત્ર તેને છોડયો તો તે સો પગલાં અમારાથી દૂર જતો રહે છે. હું તો તેને પકડવાને કે હણવાને શક્તિમાન્ નથી, માટે આ તમારો કોટવાળપણાનો અધિકાર ખુશીથી પાછો લઈ લ્યો." પછી રાજાએ ભ્રકુટીની સંજ્ઞાથી સૂચવ્યું, એટલે **અભયકુમારે** કોટવાળને કહ્યું કે, "તમે ચતુરંગ સેનાને સજ્જ કરીને નગરની બહાર રાખો; પછી જ્યારે ચોર અંદર પેસે ત્યારે લશ્કરે ફરતું ફરી વળવું અને અંદરથી તે ચોરને ત્રાસ પમાડવો, એટલે પાશલામાં હરણ આવીને પડે તેમ તે વિજળીના ઝબકારાની જેમ ઉછળીને સ્વયમેવ સૈન્યમાં આવી પડશે, પછી જાણે તેના જામીન હોય તેમ એ મહાચોરને પ્રમાદ રહિત સાવધાન રહેલા સુભટોએ પકડી લેવો." આ પ્રમાણેની **અભયકુમારની** આજ્ઞાને પ્રમાણ કરી કોટવાળ ત્યાંથી નીકળ્યો અને ગુપ્ત રીતે સેનાને સજ્જ કરી. રાજાએ આજ્ઞા કરી તે દિવસે **રૌહિણેય** બીજે ગામ ગયેલો હતો તેથી આ વાતની

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

તેને ખબર પડી નહીં. એટલે તે બીજે દિવસે પાણીમાં હાથી પેસે તેમ નગરમાં પેઠો અને ત્યાંથી નગર ફરતા ફરી વળેલા સૈન્યની જાળમાં મીનની જેમ સપડાઈ ગયો. તેને બાંધીને કોટવાળે રાજાની પાસે રજુ કર્યો. "રાજનીતિ પ્રમાણે સત્પુરૂષોની રક્ષા અને દુર્જનોનો નિગ્રહ રાજાએ કરવો જોઈએ, તેથી આનો નિગ્રહ કરો." એમ કહીને રાજાએ તેને અભયકુમારને સોંપ્યો. અભયકુમારે કહ્યું કે–'છળવડે પકડાયેલો હોવાથી ચોરીના મુદ્દા અથવા તેની કબુલાત સિવાય આ ચોર નિગ્રહ કરવાને યોગ્ય થતો નથી, માટે તેનો નિગ્રહ વિચારીને કરવો જોઈએ.' એટલે રાજાએ **રૌહિણેયને** પૂછયું કે–તું કયાંનો રહેવાસી છું? તારી આજીવિકા કેવા પ્રકારે ચાલે છે? તું આ નગરમાં શા માટે આવ્યો હતો? અને તારૂં નામ રૌહિણેય કહેવાય છે તે ખરૂં છે?' પોતાના નામથી શંકિત થઈ તેણે રાજાને કહ્યું કે, "હું શાલિગ્રામમાં રહેનારો **દુર્ગચંડ** નામે કુટુંબી (કણબી) છું. કોઈ પ્રયોજને કૌતુક થતાં આજે અહીં આવ્યો હતો અને કોઈ દેવાલયમાં રાત્રિ રહ્યો હતો. રાત્રિ ઘણી ગયા પછી ત્યાંથી પાછો ઘેર જવા નીકળતાં રાક્ષસ જેવા કોટવાળ અને તેના સીપાઈઓએ મને સપડાવ્યો, એટલે તેનાથી ભય પામીને હું કિલ્લો ઓળંગી ભાગવા ગયો આપ જાણો છો કે, 'પ્રાણીને સર્વથી મોટામાં મોટો ભય પ્રાણનો છે,' મધ્યના રક્ષકોના હાથમાંથી જેમ તેમ હું છુટી ગયો, પણ પાછો બાહ્ય રક્ષકોના હાથમાં, માછીના હાથમાંથી છુટેલું માછલું જેમ જાળમાં આવી પડે તેમ આવી પડયો. એટલે તેઓ મને નિરપરાધીને ચોરની જેમ બાંધીને અહિં લાવ્યા. માટે હે નીતિમાન્ રાજા! હવે ન્યાયપૂર્વક વિચારીને જે કરવું હોય તે કરો." પછી રાજાએ તેની પ્રવૃત્તિના ખબર જાણવાને માટે તેણે કહેલા ગામમાં ગુપ્ત રીતે પુરૂષો મોકલ્યા. પરંતુ તે ચોરે અગાઉથી તે ગામના લોકોની સાથે સંકેત કરી રાખ્યો હતો; કેમકે કેટલાક ચોરલોકોના મનમાં પણ વિચિત્ર ચિંતવન થયા કરે છે. રાજપુરૂષે તે ગામમાં જઈને પૂછયું. એટલે લોકોએ કહ્યું કે 'હા, અહિં એક દુર્ગચંડ નામે કુટુંબી રહે છે, પણ તે હમણા અહીંથી બીજે ગામ ગયેલો છે.' રાજપુરૂષોએ રાજાને તેવા ખબર આપ્યા, એટલે **અભયકુમાર** વિચારમાં પડયો કે, "અહો! સારી રીતે રચેલા દંભના અંતને બ્રહ્મા પણ પામતા નથી." પછી અભયકુમારે દેવતાના વિમાન જેવો મહા મૂલ્યવાળા રત્નોથી જડિત સાત માળનો એક મહેલ તેને રહેવા આપ્યો. તે મહેલ જાણે સ્વર્ગમાંથી પડેલો અમરાવતીનો એક ખંડ હોય તેવો જણાતો હતો. તેમાં ગંધર્વો સંગીતનો મહોત્સવ કરતા હતા, તેથી તે અકસ્માત્ ઉત્પન્ન થયેલા ગંધર્વનગરની શોભાને સૂચવતો હતો. અભયકુમારે તે ચોરને મદ્યપાન કરાવીને બેશુદ્ધ કર્યો અને પછી દેવદૂષ્ય વસ્ત્રો પહેરાવી તે મહેલમાં શય્યા ઉપર સુવાર્યો. જ્યારે તેનો નીસ્સો ઉતરી ગયો ત્યારે તે ચારે બાજુ જોવા લાગ્યો, તો અકસ્માત્ વિસ્મયકારી અપૂર્વ દિવ્ય સંપત્તિ તેના જોવામાં આવી. એ સમયે **અભયકુમારની** આજ્ઞાથી નર નારીઓના સમૂહે 'જય પામો, જગતમાં આનંદ કરો' એવા મંગળ ધ્વનિપૂર્વક તેના પ્રત્યે કહ્યું કે, "હે ભદ્ર! તમે આ મોટા વિમાનમાં દેવતા થયા છો, તમે અમારા સ્વામી છો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને અમે તમારા કિંકરો છીએ, તેથી આ અપ્સરાઓની સાથે ઇંદ્રની જેમ ક્રીડા કરો." આવી રીતે ઘણા ખુશામતનાં વચનો ચતુરાઈ યુક્ત તેઓ કહેવા લાગ્યા. તે સાંભળી 'શું હું દેવતા થયો ?' એમ રોહિણીઓ વિચારવા લાગ્યો. તેવામાં ગંધર્વોએ સંગીતનું કામ શરૂ કર્યું. એટલામાં સુવર્ણની છડી લઈ કોઈ પુરૂષ આવ્યો, તેણે ગંધર્વોને કહ્યું કે, 'અરે ! એકદમ આ શું આરંભ્યું ?' ગંધર્વોએ ઉત્તમ આપ્યો કે–'અરે પ્રતિહાર ! અમે અમારા સ્વામી પાસે અમારૂં વિજ્ઞાનકૌશલ બતાવવાનો આરંભ કર્યો છે.' પ્રતિહાર બોલ્યો કે 'બહુ સારૂં, તમે તમારૂં કૌશલ્ય સ્વામીને બતાવો.' પણ ત્યાર અગાઉ પ્રથમ દેવલોકના આચાર તેમની પાસે કરાવો.' ગંધર્વ બોલ્યા કે, 'શું શું આચાર કરાવવાના છે ?' પ્રતિહાર આક્ષેપપૂર્વક બોલ્યો કે, 'અરે ! શું એ પણ નવા સ્વામીના લાભમાં ભૂલી ગયા કે ? સાંભળો, પ્રથમ તો અહીં જે નવા દેવ તરીકે ઉત્પન્ન થાય, તે પોતાના પૂર્વભવના સુકૃત્ય અને દુષ્કૃત્ય જણાવે, પછી તે સ્વર્ગના સુખભોગનો અનુભવ કરે.' ગંધર્વોએ કહ્યું કે–"હે દેવ ! અમે તો નવા સ્વામીના લાભથી તે બધું ભૂલી ગયા છીએ, માટે તમે બધી દેવલોકની સ્થિતિ કરાવો." આ પ્રમાણે તેઓએ કહ્યું, એટલે તે પુરૂષે **રૌહિણેય** ચોરને કહ્યું, 'હે ભદ્ર ! તમે તમારા પૂર્વના સુકૃત્ય દુષ્કૃત્ય યથાર્થ અમને કહો, પછી સ્વર્ગના ભોગ ભોગવો.' તે સાંભળી રોહિણીઓ વિચારમાં પડ્યો કે, 'શું આ સત્ય હશે ? અથવા શું મને મારી કબુલતવડે પકડવાને **અભય**કુમારે આ પ્રપંચ રચેલો હશે ? પણ હવે તેની ખાત્રી શી રીતે કરવી ?' આ પ્રમાણે વિચારતાં તેને પગમાંથી કાંટો કાઢતી વખતે સાંભળેલું **વીર**પ્રભુનું વચન યાદ આવ્યું, એટલે વિચારવા લાગ્યો , શ્રી વીરપ્રભુની પાસેથી મેં જે વચન સાંભળ્યું છે, તે પ્રમાણે દેવતાનાં ચિન્હ જો મળતાં આવશે તો તો હું આનો સત્ય ઉત્તર આપીશ; અન્યથા તેનો જેમ ઠીક લાગશે તેવો ઉત્તર આપીશ.' આવો વિચાર કરી તેણે પ્રતિહારી, ગંધર્વો, અપ્સરાઓ વિગેરેની તરફ જોયું તો તે બધાને પૃથ્વીપર સ્પર્શ કરતા, પ્રસ્વેદથી મલીન થયેલા, પુષ્પની માળા કરમાયેલા અને નેત્રમાં નિમેષવાળા ( મટકું મારતા ) દીઠા. પ્રભુનાં વચનને આધારે તે બધું કપટ જાણીને રોહિણીએ ઉત્તર આપવાનો વિચાર કરી લીધો. ફરીને પેલો પુરૂષ બોલ્યો કે,–'કહો, તમારો ઉત્તર સાંભળવાને આ સર્વ દેવ દેવીઓ ઉત્સુક થયેલા છે.' પછી રૌહિણેય બોલ્યો કે–'મેં પૂર્વજન્મમાં સુપાત્રને દાન આપ્યાં છે, જિનચૈત્ય કરાવ્યાં છે, જિનબિંબ રચાવ્યાં છે, અષ્ટપ્રકારની પૂજાવડે તેમને પૂજ્યા છે, તીર્થયાત્રાઓ કરી છે અને સદ્ગુરૂની સેવા કરી છે. આ પ્રમાણે મેં પૂર્વ જન્મમાં સુકૃત્યો કરેલાં છે.' પછી પેલો દંડધારી બોલ્યો કે, 'હવે જે દુષ્કૃત્ય કર્યાં હોય તે પણ કહો.' રૌહિણેય બોલ્યો કે– 'સાધુના સંસર્ગથી મેં કાંઈ પણ દુષ્કૃત્ય તો કર્યુંજ નથી.' પ્રતિહાર ફરીથી બોલ્યો કે– 'એક સરખા સ્વભાવથી આખો જન્મ વ્યતિત થતો નથી, તેથી જે કાંઈ ચોરી, જારી વિગેરે દુષ્કૃત્ય કર્યાં હોય તે પણ કહો.' રૌહિણેય બોલ્યો કે–'જો આવાં દુષ્કૃત્ય કર્યાં હોય તો તે શું સ્વર્ગલોકને પામે ? શું આંધળો માણુસ પર્વત ઉપર ચઢી શકે ?'

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પછી છડીદારે આ બધું અભયકુમારને કહ્યું અને અભયકુમારે શ્રેણિકરાજાને જણાવ્યું. શ્રેણિક બોલ્યા કે–“ આટલા ઉપાયોથી પણ જે ચોર તરીકે પકડી ન શકાય તેવા ચોરને છોડી મૂકવો જોઈએ. કારણ નીતિનું ઉલ્લંઘન કરવું યોગ્ય નથી.” રાજાનાં આ પ્રમાણેનાં વચનથી અભયકુમારે રૌહિણેય ચોરને છોડી મૂક્યો. “ કોઈવાર વંચના કરવામાં ચતુર એવા પુરૂષોથી ડાહ્યા પુરૂષો પણ ઠગાય છે.”

ત્યાંથી છુટી ગયા પછી રૌહિણેયે વિચાર્યું કે, “ મારા પિતાની આજ્ઞાને ધિક્કાર છે કે જેથી હું ભગવંતના વચનામૃતથી આજ દિન સુધી નિર્ભાગી રહ્યો. આટલું એક પણ પ્રભુનું વચન જો મારે કાને ન આવ્યું હોત તો અત્યારે હું વિવિધ પ્રકારની વ્યથા ભોગવી યમ-રાજના દ્વારે પહોંચી ગયો હોત. તે વખતે મેં અનિચ્છાથી ભગવંતનું વચન ગ્રહણ કર્યું હતું, છતાં પણ તે રોગીને ઔષધની જેમ મને જીવનરૂપ થઇ પડયું. અર્હંતનાં વચનનો ત્યાગ કરીને આજ સુધી મેં ચોરની વાણીમાં પ્રીતિ કરી ! આ તો કાગડાની જેમ આમ્રફળને છોડી દઈને લીંબડાના ફળમાં પ્રીતિ કર્યા જેવું મેં કર્યું. મને ધિક્કાર છે ! જેના ઉપદેશના એક લેશે આટલું ફળ આપ્યું, તો જો તેમનો સર્વ ઉપદેશ સાંભળ્યો હોય તો શું ફળ ન આપે ? ” મનમાં આ પ્રમાણે વિચાર કરીને તે તરતજ ભગવંતની પાસે ગયો. પ્રભુના ચરણમાં પ્રણામ કરીને તેણે આ પ્રમાણે વિજ્ઞપ્તિ કરી–

“ હે નાથ ! ઘોર વિપત્તિરૂપી અનેક મગરમચ્છોથી આકુળવ્યાકુળ એવા આ સંસાર-સાગરમાં લોકોમાં પ્રસરતી તમારી દેશનાની વાણી નૌકાની પેઠે આચરણ કરે છે. હે ત્રણ જગતના ગુરૂ ! આપ્ત છતાં અનાપ્તપણાને માનતા એવા મારા પિતાએ તમારાં વચન સાંભળવાનો નિષેધ કરીને મને આટલો વખત સુધી ઠગ્યો છે. હે ત્રિલોકપતિ ! જેઓ કર્ણાંજલિરૂપ સંપુટથી તમારા વચનામૃતને શ્રદ્ધાપૂર્વક પીવે છે તેઓને ધન્ય છે. હું એવો પાપી હતો કે જે તમારાં વચનને નહિ સાંભળવાની ઇચ્છાએ કાને હાથ દઈને આ સ્થાનને ઓળંગી જતો હતો. તેવામાં એકવાર ઇચ્છા વગર મેં તમારૂં વચન સાંભળ્યું હતું, પરંતુ મંત્રાક્ષર જેવા તે વચનવડે રાજારૂપ રાક્ષસથી મારી રક્ષા થઈ છે. હે જગત્પતિ ! જેવી રીતે મને મરણથી બચાવ્યો છે તેવીજ રીતે આ સંસારસાગરમાં ડુબી જવાથી પણ મને બચાવો.” પછી પ્રભુએ તેની ઉપર કૃપા કરીને નિર્વાણપદને આપનારી શુદ્ધ ધર્મદેશના આપી. તે સાંભળી પ્રતિબોધ પામીને રૌહિણેય બોલ્યો કે, “ હે સ્વામિન્ ! હું યતિધર્મને યોગ્ય છું કે નહીં ? ” પ્રભુએ કહ્યું કે, ‘ યોગ્ય છું.’ એટલે તે બોલ્યો કે–“ હે વિભુ ! એમ છે તો હું વ્રતને ગ્રહણ કરીશ, પણ ત્યાર અગાઉ મારે રાજા શ્રેણિકને કાંઈક કહેવાનું છે.’ શ્રેણિક રાજા સભામાં જ બેઠેલા હતા, તેમણે કહ્યું કે, ‘તારે જે કહેવાનું હોય તે વિકલ્પ કે શંકા રહિત થઈને કહે, એટલે રૌહિણેય બોલ્યો કે–“ હે રાજન્ ! તમે જેને લોકવાતોથી સાંભળ્યો



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતો, તેજ હું તમારા નગરને લુંટનાર રૌહિણેય ચોર છું. પરંતુ આ પ્રભુનું એક વચન સાંભળવાથી તેના આધારવડે વહાણવડે નદીની જેમ હું અભયકુમારની દુર્લંઘ્ય બુદ્ધિનું પણ ઉલ્લંઘન કરી ગયો છું. હે રાજરવિ! તમારા બધા નગરને મેંજ લુંટેલું છે, તેથી તમારે હવે કોઈ બીજો ચોર શોધવો નહીં. અત્યારે મારી સાથે કોઈને મોકલો કે જેથી તેને હું ચોરીનો માલ બતાવું અને પછી દીક્ષા લઈને મારા જન્મને સફળ કરૂં."

પછી શ્રેણિકરાજાની આજ્ઞાથી અભયકુમાર અને બીજા લોકો કૌતુકથી તે ચોરની સાથે ચાલ્યા. રોહિણીએ પર્વત, નદી, કુંજ અને સ્મશાન વિગેરેમાં દાટેલું ચોરીનું ધન અભયકુમારને બતાવ્યું. અભયકુમારે જે જેનું હતું, તે તેને સોંપી દીધું. "નીતિજ્ઞ અને નિર્લોભી મંત્રીઓની બીજી મર્યાદા હોય નહીં." પછી પોતાના માણસોને જે વાત હતી તે બધી સમજાવીને શ્રદ્ધાળુ રૌહિણેય પ્રભુની પાસે આવ્યો. અને શ્રેણિકરાજાએ જેનો નિઃક્રમણ મહોત્સવ કરેલો છે, એવા તે રૌહિણેયે શ્રી વીરપ્રભુની પાસે દીક્ષા લીધી. પછી તેણે અનુક્રમે કર્મનું ઉન્મૂલન કરવાને માટે ચતુર્થ (એક ઉપવાસ)થી માંડીને છમાસી ઉપવાસ સુધીનું ઉજ્વળ તપ આચર્યું. પ્રાંતે તપસ્યાથી કૃશ થઈ, ભાવસંલેખના કરી, શ્રી વીરપ્રભુની રજા લઈને તેણે વૈભારપર્વત ઉપર પાદપોપગમ અનશન કર્યું. શુભ ધ્યાનપૂર્વક પંચ પરમેષ્ટી નમસ્કારનું સ્મરણ કરતાં રૌહિણેય મહામુનિ મનુષ્ય દેહને ત્યજી દઈને સ્વર્ગે ગયા.

जैन साईट
JAINSITE.com
जयम् ज्योति शासनम्

ભગવંત શ્રી વીરપ્રભુ જઘન્યથી પણ કોટી દેવતાઓથી પરવરેલા તીર્થંકૃત નામકર્મની નિર્જરા કરવાને માટે વિહાર કરવા લાગ્યા. ધર્મદેશનાવડે કેટલાક રાજા મંત્રી વિગેરેને શ્રાવક કર્યા અને કેટલાકને યતિ કર્યા. અહીં શ્રેણિકરાજા રાજગૃહ નગરમાં સમકિતને ધારણ કરતો નીતિથી રાજ્યનું પાલન કરતો હતો, તેવામાં એક વખતે ચંડપ્રદ્યોત રાજા ઉજ્જયિની નગરીથી સર્વ સામગ્રી સહિત રાજગૃહી નગરીને રૂંધવા માટે ચાલ્યો. ચંડપ્રદ્યોત રાજા અને તેની સાથેના બીજા મુગટધારી ચૌદ રાજાઓને જાણે પંદર પરમાધાર્મિક હોય તેવી નજરે લોકોએ જોયા. સુંદર ગતિવડે ચાલતા અશ્વોથી જાણે પૃથ્વીને ફોડતો હોય તેવી રીતે આવતા ચંડપ્રદ્યોત રાજાના ખબર બાતમીદારોએ શ્રેણિકરાજાને આપ્યા. એટલે શ્રેણિક-રાજાને ચિંતા થઇ કે, 'ક્રૂર ગ્રહની જેમ ક્રોધ કરીને અહીં આવતા પ્રદ્યોત રાજાને મારે કેવી રીતે હઠાડવો?' ઔત્પાતિકી વિગેરે બુદ્ધિના ભંડાર રૂપ અભયકુમારના મુખ સામું શ્રેણિકરાજાએ અમૃત જેવી દૃષ્ટિથી જોયું. એટલે યથાર્થ નામવાળા અભયકુમારે કહ્યું કે, ઉજ્જયિની નગરીનો પ્રદ્યોત ભલે મારા યુદ્ધનો અતિથિ થાય, તેમાં શી ચિંતા છે? વળી જો કદિ તેને પરાસ્ત કરવાનું કામ બુદ્ધિસાધ્ય લાગશે તો હું શસ્ત્રાશસ્ત્રની કથા સાથે તેમાં મારી બુદ્ધિને પણ યોજીશ, કારણ કે "બુદ્ધિ શત્રુનો વિજય કરવામાં કામધેનુ જેવી છે."

પછી અભયકુમારે શત્રુના સૈન્યને નિવાસ કરવા યોગ્ય ભૂમિમાં લોઢાના સંપુટમાં સોનૈયા ભરી ભરીને દાટ્યા. એટલામાં તો સમુદ્રના જળથી ભૂગોળની જેમ પ્રદ્યોતરાજાના સૈનિકોએ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજગૃહીપુરીને ઘેરી લીધું. પછી અભયકુમારે દેવ જેવી મધુર વાણી બોલનારા ગુપ્ત પુરૂષદ્વારા પ્રદ્યોતરાજાની ઉપર એક ખાનગી લેખ મોકલ્યો. તેમાં લખ્યું કે, શિવાદેવી અને ચિલ્લણાની વચ્ચે હું જરા પણ ભેદ જોતો નથી, તેથી તમે પણ શિવાદેવીના સંબંધથી મારે માનવા યોગ્ય છો. હે ઉજ્જયિનીના રાજા ! તેજ કારણથી તમારૂં એકાંત હિત કરવાની ઇચ્છાથી હું તમને જણાવું છું કે, તમારી સાથેના બધા રાજાઓને શ્રેણિકરાજાએ ખુટવી દીધા છે. તેઓને સ્વાધીન કરવા માટે તેમણે પુષ્કળ સોનૈયા મોકલ્યા છે. જેથી તેઓ લાગ જોઈ તમને બાંધીને મારા પિતાને સોંપી દેશે. તેની ખાત્રીને માટે તેઓના વાસગૃહમાં તેઓએ સોનૈયા દાટ્યા હશે તે ખોદાવીને જોઈ લેજો. કેમકે દીપક છતાં અગ્નિને કોણ જુવે." આ પ્રમાણેનો પત્ર વાંચી તેણે એક રાજાના આવાસ નીચે ખોદાવ્યું, તો ત્યાંથી સોનૈયા નીકળ્યા, એટલે પ્રદ્યોતરાજાએ એકદમ ત્યાંથી પડાવ ઉઠાવી ઉજ્જયિની તરફ ભાગવા માંડ્યું. તેના નાસી જવાથી સર્વ સૈન્ય સાગરની જેમ ક્ષોભ પામી ગયું, એટલે મગધપતિએ તેમાંથી હાથી ઘોડા વિગેરે જેટલું લેવાય તેટલું લઈ લીધું. જીત્ર નાસિકાએ ચડાવીને પ્રદ્યોત રાજા તો વાયુવેગી અશ્વવડે ઉતાવળો પોતાની નગરીમાં પેસી ગયો. તેની સાથે જે મુગટબદ્ધ રાજાઓ અને બીજા મહારથી હતા તેઓ પણ કાગડાની જેમ નાસી ગયા. કારણકે 'નાયક વગરનું સૈન્ય હણાયેલુંજ છે.' કેશ બાંધવાનો પણ અવકાશ ન મળવાથી છુટા કેશ તેમજ છત્ર વગરના મસ્તકવડે નાસતા તેઓ પ્રદ્યોતરાજાની પછવાડે ઉજ્જયિનીમાં આવી પહોંચ્યા. પછી પરસ્પર વાતચિત થતાં 'આ બધી અભયકુમારની માયા છે, અમે ખુટ્યા નથી.' એમ કહી તેઓએ સોગન ખાઇને પ્રદ્યોતરાજાની ખાત્રી કરી આપી.

એકદા ઉજ્જયિનીના રાજા પ્રદ્યોતે ક્રોધપૂર્વક સભા વચ્ચે કહ્યું કે, 'જે કોઈ અભયકુમારને બાંધી લાવીને મને સોંપશે તેને હું ખુશી કરીશ.' તે વખતે કોઈ એક ગણિકા હાથ ઉંચો કરીને બોલી કે "એ કામ કરવામાં હું સમર્થ છું." તે સાંભળી પ્રદ્યોતરાજાએ તેને આજ્ઞા કરી કે, 'તે કામ તું કર, તારે જેટલી જોશે તેટલી દ્રવ્ય વિગેરેની સહાય હું આપીશ.' તેણીએ વિચાર્યું કે, 'અભયકુમાર બીજા કોઈ ઉપાયોથી પકડાશે નહીં', તેથી ધર્મનું છળ કરીને મારૂં કાર્ય સાધ્ય કરૂં.' આમ વિચારી તેણીએ બીજી બે યુવાન સ્ત્રીઓની માગણી કરી. રાજાએ તે આપી અને પુષ્કળ દ્રવ્ય આપ્યું. પછી તે ત્રણે સ્ત્રીઓ કોઈ સાધ્વીની આદરપૂર્વક ઉપાસના કરીને ઘણી ઉગ્ર બુદ્ધિવાળી હોવાથી થોડા વખતમાં બહુશ્રુત થઈ, ત્રણ જગતને છેતરવાને માયાની ત્રણ મૂર્ત્તિ હોય તેવી તે ત્રણે શ્રેણિકના નગરમાં આવી. તે વારાંગનાઓએ નગરની બહાર ઉદ્યાનમાં નિવાસ કર્યો, અને પછી ચૈત્યોના દર્શન કરવાની ઇચ્છાએ તેણીઓ શહેરમાં આવી. અતિશય વિભૂતિવડે નૈષેધિકી વિગેરે ક્રિયા કરીને અને પ્રભુની પૂજા કરીને તેમણે માલકોશ વિગેરે રાગરાગણીમાં પ્રભુની સ્તુતિ કરવા માંડી. તે વખતે દેવ વાંદવાની ઈચ્છાએ અભયકુમાર ત્યાં આવેલ હતા, તેણે પોતાની આગળ પ્રભુની સ્તવના કરતી તે ત્રણે સ્ત્રીઓને દીઠી. તેથી 'મારા પ્રવેશથી આ શ્રાવિકાઓને દેવભક્તિમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિઘ્ન ન થાઓ.' એમ ધારી તે દ્વારની પાસેજ ઉભો રહ્યો. રંગમંડપમાં પેઠો નહીં. પછી મુક્તાશુક્તિ મુદ્રાવડે પ્રણિધાન સ્તુતિ કરીને તે ઉભી થઈ, એટલે અભયકુમાર અંદર આવ્યો, અને તેની સુંદર ભાવના, સુંદર વેષ અને ઉપશમ ભાવ જોઈ, તેની પ્રશંસા કરી આનંદપૂર્વક બોલ્યા કે, "ભદ્રે! સારે ભાગ્યે મને તમારા જેવા સાધર્મિકનો સમાગમ થયો છે. "આ સંસારમાં વિવેકીઓને સાધર્મી જેવો કોઈ બંધુ નથી. તમે કોણ છો! અહિં કેમ આવ્યા છો? નિવાસ કયાં કર્યો છે? આ બીજી બે સ્ત્રીઓ કોણ છે? કે જેમનાથી સ્વાતિ અને અનુરાધા નક્ષત્રવડે ચંદ્રલેખાની જેમ તમે શોભો છો." તે કપટશ્રાવિકા બોલી–" ઉજ્જયિનીનગરીના એક ધનાઢ્ય વ્યાપારીની હું વિવાહિત થયેલી વિધવા સ્ત્રી છું. આ બે મારી પુત્રવધૂ છે, તે પણ કાળધર્મથી ભગ્ન વૃક્ષવાળી લતાની જેમ વિધવા થવાથી નિસ્તેજ થયેલી છે. તેઓએ વિધવા થતાંજ વ્રતને માટે મારી રજા માગી હતી, કારણ કે 'વિધવા થયેલી સતીઓનું શરણ વ્રતજ છે.' ત્યારે મેં કહ્યું છે કે, વૃદ્ધ નહીં થયેલી[1] એવી હું પણ વ્રતનેજ ગ્રહણ કરીશ. પરંતુ હાલ તો તીર્થયાત્રાવડે ગૃહસ્થપણાનું ફળ ગ્રહણ કરીએ, કારણ કે વ્રત લીધા પછી તો ભાવપૂજા થાય છે, દ્રવ્યપૂજા થતી નથી. એવું ધારીને હું મારી બંને પુત્રવધૂને સાથે લઇને તીર્થયાત્રાને માટે નીકળી છું." અભયકુમાર બોલ્યા કે, "તમે આજે મારા અતિથિ થાઓ, સાધર્મીઓનું આતિથ્ય તીર્થથી પણ અતિ પવિત્ર છે.' તે સાંભળીને તેણી અભયકુમાર પ્રત્યે બોલી કે, 'તમે યુક્ત કહો છો, પણ આજે તો અમે તીર્થોપવાસ[2] કર્યો છે, તેથી તમારા અતિથિ શી રીતે થઈએ?' આવી તેમની વૃત્તિ જોઈ વિશેષ ખુશી થયેલા અભયે કહ્યું કે, 'ત્યારે કાલે પ્રાતઃકાળે અવશ્ય મારે ઘેર આવજો.' તે બોલી કે– "એક ક્ષણમાં પણ પ્રાણી પોતાનો જન્મ પૂર્ણ કરે છે, તો 'હું કાલે પ્રાતઃકાળે આમ કરીશ' એમ સદ્બુદ્ધિવાળો મનુષ્ય કેમ બોલે?" 'વારૂ, ત્યારે આજે તો ભલે તેમ થાઓ, કાલે પ્રાતઃકાળે ફરીને હું આમંત્રણ કરીશ.' એમ ચિંતવી અભયકુમાર તેમને વિદાય કરી ચૈત્યવંદન કરી પોતાને ઘેર ગયો.

બીજે દિવસે પ્રાતઃકાળે અભયકુમારે તેમને નિમંત્રણ કર્યું અને ગૃહચૈત્યની વંદના કરાવી ભોજન કરાવીને પુષ્કળ વસ્ત્ર વિગેરે આપ્યું. અન્યદા તે કપટશ્રાવિકાએ અભયકુમારને નિમંત્રણ કર્યું. તેથી તે નમ્ર થઈને તેણીને ઉતારે ગયો. "તેવા સજ્જનો સાધર્મિક બંધુના આગ્રહથી શું ન કરે." તેણે વિવિધ પ્રકારના ભોજનવડે અભયકુમારને જમાડ્યા. અને ચંદ્રહાસસુરાએ મિશ્રિત જળનું પાન કરાવ્યું; તેથી અભયકુમાર જમીને તત્કાળ સુઈ ગયો. 'મદ્યપાનની પ્રથમ સહચરી નિદ્રાજ છે.' પછી સ્થાને સ્થાને સંકેત કરી રાખેલા રથવડે તે દુર્લભ કપટવાળી વેશ્યાએ અભયકુમારને ઉજ્જયિનીનગરીમાં પહોંચાડી દીધા. અહીં પાછળ શ્રેણિકરાજાએ તરતજ અભયની શોધ કરવાને માટે સ્થાને સ્થાને માણસો મોકલ્યા. તેઓએ

૧ વૃદ્ધ થયા અગાઉ. ૨ કોઈ પણ નવા તીર્થે જવું ત્યારે પ્રથમ દિવસે ઉપવાસ કરવાની પ્રવૃત્તિ (વિધિ) છે.

જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શોધતાં શોધતાં તે કપટીશ્રાવિકા પાસે જઈને પૂછ્યું કે, 'અહીં અભયકુમાર આવ્યા હતા ?' તે બોલી કે 'હા, અહીં આવ્યા હતા ખરા, પણ તે તો તત્કાળ પાછા ચાલ્યા ગયા છે.' તેણીનાં વચનની પ્રતીતિથી તે શોધ કરનારા બીજે શોધવા ગયા. પછી તે કપટીશ્રાવિકા સ્થાને સ્થાને રાખેલા અશ્વોવડે અવંતીમાં આવી પહોંચી. તે પ્રચંડ રમણીએ **ચંડપ્રદ્યોતને** અભયકુમાર સોંપી દીધો. પછી અભયકુમારને જે ઉપાયવડે તે લાવી હતી તે ઉપાયનું સ્વરૂપ કહી બતાવ્યું. એટલે પ્રદ્યોતે કહ્યું કે, 'તું આ ધર્મના વિશ્વાસી અભયકુમારને ધર્મના કપટથી પકડી લાવી તે કાંઈ ઠીક કર્યું નહીં.' પછી રાજાએ અભયકુમારને કહ્યું કે—'સીત્તેર વાતોના કહેનારા તારા જેવા નીતિજ્ઞ પુરૂષને પણ શુક પક્ષીને માર્જારી પકડી લાવે તેમ આ સ્ત્રી પકડી લાવી.' અભયકુમારે કહ્યું કે, 'તમેજ એક આ જગતમાં બુદ્ધિમાન્ છો કે જેની આવી બુદ્ધિથી રાજધર્મ વૃદ્ધિ પામે છે.' તે સાંભળી ચંડપ્રદ્યોત શરમાયો, તેમજ કોપાયમાન થયો, તેથી તેણે અભયકુમારને રાજહંસની જેમ કાષ્ટના પાંજરામાં નાખ્યો.

પ્રદ્યોતરાજાના રાજ્યમાં અગ્નિભીરૂ રથ, **શિવાદેવી** રાણી, અનલગિરિ હાથી અને લોહજંઘ નામે લેખ લઈ જનાર દૂત એ ચાર રત્નો હતા. રાજા વારંવાર લોહજંઘને ભૃગુકચ્છ નગરે મોકલતો હતો. તેના વારંવાર જવાઆવવાથી કલેશ પામેલા ત્યાંના લોકોએ વિચાર્યું કે, 'આ એક દિવસે પચવીશ યોજન આવે છે અને વારંવાર આપણી ઉપર નવા નવા હુકમો લાવ્યા કરે છે માટે તેને આપણે મારી નાખીએ.' આવો વિચાર કરી તેઓએ એક દિવસ તેના ભાતામાં વિષમિશ્રિત લાડુ મૂકયા ને સારા હતા તે લઈ લીધા. તે ભાતું લઈને લોહજંઘ અવંતી તરફ ચાલ્યો. કેટલોક માર્ગ ઉલ્લંઘન કરી કોઈ નદીના તટ ઉપર તે ભાતું ખાવા બેઠો. ત્યાં તેને અપશુકનોએ નિવાર્યો. વળી તે દૂર ગયો, ત્યાં પણ અપશુકનોએ નિવાર્યો. એટલે ભાતું ખાધા વિના અવંતીએ આવીને એ વૃત્તાંત તેણે પ્રદ્યોત રાજાને કહ્યો. રાજાએ અભયકુમારને બોલાવીને પૂછ્યું, એટલે તે બુદ્ધિમાને ભાતાની કોથળી મંગાવી સુંઘીને કહ્યું કે, 'આમાં તેવા પ્રકારના દ્રવ્ય સંયોગથી દૃષ્ટિવિષ સર્પ ઉત્પન્ન થયો છે. તેથી જો આ કોથળી લોહજંઘે છોડી હોત તો તે દગ્ધ થઈ જાત. માટે હવે આને અરણ્યમાં પરાઙ્મુખ રહીને મૂકી દ્યો.' રાજાએ તે પ્રમાણે મૂકાવ્યો, એટલે તેની દૃષ્ટિથી ત્યાંના વૃક્ષો દગ્ધ થઈ ગયા અને તે મૃત્યુ પામી ગયો. આ સઘળું જોઈ **ચંડપ્રદ્યોતે** અભયકુમારને કહ્યું કે' 'અભય ! તેં **લોહજંઘને** બચાવ્યો છે, તેથી છુટા થવાની માગણી વગર બીજું વરદાન માગ.' અભયકુમાર બોલ્યો કે, 'હું એ વરદાન થાપણરૂપેજ તમારી પાસે રાખું છું.'

સમુદ્રમાંથી લક્ષ્મીની જેમ ચંડપ્રદ્યોત રાજાને **અંગારવતી** રાણીથી **વાસવદત્તા** નામે એક પુત્રી હતી. ધાત્રીજને લાલન કરેલી તે પુત્રી અનુક્રમે સાક્ષાત્ રાજ્યલક્ષ્મીની જેમ રાજગૃહના આંગણામાં રમતી હતી. સર્વ લક્ષણવડે સંપૂર્ણ અને વિનયાદિ ગુણોથી યુક્ત એવી તે બાળાને અતિ વાત્સલ્યને લીધે પ્રદ્યોતરાજા પુત્રથી પણ અધિક માનતો હતો. તે બાળા ગુરૂની પાસેથી સર્વ કળા શીખી, માત્ર કોઈ યોગ્ય ગુરૂ વગર ગંધર્વવેદ શીખવો

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

બાકી રહ્યો. એક વખતે રાજાએ પોતાના બહુદૃષ્ટ અને બહુશ્રુત મંત્રીને પૂછ્યું કે, 'આ દુહિતાને ગંધર્વની શિક્ષામાં કોણ ગુરૂ થશે ?' મંત્રી બોલ્યો કે "જાણે તુંબરૂ ગંધર્વની બીજી મૂર્ત્તિ હોય તેવો ઉદયન નામે રાજા છે, તેની પાસે ગાંધર્વકળા બહુ અતિશયવાળી સંભળાય છે. તે વનમાં ગીતવડે મોહ પમાડીને મોટા ગજેંદ્રોને પણ બાંધી લે છે. જ્યારે તે વનમાં જઈને ગીત ગાય છે ત્યારે તેથી મોહ પામેલા ગજેંદ્રો જાણે સ્વાદિષ્ટ રસ પીતા હોય તેમ બંધનને પણ ગણતા નથી. ગીતના ઉપાયથી જેમ તે વનમાં હાથીઓને બાંધી લે છે તેમ તેને બાંધીને અહિં લાવવાનો પણ ઉપાય છે. તે કાર્ય માટે આપ જાણે સાચો હોય તેવો કાષ્ટનો એક હસ્તી કરાવો, તેમાં એવો યંત્રપ્રયોગ કરાવો કે જેથી તે ગતિ અને આસન વિગેરે ક્રિયાઓ કરે. તે કાષ્ટગજની મધ્યમાં શસ્ત્રધારી પુરૂષો રહે અને તેને યંત્રથી ચલાવે, પછી તે હાથીને જોઈને વત્સરાજ પકડવા આવે, એટલે તેને બાંધીને અંદરના પુરૂષો અહીં લઈ આવે. આ પ્રમાણે થવાથી કબજામાં આવેલ **ઉદયન**રાજા તમારી દુહિતા **વાસવદત્તા**ને ગાંધર્વવિદ્યા શીખવશે.'

રાજા સાબાશી આપવા સાથે તેના વિચારમાં સંમત થયો. એટલે મંત્રીએ સાચા હાથીથી પણ ગુણમાં અધિક એવો કાષ્ટનો હાથી કરાવ્યો. દંતઘાત, કર (સુંઢ)નો ઉત્ક્ષેપ, ગર્જના અને ગતિ વિગેરેથી વનચરોએ તેને કૃત્રિમ હાથી જાણ્યો નહીં. એટલે તેઓએ જઈને તે ગજેંદ્રના ખબર ઉદયન રાજાને આપ્યા. પછી ઉદયનરાજા તેને બાંધી લેવાને વનમાં આવ્યો. પરિવારને દૂર રાખી પોતે જાણે શકુન શોધતો હોય તેમ હળવે હળવે વનમાં પેઠો. તે માયાવી હાથીની પાસે આવીને કિંનરને પરાભવ કરે તેમ ઉંચે સ્વરે ગાવા લાગ્યો. જેમ જેમ ઉદયન અમૃત જેવું સ્વાદિષ્ટ ગાયન ગાવા લાગ્યો તેમ તેમ હાથીની અંદર રહેલા પુરૂષો તે કૃત્રિમ હસ્તીના અંગને સ્તબ્ધ કરવા લાગ્યા. **કૌશાંબી**પતિ ઉદયન તે ગજેંદ્રને પોતાના ગીતવડે મોહિત થયેલ જાણી અંધકારમાં ચાલતો હોય તેમ હળવે હળવે તેની પાસે આવ્યો. પછી 'આ હાથી મારા ગીતથી સ્તબ્ધ બની ગયો છે,' એમ ધારી તે રાજા વૃક્ષપર પક્ષીની જેમ છલંગ મારીને તેની ઉપર ચડી બેઠો. એટલે તત્કાળ પ્રદ્યોતરાજાના સુભટોએ હાથીના ઉદરમાંથી બહાર નિકળી વત્સરાજ (ઉદયન)ને હાથીના સ્કંધ ઉપરથી પાડીને બાંધી લીધો. એકલા, શસ્ત્ર વગરના એક વિશ્વાસી એવા ઉદયનને કુક્કરને શ્વાન ઘેરી લે તેમ સુભટોએ ઘેરી લીધો, તેથી તેણે કાંઈ પણ પરાક્રમ બતાવ્યું નહીં.

સુભટોએ ઉદયનને અવંતી લાવી ચંડપ્રદ્યોતને સોંપ્યો, એટલે રાજાએ તેને કહ્યું કે, 'મારે એક આંખવાળી પુત્રી છે, તેને તમે તમારી ગંધર્વકળા શીખવો. મારી દુહિતાને અભ્યાસ કરાવવાથી તમે મારા ઘરમાં સુખે રહી શકશો, નહિં તો બંધનમાં આવવાથી તમારૂં જીવિતવ્ય મારે આધિન છે.' ઉદયને વિચાર કર્યો કે, "હાલ તો આ કન્યાને અભ્યાસ કરાવીને હું કાળ નિર્ગમન કરૂં. કેમકે જીવતો નર ભદ્ર જુવે છે." આ પ્રમાણે ચિત્તમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિશ્ચય કરીને **વત્સરાજે ચંડપ્રદ્યોત**ની આજ્ઞાને કબુલ કરી. "જે સમયને જાણે તેજ પુરૂષ છે." પછી ચંડપ્રદ્યોતે કહ્યું, 'મારી દુહિતા કાણી છે, માટે તું તેને કદિ પણ જોઈશ નહીં', જોઈશ તો તે લજ્જા પામશે.' આ પ્રમાણે **ઉદયન**ને કહીને તે અંતઃપુરમાં ગયો અને રાજકુમારીને કહ્યું કે, "તારે માટે ગાંધર્વવિદ્યા શીખવનાર ગુરૂ આવેલ છે, પણ તે કુષ્ટી છે, માટે તારે તેને પ્રત્યક્ષ જોવો નહીં." કન્યાએ તે વાત સ્વીકારી. પછી **વત્સરાજે** તેણીને ગાંધર્વવિદ્યા શીખવવા માંડી. પરંતુ **પ્રદ્યોત**રાજાએ બંનેને ઠગેલા હોવાથી તેઓ એક બીજાની સામું જોતા નહીં. એક વખતે 'હું આને જોઉં તો ઠીક' એમ **વાસવદત્તાના** મનમાં આવ્યું; તેથી તે ભણવામાં શૂન્ય મનવાળી થઈ ગઈ. કેમકે 'મનને આધીન ચેષ્ટા થાય છે.' વત્સરાજે તે વખતે અભ્યાસમાં શૂન્યતા જોઈને અવંતીપતિની કુમારીને તરછોડીને કહ્યું કે, 'અરે કાણી શીખવામાં ધ્યાન નહીં આપીને તું ગાંધર્વશાસ્ત્રનો કેમ વિનાશ કરે છે? શું તું દુઃશિક્ષિતા છું?' આવા તિરસ્કારથી કોપ પામીને તેણીએ વત્સરાજને કહ્યું કે, 'શું તું જાતે કુષ્ટી છું તે જોતો નથી કે મને મિથ્યા કાણી કહે છે.' વત્સરાજે વિચાર્યું કે 'જેવો હું કુષ્ટી છું, તેવીજ આ કાણી હશે, અર્થાત્ તે બંને વાત ખોટી જણાય છે. માટે અવશ્ય તેને જોઉં.' આવો વિચાર કરી ચતુર ઉદયને તરતજ મધ્યમાં રહેલ વસ્ત્રનો પડદો દૂર કર્યો, એટલે વાદળાંમાંથી મુક્ત થયેલ ચંદ્રલેખા જેવી વાસવદત્તા તેના જોવામાં આવી. વાસવદત્તાએ પણ લોચન વિસ્તારીને સાક્ષાત્ કામદેવ જેવા સર્વાંગ સુંદર ઉદયનકુમારને જોયો. વાસવદત્તાએ અને વત્સરાજે પરસ્પર જોઈને અનુરાગની સમૃદ્ધિને સૂચવનારૂં હાસ્ય કર્યું. પ્રદ્યોતકુમારી બોલી કે–'હે સુંદર! મને ધિક્કાર છે કે મારા પિતાએ છેતરવાથી અમાવાસ્યા તરીકે ગણાયેલા ચંદ્રની જેમ મેં તમને આજ સુધી જોયા નહીં. હે કલાચાર્ય! તમે તમારી કળા જે મારામાં સંક્રમિત કરી છે તે તમારા ઉપયોગમાંજ આવો. અર્થાત્ તમે જ મારા પતિ થાઓ.' વત્સરાજે કહ્યું કે, 'ભદ્રે! તું કાણી છું એમ કહીને તારા પિતાએ મને પણ તને જોવાથી નિવાર્યો અને આજ દિન સુધી છેતર્યો. હે કાંતે! હાલ તો અહિં રહેતાં આપણો યોગ થાઓ. પછી જ્યારે સમય આવશે ત્યારે અમૃતને ગરૂડ લઈ ગયો તેમ હું તને હરી જઈશ.' આ પ્રમાણે સ્વયંદૂતીપણું કરી ચાતુર્યયુક્ત આલાપસંલાપ કરતાં તેમને મનના સંયોગની સ્પર્ધા કરતો હોય તેમ શરીરસંયોગ પણ થઈ ગયો. વાસવદત્તાની વિશ્વાસપાત્ર **કાંચનમાળા** નામે એક ધાત્રી દાસી હતી, તે એકજ આ બંનેનું ચરિત્ર જાણતી હતી. તે એકજ દાસીથી સેવાતા હોવાથી તે બંનેનું દાંપત્ય કોઈએ પણ જાણ્યું નહીં, એટલે તેઓ સુખે સુખે કાળ નિર્ગમન કરવા લાગ્યા.

એક વખતે અનલગિરિ હાથી બંધનસ્થાન તોડી મહાવતોને પાડી નાખીને સ્વેચ્છાએ છૂટો થઈ ગયો અને જ્યાં ત્યાં ભમતો છતો નગરજનોને ક્ષોભ કરવા લાગ્યો. તેથી 'આ અવશ થયેલા હાથીને શી રીતે વશ કરવો?' એમ રાજાએ અભયકુમારને પૂછ્યું, એટલે તેણે કહ્યું કે, 'ઉદયનની પાસે ગાયન કરાવો, તેથી તે વશ થશે.' પ્રદ્યોતે ઉદયનને કહ્યું કે,

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

અનલગિરિ હાથીની પાસે જઈ ગાયન કરો.' **ઉદયને વાસવદત્તા**ની સાથે હાથી પાસે જઈને ગાયન કર્યું. તે ગાયન સાંભળી હાથી સ્તબ્ધ થઈ ગયો, એટલે તેને બાંધી લીધો. રાજા પ્રદ્યોતે **અભયકુમાર**ને બીજી વાર વરદાન આપ્યું. અભયકુમારે તેને પણ પૂર્વની જેમ થાપણ તરીકેજ રહેવા દીધું.

એક વખતે ઉજાણીને નિમિત્તે **ચંડપ્રદ્યોત**રાજા અંતઃપુર પરિવાર સહિત મહર્દ્ધિક નગરજનોની સાથે ઉદ્યાનમાં ગયો હતો. તે સમયે **યોગંધરાયણ** નામે **ઉદયન** રાજાનો મંત્રી તેમને છોડાવી લઈ જવાનો ઉપાય ચિંતવતો માર્ગમાં ફરતો હતો. તેને આજ ઉપાય મળી જવાથી તે પોતાની બુદ્ધિના વૈભવની ગરમીને અંતરમાં જીરવી શક્યો નહીં, તેથી બોલી ઉઠ્યો. "પ્રાયઃ જે મનમાં હોય તેજ વચનમાં આવે છે." તે બોલ્યો કે, 'તે વિશાળ લોચનવાળી સ્ત્રીને મારા રાજાને માટે જો હું ન હરી જાઉં તો મારૂં નામ યોગંધરાયણ નહીં.' માર્ગે જતાં ચંડપ્રદ્યોતરાજાએ તેની આ ગર્વિષ્ટ વાણી સાંભળી તેથી દુષ્ટ કટાક્ષ ભરેલા નેત્રે તેની સામે જોયું. ચેષ્ટાઓથી હૃદયભાવને જાણનારા યોગંધરાયણે તરતજ પ્રદ્યોતરાજા કોપાયમાન થયાનું જાણી લીધું. તેથી તાત્કાળિક બુદ્ધિવાળાઓમાં અગ્રેસર એવા તેણે પોતે કૌશાંબીપતિના કબજામાં આવી ગયો હતો તેમાંથી છૂટા થવા માટે આ પ્રમાણે ઉપાય કર્યો. તત્કાળ પહેરવાનું વસ્ત્ર કાઢી નાખી માથાપર મૂક્યું અને પ્રેત જેવી વિકૃત આકૃતિ કરી મૂત્રોત્સર્ગ કરતો તે 'પોતાને ભૂત વળગ્યું છે' એમ જણાવવા લાગ્યો. તે જોઈ 'આ કોઈ પિશાચકી[1] છે' એવું ધારીને રાજાએ તરતજ કોપનો નિગ્રહ કર્યો, એટલે મહાવતે પણ હાથીને આગળ ચલાવ્યો.

ચંડપ્રદ્યોત રાજાએ સુંદર ઉદ્યાનમાં જઈ કામદેવરૂપ ઉન્મત્ત હસ્તીને ઉત્તેજિત કરવાના મહા ઔષધરૂપ ગાંધર્વગોષ્ટી શરૂ કરી. કૌતુકી એવા પ્રદ્યોતરાજાએ ગાંધર્વવિદ્યાની નવીન કુશળતા જોવાને માટે **વાસવદત્તાને** અને **વત્સરાજને** પણ ત્યાં બોલાવ્યા. તે વખતે વત્સરાજે વાસવદત્તાને કહ્યું કે, 'હે શુભમુખી બાલા! આજે વેગવતી હાથિણી ઉપર બેસીને નાસી જવાનો આપણને વખત મળ્યો છે.' તે સાંભળી ઉજ્જયિનીપતિની દુહિતાએ ઉદયન રાજાની આજ્ઞાથી તત્કાળ વેગવતી હાથિણી સજ્જ કરીને મંગાવી. જ્યારે હાથિણીને તંગ બાંધવા માંડ્યો ત્યારે તે હાથિણીએ ગર્જના કરી. તે સાંભળી કોઈ અંધ જોષીએ કહ્યું કે, 'તંગ બાંધતાં જે હાથિણીએ ગર્જના કરી છે, તે સો યોજન જઈને પોતાના પ્રાણનો ત્યાગ કરશે.' પછી ઉદયનની આજ્ઞાથી વસંત મહાવતે હાથિણીને બંને પડખે ચાર તેના મૂત્રના ઘડાઓ બાંધ્યા. પછી વત્સરાજ, ઘોષવતીર[2], વાસવદત્તા, કાંચનમાળા ધાત્રી અને વસંત મહાવત એ પાંચે જણા વેગવતી હાથિણી ઉપર આરૂઢ થયા. એટલામાં યોગંધરાયણે આવીને ઉદય-

---

૧ પિશાચ વળગેલ હોય તેવો મનુષ્ય. ૨ ઘોષવતી વીણા જેના હાથમાં છે તે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નને હાથવતી સંજ્ઞા કરીને કહ્યું કે, 'ચાલ્યા જાઓ, ચાલ્યા જાઓ.' પછી તે ચાલતાં ચાલતાં બોલ્યો કે-"આ વાસવદત્તા, કાંચનમાળા, વસંતક, ઘોષવતી અને વત્સરાજ વેગવતી હાથિણી ઉપર બેસીને જાય છે." ઘણા વેગથી હાથિણીને ચલાવતાં વત્સરાજ પણ સર્વને જાણીતો થયો. ગુપ્તપણે નાસી જઇને તેણે ક્ષત્રિયવ્રતને લોપ્યું નહીં.

આ પ્રમાણે પાંચ જણની સાથે **ઉદયન** જતા રહ્યાની ખબર જાણી જાણે પાશક્રીડા કરતો હોય તેમ પ્રદ્યોત હાથ ઘસવા લાગ્યો. પછી મહા પરાક્રમી ઉજ્જયનીપતિએ તરતજ અનલગિરિ હાથીને તૈયાર કરાવી, તેનાપર મહા યુદ્ધાઓને બેસાડીને તેના પછવાડે પકડી લાવવા રવાને કર્યો. એકદમ પચવીશ યોજન પૃથ્વીનું ઉલ્લંઘન કરી તે હાથી વેગવતી હાથિણીની નજીક આવી પહોંચ્યો. એટલે ઉદયને ભયંકર હાથીને દીઠો. તરત જ ચાર ઘડામાંથી એક મૂત્રનો ઘડો પૃથ્વી પર પછાડી ફોડી નાખ્યો. અને હાથિણીને હંકારી મૂકી. હાથિણીનું મૂત્ર સુંઘવા માટે અનલગિરિ હાથી ક્ષણવાર ઉભો રહ્યો. પછી જ્યારે ઘણા કષ્ટે હાંકયો, ત્યારે પાછો ઉદયનની પાછળ ચાલ્યો. બીજીવાર નજીક આવતાં બીજો મૂત્રનો ઘડો ફોડયો. એટલે વળી હાથી ક્ષણવાર અટકયો. એવી રીતે ચારે ઘડા ફોડી વત્સરાજે અનલગિરિ હાથીની ગતિને અટકાવી; અને ચાર કકડે સો યોજન પૃથ્વીને ઓળંગીને તે કૌશાંબી નગરીમાં પેસી ગયો. શ્રાંત થઈ ગયેલી હાથિણી તરતજ મૃત્યુ પામી ગઈ. પછી જેવામાં મૂત્રને સુંઘતો હાથી આવી પહોંચ્યો, તેવામાં તો કૌશાંબીપતિની સેના યુદ્ધ કરવાને તૈયાર થઈ સામી આવી. એટલે હાથી પર બેઠેલા મહાવતો અનલગિરિને પાછો વાળી જેમ આવ્યા હતા તેમજ પાછા ઉજ્જયિનીએ ચાલ્યા ગયા.

પછી કોપમાં યમરાજ જેવા રાજા **પ્રદ્યોતે** સૈન્યની તૈયારી કરવા માંડી, પણ ભક્ત એવા કુળમંત્રીઓએ તેને યુક્તિપૂર્વક સમજાવીને નિવાર્યો અને કહ્યું કે, "હે રાજન્! તમારે કોઈ યોગ્ય વરને કન્યા તો આપવીજ હતી, ત્યારે વત્સરાજથી અધિક એવો બીજો કયો જામાતા મેળવશો? વાસવદત્તા સ્વયંવરા થઈને તેને વરી તો હે સ્વામિન્! તેના પુણ્યથી તેને યોગ્ય વરની પ્રાપ્તિ થઈ એમ સમજો. માટે યુદ્ધની તૈયારી કરો નહીં, તેનેજ જામાતા માનો, કારણ કે તે વાસવદત્તાના કૌમારપણાને હરનાર થયો છે." આ પ્રમાણે મંત્રીઓએ સમજાવ્યો, એટલે તેણે હર્ષથી વત્સરાજ ઉપર જામાતૃપણાને યોગ્ય એવી કેટલીક વસ્તુઓ મોકલી.

એક વખતે ઉજ્જેણી નગરીમાં મોટી અગ્નિની લ્હાય લાગી. પ્રદ્યોતે તેની શાંતિનો ઉપાય **અભય**કુમારને પૂછયો, એટલે અભય બોલ્યો કે-'જેમ વિષનો ઉપાય વિષ છે, તેમ અગ્નિનો ઉપાય અગ્નિ છે, માટે બીજે કોઈ ઠેકાણે અગ્નિ પ્રજાળો કે જેથી તે અગ્નિ શાંત થશે.' રાજાએ તેમ કર્યું એટલે તે લ્હાય શાંત થઈ ગઈ. રાજાએ પ્રસન્ન થઈ ત્રીજું વરદાન આપ્યું, તે પણ અભયકુમારે થાપણ તરીકે રાખ્યું.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક વખતે ઉજ્જેણી નગરીમાં મહા મરકી ચાલી, તેની શાંતિને માટે રાજાએ અભયકુમારને પૂછયું, એટલે અભયકુમાર બોલ્યો કે–' તમે તમારા અંતઃપુરમાં આવો ત્યારે વિભૂષિત થયેલી તમારી સર્વ રાણીઓમાંથી જે રાણી તમને દૃષ્ટિથી જીતી લે તેનું નામ મને આપજો.' રાજાએ તેમ કર્યું, તે વખતે શિવાદેવીએ રાજાને દૃષ્ટિએ જીતી લીધો, રાજાએ તે વાત અભયકુમારને જણાવી. અભયકુમાર બોલ્યો કે–' એ મહારાણી શિવાદેવી પોતાને હાથે કૂરનું બલિદાન આપી ભૂતોની પૂજા કરે, જે ભૂત શિયાળને રૂપે સામે આવે અથવા આવીને બેસે તેના મુખમાં દેવીએ પોતાને હાથે કૂરબલિ ક્ષેપવવો.' શિવાદેવીએ તે પ્રમાણે કર્યું, એટલે તરતજ ઉત્પન્ન થયેલ અશિવ ( મહામારી )ની શાંતિ થઈ ગઈ. તેથી પ્રસન્ન થઈને રાજાએ ચોથું વરદાન આપ્યું. તે વખતે અભયકુમારે ચારે વરદાન ભેગાં માગ્યાં કે, ' તમે અનલગિરિ હાથી ઉપર મહાવત થઈને બેસો અને હું શિવાદેવીના ઉત્સંગમાં પાછળ બેસું. પછી અગ્નિભીરૂ રથને ભાંગી તેના કાષ્ટની ચિતા કરાવી તેમાં પ્રવેશ કરીએ.' આવા અભયકુમારે માગેલા વરદાનને આપવાને અસમર્થ એવા પ્રદ્યોતરાજાએ ખેદ પામી અંજલિ જોડીને અભયકુમારને છોડી મૂકી રાજગૃહી તરફ વિદાય કર્યો. ચાલતી વખતે અભયકુમારે પ્રતિજ્ઞા કરીને કહ્યું કે–' તમે તો મને છળથી પકડી મંગાવ્યો હતો પણ હું તો તમને ધોળે દિવસે નગરની વચમાંથી ' હું રાજા છું ' એવો પોકાર કરતાં હરી જઈશ. પછી અભયકુમાર અનુક્રમે રાજગૃહી નગરીએ આવ્યો, અને એ મહામતિએ કેટલોક કાળ નિર્ગમન કર્યો.

અન્યદા અભયકુમાર વણિકનો વેષ લઈ બે ગણિકાની રૂપવતી પુત્રીઓને સાથે રાખી અવંતી નગરીએ આવ્યો, અને રાજમાર્ગ ઉપર એક ઘર ભાડે લઈને રહ્યો. કોઈ સમયે માર્ગે જતાં પ્રદ્યોતે તે બે રમણીઓને જોઇ અને તેમણે પણ વિલાસપૂર્વક પ્રદ્યોતરાજાને નિરખ્યો. બીજે દિવસે તે રાગી રાજાએ તેમની પાસે એક દૂતી મોકલી. દૂતીએ આવીને ઘણી રીતે વિનંતી કરી પણ તેમણે રોષથી તેનો તિરસ્કાર કર્યો. બીજે દિવસે પણ તેણીએ આવીને પાછી રાજાને માટે પ્રાર્થના કરી, તે વખતે તેમણે કાંઈક ધીમેથી પણ રોષપૂર્વક અવજ્ઞા કરીને કાઢી મૂકી. ત્રીજે દિવસે તેણીએ ખેદ સાથે આવીને તેની માગણી કરી. ત્યારે તે બોલી કે–' આ અમારો સદાચારી ભ્રાતા અમારી રક્ષા કરે છે, પરંતુ તે આજથી સાતમે દિવસે બહાર ગામ જનાર છે તે વખતે રાજાએ અહિં ગુપ્ત રીતે આવવું, જેથી અમારો સંગ થશે.' અહિં અભયકુમારે પ્રદ્યોતરાજાની જેવાજ એક પોતાના માણસને કૃત્રિમ ગાંડો કરી રાખ્યો અને તેનું નામ પણ પ્રદ્યોત પાડયું. અભયકુમાર લોકોમાં તેને માટે વારંવાર કહેતો કે, " આ મારો ભાઈ ગાંડો થઈ ગયો છે, તે જેમ તેમ ભમે છે. મારે તેને મહા મુશ્કેલીએ જાળવવો પડે છે, શું કરવું તે કાંઇ સુઝતું નથી." અભયકુમાર પ્રતિદિન વૈદ્યને ઘેર લઈ જવાને બહાને તેને આર્ત્તની જેમ માંચા ઉપર સુવાડી બાંધીને રસ્તા વચ્ચેથી લઈ જતો હતો. તે વખતે પોકાર કરતો તે ગાંડો ઉન્મત્ત થઈને ઉંચે સ્વરે આંખમાં અશ્રુ લાવી કહેતો હતો કે, ' હું પ્રદ્યોત છું, મને આ હરી જાય છે.'

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હવે સાતમો દિવસ આવ્યો, એટલે પ્રદ્યોતરાજા ગુપ્તપણે અભયકુમારને ઉતારે આવ્યો. તત્કાળ અભયકુમારના સુભટોએ હાથીની જેમ તે કામાંધને બાંધી લીધો. પછી અભયે 'આને વધને ઘેર લઈ જઇએ છીએ' એમ કહી તે પોકારતે રહ્યો અને ધોળે દિવસે શહેરની વચ્ચે થઈ તેને ઉપાડયો. પ્રથમથી એક એક કોશ ઉપર સારા અશ્વવાળા રથ તૈયાર રાખેલા હતા, તેનાવડે નિર્ભય અભયકુમારે તેને રાજગૃહી નગરીએ એકદમ પહોંચાડી દીધો. પછી અભયકુમાર તેને શ્રેણિકરાજાની પાસે લેઈ ગયો, એટલે તત્કાળ શ્રેણિકરાજા ખડ્ગ ખેંચીને મારવા દોડયો. અભયકુમારે તેમને સમજાવ્યા એટલે તે શાંત થયા અને વસ્ત્રાભરણથી સન્માન કરીને તેમણે પ્રદ્યોતરાજાને હર્ષપૂર્વક વિદાય કર્યો.

એક વખતે કોઈ કઠીઆરાએ વિરક્ત થઈને ગણધર શ્રીસુધર્મા સ્વામી પાસે રાજગૃહીમાં દીક્ષા લીધી. પછી શહેરમાં ગોચરી વિગેરે કારણસર ફરતાં તેની પૂર્વાવસ્થાને જાણનારા નગરીના લોકો સ્થાને સ્થાને તેનો તિરસ્કાર, મશ્કરી અને નિંદા કરવા લાગ્યા. એવી અવજ્ઞાને સહન નહીં કરી શકવાથી તેણે ત્યાંથી વિહાર કરવા શ્રી સુધર્માસ્વામીને જણાવ્યું. સુધર્માસ્વામીએ વિહાર કરવાનો વિચાર અભયકુમારને જણાવ્યો. અભયકુમારે તેનું કારણ પૂછયું. તેના જવાબમાં સુધર્માસ્વામીએ પૂર્વોક્ત કારણ જણાવ્યું. પછી અભયકુમારે એક દિવસ રહેવાની માગણી કરી, એટલે સુધર્માસ્વામી કઠીઆરા મુનિ સાથે ત્યાં રોકાયા.

બીજે દિવસે અભયકુમારે રાજ્ય ભંડારમાંથી ત્રણ કોટી રત્નો કઢાવી, રસ્તા વચ્ચે તેનો ઢગલો કરાવી પડહ વગડાવીને એવી આઘોષણા કરાવી કે, 'હે લોકો! અહિં આવો, હું તમને આ ત્રણ કોટી રત્ન આપું.' તે સાંભળી બેસુમાર લોકો ત્યાં એકઠા થયા. પછી તેણે કહ્યું કે, 'જે પુરૂષ સચિત્ત જળ, અગ્નિ અને સ્ત્રીનો સર્વથા ત્યાગ કરે, તેનો આ રત્નરાશિ છે.' ત્યારે તેઓ બોલ્યા કે–'સ્વામિન્! એવું લોકોત્તર કાર્ય કરવાને કોણ સમર્થ છે?' અભયકુમાર બોલ્યો કે–'જો તમારામાં કોઈ તેવો ન હોય તો જળ, અગ્નિ અને સ્ત્રીને સર્વથા વર્જનાર આ કાષ્ઠહારી (કઠીઆરા) મુનિનો આ રત્નરાશિ થાઓ.' તેઓ બોલ્યા–'અરે! શું આ સાધુ એવા ત્યાગી અને દાનપાત્ર છે? અમોએ તેનું વૃથા ઉપહાસ્ય કર્યું.' પછી અભયકુમારે આજ્ઞા કરી કે,–'હવે પછી એ મુનિનો કોઇએ તિરસ્કાર કે હાસ્ય કરવું નહિ.' લોકો તે વાત સ્વીકારીને પોતપોતાને સ્થાનકે ગયા.

આ પ્રમાણે બુદ્ધિનો મહાસાગર અને પિતૃભક્તિમાં તત્પર એવો અભયકુમાર નિઃસ્પૃહ અને ધર્માસક્તપણે પિતાનું રાજ્ય ચલાવતો હતો. પોતે ધર્મમાં પ્રવર્તતો હતો તેથી પ્રજા પણ ધર્મમાં પ્રવર્તતી હતી. કારણ કે "પ્રજા અને પશુઓની પ્રવૃત્તિ ગોપ (પક્ષે રાજા)ને આધીનજ હોય છે." અભયકુમાર જેવી રીતે બાર પ્રકારના રાજચક્રમાં જાગૃત રહેતો હતો, તેવીજ રીતે અપ્રમાદીપણે બાર પ્રકારના શ્રાવકધર્મમાં પણ જાગૃત રહેતો હતો. બંને લોકને સાધનારા તેણે જેમ દુર્જય એવા બહિર્ શત્રુઓને જીત્યા હતા, તેમજ અંતરના શત્રુઓને પણ જીત્યા હતા.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

એક વખતે **શ્રેણિકરાજાએ અભયકુમારને** કહ્યું કે, 'વત્સ! હવે તું રાજ્યનો આશ્રય કર, એટલે હું પ્રતિદિન શ્રી **વીરપ્રભુની** સેવાના સુખનો આશ્રય કરૂં.' પિતાની આજ્ઞાના ભંગથી અને સંસારથી ભીરૂ એવો અભયકુમાર બોલ્યો કે–'આપ જે આજ્ઞા કરો છો તે ઘટિત છે, પણ તેને માટે હજુ થોડીક રાહ જુઓ.' આવી વાત ચાલે છે તેવામાં શ્રી વીરપ્રભુ ઉદાયન રાજાને દીક્ષા આપી મરૂમંડળમાંથી ત્યાં આવીને સમવસર્યા. તે ખબર સાંભળી 'આજે મારે સારે નશીબે ભગવંત અહિં પધાર્યા' એમ વિચારી હર્ષ પામીને અભયકુમાર પ્રભુની પાસે આવ્યા અને ભગવંતને ભક્તિથી નમીને આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા–"હે સ્વામિન્! જો જીવનું એકાંત નિત્યપણું માનીએ તો કૃતનાશ અને અકૃતાગમ દોષ આવે છે અને એકાંત અનિત્યપણું માનીએ તોપણ કૃતનાશ અને અકૃતાગમ દોષ આવે છે. વળી જો આત્માનું એકાન્ત નિત્યપણું લઈએ તો સુખદુઃખનો ભોગ રહેતો નથી, અને એકાંત અનિત્યપણું લઈએ તોપણ સુખ દુઃખનો ભોગ રહેતો નથી, પુણ્ય અને પાપ તથા બંધ અને મોક્ષ જીવને એકાંત નિત્ય માનનારા દર્શનમાં સંભવતા નથી, તેમજ એકાંત અનિત્ય માનનારા દર્શનમાં પણ સંભવતા નથી. ક્રમ અને અનનુક્રમવડે જો જીવને નિત્ય માનીએ તો તેને અર્થક્રિયા ઘટતી નથી તેમજ જો એકાંત ક્ષણિકપણું માનીએ તોપણ અર્થક્રિયા ઘટતી નથી. તેથી હે ભગવન્! જો તમારા કહેવા પ્રમાણે વસ્તુનું નિત્યાનિત્ય સ્વરૂપ હોય તો તે યથાર્થ હોઈને તેમાં કોઈ પણ દોષ આવતો નથી. ગોળ કફને ઉત્પન્ન કરે છે અને સુંઠ પિત્તને ઉત્પન્ન કરે છે, પણ જો તે બંને ઔષધમાં હોય તો કાંઈ પણ દોષ ઉત્પન્ન થતો નથી. વળી અસત્ પ્રમાણની પ્રસિદ્ધિવડે એ વિરૂદ્ધ ભાવ એક ઠેકાણે ન હોય એમ કહેવું પણ મિથ્યા છે, કારણ કે કાબરચીત્રી વસ્તુમાં વિરુદ્ધ વર્ણનો યોગ નજરે દેખાય છે. વિજ્ઞાનનો એક આકાર તે વિવિધ આકારના સમુદાયથી થયેલો છે તે પ્રમાણે માનતાં પ્રાજ્ઞ એવો બૌદ્ધ અનેકાંત મતને તોડી શકતો નથી. 'એક અને અનેકરૂપ પ્રમાણ વિચિત્ર રીતે છે' એમ કહેવાથી વૈશેષિક મતવાળો એકાંત મતને તોડી શકતો નથી. વળી સત્ત્વાદિક વિરૂદ્ધ ગુણોથી ગુંથાયેલ આત્માને માનતાં સાંખ્ય મતવાળો પણ અનેકાંત મતને તોડી શકતો નથી, અને ચાર્વાકની વિમતિ કે સંમતિ મેળવવાની તો જરૂરજ નથી; કારણ કે તેની બુદ્ધિ તો પરલોક, આત્મા અને મોક્ષના સંબંધમાં મૂઢ થઈ ગયેલી છે. તેથી હે સ્વામિન્! તમારા કથન પ્રમાણે ઉત્પાદ, વ્યય અને ધ્રુવપણે ગોરસ વિગેરેની જેમ સિદ્ધ કરેલ વસ્તુ વસ્તુપણે રહેલ છે અને તે સર્વ રીતે માન્ય છે."

આ પ્રમાણે સ્તુતિ કરી પુનઃ પ્રભુને નમીને **અભયકુમારે** પૂછ્યું કે, 'હે સ્વામિન્! છેલ્લા રાજર્ષિ કોણ થશે?' પ્રભુ બોલ્યા કે, '**ઉદાયન રાજા**' અભયકુમારે ફરીથી પૂછ્યું, 'હે પ્રભુ! તે ઉદાયન રાજા કોણ?' એટલે પ્રભુએ ઉદાયનરાજાનું ચરિત્ર આ પ્રમાણે કહી સંભળાવ્યું.

**સિંધુસૌવીરદેશમાં વીતભય** નામે નગર છે, તે નગરમાં ઉદાયન નામે પરાક્રમી રાજા હતો. તે વિતભય વિગેરે ત્રણસોને ત્રેસઠ નગરનો અને સિંધુસૌવીર વિગેરે સોળ દેશનો સ્વામી હતો. **મહાસેન** વિગેરે દશ મુગટબદ્ધ રાજાઓનો નાયક હતો, અને બીજા પણ ઘણા સામાન્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજાઓનો નેતા[1] તેમજ વિજેતા[2] હતો. સમ્યગ્ દર્શનથી પવિત્ર અને તીર્થની પ્રભાવના કરનારી **પ્રભાવતી** નામે તેને એક પ્રભાવાળી[3] પત્ની હતી. તે પ્રભાવતીના ઉદરથી યુવરાજની ધુરાને ધારણ કરનાર **અભીચિ** નામે એક શ્રેષ્ઠ પુત્ર થયો હતો અને **કેશી** નામે તે રાજાને એક ભાણેજ હતો.

ચંપાનગરીમાં જન્મથીજ સ્ત્રીલંપટ **કુમારનંદી** નામે એક ધનાઢ્ય સોની રહેતો હતો. તે જે જે રૂપવતી કન્યાને જોતો કે સાંભળતો તેને તત્કાળ પાંચસો સોનૈયા આપી પરણતો હતો. એમ કરતાં અનુક્રમે તેને પાંચસો સ્ત્રીઓ થઈ હતી. તે ઈર્ષ્યાળુ સોની એક સ્તંભવાળા મહેલમાં તેની સાથે ક્રીડા કરતો હતો. તે સોનીને **નાગિલ** નામે એક અતિ વલ્લભ મિત્ર હતો. તે મુનિનો ઉપાસક અને શુદ્ધ પંચ અણુવ્રતનો ધારક હતો. એક વખતે પંચશૈલદ્વીપમાં રહેનારી બે વ્યંતર દેવીઓ શક્રઇંદ્રની આજ્ઞાથી તેમની સાથે નંદીશ્વર દ્વીપની યાત્રા કરવા ચાલી. તેમનો પતિ વિદ્યુન્માળી જે પંચશૈલ દ્વીપનો સ્વામી હતો, તે માર્ગે જતાં ચ્યવી ગયો. તેથી તે દેવીઓએ વિચાર્યું કે, 'આપણે કોઈ મનુષ્ય એવો શોધી કાઢીએ કે જે મરણ પામીને આપણો પતિ થાય.' આમ વિચારતી તેઓ ચંપાપુરી પાસે નીકળી, ત્યાં પાંચસો સ્ત્રીઓની સાથે ક્રીડા કરતો કુમારનંદી સોની તેમના જોવામાં આવ્યો. એટલે તેને પોતાનો પતિ કરવાની ઈચ્છાથી તે બંને તેની પાસે આવી, અને પોતાનું રૂપ દેખાડ્યું. તે જોઈ કુમારનંદી બોલ્યો કે–'તમે કોણ છો?' તેઓ બોલી કે, 'હે માનવ! અમે **હાસા** અને **પ્રહાસા** નામે દેવીઓ છીએ.' તેમને જોઈને તે સુવર્ણકાર તેનાપર મોહ પામી મૂર્છા પામ્યો. જ્યારે સંજ્ઞા આવી ત્યારે તેણે ક્રીડા કરવાની ઈચ્છાથી તેમની પ્રાર્થના કરી. તેઓ બોલી કે, 'તારે અમારી ઇચ્છા હોય તો તું પંચશૈલ દ્વીપમાં આવજે.' આ પ્રમાણે કહીને તે આકાશમાં ઉડી ગઈ. પછી તે સોનીએ રાજાને દ્રવ્ય આપીને શહેરમાં આવી રીતે પડહો વગડાવી આઘોષણા કરાવી કે, "જે મને પંચશૈલગિરિ ઉપર લઈ જશે તેને હું કોટી દ્રવ્ય આપીશ." કોઈ એક વૃદ્ધે પડહ છબીને તે ધન ગ્રહણ કર્યું, અને એક વહાણ તૈયાર કરાવી તેમાં પુષ્કળ ભાતું-વિગેરે ભર્યું. લીધેલું દ્રવ્ય પોતાના પુત્રોને વહેંચી આપ્યું. પછી તે વૃદ્ધ કુમારનંદી સાથે નાવમાં બેસી સમુદ્રમાર્ગે ચાલ્યો ઘણે દૂર ગયા પછી તે વૃદ્ધે કુમારનંદીને કહ્યું કે–"આ સમુદ્રના કીનારા ઉપર રહેલા પર્વતના પ્રત્યંત ભાગે જે આ વડનું વૃક્ષ દેખાય છે, તેની નીચે થઈને જ્યારે આ નાવ નીકળે ત્યારે તું તે વૃક્ષની ડાળીને વળગી જજે. પંચશૈલ દ્વીપમાંથી ત્રણ પગવાળા ભારંડપક્ષીઓ તે ઝાડ પર આવીને બેસશે. તેઓ સુઈ જાય એટલે તેમાંના એકના પગની સાથે તું વળગી પડજે. તારા શરીરને વસ્ત્રથી તેની સાથે ગાઢ રીતે બાંધી દૃઢ મુષ્ટિ ભીડજે. એટલે પ્રાતઃકાળે તે ભારંડપક્ષીની સાથે ઉડીને તું પંચશૈલદ્વીપે પહોંચી જઈશ. આ યાનપાત્ર મોટા વમળમાં પડી અથડાઈને ભાંગી જશે. તેથી જો તું વડ સાથે વળગીશ નહીં તો અહીંજ મૃત્યુ પામી જઈશ."

---

૧ સ્વામી. ૨ જીતનાર. ૩ કાંતિવાળી—રૂપવતી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુવર્ણકારે તેના કહેવા પ્રમાણે કર્યું, એટલે ભારંડપક્ષી તેને ઉપાડી ગયું. અને તે પંચશૈલદ્વીપે પહોંચ્યો. પંચશૈલમાં આવેલા તે સુવર્ણકારને જોઇ બંને દેવીઓ ખુશી થઈ. તેનાપર અનુરક્ત થઇને બોલી કે–'હે અનઘ! તારા આ મનુષ્યશરીરથી અમે ભોગ્ય થઈશું નહીં, માટે અગ્નિમાં પ્રવેશ કરવા વિગેરેથી તું પંચશૈલગિરિનો અધિપતિ થા.' તે સાંભળી 'હવે મારે શું કરવું અને ક્યાં જવું?' એમ સોનીએ કહ્યું, એટલે તેમણે હાથનો સંપુટ કરી તેને ચંપાનગરીના ઉદ્યાનમાં મૂક્યો. લોકોએ તેને ઓળખીને તેનો વૃત્તાંત પૂછ્યો, એટલે તેણે પોતાની કથા કહી સંભળાવી. પછી હાસા પ્રહાસાનું સ્મરણ કરીને તે અગ્નિમાં બળી મરવા તૈયાર થયો, એટલે તેના નાગિલ મિત્રે આવી પ્રતિબોધ આપ્યો કે, "તને કાપુરૂષને યોગ્ય એવા મરણે મરવું ઉચિત નથી. આ મનુષ્ય જન્મ દુષ્પ્રાપ્ય છે, તેને તુચ્છ ભોગફળ મેળવવાને માટે વૃથા હારી ન જા. 'રત્નને બદલે કોડી કોણ મૂર્ખ લે?' સુખભોગને અર્થે પણ તું અર્હત્ ધર્મનો આશ્રય કર, કેમકે સ્વર્ગ અને મોક્ષને આપનારો તે ધર્મ અર્થ અને કામમાં પણ કામધેનુ સમાન છે." આવી રીતે કહી નાગિલમિત્રે ઘણો વાર્યો, તોપણ તે અગ્નિપ્રવેશવડે મૃત્યુ પામી પંચશૈલનો અધિપતિ થયો.

પોતાના મિત્રનું આવું અપંડિત મૃત્યુ જોઈ નાગિલે નિર્વેદ પામી સદ્ય દીક્ષા ગ્રહણ કરી. નિરતિચાર ચારિત્ર પાળી કાળ કરીને તે અચ્યુત દેવલોકમાં દેવતા થયો. તેણે અવધિજ્ઞાનવડે પોતાના મિત્રને પંચશૈલમાં ઉત્પન્ન થયેલો જોયો. એકદા શ્રી નંદીશ્વરની યાત્રા કરવા દેવતાઓ જતા હતા, તેમની આજ્ઞાથી તે હાસા અને પ્રહાસા ગાયન કરવાને માટે સાથે ચાલી. તે વખતે ઢોલ વગાડવા માટે વિદ્યુન્માળીને કહ્યું. તે બોલ્યો કે 'શું મારી ઉપર સ્વામીનો હુકમ ચાલે છે?' આવા અહંકારથી મુખે હુંકારા કરતા તે વિદ્યુન્માળીના ગળામાં જાણે મૂર્તિમાન્ અભિયોગ્ય કર્મ હોય તેમ તે ઢોલ વળગી પડ્યો. હાથ પગની જેમ જાણે શરીર સાથે ઉત્પન્ન થયેલ અવયવ હોય તેમ તે ઢોલને લીધે તે ઘણો લજ્જા પામતો હતો, છતાં કોઈ રીતે ઉતરી શક્યો નહીં. તે વખતે હાસા પ્રહાસા બોલી કે–'અરે! અહીં જન્મ લેનારા પ્રાણીઓનું આ કર્મજ છે, માટે લજ્જા પામો નહીં, તમારે આ ઢોલ અવશ્ય વગાડવોજ પડશે.' પછી હાસા પ્રહાસાએ ગાયન કરવા માંડ્યું અને તે ઢોલને વગાડતો દેવતાઓની પાસે આગળ ચાલ્યો.

આ સમયે પેલો નાગિલ દેવ પણ યાત્રા કરવા જતો હતો, તેણે હાસા અને પ્રહાસાની સાથે તે દેવને ઢોલ વગાડતો જોયો; એટલે અવધિજ્ઞાનવડે તેને પોતાનો પૂર્વભવનો મિત્ર જાણી તેને કાંઇક કહેવા માટે તે તેની પાસે આવ્યો. પરંતુ સૂર્યની પ્રભાથી ઘુવડની જેમ તેના અંગની પ્રભાને સહન કરવાને અશક્ત એવો વિદ્યુન્માળી દેવ ત્યાંથી પલાયન કરવા લાગ્યો. તે જોઈ અચ્યુતદેવે સાયંકાળનાં સૂર્યની જેમ પોતાનું તેજ સંહારી વિદ્યુન્માળીને ઉભો રાખીને કહ્યું કે, 'મારી સામે જો, તું મને નથી ઓળખતો?' પટહધારી દેવતાએ કહ્યું, 'હું એવો કોણ છું જે તમારી જેવા મોટી ઋદ્ધિવાળા દેવોને તથા ઇંદ્રાદિકને પણ ન જાણું?' પછી અચ્યુતદેવે પૂર્વભવના શ્રાવકનું રૂપ લઈ હાસા પ્રહાંસા માટે મરણ પામતી વખતે તેને જે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રતિબોધ કર્યો હતો, તે યાદ આપીને કહ્યું કે, "હે મિત્ર! તે વખતે મારા ઉપદેશથી તેં આર્હત્ ધર્મનો આશ્રય કર્યો નહીં અને મૂઢ બુદ્ધિવડે પતંગની જેમ અગ્નિમાં પડીને મૃત્યુ પામ્યો અને હું તો જિનધર્મને જાણી-દીક્ષા પાળીને મૃત્યુ પામ્યો. એથી આપણા બંનેને પોતપોતાના પૂર્વકર્મનું આવું જુદું જુદું પરિણામ આવ્યું." તે સાંભળી પંચશૈલપતિ દેવને ઘણો નિર્વેદ ઉત્પન્ન થયો, તેથી તે બોલ્યો કે-'હે મિત્ર! હવે હું શું કરૂં?' ત્યારે **નાગિલદેવે** કહ્યું કે-"મિત્ર! તારા ગૃહસ્થપણાની ચિત્રશાળામાં કાયોત્સર્ગ મુદ્રાએ રહેલા ભાવયતિ શ્રી **મહાવીર** પ્રભુની મૂર્તિ કરાવ. હે બંધુ! એ આર્હતી પ્રતિમા કરાવ્યાથી તને આગામી ભવમાં બોધિબીજરૂપ મહા ફળની પ્રાપ્તિ થશે, કારણ કે રાગદ્વેષ અને મોહને જીતનારા એવા શ્રી અરિહંતની પ્રતિમા જે કરાવે તેને સ્વર્ગ તથા મોક્ષ આપનાર ધર્મની પ્રપ્તિ થાય છે. જિનપ્રતિમા કરાવનારને કુત્સિત જન્મ, કુગતિ, દારિદ્ર, દૌર્ભાગ્ય અને બીજું કોઇ પ્રકારનું કુત્સિતપણું પ્રાપ્ત થતું નથી."

વિદ્યુન્માળી દેવ આ પ્રમાણેની તેની આજ્ઞાને સ્વીકારી સત્વર **ક્ષત્રિયકુંડ** ગામે આવ્યો. ત્યાં તેણે કાયોત્સર્ગે રહેલા અમને જોયા. પછી મહા હિમવાન્ગિરિ ઉપર જઈ ગોશીર્ષ ચંદન છેદીને તે કાષ્ટની જેવી અમારી મૂર્ત્તિ તેણે જોઈ હતી તેવી સર્વ અલંકારયુક્ત પ્રતિમા તેણે બનાવી. પછી જાતિવંત ચંદન કાષ્ટના પોતે ઘડેલા સંપુટમાં ધનાઢ્ય જેમ ભંડારને ગોપવી રાખે તેમ તેણે તે પ્રતિમા સ્થાપિત રાખી. અન્યદા કોઈ એક વહાણ ઉત્પાત યોગથી છ માસ થયા સમુદ્રમાં ભમતું તે વિદ્યુન્માળીના જોવામાં આવ્યું. તેથી તત્કાળ તેનો ઉત્પાત સંહરીને તે વહાણવટીને પેલો પ્રતિમાવાળો સંપુટ આ પ્રમાણે કહીને અર્પણ કર્યો કે, "હે ભદ્ર! તારૂં કલ્યાણ થાઓ, તું ઉપદ્રવ રહિત સમુદ્રનો પાર પામી સિંધુસૌવીર દેશમાં આવેલા વીતભય નગરમાં જજે અને તે નગરના ચૌટામાં ઉભો રહી એવી આઘોષણા કરજે કે, 'આ દેવાધિદેવની પ્રતિમા કોઈ ગ્રહણ કરો, ગ્રહણ કરો.' વહાણવટીએ તે પ્રમાણે કબુલ કર્યું. પછી તે વહાણવટી તે પ્રતિમાના પ્રભાવથી તત્કાળ નદીની જેમ સમુદ્રને ઉતરી કાંઠે આવી પહોંચ્યો. ત્યાંથી સિંધુસૌવીર દેશમાં વીતભય નગરે આવી ચૌટામાં ઊભો રહીને તેણે પેલા દેવે કહ્યા પ્રમાણે આઘોષણા કરી. તે વખતે તાપસોનો પરમભક્ત ઉદાયન રાજા, કેટલાક ત્રિદંડીઓ, બ્રાહ્મણો તથા તાપસો ત્યાં આવ્યા. તેઓ વિષ્ણુ, બ્રહ્મા, શંકર કે બીજા પોતપોતાના ઇષ્ટદેવનું સ્મરણ કરી કુહાડાવતી તે કાષ્ટના સંપુટને તોડવા લાગ્યા. લોકોએ પણ પોતાની રૂચિ પ્રમાણે તેની સ્તુતિ કરી કરીને ઘણા પ્રહારો કર્યા પણ એ લોઢાના કુહાડા પણ જાણે કથિરના હોય તેમ ઉલટા ભાંગી ગયા. આવા આશ્ચર્યમાં પ્રસક્ત થયેલા રાજાને ત્યાં ઉભા રહેતાં લલાટ તપે તેવો મધ્યાહ્ન સમય થયો. પણ સંપુટ ઉઘડયો નહીં. એવામાં રાજાના ભોજનકાળનો અતિક્રમ થવાથી તેની રાણી પ્રભાવતીએ રાજાને બોલાવવા એક દાસીને મોકલી-'પતિભક્તા સ્ત્રીને તેમજ ઘટે છે.' રાજાએ તે આશ્ચર્ય જોવા માટે આવવાની પ્રભાવતીને આજ્ઞા કરી. એટલે રાણી ત્યાં આવી, તેણીએ હકીકત પૂછી એટલે રાજાએ કહી બતાવી. તે સાંભળી પ્રભાવતી

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

બોલી કે-" હે સ્વામિન્! બ્રહ્માદિક દેવો કાંઈ દેવાધિદેવ નથી, દેવાધિદેવ તો એક ભગવાન્ અરિહંત પરમાત્માજ છે. તેથી આ સંપુટમાં તે પ્રભુનીજ પ્રતિમા હશે તેમાં જરા પણ સંશય નથી. બ્રહ્માદિકના નામસ્મરણથી તે પ્રતિમા દર્શન આપતી નથી, પણ હું તે દેવાધિદેવના નામસ્મરણથી અરિહંત પ્રભુની પ્રતિમાને આમાંથી કાઢીને સર્વ લોકોને કૌતુક બતાવીશ." પછી પ્રભાવતી યક્ષકર્દમવડે સંપુટને સીંચી પુષ્પાંજલિ ક્ષેપન કરવાપૂર્વક પ્રણામ કરીને ઉંચે સ્વરે બોલી કે-' રાગ દ્વેષ અને મોહથી રહિત, તેમજ અષ્ટ પ્રાતિહાર્યથી આવૃત્ત એવા દેવાધિદેવ સર્વજ્ઞ અર્હંત મને દર્શન આપો.' આ પ્રમાણે બોલતાંજ તે પ્રતિમાવાળો સંપુટ પ્રાતઃકાળે કમળકોશ ઉઘડે તેમ સ્વયમેવ ઉઘડી ગયો. અને તેની અંદર રહેલી, ગોશીર્ષચંદનમયી, દેવનિર્મિત, અમ્લાન માલ્યને ધારણ કરતી, સર્વ અંગે સંપૂર્ણ અરિહંત પ્રભુની પ્રતિમા સર્વના જોવામાં આવી. તે સમયે અર્હંત્ શાસનની અત્યંત પ્રભાવના થઈ. પ્રભાવતી તેને નમીને આ પ્રમાણે સ્તુતિ કરવા લાગી કે-' સૌમ્ય દર્શનવાળા, સર્વજ્ઞ, અપુનર્ભવ, જગતના ગુરૂ, ભવ્ય જનને આનંદદાયક, અને વિશ્વને ચિંતામણિરૂપ હે અર્હંત્! તમે જય પામો.' પછી પ્રભાવતી તે વહાણવટીનો બંધુની જેમ સત્કાર કરીને તે પ્રતિમાને ઉત્સવપૂર્વક પોતાના અંતઃપુરમાં લઈ ગઈ. અને એક સુંદર ચૈત્ય કરાવીને તેમાં તે પ્રતિમાને પધરાવી. પછી ત્રિકાળ ગાનતાન પૂર્વક તે તેની પૂજા કરવા લાગી, એક વખતે પ્રભાવતીએ પતિની સાથે તે પ્રતિમાની હર્ષથી પૂજા કરીને નિર્દોષ સંગીતનો આરંભ કર્યો. તે વખતે રાજા વ્યંજન, ધાતુ, સ્વર અને રાગ સ્પષ્ટ કરતો શ્રવણ કરવા યોગ્ય વીણાને વગાડવા લાગ્યો અને પ્રભાવતી અંગહારને સ્પષ્ટ કરતી તેમજ સર્વ અંગના અભિનયને દેખાડતી તાંડવપૂર્વક પ્રીતિથી નૃત્ય કરવા લાગી. આ પ્રમાણે પ્રવર્તતાં એક સમયે રાજાએ ક્ષણવાર પ્રભાવતીના મસ્તકને જોયું નહીં અને રણભૂમિમાં હોય તેમ માત્ર તેના ધડને જ નાચતું જોયું. આ અનિષ્ટ જોવાથી રાજા તત્કાળ ક્ષોભ પામી ગયો. તેથી જાણે નિદ્રા આવી ગઈ હોય તેમ તેના કરમાંથી વીણા વગાડવાની કાંબી પડી ગઈ. અકસ્માત્ તાંડવ નૃત્યનો છેદ થવાથી રાણી ક્રોધ પામીને બોલી કે-' અરે સ્વામિન્! તમે વાદ્ય વગાડતાં બંધ કેમ થયા? શું હું તાળમાંથી ભ્રષ્ટ થઈ?' આ પ્રમાણે તેણીએ વારંવાર કાંબી પડી જવાનું કારણ પૂછયું, ત્યારે છેવટે રાજાએ જે જોયું હતું તે જણાવી દીધું. " સ્ત્રીનો આગ્રહ બળવાન્ છે." તે સાંભળી રાણી બોલી-' હે પ્રિય! આવા દુર્નિમિત્તથી મારૂં આયુષ્ય અલ્પ છે, એમ નિશ્ચય થાય છે. પણ જન્મથી અર્હંત્ ધર્મને પાળનારી એવી મને મૃત્યુનો કિંચિત્ પણ ભય નથી; ઉલટું તે દુર્નિમિત્તનું દર્શન મને તો આનંદનો હેતુ છે. કેમકે તે મને સર્વવિરતિ અંગીકાર કરવાનો સમય સૂચવે છે.' આ પ્રમાણે કહી હૃદય સાથે વિચાર કરતી પ્રભાવતી અંતઃપુરમાં ગઈ, પરંતુ અર્હદ્ધર્મના વચનથી જેના કાન અવિદ્ધ છે એવો રાજા તો કાંઈક મનમાં કચવાયો.

એક વખતે **પ્રભાવતીએ** સ્નાન શૌચ કરી દેવાર્ચનને માટે યોગ્ય એવાં વસ્ત્રો દાસી પાસે મંગાવ્યાં. દાસી વસ્ત્ર લાવી. ભાવી અનિષ્ટને લીધે રાણીએ તે વસ્ત્રને રક્ત જોયા. ' આ

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વસ્ત્રો પૂજાના સમયે અનુચિત છે' એમ ધારી રાણી દાસીપર ક્રોધ પામી, તેથી તેણે તત્કાળ દાસીપર ઘા કર્યો, તેટલા પ્રહારમાત્રથીજ તે મૃત્યુ પામી ગઈ. 'મૃત્યુની ગતિ વિષમ છે.' પછી તરતજ પ્રભાવતીએ તે વસ્ત્રને ઉજ્જવળ જોયા, તેથી ચિંતવવા લાગી કે, 'મને ધિક્કાર છે! મેં મારા પ્રથમ વ્રતને ખંડિત કર્યું. બીજા પંચેંદ્રિયનો વિઘાત કર્યો હોય તો તે પણ નરકનું કારણ છે, તો આ સ્ત્રીહત્યાની તો વાતજ શી કરવી? માટે હવે તો મારે ચારિત્ર અંગીકાર કરવું તેજ શ્રેયકારી છે.' પછી રાણીએ તે દુર્નિમિત્ત રાજાને જણાવી પોતે કરેલું સ્ત્રીહત્યાનું મહાપાપ અને પોતાને થયેલ વૈરાગ્ય પણ અંજળિ જોડીને જણાવ્યા. પછી પ્રાર્થના કરી કે, "હે સ્વામિન્! હું ખરેખર અલ્પાયુ છું, તેથી સર્વવિરતિને માટે મને હમણાજ આજ્ઞા આપો. પ્રથમ તમે મને મસ્તક વગરની જોઈ હતી અને હમણા મેં વસ્ત્રના રંગનો ફારફેર જોયો, આ બે દુર્નિમિત્ત થયા. આ બે દુર્નિમિત્તથી મને અલ્પાયુષ્યનો નિશ્ચય થાય છે, તેથી હવે અહિં સમયને યોગ્ય દીક્ષા ગ્રહણ કરવામાં મને વિઘ્ન કરશો નહીં." આવી રીતે જ્યારે તેણીએ ઘણા આગ્રહથી કહ્યું, ત્યારે રાજા બોલ્યો કે—'મહાદેવી! જે તમને રૂચે તે કરો. પણ હે દેવી! જો તમે દેવપણાને પામો તો જરૂર મને પ્રતિબોધ કરવા આવજો. મારે માટે ક્ષણવાર સ્વર્ગના સુખનો અંતરાય સહન કરજો.' તે વાત કબુલ કરીને પ્રભાવતી સર્વવિરતિપણું અંગીકાર કરી અનશન આરાધીને મૃત્યુ પામી અને પ્રથમ દેવલોકમાં મહર્દ્ધિક દેવતા થઈ.

जैन साईट
JAINSITE.com
જૈનમ જયતિ શાસનમ

દેવાધિદેવની પ્રતિમા જે અંતઃપુરના ચૈત્યમાં રાખી હતી તેને દેવદત્તા નામની **પ્રભાવતીની** કુબ્જા દાસી તેજ પ્રમાણે પૂજતી હતી. દેવતા થયેલ પ્રભાવતીએ ઉદાયનરાજાને ઘણી રીતે પ્રતિબોધ પમાડવા માંડ્યો પણ તે પ્રતિબોધ પામ્યો નહીં; તેથી અવધિજ્ઞાનવડે તેનો ઉપાય ચિંતવીને આ પ્રમાણે પ્રયોગ કર્યો. એક વખતે તે પ્રભાવતી દેવ તાપસને રૂપે હાથમાં દિવ્ય અમૃતફળ ભરેલું પૂર્ણપાત્ર લઈ ઉદાયનરાજા પાસે આવ્યો. એક તો તાપસ ને વળી તે આવી ઉત્તમ ભેટ લઇને આવ્યો, તેથી સોનું અને સુગંધ જેવું થયું, એમ ધારી તાપસના ભક્ત રાજાએ તે તાપસને ઘણું માન આપ્યું. પછી જાણે પરમાનંદના બીજ હોય તેમ પાકાં અને કર્પૂરની ખુશબોવાળાં તે ઈષ્ટ ફળ રાજાએ ભક્ષણ કર્યાં. તેથી પ્રસન્ન થઈને રાજાએ તે તાપસને પૂછ્યું કે, 'હે મહાશય! આવાં અપૂર્વ ફળ તમે ક્યાંથી મેળવ્યાં? તે સ્થાન મને બતાવો.' તાપસ બોલ્યો—'આ નગરની નજીકમાંજ દૃષ્ટિવિશ્રામ[1] નામે એક આશ્રમ છે, તેમાં આવાં ફળો થાય છે.' રાજાએ કહ્યું કે, 'ચાલો, મને તે આશ્રમ બતાવો.' પછી દેવતા રાજાને જાણે વિદ્યા આપવી હોય તેમ ત્યાંથી એકલોજ સાથે લઈ ચાલ્યો. થોડેક દૂર જઈને તેણે પોતાની દિવ્ય શક્તિથી તેવાંજ ફળોથી મનોરમ અને અનેક તાપસોથી વ્યાપ્ત એવું નંદનવન જેવું

---

૧ દૃષ્ટિને આનંદ આપે તેવો.—સુંદર.



www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

એક ઉદ્યાન બતાવ્યું. 'આ તાપસોનું વન છે, અને તેનાપર મારી ભક્તિ છે, તેથી હવે અહીં મારી ફળની ઇચ્છા પૂર્ણ થશે.' એવું ધારી રાજા વાનરની પેઠે ફળો લેવા દોડયો. એટલે તત્કાળ તે માયાવી તાપસો ક્રોધથી તેની સામે દોડી આવ્યા અને રાજાને મારવા માંડયો, તેથી ક્રોધ પામીને નષ્ટ બુદ્ધિવાળો રાજા ચોરની જેમ નાસવા લાગ્યો. નાસતાં નાસતાં તેણે આગળના ભાગમાં સાધુઓને ઉભેલા જોયા, તેમણે રાજાને 'ભય પામો નહિ' એમ કહ્યું, એટલે રાજા તેમને શરણે ગયો. તેમણે કરેલી આશ્વાસનાથી સ્વસ્થ થઈને રાજાએ ચિંતવ્યું કે, 'ધિક્કાર છે. આ ક્રૂર કર્મવાળા તાપસોને કે જેઓએ મને જન્મથીજ છેતર્યો છે.' પછી સાધુઓએ તેને શિક્ષા આપી કે, 'આ સંસારમાં એક ધર્મજ શરણુ કરવા યોગ્ય છે. તેથી ધર્માર્થી સદ્બુદ્ધિવાળા પુરૂષે દેવ, ધર્મ અને ગુરૂની પરીક્ષા કરવી. અઢાર દોષોથી મુક્ત હોય તેજ દેવ, જેમાં દયા મુખ્ય હોય તેજ ધર્મ અને બ્રહ્મચારી તથા આરંભ પરિગ્રહ રહિત હોય તેજ ગુરૂ કહેવાય છે.' ઈત્યાદિક ઉપદેશવડે તે સાધુઓએ રાજાને પ્રતિબોધિત કર્યો. તેથી હૃદયમાં કોતર્યો હોય તેમ જિનધર્મ તેના ચિત્તમાં સ્થિર થયો. પછી તે દેવો પ્રત્યક્ષ થઈ રાજાને અર્હંત્ ધર્મમાં સ્થાપન કરીને અંતર્ધાન થઈ ગયો એટલે રાજાએ પોતાને સભાસ્થાનમાંજ બેઠેલો જોયો. તે દિવસથી ઉદાયનરાજા દેવતત્ત્વ, ગુરૂતત્ત્વથી સમ્યક્ પ્રકારે અધિવાસિત થયો.

આ સમયમાં ગાંધાર દેશનો ગાંધાર નામે કોઈ પુરૂષ શાશ્વત પ્રતિમાને વાંદવાની ઈચ્છાએ વૈતાઢ્યગિરિ પાસે આવ્યો, અને વૈતાઢ્યગિરિના મૂળમાં ઉપવાસ કરીને બેઠો. એટલે શાસનદેવીએ સંતુષ્ટ થઈ તેના મનોરથને પૂર્ણ કર્યો. પછી કૃતાર્થ થયેલા તે પુરૂષને દેવીએ વૈતાઢ્યગિરિની તળેટીમાં મૂકયો અને ધારેલા મનોરથને આપનારી એકસોને આઠ ગોળીઓ તેને આપી. તેમાંથી એક ગોળી મુખમાં રાખી તેણે ચિંતવ્યું કે 'શ્રી વીતભય નગરમાં શ્રી દેવાધિદેવની પ્રતિમાની મારે વંદના કરવી છે.' એવું કહેજતાં તે વીતભય નગરે પહોંચ્યો. ત્યાં પેલી કુબ્જા દાસીએ તેને દેવાધિદેવની પ્રતિમાની વંદના કરાવી. ત્યાં રહેતાં એક દિવસે તે ગાંધારના શરીરમાં કોઈ વ્યાધિ ઉત્પન્ન થયો, તેથી અર્હંત્ધર્મમાં વત્સળ એવી કુબ્જાએ તેની સેવા કરી. સદ્બુદ્ધિવાળા ગાંધારે પોતાનો અવસાન કાળ નજીક આવેલો જાણી કુબ્જાને પેલી ગોળીઓ આપી દીધી અને પોતે દીક્ષા ગ્રહણ કરી. કુરૂપા કુબ્જાએ રૂપની ઈચ્છાએ એક ગોળી મુખમાં રાખી, તેથી તે ઉપપાદ શય્યામાં ઉત્પન્ન થયેલી દિવ્ય રૂપને ધારણ કરનારી દેવી જેવી તત્કાળ થઈ ગઈ. તેના સર્વ અંગનો વર્ણ સુવર્ણના જેવો થઈ ગયો. તેથી લોકો તેને 'સુવર્ણગુલિકા' એવા નામથી બોલાવવા લાગ્યા. પછી તેણીએ બીજી ગોળી મુખમાં રાખી ચિંતવ્યું કે, 'જો યોગ્ય પતિ ન હોય તો મારૂં આ રૂપ વૃથા છે, અહીંના ઉદાયનરાજા તો મારે પિતા સમાન છે અને બીજાઓ તો તેના પાળા જેવા છે, તેથી પ્રચંડ શાસનવાળો ચંડપ્રદ્યોત રાજા મારો પતિ થાઓ.' પછી દેવતાએ પ્રદ્યોતરાજાની પાસે જઈને તેણીના રૂપનું વર્ણન કર્યું. તે સાંભળી પ્રદ્યોતે કુબ્જાની પ્રાર્થનાને માટે દૂત મોકલ્યો. દૂતે ત્યાં જઈને પ્રાર્થના કરી એટલે તેણીએ દૂતને કહ્યું 'મને પ્રદ્યોતરાજા બતાવ.' દૂતે આવી તે પ્રમાણે પ્રદ્યોતને

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહ્યું, એટલે તત્કાળ ઐરાવત ઉપર બેઠેલા ઇંદ્રની શોભાને ધારણ કરતો પ્રદ્યોતરાજા અનિલવેગ હાથી ઉપર બેસીને રાત્રે ત્યાં આવ્યો. તે કુબ્જા જેમ તેને રૂચતી હતી તેમ તે પણ કુબ્જાને રૂચ્યો. પછી પ્રદ્યોતે કુબ્જાને કહ્યું કે, 'હે કમલાક્ષિ! મારી નગરીએ ચાલ.' કુબ્જા બોલી– 'સ્વામિન્! જેના વિના હું એક ક્ષણ માત્ર પણ જીવી શકું એમ નથી, એવી આ દેવાધિદેવની પ્રતિમાને મૂકીને હું કયાંઈ પણ જઈ શકું એમ નથી, તેથી હે રાજન્! આ પ્રતિમાની જેવી બીજી પ્રતિમા તમે કરાવી લાવો કે જેથી તે પ્રતિમા અહીં રાખીને આ પ્રતિમા લઈ જવાય.' પછી રાજાએ તે પ્રતિમાને બરાબર નીરખી લીધી, અને તે રાત્રિ તેની સાથે ક્રીડા કરી પ્રાતઃકાળે પાછો ઉજ્જયિનીએ આવ્યો. ઉજ્જયિની આવીને જેવી પ્રતિમા જોઈ હતી તેવીજ જાતિવંત શ્રીખંડ કાષ્ટની એક પ્રતિમા કરાવી.

પછી તેણે પોતાના મંત્રીઓને પૂછયું કે, 'મેં આ દેવાધિદેવની નવી પ્રતિમા કરાવી છે, તેની પ્રતિષ્ઠા કોણ કરશે?' મંત્રીઓ બોલ્યા કે,– "સ્વામિન્! કૌશાંબી નામે એક નગરી છે, તેમાં સાર્થક નામવાળો જિતશત્રુ નામે રાજા હતો. સર્વ વિદ્યારૂપ સાગરનો પારંગત કાશ્યપ નામે એક બ્રાહ્મણ તેનો પુરોહિત હતો. તેને યશા નામે સ્ત્રી હતી. તે વિપ્રદંપતિને કપિલ નામે પુત્ર થયો. કપિલની શિશુવયમાંજ કાશ્યપ મૃત્યુ પામ્યો, તેથી કપિલ અનાથ થઈ ગયો. જિતશત્રુરાજાએ તે બાળક કપિલનો અનાદર કરીને કાશ્યપના પુરોહિતપદે બીજા બ્રાહ્મણને સ્થાપન કર્યો. 'યોગ્યતા વિના આમ્નાય કયાંથી રહે?' છત્રની સંપ્રાપ્તિથી સૂર્યના કિરણો જેના શરીરને સ્પર્શ કરતા નથી એવો તે બ્રાહ્મણ નાચતા તુરંગ ઉપર આરૂઢ થઈને નગરમાં ફરવા લાગ્યો. તેને જોઈને કપિલની માતા પોતાના પતિની સમૃદ્ધિ યાદ કરી રૂદન કરવા લાગી. 'મંદભાગ્યવાળાને દુઃખમાં રૂદન કરવું, તે મિત્ર સમાન છે.' માતાને રૂદન કરતી જોઈ કપિલ પણ ઊંચે સ્વરે રૂદન કરવા લાગ્યો. કારણ કે,–'દર્પણમાં પ્રતિબિંબની જેમ આપ્તજનમાં શોક સંક્રમિત થાય છે.' બંને નેત્રોથી અશ્રુની બે ધારાવાળું માતાનું મુખ ઊંચું કરીને કપિલ બોલ્યો કે, હે માતા! તમે શા માટે રૂઓ છો?" માતાએ પેલા પુરોહિતને બતાવીને કહ્યું કે–'વત્સ! આ બ્રાહ્મણની જેમ તારા પિતા પણ એક વખત તેવીજ સંપત્તિવાળા હતા, તેને સંભારીને હું રૂદન કરૂં છું. જ્યારે તેં તારા પિતાની જેવા ગુણ ઉપાર્જન કર્યા નહીં ત્યારે તારા પિતાની સમૃદ્ધિ આ બ્રાહ્મણને પ્રાપ્ત થઈ. નિર્ગુણી પુત્રો પિતાની સમૃદ્ધિને રાખી શકતા નથી.' તે સાંભળી કપિલ બોલ્યો–'માતા! હું ગુણનો અર્થી થઈને હવે અભ્યાસ કરૂં.' માતાએ કહ્યું, કે, 'અહિં તો સર્વે તારા ઇર્ષ્યાળુ લોકો છે, તેથી અહીં તને કોણ ભણાવશે? તેથી જો તારી એવી વૃત્તિ હોય તો શ્રાવસ્તી નગરીએ જા. ત્યાં ઇંદ્રદત્ત નામે તારા પિતાનો મિત્ર રહે છે. હે વહાલા પુત્ર! એ સર્વ શાસ્ત્રવેત્તા બ્રાહ્મણ વિદ્યાને અર્થે આવેલા તને પુત્રસમાન જાણી પિતાવત પ્રસન્ન થઈને કળાપૂર્ણ કરશે.' પછી કપિલ ઇંદ્રદત્તની પાસે ગયો અને વિજ્ઞપ્તિ કરી કે, 'મને શાસ્ત્રાધ્યયન કરાવો, તમારા વિના મારે બીજું કોઈ શરણ નથી.' ઉપાધ્યાય બોલ્યો–'વત્સ! તું મારા ભાઈનો પુત્ર છું.

www.jainsite.com                    For Private & Personal Use Only                    info@jainsite.com

આવો વિદ્યાનો મનોરથ કરીને તેં તારા પિતાને લજ્જિત નથી કર્યો. પણ હું તને શું કહું ? નિર્ધનપણાને લીધે તારૂં આતિથ્ય કરવા હું અશક્ત છું. તું અભ્યાસ તો કર, પણ નિત્ય ભોજન કયાં કરીશ ? ભોજન વગર ભણવાનો મનોરથ વ્યર્થ થશે; કેમકે ભોજન વિના તો મૃદંગ પણ વાગતું નથી.' કપિલ બોલ્યો–'પિતા ! ભિક્ષાવડે મારૂં ભોજન થઈ રહેશે. મુંજની કટિમેખલા અથવા જનોઈને ધારણ કરનારા વિપ્રબટુકોને 'भिक्षां देहि' એટલા શબ્દોથી ભોજન મળવું સિદ્ધજ છે. બ્રાહ્મણ કદી હાથી ઉપર ચડયો હોય તો પણ ભિક્ષા માગવાથી શરમાતો નથી. ભિક્ષુક બ્રાહ્મણ રાજાની જેમ કયારે પણ કોઈને આધીન નથી.' **ઇંદ્રદત્ત** બોલ્યો–વત્સ ! તપસ્વીઓને તો ભિક્ષા શ્રેષ્ઠ છે, પણ તને તો કદિ એકવાર ભિક્ષા ન મળી તો અભ્યાસ શી રીતે કરી શકીશ ?' આ પ્રમાણે કહી તે બાળકને પોતાની આંગળીએ વળગાડી ઇંદ્રદત્ત કોઈ ધનાઢય **શાળિભદ્ર** નામના શેઠને ઘેર ગયો અને ઘરની બહાર ઉભો. અહીં 'ॐ भूर्भुवः स्वः' ઈત્યાદિક ગાયત્રીમંત્રને ઉંચે સ્વરે ભણી પોતાના આત્માને બ્રાહ્મણ તરીકે ઓળખાવ્યો. શ્રેષ્ઠીએ તેને બોલાવી પૂછયું કે, 'તું શું માગે છે ?' તે બોલ્યો કે, 'આ વિપ્રબટુકને પ્રતિદિન ભોજન આપો.' શ્રેષ્ટીએ તે આપવાને કબુલ કર્યું. પછી કપિલ શેઠને ઘેર ભોજન કરી આવી ઇંદ્રદત્તની પાસે પ્રતિદિન અધ્યયન કરવા લાગ્યો. શાળિભદ્ર શેઠને ઘેર ભોજન કરવા જતો ત્યારે દરરોજ કોઈ એક યુવાન દાસી તેને પીરસતી હતી. આ યુવાન વિદ્યાર્થી ઉપહાસ્ય કરતાં તેણીની ઉપર રાગી થયો. 'યુવાન પુરૂષોને સ્રીનું સાનિધ્યપણું કામદેવરૂપ વૃક્ષને દોહદ તુલ્ય છે.' તે દાસી પણ તેનાપર રક્ત થઈ, અનુક્રમે તેઓ પરસ્પર કામક્રીડા કરવા લાગ્યા.

એક વખતે બીજા પુરૂષને ન ઇચ્છતી એવી તે દાસીએ એકાન્તે આવી કપિલને કહ્યું, 'તમેજ મારા પ્રાણનાથ છો, છતાં તમે નિર્ધન છો, તેથી હું માત્ર પ્રાણયાત્રાને માટે બીજા પુરૂષને ભજું છું.' કપિલે તે કબુલ કર્યું. એક વખતે તે નગરમાં દાસીઓને ઉત્સવનો દિવસ આવ્યો. તે સમયે આ દાસી પુષ્પ પત્ર વિગેરેની ચિંતાથી ખેદ પામી. તેને ખેદ કરતી જોઈ કપિલ બોલ્યો– 'હે સુંદરી ! ઝાકળથી કરમાયેલી કમળિનીની જેમ તું કેમ નિસ્તેજ જણાય છે ?' તે બોલી–'કાલે દાસીઓનો મહોત્સવ છે, તેમાં મારી પાસે પુષ્પ પત્રાદિ કાંઈ નથી, તેથી હું દાસીઓની વચ્ચે વગોવાઈશ. હવે મારી શી ગતિ થશે ?' તેણીએ કહેલા દુઃખરૂપ વ્યંતરના આવેશથી કપિલ વિવશ થઈ ગયો અને અધીરજપણાને લીધે મૌનપણું ધરીને બેઠો. એટલે દાસી બોલી કે–'હે પ્રિય ! તમે ખેદ કરો નહીં. આ નગરમાં ધન નામે એક શ્રેષ્ઠી છે, પ્રાતઃકાળ પહેલાં તેને જે જગાડે તેને તે બે માષા સુવર્ણ આપે છે. માટે રાત્રિ વ્યતિક્રમ્યા અગાઉ તમે તેને ઘેર જજો અને ત્યાં મૃદુ સ્વરે કલ્યાણ રાગ ગાજો.' **કપિલે** તેમ કરવા કબૂલ કર્યું. પછી તેજ રાત્રે ઘણું અંધારૂં હતું તેવે વખતે તેણીએ ધન શ્રેષ્ઠીને ઘેર કપિલને મોકલ્યો. માણસોની હીલચાલ વિનાના માર્ગે કપિલ ઉતાવળો ચાલ્યો જતો હતો, તેને ચોર જાણીને પુરરક્ષકોએ પકડીને બાંધી લીધો. 'ચોરની પ્રવૃત્તિ એવી હોય છે.' પ્રાતઃકાળે તેને પ્રસેનજિત રાજાની પાસે લઈ

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગયા. રાજાએ તેને પૂછયું, એટલે તેણે બે માષા સુવર્ણ માટે વહેલા જવાની કથા જેવી હતી તેવી કહી આપી. રાજાને તે વાત સાંભળીને તેનાપર બહુ દયા આવી. તેથી બોલ્યા કે, 'અરે દ્વિજ! તારી જે ઇચ્છા હોય તે માગી લે, હું આપીશ.' તે સાંભળી 'હું વિચારીને માગીશ.' એમ કહી કપિલ અશોક વનમાં જઈ યોગીની જેમ એકાન્તે એક ચિત્તે ચિંતવન કરવા લાગ્યો– 'જો બે માષા સુવર્ણ માગું તો તેનાથી માત્ર અન્નવસ્ત્રાદિક મળે, માટે રાજા પાસેથી સો સોનૈયા માગી લઉં. લોભમાં પડયા પછી થોડી યાચના શા માટે હોય?' વળી વિચાર્યું કે, "સો સોનૈયાથી કાંઈ વાહન વિગેરેની સમૃદ્ધિ ન થાય, માટે ઇષ્ટ અર્થની સિદ્ધિને માટે એક હજાર સોનૈયા માગી લઉં.' વળી વિચાર્યું કે, 'એક હજાર સોનૈયાથી મારાં છોકરાંઓના વિવાહાદિક ઉત્સવ શી રીતે થાય, માટે એક લાખ સોનૈયા માગી લઉં; કેમકે હું યાચના કરવામાં ચતુર છું.' વળી ચિંતવ્યું કે, 'એક લાખ સોનૈયાથી મારા મિત્રો અને સગાં સંબંધીઓનો તેમજ દીન જનોનો ઉદ્ધાર શી રીતે થાય, માટે એક ક્રોડ અથવા હજાર ક્રોડ સોનૈયા માગી લઉં.' આવું ચિંતવન કરતાં કોઈ શુભ કર્મના ઉદયથી તેને શુભ પરિણામવાળી બુદ્ધિ ઉત્પન્ન થઈ. 'બુદ્ધિઃ કર્માનુસારિણી છે.' તે પાછો વિચારવા લાગ્યો કે–'અહો! બે માષા સુવર્ણથી મને જે સંતોષ હતો, તે સંતોષે અત્યારે કોટી સોનૈયાની પ્રાપ્તિના વિચારમાં પડી જવાથી જાણે ભય પામ્યો હોય તેમ મને છોડી દીધો જણાય છે. હું અહિં વિદ્યા મેળવવાને માટે આવ્યો, તેમાં મને આવું દુર્વ્યસન થયું, તે સાગર પ્રત્યે જવાની ઇચ્છાવાળો હિમાલય જાય તેના જેવું થયું છે. મારા જેવા અધમમાં જે ગુરુનું જ્ઞાનદાન, તે સ્થળમાં કમળ રોપવા જેવું છે, કેમકે મેં અકુલીનને યોગ્ય એવું એક નીચ દાસીનું પણ દાસપણું કર્યું છે. પણ હવે આવા મહા માઠા વિષયોથી સર્યું.' આ પ્રમાણે વિચાર કરતાં તે પરમ સંવેગ પામ્યો અને તત્કાળ જાતિસ્મરણ ઉત્પન્ન થતાં તે સ્વયંબુદ્ધ થયો. તરતજ પોતાની મેળે તેણે કેશનો લોચ કર્યો અને દેવતાએ આપેલાં રજોહરણ તથા મુખવસ્ત્રિકા વિગેરે તેણે ગ્રહણ કર્યાં. પછી તે રાજાની પાસે આવ્યા એટલે રાજાએ પૂછયું કે, 'કહો, શું વિચાર્યું?' પછી તેમણે પોતાના મનોરથનો વિસ્તાર સંભળાવીને કહ્યું કે–

> यथा लाभस्तथा लोभो, लाभे लोभः प्रवर्द्धते।
> द्विमाष्या चिंतितं कार्यं, कोट्यापि हि न निष्टितं॥'

"જેમ જેમ લાભ થાય છે તેમ તેમ લોભ થાય છે, અર્થાત્ લાભવડે લોભ વૃદ્ધિ પામે છે, જુઓ બે માષા સુવર્ણથી ચિંતવેલું કાર્ય કોટી સોનૈયાથી પણ પૂરૂં થયું નહીં." રાજા વિસ્મય પામીને બોલ્યો કે, "હું તમને કોટી સોનૈયા આપીશ, માટે વ્રતને છોડી દો અને ભોગ ભોગવો, કેમકે વ્રતના ફળને માટે કોઈ જામીન નથી." કપિલ મુનિ બોલ્યા કે, 'હે રાજન્! અનર્થનેજ આપનારા એવા દ્રવ્યની મારે હવે કાંઈ પણ જરૂર નથી. હું તો હવે નિર્ગ્રંથ થયો છું, માટે હે ભદ્ર! તમને ધર્મલાભ થાઓ.' આ પ્રમાણે કહીને કપિલ મુનિ ત્યાંથી નીકળ્યા અને નિર્મમ, નિસ્પૃહ તેમજ નિરહંકારી થઈને પૃથ્વીપર વિહાર કરવા લાગ્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એવી રીતે દઢપણે વ્રત પાળતાં તે મહામુનિ કપિલને છ માસનો દીક્ષાપર્યાય થયે છતે ઉજ્વળ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.

રાજગૃહી નગરીના અંતરાળમાં અઢાર યોજનના પ્રમાણુવાળી એક ભયંકર અટવી છે. તેમાં કડદાસના નામથી પ્રસિદ્ધ બલભદ્ર વિગેરે પાંચસો ચોર રહેતા હતા. તે પ્રતિબોધને યોગ્ય છે. એમ કપિલમુનિના જાણુવામાં આવ્યું. તેથી તે ચોર લોકોના ઉપકારને માટે સર્વ પ્રાણીઓને શરણુ કરવા યોગ્ય કપિલ કેવળી તે દારૂણુ અટવીમાં ચાલ્યા. તે ચોરમાંથી એક ચોર વાનરની જેમ વૃક્ષ ઉપર ચડેલો હતો, તેણે કપિલમુનિને દૂરથી આવતા જોયા, એટલે તે ચોરે ચિંતવ્યું કે, 'આપણો પરાભવ કરવા માટે આ કોઈક આવે છે.' તેણે તે વાત સેનાપતિને જણાવી. 'આજે આ એક રમકડું આવ્યું.' એમ બોલતો સેનાપતિ મુનિની પાસે આવ્યો. એ અજ્ઞ સેનાપતિએ મુનિને આજ્ઞા કરી કે, 'હે શ્રમણુ ! નૃત્ય કરો.' કપિલમુનિ બોલ્યા કે—'કોઈ વાદ્ય વગાડનાર વાદક નથી, તો વાદ્ય વિના નૃત્ય શી રીતે થાય ? કારણુ વિના કાર્ય હોતું નથી.' પછી પાંચસો ચોર હાથવડે તાળીઓ પાડવા લાગ્યા એટલે કપિલમુનિ નાચવા લાગ્યા, અને શ્રવણુને સુખ થાય તેવી રીતે ઉંચે સ્વરે આ પ્રમાણે ગાવા લાગ્યા. "આ નાશવંત સંસારમાં પૃથ્વીપર અનેક પ્રકારના દુઃખો રહેલા છે, તેથી તેવું કાર્ય કરૂં કે જેથી હું કદિ પણુ દુર્ગતિને પામું નહિ." આવી મતલબના પાંચસો ધ્રુવપદ કપિલમુનિએ ગાઈ બતાવ્યા કે જે બધા પ્રાકૃત ભાષામાં અને શ્રવણુ કરવા યોગ્ય રાગમાં બનાવેલા હતા. મહર્ષિ કપિલે ગાયેલા આ ધ્રુવપદોમાંથી જુદા જુદા પદોથી જુદા જુદા ચોરો પ્રતિબોધ પામતાં છેવટે પાંચસો ચોરો પ્રતિબોધ પામી ગયા, પછી કપિલ મહામુનિએ તે પાંચસો ચોરોને દીક્ષા આપી. આ સર્વ તેમણે જ્ઞાનચક્ષુથી જોયેલુંજ હતું. એ બ્રહ્મર્ષિ કપિલ રાજગૃહી નગરીએ જઈ, દેવાધિદેવ શ્રી મહાવીરની આજ્ઞા લઈને હાલમાં તમારી નગરીને પવિત્ર કરે છે. એ સ્વયંબુદ્ધ કેવળી શ્વેતાંબરીઓમાં શિરોમણિ છે, તે જો તમારા પુણ્યના ઉદયથી આ પ્રતિમાની પ્રતિષ્ટા કરે તો બહુ ઉત્તમ થાય."

પછી ઉજ્જયિનીના રાજાએ **કપિલ** કેવળી પાસે જઈ તેમની પ્રાર્થના કરી, એટલે તેમણે મંત્રથી પવિત્ર વાસક્ષેપ કરવાવડે તે પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. પછી રાજાએ બે હાથે તે પ્રતિમાનું અર્ચન તથા પૂજન કરી લુબ્ધ નર જેમ ધનને રાખે તેમ તેને પોતાના હૃદય પાસે રાખી. પછી અનિલવેગ હાથીના સ્કંધ ઉપર તે પ્રતિમા મૂકીને પોતે એક સૈનિકની જેમ તેની પાછળ બેસી તેને ધારણુ કરી, દિવ્ય વિમાનથી પણુ અતિ વેગવાળા ગજેંદ્રવડે વીતભય નગરમાં આવી તે પ્રતિમા પેલી દાસીને અર્પણુ કરી. દાસી તે પ્રતિમાને ચૈત્યમાં મૂકી પુરાણી પ્રતિમા લઇને આવી, એટલે રાજાએ દાસી સહિત પ્રતિમાને ગજેંદ્ર ઉપર બેસારી. રાજા પણુ હાથી ઉપર ચડી સત્વર ઉજ્જયિનીમાં આવ્યો. તે વખતે જાણે સન્મુખ આવતી હોય તેમ તે નગરી દેખાવા લાગી.

અન્યદા વિદિશાપુરીના રહેનારા **ભ્રાજિલસ્વામી** નામના વણિકને વિદ્યુન્માળી દેવે પ્રકાશિત કરેલી ગોશીર્ષચંદનની દેવાધિદેવની તે પ્રતિમા રાજાએ અને કુબ્જાએ પૂજવા માટે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સોંપી. "તે વિષયાસક્ત દંપતી (ચંડપ્રદ્યોત ને કુબ્જા)ને આટલું (બીજાને સોંપવું તે) પણ ઘણું છે." એક વખતે જાણે શરીરધારી તેજના રાશિ હોય તેવા હાથમાં પૂજાની સામગ્રી લઈને ઉભા રહેલા બે પુરૂષો બ્રાજિલના જોવામાં આવ્યા. નેત્રને સુખ આપનારા અને જાણે જન્મથીજ મિત્ર હોય તેવા તે બંનેને જોઈને બ્રાજિલે પૂછ્યું કે, 'તમે કોણ છો?' તેઓ બોલ્યા-'અમે **કંબલ** અને **સંબલ** નામે પાતાળભવનવાસી નાગકુમાર દેવો છીએ. ધરણેંદ્રની આજ્ઞાથી વિદ્યુન્માળી દેવની કરેલી આ દેવાધિદેવની પ્રતિમાને પૂજાની સામગ્રી લઈને પૂજવા આવ્યા છીએ. આ નગરી પાસેની વિદિશા નદીના દ્રહને માર્ગે અમે નિત્યે હંસની જેમ મજ્જન અને ઉન્મજ્જન કરી છીએ. અર્થાત્ આવીએ જઈએ છીએ.' બ્રાજિલ બોલ્યો-"હે દેવતાઓ! મારા મનુષ્યના ભવમાં કલ્યાણરૂપ તમારા પાતાળના ભવનો આજે મને બતાવો. કેમકે ત્યાં રહેલી શાશ્વતી પ્રતિમાના દર્શન કરવાનો મને મનોરથ છ, તે કૃપા કરીને પૂર્ણ કરો. દેવનું દર્શન વૃથા થતું નથી." દેવોએ હા પાડી, એટલે બ્રાજિલ જવાના ઉત્સાહમાં દેવાધિદેવની અર્ધી પૂજા કરી, અર્ધી બાકી રાખીને નદીના દ્રહને માર્ગે ત્યાં જવા ચાલ્યો. ત્યાં જઈને તેણે શાશ્વતી પ્રતિમાને વંદના કરી. ધરણેંદ્રે સંતુષ્ટ થઈને તેને કહ્યું કે 'કાંઈક પ્રસાદ માગી લે.' બ્રાજિલ બોલ્યો-'જેવી રીતે મારૂં નામ બધે વિખ્યાત થાય તેમ કરો. પોતાના નામને અવિચળ કરવું, તેજ પુરૂષોનો પુરૂષાર્થ છે.' ધરણેંદ્ર બોલ્યા કે-'ચંડપ્રદ્યોત રાજા તારા નામથી જાણે દેવનગર હોય તેવું દેવાધિદેવ સંબંધી એક નગર વસાવશે. પરંતુ તેં અહિં આવવાના ઉત્સાહમાં અર્ધ પૂજા કરી છે, તેથી એ પ્રતિમા કેટલેક કાળે ગુપ્ત રીતે મિથ્યાદષ્ટિથી પૂજાશે. તેઓ તેની નકલ કરીને બહાર રાખશે, અને આ બ્રાજિલસ્વામી નામે આદિત્ય છે એમ બોલશે. સર્વજનો 'બ્રાંજિલસ્વામી સૂર્ય' એવા નામથી તે કૃત્રિમ પ્રતિમાની પૂજા કરશે. 'સારી રીતે યોજેલો દંભ પણ નિષ્ફળ થતો નથી.' આ પ્રમાણે સાંભળી બ્રાજિલ બોલ્યો-'અરે! મારી જેવા પાપીને ધિક્કાર છે! આ તો બહુ ખરાબ થયું! મેં ઘણું અશિવકારી કામ કર્યું! કેમકે મારા નિમિત્તે દેવાધિદેવની પ્રતિમાને ગોપવી દઈને તે દુરાશય મિથ્યાત્વીઓ મારા નામથી સૂર્ય તરીકે મારી પૂજા કરશે.' ધરણેન્દ્ર બોલ્યા-'હે નિષ્પાપી! તમે શા માટે શોક કરો છો? આ દુઃષમ કાળની લીલાજ એવી છે.' પછી નાગકુમારોએ સ્વપ્નદર્શીની જેમ ક્ષણમાત્રમાં જે માર્ગે લાવ્યા હતા તેજ માર્ગે પાછો બ્રાજિલને તેના સ્થાનક ઉપર મૂકી દીધો.

અહીં **વીતભય** નગરમાં દાસી પ્રતિમા બદલીને ગઈ, તેને બીજે દિવસે ઉદાયન રાજા નિત્ય કર્મમાં તત્પર થઈ પ્રાતઃકાળે દેવાલયમાં આવ્યા. પ્રતિમાની સામું જોતાંજ કંઠમાં રહેલી પુષ્પમાળાને ગ્લાનિ પામેલી જોઈ. તત્કાળ તેણે ચિંતવ્યું કે, 'જરૂર આ પ્રતિમા બીજી છે, અસલ નથી; કારણ કે તેની ઉપર ચડાવેલાં પુષ્પો બીજે દિવસે પણ જાણે તત્કાળના ચુંટેલા હોય તેવા જણાતા હતા. તેથી આ શું થયું! વળી જાણે સ્થંભપર રહેલી પુતળી હોય તેમ જે અહિં સદા સ્થિર રહેતી હતી, તે દાસી દેવદત્તા પણ અહિં જણાતી નથી, તેનું શું કારણ? વિચાર કરતાં જણાય છે કે-ગ્રીષ્મઋતુમાં મરૂવાસી પંથીઓની જેમ મારા સર્વ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હાથીઓનો મદ નાશ પામી ગયો છે તેથી જરૂર અહિં અનિલવેગ ગંધહસ્તી[1] આવી ગયો લાગે છે. એ અનિલવેગ હાથીપર બેસી અહીં આવીને ચંડપ્રદ્યોત રાજા ગઈ રાત્રે ચોરની જેમ તે પ્રતિમા અને દેવદત્તા દાસીનું હરણ કરી ગયો જણાય છે.' આ પ્રમાણે વિચાર કરીને તરતજ ઉદાયન રાજાએ તેની ઉપર ચડાઈની તૈયારી કરી. જાણે બીજી જયભંભા હોય તેમ અશ્વોની ખરીઓથી તે પૃથ્વીને વગાડવા લાગ્યો. દશ મુગટબદ્ધ રાજાઓ પણ તેની પાછળ ચડયા. તેઓ બધા મળીને અગ્યાર રૂદ્રની જેમ મહા પરાક્રમીપણે શોભવા લાગ્યા. જાંગળ ભૂમિમાં ચાલતાં ઉદાયન રાજાના સૈન્યની ઉપર સૂર્યના તીક્ષ્ણ કીરણો સ્ફુરવા લાગ્યા. પરસ્પર અફળાતા અને પૃથ્વી પર પડતા સૈનિકોએ દિવસે પણ ધુવડની જેમ તૃષાક્રાંત થવાથી કાંઈ પણ જોયું નહીં. તત્કાળ ઉદાયને પ્રભાવતી દેવનું સ્મરણ કર્યું. "વ્યસન પ્રાપ્ત થતાં ઈષ્ટ દેવને કોણ ન સંભારે?" સ્મરણ કરતાંજ તે દેવ પ્રગટ થયો. અને તત્કાળ નિર્મળ જળવડે ત્રણ સરોવર ભરી દીધા, તે સાથે હર્ષથી સૈનિકોને પણ ભરી દીધા. પછી તેમાંથી જળપાન કરીને બધું કટક સ્વસ્થ થયું. "જળ વિના જીવી શકાય નહીં." પછી પ્રભાવતી દેવ પોતાને સ્થાને ગયો. અને ઉદાયન ઉજ્જયિની નગરીની સમિપે આવ્યો. થોડા વખતમાં ઉદાયનરાજા અને અવંતીના પતિ ચંડપ્રદ્યોતને પરસ્પર દૂતમુખે રથસંગ્રામ કરવાની પ્રતિજ્ઞા થઈ. ધનુષ્યધારી ઉદાયન રાજા સંગ્રામના રથમાં બેઠો અને બીજા રણવાદ્યની સાથે ધનુષ્યની પણછનો પણ નાદ કર્યો. પ્રદ્યોતને લાગ્યું કે 'ઉદાયન રાજા રથવડે અજેય છે' એટલે તે અનિલવેગ હાથી ઉપર બેઠો. "બળવાનની સામે શી રીતે પ્રતિજ્ઞા રહે?" ઉદાયન રાજા તેને ગજારૂઢ થયેલો જોઈ બોલ્યો કે–'અરે પાપી! તું સત્યપ્રતિજ્ઞ રહ્યો નહીં તથાપિ જીવતો રહેવાનો નથી.' આ પ્રમાણે કહીને પોતાના રથને વેગવડે કુંડાળામાં ગોળાકૃતિએ ફેરવતો મહા પરાક્રમી ઉદાયન રાજા હસતો હસતો યુદ્ધ કરવાને તેની નજીક ગયો અને ધનુર્ધારીઓમાં ધુરંધર એવા તેણે સોયની અણી જેવા તીક્ષ્ણ બાણોવડે ચારે બાજુથી અનિલવેગ હાથીનાં પગનાં તળીયાં વીંધી નાખ્યા. તેથી ફરતી શલાકાથી પૂરાયેલા પાત્રના મુખ જેવા ચરણવડે તે હાથી ચાલી શક્યો નહીં અને તત્કાળ પૃથ્વી પર પડી ગયો; એટલે ઉદાયને પ્રદ્યોતને હાથી ઉપરથી નીચે પાડી પોતાના યશોરાશિની જેમ તેને હાથવડે પકડીને બાંધી લીધો. પછી તે ઉજ્જયિનીપતિના લલાટ ઉપર 'દાસીપતિ' એટલા અક્ષરો પોતાની નવીન પ્રશસ્તિની જેમ ઉદાયન રાજાએ લખાવ્યા.

એ પ્રમાણે દાસની જેમ તેને અંકિત કરીને વીતભય નગરનો સ્વામી પોતાની દિવ્યપ્રતિમા લેવાને માટે વિદિશામાં જ્યાં રાખેલ હતી ત્યાં ગયો. ત્યાં જઈ તે દિવ્યપ્રતિમાની પૂજા કરી નમસ્કાર કરીને તેને ઉપાડવા લાગ્યો, પણ પર્વતની જેમ તે કિંચિત્ ચળાયમાન થઈ નહીં. એટલે ઉદાયન તે દેવાધિદેવને વિશેષે પૂજીને બોલ્યો કે, 'હે પ્રભુ! શું મારૂં અભાગ્ય છે કે તમે આવતા નથી?' તેના જવાબમાં તે પ્રતિમાનો અધિષ્ટાયિક દેવ પ્રતિમામાં પ્રવેશ

[1] જેના ગંધવડે બીજા સામાન્ય હાથીઓના મદ ગળી જાય તે 'ગંધહસ્તી' કહેવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરીને બોલ્યો કે–"હે મહાશય ! તું શોક કર નહીં. તારૂં વીતભય નગર રજોવૃષ્ટિથી સ્થળ જેવું થઈ જવાનું છે, તેથી હું ત્યાં આવતો નથી." આ પ્રમાણેના તેમના ઉત્તરથી ઉદાયન રાજા પાછો ફર્યો. પોતાના નગરે જતાં અંતરાળે પ્રયાણને રોધનારી વર્ષાઋતુ આવી, એટલે માર્ગમાં ઉદાયન રાજાએ નગરના જેવી છાવણી નાખી. "જ્યાં રાજાઓ રહે છે, ત્યાં શહેર વસી જાય છે." દશ મુગટબદ્ધ રાજાઓ તેની રક્ષાને માટે તેની ફરતો ધૂળિનો કિલ્લો કરીને રહ્યા, તેથી તે છાવણી દશપુર એવા નામથી પ્રસિદ્ધ થઈ.

**ઉદાયન** રાજા સંગ્રામમાં કેદ કરેલા પ્રદ્યોત રાજાની ભોજન વિગેરેથી પોતાની પ્રમાણેજ સંભાળ રાખવા લાગ્યો. "ક્ષત્રિયનો ધર્મજ એવો છે." અનુક્રમે પર્યુષણ પર્વ આવ્યું, એટલે ઉદાયન રાજાએ ઉપવાસ કર્યો, કેમકે તે શ્રાવક હતો. તેની આજ્ઞાથી રસોઈઆએ પ્રદ્યોત રાજાને પૂછ્યું કે, 'આજે શું જમશો ?' તે સાંભળી ઉજ્જયિનીપતિ ક્ષોભ પામીને ચિંતવવા લાગ્યો કે, 'આવો પ્રશ્ન આજ સુધી કોઈ વાર થયેલ નથી; આજેજ થાય છે, તેથી તે મારા કુશળને માટે જણાતું નથી. આ ઉપહાસ્યનું વચન જરૂર મારો વધ કે બંધન સૂચવે છે.' આ પ્રમાણે વિચારીને તેણે રસોઈઆને પૂછ્યું કે, 'આજે આવો પ્રશ્ન કરવાનું શું કારણ છે ? કેમકે વિદ્યાથી આકર્ષાઈને આવતી હોય તેમ રસવતી હમેશાં સમય પ્રમાણે આવ્યા કરે છે.' રસોઈઓ બોલ્યો કે, 'રાજન્ ! આજે પર્યુષણ પર્વ છે, તેથી અમારા સ્વામી અંતઃપુર પરિવાર સાથે ઉપોષિત થયા છે, અર્થાત્ સૌએ ઉપવાસ કરેલ છે. હમેશાં તો જે અમારા રાજાને માટે રસોઈ થતી હતી, તેમાંથી તમને જમાડતા હતા, પણ આજે તો તમારા એકને માટે જ રસોઈ કરવાની છે, તેથી તમને પૂછું છું.' પ્રદ્યોતરાજા બોલ્યો કે, "હે પાચક ! આજે મારે પણ ઉપવાસ હો, કારણકે આ પર્વ મહા ઉત્તમ કહેવાય છે, અને મારા માતપિતા શ્રાવક હતા, તેથી મારે પણ અંગીકાર કરવા યોગ્ય છે." રસોઈઆએ પ્રદ્યોતના તે વચન ઉદાયન રાજાને કહી સંભળાવ્યા. તે સાંભળી ઉદાયન બોલ્યો કે–'એ ધૂર્તજન છે, તું શું નથી જાણતો ? પરંતુ તે ગમે તેવો હોય તો પણ કારાગૃહમાં રહીને પર્યુષણ પર્વને શુભ નામ આપીને આચર્યું તેથી તે મારો ધર્મબંધુ થયો, એટલે હવે તેને કારાગૃહમાં રાખવો યોગ્ય નથી. આવું વિચારી તરતજ ઉદાયને પ્રદ્યોતને છુટો કર્યો. પર્વની રીતિ પ્રમાણે તેને ખમાવી તેના લલાટમાં જે 'દાસીપતિ' એવા અક્ષરો લખેલા હતા તેને ઢાંકવા સારૂ તેની ઉપર પટ્ટબંધ કર્યો. ત્યારથી રાજાઓમાં વૈભવસૂચક પટ્ટબંધનો રીવાજ ચાલ્યો છે. પ્રથમ તો તેઓ માથે માત્ર મુગટનો બંધજ કરતા હતા. ઉદાયન રાજાએ પ્રદ્યોતને અવંતિદેશ પાછો આપ્યો અને વર્ષાઋતુ વીતી એટલે પોતે વીતભય નગરમાં આવ્યો. તેની છાવણીમાં વણિકોએ એવો સ્થિરવાસ કર્યો કે જેથી તેઓથી વસેલું તે નગર દશપુર નામથી પ્રખ્યાત થયું. શુદ્ધ બુદ્ધિવાળા થયેલા પ્રદ્યોતરાજાએ વીતભય નગરની પ્રતિમાના ખર્ચને માટે દશપુર નગર આપ્યું અને પોતે ઉજ્જયિનીમાં આવ્યો.

એક વખતે વિદિશામાં જઈને પ્રદ્યોતે ભ્રાજિલસ્વામીના નામથી ત્યાં દેવકીય નગર વસાવ્યું.



જૈન સાઈટ JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"ધરણેંદ્રનું વચન અન્યથા થતું નથી." પછી તેણે વિદ્યુન્માળી વાળી દેવાધિદેવની પ્રતિમાના શાસનમાં બાર હજાર ગામ આપ્યા.

અન્યદા વીતભય નગરમાં રહેલા ઉદાયન રાજાની પાસે આવીને પ્રભાવતી દેવે સ્નેહપૂર્વક કહ્યું કે–"હે રાજન્! અહીં જે પ્રદ્યોતરાજાએ મૂકેલી જીવિતસ્વામીની પ્રતિમા છે, તે પણ સામાન્ય નથી, તે મહા પ્રભાવિક ઉત્તમ તીર્થરૂપ છે. એ પ્રતિમા બ્રહ્મર્ષિ મહાત્મા શ્વેતાંબરી કપિલ કેવળીએ પ્રતિષ્ઠિત કરેલી છે. તેથી એ પ્રતિમાને પ્રાચીન પ્રતિમાની જેમજ તમારે પૂજવી અને યોગ્ય સમયે મહા ફળવાળી સર્વવિરતિ ગ્રહણ કરવી." ઉદાયને તે વાણી સ્વીકારી, એટલે તેના મનરૂપી અંકુરમાં મેઘ સમાન તે દેવ અંતર્ધાન થઈ ગયો. અન્યદા ઉદાયને ધર્મકાર્યમાં ઉદ્યુક્ત થઈ પૌષધશાળામાં પાક્ષિક પર્વણીએ પૌષધવ્રત ગ્રહણ કર્યું. રાત્રિજાગરણમાં શુભ ધ્યાન ધરતા તે રાજાને વિવેકના સહોદર જેવો આ પ્રમાણે અધ્યવસાય ઉત્પન્ન થયો. "તે ગામ અને તે નગરને ધન્ય છે કે જે શ્રી વીરપ્રભુએ પવિત્ર કરેલ છે, તે રાજાદિકને પણ ધન્ય છે કે જેઓએ તેમના મુખથી ધર્મ સાંભળ્યો છે, અને જેઓએ તે વીરપ્રભુના ચરણ-કમળની સાંનિધ્યે પ્રતિબોધ પામી બાર પ્રકારના ગૃહીધર્મને અંગીકાર કર્યો છે, તેઓ કૃતાર્થ થયેલા છે. તે પ્રભુના પ્રસાદથી જેઓ સર્વવિરતિને પામ્યા છે, તેઓ શ્લાઘ્ય અને વંદનીય છે, તેમને મારો નિત્ય નમસ્કાર છે. હવે જો સ્વામી આ વીતભયનગરને પોતાના વિહારવડે પવિત્ર કરે, તો હું તેમના ચરણમાં દીક્ષા લઈને કૃતાર્થ થાઉં." (પ્રભુ કહે છે) 'હે અભયકુમાર! આવો તેનો અધ્યવસાય જાણી તેનો અનુગ્રહ કરવાની ઇચ્છાએ અમે ચંપાપુરીથી વિહાર કરી તેના નગરમાં સમવસર્યા. તે રાજા અમારી પાસે આવી અમને વાંદી દેશના સાંભળીને ઘેર ગયો. પછી પોતાના વિવેકગુણની યોગ્યતા પ્રમાણે તેણે આ પ્રમાણે વિચાર્યું–'હું વ્રતની ઇચ્છાવાળો થઈ જો પુત્રને રાજ્ય આપું, તો મેં તેને આ સંસારરૂપ નાટકનો એક નટ કર્યો કહેવાય. નીતિવેત્તાઓ પણ રાજ્યને નરકાંત કહે છે, અર્થાત્ રાજ્યને અંતે નરક કહે છે; તેથી હું પુત્રને રાજ્ય આપીશ નહિ, કેમકે જો આપીશ તો તેનો હિતકારી કહેવાઈશ નહિ.' આવો વિચાર કરી સૂર્ય જેમ અગ્નિને તેજ અર્પણ કરે તેમ ઉદાયને કેશી નામના પોતાના ભાણેજને રાજ્યશ્રી અર્પણ કરી, અને જીવિતસ્વામીની પૂજાને માટે ઘણા ગામ, ખાણ અને નગર વિગેરે આપ્યા. પછી કેશીરાજાએ જેનો નિષ્ક્રમણ ઉત્સવ કરેલો છે એવા ઉદાયન રાજાએ અમારી પાસે દીક્ષા લીધી. વ્રતના દિવસથી માંડીને છઠ્ઠ, અઠ્ઠમ, દશમ અને દ્વાદશ વિગેરે તપ કરવાવડે તેણે પોતાના કર્મોની જેમ પોતાના દેહને પણ શોષિત કરી નાખ્યો છે."

આ પ્રમાણે વૃત્તાંત કહીને છેવટે વીરપ્રભુ બોલ્યા કે–'હે અભયકુમાર! તૃણની જેમ રાજ્યલક્ષ્મીને છોડી શુદ્ધ સાધુપણાને ગ્રહણ કરનાર ઉદાયન રાજા છેલ્લા રાજર્ષિ થયા છે.'

इत्याचार्य श्री हेमचंद्रविरचिते त्रिषष्टिशलाकापुरुषचरिते महाकाव्ये
दशमपर्वणि रौहिणेयचरित–अभयकुमारापरिहार–उदायन
चरित–प्रद्योतबंधन–उदायनप्रव्रज्यावर्णनो नाम
एकादशः सर्गः ॥ ११ ॥

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

# સર્ગ ૧૨

**વીતભયપત્તનમાં દેવતાએ કરેલી રેણુની વૃષ્ટિ, તેથી પ્રદ્યોતરાજાએ સ્થાપેલી જીવિતસ્વામીની પ્રતિમા સહિત વીતભયનગરનું દટાઈ જવું, અભયકુમારે લીધેલી દીક્ષા, કૂણિકચરિત્ર, ચેટકરાજ ચરિત, ઉદાયિરાજા–મહાવીર સ્વામીના પરિવારનું વર્ણન.**

**અભયકુમારે** શ્રી **મહાવીર** પ્રભુને પ્રણામ કરીને ફરીથી પૂછ્યું કે, '**હે** સ્વામી! રાજર્ષિ ઉદ્દાયનનું પરિણામે શું થશે?' ઉત્કૃષ્ટ તીર્થંકર નામકર્મની નિર્જરા કરવામાં તત્પર એવા શ્રી જ્ઞાતનંદન પ્રભુ તેના ઉત્તરમાં બોલ્યા કે—"હે અભયકુમાર! પૃથ્વીપર વિહાર કરતાં એ ઉદાયન રાજર્ષિને અન્યદા અકાળે અપથ્ય ભોજન કરવાથી મહા વ્યાધિ ઉત્પન્ન થશે. તેમની ચિકિત્સા કરતાં નિષ્પાપ આશયવાળા વૈદ્યો તેમને કહેશે કે, 'હે ગુણરત્નોના સાગર! તમે સ્વદેહમાં નિઃસ્પૃહ છો, તથાપિ આ રોગની શાંતિને માટે દહીં ખાઓ.' પછી રાજર્ષિ ત્યાંથી વિહાર કરી કોઈ ગાયોના સ્થાનમાં આવશે; કારણ કે ત્યાં નિર્દોષ દધિની ભિક્ષા સુલભ હોય છે. ત્યાંથી વિહાર કરીને જ્યાં પોતાના ભાણેજ કેશીને રાજા કરેલો છે, તે વીતભય નગરમાં આવશે. ઉદાયનને આવેલા જાણી કેશીરાજાના મંત્રીઓ તેને કહેશે કે "હે રાજન્! તમારા માતુલ ઉદાયન જરૂર તપથી કંટાળી જઈને આવ્યા જણાય છે, ઇંદ્રપદ જેવા રાજ્યને છોડી દેવાથી જરૂર તે પસ્તાયા છે, તેથી તે પાછા રાજ્ય લેવા ઇચ્છતા હોય એમ લાગે છે, માટે તમે તેનો વિશ્વાસ કરશો નહીં." તે સાંભળી કેશી બોલશે કે, "તે પોતાનું રાજ્ય પાછું ગ્રહણ કરે તો તેમાં મને શી ચિંતા છે? જો ધનવાન્ પોતાનું ધન લઈ લે તો તેમાં ગોપાળને શા માટે કોપ થાય?" પછી મંત્રીઓ કહેશે કે, "હે રાજન્! તમને તમારા પુણ્યથી આ રાજ્ય પ્રાપ્ત થયું છે, કાંઈ કોઈએ આપ્યું નથી; અને વળી રાજધર્મ પણ તેવોજ છે. ક્ષત્રિયો તો પિતા, ભાઈ, મામા, મિત્ર કે બીજાની પાસેથી બળાત્કારે પણ રાજ્ય લઈ લે છે, તો જે આપ્યું હોય તેને તો કોણ છોડી દે?" મંત્રીઓના આવા અતિ આગ્રહવાળા વચનથી કેશી ઉદાયન ઉપરની ભક્તિને તજી દેશે અને કહેશે કે, 'હવે મારે શું કરવું?' એટલે તેઓ **ઉદાયન** મુનિને વિષ અપાવવાની સલાહ આપશે. તે ઉપરથી કેશી કોઈ પશુપાલિકાની પાસે ઝેરમિશ્રિત દહીં અપાવશે. 'જે બીજાની પ્રેરણાને વશ થઈ જાય તેનામાં શી બુદ્ધિ હોય?' ઉદાયનપર ભક્તિવાળા દેવતા તે વિષને હરી લઈ મુનિને કહેશે કે, 'તમને અહીં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિષમિશ્રિત દહીંની પ્રાપ્તિ થાય તેમ છે, માટે હવે દધિની સ્પૃહા કરશો નહીં.' તે ઉપરથી ઉદાયન મુનિ દહીંને છોડી દેશે, એટલે તેમના શરીરમાં રોગ વૃદ્ધિ પામશે. 'રોગ પણ ભૂતની જેમ કાંઈ પણ છળ પામીને વધે છે.' રોગ વૃદ્ધિ પામવાથી તેનો નિગ્રહ કરવાને માટે ઉદાયન મુનિ પાછા દધિ ગ્રહણ કરશે, પણ દેવતા ત્રણવાર તેમાંથી વિષને દૂર કરી નાખશે. એકવાર તે દેવ પ્રમાદથી વિષને હરી શકશે નહીં, એટલે ઉદાયન મુનિ વિષસહિત દધિનો આહાર કરશે. જ્યારે ચૈતન્યને ચોરનારા વિષવડે મુનિ પોતાનો અવસાન સમય જાણશે ત્યારે તત્કાળ અનશન ગ્રહણ કરશે. એક માસ પર્યંત સમાધિપૂર્વક અનશન પાળી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મૃત્યુ પામીને તે મોક્ષે જશે. ઉદાયન મોક્ષે ગયા પછી પેલો દેવ ત્યાં આવશે, તે અવધિજ્ઞાનથી બધું વૃત્તાંત જાણી કાળરાત્રિની જેમ કોપાયમાન થશે, અને તેવા કોપથી તે **વીતભયનગરને** રજવડે પૂરી દેશે ત્યારપછી પણ નિરંતર ધુળિની વૃષ્ટિ કર્યા કરશે. હે મહાભાગ અભય! તે વખતે કપિલ મુનિએ પ્રતિષ્ટિત કરેલી પેલી પ્રતિમા નિધિની જેમ પૃથ્વીમાં દટાઈ જશે. ઉદાયન મહામુનિનો શય્યાતર કુંભકાર કે જે નિરપરાધી હતો, તેને ધુળી વર્ષાવનાર દેવ ત્યાંથી હરી જઈ સિનપલ્લીમાં લાવી તેના નામથી 'કુંભકારકૃત' નામનું એક સ્થાન વસાવી દઈ ત્યાં રાખશે."

આ પ્રમાણે હકીકત સાંભળીને **અભય**કુમારે પ્રભુને નમીને પૂછયું કે, 'હે સ્વામિન્! ઉદાયન મુનિના કુમાર **અભીચિની** શી ગતિ થશે?' પ્રભુ બોલ્યા—'જ્યારે ઉદાયન પોતાના ભાણેજ કેશીને રાજ્ય આપશે ત્યારે પ્રભાવતીનો પુત્ર અભીચિ ચિંતવશે કે, 'મારા જેવો રાજ્યાધિકારી અને ભક્તિવાન્ પુત્ર છતાં પિતાએ કરજ દેવાની જેમ કેશીને રાજ્ય આપ્યું, આ તે મારા પિતાનો શો વિવેક? કેમકે કેશી તો બ્હેનનો પુત્ર હોવાથી માત્ર હા હા કહેવાનોજ અધિકારી છે. પણ મારા પિતા સ્વતંત્ર છે, તેથી તે જે કરવાને ઇચ્છે તે ભલે કરે. પણ હું કેશીની સેવા શા માટે કરૂં? કેમકે હું તો રાજપુત્ર છું.' આ પ્રમાણે ચિંતવી પિતાથી પરાભવ પામેલો અભીચિ કૂણિકની પાસે જશે. 'અભિમાની પુરૂષોને પરાભવ થવાથી વિદેશ જવું તેજ સારૂં છે.' કૂણિક અભીચિની માશીનો પુત્ર થતો હતો; તેથી અભીચિને આવેલો જોઈ તે સન્માન આપશે, એટલે ત્યાં સુખે રહેશે. સાધુઓનો ઉપાસક અને જીવ અજીવ વિગેરે તત્ત્વોને જાણનાર અભીચિ ત્યાં રહ્યો છતો શ્રાવકધર્મને યથાર્થ રીતે પાળશે. ઘણા વર્ષ સુધી અખંડિતપણે ગૃહીધર્મને પાળતાં છતાં અભીચિ ઉદાયને કરેલા પરાભવને સંભારી તે વૈરને સમાવી શકશે નહીં. પ્રાંતે સારી રીતે સંલેખના કરી પાક્ષિક અનશન આરાધી પિતાના વૈરની આલોચના કર્યા વગર મૃત્યુ પામીને તે ઉત્તમ દેવતા થશે. ત્યાં એક પલ્યોપમનું આયુષ્ય નિર્ગમી મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ અભીચિનો જીવ મોક્ષે જશે."

અભયકુમારે પુનઃ પૂછયું, "હે પ્રભુ! તમે કહ્યું કે કપિલ મુનિએ પ્રતિષ્ઠિત કરેલી પ્રતિમા પૃથ્વીમાં દટાઈ જશે, તે પાછી કયારે પ્રગટ થશે?' પ્રભુ બોલ્યા કે–' સૌરાષ્ટ્ર, લાટ અને ગુર્જર દેશના સીમાડામાં **અણહિલપુર પાટણ** નામે **એક નગર વસશે, તે નગર**

આર્યભૂમિનું શિરોમણિ, કલ્યાણોનું સ્થાન અને અર્હંત ધર્મનું એક છત્રરૂપ તીર્થ થશે. ત્યાં ચૈત્યોને વિષે રહેલી રત્નમયી નિર્મળ અર્હંત્ પ્રતિમાઓ નંદીશ્વર વિગેરે સ્થાનોની પ્રતિમાની સત્યતા બતાવી આપશે. પ્રકાશમાન સુવર્ણકળશોની શ્રેણિથી જેમના શિખરો અલંકૃત છે એવા તે ચૈત્યોથી જાણે સૂર્ય ત્યાં આવીને વિશ્રાંત થયો હોય તેવી શોભાને ધારણ કરશે. ત્યાં પ્રાયઃ સર્વ જનો શ્રાવક થશે, અને તેઓ અતિથિસંવિભાગ કરીનેજ ભોજન કરશે. બીજાની સંપત્તિમાં ઈર્ષ્યા રહિત, સ્વસંપત્તિથી સંતુષ્ટ અને પાત્રમાં દાન આપનાર એવી ત્યાંની પ્રજા થશે. અલકાપુરીમાં યક્ષની જેમ ત્યાં ઘણા ધનાઢ્ય શ્રાવકો થશે, તેઓ અત્યંત આર્હંત્ બની સાતક્ષેત્રોમાં દ્રવ્યને વાપરશે. સુષમા કાળની જેમ ત્યાંના સર્વે લોકો પરધન અને પરસ્ત્રીથી વિમુખ થશે. હે **અભય**કુમાર ! અમારા નિર્વાણ પછી સોળસો ને ઓગણોતેર વર્ષ જશે, ત્યારે એ નગરમાં ચૌલુક્ય કુળમાં ચંદ્રસમાન, પ્રચંડ પરાક્રમી અને અખંડ શાસનવાળો કુમારપાળ નામે ધર્મવીર, દાનવીર અને યુદ્ધવીર રાજા થશે. તે મહાત્મા પોતાની પ્રજાને પિતાની જેમ પાલન કરીને મોટી સમૃદ્ધિમાન્ કરશે, સરલ છતાં અતિ ચતુર, શાન્ત છતાં આજ્ઞામાં ઈંદ્ર જેવો અને ક્ષમાવાન્ છતાં અધૃષ્ય એવો તે ચિરકાળ આ પૃથ્વીપર રાજ્ય કરશે. ઉપાધ્યાય જેમ પોતાના શિષ્યોને વિદ્યાપૂર્ણ કરે તેમ તે પોતાની પ્રજાને પોતાના જેવી ધર્મનિષ્ઠ કરશે. શરણેચ્છુઓને શરણ કરવા લાયક અને પરનારીસહોદર તે રાજા પ્રાણથી અને ધનથી પણ ધર્મને બહુ માનશે. પરાક્રમ, ધર્મ, દયા, આજ્ઞા અને બીજા પુરુષગુણોથી તે અદ્વિતીય થશે. તે રાજા ઉત્તર દિશામાં તુરુષ્ક ( તુર્કસ્થાન ) સુધી, પૂર્વમાં ગંગા નદી સુધી, દક્ષિણમાં વિંધ્યગિરિ સુધી અને પશ્ચિમમાં સમુદ્ર સુધી પૃથ્વીને સાધશે. એક વખતે વજ્રશાખા અને ચાંદ્રકુળમાં થયેલા આચાર્ય **હેમચંદ્ર** તે રાજાના જોવામાં આવશે. તે ભદ્રિકરાજા મેઘના દર્શનથી મયૂરની જેમ તે આચાર્યના દર્શનથી હર્ષિત થઈ તેમને વંદના કરવાની ત્વરા કરશે. સૂરિ જિનચૈત્યમાં ધર્મદેશના દેતા હતા, ત્યાં તેમને વંદના કરવાને માટે તે રાજા પોતાના શ્રાવક મંત્રીઓની સાથે આવશે. ત્યાં પ્રથમ દેવને નમસ્કાર કરીને પછી તત્ત્વને નહીં જાણતાં છતાં પણ તે રાજા શુદ્ધ ભાવથી આચાર્યને વાંદશે. પછી તેમના મુખથી શુદ્ધ ધર્મદેશના પ્રીતિપૂર્વક સાંભળીને તે રાજા સમકિતપૂર્વક અણુવ્રત ( શ્રાવકનાં વ્રત ) સ્વીકારશે. પછી સારી રીતે બોધને પ્રાપ્ત કરીને તે રાજા શ્રાવકના આચારનો પારગામી થશે, અને રાજસભામાં બેઠા છતાં પણ તે ધર્મગોષ્ટીથી પોતાના આત્માને રમાડશે, અર્થાત્ ધર્મચર્ચા કરશે. પ્રાયઃ નિરંતર બ્રહ્મચર્યને પાળનાર તે રાજા અન્ન, શાક અને ફળાદિ સંબંધી અનેક નિયમો વિશેષ પ્રકારે ગ્રહણ કરશે. સદ્બુદ્ધિવાન્ તે રાજા અન્ય સાધારણ સ્ત્રીઓને તજી દેશે એટલુંજ નહિ પણ પોતાની ધર્મપત્નીઓને પણ બ્રહ્મચર્ય પાળવાનો પ્રતિબોધ કરશે. સૂરિના ઉપદેશથી જીવ અજીવ વિગેરે તત્ત્વોને જાણનાર તે રાજા આચાર્યની જેમ બીજાઓને પણ બોધિ ( સમ્યક્ત્વ ) પ્રાપ્ત કરાવશે. અર્હંત્ ધર્મના દ્વેષી એવા પાંડુરોગી બ્રાહ્મણો પણ તેની આજ્ઞાથી ગર્ભશ્રાવક[1] જેવા થઈ જશે. પરમ શ્રાવક-

---

૧ જન્મથી થયેલ શ્રાવક.

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

પણાને પ્રાપ્ત કરનાર અને ધર્મ જાણનાર તે રાજા દેવપૂજા અને ગુરૂવંદન કર્યા વગર ભોજન કરશે નહીં. તે રાજા અપુત્ર મૃત્યુ પામેલાઓનું દ્રવ્ય લેશે નહીં. 'વિવેકનું ફળ એજ છે અને વિવેકીઓ સદા તૃપ્ત જ હોય છે.' પાંડુ જેવા રાજાઓએ પણ જે મૃગયા (શિકાર) છોડેલ નહીં તેને એ રાજા છોડી દેશે અને તેની આજ્ઞાથી બીજા સર્વ પણ છોડી દેશે. હિંસાનો નિષેધ કરનાર એ રાજા રાજ્ય કરતે છતે મૃગયાની વાત તો દૂર રહી, પણ માંકણ કે જુ જેવા ક્ષુદ્ર પ્રાણીઓને અંત્યજ[1] પણ મારી શકશે નહીં. પાપર્દ્ધિ (મૃગયા)નો નિષેધ કરનારા એ મહાન્ રાજાના રાજ્યમાં અરણ્યમાં રહેતી સર્વ મૃગજાતિઓ ગોષ્ટની ગાયોની જેમ સદા નિર્વિઘ્ને વાગોળશે. શાસનમાં પાકશાસન (ઇંદ્ર) જેવો તે રાજા સર્વ જળચર, સ્થળચર અને ખેચર પ્રાણીઓની રક્ષા કરવાને માટે કાયમની અમારીઘોષણા કરાવશે. જેઓ જન્મથીજ માંસના ખાનારા હતા તેઓ પણ તેની આજ્ઞાથી દુઃસ્વપ્નની જેમ માંસની વાર્ત્તા પણ ભૂલી જશે. પૂર્વે દેશની રીતિથી શ્રાવકોએ જેને પૂરેપૂરૂં છોડયું નહોતું તેવા મદ્યને આ નિર્દોષ રાજા સર્વત્ર છોડાવી દેશે. તે રાજા આ પૃથ્વીપર મદ્યને એવું રૂંધી દેશે કે જેથી કુંભકાર પણ મદ્યના પાત્રને ઘડવા છોડી દેશે. મદ્યપાનના વ્યસનથી જેમની સંપત્તિ ક્ષીણ થઈ ગઈ છે એવા પુરૂષો એ મહારાજાની આજ્ઞાથી મદ્યને છોડી દેવાવડે સંપત્તિવાન્ થશે. પૂર્વે નળ વિગેરે રાજાઓએ પણ જે દ્યૂતક્રીડાને છોડી નથી, તે દ્યૂતનું નામ પણ શત્રુના નામની જેમ તે ઉન્મૂલન કરી દેશે. તેનું ઉદયવાળું શાસન ચાલતાં આ પૃથ્વીપર પારેવાની પણક્રીડા[2] અને કુકડાના યુદ્ધ પણ થશે નહિ. નિઃસીમ વૈભવવાળો તે રાજા પ્રાયઃ પ્રત્યેક ગ્રામે જિનમંદિર કરાવવાથી બધી પૃથ્વીને જિનમંદિરોથી મંડિત કરશે, અને સમુદ્ર પર્યંત પ્રત્યેક માર્ગ તથા પ્રત્યેક નગરે અર્હંત પ્રતિમાની રથયાત્રાનો મહોત્સવ કરાવશે. દ્રવ્યના પુષ્કળ દાનવડે જગતને ઋણમુક્ત કરીને તે રાજા આ પૃથ્વી ઉપર પોતાનો સંવત્સર ચલાવશે.

આવો મહાન્ પ્રતાપી **કુમારપાળ** રાજા એક વખતે કથાપ્રસંગમાં ગુરૂમુખથી કપિલમુનિએ પ્રતિષ્ઠિત કરેલી અને રજમાં ગુપ્ત થયેલી તે પ્રતિમાની વાત સાંભળશે; જેથી તત્કાળ તે ધુળિનું સ્થાન ખોદાવી એ વિશ્વપાવની[3] પ્રતિમાને બહાર કાઢી લઈ આવવાનો મનોરથ કરશે. તે વખતે મનનો ઉત્સાહ અને બીજા શુભ નિમિત્તોવડે એ રાજા પ્રતિમાને હસ્તગામી થવાનો સંભવ માનશે. પછી ગુરૂની આજ્ઞા લઈ યોગ્ય પુરૂષોની યોજના કરીને વીતભય નગરના તે સ્થળને ખોદાવવાનો આરંભ કરશે. તે વખતે પરમ આર્હંત્ એવા તે રાજાના સત્ત્વથી શાસનદેવતા ત્યાં આવીને સાનિધ્ય કરશે. કુમારપાળ રાજાના ઘણા પુણ્યથી ખોદાવવા માંડેલા સ્થળમાંજ તત્કાળ તે પ્રગટ થશે. તે સાથે તે પ્રતિમાની પૂજાને માટે ઉદાયન રાજાએ આપેલા ગામોનો આજ્ઞાલેખ પણ પ્રગટ થશે. રાજાએ નીમેલા પુરૂષો પ્રાપ્ત થયેલી તે પ્રતિમાને નવીન હોય તેમ યથાવિધિ પૂજા કરીને રથમાં બેસારશે. માર્ગમાં તેની અનેક પ્રકારે પૂજાઓ થશે, તેની પાસે અહોરાત્રી સંગીત થયા કરશે, તેની સમીપે ગામડાની સ્રીઓ તાળીઓ દઈને રાસડા

---

૧ ઢેડ, ચમાર વિગેરે નીચ વર્ણ. ૨ પણ–હોડ કરીને પરસ્પર લડાવવા તે. ૩ વિશ્વને પવિત્ર કરનારી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લેશે, પંચશબ્દ વાજીંત્રો હર્ષપૂર્વક વાગશે, અને તેની બંને બાજુ ચામરો વીંજાતા જશે. એવી રીતે મોટી ધામધુમ સાથે એ પ્રતિમાને રક્ષકજનો પાટણના સીમાડામાં લાવશે. તે હકીકત સાંભળીને અંતઃપુર પરિવાર સહિત ચતુરંગ સેનાથી પરવરેલો **કુમારપાળ**રાજા સર્વ સંઘની સાથે તે પ્રતિમાની સામે જશે. ત્યાં જઈ તે પ્રતિમાને પોતાને હાથે રથમાંથી ઉતારી હાથી ઉપર બેસારીને મોટા ઉત્સવ સાથે પોતાના નગરમાં પ્રવેશ કરાવશે. અને પોતાના રાજભવનની પાસેના ક્રિડાભવનમાં રાખીને તેની વિધિપૂર્વક ત્રિકાળ પૂજા કરશે. પછી તે પ્રતિમાને અર્થે **ઉદાયન**રાજાએ જે આજ્ઞાલેખ લખી આપ્યો હતો, તે વાંચીને કુમારપાળ તેને પ્રમાણ કરશે. નિષ્કપટી કુમારપાળરાજા તે પ્રતિમાને સ્થાપન કરવા માટે એક સ્ફટિકમય પ્રાસાદ કરાવશે. જાણે અષ્ટાપદપર રહેલા પ્રાસાદનો યુવરાજ હોય તેવો તે પ્રાસાદ જોવાથી જગતને વિસ્મય પમાડશે. પછી તે પ્રાસાદમાં તે પ્રતિમાનું સ્થાપન કરશે. એ પ્રમાણે સ્થાપિત કરેલી તે પ્રતિમાના પ્રભાવથી કુમારપાળરાજા પ્રતિદિન પ્રતાપ, સમૃદ્ધિ અને આત્મકલ્યાણમાં વૃદ્ધિ પામ્યા કરશે. હે અભયકુમાર! દેવ અને ગુરૂની ભક્તિવડે એ કુમારપાળ રાજા આ ભારતવર્ષમાં તારા પિતાની જેવો થશે.”

આ પ્રમાણે શ્રી **વીર**પ્રભુની પાસેથી સાંભળીને અભયકુમાર પ્રભુને નમી **શ્રેણિક**રાજા પાસે આવીને આ પ્રમાણે કહેવા લાગ્યો કે-“હે પિતાજી! જો હું રાજા થઈશ તો પછી મારાથી મુનિ થવાશે નહીં, કારણ કે શ્રી વીરપ્રભુએ ઉદાયન રાજાને છેલ્લા રાજર્ષિ કહ્યા છે. શ્રી વીરપ્રભુ જેવા સ્વામીને પામીને અને તમારા પુત્રપણાને પામીને જો હું આ ભવદુઃખનો છેદ ન કરૂં તો મારા જેવો બીજો કયો પુરૂષ અધમ કહેવાય? હે તાત! હું નામથી અભય છું, પણ ભવભયથી સભય છું, માટે જો આજ્ઞા આજ્ઞા આપો તો હું ત્રણ ભુવનને અભય આપનારા શ્રી વીરપ્રભુનો આશ્રય કરૂં. અભિમાનરૂપ સુખના હેતુભૂત એવા રાજ્યથી મારે સર્યું. કારણ કે મહર્ષિઓ સંતોષનેજ શ્રેષ્ઠ સુખ કહે છે.” આ પ્રમાણેનાં અભયકુમારનાં વચનો સાંભળીને શ્રેણિકે રાજ્ય લેવા માટે તેને આગ્રહથી કહ્યું, તો પણ જ્યારે તેણે રાજ્ય ગ્રહણ કર્યું નહીં, ત્યારે છેવટે રાજાએ હર્ષથી અભયકુમારને વ્રત લેવાની આજ્ઞા આપી. પછી સંતોષસુખના શત્રુ જેવા રાજ્યને તૃણની જેમ છોડી દઈને અભયકુમારે શ્રી વીરપ્રભુની પાસે દીક્ષા ગ્રહણ કરી. જ્યારે અભયકુમારે વ્રત ગ્રહણ કર્યું ત્યારે તેની માતા નંદાએ પણ શ્રેણિકરાજાની આજ્ઞા લઈને શ્રી વીરપ્રભુના ચરણમાં આવી દીક્ષા લીધી. અભય અને નંદાએ દીક્ષા લેતી વખતે દિવ્ય બે કુંડળો અને દિવ્ય વસ્ત્રયુગ્મ જે પ્રથમ શ્રેણિકે આપેલા હતા તે હલ્લ વિહલ્લને આપ્યા.

ભગવંત શ્રી **વીર** પ્રભુએ સુર અસુરોથી સેવાતા છતા ભવ્યજનને પ્રતિબોધ કરવાને માટે ત્યાંથી અન્યત્ર વિહાર કર્યો. અભયકુમાર વિવિધ પ્રકારના અભિગ્રહ પૂર્વક ચિરકાળ ચારિત્ર પાળી મૃત્યુ પામીને સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્તમ દેવપણે ઉત્પન્ન થયા.

જ્યારે **અભય**કુમારે શ્રી વીરપ્રભુની પાસે દીક્ષા લીધી ત્યારે શુદ્ધ બુદ્ધિવાળા મગધપતિ **શ્રેણિક** રાજાએ આ પ્રમાણે વિચાર્યું કે, “અભયકુમાર મારા સર્વ કુમારોમાં ગુણની ભૂમિરૂપ

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

હતો, તે સુકૃતિએ તો વ્રત લઇને પોતાનો સ્વાર્થ સાધી લીધો; તો હવે પરાક્રમી અને આયુષ્યમાન્ એવા કોઈ કુમારની ઉપર આ રાજ્યનો ભાર મૂકવો જોઈએ; કારણ કે 'રાજાઓનો એ ક્રમ ચાલ્યોજ આવે છે.' સગુણ હોય કે નિર્ગુણ હોય પણ પુત્રજ પિતાની સંપત્તિનો અધિકારી છે; પરંતુ જો પુત્ર ગુણી હોય તો પિતાનું પુણ્ય ઉજ્વળ ગણાય છે. અભયકુમાર વિના હવે મારા વિશ્રામનું ધામ માત્ર મારો ગુણી પુત્ર કૂણિક છે, એજ રાજ્યને યોગ્ય છે, તે સિવાય બીજો કોઈ રાજ્યને યોગ્ય નથી." આવો નિશ્ચય કરીને કુણિકને રાજ્ય આપવાના નિરધારથી શ્રેણિકે હલ્લવિહલ્લને અઢાર ચક્રનો હાર અને સેચનક નામે હાથી આપ્યો. તે જોઈ કૂણિકકુમારે પોતાના કાળ વિગેરે દશ બંધુઓને એકઠા કરીને કહ્યું કે, 'પિતા વૃદ્ધ થાય તોપણ હજી રાજ્યથી તૃપ્તિ પામતા નથી. પુત્ર જ્યારે કવચધારી થાય ત્યારે રાજાઓ તો વ્રત ગ્રહણ કરે છે, આપણા જ્યેષ્ટ અભયકુમાર બંધુને ધન્ય છે કે, જેણે યુવાન છતાં રાજ્યલક્ષ્મીને છોડી દીધી; પરંતુ આપણા વિષયાંધ પિતા તો હજુ રાજ્ય ભોગવતાં કાંઈ પણ જોતાજ નથી; માટે આજે એ પિતાને બાંધી લઇને આપણે સમયને યોગ્ય રાજ્ય ગ્રહણ કરીએ, તેમાં આપણને કાંઈ પણ અપવાદ લાગશે નહીં, કારણ કે તે વિવેક વિકળ થયેલા છે. પછી આપણે રાજ્યને અગ્યાર ભાગે વહેંચી લઇને ભોગવીશું. ત્યારબાદ આપણો બંધીખાને પડેલો પિતા સેંકડો વર્ષ સુધી ભલે જીવો." આવો વિચાર કરીને તેઓએ પોતાના વિશ્વાસી પિતાને એકદમ બાંધી લીધો. "દુષ્ટ પુત્ર ઘરમાં ઉત્પન્ન થયા છતાં પણ વિષવૃક્ષ જેવોજ છે."

કૂણિકે શ્રેણિકને શુકપક્ષીની જેમ પાંજરામાં પૂરી દીધો, વિશેષમાં તેને ખાનપાન પણ આપતો નહીં; એટલુંજ નહીં પણ તે પાપી કૂણિક પૂર્વભવના વૈરથી પ્રતિદિન સવારે અને સાંજે તેમને સો સો ચાબુક મારતો હતો. દૈવે માથે નાખેલી આ દુર્દશાને શ્રેણિક ભોગવતો હતો. કેમકે "ગજેંદ્ર સમર્થ હોય તોપણ સાંકળે બંધાયેલો શું કરી શકે ?" કૂણિક શ્રેણિકની પાસે કોઈને પણ જવા દેતો નહીં, ફક્ત માતાપણાના દાક્ષિણ્યથી ચેલ્લણાને જવામાં વારી શકતો નહીં. ચેલ્લણા પ્રતિદિન સો વાર ધોયેલી સુરાવડે સ્નાન કરીને જવાની ઉતાવળ જણાવી આર્દ્ર કેશેજ શ્રેણિકની પાસે વારંવાર જતી હતી, અને પોતાના કેશપાશમાં પુષ્પના ગુચ્છાની જેમ કુલ્માષ (અડદ)નો એક પિંડ ગોપવી રાખી એ પતિભક્તા રમણી શ્રેણિકને ગુપ્ત રીતે આપી દેતી હતી. દુઃપ્રાપ્ય એવો તે કુલ્માષનો પિંડ મળવાથી રાજા તેને દિવ્ય ભોજન સમાન માનતો હતો, અને તે પિંડથી પોતાની પ્રાણયાત્રા કરતો હતો. કેમકે "ક્ષુધા નામનો રોગ અન્નરૂપ ઔષધ વિના મૃત્યુને માટે થાય છે." પછી ચેલ્લણા સો વાર ધોયેલી સુરાના[૧] બિંદુઓ કેશપાશમાંથી નેત્રના અશ્રુબિંદુ સાથે પાડતી હતી, અને તે સુરાના બિંદુઓનું મેઘબિંદુનું ચાતક પાન કરે તેમ શ્રેણિક તૃષિત થઈને પાન કરતો હતો. એ બિંદુમાત્ર સુરાનું[૧] પાન કરવાથી રાજા ચાબુકના ઘાને બહુ વેદતો નહીં, તેમજ તૃષાથી પણ પીડિત થતો નહીં.

---

૧ અસર સેરનો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવી રીતે શ્રેણિકરાજાને બાંધી ઉગ્રપણે રાજ્ય કરતાં કૂણિકને **પદ્માવતી** નામની રાણીથી એક પુત્ર થયો. તે વધામણી લઈને આવેલા દાસદાસીઓને કૂણિકે વસ્ત્રાભરણથી આચ્છાદિત કરી કલ્પલતા જેવા કરી દીધા. પછી પોતે અંતઃપુરમાં જઈને પુત્રને હાથમાં લીધો. તેના કરકમળમાં રહેલો તે બાળક હંસના બાળકની જેવો શોભવા લાગ્યો. નયનરૂપ કમળને સૂર્ય સમાન તે પુત્રને જોતો કૂણિક પરમ આનંદમાં મગ્ન થઈ એક શ્લોક બોલ્યો, જેનો ભાવાર્થ એવો હતો કે –'હે વત્સ! તું મારા અંગથી ઉત્પન્ન થયો છે અને મારા હૃદયથી બનેલો છે, તેથી મારા આત્મા સમાન છે, માટે તું સો વર્ષ સુધી જીવ!' આ પ્રમાણે વારંવાર બોલતો કૂણિક વિશ્રાંત થયો નહીં; અર્થાત્ તે શ્લોકના મિષથી હૃદયમાં નહીં સમાતા હર્ષનું તે વમન કરવા લાગ્યો. પછી કુમારના રક્ષણમાં ચતુર એવી વૃદ્ધ સ્ત્રીઓ રાજાના હાથમાંથી પુત્રને સૂતિકાગૃહની શય્યામાં લઈ ગઈ. રાજાએ પુત્રનો જાતકર્મ મહોત્સવ કર્યો; અને શ્રાવક એવા બ્રાહ્મણ વિગેરેને યથારૂચિ દાન આપ્યું.પછી શુભ દિવસે કૂણિકે મોટા ઉત્સવથી તે પુત્રનું ઉદાયી એવું નામ પાડયું. સુવર્ણ સરખી કાંતિવાળો કુમાર દિવસે દિવસે રક્ષકોથી રક્ષણ થતા ઉદ્યાનના વૃક્ષોની જેમ વૃદ્ધિ પામવા લાગ્યો. તે કુમારને કટી ઉપર બેસાડીને નિરંતર ફરતો કૂણિક પુતળીવાળા સ્તંભની જેવો લાગતો હતો. કાલાકાલા શબ્દોથી કુમારને બોલાવતો કૂણિક બોલવામાં અજ્ઞાન એવા શિશુની શોભાને ધારણ કરતો હતો. બેસતાં, સુતાં, ચાલતાં, અને ભોજન કરતાં અંગુળીમાંથી મુદ્રિકાની જેમ રાજા તેને હાથમાંથી મુકતો નહોતો.

એક વખતે પુત્રવત્સલ કૂણિકરાજા ડાબા સાથળ ઉપર પુત્રને બેસાડીને જમવા બેઠો હતો; તેણે અર્ધું ભોજન કર્યું, તેવામાં તે અર્ભકે મૂત્રોત્સર્ગ કર્યો, એટલે ઘીની ધારાની જેમ તેના મૂત્રથી ધારા ભોજન ઉપર પડી. 'પુત્રના પેશાબના વેગનો ભંગ ન થાઓ' એવું ધારી કૂણિકે પોતાનો સાથળ હલાવ્યો પણ નહીં. "પુત્રવાત્સલ્ય એવું હોય છે." પણ મૂત્રથી આર્દ્ર થયેલું અન્ન પોતાને હાથે દૂર કરી બાકીનું અન્ન તેજ થાળમાં તે ખાવા લાગ્યો. પુત્રના પ્રેમથી તે ભોજન પણ તેને સુખદાયક લાગ્યું. આ સમયે તેની માતા ચેલ્લણા પાસે બેઠી હતી, તેને કૂણિકે પૂછ્યું કે, "હે માતા! કોઇને પોતાનો પુત્ર આવો પ્રિય હતો કે અત્યારે હશે?" **ચેલ્લણા** બોલી–"અરે પાપી! અરે રાજકુળાધમ! તું તારા પિતાને આના કરતાં પણ અત્યંત વહાલો હતો, તે શું નથી જાણતો? મને દુષ્ટ દોહદ થવાવડે તું જન્મ્યો છું, અને તેથીજ તું તારા પિતાનો વૈરી થયો છું; 'સગર્ભા સ્ત્રીઓને ગર્ભ પ્રમાણેજ દોહદ થાય છે.' ગર્ભમાં રહેલો તું તારા પિતાનો વૈરી છું, એવું જાણી મેં પતિના કલ્યાણની ઇચ્છાથી ગર્ભપાત કરવા માટે અનેક પ્રયત્ન કર્યા હતા, તથાપિ તું તે તે ઔષધોથી નાશ ન પામતાં ઉલટો પુષ્ટ થયો હતો. 'બળવાન્ પુરૂષોને સર્વ વસ્તુ પથ્ય થાય છે.' તારા પિતાએ 'હું પુત્રનું મુખ ક્યારે જોઉં?' એવી આશાથી મારા નઠારા દોહલાને પણ પૂર્ણ કર્યા હતા. પછી જ્યારે તું જન્મ્યો ત્યારે તને તારા પિતાનો વૈરી ધારી મેં તજી દીધો હતો. પણ તારા પિતા પોતાના



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીવિતવ્યની જેમ તને પાછો લઈ આવ્યા હતા. તને તજી દીધો તે વખતે કુકડીના પિંછાથી તારી એક આંગળી વીંધાઈ ગઈ હતી. તે પાકી જવાથી અને અંદર જીવ પડવાથી તને અત્યંત પીડા થતી હતી, તે વખતે તારી વચલી આંગળીને પણ તારા પિતા મુખમાં રાખતા હતા અને તે જ્યાંસુધી મુખમાં રાખતા ત્યાંસુધી તને સુખ થતું હતું. અરે માઠા ચારિત્રવાળા! આવી રીતે જે પિતાએ તને મહા કષ્ટ ભોગવી લાલિતપાલિત કર્યો હતો, તેના બદલામાં અત્યારે તેવા ઉપકારી પિતાને તેં કારાગૃહમાં નાંખેલા છે." કૂણિક બોલ્યો-"માતા! મારા પિતાએ મને ગોળના મોદક મોકલ્યા અને હલ્લવિહલ્લને ખાંડના મોકલ્યા તેનું શું કારણ?" ચિલ્લણા બોલી-"હે મૂઢ! તું તારા પિતાનો દ્વેષી છું એવું જાણી મને અનિષ્ટ થયો હતો, તેથી ગોળના મોદક તો મેં મોકલ્યા હતા." આ પ્રમાણે ખુલાસો થવાથી કૂણિક બોલ્યો કે-"અવિચારિત કાર્ય કરનારા એવા મને ધિક્કાર છે! પરંતુ હવે જેમ થાપણ રાખેલી પાછી સોંપે તેમ હું મારા પિતાને રાજ્ય પાછું આપી દઉં છું." આ પ્રમાણે કહી અર્ધું ભોજન કર્યું હતું તેવી સ્થિતિમાંજ પૂરૂં ભોજન કરવા ન રોકાતાં આચમન લઈ ધાત્રીને પુત્ર સોંપી કૂણિક પિતાની સમીપે જવાને ઉત્સુક થઈ ઉભો થયો, અને ત્યાં જઈને 'મારે હાથેજ પિતાના ચરણની બેડી ભાંગી નાંખું' એમ વિચારી એક લોહદંડ ઉપાડીને તે શ્રેણિકની પાસે જવા દોડ્યો.

કૂણિકે શ્રેણિક પાસે રાખેલા પહેરગીરો પૂર્વના પરિચયથી શ્રેણિકની પાસે આવ્યા અને કૂણિકને ઉતાવળે આવતો જોઈ આકુળવ્યાકુળ થઈને આ પ્રમાણે બોલ્યા-"અરે રાજેંદ્ર! સાક્ષાત્ યમરાજની જેમ લોહદંડને ધારણ કરી તમારો પુત્ર ઉતાવળો આવે છે, તે શું કરશે? તે કાંઈ અમે જાણી શકતા નથી." તે સાંભળી શ્રેણિકે વિચાર્યું કે, "આજે તો જરૂર મારા પ્રાણજ લેશે, કારણ કે આજ સુધી તો તે હાથમાં ચાબુક લઈને આવતો હતો અને આજે તો લોહદંડ લઈને આવે છે. વળી હું જાણી શકતો નથી કે તે મને કેવા કુત્સિત મારથી મારી નાખશે! માટે તે આવ્યો નથી ત્યાં સુધીમાં મારેજ મરણનું શરણ કરવું યોગ્ય છે." આવું વિચારી તેણે તત્કાળ તાળપુટ વિષ જિહ્વાના અગ્ર ભાગે મૂક્યું, જેથી આગળથીજ જાણે પ્રસ્થાન કરવા તૈયાર થયેલા હોય તેમ તેના પ્રાણ તત્કાળ ચાલ્યા ગયા.

કૂણિક નજીક આવ્યો ત્યાં તો તેણે પિતાને મૃત્યુ પામેલા જોયા. તેથી તત્કાળ તેણે છાતી કુટીને પોકાર કર્યો અને વિલાપ કરવા લાગ્યો કે-"હે પિતા! હું આવા પાપકર્મથી આ પૃથ્વીમાં અદ્વિતીય પાપી થયો. વળી 'હું જઈ પિતાને ખમાવું' આવો મારો મનોરથ પણ અત્યારે પૂર્ણ થયો નહીં, તેથી હમણા તો હું અતિ પાપી છું. પિતાજી! તમારા પ્રાસાદનું વચન તો દૂર રહ્યું પણ મેં તમારૂં તિરસ્કાર ભરેલું વચન પણ સાંભળ્યું નહીં. મને મોટું દુર્દૈવ વચમાં આવીને નડ્યું. હવે ભૃગુપાત, શસ્ત્ર, અગ્નિ કે જળથી મારે મરવું તેજ યુક્ત છે." આ પ્રમાણે અતિ શોકમાં ગ્રસ્ત થયેલો કૂણિક મરવાને તૈયાર થયો; તથાપિ મંત્રીઓએ તેને સમજાવ્યો, એટલે તેણે શ્રેણિકના દેહનો અગ્નિસંસ્કાર કર્યો.

जैन साहित्य JAINSITE .com जयतु शासनम्

રાજ્યક્ષ્મા (ક્ષય) ના વ્યાધિની જેમ દિવસે દિવસે ઘણા શોકથી ક્ષીણ થતા રાજાને જોઈ મંત્રીઓ ચિંતવન કરવા લાગ્યા કે–'જરૂર આપણો રાજા આવા અત્યંત શોકથી મૃત્યુ પામશે અને બધું રાજ્ય વિનાશ પમાશે, તેથી કાંઈ પિતૃભક્તિના મિષને લઈને તેનો ઉપાય રચવો જોઈએ.' આવું વિચારી તેમણે કોઈ જીર્ણ તામ્રપત્રમાં એવા અક્ષરો લખ્યા કે, 'પુત્રે આપેલા પિંડાદિક મૃત પિતા પણ મેળવી શકે છે.' પછી તે તામ્રપત્ર તેમણે રાજાની પાસે વાંચી સંભળાવ્યું; તેથી ઠગાયેલા રાજાએ પિતાને પિંડાદિ આપ્યા. ત્યારથી પિંડદાનનો પ્રચાર પ્રવર્ત્યો.

'મારા આપેલા પિંડાદિકને મારા મૃત પિતા ભોગવે છે' આવી મૂઢ બુદ્ધિથી રસવિક્રિયાને જ્વરવાળાની જેમ રાજાએ શનૈ: શનૈ: શોકને છોડી દીધો. તોપણ કોઈ કોઈવાર પિતાની શય્યા અને આસન વિગેરે જોવામાં આવતા સિંહાવલોકન ન્યાયથી પાછો તેના હૃદયમાં શોક ઉત્પન્ન થતો હતો. ગળાના ભોથાંની જેમ વારંવાર તેને શોક ઉત્પન્ન થવા લાગ્યો, તેથી તે રાજગૃહમાં રહેવાને અશક્ત થયો; એટલે 'હું અહિંથી બીજે સ્થાને શહેર વસાવું' એવો વિચાર કરીને તેણે ઉત્તમ ભૂમિ શોધવાને માટે વાસ્તુવિદ્યામાં ચતુર એવા પુરૂષોને આજ્ઞા આપી. તે ઉત્તમ વાસ્તુવેત્તાઓએ ભૂમિ શોધવા માટે ફરતાં ફરતાં એક ઠેકાણે ચંપકનું મોટું વૃક્ષ દીઠું. તે જોઈને તેઓ વિચારવા લાગ્યા કે, "આ વૃક્ષ કોઈ ઉદ્યાનમાં નથી, અહિં કાંઇ પાણીની નીક જોવામાં આવતી નથી, તેમજ એની નીચે કયારામાં જળ પણ નથી, તે છતાં આવું અદ્ભુત આ શી રીતે થયું હશે? અહો! આની શાખાઓ કેવી વિશાળ છે! પત્રલતા કેવી અદ્ભુત છે! નવા પલ્લવો કેવાં ખીલ્યાં છે? પુષ્પોની સુગંધ કેવી આવે છે! છત્રનો પણ પરાભવ કરે તેવી કેવી સરસ શીતળ છાયા છે? અહો! આની નીચે વિશ્રામ કરવાની કેવી યોગ્યતા છે? અરે આનું સર્વ કેવું સુંદર છે! શોભાના સ્થાનરૂપ આ ચંપક વૃક્ષ જેવું સ્વભાવથીજ રમણિક છે, તેવું અહિં નગર વસાવશું તો તે પણ રમણિક થશે." આ પ્રમાણે વિચારી તેઓએ રાજા પાસે આવીને કહ્યું કે, "જેવું એ ચંપક વૃક્ષ શોભી રહ્યું છે, તેવુંજ ત્યાં નગર શોભાને પામશે એવો જાણે કોલ મળવાથી આવે તેમ અમને વિશ્વાસ આવે છે, માટે એ સ્થાન નગર વસાવવાને યોગ્ય છે." પછી રાજાએ ચંપક વૃક્ષના નામથી **ચંપા** નામે નગરી વેગથી ત્યાં વસાવી. "રાજાઓને વચનથીજ કાર્યસિદ્ધિ થાય છે." પછી કૂણિક પોતાના ભ્રાતાઓની સાથે બળ[1] વાહન વિગેરે લઈ **ચંપાપુરીમાં** આવીને પૃથ્વીનું રાજ્ય કરવા લાગ્યો.

એક વખતે **હલ્લ** અને **વિહલ્લ** નામના બે દીયરને સેચનક હાથી ઉપર આરૂઢ થયેલા, દિવ્ય કુંડળોથી મંડિત તથા દિવ્ય હાર અને દિવ્ય વસ્ત્ર ધારણ કરવાથી અદ્ભુત શોભાવડે જાણે પૃથ્વીપર દેવ આવેલા હોય તેવા જોઈ કૂણિકની સ્ત્રી પદ્માવતી સ્ત્રીપણાને યોગ્ય વિચાર કરવા લાગી કે, 'આવા દિવ્ય વસ્ત્ર, હાર, કુંડળ અને સેચનક હસ્તી વિના મારા પતિનું રાજ્ય

---

૧ ચારે પ્રકારનું લશ્કર.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નેત્ર વિનાના મુખ જેવું છે.' પછી તેણીએ હલ્લવિહલ્લ પાસેથી તે દિવ્ય હાર વિગેરે લઇ લેવાનો પોતાના પતિને આગ્રહ કર્યો, એટલે કૂણિકે તેને કહ્યું કે, "હલ્લવિહલ્લને જે પિતાએ આપ્યું છે, તે પાછું લેવું યોગ્ય નથી, વળી પિતા સ્વર્ગમાં ગયા પછી તો એ બંને મારે વિશેષે પ્રાસાદ કરવાને યોગ્ય છે." તથાપિ રાણીએ ઘણો આગ્રહ કર્યો. ત્યારે છેવટે રાજાએ તે હાર માગી લેવાને કબુલ કર્યું. "સ્ત્રીઓનો આગ્રહ મંકોડાના આગ્રહથી પણ વિશેષ છે.' અન્યદા કૂણિકે હલ્લવિહલ્લની પાસે સૌભ્રાતૃપણું[1] છોડી દઈને તે હાર વિગેરે ચારે વસ્તુ માગી. એટલે 'જેવી આપની આજ્ઞા' એમ કહીને તે બંને પોતાને ઘેર ગયા. પછી બુદ્ધિમાન્ એવા તે બંને વિચારવા લાગ્યા કે–'કૂણિકનો આ અભિપ્રાય સારો નથી, પણ એનું આપણે શું પ્રયોજન છે, આપણે તો અહિંથી કોઈ બીજે ઠેકાણે ચાલ્યા જઈએ.' "પરાક્રમીઓને સર્વ ઠેકાણે શ્રેય થાય છે." આવો નિશ્ચય કરીને તે હલ્લવિહલ્લ પોતાનું અંતઃપુર અને તે દિવ્ય હાર વિગેરે લઈ તેજ રાત્રે ત્યાંથી નીકળીને વૈશાળી નગરી તરફ ચાલ્યા; ત્યાં તેમનો ચેટક નામનો માતામહ હતો, તેણે સ્નેહથી આલિંગન કરવાપૂર્વક તેનો સત્કાર કર્યો અને યુવરાજની જેમ પોતાની પાસે રાખ્યા.

પ્રાતઃકાળે કૂણિકને ખબર પડયા કે, હલ્લવિહલ્લ તો ધૂર્તની જેમ છેતરીને વૈશાળી નગરીએ ચાલ્યા ગયા છે. એટલે દાઢી ઉપર હાથ મૂકીને તે ચિંતવવા લાગ્યો કે, "અહો! મારે તો હસ્તી વિગેરે રત્નો પણ ન રહ્યા અને તે બે ભ્રાતા પણ ન રહ્યા, સ્ત્રીની પ્રધાનતાથી અર્થાત્ તેના કહ્યા પ્રમાણે વર્તવાથી હું ઉભય ભ્રષ્ટ થયો. તો બન્યું તે ખરૂં, પણ હવે આવું કષ્ટ પ્રાપ્ત થતાં જો હું તેમને પાછા ન લાવું, તો એવા પરાભવને સહન કરનાર મારામાં અને વણિકમાં અંતર શું ?" આ પ્રમાણે વિચારીને તેણે કોઈ દૂતને સમજાવી વૈશાળી નગરીમાં ચેટકરાજાની પાસે રત્નો લઈને આવેલા પોતાના ભાઈઓની માગણી કરવાને માટે મોકલ્યો. તે દૂત વૈશાળી નગરીએ પહોંચી ચેટકરાજાની સભામાં ગયો અને ચેટકરાજાને પ્રણામ કરી આસને બેસી સભ્યતાથી આ પ્રમાણે બોલ્યો–"હે રાજન્! અહિં હલ્લવિહલ્લ કુમાર ગજાદિક રત્નો લઈને નાશી આવ્યા છે, તેમને અમારા સ્વામી કૂણિકને સોંપી દો. જો નહીં સોંપો તો તમે રાજ્યભ્રષ્ટ થશો, તેથી એક ખીલીને માટે આખું દેવાલય તોડવા જેવું કરવું તમને યોગ્ય નથી." ચેટકરાજા બોલ્યા કે,–"બીજું કોઈ શરણે આવેલ હોય તો તેને પણ સોંપાતું નથી, તો પછી આ તો મારા ભાણેજ છે કે જે મારાપર વિશ્વાસી છે, અને મને પુત્રવત્ પ્રિય છે, તેને મારાથી શી રીતે સોંપી દેવાય ?" દૂત બોલ્યો કે–"તમે શરણે આવેલા તેમને કદિ ન સોંપો તો ખેર, તેમની પાસેથી રત્નો લઇને મારા સ્વામીને અર્પણ કરો." ચેટકરાજા બોલ્યો કે–"અરે દૂત! રાજા અને રંકનો એવો સમાન ધર્મ છે કે બીજાના વિત્તને આપી દેવાને બીજો માણસ કદિ પણ સત્તા ધરાવતો નથી. વળી બળાત્કારે કે સમજાવીને પણ હું તેમની

1 ઉત્તમ બંધુપણું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાસેથી કાંઈ લઈ શકું તેમ નથી; કારણ કે તે મારા ધર્મપાત્ર ભાણેજ હોવાથી દાન આપવાને યોગ્ય છે." આવો ઉત્તર સાંભળી ત્યાંથી પાછો ફરીને દૂત ચંપાનગરીએ આવ્યો અને ચેટકરાજાએ કહેલો ઉત્તર પોતાના સ્વામી કૂણિકને કહી સંભળાવ્યો, કે જે તેના ક્રોધરૂપી અગ્નિમાં વંટોળીઆ જેવો થઈ પડયો.

કૂણિકે તત્કાળ ચેટકરાજાપર ચડાઈ કરવાને જયભંભા વગડાવી. "મહા પરાક્રમી વીરો સિંહની જેમ બીજાના આક્ષેપને સહન કરી શકતા નથી." ભંભાનાદ સાંભળી અસામાન્ય તેજવાળા કૂણિકરાજાના સૈનિકો સર્વ પ્રકારે સજ્જ થઈ ગયા. કાળ વિગેરે દશ બળવાન્ કુમારો (કૂણિકના ભાઈઓ) સર્વ રીતે સજ્જ થઈને સૈન્યની આગળ થયા. તે પ્રત્યેક કુમારની સાથે ત્રણ ત્રણ હજાર હાથીઓ, તેટલાજ અશ્વો, તેટલાજ રથો અને ત્રણ કોટી પાયદળોનું સૈન્ય તૈયાર થયું. આવું કૂણિકનું પ્રભુપણું હતું. આવા મોટા સૈન્યની સાથે ચંપાપતિ ચેટકરાજાની સન્મુખ ચાલ્યો; તેના સૈન્યના પ્રયાણથી પૃથ્વી અને સૂર્ય બંને ઢંકાઈ ગયા; રાજા ચેટકે પણ અપરિમિત સૈન્યથી કૂણિકના સામી તૈયારી કરી. અઢાર મુગટબદ્ધ રાજાઓ તેની ફરતા વીંટાઈ વળ્યા હતા. પ્રત્યેક રાજાઓની સાથે ત્રણ હજાર ગજેંદ્રો, તેટલા ઘોડા, તેટલા રથ અને ત્રણ કોટી પેદળની સેના હતી. તેથી ચેટકનું સૈન્ય પણ કૂણિકના જેટલુંજ હતું. ચેટકરાજા વિશાળાથી ચાલીને પોતાના દેશની સીમા ઉપર જઈ ઉભો રહ્યો. સામું સૈન્ય આવી મળતાં પોતાના સૈન્યમાં દુર્ભેદ્ય સાગરવ્યૂહની રચના કરી. ચંપાપતિ કૂણિકે પણ પૂર્વે કહ્યા પ્રમાણેની પોતાની સેનાવડે શત્રુસેનાથી અભેદ્ય એવા ગરૂડવ્યૂહની રચના કરી. બંને સેનામાં ધ્વનિથી આકાશ અને અંતરીક્ષને પૂરતા હજારો ઘોર સૈન્ય વાજીંત્રો વાગવા લાગ્યા, અને બંને સેનામાં કીર્ત્તિના સ્તંભ હોય તેવા સ્તબ્ધ અને સેવકોએ પ્રચલિત કરેલા ખરોવડે શંખવાદકો ફરવા લાગ્યા.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

પ્રથમ કૂણિકના સૈન્યના નાયક કાળકુમારે ચેટકરાજાની સેના સાથે યુદ્ધ કરવાની શરૂઆત કરી. એટલે બંને સૈન્યમાં ગજારૂઢે ગજારૂઢ, સ્વારે સ્વાર, રથીએ રથી અને પત્તિએ પત્તિ યુદ્ધ કરવા લાગ્યા. ભાલાઓના ઘાતથી પડતા હાથીઓ અને ઘોડાવડે બધી પૃથ્વી, પર્વત અને શિલાઓવાળી હોય તેવી દેખાવા લાગી. ભાંગેલા રથો અને હણાયેલા વીરોવડે રૂધિરની નદીઓ જળમાનુષ અને બેટોવાળી હોય તેવી દેખાવા લાગી. તે વખતે રણાંગણમાં વીરકુંજરોના સ્ફુરણાયમાન થતા ખડ્ગોથી જાણે અસિપત્રનું વન પ્રગટ થયું હોય તેમ દેખાતું હતું. ખડ્ગોથી કપાઈને ઉછળતા શુરવીરોના કરકમળો લઈને માંસભક્ષી રાક્ષસો કર્ણના આભૂષણનું કૌતુક પૂરૂં કરતા હતા; અને સુભટોના મસ્તકો ખડ્ગધારાવડે જૂદા પડતાં હુંકારા કરવાવડે જાણે પોતાના ધડને લડવાની આજ્ઞા કરતા હોય તેમ જણાતું હતું. આ પ્રમાણે સમુદ્રનું વહાણવડે અવગાહન કરે તેમ કાળકુમાર સાગરવ્યૂહનું અવગાહન કરીને તેનો પાર પામ્યાની જેમ ચેટકરાજાની પાસે આવ્યો. જ્યારે કાળ જેવો કાળકુમાર અકાળે પોતાની પાસે આવ્યો ત્યારે ચેટકરાજાએ વિચાર્યું કે, 'વજ્રની જેમ આ કુમારને કોઈ પણ સ્ખલિત કરી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શક્યું નહીં, તેથી આ સન્મુખ આવતો કાળકુમાર કે જે રણરૂપ સાગરમાં મંદરગિરિ જેવો છે, તેનો હું આ દિવ્ય બાણથી ક્ષણમાં નિગ્રહ કરૂં, આવો વિચાર કરીને પ્રાણરૂપ ધનને ચોરનારૂં એક બાણ છોડી ચેટકે કાળકુમારને તત્કાળ પંચત્વ પમાડી દીધો. તે સમયે કાળકુમારની જેમ સૂર્ય પણ અસ્ત પામ્યો અને ચંપાપતિનું સૈન્ય જેમ શોકગ્રસ્ત થયું તેમ આખું જગત પણ અંધકારથી ગ્રસ્ત થયું. તે રાત્રીએ ચંપાપતિનું સૈન્ય યુદ્ધ છોડી દીધા છતાં જાગ્રતજ રહ્યું. કેમકે અભક્ત સ્ત્રીવાળા પુરૂષની જેમ માથે વૈરવાળા પુરૂષને નિદ્રા કયાંથી આવે? ચેટકરાજાના સૈન્યમાં તેના સુભટોએ વીરજયંતી કરીને વાજીંત્રોના નાદવડે આનંદમાં નિશા નિર્ગમન કરી.

બીજે દિવસે ચંપાપતિ કૂણિકે સેનાપતિના પદ ઉપર કાળના નાના ભાઈ મહાકાળનો અભિષેક કર્યો, તેને પણ ચેટક રાજાએ કાળની જેમ મારી નાંખ્યો. એવી રીતે સેનાપતિના પદ ઉપર આવેલા શ્રેણિક રાજાના બીજા આઠ કુમારોને પણ ચેટકે એક એક દિવસે મારી નાંખ્યા. એ પ્રમાણે જ્યારે પોતાની જેવા કાળ વિગેરે દશ કુમારો માર્યા ગયા ત્યારે કૂણિકે વિચાર કર્યો કે "દેવતાના પ્રસાદથી એક બાણવડે ચેટકરાજા સૌને જીતી લે છે, તેથી હવે તે કોટી મનુષ્યોથી પણ જીતી શકાશે નહીં. મને ધિક્કાર છે કે, ચેટકનો આવો પ્રભાવ જાણ્યા વગર દેવ જેવા મારા દશ ભાઈઓને મેં હણાવી નાંખ્યા. હવે જો યુદ્ધ કરીશ તો જે ગતિ તેમની થઈ તે ગતિ મારી પણ થશે, તેથી યુદ્ધ કરવું યોગ્ય નથી; તેમ હવે ભ્રાતૃવધ જોઈને મારે અહિંથી પાછા વળવું તે પણ ઘટિત નથી; માટે હું પણ દેવતાનું આરાધન કરીને તેના પ્રભાવથી શત્રુને જીતી લઉં. "દિવ્ય પ્રભાવ દિવ્ય પ્રભાવવડેજ બાધિત થાય છે." ઉપર પ્રમાણે ઉપાય ચિંતવી હૃદયમાં કોઈ દેવનું ધ્યાન ધરીને શ્રેણિકકુમાર કૂણિક અઠ્ઠમ ભક્ત કરી સ્થિત થયો. પૂર્વ જન્મના તપથી અને તેમ. આ જન્મનું તપ મળવાથી શક્રેંદ્ર અને ચમરેંદ્ર તત્કાળ ત્યાં આવ્યા. તેમણે કૂણિકને કહ્યું કે, 'હે ભદ્ર! શી ઇચ્છા છે?' તે બોલ્યો–'જો તમે પ્રસન્ન થયા હો તો ચેટકરાજાને હણી નાંખો.' શક્રેંદ્રે ફરીથી કહ્યું કે–'તે સિવાય બીજું કાંઈ માગો, કારણ કે ચેટકરાજા શ્રાવક હોવાથી મારો સાધર્મિક છે, તેથી તેને હું કદિ પણ હણીશ નહીં. તથાપિ હું તારા દેહની રક્ષા કરીશ કે જેથી તેનાથી તું જીતાઈશ નહીં,' કૂણિકે 'एवमस्तु' કહી તે વાત સ્વીકારી. પછી ચમરેંદ્રે મહાશિલા કંટક અને રથમૂશળ નામે બે વિજયદાયક સંગ્રામ કરવાનું કહ્યું. પહેલા મહાશિલા કંટક સંગ્રામમાં દુશ્મન તરફથી મહાશિલા આવે તો તે કાંકરા જેવી થઈ જાય છે અને દુશ્મન તરફ એક કાંટો નાંખ્યો હોય તો તે મોટા શસ્ત્રથી અધિક થઈ પડે છે. બીજા રથમૂશળ સંગ્રામમાં ચારે તરફ ભમવાપણું થાય છે અને તેથી સર્વત્ર સંગ્રામ કરવા ઉઠેલું શત્રુઓનું સૈન્ય જોવામાં આવી જાય છે. પછી સુરેંદ્ર, અસુરેંદ્ર, અને નરેંદ્રે (કૂણિકે) મળીને ચેટકરાજાની સેના સાથે યુદ્ધ કરવા માંડ્યું. તે વખતે નાગરથીનો પૌત્ર વરૂણ કે જે શ્રાવકના દ્વાદશ વ્રતનો પાળનાર, સમ્યગ્દૃષ્ટિ, છઠ્ઠે છઠ્ઠે ભોજન કરનાર, સંસારથી વિરક્ત, અને રાજાભિયોગી છઠ્ઠને અંતે પણ અઠ્ઠમ કરનાર

જૈન સાઈટ JAINSITE
www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

હતો, તેની ચેટકરાજાએ ઘણી પ્રાર્થના કરી એટલે તે રથમૂશળ નામના દુઃસહ સંગ્રામમાં સત્ય પ્રતિજ્ઞા લઈ સેનાપતિ થઈને યુદ્ધ કરવા પેઠો. તે યુદ્ધ કરવા માટે આક્ષેપ કરતો છતો અસહ્ય વેગવાળા રથવડે કૂણિકના સેનાપતિ ઉપર ધસી આવ્યો. રથને સામસામા કરી તે બંને યુદ્ધની ઈચ્છાથી જાણે પૃથ્વીપર સૂર્ય અને રાહુ આવ્યા હોય તેમ એક બીજાની નજીક આવ્યા. કૂણિકનો સેનાપતિ યુદ્ધની માગણી કરતો છતો વરૂણની સામે ઉભો રહીને તેને ‘ઘા કર, ઘા કર’ એમ કહેવા લાગ્યો. તેના ઉત્તરમાં વરૂણ બોલ્યો કે–‘હે મહાભુજ! હું શ્રાવક છું, તેથી મારે એવું વ્રત છે કે, કોઈની ઉપર પ્રથમ પ્રહાર કરવો નહીં.’ તે સાંભળી ‘હે મહાસત્વ! સાબાશ છે’ એમ કહી કૂણિકના સેનાપતિએ તેની ઉપર એવું બાણ છોડયું કે જેથી વરૂણનું મર્મસ્થાન વિંધાઈ ગયું. પછી વરૂણે રાતાનેત્ર કરી એક પ્રહારવડેજ કૂણિકના સેનાપતિને યમદ્વારમાં પહોંચાડી દીધો; અને તત્કાળ ગાઢ પ્રહારથી વિધુર થયેલો તે રણમાંથી નીકળી ગયો. બહાર નીકળી એક ઠેકાણે તૃણનો સંથારો કરી તે પર બેસીને તે આ પ્રમાણે ચિંતવવા લાગ્યો—

“આ શરીરવડે સર્વ રીતે સ્વામીનું કાર્ય કર્યું છે, હવે અંતકાળ સમીપ આવેલો હોવાથી સાધવાનો અવસર છે, તેથી હવે મહાપૂજ્ય એવા અરિહંત, સર્વ સિદ્ધ, સાધુએ અને કેવળી ભગવંતે કહેલા ધર્મનું મારે શરણ હો; હું સર્વ જીવોને ખમાવું છું; તેઓ બધા મારા અપરાધને ખમો. મારે હવે સર્વ જીવો સાથે મૈત્રી છે; કોઈની સાથે વૈર નથી. ત્રણ જગત્‌માં મારૂં કોઈ નથી અને હું કોઈનો નથી. મારામાં જે જગત્‌ના પદાર્થોપર મમતા હતી, તેને હું છોડી દઉં છું. મેં મૂઢ થઈને કયા કયા પાપસ્થાનકો સેવ્યા નથી? હવે અત્યારે નિરોગી થયેલો એવો જે હું તેના સર્વ દુષ્કૃત્ય મિથ્યા થાઓ. દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકીપણામાં મેં જે જે દુષ્કૃત્ય કર્યા હોય તે સર્વને હું નિંદુ છું, શ્રી વીરપ્રભુ એકજ મારી ગતિ હો.” આ પ્રમાણે આરાધના કરીને તેણે ચતુર્વિધ આહારના પચ્ચખ્ખાણ કર્યા અને પછી સમાહિત મને નવકાર મંત્રનું ધ્યાન કર્યું. એ સમયે વરૂણનો એક મિત્ર મિથ્યાત્વી હતો, તે રણમાંથી એકાએક બહાર નીકળી વરૂણની પાસે આવ્યો અને આ પ્રમાણે બોલ્યો કે –‘હે મિત્ર! હું તમારા સ્નેહથી વેચાણ થયેલો છું, તેથી અજ્ઞ છતાં પણ તમારા અંગીકાર કરેલા માર્ગને સ્વીકારૂં છું. એમ કહીને તે પણ તેની જેમ ધ્યાનપરાયણ થયો. વરૂણ નવકાર મંત્રને જપતો છતો ધર્મધ્યાનમાં પરાયણ થઈ સમાધિવડે મરણ પામીને સૌધર્મ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો, ત્યાં અરૂણાભ નામના વિમાનમાં ચાર પલ્યોપમનું આયુષ્ય પૂર્ણ કરી મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ સિદ્ધિપદને પામશે. તેનો મિથ્યાત્વી મિત્ર પણ વરૂણના માર્ગેજ મૃત્યુ પામી તેનો મિત્ર દેવતા થઈ કોઈ ઉત્તમ કુળમાં મનુષ્ય થશે, અને ફરીને વિદેહક્ષેત્રમાં પુનઃ ઉત્તમ કુળમાં મનુષ્યપણું પ્રાપ્ત કરી મુક્તિમાર્ગને આરાધીને મોક્ષપદને પામશે.

વરૂણ મરણ પામવાના ખબર મળવાથી ચેટકરાજાના સુભટો લાકડીનો સ્પર્શ થવાથી

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

વરાહની જેમ યુદ્ધ કરવાનો દ્વિગુણ ઉત્સાહ ધરાવવા લાગ્યા. તે ઉપરથી ગણુરાજવડે સનાથ થયેલા ચેટકની સેનાના સુભટોએ ક્રોધવડે હોઠ ડશીને કૂણિકની સેનાને ઘણી કુટી. પોતાના સૈન્યને એ પ્રમાણે કુટાતું જોઈને કૂણિકરાજા પથ્થરથી હણાયેલા સિંહની જેમ ક્રોધવડે ઉદ્ધત થઈને પોતે દોડી આવ્યો. વીરકુંજર કૂણિકે સરોવરની જેમ રણભૂમિમાં ક્રીડા કરીને શત્રુના સૈન્યને કમળ ખંડની જેમ દશે દિશાએ વિખેરી નાંખ્યું; તેથી કૂણિકને દુર્જય જાણી અતિ ક્રોધ પામેલો ચેટક કે જે શૌર્યરૂપ ધનવાળો હતો તેણે ધનુષ્ય ઉપર પેલું દિવ્ય બાણ ચઢાવ્યું; તે સમયે શક્રેંદ્રે કૂણિકની આગળ વજ્ર કવચ રાખ્યું અને ચમરેંદ્રે તેની પછવાડે લોહકવચ રાખ્યું. પછી વૈશાળીનગરીના પતિ ચેટકે ધનુષ્યને કાન સુધી ખેંચી દિવ્ય બાણને છોડયું. પણ તે વજ્ર કવચથી સ્ખલિત થઈ ગયું. તે અમોઘ બાણને નિષ્ફળ થયેલું જોઈને ચેટકરાજાના સુભટો તેના પુણ્યનો ક્ષય માનવા લાગ્યા. સત્ય પ્રતિજ્ઞાવાળા ચેટકે બીજું બાણ છોડયું, તો તે પણ નિષ્ફળ થયું એટલે તે પાછો ફર્યો. બીજે દિવસે પણ તેજ પ્રમાણે યુદ્ધ થયું, અને ચેટકે તેજ પ્રમાણે બાણ મૂકયા પણ તે સફળ થયા નહીં એવી રીતે તેમનું દિવસે દિવસે અતિ ઘોર યુદ્ધ થયું અને બંને પક્ષના મળીને એક કોટી ને એંશી લાખ સુભટો મૃત્યુ પામ્યા. તેઓ તિર્યંચમાં અને નારકીમાં ઉત્પન્ન થયા. પછી ગણુરાજાઓ નાશીને પોતપોતાના નગરમાં ચાલ્યા ગયા, એટલે ચેટકરાજા પણ પલાયન કરીને પોતાના નગરીમાં પેશી ગયો; એટલે કૂણિકે આવીને વિશાળા નગરીને રૂંધી લીધી.

પછી દરરોજ રાત્રીએ સેચનક હાથી ઉપર ચડીને હલ્લવિહલ્લ કૂણિકના સૈન્યમાં આવવા લાગ્યા અને ઘણા સૈન્યનો વિનાશ કરવા લાગ્યા. કારણ કે એ સેચનક હાથી સ્વપ્ન હસ્તીની જેમ કોઈથી મારી કે પકડી શકતો નહોતો, તેથી રાત્રે બધા સુઈ ગયા હોય ત્યારે આવી ઘણા સૈન્યનો વિનાશ કરીને હલ્લવિહલ્લ કુશળક્ષેમ પાછા ચાલ્યા જતા હતા. એક દિવસ મંત્રીઓ પ્રત્યે કૂણિકે કહ્યું કે, 'આ હલ્લવિહલ્લે તો પ્રાયે આપણા આખા સૈન્યને વિલુપ્ત કરી નાંખ્યું છે, તેથી તેઓને જીતવાનો કાંઈ ઉપાય છે?' મંત્રીઓ બોલ્યા કે–'જ્યાં સુધી એ નરહસ્તી હલ્લવિહલ્લ સેચનક હાથી ઉપર બેસીને આવે છે, ત્યાં સુધી તેઓ કોઈનાથી પણ જીતી શકાશે નહીં; માટે આપણે તે હસ્તીનો વધ કરવાની જરૂર છે, તેથી તેના આવવાના માર્ગમાં એક ખાઈ કરી તેમાં ખેરના અંગારા સંપૂર્ણ રીતે ભરો અને તેની ઉપર આચ્છાદન કરી લઈ તેને પુલની જેમ ખબર ન પડે તેવું કરો. પછી સેચનક વેગથી દોડતો આવશે, એટલે તેમાં પડી જશે અને મરણ પામશે. કૂણિકે તરતજ ખેરના અંગારાથી પૂર્ણ એવી એક ખાઈ તેના આવવાના માર્ગમાં કરાવી અને તેની ઉપર આચ્છાદન કરી લીધું. હવે હલ્લવિહલ્લ પોતાના વિજયથી ગર્વિત થઈ સેચનક હાથી ઉપર બેસીને તે રાત્રે પણ કૂણિકના સૈન્યપર ધસારો કરવાને વિશાળામાંથી નીકળ્યાં. માર્ગમા પેલી અંગારાવાળી ખાઈ આવી, એટલે તરતજ સેચનક તેની રચનાને વિભંગજ્ઞાનવડે જાણી ગયો, તેથી તે તેના કાંઠા ઉપર ઉભો રહ્યો. ચલાવવાનો ઘણો પ્રયાસ કર્યા છતાં જરા પણ ચાલ્યો નહીં, એટલે હલ્લવિહલ્લે તે હાથીનો

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

તિરસ્કાર કરીને કહ્યું કે, "અરે સેચનક! તું અત્યારે ખરેખરો પશુ થયો, તેથીજ આ વખતે રણમાં જવાને કાયર થઇને ઉભો રહ્યો છું. તારે માટે અમે વિદેશગમન અને બંધુનો ત્યાગ કર્યો, તેમ તારેજ માટે અમે આર્ય ચેટકને આવા દુર્વ્યસનમાં નાંખ્યો. જે પોતાના સ્વામી ઉપર સદા ભક્ત રહે તેવા પ્રાણીને પોષવો તે શ્રેષ્ઠ છે; પણ તારા જેવાને પોષવો યોગ્ય નથી, કે જે પોતાના પ્રાણને વહાલા કરીને સ્વામીના કાર્યની ઉપેક્ષા કરે છે." આવા તિરસ્કારનાં વચનો સાંભળી પોતાના આત્માને ભ્રષ્ટ માનતા સેચનક હસ્તીએ બળાત્કારે હલ્લવિહલ્લને પોતાના પૃષ્ટ ઉપરથી નીચે ઉતારી નાખ્યા; અને પોતે તે અંગારાની ખાઈમાં પડીને ઝંપાપાત કર્યો. તત્કાળ મૃત્યુ પામીને તે ગજેંદ્ર પહેલી નારકીમાં ઉત્પન્ન થયો. તે જોઈ બંને કુમારોએ ચિંતવ્યું કે, "આપણને ધિક્કાર છે! આપણે આ શું કર્યું! આમાં તો આપણેજ ખરેખરા પશુ ઠર્યા. સેચનક પશુ નહીં; કારણ કે પૂજ્ય માતામહ ચેટકને આવા મહા સંકટમાં નાખી મોટો વિનાશ પમાડી હજુ પણ આપણે દુષ્ટ બુદ્ધિવાળા જીવીએ છીએ. વળી આપણે આર્ય બંધુના મોટા સૈન્યનો વિનાશ કરવામાં જામીનરૂપ થયા અને તેનો વૃથા નાશ કરાવ્યો; તેમજ બંધુને અબંધુપણામાં લાવ્યા, માટે હવે આપણે જીવવું યુક્ત નથી; તેમ છતાં કદિ જો જીવવું તો અત્યારથી શ્રી વીરપ્રભુના શિષ્ય થઇને જીવવું, અન્યથા નહિ."

એ સમયે શાસનદેવી ભાવયતિ થયેલા તે બંનેને શ્રીવીરપ્રભુની પાસે લઈ ગઈ. એટલે તત્કાળ તેમણે પ્રભુની પાસે દીક્ષા લીધી. હલ્લવિહલ્લે આ પ્રમાણે દીક્ષા લીધી, તો પણ કૂણિક વિશાળા નગરી લઈ શક્યો નહીં; તેથી તે ચંપાપતિ કૂણિકે વિશાળા કબજે કરવા સંબંધી પ્રતિજ્ઞા લીધી. "પરાક્રમી પુરૂષોને પ્રતિજ્ઞા કરવાથી પુરૂષાર્થ વૃદ્ધિ પામે છે." તે પ્રતિજ્ઞા આ પ્રમાણે હતી કે "જો હું આ નગરીને ગધેડા જોડેલા હળવડે ન ખોદું તો મારે ભૃગુપાત કે અગ્નિપ્રવેશ કરી મરવું." આવી પ્રતિજ્ઞા કરી તોપણ તે વિશાળાપુરીને ભાંગી શક્યો નહીં; તેથી તેને ઘણો ખેદ થયો. એવામાં કર્મયોગથી કુળવાળુકની ઉપર રૂષ્ટમાન થયેલી દેવીએ આકાશમાં રહીને કહ્યું કે, "હે કૂણિક! જો માગધિકા વેશ્યા કુળવાળુક મુનિને મોહિત કરી વશ કરે તો તું વિશાળાનગરી ગ્રહણ કરી શકીશ." આવી આકાશવાણી સાંભળી તત્કાળ જેને જયની પ્રત્યાશા ઉત્પન્ન થઈ છે એવો કૂણિક સજ્જ થઈને બોલ્યો—"બાળકોની ભાષા, સ્ત્રીઓની ભાષા અને ઉત્પાતિકી ભાષા પ્રાયે અન્યથા થતી નથી, તો એ કુળવાળુક મુનિ ક્યાં છે? અને તે શી રીતે મળી શકે? અને માગધિકા વેશ્યા પણ ક્યાં હશે?" તે સાંભળી મંત્રીઓ બોલ્યા કે, "હે રાજન્! માગધિકા વેશ્યા તો તમારાજ નગરમાં છે; બાકી કુળવાળુક મુનિને અમે જાણતા નથી." પછી કૂણિક વિશાળાના નિરોધને માટે અર્ધ સૈન્ય મૂકી બાકીનું અર્ધ સૈન્ય લઈને પોતે ચંપાનગરીએ આવ્યો; અને તરતજ ચરમંત્રીની જેમ તેણે માગધિકા વેશ્યાને બોલાવી; તે પણ તરત હાજર થઈ, એટલે કૂણિકે તેને કહ્યું કે, "હે ભદ્રે! તું બુદ્ધિમતી અને કળાવતી છું, તું જન્મથી માંડીને અનેક પુરૂષોને વશ કરીને ઉપજીવિત થઈ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છું. તો હવે હમણા મારું એક કાર્ય સફળ કર. એટલે કે તારી સર્વ કળા ચલાવીને કુળવાળુક નામના મુનિને તારા પતિપણે કરી લાવ.” એ મનસ્વીની વેશ્યાએ ‘હું તે કાર્ય કરીશ’ એમ સ્વીકાર્યું, એટલે ચંપાપતિએ વસ્ત્રાલંકારાદિવડે તેનો સત્કાર કર્યો અને તેને વિદાય કરી. પછી તે ધીમતી રમણી ઘેર જઈ વિચાર કરીને તે મુનિને ઠગવાને મૂર્તિમતી માયા હોય તેવી કપટશ્રાવિકા થઈ. પછી જાણે ગર્ભશ્રાવિકા હોય તેમ તે દ્વાદશ પ્રકારના ગૃહીધર્મને લોકોમાં યથાર્થ અને સત્ય રીતે બતાવવા લાગી; તે ઉપરથી તે યુવતિને સરલાશયવાળા આચાર્ય ચૈત્યપૂજામાં અને ધર્મશ્રવણમાં તત્પર એવી યથાર્થ શ્રાવિકા જાણવા લાગ્યા.

એક વખતે તે કપટશ્રાવિકાએ આવી આચાર્યને પૂછયું કે, ‘ગુરૂવર્ય! કુળવાળુક સાધુ કયા?’ કપટશ્રાવિકાના હૃદયને નહિ જાણનારા આચાર્યે આ પ્રમાણે તેના ઉત્તરમાં કહ્યું કે, “ધર્મજ્ઞ અને પંચવિધ આચારમાં તત્પર એવા એક ઉત્તમ મુનિ હતા. તેમને કપિના જેવો ચપળ એક ક્ષુલ્લક શિષ્ય હતો. તે સમાચારીથી ભ્રષ્ટ છતાં તેને વારણા તથા સ્મારણાદિવડે ગુરૂએ ઘણી પ્રેરણા કરી, તોપણ તે અતિ દુર્વિનિત ક્ષુલ્લક કિંચિત્ પણ સુધર્યો નહિ. ગુરૂ દુઃખે સંભળાય તેવી અને શાસ્ત્રમાં કહેલી આચારશિક્ષા તેને આદરથી આપતા હતા. આગમમાં કહ્યું છે કે—“બીજા રોષ પામે કે તેને વિષના જેવી લાગે પણ જે વાત તેને ગુણ કરનારી હોય તે તેને કહી જણાવવી.” પેલો ક્ષુલ્લક ગુરૂની કઠોર કે મધુર કોઈ પણ પ્રકારની શિક્ષા માનતો નહીં, કારણ કે ‘ગુરૂની ગિરાઓ પણ લઘુકર્મી શિષ્ય ઉપરજ અસર કરે છે.’ એક વખતે આચાર્ય વિહાર કરતા કરતા ગિરિનગરે આવ્યા, અને તે ક્ષુલ્લક શિષ્યને સાથે લઈને ઉજ્જયંતગિરિ ઉપર ચડચા. ત્યાં દર્શનાદિ કરીને ગુરૂ નીચે ઉતરતા હતા, તે વખતે તે અધમ શિષ્યે ગુરૂને પીસી નાખવા માટે ઉપરથી એક મોટો પાષાણ દડચો. તેનો ખડખડાટ શબ્દ સાંભળી ગુરૂએ નેત્ર સંકોચીને જોયું, તો વજ્રનાળ ગોળાની જેમ તે પાષાણને પડતો દીઠો, એટલે તત્કાળ ગુરૂએ જંઘા વિસ્તારી એટલે તે પાષાણ તેના અંતરમાંથી નીકળી ગયો. “બુદ્ધિમાન્ ઉપર પ્રાયઃ આપત્તિ દુઃખ આપવા સમર્થ થઈ શકતી નથી.” આવા તેના કર્મથી ક્રોધ પામેલા ગુરૂએ તે ક્ષુલ્લકને શાપ આપ્યો કે, ‘હે પાપી! જા તું કોઈ સ્ત્રીના સંયોગે વ્રતના ભંગને પામીશ.’ ક્ષુલ્લક બોલ્યો—“હે ગુરૂ! તમારા શાપને વૃથા કરીશ; એટલે કે જ્યાં કોઈ સ્ત્રી જોવામાંજ ન આવે એવા અરણ્યમાં જઈને રહીશ.” આ પ્રમાણે કહીને તે દુર્મતિ જેમ લજ્જાનો ત્યાગ કરે તેમ ગુરૂનો ત્યાગ કરી સિંહની જેમ નિર્જન અરણ્યમાં ચાલ્યો ગયો. ત્યાં કોઈ પર્વતમાંથી નીકળતી નદીના મૂળ પાસે કાયોત્સર્ગે રહ્યો. તે માસે કે અર્ધ માસે કોઈ પથિક આવે ત્યારે કાયોત્સર્ગને પાળતો હતો અને પારણું કરતો હતો. એવી રીતે નદીના મૂળ પાસે રહીને તે મુનિ તપ કરે છે તેવામાં આકાશ ઉપર વાદળારૂપ ચંદરવા બાંધતી વર્ષાઋતુ આવી; તેમાં અધિક જળ આવવાથી રસોદ્રેકવડે[1] કુલટા સ્ત્રીઓની જેમ નદીઓ બંને

[1] વિષયરસની વૃદ્ધિવડે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કુળ[1] (કાંઠા)ને લોપવા લાગી અને ઉન્માર્ગગામી[2] થવા લાગી. જે નદીના તટ ઉપર એ મુનિ રહેલા છે ત્યાં જળનું પૂર આવતાં શ્રી અર્હંતના શાસનની ભક્ત કોઈ દેવીએ ચિંતવ્યું કે– 'જો હું આ વખતે ઉપેક્ષા કરીશ તો આ જળનું પૂર તેને તીરે રહેલા મુનિને તટના વૃક્ષની જેમ ઘસડી જશે.' આ પ્રમાણે વિચારીને તે દેવીએ તે ગિરિનદીના પૂરને બીજી દિશામાં પ્રવર્તાવ્યું. "તપસ્વીઓને ગમે ત્યાં પણ કુશળતા થાય છે." ત્યારથી તે મુનિનું 'કુળવાળુક' એવું નામ પડ્યું. હાલમાં એ મહાતપસ્વી મુનિ અહીં નજીકના પ્રદેશમાંજ રહેલા છે."

આ પ્રમાણે કુળવાળુક મુનિ સંબંધી ખબર મળવાથી જેનું કપટરૂપ વૃક્ષ સફળ થયેલું છે એવી તે વેશ્યા સદ્ય કૃતાર્થ થઈ હોય તેમ નેત્ર વિકસિત કરતી આચાર્ય પાસેથી ઉઠી; અને ત્યાંથી પ્રયાણ કરી તીર્થયાત્રાના મિષથી માર્ગમાં ચૈત્યવંદના કરતી કરતી જે પ્રદેશમાં કુળવાળુકમુનિ હતા, ત્યાં આવી. તેમને વંદના કરીને તે માયાવી શ્રાવિકા બોલી–'હે મુનિ ! જો તમે સાથે પધારો તો હું ઉજ્જયંતત્યાદિ તીર્થોની વંદના કરૂં.' મુનિએ કાયોત્સર્ગ છોડી 'ધર્મલાભ, આશીષ આપી, અને પુછ્યું કે, 'ભદ્રે ! તીર્થવંદના કરતા કરતા તમે ક્યાંથી આવો છો ?' તે બોલી–"મહર્ષિ ! હું ચંપાનગરીથી તીર્થ વાંદવાને માટે નીકળી છું અને મેં સર્વ તીર્થોથી ઉત્કૃષ્ટ તીર્થરૂપ એવા તમને અહીં વાંદ્યા છે. હવે ભિક્ષાદોષથી રહિત એવું મારૂં પાથેય લઈ તેનાવડે પારણું કરીને મારા ઉપર અનુગ્રહ કરો." તેની ભક્તિભાવના દેખીને તે મુનિનું હૃદય આર્દ્ર થઈ ગયું, તેથી તત્કાળ તેની સાથે ભિક્ષા લેવાને માટે ગયા. હર્ષ પામતી એવી તે માયાવી રમણીએ પ્રથમથી તૈયાર કરી રાખેલા મોદક તે મુનિને વહોરાવ્યા. જે મોદકનું પ્રાશન કરતાંજ મુનિને અતિસાર (ઝાડો) થઈ આવ્યો. "દ્રવ્યનો રસવીર્યવિપાક કદિ પણ અન્યથા થતો નથી." તે અતિસારથી મુનિ એવા ગ્લાન થઈ ગયા કે, જેથી અત્યંત બળ ક્ષીણ થઈ જવાને લીધે તે પોતાના અંગને પણ ઢાંકી શકતા નહીં. તે વખતે પેલી કપટી માગધિકા યોગ્ય સમયને જાણીને બોલી કે, "મહારાજ ! મારાપર અનુગ્રહ કરવાને માટે તમે પારણું કર્યું; તેમાં મારા પાથેયનું ભોજન કરતાંજ તમે આવી દુર્દશાને પ્રાપ્ત થયા, તેથી પાપસરિતારૂપ મને ધિક્કાર છે. હવે આવી દશાને પ્રાપ્ત થયેલા તમને મૂકીને મારા ચરણ બંધન પામ્યા હોય તેમ અહિંથી આગળ ચાલવાને જરા પણ ઉત્સાહિત થતા નથી." આ પ્રમાણે કહી તે યુવતી ત્યાં રહી અને ક્ષણે ક્ષણે તે મુનિની સેવા કરવા લાગી. તેમજ તેમના અંગને ચોળવા અને ઔષધ આપવા લાગી. તે માગધિકા મુનિના અંગને એવી રીતે મર્દન કરતી હતી કે જેથી તે મુનિને તેના સર્વ અંગનો સ્પર્શ થતો હતો. પ્રતિદિન એવી રીતે સેવા કરીને તેણીએ તે મુનિને હળવે હળવે સાજા કર્યા; એટલે ચંપકના સુગંધથી વસ્ત્રની જેમ તેની ભક્તિથી તે મુનિનું હૃદય પણ વાસિત થયું, તે સાથે તેના કટાક્ષ બાણોથી, અંગના સ્પર્શથી અને મૃદુ ઉક્તિથી તેમનું ચિત્ત ચળાયમાન થઈ ગયું. "સ્ત્રીના સંગે તપ ક્યાં સુધી ટકે ?"

---

૧ સ્ત્રીપક્ષે પિતાનું અને સાસરાનું બંને કુળ. ૨ સ્ત્રીપક્ષે દુરાચારી.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

દિવસે દિવસે પરસ્પર એક શય્યા અને આસનનો પ્રસંગ થતાં કુળવાળુક મુનિ અને માગધિકા વેશ્યાને સ્પષ્ટ રીતે દંપતીવ્યવહાર થવા લાગ્યો. પછી માગધિકા કુળવાળુક મુનિને ચંપાનગરીમાં લાવી. "કામાંધ પુરૂષ નારીનો કિંકર થઈને શું શું નથી કરતો ?" પછી તે વેશ્યાએ ચંપાપતિ પાસે જઇને કહ્યું કે, 'દેવ ! આ કુળવાળુક મુનિ છે અને તેને હું મારા પતિ કરીને લાવી છું. માટે હવે શું કરવું છે તે વિષે આજ્ઞા આપો.' રાજાએ આદરપૂર્વક તે મુનિને કહ્યું કે, 'જેમ વૈશાળીનગરી શીઘ્ર ભાંગી જાય તેમ કરો.' રાજાની આજ્ઞા સ્વીકારીને બુદ્ધિના નિધિ કુળવાળુક મુનિ સાધુના વેશે જઅસ્ખલિતપણે વૈશાળીનગરીમાં ગયા. તે સમયે ચંપાપતિએ પ્રથમથીજ જયની પ્રત્યાશાથી ઉત્સુક થઈને પોતાના બધા સૈન્યવડે વૈશાળીને રૂંધી દીધી. માગધિકાપતિ કુળવાળુક મુનિ નગરીમાં બધા દ્રવ્યોને જોવા લાગ્યા કે 'શા કારણથી આ નગરી લેવાતી નથી.' ફરતાં ફરતાં મુનિસુવ્રતસ્વામીનો એક સ્તૂપ તેના જોવામાં આવ્યો. તેને જોઈ તેની પ્રતિષ્ઠાના લગ્ન વિષે ચિંતવતાં તેમાં બહુ ઉત્તમ યોગ પડેલા હોવાથી તે કારણજ પ્રબળપણે વિશાળીના રક્ષણનું તેના સમજવામાં આવ્યું. તેથી કોઈ પણ પ્રકારે તેનો ભંગ કરાવવાની ધારણા કરીને તે વૈશાળી નગરીમાં ફરવા લાગ્યા. નગરીના રોધથી કદર્થિત થયેલા લોકો તેમને પૂછતા કે, 'હે ભદંત ! અમે આ શત્રુએ કરેલા નગરીના રોધથી બહુજ દુઃખી થઈ ગયા છીએ, તો હવે આમાંથી અમારો છુટકારો કયારે થશે ? તે જો આપ જાણતા હો તો બતાવો.' મુનિ બોલ્યા કે–"હે લોકો ! હું તે સારી રીતે જાણું છું. સાંભળો, જ્યાંસુધી આ નગરીમાં પેલો સ્તૂપ છે, ત્યાં સુધી નગરીનો રોધ મટશે નહીં, અને જ્યારે એ સ્તૂપ ભાંગી જશે ત્યારે સમુદ્રની લેલાની જેમ શત્રુનું સૈન્ય અકસ્માત્ પાછું ખસી જશે. એટલે તે વાતની તમને ખાત્રી પણ થશે. હું ધારૂં છું કે–એ સ્તૂપ ઉખેડવાથી તમારી કુશળતા થાઓ; કારણ કે એ સ્તૂપની પ્રતિષ્ટા મહા નઠારા લગ્નમાં થઈ છે; તેજ તમને મુંઝવે છે." આ પ્રમાણે તે ધુર્ત્ત મુનિએ આપેલી બુદ્ધિથી ઠગાયેલા લોકોએ એ સ્તૂપને ભાંગવા માંડયો. "સર્વ જન દુઃખથી પીડિત થતાં પ્રાયઃ અકૃત્ય હોય તે પણ કરે છે." જ્યારે લોકોએ તે સ્તૂપ ભાંગવા માંડયો ત્યારે માગધિકાપતિ મુનિએ કૂણિક પાસે જઈને તેને બે કોશ સુધી પાછો હઠાડયો. તેથી લોકોએ કુળવાળુકે કહેલી વાતની પ્રતીતિ આવતાં કોપાયમાન થયેલાની જેમ કઠોરપણે તે સ્તૂપને કુર્મશિલા સુધાં ઉન્મૂલન કરી દીધો. પછી કૂણિકે બાર વર્ષને અંતે વૈશાલીપુરીને ભગ્ન કરી નાખી; કારણ કે એ સ્તૂપના પ્રભાવથીજ તે નગરીનો ભંગ થઈ શકતો નહોતો. વૈશાળીનો ભંગ થવાથી ચંપા અને વૈશાળીના પતિ વચ્ચે થતું યુદ્ધ વિરામ પામ્યું. આ અવસર્પિણીમાં આવું મહાયુદ્ધ કયારે પણ થયું નથી. પછી ચંપાપતિએ વૈશાળીપતિને કહેવરાવ્યું કે–'આર્ય ચેટક ! તમે મારે પૂજ્ય છો, તેથી કહો, હું તમારૂં શું પ્રિય કરૂં ?' ચેટકે ખેદ પામી તેના ઉત્તરમાં કહેવરાવ્યું કે–'હે રાજન્ ! તું વિજયના ઉત્સવમાં ઉત્સુક છું, તથાપિ જરા વિલંબથી નગરીમાં પ્રવેશ કરજે.' દૂતે આવીને ચેટકનું વચન કહ્યું, એટલે 'બુદ્ધિ ક્ષીણ થયેલા ચેટકરાજાએ આમાં શું માગ્યું.' એમ કહી કૂણિકે તે વચન સ્વીકાર્યું"

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સત્યકિ નામે એક ખેચર જે સુજ્યેષ્ટાનો પુત્ર અને ચેટકરાજાનો ભાણેજ થતો હતો, તે તેવે સમયે ત્યાં આવ્યો. તેણે ચિત્તમાં વિચાર્યું કે, 'મારા માતામહની પ્રજાને શત્રુઓ લુંટી લે છે, તે મારાથી શી રીતે જોઈ શકાય, માટે હું તેને કોઈ બીજે ઠેકાણે લઈ જઉં.' આવો વિચાર કરીને તે આખી નગરીના લોકોને વિદ્યાના પ્રભાવે ઉપાડી પુષ્પમાળાની જેમ જાળવતો છતો નીલવાન પર્વત ઉપર લઈ ગયો. પછી ચેટકરાજાએ મૃત્યુની લક્ષ્મી હોય તેવી લોઢાની પુતળીને ગળે બાંધી અનશન કરીને ઉંડા જળમાં પડતું મૂક્યું. તેમને ડુબી જતા જોઈ ધરણેંદ્ર તેને સાધર્મી જાણીને પોતાના ભુવનમાં લઈ ગયો. "આયુષ્ય પૂરૂં થયા વગર મૃત્યુ થતું નથી." ધરણેંદ્રે પ્રશંસા કરાતા અને ધર્મધ્યાનમાં તત્પર એવા મોટા મનવાળા ચેટકરાજા પૂર્વે રણમાં રહેલા હતા તેમ મૃત્યુથી નિર્ભય થઈને ત્યાં રહ્યા. તે ચતુરે અર્હન્, સિદ્ધ, સાધુ અને ધર્મ કે જે ચારે મંગળરૂપ અને લોકોત્તમ છે તેમનું સ્મરણ કર્યું. તે આ પ્રમાણે–"જીવ અજીવ વિગેરે તત્ત્વોના ઉપદેશક, પરમેશ્વર, બોધિદાયક અને સ્વયંબુદ્ધ એવા અર્હંતનું મારે શરણ હો. ધ્યાનરૂપ અગ્નિથી કર્મોને દગ્ધ કરનાર, તેજરૂપ, અનશ્વર અને અનંત કેવળજ્ઞાનવાળા ભગવંતનું મારે શરણ હો. નિરીહ, નિરહંકાર, નિર્મમ, સમાન ચિત્તવાળા, મહાવ્રતને ધરનારા અને ધીર સાધુઓનું મારે શરણ હો. અહિંસા સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ યમવાળા કેવળીપ્રરૂપિત ઉત્કૃષ્ટ ધર્મનું મારે શરણ હો. મેં સેંકડો જન્મમાં પ્રાણીઓના જે કાંઈ મન વચન કાયાએ અપરાધ કર્યા હોય તેને હું મન વચન કાયાથી નિંદું છું, દ્વાદશ પ્રકારનો ગૃહીધર્મ પાળતાં મને જે કાંઈ અતિચાર લાગ્યા હોય તે સર્વને હું વોસિરાવું છું. ક્રોધ, માન, માયા અને લોભથી પરાભવ પામેલા મેં જે કાંઈ અહિંસાદિ પાપકર્મ કર્યું હોય તેને ધિક્કાર હો, અર્થાત્ તેનો હું મિચ્છામિદુક્કડં દઉં છું." આવી રીતે આરાધના કરી નમસ્કાર મંત્રના સ્મરણમાં પરાયણ એવો ચેટકરાજા મૃત્યુ પામીને સ્વર્ગના સુખનું ભાજન થયો, અહીં અશોકચંદ્રે (કૂણિકે) ગધેડા સાથે હળને જોડી ક્ષેત્રની જેમ તે નગરીને ખેડાવીને પોતાની પ્રતિજ્ઞા પૂરી કરી. એવી રીતે દુસ્તર નદી જેવી તે પ્રતિજ્ઞાને તરી જઈને ચંપાપતિ મોટા ઉત્સવ સાથે નગરીમાં આવ્યો.

અન્યદા વિહારથી પૃથ્વીને પવિત્ર કરતા જગદ્ગુરૂ શ્રી વીરપ્રભુ ચંપાનગરીએ આવીને સમવસર્યા. તે વખતે કેટલીએક શ્રેણિકરાજાની સ્ત્રીઓએ પોતાના પુત્રોના મરણ વિગેરે કારણોથી વિરક્ત થઈને પ્રભુની પાસે દીક્ષા લીધી. ત્રણ લોકના સંશયને છેદનાર શ્રી વીરપ્રભુને વાંદવા માટે કૂણિક પણ સમવસરણમાં આવ્યો. પ્રભુને નમી યોગ્ય સ્થાને બેઠા પછી અવસર આવતાં મસ્તકે અંજળિ જોડીને તેણે પ્રભુને પૂછ્યું કે 'જેઓ જન્મથી મૃત્યુ પર્યંત ભોગને છોડી દેતા નથી એવા ચક્રવર્તીઓ અંતે કઈ ગતિમાં જાય છે?' પ્રભુ બોલ્યા–'તેઓ સાતમી નારકીએ જાય છે.' કૂણિકે ફરીથી પૂછ્યું, 'હે પ્રભુ! મારી શી ગતિ થશે? પ્રભુ બોલ્યા–'તું મૃત્યુ પામીને છઠ્ઠી નરકે જઈશ.' કૂણિક બોલ્યો–'સ્વામી! સાતમી નરકે કેમ નહીં જાઉં? પ્રભુ બોલ્યા–'તું ચક્રવર્તી નથી.' "પોતે ધર્મને યોગ્ય અને ઉપદેશક પ્રભુ મહાવીર છતાં

जैन साईट JAINSITE.com जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રેણિકના પુત્રોની આવી સ્થિતિ ચિંતવવા યોગ્ય છે." કૂણિકે પૂછ્યું, 'ભગવન્! હું ચક્રવર્તી કેમ નહીં? મારે પણ ચક્રવર્તીના જેવી ચતુરંગ સેના છે.' પ્રભુ બોલ્યા–'તારી પાસે ચક્રાદિ રત્નો નથી. એક પણ રત્ન ઓછું હોય ત્યાં સુધી ચક્રવર્તી એવું નામ પડવું દુર્ઘટ છે.'

પ્રભુની પાસેથી ઉપર પ્રમાણે સાંભળી અહંકારના પર્વતરૂપ ચંપાપતિ ત્યાંથી ઉભો થયો. અને પોતાની નગરીમાં આવીને તત્કાળ લોઢાના એકેંદ્રિય સાત મહારત્નો કરાવ્યા. તેમજ વૃથા મનોરથવડે કદર્થિત થયેલા તેણે પદ્માવતીને સ્ત્રીરત્ન માની હસ્તી વિગેરે બીજા છ પંચેદ્રિય રત્નો પણ કલ્પી લીધા. પછી આખા ભરતક્ષેત્રને સાધવાને માટે મોટા પરાક્રમવાળો કૂણિક ઘણા દેશો સાધતો સાધતો વૈતાઢ્યગિરિની તમિસ્રા ગુહા પાસે સૈન્ય સહિત આવ્યો. દુર્દૈવથી દૂષિત થયેલા અને પોતાના આત્માને નહીં જાણનારા તેણે ગુહાદ્વારના કપાટ ઉપર દંડવડે ત્રણવાર તાડન કર્યું, એટલે તે ગુહાદ્વારનો રક્ષક કૃતમાળદેવ બોલ્યો કે–'આ મરવાને કોણ તૈયાર થયો છે કે જે પોતાના આત્માને નહીં ઓળખતો છતો ગુહાદ્વારને દંડથી તાડન કરે છે?' કૂણિક બોલ્યો–'અરે! હું વિજયની ઇચ્છાએ આવ્યો છું. મને શું તું નથી ઓળખતો? હું અશોકચંદ્ર નામે ચક્રવર્ત્તી ઉત્પન્ન થયો છું.' કૃતમાળદેવ બોલ્યો–'ચક્રવર્ત્તી તો બાર થઈ ગયા છે, તો હવે અપ્રાર્થિત (મૃત્યુ) ની પ્રાર્થના કરનાર તું કોણ છું? તારી બુદ્ધિને સ્વસ્તિ હો.' કૂણિક બોલ્યો–'ઘણું પુણ્ય કરવાથી હું તેરમો ચક્રવર્ત્તી ઉત્પન્ન થયો છું. પુણ્યથી શું દુર્લભ છે? અરે કૃતમાળદેવ! તું મારૂં પરાક્રમ જાણતો નથી, નહીં તો આ ગુહાના દ્વાર ઉઘાડ્યા વિના રહેજ નહિ.' આ પ્રમાણે દૈવદોષથી ગ્રહણ થયેલાની જેમ અસંબદ્ધ ભાષણ કરનાર તે કૂણિકને કૃતમાળ દેવે રોષથી તત્કાળ બાળીને ભસ્મ કરી દીધો. એવી રીતે અશોકચંદ્ર (કૂણિક) રાજા મૃત્યુ પામીને છઠ્ઠી નરકે ગયો. "અરિહંતોનું વચન કદિ પણ અન્યથા થતું નથી."

કૂણિકરાજા મૃત્યુ પામ્યો, એટલે તેના પ્રધાન પુરૂષોએ તેના પુત્ર ઉદાયનને રાજ્ય ઉપર બેસાર્યો. ઉદાયીરાજાએ પ્રજાનું ન્યાયમાર્ગે પ્રતિપાલન કર્યું અને પૃથ્વીપર અખંડપણે જૈનશાસન પ્રવર્તાવ્યું. પોતાના સ્થાનેજ રહેલા એવા તે પ્રતાપી રાજાના પ્રતાપરૂપ સૂર્યને નહીં સહન કરી શકનારા શત્રુઓ ઘુવડપક્ષીની જેમ ગિરિગુહામાં પેસી ગયા. તેને સ્વચક્ર કે પરચક્રનું ભય કદિ પણ ઉત્પન્ન થયું નહીં, પણ તે હમેશા શ્રાવકવ્રતના ખંડનથી ભય પામતો રહ્યો. ચાર પર્વણીમાં[1] ચતુર્થાદિ[2] તપવડે શુદ્ધિને વહન કરીને તે પૌષધગૃહમાં સામાયિક લઈ સ્વસ્થપણે રહેતો. 'અરિહંત દેવ અને સાધુ ગુરૂ' એટલા શબ્દોનું ધ્યાન મંત્રાક્ષરની જેમ રાત્રીદિવસ તેના હૃદયમાંથી કદી પણ ખસતું નહીં. તે ઉદયવાન્ ઉદાયીરાજા દયાળુ છતાં અખંડિત આજ્ઞાએ સર્વદા ત્રિખંડ પૃથ્વીપર રાજ્ય કરતો હતો; અને એ સદ્બુદ્ધિ વીર શ્રીવીરપ્રભુની અમૃત જેવી ધર્મદેશનાનું વારંવાર આચમન કરીને પોતાના આત્માને પવિત્ર કરતો હતો.

---

૧ અષ્ટમી, ચતુર્દશી, પૂર્ણિમા અને અમાવાસ્યા. ૨ ઉપવાસ વિગેરે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કેવળજ્ઞાનની ઉત્પત્તિથી માંડીને વિહાર કરતાં ચરમ તીર્થંકર શ્રી વીરપ્રભુને ચૌદહજાર મુનિઓ, છત્રીશ હજાર શાંત હૃદયવાળી સાધ્વીઓ, ત્રણુસો ચૌદપૂર્વધારી શ્રમણો, તેરસો અવધિજ્ઞાની, સાતસો વૈક્રિય લબ્ધિવાળા, તેટલાજ કેવળી અને તેટલાજ અનુત્તર વિમાને જનારા, પાંચસો મનઃપર્યવજ્ઞાની, ચૌદસો વાદી, એક લાખ ને ઓગણુસાઠ હજાર શ્રાવકો, અને ત્રણુલાખ ને અઢાર હજાર શ્રાવિકાઓ એટલો પરિવાર થયો.

**ગૌતમ** અને **સુધર્મા** ગણધર સિવાય બીજા નવ ગણધરો મોક્ષે ગયા પછી સુર અસુર અને નરેશ્વરોએ જેમના ચરણુકમળ સેવેલા છે એવા શ્રી વીર ભગવંત પ્રાંતે **અપાપાનગરીએ** પધાર્યા.

इत्याचार्य श्री हेमचंद्रसूरिविरचिते श्री त्रिषष्टिशलाकापुरुषचरिते महाकाव्ये
दशमपर्वणि देवताकृतरेणुवृष्टि–प्रद्योतस्थापितजीवित–
स्वामिप्रतिमासहितवित्तभयपुरस्थगमन–अभय प्रव्रज्या–
कूणिक चरित्र–चेटक चरित्र–उदायिराज्य–
श्री महावीरपरिवार वर्णनो नाम
द्वादश : सर्ग : ॥ १२ ॥

जैन साईट JAINSITE .com

# સર્ગ ૧૩ મો.

## ભગવંતની છેલ્લી દેશના, પાંચમા છઠ્ઠા આરાના ભાવ, ઉત્સર્પિણીની સ્થિતિ, ભગવંતનું નિર્વાણ વિગેરે.

**અપાપાનગરીમાં** દેવતાઓએ ત્રણ વપ્રોથી વિભૂષિત એવું રમણિક સમવસરણ પ્રભુને દેશના દેવા માટે રચ્યું. સુર અસુરોએ સેવેલા પ્રભુ પોતાના આયુષ્યનો અંત જાણી તેમાં છેલ્લી દેશના આપવાને બેઠા. પ્રભુને સમવસર્યા જાણી અપાપાપુરીનો રાજા **હસ્તિપાળ** ત્યાં આવ્યો, અને પ્રભુને નમી દેશના સાંભળવા માટે બેઠો. દેવતાઓ પણ સાંભળવાની ઇચ્છાએ ત્યાં આવ્યા. તે સમયે ઇંદ્રે આવી નમસ્કાર કરીને આ પ્રમાણે પ્રભુની સ્તુતિ કરી.

“હે પ્રભુ! ધર્માધર્મ એટલે પુણ્ય પાપ વિના શરીરની પ્રાપ્તિ હોતી નથી, શરીર વિના મુખ હોતું નથી, અને મુખવિના વાચકત્વ હોતું નથી, તેથી અન્ય ઇશ્વરાદિક દેવ બીજાને શિક્ષા આપનારા શી રીતે થઈ શકશે? વળી દેહ વિનાના ઈશ્વરની આ જગત્ રચવામાં પ્રવૃત્તિજ ઘટતી નથી. તેમજ સ્વતંત્રપણાથી કે બીજાની આજ્ઞાથી તેમને જગત્ રચવાની પ્રવૃત્તિમાં

કાંઈ પણ પ્રયોજન નથી. હવે જો તે ઈશ્વર ક્રીડાને માટે આ જગત સરજવા પ્રવર્તે તો તે બાળકની જેમ રાગવાન્ ઠરે, અને જો કૃપાવડે સરજે તો સૌને સુખી સરજવા જોઈએ. હે નાથ! દુઃખ, દરિદ્રતા અને દુષ્ટ યોનિમાં જન્મ ઇત્યાદિ ક્લેશે કરીને વ્યાકુળ એવા લોકોને સરજવાથી તે કૃપાળુ ઈશ્વરની કૃપાળુતા કયાં ઠરી? અર્થાત્ ન ઠરી. હવે જો તે ઈશ્વર કર્મની અપેક્ષા ધરાવીને પ્રાણીને સુખી કે દુઃખી કરે છે એમ હોય તો તો તે પણ અમારી સરખો સ્વતંત્ર નથી એમ ઠરશે, અને જો આ જગતમાં કર્મથી થયેલીજ વિચિત્રતા છે તો પછી એવા વિશ્વકર્ત્તા નામ ધરાવનારા નપુંસક ઈશ્વરવડે શું કર્ત્તવ્ય છે? અથવા મહેશ્વરની આ જગત રચવામાં સ્વભાવેજ પ્રવૃત્તિ થાય છે, તેથી તેનો વિચારજ ન કરવો એમ કહેશે તો તે પરીક્ષકોને પરીક્ષાના આક્ષેપ માટે ડંકો સમજવો. અર્થાત્ આ બાબતની કોઇએ પરીક્ષાજ કરવી નહીં એવું કથન ઠરશે. હવે જો સર્વ ભાવને વિષે જ્ઞાતૃત્વ રૂપ કર્ત્તૃત્વ કહેતા હોય તો તે અમારે માન્ય છે, કારણ કે સર્વજ્ઞ બે પ્રકારના હોય છે. એક મુક્ત અને બીજા દેહધારી. હે નાથ! તમે જેના ઉપર પ્રસન્ન થાઓ છો તે ઉપર જણાવ્યા પ્રમાણેના અપ્રમાણિક એવા સૃષ્ટિના કર્ત્તૃત્વવાદને તજી દઈને તમારા શાસનને વિષે રમે છે."

આ પ્રમાણે સ્તુતિ કરીને ઇંદ્ર વિરામ પામ્યા એટલે અપાપાપુરીના રાજા **હસ્તિપાળે** નીચે પ્રમાણે સ્તુતિ કરી—

"હે સ્વામિન્! વિશેષજ્ઞ એવા આપની કોમળ વિજ્ઞાપનાજ કરવી એમ કાંઈ નથી, તેથી અંતઃકરણની વિશુદ્ધિને અર્થે કાંઈક કઠોર વિજ્ઞાપના કરૂં છું. હે નાથ! તમે પક્ષી, પશુ કે સિંહાદિ વાહન ઉપર જેમનો દેહ બેઠેલો હોય એવા નથી, તેમજ તમારા નેત્ર, મુખ અને ગાત્રની વિકારવડે વિકૃત આકૃતિ પણ નથી. વળી તમે ત્રિશૂળ, ધનુષ્ય અને ચક્રાદિ શસ્ત્રોવડે યુક્ત કરપલ્લવવાળા નથી, તેમજ સ્ત્રીના મનોહર અંગનું આલિંગન દેવામાં તત્પર એવા પણ તમે નથી. વળી નિંદનિક આચરણોવડે કરીને શિષ્ટ જનોને જેમણે કંપાયમાન કરી દીધા છે તેવા પણ તમે નથી, તેમજ કોપ અને પ્રાસાદવડે કરીને જેણે નર અમરને વિડંબીત કરેલા છે તેવા પણ તમે નથી. વળી આ જગતની ઉત્પત્તિ, પાલન અને નાશ—એ કરવામાં આદરવાળા તમે નથી, તેમજ નૃત્ય, હાસ્ય ને ગાયનાદિ ઉપદ્રવોવડે ઉપદ્રવિત તમારી સ્થિતિ નથી. આ પ્રમાણે હોવાથી પરીક્ષકોએ તમારી દેવપણે પ્રતિષ્ટા શી રીતે કરવી? કારણકે તમે તો સર્વ દેવ કરતાં સર્વથા વિલક્ષણ છો. હે નાથ! જળના પ્રવાહની સાથે પાંદડા, તૃણ ને કાષ્ટાદિ તણાય તો તે યુક્તિવાળું છે, પણ સામે પૂરે તણાય એમ કહેવું તે કઈ યુક્તિએ માની શકાય? પણ હે સ્વામિન્! એવા મંદ બુદ્ધિવાળા પરીક્ષકોના પરીક્ષણથી સર્યું; અને મારા પણ તેવા પ્રયાસથી સર્યું. કારણ કે સર્વ સંસારી જીવોના રૂપથી વિલક્ષણ એવુંજ તમારૂં લક્ષણ છે તેની બુદ્ધિમાન્ પ્રાણીઓ પરીક્ષા કરો. આ જગત બધું ક્રોધ, લોભ અને ભયવડે આક્રાંત છે અને તમે તેથી વિલક્ષણ છો. પરંતુ હે પ્રભો! વીતરાગ એવા જે તમે તે કોમળ બુદ્ધિવાળાઓને ગ્રાહ્ય થઈ શકતા નથી, અર્થાત્ તીક્ષ્ણ બુદ્ધિવાળાઓજ આપને દેવપણે ઓળખી શકે છે."

જૈન સાઈટ JAINSITE

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

આ પ્રમાણે સ્તુતિ કરીને **હસ્તિપાળ** રાજા વિરામ પામ્યો, એટલે ચરમ તીર્થંકરે નીચે પ્રમાણે ચરમ ( છેલ્લી ) દેશના આપી.

“ આ જગતમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ–એ ચાર પુરૂષાર્થ છે, તેમાં કામ ને અર્થ તો પ્રાણીઓને નામથીજ અર્થરૂપ છે, પરમાર્થે અનર્થરૂપ છે. ચાર પુરૂષાર્થમાં ખરી રીતે અર્થરૂપ તો એક મોક્ષ છે, અને તેનું કારણ ધર્મ છે, તે ધર્મ સંયમ વિગેરે દશ પ્રકારનો છે અને સંસારસાગરથી તારનારો છે. અનંત દુઃખરૂપ સંસાર છે અને અનંત સુખરૂપ મોક્ષ છે, તેથી સંસારના ત્યાગનો અને મોક્ષની પ્રાપ્તિનો હેતુ ધર્મ વિના બીજો કોઈ નથી. પાંગળો માણુસ પણ વાહનના આશ્રયથી દૂર જઈ શકે છે, તેમ ઘનકર્મી હોય છતાં પણ ધર્મનો આશ્રય કરવાથી તે મોક્ષે જાય છે.”

આ પ્રમાણે દેશના આપીને પ્રભુ વિરામ પામ્યા, એટલે **હસ્તિપાળ** રાજાએ પ્રભુને નમીને કહ્યું કે–‘ હે સ્વામિન્ ! મેં આજે સ્વપ્નમાં અનુક્રમે હાથી, કપિ, ક્ષીરવાળું વૃક્ષ, કાકપક્ષી, સિંહ, કમળ, બીજ, અને કુંભ એ આઠ વાનાં જોયાં છે તો તેનું ફળ શું થશે તે કહો.[1] ભગવન્ ! એવું સ્વપ્ન જોવાથી મને ભય લાગે છે.’ આ પ્રમાણે હસ્તિપાળે પૂછયું, એટલે પ્રભુ બોલ્યા–“ હે રાજન્ ! સાંભળ :—

૧ હવેથી ક્ષણિક સમૃદ્ધિના સુખમાં લુબ્ધ થયેલા શ્રાવકો વિવેક વિનાની જડતાથી હાથી જેવા છતાં ઘરમાં પડયા રહેશે, મહા દુઃખી સ્થિતિ અથવા પરચક્રનો ભય ઉત્પન્ન થશે તોપણ તેઓ દીક્ષા લેશે નહીં. કદિ દીક્ષા ગ્રહણ કરી હશે તો તેને પણ કુસંગ થવાથી છોડી દેશે. કુસંગ થવાથી લીધેલા વ્રતને પાળનારા વિરલા થશે. આ પ્રમાણે પહેલા હાથીના સ્વપ્નનું ફળ છે.

૨ બીજા કપિના સ્વપ્નનું ફળ એવું છે કે ઘણું કરીને ગચ્છના સ્વામીભૂત આચાર્યો કપિની જેવા ચપળ પરિણામી, અલ્પ સત્ત્વવાળા અને વ્રતમાં પ્રમાદી થશે. એટલું જ નહીં પણ ધર્મમાં રહેલા બીજાઓનો પણ વિપર્યાસ ભાવ કરાવશે. ધર્મના ઉદ્યોગમાં તત્પર તો કોઈ વિરલા નીકળશે. જેઓ પોતે પ્રમાદી છતાં ધર્મમાં શિથિળ એવા બીજાઓને શિક્ષા આપશે, તેઓની ગામડામાં રહેલા શહેરીની જેમ ગ્રામ્ય જનો હાંસી કરે તેમ બીજાઓ હાંસી કરશે. હે રાજન્ ! આવી રીતે આગામી કાળે પ્રવચનના અજ્ઞાત પુરૂષો થશે. તે કપિના સ્વપ્નનું ફળ તમારે જાણવું.

૩ જે ક્ષીરવૃક્ષનું સ્વપ્ન જોયું, તેથી સાતે ક્ષેત્રમાં દ્રવ્ય વાપરનારા દાતાર અને શાસન-પૂજક ક્ષીરવૃક્ષ તુલ્ય શ્રાવકો હશે તેઓને ઠગારા એવા લિંગધારીઓ રૂંધી દેશે. એવા

---

૧ આ સ્વપ્નોમાં હાથી, કપિ વિગેરે માત્ર સ્પષ્ટ દીઠા નથી પણ તે જુદી જુદી સ્થિતિમાં દીઠા છે. તેનું ને તેના ફળનું વિશેષ વર્ણન દિવાળીકલ્પમાંથી જાણી લેવું.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાસથ્થાઓની સંગતથી સિંહ જેવા સત્ત્વવાળા મહર્ષિઓ પણ તેમને શ્વાનની જેવા સાર વગરના લાગશે. સુવિહિત મુનિઓની વિહારભૂમિમાં એવા લિંગધારીઓ શૂળી જેવા થઈ ઉપદ્રવ કરશે. ક્ષીરવૃક્ષ જેવા શ્રાવકોને એવા મુનિઓની સંગત કરવા દેશે નહીં. આ પ્રમાણે ક્ષીરવૃક્ષના સ્વપ્નનું ફળ છે.

૪ હવે ચોથા સ્વપ્નનું ફળ આ પ્રમાણે–ધૃષ્ટ સ્વભાવી મુનિઓ ધર્માર્થી છતાં કાકપક્ષી જેમ વિહારવાપિકામાં રમતા નથી તેમ પ્રાયઃ પોતાના ગચ્છમાં રહેશે નહીં. તેથી બીજા ગચ્છના સૂરિઓ કે જેઓ વંચના કરતા તત્પર અને મૃગતૃષ્ણિકા જેવા મિથ્યાભાવ દેખાડનારા હશે તેઓની સાથે જડાશયથી ચાલશે. 'એમની સાથે ગમન કરવું યુક્ત નથી.' એમ ઉપદેશ કરનારાને તેઓ સામા થઈને ઉલટા બાધા કરશે. આ પ્રમાણે કાકપક્ષીના સ્વપ્નનું ફળ છે.

૫ શ્રી જિનમત કે જે સિંહ જેવો છે તે જાતિસ્મરણ વિગેરેથી રહિત એવો ધર્મજ્ઞ રહિત એવા આ ભરતક્ષેત્રરૂપી વનમાં જોવામાં આવશે. તેને પરતીર્થીરૂપી તિર્યંચો તો પરાભવ કરી શકશે નહીં, પરંતુ સિંહના કલેવરમાં જેમ કીડા પડે અને તે ઉપદ્રવ કરે તેમ લિંગીઓ કે જે કૃમિની જેમ પોતામાંથીજ ઉત્પન્ન થાય છે તેઓ ઉપદ્રવ કરશે અને શાસનની હીલણા કરાવશે. કેટલાક લિંગધારીઓ તો જૈનશાસનના પૂર્વના પ્રભાવને લીધે શ્વાપદોની જેવા અન્ય દર્શનીઓથી કદિ પણ પરાભવ પામશે નહીં. આ પ્રમાણે સિંહના સ્વપ્નનું ફળ છે.

૬ કમળાકરમાં જેમ કમળો સુગંધી થાય તેમ ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલા સર્વ પ્રાણીઓ ધાર્મિક થવા જોઈએ, પણ હવે પછી તેમ નહીં થાય. ધર્મપરાયણ થઈને પણ પાછા તેઓ કુસંગથી ભ્રષ્ટ થશે; અને ઉકરડામાં કમળ ઉગવાની જેમ કુદેશ અને કુકુળમાં ઉત્પન્ન થયેલા કોઈ કોઈ પ્રાણીઓ ધર્મી થશે, તથાપિ તેઓ હીન જાતિના હોવાથી અનુપાદેય થશે. આ પ્રમાણે કમળના સ્વપ્નનું ફળ છે.

૭ જેમ ફળપ્રાપ્તિને માટે બીજ ઉષર ભૂમિમાં વાવે, તેમ કુપાત્રમાં સુપાત્ર બુદ્ધિથી અકલ્પ્ય વસ્તુઓ વાવશે. અથવા જેમ કોઈ નિરાશય ખેડુત ઘુણાક્ષર ન્યાયથી ઉત્તમ ક્ષેત્રમાં અબીજની અંતર્ગત બીજ વાવે તેમ કોઈ શ્રાવક અકલ્પ્યની અંતર્ગત કલ્પ્યરૂપ પાત્રદાન કરશે. આ બીજ સ્વપ્નનું ફળ છે

૮ ક્ષમાદિ ગુણરૂપ કમળોથી અંકિત અને સુચારિત્રરૂપ જળથી પૂરિત એવા એકાંતે રાખેલા કુંભની જેવા મહર્ષિઓ કોઈકજ સ્થાનકે અને તે પણ બહુ થોડા દેખાશે; અને મલીન કળશની જેવા શિથિળ આચાર અને ચારિત્રવાળા લિંગીઓ જ્યાં ત્યાં ઘણા જોવામાં આવશે. તેઓ મત્સરભાવથી મહર્ષિઓની સાથે કળહ કરશે અને તેઓ બંને, લોકોમાં સરખા ગણાશે. ગીતાર્થ અને લિંગીઓ નગરલોક ઘેલા થવાથી જેમ રાજા પણ ઘેલો થયો હતો તેમ વ્યવહારમાં ગીતાર્થો લીંગીઓની સાથે રહેશે જેમ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૃથિવીપુરીમાં પૂર્ણ નામે રાજા હતો, તેને સુબુદ્ધિ નામે બુદ્ધિસંપત્તિવાળો મંત્રી હતો. સુખમાં કાળ નિર્ગમન કરતાં એક વખતે સુબુદ્ધિ મંત્રીએ દેવલોક નામના નિમિત્તિયાને ભવિષ્યકાળ સંબંધી પૂછ્યું, એટલે તે નિમિત્તિયો બોલ્યો કે–'એક માસ પછી મેઘવૃષ્ટિ થશે, તેના જળનું જે પાન કરશે, તે સર્વે ગ્રહિલ (ઘેલા) થઈ જશે. પછી કેટલેક કાળે પાછી બીજીવાર મેઘવૃષ્ટિ થશે, તેના જળનું પાન કરવાથી લોકો પાછા સારા થઈ જશે.' મંત્રીએ આ વૃત્તાંત રાજાને કહ્યો, એટલે રાજાએ પડહ વગડાવીને લોકોને જળનો સંગ્રહ કરવાની આજ્ઞા કરી. સર્વ લોકોએ તેમ કર્યું. પછી નિમિત્તિયાએ કહેલા દિવસે મેઘ વર્ષ્યો. લોકોએ તરતમાં તો તે પાણી પીધું નહીં, પણ કેટલોક કાળ જતાં લોકોએ સંગ્રહ કરેલું જળ ખુટી ગયું. માત્ર રાજા અને મંત્રીને ત્યાં જળ ખુટ્યું નહીં, એટલે તે સિવાય બીજા સામંત વિગેરે લોકોએ નવા વરસેલા જળનું પાન કર્યું. તેનું પાન કરતાંજ તેઓ બધા ઘેલા થઈને નાચવા લાગ્યા, હસવા લાગ્યા, જેમ તેમ બોલવા લાગ્યા, ગાવા લાગ્યા અને સ્વેચ્છાએ અનેક પ્રકારની ચેષ્ટાઓ કરવા લાગ્યા. માત્ર રાજા અને મંત્રી એજ સારા રહ્યા. પછી બીજા સામંત વિગેરેએ રાજા અને મંત્રીને પોતાનાથી વિપરીત પ્રવૃત્તિવાળા જોઈ નિશ્ચય કર્યો કે, 'જરૂર આ રાજા અને મંત્રી બંને ઘેલા થઈ ગયા જણાય છે; કારણકે તેઓ આપણાથી વિલક્ષણ આચારવાળા છે, તેથી તેમને તેમના સ્થાનથી દૂર કરી બીજા રાજા અને મંત્રીને આપણે સ્થાપિત કરીએ.' તેમનો આ વિચાર મંત્રીના જાણવામાં આવ્યો, તેણે રાજાને જણાવ્યો એટલે રાજાએ મંત્રીને પૂછ્યું કે–'આપણે હવે તેમનાથી આત્મરક્ષા શી રીતે કરવી ? કેમકે જનવૃંદ રાજા સમાન છે.' મંત્રી બોલ્યો કે–, હે દેવ ! આપણે પણ તેમની સાથે ઘેલા થઈને તેમની જેમ વર્તવું. તે સિવાય બીજો કોઈ ઉપાય આ સમયે યોગ્ય નથી.' પછી રાજા અને મંત્રી કૃત્રિમ ઘેલા થઈ તેઓની મધ્યમાં રહેવા લાગ્યા અને પોતાની સંપત્તિ ભોગવવા લાગ્યા. જ્યારે પાછો શુભ સમય આવ્યો અને શુભ વૃષ્ટિ થઈ ત્યારે તે નવીન વૃષ્ટિના જળનું પાન કરવાથી સર્વે મૂળ પ્રકૃતિવાળા (સ્વસ્થ) થયા. આ પ્રમાણે દુઃષમા કાળમાં ગીતાર્થ મુનિઓ પણ વેશધારીઓની સાથે તેમની જેવા થઈને રહેશે; પરંતુ ભવિષ્યમાં પોતાના સમયની ઈચ્છા રાખ્યા કરશે." આ પ્રમાણે પોતાના સ્વપ્નોનું ફળ સાંભળીને મહાશય હસ્તિપાળ રાજા પ્રતિબોધ પામી દીક્ષા લઈને અનુક્રમે મોક્ષે ગયા.

આ સમયે **ગૌતમ** ગણધરે ભગવંતને પ્રણામ કરીને કહ્યું કે, "હે સ્વામિન્ ! ત્રીજા આરાને અંતે ભગવાન્ વૃષભસ્વામી થયા, અને ચોથા આરામાં શ્રી અજિતનાથ વિગેરે ત્રેવીશ તીર્થંકરો થયા, જેમાં છેવટે તમે ઉત્પન્ન થયા. એ પ્રમાણે આ અવસર્પિણીમાં જે બન્યું. તે જોયું. હવે દુઃષમા નામના પાંચમા આરામાં જે થવાનું હોય તે પ્રસન્ન થઈને કહો." વીરપ્રભુ બોલ્યા, "હે ગૌતમ ! અમારા નિર્વાણ પછી ત્રણ વર્ષ અને સાડાઆઠ માસે પાંચમો આરો પ્રવેશ કરશે. અમારા નિર્વાણ પછી ઓગણીસો ને ચૌદ વર્ષો ગયા પછી પાટલીપુત્ર નગરમાં મ્લેચ્છ કુળમાં ચૈત્ર માસની અષ્ટમીને દિવસે વિષ્ટિમાં કલ્કી, રૂદ્ર અને ચતુર્મુખ

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

એવા ત્રણ નામથી વિખ્યાત રાજા થશે. તે સમયે મથુરાપુરીમાં પવને હણાયેલા જીર્ણ વૃક્ષની જેમ રામકૃષ્ણનું મંદિર અકસ્માત પડી જશે. અતિ ક્રૂર આશયવાળા કલ્કીમાં ક્રોધ, માન, માયા, અને લોભ, કાષ્ટમાં ઘુણા જાતના કીડાની જેમ સ્વભાવથીજ ઉત્પન્ન થશે. તે કાળે ચોરલોકોનો અને રાજાના વિરોધનો ભય રહ્યા કરશે. તેમજ ઉત્તમ ગંધ રસનો ક્ષય, દુર્ભિક્ષ અને અતિવૃષ્ટિ થયા કરશે. તે કલ્કી અઢાર વર્ષનો થશે ત્યાંસુધી મહામારી પ્રવર્તશે. પછી તે પ્રચંડાત્મા કલ્કી રાજા થશે. એક વખતે કલ્કીરાજા નગરમાં ફરવા નીકળતાં માર્ગમાં પાંચ સ્તૂપને જોઈ પાર્શ્વસ્થ જનને પૂછશે કે 'આ સ્તૂપ કોણે કરાવ્યા છે?' તેઓ જણાવશે કે, 'પૂર્વે ધનથી કુબેરભંડારી જેવો નંદ નામે વિશ્વવિખ્યાત રાજા થઈ ગયો છે, તેણે આ સ્તૂપોની નીચે ઘણું સુવર્ણ નાખ્યું છે, પણ તે લેવાને કોઈ રાજા અદ્યાપિ સમર્થ થયો નથી.' તે સાંભળી સ્વભાવથીજ અતિ લુબ્ધ એવો કલ્કીરાજા તે સ્તૂપને ખોદાવશે અને તેની નીચેથી સુવર્ણ લઈ લેશે. પછી તે દ્રવ્યનો અર્થી થઈ આખું શહેર ખોદાવશે અને બધા રાજાને તૃણની જેવા ગણશે. કલ્કીએ ખોદેલી તે નગરીની ભૂમિમાંથી લવણદેવી નામે એક શિલામયી ગાય નીકળશે. તેને ચૌટામાં ઊભી રાખવામાં આવશે. તે પોતાનો પ્રભાવ બતાવવા માટે ભિક્ષા સારૂ ફરતા મુનિઓને પોતાના શૃંગના અગ્રભાગથી સંઘટ્ટ કરશે. તે ઉપરથી સ્થવિરો કહેશે કે, 'આ ભવિષ્યમાં જળનો મહા ઉપદ્રવ થવાનું સૂચવે છે, તેથી આ નગરી છોડીને ચાલ્યા જવું યોગ્ય છે.' તે સાંભળી કેટલાએક મહર્ષિઓ ત્યાંથી વિહાર કરીને ચાલ્યા જશે; અને કેટલાએક તો ભોજન વસ્ત્ર વિગેરેના લોલુપી ત્યાંજ રહેશે અને બોલશે કે. 'કર્મને વશ એવા કાળયોગે જે કાંઈ શુભ કે અશુભ થાય તેને અટકાવવાને જિનેશ્વર પણ સમર્થ નથી.' પછી દુષ્ટ કલ્કી સર્વ પાખંડીઓની પાસેથી કર લેશે; તેઓ તેને આપશે, કારણ કે તેઓ તો સારંભપરિગ્રહી હોય છે. પછી લુબ્ધ કલ્કી 'બીજા પાખંડીઓએ કર આપ્યો અને તમે કેમ આપતા નથી?' આ પ્રમાણે કહીને સાધુઓને પણ રૂંધશે. સાધુઓ તેને કહેશે કે, "રાજન્! અમે તો નિષ્કિંચન છીએ અને ભિક્ષા માગીને ખાનારા છીએ. તો ધર્મલાભ સિવાય તમને બીજું શું આપીએ? પુરાણમાં કહ્યું છે કે, 'બ્રહ્મનિષ્ઠ તપસ્વીઓનું રક્ષણ કરનાર રાજાને તેમના પુણ્યનો છઠ્ઠો ભાગ મળે છે, તેથી હે રાજન્! આ દુષ્કૃત્યથી વિરામ પામો, કેમકે તમારો આ વ્યવસાય શહેર અને દેશના અશુભને માટે છે." આવાં મુનિનાં વચન સાંભળી તત્કાળ કલ્કી કોપ કરશે અને ભ્રકુટી ચઢાવી વિકરાળ મુખ કરી યમરાજના જેવો ભયંકર દેખાશે. તે વખતે નગરદેવતા તેને કહેશે કે, 'અરે કલ્કી! શું તારી મરવાની ઇચ્છા છે કે જેથી આવા મુનિઓની પાસેથી પણ દ્રવ્યની યાચના કરે છે?' દેવતાનાં આ પ્રમાણેનાં વચનથી સિંહના નાદથી હસ્તીની જેમ ભય પામેલો કલ્કી નમસ્કારપૂર્વક તે સાધુઓને ખમાવશે. ત્યારપછી કલ્કીરાજાનાં નગરનો ભય સૂચવનારા મોટા ભયંકર ઉત્પાતો પ્રતિદિન થવા માંડશે. સત્તર દિવસ સુધી અહોરાત્ર મેઘ વર્ષશે; તેથી ગંગાનો પ્રવાહ વૃદ્ધિ પામીને કલ્કીના નગરને ડુબાડી દેશે. તે વખતે માત્ર પ્રાતિપદ નામે આચાર્ય, કેટલાક સંઘના લોકો,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કોઈક નગરજનો અને કલ્કીરાજા ઉંચે સ્થળે ચડી જવાથી બચશે. બાકી ગંગાના પ્રસરતા પ્રવાહમાં ઘણા નગરવાસીઓ તત્કાળ ડુબીને મૃત્યુ પામી જશે. પછી જ્યારે જળનો ઉપસર્ગ વિરામ પામશે ત્યારે કલ્કી નંદના દ્રવ્યથી ફરીવાર નવું નગર વસાવશે. તેમાં સારાં સારાં મકાનો બંધાવશે, સાધુઓ વિહાર કરશે, સમય પ્રમાણે ધાન્યની ઉત્પત્તિના કારણભૂત મેઘ વરસશે, એક દમડામાં કુંભ ભરીને ધાન્ય મળશે, તો પણ લોકો ધાન્ય ખરીદશે નહીં. એવી રીતે કલ્કીના રાજ્યમાં પચાસ વર્ષ સુધી સુભિક્ષ રહેશે. એમ કરતાં કરતાં જ્યારે કલ્કીનું મૃત્યુ નજીક આવશે ત્યારે તે પાછો બધા પાખંડીઓના વેષ છોડાવી દેશે અને ઘણો ઉપદ્રવ કરશે. સંઘ સહિત પ્રાતિપદ આચાર્યને ગાયના વાડામાં પૂરીને તેમની પાસેથી એ દુરાશય કલ્કી ભિક્ષાનો છઠ્ઠો ભાગ માગશે. એટલે સંઘ શક્રેંદ્રની આરાધના કરવાને માટે કાયોત્સર્ગ કરશે. તે વખતે શાસનદેવી આવીને કહેશે કે ‘હે કલ્કી! આ તારૂં કામ તારી કુશળતાને માટે નહીં થાય.’ સંઘે કરેલાં કાયોત્સર્ગના પ્રભાવથી ઇંદ્રનું આસન ચળિત થતાં તે વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ લઈને ત્યાં આવશે. પછી સભા વચ્ચે મોટા સિંહાસનપર બેઠેલા કલ્કીને શક્રેંદ્ર કહેશે કે, “હે રાજન્! તેં આ સાધુઓને કેમ પૂર્યા છે” કલ્કી કહેશે કે, “હે વૃદ્ધ! આ બધા મારા નગરમાં રહે છે, છતાં મને ભિક્ષામાંથી છઠ્ઠો ભાગ પણ કર તરીકે આપતા નથી. બીજા સર્વ પાખંડીઓ મને કર આપે છે અને આ સાધુઓ આપતા નથી, તેથી મેં તેમને કીલ્લાની જેવા આ ગાયોના વાડામાં પૂર્યા છે.” પછી શક્રેંદ્ર કહેશે કે, “તેઓની પાસે કાંઈ નથી, તેઓ કોઇને ભિક્ષાનો અંશ કદિ પણ આપતા નથી. આવા ભિક્ષુકોની પાસેથી ભિક્ષાનો અંશ માગતાં તું કેમ શરમાતો નથી? માટે હવે તેમને છોડી દે, નહિ તો તને મોટો અનર્થ પ્રાપ્ત થશે.” ઇંદ્રનાં આવાં વચનથી કલ્કી કોપાયમાન થઈને કહેશે કે, ‘અરે સુભટો! આ બ્રાહ્મણને ગળે પકડીને કાઢી મૂકો.’ આ પ્રમાણે તેના બોલતાંજ ઇન્દ્ર પાપના પર્વત જેવા કલ્કીને લપડાક મારીને ભસ્મ કરી નાખશે; એટલે છાશી વર્ષનું આયુષ્ય પૂર્ણ કરીને કલ્કી દુરંત એવી નરકભૂમિમાં નારકીપણે ઉત્પન્ન થશે. પછી શક્રેંદ્ર કલ્કીના દત્ત નામના કુમારને જૈનધર્મ સંબંધી શિક્ષા આપી, રાજ્ય ઉપર બેસારી, સંઘને નમીને પોતાને સ્થાનકે જશે. દત્તરાજા પોતાના પિતાને પ્રાપ્ત થયેલું તેના પાપનું ઘોર ફળ અને ઇન્દ્રે આપેલી શિક્ષાને વારંવાર સંભારીને બધી પૃથ્વીને અરિહંતના ચૈત્યોથી વિભૂષિત કરી દેશે. પછી પાંચમા આરાના પર્યંત સુધી જૈનધર્મની પ્રવૃત્તિ નિરંતર રહ્યા કરશે.

તીર્થંકરના સમયમાં આ ભરતક્ષેત્ર ગ્રામ, ખાણ અને નગરોથી આકુળ અને ધન ધાન્ય વિગેરે સમૃદ્ધિથી ભરેલ સ્વર્ગપુરી જેવું હોય છે, અને ગામો શહેર જેવા, શહેરો સ્વર્ગપુરી જેવા, કુટુંબીઓ રાજા જેવા, રાજાઓ કુબેર ભંડારી જેવા, આચાર્યો ચન્દ્ર જેવા, પિતાઓ દેવ જેવા, સાસુઓ માતા જેવી અને સાસરાઓ પિતા જેવા હોય છે. લોકો સત્ય તથા શૌચમાં તત્પર, ધર્માધર્મના જાણ, વિનીત, ગુરૂદેવના પૂજક અને પોતાની સ્ત્રીમાં સંતુષ્ટ હોય છે. વળી તેવા લોકોમાં વિજ્ઞાન, વિદ્યા, અને કુળવાનપણું હોય છે. પરચક્ર, ઈતિ અને ચોર

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

લોકોનો ભય હોતો નથી, તેમજ નવો કર નખાતો નથી, તેવા સમયમાં પણ અર્હંતની ભક્તિને નહીં જાણનારા તેમજ વિપરીત વૃત્તિવાળા કુતીર્થીઓથી મુનિ આદિકને ઉપસર્ગ વિગેરે થાય છે અને દશ આશ્ચર્યો પણ થયા છે.

ત્યારપછી દુષમા કાળમાં એટલે પાંચમાં આરામાં સર્વ લોકો કષાયથી લોપ પામેલી ધર્મબુદ્ધિવાળા, અને વાડ વિનાની ક્ષેત્રભૂમિની જેમ મર્યાદા રહિત થશે. જેમ જેમ આગળ કાળ જશે તેમ લોકો વિશેષે કુતીર્થીઓએ મોહિત કરેલી બુદ્ધિવાળા અને અહિંસાદિકથી વર્જિત થશે. તેમજ ગામડા સ્મશાન જેવા, શહેરો પ્રેતલોક જેવા, કુટુંબીઓ દાસ જેવા અને રાજાઓ યમદંડ જેવા થશે. રાજાઓ લુબ્ધ થઈને પોતાના સેવકોનો નિગ્રહ કરશે અને સેવકો પોતાના સ્વજનોને લુંટશે. એમ માત્સ્ય[1] ન્યાય પ્રવર્તશે. જે અંત્યે હશે તે મધ્યમાં આવશે અને જે મધ્યમાં હશે તે અંત્યે આવશે એમ શ્વેત વાવટાવાળા વહાણોની જેમ બધા દેશો ચળાયમાન થઈ જશે. ચોર ચોરીથી, રાજાઓ કરથી, અને ભૂત ભરાયેલાની જેવા અધિકારીઓ લાંચ લઈને સર્વ પ્રજાને પીડા કરશે. લોકો સ્વાર્થમાં જ તત્પર, પરાર્થવિમુખ અને સત્ય, લજ્જા તથા દાક્ષિણ્યતાથી રહિત તેમજ સ્વજનોના વિરોધી થશે. શિષ્યો ગુરૂની આરાધના કરશે નહીં, ગુરૂઓ પણ શિષ્યભાવ રાખશે નહીં અને તેમને ઉપદેશાદિવડે શ્રુતજ્ઞાન આપશે નહીં. અનુક્રમે ગુરૂકુળમાં વાસ કરવો બંધ પડશે, ધર્મમાં મંદ બુદ્ધિ થશે અને પૃથ્વી ઘણા પ્રાણીઓથી આકુળવ્યાકુળ થશે. દેવતાઓ પ્રત્યક્ષ થશે નહીં, પુત્રો પિતાની અવજ્ઞા કરશે, વહુઓ સર્પિણી જેવી થશે અને સાસુઓ કાળરાત્રિ જેવી જણાશે. કુલીન સ્ત્રીઓ પણ લજ્જા છોડીને દૃષ્ટિના વિકારથી, હાસ્યથી, આલાપથી અથવા બીજા પ્રકારના વિલાસોથી વેશ્યાને અનુસરશે. શ્રાવક અને શ્રાવિકાપણાની હાનિ થશે, ચતુર્વિધ ધર્મનો ક્ષય થશે અને સાધુ સાધ્વીને પર્વ દિવસે કે સ્વપ્ને પણ નિમંત્રણ નહીં થાય. ખોટા તોલ તથા ખોટાં માન ચાલશે, ધર્મમાં પણ શઠતા થશે અને સત્પુરૂષો દુઃખી ને દુર્જનો સુખી થશે. મણિ, મંત્ર, ઔષધી, તંત્ર, વિજ્ઞાન, ધન, આયુષ્ય, ફળ, પુષ્પ, રસ, રૂપ, શરીરની ઉંચાઈ, ધર્મ અને બીજા શુભ ભાવોની પાંચમા આરામાં પ્રતિદિન હાનિ થશે, અને તે પછી છઠ્ઠા આરામાં તો અધિક હાનિ થશે. એ પ્રમાણે પુણ્યના ક્ષયવાળો કાળ પ્રસરતાં જેની બુદ્ધિ ધર્મમાં રહેશે તેનું જીવિત સફળ ગણાશે. આ ભરતક્ષેત્રમાં દુઃષમકાળમાં છેલ્લા દુઃપ્રસહ નામે આચાર્ય, ફલ્ગુશ્રી નામે સાધ્વી, નાગિલ નામે શ્રાવક, સત્યશ્રી નામે શ્રાવિકા, વિમળવાહન નામે રાજા અને સંમુખ નામે મંત્રી થશે. બે હાથ પ્રમાણ શરીર થશે, વીશ વર્ષનું ઉત્કૃષ્ટ આયુષ્ય થશે અને દુઃપ્રસહાદિ ચારેથી ઉત્કૃષ્ટ છઠ્ઠનો તપ બની શકશે. દશવૈકાળિકના વેત્તા તે ચૌદ પૂર્વધારી જેવા ગણાશે અને એવા મુનિઓ દુઃપ્રસહસૂરિ પર્યંત સંઘરૂપ તીર્થને પ્રતિબોધ કરશે. તે કારણ માટે ત્યાંસુધી જે કોઈ ધર્મ નથી એવું બોલે તેને સંઘ બહાર મૂકવો. દુઃપ્રસહાચાર્ય બાર વર્ષ ગૃહવાસમાં અને આઠ વર્ષ દીક્ષામાં નિર્ગમન કરી છેવટે અઠ્ઠમ તપ કરી મૃત્યુ પામીને સૌધર્મ કલ્પમાં જશે.

---

૧ નાના માછલાને મોટા માંછલાં ખાય, તેમને તેમનાથી મોટા ખાઈ જાય એ માત્સ્ય ન્યાય કહેવાય છે.

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

તે દિવસે પૂર્વાહ્નને ચારિત્રનો, મધ્યાહ્નને રાજધર્મનો અને અપરાહ્નને અગ્નિનો ઉચ્છેદ થઈ જશે.

એવી રીતે એકવીશ હજાર વર્ષના પ્રમાણુવાળો દુષમકાળ વ્યતીત થયા પછી તેટલાજ પ્રમાણુવાળો એકાંત દુઃષમ દુઃષમાકાળ પ્રવર્ત્તશે. તેમાં ધર્મ તત્ત્વ નષ્ઠ થતાં હાહાકાર થઈ રહેશે. પશુની જેમ માતાપુત્રની વ્યવસ્થા મનુષ્યોમાં પણ રહેશે નહીં. રાત્રીદિવસ કઠોર અને ઘણી રજવાળા અનિષ્ટ પવનો વાયા કરશે, તેમજ દિશાઓ ધૂમ્રવર્ણી થવાથી ભયંકર લાગશે. ચંદ્ર અત્યંત શીતળતા મૂકશે અને સૂર્ય અતિ ઉષ્ણુતાથી તપશે, તેવી અતિ શીત અને અતિ ઉષ્ણુતાથી પરાભવ પામેલા લોકો અત્યંત કલેશ પામશે. તે સમયે વિરસ થયેલા મેઘ ક્ષાર, આમ્લ, વિષ, અગ્નિ અને વજ્રમય થઈ તે તે રૂપે વૃષ્ટિ કરશે. જેથી લોકોમાં કાસ, શ્વાસ, શૂળ, કુષ્ટ, કૂષ્ટ, જળોદર, જ્વર, શિરોવ્યથા અને બીજા પણ કેટલાક રોગો ઉત્પન્ન થશે. જળચર, સ્થળચર અને ખેચર તિર્યંચો મહા દુઃખે રહેશે, ક્ષેત્ર, વન, આરામ, લતા, વૃક્ષ અને ઘાસનો ક્ષય થઈ જશે. વૈતાઢયગિરિ, ઋષભકૂટ અને ગંગા તથા સિંધુ નદી સિવાય બીજા બધા ગિરિઓ, ખાડાઓ, અને સરિતાઓ સપાટ થઈ જશે. ભૂમિ અંગારાના ભાઠા જેવી ભસ્મરૂપ થશે; તેમજ કોઈ સ્થાને અતિ ધૂળવાળી અને કોઈ સ્થાને ઘાટા કીચડવાળી થશે. મનુષ્યોના શરીર એક હાથના પ્રમાણુવાળા અને માઠા વર્ણવાળા થશે; તેમજ પુરૂષોને સ્ત્રીઓ નિષ્ઠુર વાણી બોલનાર, રોગાર્ત્ત, ક્રોધી, લાંબા દેખાવના, ચપટી નાસિકાવાળા, નિર્લજ્જ અને વસ્ત્ર રહિત થશે. પુરૂષોનું આયુષ્ય ઉત્કૃષ્ટ વીશ વર્ષનું અને સ્ત્રીઓનું સોળ વર્ષનું થશે. તે સમયમાં સ્ત્રી છ વર્ષની વયમાં ગર્ભ ધારણ કરી દુઃખે પ્રસવ કરશે. સોળ વર્ષે તો ઘણા પુત્ર પૌત્રવાળી થશે અને વૃદ્ધા ગણાશે. વૈતાઢયગિરિની નીચે તેને લગતા બીલોમાં નિવાસ થશે. ગંગા ને સિંધુ બંને નદીઓના તટ ઉપર વૈતાઢયની બંને તરફ નવ નવ બીલ છે. કુલ બહોંતેર બીલ છે તેમાં તેઓ રહેશે. તિર્યંચ જાતિ બધી માત્ર બીજરૂપે રહેશે. તે વિષમકાળે સર્વ મનુષ્યો તથા પશુઓ માંસાહારી, ક્રૂર અને નિર્વિવેકી થશે, ગંગા અને સિંધુનદીનો પ્રવાહ ઘણા મત્સ્ય કચ્છપવાળો અને માત્ર રથના પૈડાં જેટલો રહેશે. તેમાંથી લોકો રાત્રે માછલાને કાઢીને સ્થળ ઉપર મૂકી રાખશે. તે દિવસે સૂર્યના તાપથી પાકી જશે, એટલે રાત્રે તેમનું ભક્ષણ કરશે. એવી રીતે તેનો નિર્વાહ ચાલશે. કેમકે તે સમયે દુધ દહીં વિગેરે રસવાળા પદાર્થો, પુષ્પ, ફળ કે આમ્ર કાંઈ પણ મળશે નહીં. તેમજ શય્યા આસનાદિ પણ રહેશે નહીં. ભરત, ઐરાવત નામના દશે ક્ષેત્રમાં એવીજ રીતે પહેલો દુઃષમા અને પછી અતિ દુઃષમાકાળ બંને એકવીશ હજાર વર્ષ સુધી પ્રવર્ત્તશે. અવસર્પિણીમાં જેમ અંત્ય (છઠ્ઠો) અને ઉપાંત્ય (પાંચમો) એ આરા હોય છે, તેજ પ્રમાણે ઉત્સર્પિણીમાં પેલો અને બીજો આરો હોય છે. ઉત્સર્પિણીમાં દુઃષમદુઃષમા કાળ (અવસર્પિણીના છઠ્ઠા જેવા પહેલા આરા)ને અંત સમયે જુદા જુદા પાંચ જાતિના મેઘ સાત સાત દિવસ સુધી વર્ષશે. તેમાં પહેલો પુષ્કર નામે મેઘ વર્ષી પૃથ્વીને તૃપ્ત કરી દેશે. બીજો ક્ષીરમેઘ ધાન્ય ઉત્પન્ન કરશે. ત્રીજો ઘૃતમેઘ સ્નેહ (ચીકાસ) પેદા કરશે. ચોથો અમૃતમેઘ ઔષધિઓને ઉત્પન્ન કરશે. પાંચમો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રસમેઘ પૃથ્વી વિગેરેને રસમય કરશે. એવી રીતે પાંત્રીશ દિવસ સુધી શાંતપણે દુર્દિન વૃષ્ટિ થશે. પછી વૃક્ષ, ઔષધી, લતા, વલ્લી વિગેરે લીલોતરીઓ જોઈ બીલમાં રહેનારા મનુષ્યો હર્ષ પામીને બહાર નીકળશે ત્યારથી ભારતવર્ષની ભૂમિ પુષ્પ ફલવતી થશે; એટલે પછી મનુષ્યો માંસનું ભક્ષણ કરશે નહીં, માંસને તજી દેશે. પછી જેમ જેમ કાળ વૃદ્ધિ પામશે તેમ તેમ મનુષ્યોના રૂપમાં, શરીરના બાંધામાં, આયુષ્યમાં અને ધાન્ય વિગેરેમાં વધારો થતો જશે. અનુક્રમે સુખકારી પવન વાશે, અનુકુળ ઋતુઓ થશે, નદીઓમાં જળ વૃદ્ધિ પામશે, એટલે તિર્યંચો અને મનુષ્યો નિરોગી થવા માંડશે.

દુઃષમાકાળને (ઉત્સર્પિણીના બીજા આરાને) અંતે આ ભારતવર્ષની ભૂમિ ઉપર સાત કુલકરો થશે. પેલો વિમલવાહન, બીજો સુદામ, ત્રીજો સંગમ, ચોથો સુપાર્શ્વ, પાંચમો દત્ત, છઠ્ઠો સુમુખ અને સાતમો સંમુચિ. તેમાં પહેલો વિમલવાહન જાતિસ્મરણ જ્ઞાનવડે રાજ્યને માટે ગામો અને શહેરો વસાવશે; ગાય, હાથી અને અશ્વોનો સંગ્રહ કરશે અને શિલ્પ, વ્યાપાર, લિપિ અને ગણિતાદિ વ્યવહાર લોકોમાં ચલાવશે. પછી જ્યારે દૂધ, દહિં, ધાન્ય અને અગ્નિ ઉત્પન્ન થશે ત્યારે તે પ્રજાહિતેચ્છુ રાજા લોકોને અન્ન રાંધીને ખાવાનો ઉપદેશ કરશે.

જ્યારે આવી રીતે દુઃષમકાળ વ્યતીત થશે ત્યારે શતદ્વાર નામના નગરમાં **સંમુચિ** નામના સાતમા કુળકર રાજાની રાણી **ભદ્રા** દેવીની કુક્ષિમાં શ્રેણિકનો જીવ પુત્રપણે ઉત્પન્ન થશે. આયુષ્ય અને શરીરે વિગેરેથી મારા સરખા તે પદ્મનાભ નામે પહેલા તીર્થંકર થશે. ત્યારપછી પૂર્વની જેમ પ્રતિલોમપણે ત્રેવીશ તીર્થંકરો શરીર, આયુ, અંતર વિગેરેથી પૂર્વ સમાન--અનુક્રમે ઉત્પન્ન થશે. શ્રેણિકનો જીવ પદ્મનાભ નામે પહેલા તીર્થંકર થશે. સુપાર્શ્વનો જીવ શૂરદેવ નામે બીજા તીર્થંકર થશે. પોટ્ટિલનો જીવ સુપાર્શ્વ નામે ત્રીજા તીર્થંકર થશે. દ્રઢાયુનો જીવ સ્વયંપ્રભ નામે ચોથા તીર્થંકર થશે. કાર્તિક શેઠનો જીવ સર્વાનુભૂતિ નામે પાંચમા તીર્થંકર થશે. શંખ શ્રાવકનો જીવ દેવશ્રુત નામે છઠ્ઠા તીર્થંકર થશે. નંદનો જીવ ઉદય નામે સાતમા તીર્થંકર થશે. સુનંદનો જીવ પેઢાળ નામે આઠમા તીર્થંકર થશે. કેકસીનો જીવ પોટિલ નામે નવમા તીર્થંકર થશે. રેયલીનો જીવ શતકીર્ત્તિ નામે દશમા તીર્થંકર થશે. સત્યકિનો જીવ સુવ્રત નામે અગ્યારમા તીર્થંકર થશે. કૃષ્ણ વાસુદેવનો જીવ અમમ નામે બારમા તીર્થંકર થશે. બલદેવનો જીવ અકષાય નામે તેરમા તીર્થંકર થશે. રોહિણીનો જીવ નિષ્પુલાક નામે ચૌદમા તીર્થંકર થશે. સુલસાનો જીવ નિર્મમ નામે પંદરમા તીર્થંકર થશે. રેવતીનો જીવ ચિત્રગુપ્ત નામે સોળમા તીર્થંકર થશે. ગવાળીનો જીવ સમાધિ નામે સત્તરમા તીર્થંકર થશે. ગાર્ગલિનો જીવ સંવર નામે અઢારમા તીર્થંકર થશે દ્વીપાયનનો જીવ યશોધરા નામે ઓગણીશમા તીર્થંકર થશે. કર્ણનો જીવ વિજય નામે વીશમા તીર્થંકર થશે. નારદનો જીવ મલ્લ નામે એકવીશમા તીર્થંકર થશે. અંબડનો જીવ દેવ નામે બાવીશમા તીર્થંકર થશે. બારમા ચક્રવર્તી બ્રહ્મદત્તનો જીવ અનંતવીર્ય નામે ત્રેવીશમા તીર્થંકર થશે. અને સ્વાતિનો જીવ ભદ્રકૃત નામે ચોવીશમા તીર્થંકર થશે.[1]

૧ આ ચોવીશીમાં પૂર્વભવી જીવ વિગેરેમાં પાઠાંતરો છે, તેનો નિર્ણય અહીં થઈ શકે તેમ નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેટલા સમયમાં દીર્ઘદંત, ગુઢદંત, શુદ્ધદંત, શ્રીચંદ્ર, શ્રીભૂતિ, શ્રીસોમ, પદ્મ, મહાપદ્મ, દશમ, વિમળ, વિમળવાહન અને અરિષ્ટ—એ બાર ચક્રવર્તીઓ થશે. નંદી, નંદિમિત્ર, સુંદરબાહુ, મહાબાહુ, અતિબળ, મહાબળ, બળ, દ્વિપૃષ્ટ અને ત્રિપૃષ્ટ—એ નવ અર્ધચક્રી (વાસુદેવ) થશે. જયંત, અજિત, ધર્મ, સુપ્રભ, સુદર્શન, આનંદ, નંદન, પદ્મ અને સંકર્ષણ એ નવ બળરામ થશે. અને તિલક, લોહજંઘ, વજ્રજંઘ, કેશરી, બલિ, પ્રલ્હાદ, અપરાજિત, ભીમ અને સુગ્રીવ—એ નવ પ્રતિવાસુદેવ થશે. આ પ્રમાણે ઉત્સર્પિણી કાળમાં ત્રિષષ્ટિ શલાકા પુરૂષો થશે."

આ પ્રમાણે કહી રહ્યા પછી શ્રી વીરપ્રભુને સુધર્મા ગણધરે પૂછયું કે, 'હે સ્વામિન્! કેવળજ્ઞાન રૂપી સૂર્ય ક્યારે અને કોના પછી ઉચ્છેદ પામશે?' પ્રભુ બોલ્યા—'મારા મોક્ષગમન પછી કેટલેક કાળે જંબૂ નામના તમારા શિષ્ય છેલ્લા કેવળી થશે, તેના પછી કેવળજ્ઞાન ઉચ્છેદ પામશે. કેવળજ્ઞાન ઉચ્છેદ પામતાં કોઈને મનઃપર્યાય જ્ઞાન પણ નહીં થાય. પુલાકલબ્ધિ કે પરમાવધિજ્ઞાન પણ નહિ થાય, ક્ષપક શ્રેણી અને ઉપશમ શ્રેણી બંને વિનાશ પામશે, તેમજ આહારક શરીર, જિનકલ્પ અને ત્રિવિધ સંયમ[1] પણ નહિ રહે. તેમના શિષ્ય પ્રભવ ચૌદપૂર્વધારી થશે. અને તેના શિષ્ય શય્યંભવ પણ દ્વાદશાંગીના પારગામી થશે. તે પૂર્વમાંથી ઉદ્ધરીને દશવૈકાલિક સૂત્ર રચશે. તેના શિષ્ય યશોભદ્ર સર્વ પૂર્વધારી થશે. અને તેના શિષ્ય સંભૂતિવિજય ને ભદ્રબાહુ પણ ચૌદપૂર્વી થશે. સંભૂતિવિજયના શિષ્ય સ્થૂળભદ્ર ચૌદપૂર્વી થશે. ત્યારપછી છેલ્લાં ચાર પૂર્વ ઉચ્છેદ પામી જશે. ત્યારપછી મહાગિરિ અને સુહસ્તિથી તે વજ્રસ્વામી સુધી આ તીર્થના પ્રવર્ત્તકો દશ પૂર્વધર થશે." આ પ્રમાણે ભવિષ્યની હકીકત કહીને શ્રી વીરપ્રભુ સમવસરણમાંથી બહાર નીકળ્યા, અને હસ્તિપાળ રાજાની શુલ્ક (દાણ લેવાની) શાળામાં ગયા.

તે દિવસની રાત્રેજ પોતાનો મોક્ષ જાણીને પ્રભુએ વિચાર્યું કે, 'અહો! ગૌતમનો સ્નેહ મારા ઉપર અત્યંત છે અને તેજ તેમને કેવળજ્ઞાનની ઉત્પત્તિમાં અંતરાય કરે છે, તેથી તે સ્નેહને મારે છેદી નાખવો જોઈએ.' આવું વિચારી તેમણે ગૌતમને કહ્યું—'ગૌતમ! અહિંથી નજીકના બીજા ગામમાં દેવશર્મા નામે બ્રાહ્મણ છે, તે તમારાથી પ્રતિબોધ પામશે, માટે તમે ત્યાં જાઓ.' તે સાંભળી 'જેવી આપની આજ્ઞા' એમ કહી ગૌતમ વીરપ્રભુને નમીને તરતજ ત્યાં ગયા અને પ્રભુનું વચન સત્ય કર્યું અર્થાત્ તેને પ્રતિબોધ પમાડ્યો. અહીં કાર્ત્તિક માસની અમાવાસ્યાની[2] પાછલી રાત્રે ચંદ્ર સ્વાતિ નક્ષત્રમાં આવતાં છઠ્ઠનો તપ કરેલો છે એવા શ્રી વીરપ્રભુએ પંચાવન અધ્યયન પુણ્યફળવિપાક સંબંધી અને પંચાવન અધ્યયન પાપફળવિપાક સંબંધી કહ્યા. પછી છત્રીશ અધ્યયન અપ્રશ્નવ્યાકરણ એટલે કોઈના પૂછયા વિના કહી, છેલ્લું પ્રધાન નામે અધ્યયન કહેવા લાગ્યા. તે સમયે આસનકંપથી પ્રભુનો મોક્ષસમય

---

૧ પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મ સંપરાય ને યથાખ્યાત એ ત્રણ ચારિત્રો.

૨ આ દેશના રીવાજ પ્રમાણે આસો વદિ અમાવાસ્યાએ.



www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

જાણી સર્વ સુર ને અસુરના ઇંદ્રો પરિવાર સહિત ત્યાં આવ્યા. પછી જેના નેત્રમાં અશ્રુ આવેલા છે એવા શક્રેંદ્રે પ્રભુને પ્રણામ કરી અંજળિ જોડીને સંભ્રમવડે આ પ્રમાણે કહ્યું કે –"નાથ! તમારા ગર્ભ, જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાનમાં હસ્તોત્તરા નક્ષત્ર હતું, આ વખતે તેમાં ભસ્મક ગ્રહ સંક્રાંત થવાનો છે. તમારા જન્મનક્ષત્રમાં સંક્રમેલો તે ગ્રહ બેહજાર વર્ષ સુધી તમારા સંતાન (સાધુ સાધ્વી)ને બાધા ઉત્પન્ન કરશે. માટે તે ભસ્મકગ્રહ આપના જન્મનક્ષત્રે સંક્રમે ત્યાં સુધી આપ રાહ જુઓ કે જેથી તમારી દષ્ટિએ સંક્રમણ થાય તો તમારા પ્રભાવથી તે નિષ્ફળ થઈ જાય. જે બીજાઓ પણ તમને હૃદયમાં ધારણ કરે છે તેઓના કુસ્વપ્ન, અપશુકન અને કુગ્રહ પણ શ્રેષ્ટપણાને પામી જાય છે, તો હે સ્વામિન્! જ્યાં તમે સાક્ષાત્ રહ્યા હો ત્યાં તો વાતજ શી કરવી. માટે પ્રસન્ન થઈ ને ક્ષણુવાર ટકો કે જેથી તે દુર્ગ્રહનો ઉપશમ થઈ જાય." પ્રભુ બોલ્યા–"હે શક્રેંદ્ર! આયુષ્યને વધારવાને કોઇ પણ સમર્થ નથી. તે તું જાણે છે તે છતાં તીર્થના પ્રેમથી મોહિત થઇને આમ કેમ બોલે છે? આગામી દુઃષમકાળની પ્રવૃત્તિથીજ તીર્થને બાધા થવાની છે. તેમાં ભવિતવ્યતાને અનુસરીને આ ભસ્મક ગ્રહનો પણ ઉદય થયો છે." એવી રીતે ઇંદ્રને સમજાવીને સાડા છ માસે ઉણા ત્રીશ વર્ષ પર્યંત કેવળજ્ઞાન પર્યાય પાળી, પર્યંકાસને બેઠેલા પ્રભુએ બાદર કાયયોગમાં રહી, બાદર મનયોગ ને વચનયોગને રૂંધ્યા. પછી સૂક્ષ્મ કાયયોગમાં સ્થિત થઈ યોગવિચક્ષણ પ્રભુએ બાદર કાયયોગને પણ રૂંધી લીધો. પછી વાણી તથા મનના સૂક્ષ્મ યોગને પણ રોકયા. એવી રીતે સુક્ષ્મ ક્રિયાવાળું ત્રીજું શુકલધ્યાન[1] પ્રાપ્ત કર્યું. પછી સુક્ષ્મ તનુયોગને પણ રૂંધી જેમાં સર્વ ક્રિયાનો ઉચ્છેદ થાય છે એવા સમુચ્છિન્નક્રિય નામના ચોથા શુકલધ્યાનને[2] ધારણ કર્યું. પછી પાંચ હ્રસ્વાક્ષરનો ઉચ્ચાર કરીએ તેટલા કાળમાનવાળા અવ્યભિચારી એવા શુકલધ્યાનના ચોથા પાયાવડે એરંડના બીજની જેમ કર્મબંધ રહિત થયેલા પ્રભુ યથાસ્વભાવ ઋજુ ગતિવડે ઉર્ધ્વગમન કરી મોક્ષને પ્રાપ્ત થયા. તે વખતે જેઓને એક લવમાત્ર સુખ કદી પણ પ્રાપ્ત થતું નથી તેવા નારકીને પણ ક્ષણમાત્ર સુખ થયું. તે કાળે ચંદ્ર નામે સંવત્સર. પ્રીતિવર્દ્ધન નામે માસ, નંદિવર્દ્ધન નામે પક્ષ અને અગ્નિવેશ નામે દિવસ હતો. તેનું બીજું નામ ઉપશમ હતું. તે રાત્રિનું નામ દેવાનંદા હતું, તેનું બીજું નામ નિરતિ પણ હતું. તે વખતે અર્ચ નામે લવ, શુલ્ક નામે પ્રાણ, સિદ્ધ નામે સ્તોક અને સર્વાર્થસિદ્ધ નામે મુહૂર્ત્ત તેમજ નાગ નામે કારણ હતું. તે સમયે ન ઉદ્ધરી શકાય તેવા અતિ સૂક્ષ્મ કુંથુઓ ઉત્પન્ન થયા, તે સ્થિર હોય ત્યારે દષ્ટિગ્રાહ્ય પણ થતા નહોતા; જ્યારે હાલતા ચાલતા ત્યારેજ દષ્ટિએ પડતા હતા. તે જોઈને 'હવે સંયમ પાળવું મુશ્કેલ છે' એમ વિચારીને ઘણા સાધુ અને સાધ્વીઓએ અનશન કર્યું, પ્રભુના નિર્વાણને જાણીને તે સમયે ભાવદીપકનો ઉચ્છેદ થવાથી સર્વ રાજાઓએ દ્રવ્ય દીપક કર્યા. ત્યારથી લોકમાં દીપોત્સવીનું પર્વ પ્રવર્ત્યું, અદ્યાપિ તે રાત્રે લોકોમાં દીવા કરવામાં આવે છે.

---

૧ શુકલ ધ્યાનનો ત્રીજો પાયો. ૨ શુક્લધ્યાનના ચોથા પાયાને.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે સમયે જગદ્ગુરૂના શરીરને દેવતાઓએ નેત્રમાં અશ્રુ લાવીને પ્રણામ કર્યા; અને પોતે અનાથ થઈ ગયા તેનો શોક કરતા છતા પાસે ઉભા રહ્યા. પછી શક્રેંદ્રે ધૈર્ય ધારણ કરીને નંદનવન વિગેરે સ્થાનકેથી દેવતાઓ પાસે ગોશીર્ષચંદનના કાષ્ટો મંગાવ્યાં અને તેનાવડે એક ચિતા રચી. પછી ક્ષીરસાગરના જળથી પ્રભુના શરીરને સ્નાન કરાવ્યું, અને ઈન્દ્રે પોતાને હાથે દિવ્ય અંગરાગવડે વિલેપન કર્યું. પછી દિવ્ય વસ્ત્ર ઓઢાડી જાણે નયનાશ્રુથી ફરી ન્હવરાવતા હોય તેમ અશ્રુપૂર નેત્રે શક્રેંદ્રે પ્રભુના શરીરને ઉપાડયું અને સુરાસુરોએ સાશ્રુનયને જોતાં તેને શ્રેષ્ઠ વિમાન જેવી શિબિકામાં પધરાવ્યું. પછી મહાપ્રયાસે શોકને રોકીને પ્રભુના શાસનને ધારણ કરે તેમ ઈંદ્રોએ તે શિબિકા ઉપાડી. તે સમયે દેવતાઓ બંદિજનની જેમ જય જય ધ્વનિ કરતા તેની ઉપર દિવ્ય પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા; તેમજ પોતાના નેત્રકમળના જળની જેમ સુગંધી જળની વૃષ્ટિથી ચારે બાજુ ભૂમિતળ ઉપર સિંચન કરવા લાગ્યા. ગંધર્વ દેવો પ્રભુના ગુણને વારંવાર સંભારીને ગંધર્વોની જેમ તારસ્વરથી ગાવા લાગ્યા. સેંકડો દેવતાઓ મૃદંગ અને પણવ વિગેરે વાદ્યોને શોકથી પોતાના ઉરસ્થળની જેમ તાડન કરવા લાગ્યા. પ્રભુની શિબિકા આગળ શોકથી સ્ખલિત થતી દેવાંગનાઓ અભિનવ નર્ત્તકીઓની જેમ નૃત્ય કરતી ચાલવા લાગી. ચતુર્વિધ દેવતાઓ દિવ્ય રેશમી વસ્ત્રોથી, હારાદિ આભૂષણોથી અને પુષ્પમાળાઓથી પ્રભુની શિબિકાનું પૂજન કરવા લાગ્યા અને શ્રાવકો તથા શ્રાવિકાઓ ભક્તિ અને શોકથી આકુળવ્યાકુળ થઈ રાસડાના ગીત અને રૂદન કરવા લાગ્યા. તે સમયે સાધુ અને સાધ્વીના હૃદયમાં શોકે મોટું સ્થાન કર્યું. "સૂર્યનો અસ્ત થતાં કમળોને ગાઢ નિદ્રા પ્રાપ્ત થાયજ છે." પછી શોકરૂપ શંકુથી વિદીર્ણ થતા હૃદયવાળા ઇંદ્રે પ્રભુના શરીરને ચિતા ઉપર મૂકયું. અગ્નિકુમાર દેવોએ તેમાં અગ્નિ પ્રજ્વલિત કર્યો અને તેને સવિશેષ પ્રદિપ્ત કરવાને વાયુકુમારોએ વાયુ વિકુર્વ્યો. અન્ય દેવતાઓએ સુગંધી પદાર્થો અને ઘૃત તથા મધુના સેંકડો ઘડા અગ્નિમાં ક્ષેપક કર્યા. પછી જ્યારે પ્રભુના શરીરમાંથી માંસાદિક દગ્ધ થઈ ગયા ત્યારે મેઘકુમાર દેવોએ ક્ષીરસાગરના જળવડે ચિતાને બુઝાવી દીધી. એટલે શક્ર અને ઈશાન ઇન્દ્રે પ્રભુની ઉપરની દક્ષિણ અને વામ દાઢાઓ લીધી અને ચમરેંદ્રે તથા બલિઈન્દ્રે નીચેની બે દાઢાઓ ગ્રહણ કરી. બીજા ઇંદ્રો અને દેવતાઓ બીજા દાંત અને અસ્થિ લઈ ગયા. મનુષ્યો કલ્યાણને અર્થે તેમની ચિતાની ભસ્મ લઈ ગયા. પછી દેવતાઓએ તે ચિતાને સ્થાને કલ્યાણસંપત્તિના સ્થાનરૂપ એક રત્નમય સ્તૂપ રચ્યો.

આ પ્રમાણે શ્રી વીરપ્રભુનો નિર્વાણમહિમા કરીને સર્વે ઇન્દ્રો તથા દેવતાઓ નંદીશ્વર દ્વીપે ગયા, અને ત્યાં શાશ્વત પ્રતિમાઓનો અષ્ટાન્હિક ઉત્સવ કર્યો. પછી પોતપોતાને સ્થાનકે જઈને પોતપોતાના વિમાનમાં મણિમય (માણવક) સ્તંભની ઉપર રહેલા વજ્રમય ગોળ દાબડામાં પ્રભુની દાઢાઓ તથા અસ્થિને સ્થાપન કર્યા.

ગૃહસ્થપણામાં ત્રીસ વર્ષ અને વ્રતમાં બેંતાળીશ વર્ષ એમ બોંતેર વર્ષનું આયુષ્ય શ્રી વીરપ્રભુએ પૂર્ણ કર્યું. શ્રી પાર્શ્વનાથપ્રભુના નિર્વાણ પછી અઢીસો વર્ષ વ્યતીત થયે છતે શ્રી વીરપ્રભુનું નિર્વાણ થયું.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

અહિં શ્રી **ગૌતમ** ગણધર દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધ પમાડીને પાછા ફર્યા, એટલે માર્ગમાં દેવતાઓની વાર્તાથી પ્રભુના નિર્વાણના ખબર સાંભળ્યા. તે ઉપરથી તે ચિત્તમાં વિચારવા લાગ્યા કે, "એક દિવસમાં નિર્વાણ હતું તે છતાં અરે પ્રભો! મને શા માટે દૂર મોકલ્યો? અરે જગત્પતિ! મેં આટલા કાળ સુધી તમારી સેવા કરી પણ અંતકાળે મને તમારા દર્શન થયા નહીં તેથી હું સર્વથા અધન્ય છું; જે તે વખતે આપની સેવામાં હાજર હતા તેમને ધન્ય છે. અરે ગૌતમ! તું ખરેખર વજ્રમય છું, વા વજ્રથી પણ અધિક કઠીન છું કે જેથી પ્રભુનું નિર્વાણ સાંભળીને પણ તારા હૃદયના સેંકડો કકડા થઈ જતા નથી! અથવા હે પ્રભો! હું અત્યાર સુધી ભ્રાંત થઈ ગયો કે જેથી આ નિરાગી અને નિર્મમ એવા પ્રભુમાં મેં રાગ અને મમતા રાખી. તે રાગ-દ્વેષ વિગેરે સંસારના હેતુ છે, તેનો ત્યાગ કરાવવા માટે જ એ પરમેષ્ટીએ મારો ત્યાગ કર્યો હશે, માટે એવા મમતા રહિત પ્રભુમાં મમતા રાખવાથી મારે સર્યું; કેમકે મુનિઓને તો મમતાળુમાં પણ મમત્વ રાખવું યુક્ત નથી." આ પ્રમાણે શુભ ધ્યાન પરાયણ થતાં ગૌતમમુનિ ક્ષપકશ્રેણીને પ્રાપ્ત થયા. તેથી તત્કાળ ઘાતિ કર્મનો ક્ષય થતાં તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. પછી બાર વર્ષ સુધી પૃથ્વીપર વિહાર કરી, અને ભવ્ય પ્રાણીઓને પ્રતિબોધ આપી કેવળજ્ઞાનરૂપ અચળ સમૃદ્ધિથી પ્રભુની જેમ દેવતાઓવડે પૂજાતા **ગૌતમ**મુનિ પ્રાંતે રાજગૃહી નગરીએ આવ્યા. ત્યાં એક માસનું અનશન કરી, ભવોપગ્રહી કર્મો ખપાવી, અક્ષય સુખવાળા મોક્ષપદને પ્રાપ્ત થયા. ગૌતમસ્વામી મોક્ષે ગયા પછી પાંચમા ગણધર સુધર્માસ્વામીએ પંચમ જ્ઞાનને પ્રાપ્ત કરી ઘણા કાળ પર્યંત પૃથ્વી ઉપર વિચરીને લોકોને ધર્મદેશના આપી. પ્રાંતે તેઓ પણ રાજગૃહી નગરીએ પધાર્યા અને પોતાના નિર્દોષ સંઘને જંબૂસ્વામીને સ્વાધીન કરી દીધો. પછી સુધર્મા ગણધર પણ તેજ નગરમાં અશેષ (અષ્ટ) કર્મોને ખપાવી ચોથું ધ્યાન ધ્યાતા છતા અદ્વૈત સુખવાળા સ્થાનને પ્રાપ્ત થયા. ત્યારપછી ચરમ કેવળી શ્રી જંબૂસ્વામીએ પણ શ્રી વીર ભગવંતના શાસનમાં અગ્રણી થઇને ઘણા વર્ષો સુધી ભવ્ય જનોને ધર્મ સંબંધી ઉપદેશ કર્યો અને પ્રાંતે મોક્ષે ગયા.

કર્તા કહે છે કે—"ત્રૈલોકયમાં પણ સાત્વિક પુરૂષોમાં પરમ શ્રેષ્ઠ એવા અને જેમણે સર્વ પાપનો નાશ કર્યો છે એવા શ્રી મહાવીર જિનેશ્વરનું પૂર્વ જન્મથી માંડીને મોક્ષપ્રાપ્તિ પર્યંત સમસ્ત ચરિત્ર કહેવાને કોણ સમર્થ થાય? તથાપિ પ્રવચનરૂપ સમુદ્રમાંથી લવ માત્ર ગ્રહણ કરીને મેં સ્વપર ઉપકારની ઇચ્છાવડે અહીં કિંચિત્ કીર્ત્તના કરી છે."

इत्याचार्य श्री हेमचंद्र विरचिते त्रिषष्टिशलाकापुरुषचरिते
महाकाव्ये दशमपर्वणि श्री महावीर निर्वाण-गौतम.
सुधर्माजंबूमोक्षगमनवर्णनो नाम
त्रयोदशः सर्गः ॥

**समाप्तमिदं दशम पर्व.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ग्रंथकर्त्तानी प्रशस्ति

મહામુનિ જંબુસ્વામીના **પ્રભવ** નામે શિષ્ય થયા, તેમના શિષ્ય શ્રી **શય્યંભવ** નામે થયા, તેમના શિષ્ય **યશોભદ્ર** નામે થયા, તેમના **સંભૂતિ** અને **ભદ્રબાહુ** નામે બે ઉત્તમ શિષ્ય થયા. તેમાં જે સંભૂતિમુનિ હતા, તેમના ચરણકમળમાં ભ્રમરરૂપ શ્રી **સ્થૂલભદ્ર** નામે શિષ્ય થયા. વંશપરંપરાથી આવેલા ચૌદ પૂર્વરૂપી રત્નના ભંડાર જેવા તે સ્થૂલભદ્રના મહર્ષિ **મહાગિરિ** નામે સર્વમાં મોટા શિષ્ય થયા; જેઓ સ્થિરતામાં મેરૂ સમાન અને વિશિષ્ટ લબ્ધિઓથી યુક્ત હતા. બીજા શિષ્ય દશ પૂર્વધારી, મુનિઓમાં શ્રેષ્ટ સુહસ્તી નામે થયા; જેઓના ચરણકમળની સેવાથી પ્રબોધરૂપ ઘણી સમૃદ્ધિ પ્રાપ્ત કરીને સંપ્રતિ નામના રાજાએ આ ભરતાર્દ્ધમાં પ્રત્યેક નગરે, પ્રત્યેક ગ્રામે એક પ્રત્યેક આકરમાં ચોતરફ એમ બધા પૃથ્વી-મંડળને જિનચૈત્યથી મંડિત કરી દીધું. તે આર્ય સુહસ્તી મહામુનિને સુસ્થિત સુપ્રતિબુદ્ધ નામે શિષ્ય થયા કે જે સમતારૂપ ધનવાળા, દશ પૂર્વધારી અને સંસારરૂપ મહાવૃક્ષને ભંગ કરવામાં હસ્તી સમાન હતા. હિમાલય પર્વતમાંથી નીકળેલા ગંગાના પ્રવાહની જેમ મહર્ષિઓએ જેમના ચરણને સેવ્યા છે એવા તે મુનિથી કોટિક નામે એક મહાન્ ગણ લવણસમુદ્ર સુધી પ્રસાર પામ્યો. તે કોટિક ગણમાં કેટલાએક ઉત્તમ સાધુઓ થયા, પછી છેલ્લા દશ પૂર્વધારી લબ્ધિ સંબંધી ઋદ્ધિએ કરીને સહિત, તુંબવનપત્તનમાં જન્મેલા વજ્રસમાન વજ્રસૂરિ થયા, તેમના સમયમાં જ્યારે પ્રલયકાળની જેવો ભયંકર (બાર વર્ષનો) દુષ્કાળ પ્રાપ્ત થયો ત્યારે નિઃસીમતળવાળા નિધિરૂપ તે વજ્રસૂરિ ચોતરફ ભય પામેલા સંઘને વિદ્યાથી અભિમંત્રીત એવા વસ્ત્રપર બેસાડી પોતાના કરકમળથી ઉપાડીને આકાશમાર્ગે સુભિક્ષના ધામરૂપ મહાપુરીમાં લઈ ગયા હતા. તે વજ્રસૂરિથી કોટિક ગણરૂપ વૃક્ષની અંદરથી ઉચ્ચ નાગરિકા પ્રમુખ ત્રણ શાખાની જેવી વજ્રી નામે એક ચોથી શાખા નીકળી. તે વજ્રીશાખામાંથી મુનિરૂપ ભ્રમરાઓ જેમાં લીન થયેલા છે એવો ચંદ્ર[1] નામે એક પુષ્પના ગુચ્છ જેવો ગચ્છ પ્રવર્ત્યો. તે ગચ્છમાં ધર્મધ્યાનરૂપ આકાશમાં ચંદ્ર સમાન, નિર્મળ ગ્રંથાર્થના રત્નાકર, ભવ્યપ્રાણી રૂપ કમળમાં સૂર્ય સમાન, કામદેવરૂપ હસ્તીને મથન કરવામાં કેશરીસિંહરૂપ, સંયમરૂપ ધનવાળા અને કરૂણાના રાશિરૂપ શ્રીયશોભદ્ર નામે સૂરિવર થયા કે જેઓએ પોતાના ઉજ્વલ યશથી આ જગતને પૂરી દીધું હતું. તે સૂરિવરે, શ્રી નેમિપ્રભુએ જેનું શિખર પવિત્ર કરેલું છે એવા રૈવતગિરિ ઉપર સંલેખના કરીને અનશન ગ્રહણ કર્યું. તેમાં તેમણે શુભધ્યાનપૂર્વક તેર દિવસ સુધી શાંત મને રહેવાવડે સર્વને આશ્ચર્ય ઉત્પન્ન કરી પૂર્વ મહર્ષિની સંયમ કથાઓને સત્ય

---

૧ ચંદ્રગચ્છ એ નામ ચંદ્રસૂરિથી પડેલું છે એમ ગ્રંથાંતરમાં છે.

जैन साहित्य JAINSITE.com जेनम जयति शासनम

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરી બતાવી હતી. તેમના શિષ્ય પ્રદ્યુમ્નસૂરિ થયા. અનેક જીવોને પ્રતિબોધ કરનારા અને સર્વ વિશ્વમાં પોતાના ગુણગણને પ્રખ્યાત કરનારા જે સૂરિવરે શ્રવણ વિષયમાં અમૃત સમાન એવો વીશ સ્થાનકનો તપ કરી, પ્રવચનરૂપ સમુદ્રમાંથી કાઢેલા અર્થરૂપ નીરવડે વર્ષાકાળના મેઘની જેમ સમગ્ર પૃથ્વીને પ્રસન્ન કરી હતી. તે પ્રદ્યુમ્નસૂરિના શિષ્ય ગુણસેનસૂરિ થયા. તેઓ સર્વ ગ્રંથના રહસ્યમાં રત્નમય દર્પણરૂપ, કલ્યાણરૂપ વલ્લીના વૃક્ષ જેવા, કરૂણામૃતના સાગર, પ્રવચનરૂપ આકાશમાં સૂર્ય સમાન, ચારિત્રાદિ રત્નોના રોહણગિરિ, પૃથ્વીને પવિત્ર કરનાર અને ધર્મરાજાના સેનાપતિ હતા. તે ગુણસેનસૂરિના શિષ્ય શ્રી દેવચંદ્રસૂરિ થયા કે જેઓ આ પૃથ્વીને પવિત્ર કરનાર જંગમતીર્થરૂપ હતા, અને સ્યાદ્વાદ વાણીરૂપ ગંગાનદીને માટે હિમાલયરૂપ હતા. ઘણા તપના પ્રભાવના સ્થાનરૂપ અને વિશ્વને પ્રબોધ કરવામાં સૂર્યરૂપ એવા તે સૂરિ શ્રી શાંતિચરિત્ર તથા ઠાણા પ્રકરણની વૃત્તિ કરીને પરમ સિદ્ધિને પ્રાપ્ત થયા છે. તે દેવચંદ્રસૂરિના ચરણકમળમાં ભ્રમરરૂપ હેમચંદ્ર નામે આચાર્ય થયા, કે જેઓએ તે ગુરૂના પ્રસાદથી જ્ઞાનસંપત્તિનો મહોદય પ્રાપ્ત કર્યો.

ચેદી, દશાર્ણ, માલવ, મહારાષ્ટ્ર, કુરૂ, સિંધુ અને બીજા દુર્ગમ દેશોને પોતાના ભુજવીર્યની શક્તિથી હરિની જેમ જિતનાર, પરમ આર્હત, વિનયવાન્ અને ચૌલુક્યકુળના શ્રી મૂલરાજના વંશમાં થયેલા શ્રી કુમારપાલ રાજાએ એક વખતે તે શ્રી હેમચંદ્ર સૂરિને નમીને આ પ્રમાણે કહ્યું કે "હે સ્વામી! નિષ્કારણ ઉપકાર કરવાની બુદ્ધિવાળા જે તમે તેમની આજ્ઞાને પ્રાપ્ત કરીને નર્કગતિ સંબંધી આયુષ્યના નિમિત્તરૂપ મૃગયા, દ્યુત અને મદિરા વિગેરે દુર્ગુણોને મારી. પૃથ્વીમાંથી મેં નિષિદ્ધ કર્યા છે, તથા પુત્ર રહિત મૃત્યુ પામેલાનું ધન લેવું પણ મેં છોડી દીધેલું છે અને બધી પૃથ્વી અરિહંતના ચૈત્યવડે સુશોભિત કરી દીધી છે, તો હવે હું સાંપ્રતકાળમાં સંપ્રતિરાજા જેવો થયો છું. પૂર્વે મારા પૂર્વજ સિદ્ધરાજની ભક્તિયુક્ત યાચનાથી આપે વૃત્તિ (વિવરણ)થી યુક્ત એવું સાંગ વ્યાકરણ (સિદ્ધ હેમચંદ્ર) રચેલું છે, તેમજ મારે માટે નિર્મળ યોગશાસ્ત્ર રચેલું છે અને લોકોને માટે દ્વાશ્રયકાવ્ય, છંદાનુશાસન, કાવ્યાનુશાસન અને નામસંગ્રહ (અભિધાન ચિંતામણિ વિગેરે કોષ) પ્રમુખ બીજા શાસ્ત્રો પણ રચેલા છે. હે સ્વામી! જો કે તમે સ્વયમેવ લોકોપર ઉપકાર કરવાને અર્થે સજ્જ થયા છો, તથાપિ મારી પ્રાર્થના છે કે, મારા જેવા મનુષ્યોને પ્રતિબોધ થવાને માટે આપ ત્રિષષ્ટિ શલાકા પુરૂષોના ચરિત્ર પ્રકાશ કરો." આ પ્રમાણેના શ્રી કુમારપાળ રાજાના આગ્રહથી શ્રી હેમાચાર્યે ધર્મોપદેશ જેનું એક પ્રધાન ફળ છે એવું આ ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર વાણીના વિસ્તારમાં સ્થાપિત કર્યું અર્થાત્ રચ્યું.

જ્યાં સુધી સુવર્ણગિરિ (મેરૂ) આ જંબૂદ્વીપરૂપ કમળમાં કર્ણિકાનું રૂપ ધારણ કરે, જ્યાં સુધી સમુદ્ર પૃથ્વીની ફરતો ફરી વળેલો રહે અને જ્યાં સુધી સૂર્ય ચંદ્ર આકાશમાર્ગમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાંથ થઈને ભમ્યા કરે ત્યાં સુધી આ ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર મહાકાવ્ય જૈનશાસનરૂપ પૃથ્વી ઉપર જયવંતુ વર્ત્તો.

॥ इति प्रशस्ति समाप्त ॥

## શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર સમાપ્ત.

આંખને ગમે તેવું • હૃદયને રુચે તેવું • આત્માને સ્પર્શે તેવું
જૈન પ્રકાશન મંદિરનું એક પ્રાણવાન પ્રકાશન
મેઘધનુષના તમામ રંગોનો ભાતીગળ સંગમ એટલે કે જૈન સમાજનું નવીન પુસ્તક
શ્રી જિનેન્દ્ર દર્શન ચોવીશી તથા અનાનુપૂર્વી
આ સુંદર પુસ્તિકામાં આપ જોશો

- ચોવીશ તીર્થંકર ભગવાનોની ચમત્કાર રંગીન છબીઓ સ્તુતિ સાથે.
- શ્રી શત્રુંજય, ગિરનાર, અષ્ટાપદ, નંદીશ્વર, તળાજા, કદંબગિરિ, તારંગા, સમ્મેત શિખર, શંખેશ્વર, પાવાપુરી અને આબુ ની રંગીન આકૃતિઓ.
- શ્રી સિધ્ધ ચક્ર, હ્રીંકાર, ગૌતમ સ્વામી, વીશ સ્થાનક યંત્ર, ઘંટાકર્ણ મહાવીર, માણિભદ્રવીર, પદ્માવતી દેવી, ચક્રેશ્વરી દેવી, અંબીકા દેવી, સરસ્વતી દેવી, અને નાકોડા ભૈરવજીના મનોહર રંગીન ચિત્રો.
- સિધ્ધચક્ર મહાયંત્ર, ઋષિમંડલ યંત્ર, સહસ્ત્ર ફણા પાર્શ્વનાથ, મુનિ સુવ્રત સ્વામી અને કેસરિયાનાથની એક રંગી છબીઓ.
- અનાનુપૂર્વીના પાંચ પદના અને નવ પદના કોઠાઓ પ્લાસ્ટિક કવર સાથે મનોહર અનેક રંગી ટાઇટલ

આ બધું છતાં કિંમત ફક્ત ૧૦ રૂપિયા

લખો
જૈન પ્રકાશન મંદિર
૩૦૯/૪, દોશીવાડાની પોળ, અમદાવાદ-૩૮૦૦૦૧ ☎ ફોન: ૩૮૩૧૦૬

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# -: અમારા પ્રકાશનો :-

| નામ | કિંમત રૂા. | નામ | કિંમત રૂા. |
|---|---|---|---|
| સામાયિક સૂત્ર સાદી | ૧-૫૦ | લઘુપૂજા સંગ્રહ | ૭-૦૦ |
| સામાયિક સૂત્ર રંગીન સચિત્ર | ૪-૦૦ | પૂજા સંગ્રહ ભા. ૧ થી ૭ | ૩૦-૦૦ |
| દેવસીરાઈ સૂત્ર મૂલ | ૫-૦૦ | પૂજા સંગ્રહ ભા. ૧ થી ૧૧ | ૪૦-૦૦ |
| પંચ પ્રતિ સૂત્ર મૂલ | ૧૦-૦૦ | નવસ્મરણ ૬૪ પેજી | ૮-૦૦ |
| દેવસીરાઈ સૂત્ર રંગીન સચિત્ર | ૮-૦૦ | નવસ્મરણ ૩૨ પેજી | ૪-૦૦ |
| પંચ પ્રતિ સૂત્ર રંગીન સચિત્ર | ૧૭-૦૦ | નવસ્મરણ ૩૨ પેજી(પાકી) | ૧૦-૦૦ |
| બે પ્રતિ સરળ વિધિ સહિત | ૮-૦૦ | સુધારસ સ્તવનાવલિ | ૪-૦૦ |
| પંચ પ્રતિ સરળ વિધિ સહિત | ૨૫-૦૦ | આપકી પસંદ(સ્તવનાવલિ) | ૫-૦૦ |
| દેવવંદનમાલા (કથાઓ સહિત) | ૧૭-૦૦ | ભક્તિ પ્રેરણા(સ્તવનાવલિ) | ૧૦-૦૦ |
| શ્રી જૈન સજ્ઝાયમાલા | ૨૫-૦૦ | પૂજા સંગ્રહ હિન્દી ૧ થી ૭ | ૩૦-૦૦ |
| પંચ પ્રતિ વિધિ સહિત હિન્દી | ૨૦-૦૦ | રત્નાકર પચ્ચીસી | ૧-૫૦ |
| બે પ્રતિ વિધિ સહિત હિન્દી | ૮-૦૦ | બૃહત્ સંગ્રહણી સાર્થ | ૨૦-૦૦ |
| બે પ્રતિ સૂત્ર મૂલ હિન્દી | ૬-૦૦ | નિત્ય સ્વાધ્યાય સ્તોત્ર | ૧૫-૦૦ |
| પંચ પ્રતિ સૂત્ર મૂલ હિન્દી | ૧૦-૦૦ | જિન ગુણ મંજરી(સ્તવનસંગ્રહ) | ૫૦-૦૦ |
| સ્નાત્ર પૂજા | ૧-૫૦ | વર્ષ પ્રબોધ | ૩૦-૦૦ |
| સ્નાત્રપૂજા રંગીન | ૭-૫૦ | ચંદ રાજાનો રાસ | ૫૦-૦૦ |
| અનાનુપૂર્વી રંગીન | ૧૦-૦૦ | જીવવિચાર નવતત્ત્વ દંડક સાર્થ | ૨૦-૦૦ |
| અનાનુપૂર્વી સાદી | ૫-૦૦ | શ્રીપાલ રાજાનો રાસ રંગીન સચિત્ર | ૫૦-૦૦ |
| ભક્તામ્ર સૂત્ર લૉકેટ | ૩-૦૦ | પર્યુષણ સ્તવનાવલિ | ૧૨-૦૦ |
| ભક્તામ્ર સૂત્ર મોટી | ૪-૦૦ | કલ્પસૂત્ર ભીમશાહી | ૪૦-૦૦ |


## શ્રી જૈન પ્રકાશન મંદિર

૩૦૯/૪ ખત્રીની ખડકી, દોશીવાડાની પોળ,


અમદાવાદ-૩૮૦૦૦૧

ફોન : (ઓ) ૩૮૩૭૦૯ (રે.) ૩૩૫૩૩૩


અન્ય પ્રાપ્તિ સ્થાન :

મુંબઈ, પાલિતાણા, સુરત, મદ્રાસતથા બેંગલોર અને શંખેશ્વરના જૈન સાહિત્યના વિક્રેતાને ત્યાંથી ઉપરના પ્રકાશનો મળશે.


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com